Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या 66ग/४२३१

पञ्जिका संख्या २८ ७०१ (२)

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाक प्रमाणीकरण १९८४-१९८५

With Best Compliments
from the publishers

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પ્રા નં. પા. ૬૧ (ત) ૨૧૨ સ્ત. તા-૫-૪-૫૧૯૧
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પાઠ્ય પુસ્તક તરીકે મંજુર

સાહિત્યરત્ન

ભાગ ત્રીજો

ગુરુકુલ ગ્રન્થાલય સાંગડી.
પુસ્તક સં. 665
આગત સં. ૪૨(૩)
તિથિ. ૨૮.૭.૨૧.(૩)



મૂળ સંપાદકો

સ્વ. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, બી. એ.
સ્વ. નરહરિલાલ ત્ર્યંબકલાલ, એમ. એ. એલએલ. બી.

CHECKED 1973
Initial



પુનર્યોજના કરનાર

રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
આચાર્ય, ધી મોડર્ન સ્કૂલ, મુંબઈ – ૪

With Best Compliments
from the publishers

પ્રકાશક

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

તરફથી રા. નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર

નાણાવટ * સુરત

પચીસમી આવૃત્તિ

સુધારેલી આવૃત્તિ

૧૯૫૪

કિંમત ૩. ૨-૬-૦

મુદ્રક

જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારેલી પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

ચોવીસપચીસ વર્ષના ગાળામાં આ પુસ્તકની ચૌદ આવૃત્તિઓ પ્રગટ થઈ છે, એટલે એની લોકપ્રિયતા માટે મારે કાંઈ બોલવાનું રહેતું નથી. સમયની જરૂરિયાતો પ્રમાણે સંગ્રહમાં સુધારાવધારા કરવાનો નિશ્ચય તો કચારનોયે થયો હતો. કેટલાક શિક્ષકમિત્રો તરફથી માગણી થતાં ટિપ્પણ લખવાનો મનસૂબો પણ વર્ષો પહેલાં મૂળ સંપાદકોએ કર્યો હતો. એ ધર્મકાર્ય મારે માથે આવી પડ્યું, એટલે હું મારી જાતને કૃતકૃત્ય માનું છું.

શિક્ષકો અને વિદ્યાર્થીઓની એકસરખી જરૂરિયાતો પૂરી પાડવા મેં યથાશક્તિ યથામતિ પ્રયાસ કર્યો છે. લેખક–પરિચય અને ટિપ્પણમાં વિદ્યાર્થીઓનું કાર્ય સરળ અને સાદું કરવા ઉપરાંત તેમના જ્ઞાનભંડોળમાં વધારો થાય એ દૃષ્ટિબિંદુ ઉપર વિશેષ લક્ષ અપાયું છે. એથી જ માત્ર શબ્દો કે વાકચોની સમજૂતી ન આપતાં ટૂંકી છતાં અર્થસૂચક અગત્યની હકીકત જ આપી છે. ટિપ્પણનો દુરુપયોગ વિદ્યાર્થી ન કરે, અને સાહિત્ય માણવા રસવૃત્તિ ઉપરાંત થોડા શ્રમની પણ જરૂર છે, એ બે વસ્તુઓ ધ્યાનમાં રાખી ટિપ્પણ લખાયું છે.

લેખકના જીવનપરિચય વગર એનું કથન સમજવું અને માણવું સર્વદા અને સર્વાંશે શકય નથી. આ દૃષ્ટિએ લેખકોનાં જીવન અને કૃતિઓ તથા વિશિષ્ટ ગુણો ઉપર જરૂર જેટલી નોંધ આપી છે.

આ પુસ્તકની નવી યોજના પ્રમાણે એને ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે. આધુનિક સાહિત્યમાંથી ઘણા નવા નમૂના ઉમેરવામાં આવ્યા છે, અને તેને માટે અવકાશ કરવા પૃષ્ઠસંખ્યા વધારી તો છે, પણ તે પૂરતું ન લાગતાં જૂના સાહિત્યમાંથી કેટલાક નમૂના કાઢી નાખ્યા છે. આવા સંગ્રહોમાં બે હેતુ મુખ્ય હોવા જોઈએ. એક તો કિશોર વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ લેતા કરવાનો, અને બીજો આપણા સાહિત્યના માર્ગસૂચક મુખ્ય પ્રવાહો અને અનાવોથી તેમને માહિતગાર કરવાનો. ગુજરાતી સાહિત્યની શરૂઆતથી તે છેક ૧૯૩૪ સુધીના મુખ્ય સાહિત્યપ્રવાહો અને પ્રકારોની સૂચક કૃતિઓને આ સંગ્રહમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી સ્થાન આપવામાં આવ્યું છે. સાહિત્યનો વિકાસ સતત સળંગ છે અને એ વિકાસ જાણવા સાહિત્ય વિષયક અને ઐતિહાસિક એ બન્ને દૃષ્ટિબિંદુઓનો સમન્વય થવો ઘટે. કૃતિઓની પસંદગીમાં, ટિપ્પણ અને લેખક પરિચયમાં, વિભાગ પ્રમાણે ધોરણ ઊંચું રાખવામાં આવ્યું છે. આ પુસ્તકો મુખ્યત્વે શાળાઓ માટે તૈયાર કરવામાં આવ્યાં છે, પણ સાહિત્ય-રસિક જનોને સાહિત્યપ્રવેશ માટે ઉપયોગી થઈ પડે એ માટે પણ એ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે.

જે જે લેખકો અને પ્રકાશકોએ ઉદાર વૃત્તિ દર્શાવી મને આ સંગ્રહ-માંની કૃતિઓ પ્રગટ કરવા રજા આપી, મારું કાર્ય સરળ કરવામાં મદદ કરી છે, તેમનો હું અત્યંત ઋણી છું. તે ઉપરાંત જે મિત્રોએ આ કાર્યમાં ઊંડી મમતા બતાવી મદદ કરી છે તેમનો પણ હું આભારી છું.

મુંબઈ – ૧૯૩૪ ર. ન. વ.

* * *

પચીસમી આવૃત્તિ

કેળવણીખાતાએ નિયત કરેલા અભ્યાસક્રમ અનુસાર આ આવૃત્તિમાં સુધારા વધારા કરવામાં આવ્યા છે. નવી અભ્યાસ યોજનામાં માતૃભાષાને ઇતર વિષયો કરતાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. નવી રાજકીય પરિસ્થિતિએ જે નવાં વાતાવરણ ને દૃષ્ટિબિંદુ આણ્યાં છે તે પ્રમાણે શિક્ષકો ને વિદ્યાર્થીઓએ માતૃભાષાના અભ્યાસ પરત્વે પ્રચલિત દૃષ્ટિ બદલવી પડશે. શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને પસંદગીનો અવકાશ વિશેષ રહે તે માટે પૃષ્ઠસંખ્યા સારા પ્રમાણમાં વધારી છે. એ કારણે પુસ્તકની કિંમતમાં ના છૂટકે વધારો કરવો પડ્યો છે. વ્યાકરણ અને લેખનનો પાઠ્યપુસ્તકની સામગ્રી સાથે સુમેળ સાધી શકાય એ હેતુથી ટિપ્પણ અને સ્વાધ્યાયમાં સુધારા વધારા કર્યા છે. આપણા વિકસતા જતા સાહિત્યનો પરિચય સાધવામાં ને તેની ખૂબીઓનો રસાસ્વાદ માણવામાં સુધારેલી આ આવૃત્તિ સવિશેષ ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

મુંબઈ, ૧લી જાન્યુઆરી, ૧૯૫૪ ર. ન. વ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

ગુજરાતી ભાષા અને સાહિત્યની

સતત અને સંગીન

સેવા કરનાર

સાક્ષરત્રિપુટીને —

સ્વ. નરસિંહરાવ દિવેટિયા

સ્વ. કેશવલાલ ધ્રુવ

સ્વ. બળવંતરાય ઠાકોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

ક્રમાંક			પૃષ્ઠ
૧.	ગુજરાતી ભાષા અને સાહિત્યની રૂપરેખા		૧
૨.	આધુનિક પદ્ય અને ગદ્યનાં મુખ્ય લક્ષણો		૨૫

પદ્યવિભાગ — પ્રાચીન યુગ

૧.	નરસિંહ મહેતા	એક તું શ્રી હરિ	૩૨
૨.	„	જે ગમે જગદીશને	૩૩
૩.	„	પ્રભુને કાં વિસારો?	૩૩
૪.	„	મેહુલો ગાજે	૩૪
૫.	કર્મણ મંત્રી	સીતાહરણ	૩૬
૬.	મીરાંબાઈ	નૂનું દેવળ	૩૮
૭.	„	મોટી મિરાત	૩૯
૮.	અખો	ધર્મગુરુ વિશે	૪૨
૯.	પ્રેમાનંદ	નળ-વનવાસ	૪૬
૧૦.	પ્રીતમ	હરિનો મારગ	૫૯
૧૧.	„	જીભલડી રે!	૫૯
૧૨.	ધીરો	ખબરદાર મનસૂબા૭	૬૧
૧૩.	„	દુનિયા દીવાની	૬૧
૧૪.	બ્રહ્માનંદ	આ તન રંગ	૬૩
૧૫.	દેવાનંદ	મોતનાં નગારાં	૬૪
૧૬.	દયારામ	વૈષ્ણવ નથી થયો તું રે!	૬૬
૧૭.	„	જે કોઈ પ્રેમઅંશ અવતરે —	૬૭

પદ્યવિભાગ — અર્વાચીન યુગ

૧૮.	દલપતરામ	લક્ષ્મી	૭૦
૧૯.	નર્મદાશંકર	કબીરવડ	૭૩
૨૦.	„	અવસાનસંદેશ	૭૫
૨૧.	નરસિંહરાવ	ઉત્તરા – અભિમન્યુ	૭૭
૨૨.	„	પ્રિયજનનું સ્મરણ	૮૦
૨૩.	કાન્ત	સાગર અને શશી	૮૪
૨૪.	„	રાજહંસને સંબોધન	૮૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫.	બળવંતરાય	અતલ નિરાશા	૮૭
૨૬.	„	આત્મબોધ	૮૮
૨૭.	કલાપી	એક આગિયાને	૯૦
૨૮.	„	સનમની શોધ	૯૧
૨૯.	બોટાદકર	ઊર્મિલા	૯૪
૩૦.	લલિત	વિન્ટેગણ વાંસલડી	૯૯
૩૧.	ખબરદાર	પુરોહિતની રાજભક્તિ	૧૦૨
૩૨.	મહાદેવ દેસાઈ	એકલો જને રે !	૧૦૬
૩૩.	ત્રિભુવન વ્યાસ	ગીરનાં જંગલ	૧૦૮
૩૪.	ઝવેરચંદ મેઘાણી	સાંતાલની નારી	૧૧૧
૩૫.	ચંદ્રવદન મહેતા	વિસર્જન	૧૧૪
૩૬.	જ્યોતીન્દ્ર દવે	આત્મપરિચય	૧૧૬
૩૭.	કરસનદાસ માણેક	હરિનાં લોચનિયાં	૧૨૦
૩૮.	સ્નેહરશ્મિ	જ્વાળા	૧૨૩
૩૯.	„	અર્ઘ્ય	૧૨૪
૪૦.	પૂજાલાલ દલવાડી	કાલિંદીને	૧૨૬
૪૧.	સુંદરજી બેટાઈ	કેડી	૧૨૯
૪૨.	ઇન્દુલાલ ગાંધી	આંધળી માનો કાગળ	૧૩૦
૪૩.	પતીલ	છેલ્લો આશરો	૧૩૨
૪૪.	અમીદાસ કાણકિયા	પંથવિભેદ	૧૩૪
૪૫.	મનસુખલાલ ઝવેરી	મારી શ્રદ્ધા	૧૩૬
૪૬.	„	અશ્વત્થામા	૧૩૭
૪૭.	સુન્દરમ્	બાનો ફોટોગ્રાફ	૧૪૦
૪૮.	નલિન ભટ્ટ	અતૃપ્ત તૃષા	૧૪૨
૪૯.	કૃષ્ણલાલ શ્રીધરાણી	પૂજારી	૧૪૪
૫૦.	ઉમાશંકર જોષી	ગુલામ	૧૪૭
૫૧.	„	જઠરાગ્નિ	૧૪૭
૫૨.	નાથાલાલ દવે	એકલો	૧૪૯
૫૩.	પારાશર્ય	રમકડાં	૧૫૧
૫૪.	શ્રેમશંકર ભટ્ટ	એંધાણી	૧૫૩
૫૫.	ગોવિન્દ સ્વામી	જગે કયારે ?	૧૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

૧.	નર્મદાશંકર	મંદ દીસતા સુધારકોને બોધ	૧૫૭
૨.	નવલરામ	મામેરું	૧૬૩
૩.	„	ભટનું ભોપાળું	૧૬૬
૪.	મનઃસુખરામ ત્રિપાઠી	ઉદયનું સાર્થક અને ઉન્નતેચ્છા	૧૮૨
૫.	ગોવર્ધનરામ	નવલરામનો અંતકાળ	૧૮૬
૬.	મણિલાલ દ્વિવેદી	ચારિત્રબળ	૧૯૨
૭	„	પ્રસન્ન પ્રકૃતિ	૧૯૪
૮.	નરસિંહરાવ	પ્રકૃતિ અને કલા	૧૯૭
૯.	કેશવલાલ ધ્રુવ	મિત્રધર્મ	૨૦૧
૧૦.	રમણભાઈ નીલકંઠ	ભદ્રંભદ્ર મુંબઈને પંથે	૨૦૮
૧૧.	ગાંધીજી	ગોખલે સાથે એક માસ	૨૧૭
૧૨.	આનંદશંકર ધ્રુવ	વ્યવહાર અને પરમાર્થ	૨૨૭
૧૩.	નરસિંહભાઈ પટેલ	જગતની યોજના	૨૩૪
૧૪.	કાકા કાલેલકર	નગાધિરાજ	૨૩૮
૧૫.	„	મધ્યાહ્નનું કાવ્ય	૨૪૨
૧૬.	કનૈયાલાલ મુનશી	ઈંદ્રાસનનો અધિકાર	૨૪૮
૧૭.	„	આંધી	૨૫૬
૧૮.	રામનારાયણ વિ. પાઠક	જક્ષણી	૨૬૩
૧૯.	નૃસિંહ વિભાકર	આપણી નાટ્યકલા	૨૭૨
૨૦.	કિશોરલાલ મશરૂવાળા	બુદ્ધનો ગૃહત્યાગ	૨૭૭
૨૧.	ધૂમકેતુ	મુસાફર	૨૮૪
૨૨.	રમણલાલ દેસાઈ	ગુરુદક્ષિણા	૨૯૦
૨૩.	અંબાલાલ પુરાણી	અજંતા	૩૦૧
૨૪.	વિશ્વનાથ ભટ્ટ	નર્મદનો જમાનો	૩૦૭
૨૫.	જ્યોતીન્દ્ર દવે	ટાઇમટેબલ	૩૧૫
૨૬.	ઝીણાભાઈ દેસાઈ	આંખ	૩૨૦
૨૭.	ઉમાશંકર જોષી	બારણે ટકોરા	૩૨૭
૨૮.	ગુલાબદાસ બ્રોકર	માતૃભક્તિ	૩૩૭
૨૯.	પન્નાલાલ પટેલ	પાછલે બારણે	૩૪૪
૩૦.	ચુનીલાલ મડિયા	બીજડિયે ટેકરે	૩૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષા અને સાહિત્યની રૂપરેખા

સાહિત્ય અને પ્રજાજીવન

સાહિત્ય જેટલે અંશે પ્રજાજીવનને ઘડી શકે છે, દોરી શકે છે, તેટલે કે તેથી વિશેષ અંશે પ્રજાજીવન સાહિત્યને ઘડે છે. એટલે કોઈ પણ પ્રજા, રાષ્ટ્ર કે વ્યક્તિના જીવનજ્ઞાન વિના તેના સાહિત્યને પૂર્ણપણે સમજી શકાતું નથી. પ્રજામાનસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેના સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે; કારણ કવિ કે લેખક પ્રતિભાસંપન્ન હોવા છતાં સમષ્ટિના જીવનથી અલિપ્ત—જલકમલવત્—રહી શકતો નથી, અને જાણ્યેઅજાણ્યે એ પ્રજાજીવનની પ્રવૃત્તિઓ અને વિશિષ્ટતાઓ ઝીલી, તેમાં પોતાની પ્રતિભાનું તેજ રેડી તેને શબ્દસ્વરૂપ આપવા પ્રયત્ન કરે છે. આ વિધાન જો આપણે માન્ય રાખીએ તો પ્રજાજીવનમાં આવેલા ભરતી અને ઓટના વિવિધ પ્રવાહો સમજવાની અને સાહિત્ય પર થયેલી તેની અસરના પ્રકાર જાણવાની જરૂરિયાત રહે છે. એ વગર સાહિત્યનો અભ્યાસ અધૂરો જ છે. આ દૃષ્ટિએ સાહિત્ય એ પ્રજા સમસ્તની સમૃદ્ધિ છે—વારસો છે. કોઈ પ્રજાનું સાહિત્ય જાણવાથી તે પ્રજાની સંસ્કૃતિનું માપ પણ આપણે કાઢી શકીએ છીએ; કારણ સાહિત્ય એ પ્રજાના સાંસારિક, માનસિક ને આધ્યાત્મિક જીવનનું પ્રતિબિંબ છે.

ગુજરાતી ભાષાનો વિકાસક્રમ

ભાષા વગર સાહિત્ય સંભવતું નથી. એટલે કોઈ પણ દેશ કે પ્રજાનું સાહિત્ય જાણતા પહેલાં તેની ભાષાનો અલ્પ ઇતિહાસ, ભાષાનાં પ્રતિભા, પ્રાબલ્ય અને શક્યતા જાણવાં જરૂરનાં છે. ગુજરાતી ભાષા વ્યાપારીઓની ભાષા હતી એમ કહેતાં આપણે લેશ પણ શરમાવાની જરૂર નથી. જોકે કાળબળે એનું સ્વરૂપ બદલાતું આવ્યું છે અને હજુ પણ બદલાતું જાય છે અને બદલાતું જશે, એ શુભ ચિહ્ન જ છે. અત્યારે આપણે જે ભાષા લખીએ—વાંચીએ છીએ તે જ ભાષા તે જ સ્વરૂપમાં નરસિંહ કે પ્રેમાનંદના સમયમાં હતી એમ તો આપણે ન જ કહી શકીએ. ત્યારે ગુજરાતી ભાષાનું સ્વરૂપ કેવું હતું, એ કેમ થયું, અને ત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એમાં શાં શાં પરિવર્તન થયાં અને તે કેવી રીતે થયાં, તેનો આપણે ટૂંકમાં વિચાર કરી લઈએ.

કાળક્રમે સંસ્કૃત શબ્દોના અપભ્રંશ થવાથી ને દેશ્ય શબ્દોના મિશ્રણથી સંસ્કૃત ભાષા પલટાઈને છ પ્રાકૃત ભાષાઓ થઈ. તેમનાં નામ: (૧) પ્રાકૃત, (૨) શૌરસેની, (૩) માગધી, (૪) પૈશાચી, (૫) મહારાષ્ટ્રી, (૬) અપભ્રંશ. પ્રાકૃત ભાષાના ઘણા શબ્દો અધિક અપભ્રંશ પામીને ગુજરાતીમાં આવ્યા છે. અપભ્રંશ ભાષા જૂની ગુજરાતી ભાષાને ઘણી રીતે મળતી આવે છે.

'શૌરસેની, માગધી અને પૈશાચીને ગુજરાતી સાથે નહિ જેવો જ સંબંધ છે. ઉપર ગણાવેલી છ પ્રાકૃત ભાષાઓમાં દેશ્ય શબ્દો ઘણા થોડા છે, પણ જૂની ગુજરાતીમાં તો ગુર્જરદેશ [મહી અને આબુ તથા પાવાગઢ ને ખંભાતના અખાત વચ્ચેનો પ્રદેશ], સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) ને લાટ દેશ [મહીની દક્ષિણનો મુલક — વડોદરા, ભરૂચ, સુરત, વગેરે]ના મૂળ વતનીઓની દેશ્ય ભાષાના ઘણા શબ્દો છે.'

અલ્લાઉદ્દીન ખીલજીએ ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીત્યું, ત્યાર પછી જૂની ગુજરાતીમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થયો. તે પહેલાં પણ ગુજરાતનાં પશ્ચિમ બંદરોના અરબસ્તાન સાથેના વ્યાપારસંબંધને લીધે અને ઇસવી સનના આઠમા સૈકામાં પારસીઓના આગમન અને ગુજરાતમાં વસવાટને લીધે અરબી અને ફારસી શબ્દો અપભ્રંશ ભાષામાં દાખલ થયેલા. પણ ત્યારે તેનું પ્રમાણ જૂજ હતું અને તે સાહિત્યની ભાષામાં ઊંડો પ્રવેશ કરી શકયા ન હતા. મુસલમાની અમલ દરમિયાન ઉર્દૂ રાજભાષા બનતાં, સંસ્કૃત ભાષા વિસારે પડવા માંડી અને તે સાથે ગુજરાતીનો તેની સાથેનો સંબંધ પણ નબળો પડવા માંડ્યો. આમ ગુજરાતી ભાષાની એક અવસ્થા પૂરી થઈ અને ભાષાનું નવું સ્વરૂપ ઘડાયું.* ભાષાનો વિકાસ કે વિકાર ધીમે ધીમે થાય છે. ભાષાનાં જન્મમરણ એકએ

* જૂની ગુજરાતી ભાષાના નમૂના:—૧ વૃક્ષ તઉ પાન પડઈ. ૨ કુંભાર ઘાડા ઘડવા માટી આણઈ. ૩ શિષ્ય શાસ્ત્ર પઢી અર્થ પુછઈ. ૪ કરસણી હલ એડતઉ બીજ વાવઈ. ૫ સાપ મરાઈ નઈ લીઠી ભાજઈ. ૬ બિલાડી નઈ કમ્મિ સીકાં ચુટાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષમાં નથી થતાં. પણ અભ્યાસની અનુકૂળતા ખાતર અહીં પ્રખ્યાત અને અગત્યના ઐતિહાસિક બનાવોનાં વર્ષ જ મૂક્યાં છે.

તપ્પલખ વંશના અંતથી (ઈ. સ. ૧૪૧૪ — નરસિંહ મહેતાના જન્મનું વર્ષ ?) ગુજરાતી ભાષા કંઈક નિશ્ચિત અને સામાન્ય સ્વરૂપ ધારણ કરે છે. થોડા ફેરફાર સાથે એ ભાષા હાલ બોલાય છે. પણ હજુ થોડાં નાનાં વહેણો ગુજરાતી ભાષાના પ્રવાહમાં દાખલ થવાનાં હતાં. નરસિંહ મહેતા પછી થોડે સમયે હિંદુસ્તાનમાં યુરોપી પ્રજાઓ વ્યાપારાર્થે આવી. ગુજરાતમાં પણ તેમનો વસવાટ થયો અને ધીમે ધીમે ફ્રેન્ચ, ડચ અને પોર્ટુગીઝ પ્રજાઓનો પરાજય કરી અંગ્રેજો હિંદના સાર્વભૌમ રાજ્યકર્તા થયા એ બીના અતિ જાણીતી છે. એ પ્રજાઓ પણ થોડેઘણે અંશે આપણો શબ્દભંડોળ વધારતી ગઈ.* હાલમાં અંગ્રેજી ભાષાના શબ્દો આપણા દૈનિક જીવનમાં પણ કેટલા રૂઢ થઈ ગયા છે એ તો સર્વ કોઈ જોઈ કે સમજી શકે એટલી સ્પષ્ટ વાત છે.

ત્યાર પછી ગુજરાત મરાઠાઓના હાથમાં પડ્યું અને થોડા મરાઠી શબ્દો પણ ગુજરાતી ભાષામાં પ્રવેશ કરી શકયા. આંતરરાષ્ટ્રીય અને આંતરપ્રાન્તીય વ્યવહારના યુગમાં એ શબ્દભંડોળ અનેક પ્રકારે વધતું જ જાય છે. અને શબ્દો માટેની આપણી જરૂરિયાત અને પરપ્રાંતીય કે પરરાષ્ટ્રીય પ્રજાઓ અને સાહિત્ય સાથેનો સંબંધ વધતાં તે હજુ વધતું જ જવાનું.

અંગ્રેજી અમલ સ્થપાયા પછી ગુજરાતી ભાષા અને સાહિત્યનો નવો યુગ બેઠો. અંગ્રેજી શબ્દો અને અંગ્રેજી વાકયરચના સામાન્ય થઈ પડ્યાં. શિક્ષણના પ્રચારને અંગે સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધવા માંડ્યો અને તે સાથે શુદ્ધ સંસ્કૃત શબ્દોનો પ્રચાર પણ ઘણો વધી ગયો. આમ ગુજરાતી ભાષાના નવા યુગની શરૂઆત નર્મદાશંકરથી થાય છે. જે અરસામાં અમદાવાદમાં દલપતરામ અને મહીપતરામ વગેરે અને મુંબઈમાં નર્મદાશંકર અને કરસનદાસ મૂળજી વગેરે ગુજરાતી ગદ્યસાહિત્યને ઘડાવી રહ્યા હતા, તે અરસામાં રણછોડભાઈ ઉદયરામ, મનઃસુખરામ સૂર્યરામ અને ઝવેરીલાલ યાજ્ઞિકનું તૃતીય મંડળ ઉદ્‌ભવ પામ્યું. અંગ્રેજી

* પોર્ટુગીઝ શબ્દો—પગાર, ચાવી, મોસંબી, મિસ્ત્રી. ફ્રેન્ચ—પલટણ, પાટલૂન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારનો અને નવા વિચારો ને ભાવનાઓનો સારો પ્રચાર થવા માંડ્યો હતો, તેથી સમાજની ભાવનાઓમાં એક પ્રકારનું પરિવર્તન થતું જતું હતું. આ કાળને **નવયુગ** (Renaissance) કહીએ તો ચાલે. પ્રજાને પોતાના નવા વિચારો ને નવી ભાવનાઓ પ્રગટ કરવાં હતાં. કવિતા તે માટે યોગ્ય વાહન ન હતું. સમયની આ જરૂરિયાતે ગુજરાતી ભાષાને સ્થાયી અને નિશ્ચિત સ્વરૂપ આપ્યું અને તેમાંથી નવી ગુજરાતીનો જન્મ થયો. જ્યાં સુધી ભાષા નિશ્ચિત અને સ્થાયી સ્વરૂપ ધારણ ન કરે, જ્યાં સુધી પ્રજામાં વિચારશીલતા ન આવે, ત્યાં સુધી સાહિત્યરૂપે ગદ્ય ઉત્પન્ન થઈ શકતું નથી. સમસ્ત જગતનું ગદ્યસાહિત્ય આ વિધાનની સાક્ષી પૂરશે. આ રીતે સમયની જરૂરિયાતે ગદ્ય જન્માવ્યું. નર્મદ અને તેની સમકાલીન ભાવનાશાળી વ્યક્તિઓએ તેને પોષ્યું, વિકસાવ્યું અને દૃઢ બનાવ્યું — તેને સ્થાયી અને નિશ્ચિત સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો. તે પહેલાં આપણે ત્યાં ગદ્યસાહિત્ય ન હતું.

સાહિત્યની શરૂઆત — કવિતા

પ્રત્યેક દેશના સાહિત્યનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડશે કે કવિતાથી જ સાહિત્યની શરૂઆત થાય છે. ગુજરાત એમાં અપવાદરૂપ ન હોઈ શકે. ગુજરાતી કવિતાસાહિત્યની શરૂઆત કયારથી થઈ એ બાબત હજુ સુધી છેવટનો નિર્ણય થઈ શકયો નથી. આપણે ગુજરાતી કવિતાસાહિત્યના પ્રવાહ તરફ દૃષ્ટિ નાખીએ તે પહેલાં, કવિતા એટલે શું તે વિષે થોડો વિચાર કરી લેવો આવશ્યક જણાય છે.

'કવિતા એ કવિના મનનું ચિત્ર છે. કવિજીવન એ રસસરિતાનું ઉદ્‌ભવસ્થાન છે. એટલે જ કવિનું જીવનવૃત્તાંત જાણ્યા વિના તેની કવિતાનું હાર્દ સંપૂર્ણપણે સમજી શકાતું નથી, કવિતાનો ખરો રસ અને આનંદ અનુભવી શકાતો નથી. નવલકથાકારો અને જનસમુદાયના સ્વભાવચરિત્રના સર્વ આલેખકો માટે પણ એમ કહી શકાય. કલ્પિત કે અર્ધકલ્પિત કે ખરાં પાત્રોનું સ્વભાવદર્શન કરાવતાં લેખક જાણ્યેઅજાણ્યે પોતાના જ દૃશ્ય કે અદૃશ્ય હૃદયભાવનું, પ્રબલ વા નિર્બલ મનોવિકારનું અને સ્થૂલ વા સૂક્ષ્મ સંસ્કારનું પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રતિબિંબ પાડે છે; પોતાના જ વિચાર અને ભાવનું અગર આદર્શ કે કલ્પનાનું પ્રત્યારોપણ કરે છે, અને ભિન્નભિન્ન પ્રકારે પોતાના અનેક અનુભવોનું મિશ્રચિત્ર આલેખે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે સાહિત્યકાર જગત જેવું છે, તેને પોતાને પોતાના મનોભાવ દ્વારા જેવું દેખાય છે અગર તેની કલ્પના પ્રમાણે જેવું હોવું જોઈએ તેવું ચીતરે છે. આ દૃષ્ટિથી જોતાં સાહિત્યના સર્વ પ્રકારમાં લેખકની પ્રતિભા ઊતરે છે. આથી જ સાહિત્યમાં આત્મલક્ષી અંશ આવ્યા વગર નથી રહેતો, ને તેમાંયે કવિતા તો સવિશેષ આત્મલક્ષી છે.

'કવિતા એટલે સુંદર અર્થનો સુંદર શબ્દોમાં પ્રયોગ. અન્ય જનના હૃદયસંસ્કારને જગાવવા કવિના અંતઃકરણથી વહેતો હૃદયભાવનો પ્રવાહ તે જ રસ. પરહૃદયને ઉદ્બોધવાની જે હૃદયશક્તિ તે કવિનું રસમંદિર; એ રસને ત્વરાથી વધારેમાં વધારે પ્રમાણમાં ગ્રહણ કરવાની શક્તિ તે રસિકતા. રસ એ કવિતાની પ્રથમ આશ્યકતા છે.' એટલે રસ એ સાધ્ય છે અને છંદ, ડોલન, કલ્પના, વિચાર, હૃદયભાવ, અલંકારો વગેરે તે રસને પ્રાપ્ત કરવાનાં સાધન છે. સાધન કે સાધ્ય એમાંથી એકેયની સદંતર ઉપેક્ષા ન જ થઈ શકે. શિષ્ટ, મધુર ભાષા, યોગ્ય શબ્દોની પસંદગી અને તેની સુસંવાદી ગોઠવણ, એ પણ કવિતાનું આવશ્યક અંગ છે. ક્લિષ્ટ, ગ્રામ્ય કે અપરિચિત શબ્દો રસની ક્ષતિ કરે છે. લલિત, સરળ અને વિશુદ્ધ ભાષા રસમાં વૃદ્ધિ કરે છે. 'ભાષાપ્રભુત્વ વિના કવિને ચાલે તેમ નથી. એમ પણ બને છે કે રસ ઉત્કૃષ્ટ હોય તો યોગ્ય શબ્દો આપોઆપ મળી રહે છે. ઉત્તમ કવિની ઉત્તમ કવિતા આ પ્રતિની હોય છે.'

ગુજરાતી કવિતાનો વિકાસક્રમ

કવિતાનાં મૂળગત તત્ત્વોનો આટલો વિચાર કર્યા પછી આપણે હવે ગુજરાતી કવિતાના ઇતિહાસ તરફ દૃષ્ટિ નાખીએ.

કવિતાના વિકાસની જેમ એનો ઉદ્ભવ પણ ક્રમશઃ જ થાય છે. એનાં પ્રથમ બીજ કયારે વવાયાં અને કોણે વાવ્યાં એનો નિર્ણય અઘરો નહિ પણ અશક્ય જ છે. એટલે ગુજરાતી કવિતાનો મૂળ ઉદ્ભવ કયારે, કયાં અને કોનાથી થયો એ આપણે નિશ્ચિતપણે ન કહી શકીએ. સામાન્ય રીતે નરસિંહ મહેતાએ ગુજરાતી કવિતાની શરૂઆત કરી એમ મનાય છે, એ યથાર્થ છે. એ પહેલાં કવિતા લખાતી અને ગવાતી પણ ખરી. પણ એનું સ્વરૂપ અને આયોજન (technique) બહુ સામાન્ય અને અસ્થાયી હતાં. આથી એનું મહત્ત્વ માત્ર ઐતિહાસિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ ખરું, પણ કલાવિધાનની દૃષ્ટિએ લગભગ નહિ જેવું જ કહીએ તો ચાલે. નરસિંહ પૂર્વે જૈન દેવાલયોમાં કવિતા લખાતી. પણ તે ત્યાં જ દટાઈ પડી રહેતી. પ્રજાજીવનને તેમાંથી પ્રેરણા કે પ્રોત્સાહન કે બળ મળેલું નહિ; એટલે એના ઐતિહાસિક મહત્ત્વમાં પણ ઊણપ આવે છે.

આજથી પાંચસો વર્ષ પહેલાંનું ગુજરાત — તેનાં જીવન અને સંસ્કૃતિ — આધુનિક ગુજરાત કરતાં તદ્દન ભિન્ન હતું. આ સમય દરમિયાન અમદાવાદના મુસલમાન સુલતાનો ગુજરાત પર અમલ કરતા હતા. ૧૪૧૧માં અહમદશાહે પાટણને બદલે અમદાવાદને ગુજરાતનું પાટનગર બનાવ્યું. એના પૌત્ર મહમદ બેગડાએ (૧૪૫૯–૧૫૧૩) જૂનાગઢનું રાજ્ય જીતી લીધું અને મુસલમાનોની સત્તા ગુજરાતમાં સાર્વભૌમ થઈ પડી. તે અમલ દરમિયાન રાજકીય દૃષ્ટિએ ગુજરાત એકત્ર હતું, પણ સુલતાની અમલમાં પ્રજાને શાંતિ કે સંતોષ નહિવત્ હતાં. મુસલમાની સત્તા અને જુલમ તળે પ્રજા વિર્યહીન થતી ચાલી. આવા નિરાધારી ને અશાંતિના સમયમાં પ્રજાનું મન ધર્મ અને પરલોક તરફ વળ્યું; અને ધાર્મિક વૃત્તિ અતિ પ્રબલ થતાં ઐહિક વિકાસ અને પ્રગતિનાં દ્વાર બંધ થયાં. ધર્મ એ જ પ્રજા-જીવનની સકળ પ્રવૃત્તિનું મધ્યબિંદુ થઈ પડ્યું. તે સમયનું સાહિત્ય તપાસતાં પણ માલૂમ પડશે કે ધર્મેતર સાહિત્ય આ સમયમાં હતું જ નહિ. જે હતું તે નિર્બળ અને નહિવત જ. રાષ્ટ્રીયભાવના અને અસ્મિતાને જન્મવાને હજુ સૈકાંઓની વાર હતી. વ્યક્તિવાદનાં ત્યારે કોઈને સ્વપ્નાંય ન હતાં. માણસ માત્રનું ધ્યેય હતું માત્ર એક જ : ઈશ્વરની ભક્તિ કરવી અને આ લોક પ્રત્યે ઉદાસીનતા કેળવી પરલોકના વસવાટ માટે યોગ્યતા પ્રાપ્ત કરવી; આ જાતની વૃત્તિ છેક બ્રિટિશ અમલ આવ્યો ત્યાં સુધી રહી, અને હજુ પણ તે સદંતર નાશ તો નથી જ પામી.

આદિકાળ
૧૪૧૧–૧૫૭૩

પંદરમા સૈકાની શરૂઆતમાં ભક્તિના નવા માર્ગની કવિતાથી **નરસિંહ મહેતા**એ ગુજરાતને ગજવ્યું :× નરસિંહની ભક્ત તરીકેની કીર્તિ

×શ્રી. ક. મા. મુનશી નરસિંહ મહેતાને ઈ. સ.ની સોળમી સદીમાં મૂકે છે. જોકે રા. મુનશીની શંકા અસ્થાને નથી. પણ એમની દલીલો જોઈએ તેટલી સબળ નથી. આ બાબતનો સર્વમાન્ય અને છેવટનો નિર્ણય હાલ તરત તો શક્ય લાગતો નથી. જુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત અને ભારતવર્ષમાં ફેલાવા લાગી અને એના જીવનની આસપાસ અનેક પ્રકારની દંતકથાઓ ગૂંથાઈ. નરસિંહ અને **મીરાં**નો ભક્તિમાર્ગ એક જ પ્રકારનો હતો. એ ભક્તિમાર્ગમાં ઊંચનીચનો ભેદ ન હતો. પ્રેમ ઈશ્વરના સાક્ષાત્કારનું દ્વાર હતું. એ બંનેનાં પદોમાં જ્યાં ને ત્યાં જીવનનો ઉલ્લાસ દેખાય છે. જોકે આ બંનેમાંથી એક પણ ભક્તકવિ ગુજરાત કે ભારતવર્ષના જીવનમાં જીવન પ્રત્યેની જે ઉદાસીનતા આવી હતી તેથી પર થઈ શકયાં ન હતાં. નરસિંહ મહેતાનાં પદો એ એમનું ઉત્તમ સર્જન છે. એમાં આપણને નરસિંહનાં કવિ અને વેદાંતી રૂપે દર્શન થાય છે.

ભારતવર્ષના આધ્યાત્મિક જીવનમાં પંદરમી સદીમાં ભક્તિનું એક પ્રચંડ મોજું આવી ગયું. ગુજરાતમાં નરસિંહ અને મીરાં, બંગાળમાં ચૈતન્ય, ઉત્તર હિંદુસ્તાનમાં સુરદાસ અને તુલસીદાસ અને દક્ષિણમાં એકનાથ, તુકારામ વગેરેએ આ ભક્તિને પોતાની કવિતામાં ઝીલી, પોતપોતાની રીતે વિકસાવી, તેને વેગ આપ્યો. અશિક્ષિત પ્રાકૃત જનોને ધર્મના સિદ્ધાંતો અને ફરજો સમજાવવાની આવશ્યકતા આ ભક્તકવિ-ઓને જણાઈ. પોતાનું કાર્ય સરળ કરવા એમણે આખ્યાનો અને પદોમાં ઉપદેશ ગૂંથ્યો; કારણ તે બધા જાણતા હતા કે માનવસ્વભાવને સીધો ઉપદેશ રુચતો નથી. સંસારમાં રહીને પણ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે એમ આ ભક્તો માનતા. સમાજરચિત નીતિનાં ધારાધોરણ આ ભક્તોએ બાજુ પર મૂકયાં અને નીતિનાં ઉચ્ચતર અને વિશુદ્ધ ધોરણો એમણે સ્વીકાર્યાં. ઈશ્વરને માનવ સ્વરૂપે કલ્પી આ ભક્તો તેમનો દિવ્ય પ્રેમ કવિતા દ્વારા ગાતા. ઘણી વાર ઈશ્વરને પુરુષ તરીકે કલ્પી, પોતાની જાતને ગોપી માની લઈ, સ્ત્રીપુરુષના જાતીય (sexual) ભાવો વ્યક્ત કરી, તે ઈશ્વર માટેની ઘગશ અને ઝંખના દર્શાવતા.*

આ જ સદીમાં **ભાલણ** નામે એક બીજો ભક્તકવિ થઈ ગયો. (૧૪૨૬ થી ૧૫૦૦?) એણે એકેશ્વરવાદનો ઉપદેશ આપ્યો. પરંતુ

મુનશીકૃત 'નરસૈયો ભક્ત હરિનો', પૃ. ૪૯–૮૨. Gujarat and its Literature, page 149. જુઓ નરસિંહરાવ દીવેટિયાકૃત Thakkar Vassonji Madhavji Lectures (1932)—Lecture III.

* વધુ માટે જુઓ ગો. મા. ત્રિપાઠીકૃત Classical Poets of Gujarat.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યના ઇતિહાસમાં એને **આખ્યાનના** ઉત્પાદક તરીકે મહત્ત્વનું સ્થાન મળ્યું છે. પૌરાણિક કથાઓમાંથી વસ્તુ લઈ, પોતાના સમયને અનુકૂળ રૂપ આપી, એણે આખ્યાનો લખવાની શરૂઆત કરી. આ ક્ષેત્રને પાછળથી પ્રેમાનંદે ખેડી અતિ સમૃદ્ધ બનાવ્યું હતું. પ્રેમાનંદે ભાલણનાં કેટલાંક આખ્યાનો સુધારી તેને વિશેષ રસમય પણ કર્યાં હતાં. પણ અત્યારે તો કાદમ્બરીના પ્રથમ ગુજરાતી અનુવાદક તરીકે ભાલણ જાણીતો છે. તે ઉપરાંત કૃષ્ણનું જીવન ગાવા એણે **ગરબીઓ**નો છૂટથી ઉપયોગ કર્યો છે, જેમાંથી દયારામને પ્રેરણા મળી હોય એ અતિ સંભવિત છે. એના પછી **કર્મણ સંત્રી** અને **ભીમ** કવિએ એની આખ્યાનશૈલીનું અનુકરણ કર્યું છે; પણ એ સર્વ પ્રેમાનંદના ઝળહળતા પ્રકાશ આગળ ઝાંખા પડી જાય છે. આ જ અરસામાં **વિષ્ણુદાસે** પણ કેટલાંક આખ્યાનો લખ્યાં હતાં. તેમાંથી કેટલાંકનો પ્રેમાનંદે અને બીજા કવિઓએ પાછળથી ઉપયોગ કર્યો હતો.

આદિ કાળની વાત કરતાં આપણે **ભાટચારણો** અને **ગણભટ્ટ**ને છેક વીસરી તો ન જ શકીએ. તેઓ પોતપોતાની રીતે પૌરાણિક, ધાર્મિક અને સાંસારિક જ્ઞાન આપી પ્રજાજીવનને ઘડતા હતા. એમનાં પોતાનાં જ્ઞાન અને સંસ્કાર પરિમિત અને સામાન્ય હતાં, એટલે એમનો ફાળો સાહિત્યની દૃષ્ટિએ બહુ અગત્યનો ન ગણાય. એમની ભાષા ગ્રામ્ય અને પ્રૌઢતારહિત હતી, એટલે ગામડાંઓમાં જ તેઓ કંઈક સારો સત્કાર પામતા. વર્તમાનપત્રો, મુદ્રણકળા અને નાટકસિનેમાના આ યુગમાં આ સંસ્થાઓ અત્યારે તો મૃતપ્રાય દશા ભોગવે છે. પણ એક વાર એમનું જોર અને લોકપ્રિયતા ઘણાં હતાં એ ઐતિહાસિક હકીકત નોંધપાત્ર છે.

શુષ્કકાળ
૧૫૨૬–૧૬૦૫

દિલ્હીના પઠાણ સુલતાનોની સત્તા ધીમે ધીમે પડી ભાંગવાને લીધે ગુજરાતના સૂબા સ્વતંત્ર થઈ ગયા. ગુજરાતના હાકેમ મહમદ બેગડાની સત્તાનો માંહોમાંહેના કલહથી નાશ થયો અને એ ટંટાઓ જારી રહેવાથી ગુજરાતમાં સોળમા સૈકામાં ઘણું અંધેર ચાલ્યું. અકબરે ૧૫૭૩ માં ગુજરાત જીત્યું, પણ શાંતિ સ્થાપવાના તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. ઠેકાણે ઠેકાણે બંડ થયા કરતાં, અને દેશનો પાકો કબજો તે લઈ શકયો નહિ. સોળમી સદીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે રાજકીય અવ્યવસ્થા ચાલી. કવિતાવૃક્ષને સંપૂર્ણપણે ફાલવાને માટે શાંતિનું વાતાવરણ જોઈએ. એ આવશ્યક શાંતિ ત્યારે ગુજરાતના જીવનમાં જ ન હતી, એટલે આ સમયમાં મહાકવિઓ કે મહાકવિતાની આશા રાખવી નકામી. આ કાળમાં માત્ર ત્રણ ઉપકવિઓ જ થયા છે, એટલે આપણે એને શુષ્ક કાળ કહીએ તો ચાલે. **વસ્તો** બોરસદનો લેઉવો પાટીદાર હતો. એને નાનપણથી વૈરાગ્યની ધૂન લાગવાથી એ અપરિણીત જ રહ્યો, અને સાધુસંતનો સમાગમ કરવા લાગ્યો. એણે શુકદેવાખ્યાન અને સુભદ્રાહરણ લખ્યાં છે. **વચ્છરાજ** કબીરપંથી હતો અને ભરૂચ જિલ્લાના જંબુસર ગામનો વતની હતો. એણે રસમંજરી નામે રસિક વાર્તા લખી છે. **તુલસી** સારસ્વત બ્રાહ્મણ હતો અને એણે રચેલા નૃસિંહાખ્યાન અને ધ્રુવાખ્યાનથી એ જાણીતો થયો છે. આ ત્રણે કવિઓની અને તે સમયની કવિતા સામાન્ય કોટિની છે એ ખરું, પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં તેનું મહત્ત્વ તેમાં રહેલા ગુણ કરતાં વિશેષ છે. કારણ, આ કવિઓની કાવ્યપ્રથાએ એના પછીના યુગના મહાકવિઓને પ્રેરણા આપી અને માર્ગદર્શન કર્યું.

અકબર બાદશાહના મૃત્યુવર્ષથી (૧૬૦૫) મોગલ સામ્રાજ્યના અંત સુધી (૧૭૪૮) ગુજરાતમાં શાંતિ ફેલાઈ હતી. જોકે ઔરંગઝેબના રાજ્યના પાછલા ભાગમાં અહીંતહીં અવ્યવસ્થા વધી પડી હતી.

સુવર્ણયુગ મરાઠાઓનું બળ દિવસે દિવસે વધતું ગયું અને તેમના હુમલા **૧૬૦૫–૧૭૪૮** સુરત, ભરૂચ પર વારે વારે થતા. ૧૭૩૨માં ગાયકવાડે વડોદરામાં ગાદી સ્થાપી. તે જ સમયે મોગલ સૂબાઓ અમદાવાદ અને તેની આગળ પાછળના મુલક પર હકૂમત ચલાવતા હતા. ઈસવી સન ૧૭૪૮માં છેલ્લો મોગલ બાદશાહ મહમદશાહ મરણ પામ્યો, તેની સાથે મોગલ શહેનશાહને અપાતું નામનું માન પણ નષ્ટ થયું. નિઝામ-ઉલ-મુલ્ક અને શાહુ પણ તે જ અરસામાં મરણ પામ્યા ને આખા હિંદમાં અશાંતિ વ્યાપી રહી. ૧૭૦૭ સુધી ખરેખરી અને ત્યાર પછીનાં ૪૧ વર્ષ સુધી થોડીઘણી પણ શાંતિ ગુજરાતમાં હતી. ગુજરાતના આર્થિક જીવનનો પણ આ સુવર્ણકાળ હતો. યુરોપીય મુસાફરોને સુરત, ખંભાત અને અમદાવાદે આંજી નાખ્યા. દેશવિદેશ સાથે સુરત, ભરૂચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ધોધાનો વ્યાપાર ધમધોકાર ચાલતો હતો અને એકંદરે પ્રજાની આર્થિક સ્થિતિ ઘણી જ સારી હતી. આથી જ જ્યારે પૈસાની જરૂર જણાતી ત્યારે મરાઠાઓની દૃષ્ટિ ગુજરાત પર પડતી.

મુસલમાન અમલ દરમિયાન બગડેલી સામાજિક વસ્તુસ્થિતિ દિનપ્રતિદિન વિશેષ બગડતી ગઈ. જ્ઞાતિનાં બંધનો વિશેષ દૃઢ થયાં. મુસલમાન સૈનિકો યુવાન સ્ત્રીઓને હરી જતા, એટલે લાજ કાઢવાની અને બાળલગ્નની પ્રથા સમાજમાં સામાન્ય થઈ પડી હતી. સ્ત્રીઓનો સામાજિક દરજ્જો દિનપ્રતિદિન નીચો પડવા માંડ્યો અને તેમના તરફ સન્માનવિહીન દૃષ્ટિએ જોવાવા માંડ્યું. સ્ત્રીઓનો દરજ્જો નીચો પડવાની સાથે પુરુષવર્ગનાં સત્તા અને સ્વચ્છંદ સ્વાભાવિક રીતે વધ્યાં. આ વસ્તુસ્થિતિનો ખ્યાલ આ સમયના બે મહાકવિઓ **પ્રેમાનંદ** અને **શામળ**ની કૃતિઓ ઉપરથી આવી શકશે. આવા જ પ્રકારનો સડો ધાર્મિક સંસ્થાઓમાં પણ દાખલ થયો. પ્રેમભક્તિના વૈષ્ણવ સંપ્રદાયમાં નૈતિક શિથિલતા ઊતરી અને ધર્મને નામે વ્યભિચાર, પાખંડ અને વિલાસ ચાલવા માંડ્યાં. નરસિંહ અને મીરાંનાં જીવન અને કવન વીસરાઈ ગયાં. આ ધાર્મિક પરિસ્થિતિનો આબેહૂબ ખ્યાલ **અખા**એ પોતાની કવિતામાં આપ્યો છે. ધર્મગુરુઓને સપાટા મારવામાં એણે બાકી નથી રાખ્યું. એવી જાતની કવિતા આપણે છેક દયારામના સમય સુધી જોઈએ છીએ. આ જાતની સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ છેક આધુનિક સમય સુધી ચાલી. પાશ્ચાત્ય સંસ્કારના પ્રચાર અને ગ્રહણ પછી ધીમે ધીમે ધાર્મિક અને સામાજિક અંધશ્રદ્ધા અને કુરૂઢિઓનો અંત આવવા માંડ્યો છે એ આશાજનક વસ્તુસ્થિતિ છે.

૧૬૦૫થી ૧૭૪૮ સુધી ગુજરાતમાં ઘણે અંશે શાંતિનું વાતાવરણ હતું. આ સમયે ગુજરાતને ત્રણ મહાકવિઓ આપ્યાઃ અખો, પ્રેમાનંદ અને શામળ. આ ત્રણે વિષયપસંદગી અને આલેખનરીતિમાં એકમેકથી ભિન્ન છે. અખાની કવિતામાં ભગ્નાશ હૃદયની ઘગશ છે. અખો એ ગુજરાતનો મોટો આધ્યાત્મિક (metaphysical) કવિ છે. અધ્યાત્મજ્ઞાન સાથે જ્યાં ને ત્યાં સમાજજીવન ઉપર એણે જે ટીકા કરી છે તે સંસાર વિષેનો એનો અનુભવ પણ બતાવી આપે છે. આ રીતે સામાજિક જીવનને અખાએ પહેલી વાર કવિતાનો વિષય બનાવ્યો. પણ ઉપદેશની સાહજિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિને એ દબાવી શકયો નથી. એટલે અંશે સમાજની પ્રતિકૃતિની રેખાઓમાં વિકૃતિ અને ક્ષતિ આવી જાય છે.

પ્રેમાનંદ વિષે સત્ય શું છે તે આપણે કહી શકતા નથી. એના જીવન અને કાર્યની વિગતો વિશે જે સંદેહ છે તે દૂર ન થાય ત્યાં સુધી તેના કાર્યનું સાચું મૂલ્યકરણ અશકય છે. પણ પ્રેમાનંદે ગુજરાતી ભાષાને અપૂર્વ વેગ આપ્યો, ભાષાને સ્થાયી સ્વરૂપ આપી એને "શું શાં પૈસા ચાર"ના આક્ષેપમાંથી ઉગારી લીધી અને કવિતાનું વહન કરવા સમર્થ બનાવી એ તો નિર્વિવાદ છે. પ્રેમાનંદની પાયડી અને એના શિષ્યમંડળની વાત હવે તો દંતકથા જ લેખાય છે. પ્રેમાનંદને નામે ચઢેલાં નાટકો બીજાં ગમે તેનાં હોય પણ પ્રેમાનંદનાં તો નથી જ, એટલું તો હવે આપણે કહી શકીએ તેવી સ્થિતિમાં છીએ. પ્રેમાનંદને નામે ઓળખાતાં બીજા આખ્યાનોમાં પણ પ્રેમાનંદનો હિસ્સો કેટલો, એણે એ સુધારેલાં કે નહિ અને સુધારેલાં તો તે કેટલે અંશે અને એનો મૂળ લેખક કોણ, કયારે અને કયાં થયો? આ બધા પ્રશ્નોનો ઉકેલ થઈ શકશે કે નહિ એ શંકાસ્પદ વાત છે. શેકસપિયર માફક બીજાના કાર્યને સુધારનાર, તેની પુનર્યોજના કરનાર આ કવિની પ્રતિભા માટે તો કોઈ શંકા ન જ ઉઠાવી શકે. એણે બીજાની કૃતિઓનો ઉપયોગ કર્યો એ સાચું, પણ મૂળ સ્વરૂપમાં જ એ કૃતિ રહી હોત તો તે મૂલ્ય વગરની થઈ, કાળના પડમાં કયાંક દટાઈ વીસરાઈ ગઈ હોત, પ્રેમાનંદે એ કથીરને સુવર્ણ બનાવ્યું. પૌરાણિક (classical) શૈલીનો પ્રેમાનંદ મહાકવિ છે. એનું આલેખન પણ અપૂર્વ અને સુંદર છે. આ મહાકવિ એના સમયની પરિમિતતાથી ને દોષોથી પર નથી. પણ એથી પર કોણ હોઈ શકે? એ સહજ દોષો હોવા છતાં એ પ્રેમાનંદની પ્રતિભાના પ્રકાશને ઝાંખો કરી શકે એમ નથી. પ્રેમાનંદ જન્મ્યા ત્યારે કવિતા ધારાધોરણ વિનાની, ખરબચડી અને નબળી હતી. પ્રેમાનંદે એને પ્રૌઢ અને નિયમિત બનાવી.

પ્રેમાનંદના અનુગામી **શામળ**ના સમયમાં ઉર્દૂ રાજભાષા હતી. આથી શામળનાં કાવ્યોની ભાષામાં ફારસી અને અરબીમાંથી ઉદ્ભવેલા શબ્દોનું પ્રમાણ તેની પૂર્વે થઈ ગયેલા કવિઓ કરતાં ઘણું વધારે છે. શામળની વાર્તાઓમાં તેનાં ચાતુર્ય અને વાર્તાકાર તરીકેની શકિત દેખાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. વાર્તાઓ ઉપદેશાત્મક હોવા છતાં રસમય છે. ઉપરાંત એમાં પ્રતિબિંબ થતા સમકાલીન સામાજિક જીવનને લીધે એનું ઐતિહાસિક મહત્ત્વ વિશેષ છે. શામળની દૃષ્ટિ વિશાળ અને વિચારો પ્રગતિશીલ છે. એનાં સ્ત્રી અને પુરુષ પાત્રોમાં એક પ્રકારની અંડવૃત્તિ પણ માલૂમ પડે છે. આ બતાવી આપે છે કે સાંસારિક વાર્તાઓ લખનાર આ કવિ વિચારમાં એના સમય કરતાં ઘણો આગળ હતો અને એના વાસ્તવવાદને એના ભાવનાવાદથી સવિશેષ બળ મળતું. સામાન્ય રીતે શામળ સ્ત્રીજાતિ પ્રત્યે તિરસ્કારથી જોતો અને એમને પુરુષના ક્ષુલ્લક આનંદ પોષનારી પૂતળીઓ તરીકે લેખતો એમ મનાય છે. પણ એની વાર્તાઓ વિચાર-પૂર્વક વાંચનારને એમ લાગ્યા વગર નહિ રહે કે, સ્ત્રીહૃદયના કોમળ અંશો પૂર્ણપણે ન સમજનાર શામળ કેવળ સ્ત્રીશત્રુ ન હતો. એની વાર્તાની ઘણીયે નાયિકાઓ શીલ, શૌર્ય અને વિનયની મૂર્તિઓ સમી છે. શામળની દૃષ્ટિમાં સ્ત્રીઓને અન્યાય થતો શોધનારે એક વસ્તુ ધ્યાનમાં રાખવી ઘટે કે એ દૃષ્ટિ શામળની પોતીકી નથી, એના સમયની છે. અને શામળે પોતાના સમયના જ વિચારો ને ભાવનાઓ આ સંબંધમાં રજૂ કર્યા હોય એ શું બનવા જોગ નથી? શામળ માનવસ્વભાવનો, સાંસારિક રીતરિવાજનો અને માનવહૃદયના સનાતન અંશોનો ઊંડો અભ્યાસી અને સફળ આલેખક હતો. સર્વ પ્રાચીન કવિઓમાં શામળની કૃતિઓ વિશેષ મૌલિક છે. એણે કોઈના વસ્તુ કે શૈલીનું અનુકરણ કર્યું નથી. તેમ કોઈએ એનું અનુકરણ કર્યું નથી કે કરી શકયું નથી. એટલે શામળ આજ સુધી એનું વિશિષ્ટ પદ ભોગવે છે. શામળની કવિતામાં પ્રેમાનંદ કરતાં વૈવિધ્ય વિશેષ છે, પણ પ્રેમાનંદની શૈલીની પ્રૌઢતા અને ઝમક એનામાં નથી. પરંતુ શામળની મોટામાં મોટી સેવા તો ગુજરાતી ભાષાની છે. ગુજરાતી ભાષાના ઘડતરમાં એનો ફાળો ઘણો કીમતી છે અને આજે શામળનાં કેટલાંક વાકયો આપણી ભાષામાં કહેવતરૂપે વપરાય છે.

આ સમયમાં કેટલાક ગૌણ કવિઓ થઈ ગયા છે. **કવિ નાકર**ના સમય અને કાર્ય માટે હજુ આપણે ઘણું સંશોધન કરવાનું છે. તે ઉપરાંત **સુકુંદ, વિષ્ણુદાસ, વીરજી, રત્નેશ્વર** અને રુકિમણીહરણનો કર્તા **દેવીદાસ** આ સમયમાં થઈ ગયા મનાય છે. એ સમયમાં **એરવદ રૂસ્તમ પેશોતન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનો એક પારસી કવિ પણ થયો હતો. એણે ચાર 'નામાં' (ઐતિહાસિક કથા) લખ્યાં છે. પણ ફારસી, આવેસ્તા, અને ઝંદ શબ્દોના બાહુલ્યને લીધે એની કૃતિઓ લોકપ્રિય થઈ શકી નથી. **વલ્લભ** નામે પ્રેમાનંદનો પુત્ર હતો અને એને શામળ સાથે ઘણી ચડસાચડસી થઈ હતી એમ કહેવાય છે. પણ વલ્લભ તો પ્રેમાનંદનાં નાટકોના લેખક કે લેખકગણનું જ સર્જન લાગે છે, એટલે એ વિશે વિશેષ કહેવાનું પ્રાપ્ત થતું નથી.

આ સમય દરમિયાન ગુજરાતી ભાષા અને કવિતાને સ્થાયી સ્વરૂપ પ્રાપ્ત થયું અને આથી ભવિષ્યના જ્યોતિર્ધરોનો પંથ સરળ અને મોકળો બન્યો. જોકે કવિતાની ભાષા અને ગદ્યની ભાષાના બંધારણમાં ઘણો ફેર હોય છે અને ગદ્યના વિકાસ વગર ભાષા સ્થાયી સ્વરૂપ ધારી શકતી નથી. તોપણ પદ્ય દ્વારા વિચારોનું વહન કરી શકે એટલું સામર્થ્ય ગુજરાતી ભાષાને આ સમયમાં જ પ્રથમ પ્રાપ્ત થયું. એટલે જ આપણે આ સમયને સુવર્ણયુગનું નામ આપ્યું છે.

સ્વામીનારાયણનો યુગ
૧૭૪૮–૧૮૫૨

ઈ. સ. ૧૭૪૮ પછી ગુજરાતમાં મરાઠા રાજ્ય સ્થપાયું. અઢારમી સદીમાં ગુજરાતમાં સર્વત્ર અશાંતિનો અમલ હતો. મરાઠાઓએ ગુજરાતને રણક્ષેત્રનું સ્વરૂપ આપ્યું. હિંદુ અને મુસલમાન રાજાઓ અંદર અંદર લડવા લાગ્યા અને પરિણામે ગુજરાત અંગ્રેજોના હાથમાં ગયું. પરંતુ શાંતિ સ્થપાતાં કંઈક કાળ નીકળી ગયો. આ સમય દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયનું જોર ઘણું હતું. મોટે ભાગે વૈષ્ણવ સંસ્થાઓએ નીતિનાં ધારાધોરણોનો ત્યાગ કર્યો હતો. વૈષ્ણવોના વૈભવ અને વિલાસ સામે વિરોધરૂપે આ સમયમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો ઉદ્ભવ થયો. સ્વામીનારાયણ પંથની રચના સાદાઈ અને નિયમન ઉપર થઈ છે; તેથી ઘણે અંશે આ પંથ ઇંગ્લંડના, રાણી એલિઝાબેથના સમયના, પ્યુરિટન (Puritan) પંથને મળતો આવે છે. આ સમયની કવિતામાં સ્વામીનારાયણ સંપ્રદાયની ઘગશ આવિર્ભાવ પામી છે. નરસિંહ કે પ્રેમાનંદના સમયની જેમ આ સમયમાં પણ કવિતા એ ધાર્મિક અને નૈતિક ઉપદેશનું સાધન લેખાતી. આ સમયના કવિઓ પણ મોટે ભાગે ભક્તકવિ તરીકે ઓળખાય છે. એમને નરસિંહ જેવા પ્રાચીન કવિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સ્વામી સહજાનંદ જેવા સંતના ઉપદેશ ને સિદ્ધાંતોમાંથી પ્રેરણા અને સામગ્રી મળતાં. આથી આ સમયની કવિતામાં ઊર્મિકાવ્યો (lyrics)નું તત્ત્વ જોઈએ તેટલા પ્રમાણમાં નથી. કોમળાંગી કવિતા ઉપદેશના ભાર નીચે દબાઈ જતી લાગે છે. પરંતુ તેમાં નૈતિક સામર્થ્ય, બૌદ્ધિક આનંદ અને ધાર્મિક સૌન્દર્ય તો છે જ. એટલે આ સમયમાં આધ્યાત્મિક કવિતાનો પુનર્જન્મ થતો આપણે જોઈએ છીએ. આ ભક્તકવિઓની ફિલસૂફી બહુધા નિરાશાવાદી હતી અને ત્યાગને તે મોક્ષનું સાધન લેખતા. જોકે પ્રાચીનો પાસેથી વારસામાં મળેલી જીવનના ઉલ્લાસની ભાવના એ લોકો સર્વાંશે ત્યાગી શકયા ન હતા, તોપણ આ કવિઓ શૃંગારની સીમાઓ સાચવવામાં નરસિંહ વગેરે કરતાં વિશેષ વિવેક રાખતા ને પ્રાચીનો માફક જ શૃંગારને ધાર્મિક સ્વરૂપ આપતા.

આ યુગમાં ઘણા કવિઓ થયા છે. તેમાં **દયારામ, ધીરો, પ્રીતમ, કાલિદાસ, દેવાનંદ, બ્રહ્માનંદ** અને **ગિરધર** હજુ પણ વંચાય છે. **ભોજા ભગતના** ચાબખા અખાની યાદ આપે તેવા છે. **નિરાંત** ભક્તે મૂર્તિપૂજાની પ્રથાનો અસ્વીકાર કર્યો હતો. **બાપુસાહેબ ગાયકવાડે** એકેશ્વરવાદનો બોધ કર્યો અને હિન્દુ-મુસ્લિમ એકતા માટે કવિતા દ્વારા પ્રયાસ કર્યો. આ ઉપરાંત **મુક્તાનંદ, નિષ્કુલાનંદ** અને **દ્વારકાદાસ** નામે કવિઓ પણ આ સમયમાં થયા હતા. એમાંના ઘણાખરા કવિઓની કવિતા સામાન્ય ધોરણની છે અને વિષય અને શૈલીમાં કાંઈ અપૂર્વતા કે વિશિષ્ટતા નથી. આ સમયમાં થોડાં સ્ત્રી-કવિઓ પણ થયાં હતાં. એમ **દ્વિવાળીબાઈ** મુખ્ય હતાં. **કૃષ્ણાબાઈ, પુરીબાઈ, ગવરીબાઈ** અને **રાધાબાઈ**નાં નામો તો આજ લગભગ વીસરાઈ ગયાં છે. એમની કવિતામાં સ્ત્રીહૃદયના કોમળ ભાવો છે, સ્ત્રીસહજ માધુર્ય છે, પણ એકંદરે કવિતા ઘણી જ સામાન્ય કોટિની છે. આ પાંચમાંથી એકેયની કવિતામાં વિચારનું બળ નથી, અને જો તે સ્ત્રીઓ ન હોત તો આજે તે કયારનાંય સદંતર ભુલાઈ પણ ગયાં હોત.

સ્વામીનારાયણ સંપ્રદાયના આ યુગમાં ગિરધર અને દયારામે વૈષ્ણવ સંપ્રદાયની કવિતા ચાલુ રાખી હતી. અનેક નાનામોટા તારાઓ વચ્ચે ચંદ્રની જેમ **દયારામ** આ યુગમાં સર્વોપરી પદે છે. દયારામની ફિલસૂફી ફારસી સૂફી કવિઓના જેવી હતી, એટલે એને 'ગુજરાતનો હાફેઝ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કહેવામાં આવે છે. એનો શૃંગાર નરસિંહ કરતાં પણ વધારે ઉઘાડો અને મત્ત છે. એમાં રૂપક જોવાં, ઊંડેથી અર્થ કાઢવા પ્રયત્ન કરવો કે એમાં ધાર્મિક ભાવનું નિરૂપણ કરવું નકામું છે. એ શૃંગારની જ કવિતા છે ને એ જ રીતે એનું મૂલ્યકરણ થવું જોઈએ. કેટલાક એમ માને છે કે આ શૃંગાર એ અલૌકિક આનંદનો આવિર્ભાવ છે, અને એમાં માનવસ્વરૂપ પાછળ રહેલા ગૂઢ સનાતન આત્મા માટેની ઝંખના છે. પરંતુ કોઈકિ પદમાંથી ઉપદેશ તરી આવતો હોય તો તે કેવળ આકસ્મિક જ છે. આ દૃષ્ટિએ જોતાં દયારામ ગુજરાતનો મોટો શૃંગારરસનો કવિ છે.

ઉદ્દયકાળ
૧૮૫૨–૧૮૮૭

૧૮૫૨ માં દયારામનું મૃત્યુ થયું, અને તે સાથે ગુજરાતી પ્રાચીન કવિતાની જ્યોત ફરી એક વાર ભભૂકી અદૃશ્ય થઈ. દયારામના મૃત્યુ પછી ગુજરાતી જીવન અને સાહિત્યમાં અનેરો ફેરફાર થાય છે. અને ગુજરાતે કદી ન જોયેલું, ન અનુભવેલું, ચેતન ગુજરાતના માનસિક અને સામાજિક જીવનમાં સંચરે છે.

દરેક દેશમાં કવિતા પછી જ ગદ્યનો જન્મ થાય છે. ગુજરાતી ગદ્યનો જન્મ થયાને હજુ તો માંડ એક સદી વીતી છે. એટલે હજુ એ ઘડાતી દશામાં છે એમ કહીએ તો છેક ખોટું નથી. નર્મદ પહેલાં ગદ્યનું અસ્તિત્વ જ ન હતું એમ તો આપણે ન કહી શકીએ; કારણ જીવનના પ્રાથમિક, સામાન્ય વ્યવહાર પદ્ય દ્વારા નથી થતા. માણસો એકબીજાને સમજવા અર્થે જ ગદ્યનો ઉપયોગ કરતા. એમાં જીવનની જરૂરિયાતનો સ્થૂળ અંશ જ હતો. સાહિત્યને આવશ્યક એવું સૌંદર્ય કે સામર્થ્ય ન હતું. પ્રેમાનંદનાં કહેવાતાં નાટકો ગદ્યમાં લખાયલાં છે, પણ એ નાટકોના લેખક વિષે આપણને સબળ પુરાવા ન મળે ત્યાં સુધી એ પ્રેમાનંદનાં ન માનવાં એ જ વસ્તુસ્થિતિ ઉત્તમ લાગે છે. પ્રેમાનંદના સમયના ગદ્યમાંથી નીચે અવતરણ (૧) આપેલું છે; (૨) પ્રેમાનંદના નાટકમાંથી છે. જિજ્ઞાસુ વાચક એ બે વાંચીને જ પોતાનો અભિપ્રાય બાંધી શકશે.

(૧) પ્રાધાનિ પૂછું સ્વામી તુન્હે સી ચંતા છે ।। વલતુ રાનઈ કહું ।। પ્રાધાન મૂનેહું મોટી ચિંતા છે ।। જે સઘલા જ મૂર્ષ પુત્ર ।। જેહના પુત્ર મૂર્ષ હોચ્યિં તે પુરુષ વાંઝ્યા વારુ ।। પણ મૂર્ષ પુત્રથી તો એક અર્થ ના સરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વક્રવલ્લિ : [સખેદ] સખી નવમલ્લિ ! મને આ અવસરે આવાસાદિ કિંચિત્ માત્ર પણ સુખકર ભાસતાં નથી, તેમ મારા મનની સ્થિતિ પણ તોફાની સાગર મધ્યેની નૌકા જેવી થઈ રહે છે.

ગુજરાતી ગદ્યસાહિત્યની ખરી શરૂઆત દયારામના મૃત્યુ પછી થઈ. એમાં સમયની જરૂરિયાત જ કારણભૂત હતી એ તો નિઃસંદેહ છે, પણ એ જરૂરિયાતમાંથી ઉદ્ભવવાનો પ્રયત્ન કરી રહેલા ગદ્યને નીચેનાં કારણોએ બળ અને વેગ મળ્યાં. એ સર્વનું એ દૃષ્ટિએ સામયિક મહત્ત્વ છે.

(૧) ગુજરાતમાં ૧૯ મી સદીની શરૂઆતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ અને શિક્ષણસંસ્થાઓનો ધીમે ધીમે પ્રચાર અને વિકાસ થવા માંડ્યો.

(૨) ગુજરાતમાં મોટાં શહેરોમાં છાપખાનાં થયાં, એટલે પુસ્તકો છાપવાનું કામ સરળ અને સસ્તું થયું. તે સાથે સાહિત્યનો અને જ્ઞાનનો પ્રચાર પણ ઘણા મોટા પ્રમાણમાં અને ઓછા કાળમાં થવા માંડ્યો.

(૩) ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના એક અંગ્રેજ ગૃહસ્થ (સ્વ. એ. કે. ફોર્બ્સ) ની પ્રેરણાથી થઈ. આવી સંસ્થાની સ્થાપના ગુજરાતીઓની પોતાની ભાષા અને જીવનની વિશિષ્ટતાની ભાવના વિકસ્યા વગર ન થાય. ગુ. વ. સો. તરફથી એક પત્ર (બુદ્ધિપ્રકાશ) પ્રગટ થવા માંડ્યું અને સમયના બળતા પ્રશ્નો ગદ્યમાં ચર્ચાવા માંડ્યા.

(૪) ૧૮૫૮માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ. (અ) તે સાથે સંકાંઓ થયાં વીસરાઈ ગયેલી સંસ્કૃત ભાષાના સાહિત્યનો અભ્યાસ અને પ્રચાર વધ્યો. પરિણામે ગુજરાતી ભાષાને સૌંદર્ય અને સામર્થ્ય મળ્યાં અને શબ્દભંડોળ અનેકગણું વિશાળ થયું. (બ) યુરોપના અને ખાસ કરીને ઇંગ્લંડના સાહિત્યનો અભ્યાસ થવા માંડ્યો. પશ્ચિમની વિચારશ્રેણી સાંપડતાં લોકોને પોતાના દોષો સમજ્યા અને એ દોષો ટાળવા એક પ્રકારની જાગૃતિ આવી. લોકો સ્વતંત્રપણે વિચાર કરતાં શીખ્યા અને એ વિચારનું વહન કરવા યોગ્ય ભાષા ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવા લાગ્યા.

(૫) છેવટે, આવા પરિવર્તનના સમયમાં નર્મદ જેવા પ્રતિભાશાળી યુગપુરુષનો જન્મ થયો, જેણે સમયનાં આંદોલનો ઝીલ્યાં અને તેને પ્રબલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રૂઢ ભાષા દ્વારા વ્યક્ત કર્યાં. આમ નર્મદે ગુજરાતી સાહિત્યના **ઉદયકાળની** શરૂઆત "ડોલ ધણુધણાવી" કરી. એણે દરેક દિશામાં પાયા નાખ્યા, જેના પર ભવિષ્યની પ્રજાએ નવા સાહિત્યનું ચણતર કર્યું.

આમ જુદી જુદી રીતે, જુદાં જુદાં કારણોથી, ગુજરાતી સાહિત્યનો પ્રવાહ વિશાળ, ઊંડો અને વેગવાળો થયો. એમાં દેશપરદેશનાં અનેક નાનાંમોટાં વિચાર અને સંસ્કૃતિનાં વહેણ ભળ્યાં. અને ત્યાર પછી થોડા જ સમયમાં આપણે નવલકથા, નાટક અને ઊર્મિકાવ્યોનો ઉદ્‌ભવ અને વિકાસ થતો જોઈએ છીએ. થોડા જ કાળમાં આપણે ગોવર્ધનરામ અને નરસિંહરાવ જેવી વિભૂતિઓનો ઉદય જોઈએ છીએ. નાનાલાલ અને મુનશી જેવા સર્જકો ગુજરાતમાં જન્મે છે ને ગુજરાતની નવી ભાવના, નવા ચેતન અને નવા વિચારોને પોષે છે. આ બધાં જ વિદ્યાપીઠનાં બાળકો છે, અને એમને યુરોપીય સાહિત્યમાંથી પ્રેરણા અને બળ મળ્યાં છે. આ સાથે મહાત્મા ગાંધીજીનું નામ પણ મુકાવું જ જોઈએ. સાહિત્યના જગતમાં પણ ગાંધીજી એ વ્યક્તિ નહિ, સંસ્થા હતા. આજ સુધી વિશાળ થયેલી સાહિત્યની વિભાવના (Conception) એમની અસર નીચે વધારે વિસ્તાર પામી. સારી ભાષામાં લખાયેલું બધું જ સાહિત્ય લેખાવા માંડ્યું. આમ અર્વાચીન ગુજરાતમાં સરળતા અને વૈવિધ્ય, ઉદારતા અને વાસ્તવિકતા પોષાયાં. આમ આજનું ગુજરાત પશ્ચિમની અનિવાર્ય અસર તળે ઘડાય છે, જોકે તે પોતીકું વ્યક્તિત્વ સાચવી રહ્યું છે અને સાચવશે. આ સુખદ સંસ્કૃતિમિશ્રણને લીધે આજે ગુજરાતી સાહિત્ય બીજા ભારતીય સાહિત્યના સાથમાં ઊભું રહ્યું છે એમ કહીએ તો તેમાં અત્યુક્તિ નથી.

અર્વાચીન શબ્દનો અહીં રૂઢ અર્થમાં ઉપયોગ કર્યો નથી. અંગ્રેજી સાહિત્ય અને સંસ્કૃતિની અસર પછી તે અસર તળે ઉદ્‌ભવેલા સાહિત્યને અહીં **અર્વાચીન** સાહિત્ય કહેવામાં આવ્યું છે. આ અસર તળે હિંદના વતનીને પોતાની માનવ તરીકેની ખરી મહત્તાનું ભાન થયું; માણસે પોતાના વ્યક્તિત્વને ઓળખ્યું અને એ વ્યક્તિત્વને વિકસાવવા, સ્થાપવા એણે પ્રયત્ન કરવા માંડ્યા. સમષ્ટિ (સમાજ)ના જીવંત અંગ તરીકે સમાજના રીતરિવાજ વગેરે ઉપર ટીકા કરવાનો પોતાનો જન્મસિદ્ધ હક તેણે જાહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો. આ જાતની જાગૃતિ અંગ્રેજી શિક્ષણથી અને પરદેશીઓના સંપર્કથી આપણા જીવનમાં આવી. એ જાગૃતિ કયાંથી આવી એ ગૌણ પ્રશ્ન છે; આવી, અને તે પણ આટલી જલદી, એ જ પ્રધાન પ્રશ્ન છે.

જો ગદ્ય મુખ્યત્વે ઉપદેશનું અને કવિતા આનંદનું સાધન લેખાય તો ગદ્ય જ સમાજજીવનનું ખરું સૂચિપત્ર (index) છે. જો ઉપદેશ એ ગદ્યનો હેતુ લેખાય તો તેનો ઉદ્ભવ પ્રજાજીવનની જાગૃતિમાં જ હોઈ શકે. આમ અવપતિત પ્રજાજીવનની પુનર્ઘટનાની ધગશ ગદ્યના જન્મનું કારણ છે. નર્મદાશંકર વગેરેના ઉપદેશાત્મક નિબંધો ઉપરથી આપણે એટલું તો જાણી શકીએ છીએ કે, તે સમયમાં પ્રજાજીવન સામાજિક અને ધાર્મિક કુરૂઢિઓના ભાર તળે દબાઈ ગયેલું હતું.

વિશુદ્ધ અને સ્થાયી સાહિત્ય શાંતિકાળમાં વિકસે છે. ૧૯મી સદીની શરૂઆતમાં ગુજરાતમાં અશાંતિ હતી, પણ મરાઠાની તોપોની ગર્જનાઓ ધીમે ધીમે બંધ થઈ અને ૧૮૫૦ની આસપાસ ગુજરાતમાં રાજકીય શાંતિ સ્થપાઈ. પણ આ જ સમયે માનસિક અશાંતિનો જન્મ થયો અને એ માનસિક અશાંતિ સાહિત્યરૂપે આવિર્ભાવ પામી.

જૂની અને નવી વિદ્યાનાં જૂના અને નવા સંસ્કારનાં મંથનોમાંથી ઉત્પન્ન થયેલાં પ્રથમ બે રત્ન તે કવિ **નર્મદાશંકર** અને કવિ **દલપતરામ.** એ બન્નેના હૃદયમાં સમાજસુધારણાની ધગશ હતી. બન્નેના પંથ જુદા હતા, પણ ધ્યેય તો એક જ હતું. નર્મદને ક્રાંતિ વહાલી હતી, દલપતરામને શાંતિ. આ બન્નેનાં લખાણોમાંથી તે તરી આવે છે. બન્ને એકમેકના વિરોધી નહિ, પણ પૂરક હતા.

નર્મદ–દલપતના જમાનામાં રચાયેલું સાહિત્ય પ્રથમ કોટિનું તો નથી જ. સાહિત્યને આવશ્યક સૌંદર્ય અને સામર્થ્યની ઊણપ એમાં આપણને ડગલે ને પગલે લાગ્યા કરે છે. સાહિત્યની દૃષ્ટિ પણ તે સમયના લેખકોમાં જોઈએ તેવી ન હતી. સમયની જરૂરિયાતને લગભગ બધા જ લેખકોએ જોઈએ તે કરતાં વિશેષ મહત્ત્વ આપ્યું છે. પણ આપણે આ મૂલ્યકરણ કરતાં એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે તે સમય ગુજરાતી સાહિત્યના ઘડતરનો હતો; અને ઘડતરમાં સૌંદર્ય અને સામર્થ્ય છેવટે જ આવે છે. એટલે એ સાહિત્ય ઉચ્ચ કક્ષાનું ન હોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં એનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું વધારે છે. મકાનની ઉપરની રચના કરવા કરતાં એનો પાયો નાખવામાં જ વિશેષ શ્રમ અને સમયની જરૂર રહે છે. આ ભગીરથ કાર્ય નર્મદ અને એના સમકાલીનોએ કર્યું, અને જ્યાં સુધી ગુજરાતી ભાષા અને સાહિત્ય છે ત્યાં સુધી એમના તરફ ગુજરાત ઉપકારભરી દૃષ્ટિથી જોશે.

અત્યાર સુધી આપણે સમગ્ર સાહિત્યની વિચારણા કરી અને તેમ કરવું જરૂરનું હતું : કારણ તે સમયમાં માત્ર પદ્યસાહિત્ય જ હતું. પણ હવે પછીના જમાનામાં સાહિત્ય નવાંનવાં સ્વરૂપે વિકસે છે, એટલે સરળતા ખાતર આપણે સાહિત્યનાં જુદાં જુદાં અંગોની જુદી જુદી વિચારણા કરીએ તો આપણું કાર્ય વિશેષ સરળ થશે. અહીં એટલું કહી દેવું આવશ્યક છે કે, સાહિત્યનાં આ નવાં સ્વરૂપો પણ બહુધા યુરોપથી જ આપણે ત્યાં આવ્યાં છે અને એ જ અસર નીચે વિકસ્યાં છે.

આપણે અગાઉ જોઈ ગયા કે અત્યાર સુધી **કવિતા** એ ધર્મનું અંગ કે સાધન બની રહી હતી. નર્મદ-દલપતે કવિતા દ્વારા સામાજિક પ્રશ્નોની ચર્ચા કરવા માંડી અને આમ કવિતાનું ક્ષેત્ર કંઈક અંશે વિશાળ બનાવ્યું. તે ઉપરાંત એ બન્નેએ થોડાં પ્રકૃતિકાવ્યો પણ લખ્યાં છે. પણ એમાં પ્રકૃતિના સૌંદર્યનાં દર્શન કરાવવા કરતાં એમાંથી કાંઈક બોધ તારવી આપવાની વૃત્તિ વિશેષ પ્રબળ છે, એટલે એને આપણે શુદ્ધ કવિતાનું નામ ન આપી શકીએ. અલબત્ત, બન્નેનાં કાવ્યોમાં કયાંક કયાંક શુદ્ધ કવિતાના ચમકારા દેખાય છે. પણ એવા છૂટાછવાયા ચમકારાઓથી સમગ્ર કૃતિનું મૂલ્યકરણ એ જ ધોરણે ન થાય. એ બન્ને કવિઓના શિષ્યમંડળે પણ એમનાં અનુકરણ કરવાના પ્રયાસો કર્યા છે.

નર્મદ-દલપત પછી **દોલતરામ કૃપારામ** અને **મલબારી** આપણું ધ્યાન ખેંચે છે. તે જ અરસામાં **હરિલાલ હર્ષદરાય, મણિલાલ નભુભાઈ, બાલાશંકર** વગેરે કાવ્યપ્રવૃત્તિ કરતા. પણ એમાંથી ઘણાં ઓછાં કાવ્યોમાં કવિતાના સ્થાયી અંશો માલૂમ પડે છે. જોકે કોઈ કોઈ વાર શ્રમ લઈ જોઈ જતાં એમાંથી કોઈક રત્ન નજરે ચઢી જાય, પણ એવા છૂટાછવાયા યત્નોની સફળતા ઉપરથી એ લેખકની કવિતાને ઉચ્ચ પ્રકારની ન લેખી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૮૭થી ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરૂ થાય છે. એનાં મૂળ નર્મદ–દલપતના સમયમાં જ નખાયેલાં, એ આપણે અગાઉ જોઈ ગયા. સૃષ્ટિસૌન્દર્યની કવિતાની ગુજરાતમાં ખોટ હતી. તે શ્રી. **નરસિંહરાવ ભોળાનાથે** પૂરી પાડી. એમનાં કાવ્યો અંગ્રેજી રોમેંટિક શૈલીનાં છે. નરસિંહરાવે કરેલી શરૂઆતને એમના સમકાલીનો અને અનુગામીઓએ વધાવી લીધી અને ત્યાર પછી થોડા સમયમાં જ આપણે **કાંત, બળવંતરાય, નાનાલાલ, કલાપી, બોટાદકર, ખબરદાર, લલિત** વગેરે કવિઓનો ઉદય થતો જોઈ એ છીએ. તેમાંય નાનાલાલ અને બળવંતરાય નવીનતર લેખાય. નાનાલાલે છંદનાં બંધન ફેંકી દેવા પ્રયાસ કર્યો અને અપદ્યાગદ્ય શૈલીમાં લખવા માંડ્યું. પણ એ શૈલીને જન્મ્યે આજ અર્ધી સદી વીતી છતાં એનાં સફળ અનુકરણ થયાં નથી અને તે લોકપ્રિય પણ થઈ શકી નથી. આ ઉપરથી એ શૈલીની સફળતા–અફળતાનું માપ કાઢી શકાય. બળવંતરાયે કવિતાના સ્વરૂપ સાથે તેની વિષયવરણીમાં પણ ક્રાંતિ કરી છે. હાલમાં બળવંતરાયની શૈલીનાં અનેક સારાંનરસાં અનુકરણ થવા માંડ્યાં છે. એમાં સમયનો પણ હિસ્સો છે. ધીમે ધીમે આપણું દૃષ્ટિબિંદુ વિશેષ વાસ્તવિક થતું જાય છે અને એ સાથે કવિતામાં પણ એ વાસ્તવવાદ આવે એ દેખીતું છે. પણ કવિતાને વાસ્તવિક બનાવતાં ઘણી વાર વાસ્તવિકતાનો અતિરેક થાય છે અને આપણી સુરુચિનો ભંગ થાય તેવાં કાવ્યો રચાય છે. એની ઉપયોગિતા ને મૂલ્ય સામયિક હોય છે. એમાં ચાતુર્ય હોય છે, બહુધા કવિત્વ હોતું નથી. આજની કવિતાના ગુણદોષનું સાચું અને સ્થાયી મૂલ્યકરણ કરવું આજે શક્ય નથી. સમય જ એનો નિર્ણય કરી શકે.

નવીન યુગ
૧૮૮૭

૧૯૩૦ની રાજકીય જાગૃતિ પછી ગુજરાતી સાહિત્યમાં એક અનન્ય જુવાળ આવ્યો અને તેમાંયે ખાસ કરીને કવિતાસાહિત્યમાં એનાં વેગ અને પ્રમાણ વિશેષ ધ્યાન ખેંચે તેવાં છે. આ સમય દરમિયાન અનેક નાનામોટા કવિઓનો ઉદય થતો આપણે જોઈ એ છીએ. અનેક પ્રકારના નવા અખતરા જે આ સમયમાં થયા છે અને હજુ થયા કરે છે તે નોંધપાત્ર તો છે જ. આજના આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિઓમાં **સ્વ૦ મેઘાણી, ચંદ્રવદન, સ્નેહરશ્મિ, બેટાઈ, બાદરાયણ, પૂજાલાલ, મનસુખલાલ ઝવેરી, સુંદરમ્** અને **ઉમાશંકરે** મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

દલપતરામે પ્રથમ ગુજરાતી **નાટક** લખ્યું ('લક્ષ્મી નાટક', ઈ. સ. ૧૮૫૬) પણ હાલ તો તે વીસરાઈ ગયું છે. કવિ નર્મદે પણ થોડાં નાટકો લખ્યાં છે. એની પણ એ જ દશા થઈ છે. નવલરામે એ દિશામાં સફળ પ્રયાસ કર્યો અને આપણા નાટચસાહિત્યનો ત્યારથી ઉદય થયો. તે અરસામાં અને ત્યાર પછી આપણે ત્યાં સંસ્કૃત નાટકોના અનેક સારાનરસા અનુવાદ પણ થયેલા. એ અનુવાદકોમાં કેશવલાલ ધ્રુવ અને બળવંતરાય ઠાકોર આપણું ધ્યાન ખેંચે છે. આ અનુવાદો ઉપરાંત સંસ્કૃત નાટચઢબનાં નાટકો પણ આ કાળમાં ઘણાં રચાતાં. તેમાં રમણભાઈ નીલકંઠ રચિત 'રાઈનો પર્વત' સહેજે ઉત્તમ લેખાય. પણ સંસ્કૃત નાટચશૈલી ધીમે ધીમે ઓછી લોકપ્રિય થતી જાય છે એમ લાગે છે. હવે આપણે પશ્ચિમની નાટચકલાના સિદ્ધાંતો આપણા કરી લીધા લાગે છે, એટલે હવેનાં નાટકો બહુધા ગદ્યમાં જ રચાય છે. એમાં ક્રિયા (action) કરતાં પાત્રાલેખન અને સંવાદને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. આ જાતનાં નાટકો લખવાની ખરી શરૂઆત સ્વ. બટુભાઈ ઉમરવાડિયાએ કરી કહેવાય. જોકે છેવટનાં વર્ષોમાં એમની એ પ્રવૃત્તિ સદંતર બંધ થઈ ગઈ હતી એ ગુજરાતનું દુર્ભાગ્ય જ લેખાય. પણ હજુ ગુજરાતી નાટચસાહિત્યમાં જોઈએ તેટલું સામર્થ્ય નથી આવ્યું. એનું કારણ આપણી રંગભૂમિ અને જનસમુદાયનું વલણ હોવું જોઈએ. શ્રી. મુનશી અત્યારના નાટચકારોમાં અગ્રસ્થાને છે. એમનાં પૌરાણિક અને સામાજિક નાટકોની રચના કલાના ધોરણ પર જ થઈ છે. એટલે અંશે એ નાટકોનું આયુષ્ય લાંબું નીવડશે એ તો ચોક્કસ. આ પછીના લેખકોમાં શ્રી. ચંદ્રવદન મુખ્ય છે. એમનાં નાટકો રંગભૂમિ ઉપર વિશેષ સફળ થયાં છે. પણ એ નાટક ભજવી શકે અને માણી શકે એવા અભિનેતાઓ અને પ્રેક્ષકવર્ગ હજુ ગુજરાતે ઘડવાનો છે. નાટચસાહિત્યમાં શ્રી. ઉમાશંકર જોષી, શ્રી. યશવંત પંડ્યા, શ્રી. રમણ વકીલ, શ્રી. ઇન્દુલાલ ગાંધી અને શ્રી. ગોવિંદભાઈ અમીનનો ફાળો પણ ગણનાપાત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગાઉ આપણે ૧૮૮૭ના વર્ષના મહત્ત્વની વાત કરી. એ વર્ષમાં ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર ભાગ પહેલો' પ્રસિદ્ધ કર્યો, તે પહેલાં આપણે ત્યાં અલ્પ સંખ્યામાં **નવલકથા**ઓ લખાઈ હતી. પણ જેમ અગાઉ કહી ગયા તેમ એનું મહત્ત્વ સાહિત્યવિષયક કરતાં ઐતિહાસિક વિશેષ છે. 'કરણઘેલો' એ સાધારણ રીતે પહેલી ગુજરાતી નવલકથા લેખાય છે. સરસ્વતીચંદ્રમાં — પહેલા ભાગ સિવાય — નવલકથાના અંશો ઓછા છે. પણ ગોવર્ધનરામની સંભાવના મહાન છે. એમનાં પાત્રો વૈવિધ્ય અને ચેતનભર્યાં છે. એમનું સમાજજીવનનું ચિત્ર મનોહર નથી, પણ વાસ્તવિક છે. આવી મહાન કૃતિમાં મોટા અને ઘણા દોષો હોય તે સ્વાભાવિક છે. એક વાર આ કૃતિ સમસ્ત ગુજરાતમાં સર્વમાન્ય થઈ ચૂકી હતી અને હજુ પણ એનું નવલકથા તરીકેનું મહત્ત્વ ઘટવા છતાં એ અપ્રતિમ ગ્રંથ તરીકે લેખાય છે. સ્વ. ગોવર્ધનરામનાં અનેક અકળ અનુકરણો આ સદીના પહેલા બે દાયકામાં થયાં હતાં. તેમાં 'વિપિન' મુખ્ય છે. ગોવર્ધનરામ પછી સ્વ. ભોગીન્દ્રરાય દીવેટિયાએ આપણી નવલકથાને વેગ આપ્યો. એમણે કેટલાક અનુવાદો અને કેટલાક મૌલિક ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે. એકંદરે એમનું સર્જન સામાન્ય કક્ષાનું છે. એમનાં પાત્રોમાં જોઈતું ચેતન કે વસ્તુમાં વિશેષ મહત્તા નથી. શ્રી. મુનશી ગુજરાતના અગ્રણી નાટ્યકાર ઉપરાંત શ્રેષ્ઠ નવલકથાકાર છે. ગ્રંથોની સંખ્યા અને ગુણવત્તા બન્ને એમને એ પદે સ્થાપે છે. શ્રી. મુનશી પછી કેટલીક નવલકથાઓ લખાઈ છે. પણ લોકરુચિને સંતોષવાના અંશોનું તત્ત્વ એમાં વિશેષ છે. નવલકથા એ સાહિત્યનું લોકપ્રિય અંગ છે, એટલે ઉદરનિર્વાહાર્થે પણ એનું લેખન થાય. બીજું, નવલકથા લખવી સહેલી છે, જોકે સારી નવલકથા લખવી એ ઘણું કઠણ છે. આ બન્ને કારણોને લીધે નવલકથાની સંખ્યા ઘણી મોટી છે. પણ તેમાંથી કાળને જીતી જીવી શકે એવા નમૂના ઘણા ઓછા મળે. શ્રી. મુનશી પછી શ્રી. રમણલાલ દેસાઈએ નવલકથા લખવી શરૂ કરી. પણ રમણલાલના ઉદય અને વિકાસમાં એક પ્રકારનો કાલવ્યતિક્રમ (anachronism) લાગે છે. સાહિત્યના ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ શ્રી. રમણલાલ દેસાઈનું સ્થાન સ્વ. ગોવર્ધનરામ અને શ્રી. મુનશી એ બે સીમાચિહ્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે જોઈએ. આ ઉપરાંત ચૂનીલાલ વ. શાહ, ધૂમકેતુ, અચુભાઈ શુક્લ અને ઈશ્વર પેટલીકરનો ફાળો ગણનાપાત્ર છે. પન્નાલાલ પટેલે ગ્રામજીવનની વાસ્તવિક વસ્તુનું સચોટ અને રસમય આલેખન કરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ટૂંકી વાર્તા એ હાલના સાહિત્યનું અગત્યનું અંગ બની રહી છે. આ સાહિત્યની ખરી શરૂઆત આ સદીની શરૂઆતમાં જ થઈ છે. ટૂંકી વાર્તાઓ, ઉપર નવલકથા માટે કહ્યું એ જ કારણને લીધે, સંખ્યામાં વિશેષ લખાય છે. સામયિકો વાંચનાર સમુદાયની ભૂખ સંતોષવા આ સાહિત્ય બહુ મોટા પ્રમાણમાં સર્જાય છે. પણ સાહિત્યમીમાંસાની કસોટીએ વાર્તારૂપે ટકી શકે તેવી સંખ્યા પ્રમાણમાં અલ્પ છે. એકાંકી નાટક અને ટૂંકી વાર્તાના આયોજનના પાઠ હજુ ગુજરાત જોઈએ તેટલા પ્રમાણમાં શીખ્યું નથી. ધૂમકેતુ આપણા ટૂંકી વાર્તાકારોમાં અગ્ર સ્થાને છે. તે ઉપરાંત કનૈયાલાલ મુનશી, લીલાવતી મુનશી, રામનારાયણ પાઠક, મેઘાણી, ઝીણાભાઈ દેસાઈ, ઉમાશંકર જોષી, સુન્દરમ્, ગુલાબદાસ બ્રોકર, પન્નાલાલ, ઈશ્વર પેટલીકર અને ચૂનીલાલ મડિયા એ આપણા કેટલાક સફળ વાર્તાકારો છે.

ગુજરાતી **નિબંધ**ની શરૂઆત નર્મદથી થાય છે. તે સમયમાં પ્રજામાં જે આત્મસુધારણાની જાગૃતિ આવી તેમાંથી આ પ્રકારના સાહિત્યનો જન્મ થયો. પણ તે સમયના નિબંધોમાં વિવિધતાની ઊણપ આ કારણે જ આવી જાય છે. દોલતરામે થોડી નિબંધિકાઓ લખી છે. લગભગ બધા જ સાહિત્યકારોએ આ અંગને વિકસાવ્યું છે. પણ એમાં ખરું ચેતન રેડનાર તો ગાંધીજી જ લેખાય. એમણે 'નવજીવન' દ્વારા, પોતાના અનેક અનુયાયીઓના સહકાર વડે, નિબંધને અનેકગણું બળ આપ્યું. એમાં સ્વ. મહાદેવ દેસાઈ, કિશોરલાલ મશરૂવાળા અને કાકાસાહેબ કાલેલકરનો ફાળો અતિ મહત્ત્વનો છે. પણ હજુ આપણે ત્યાં **વિનોદપ્રધાન નિબંધિકા**નો વિકાસ જોઈએ તેટલો થયો નથી. અલબત્ત શ્રી. રામનારાયણ પાઠકે 'સ્વૈરવિહાર' દ્વારા અને શ્રી. જ્યોતીન્દ્ર દવેએ 'ગુપ્તાની નોંધપોથી' અને 'રંગતરંગ' દ્વારા નવો પ્રદેશ ખોલ્યો છે. આ ક્ષેત્રમાં શ્રી. વિજયરાયના અને ધનસુખલાલના કેટલાક લેખો અને સ્વ. દૂરકાળના નિબંધો પણ આપણું ધ્યાન ખેંચે તેવા છે.

સાહિત્યવિકાસનો એ તો નિયમ જ છે કે મહાન સાહિત્ય સર્જાયા પછી જ સમર્થ **વિવેચન**નું સર્જન શક્ય થાય. એ કાળ આપણે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ દૂર નથી. નવલરામ આપણા પ્રથમ વિવેચક લેખાય. રમણભાઈ એ પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાનાં તત્ત્વો લાવી ગુજરાતી વિવેચનસાહિત્યનો પ્રદેશ અનેકધા વિસ્તાર્યો. પણ ગુણદર્શી વિવેચનનું માન તો નરસિંહરાવને જ ઘટે છે. કૃતિના સૌંદર્યને પારખવામાં, ને દર્શાવવામાં એ અપૂર્વ સ્થાન ભોગવે છે. બળવંતરાય ઠાકોરનું વિવેચન પણ નવી ઢબનું છે. સાહિત્ય-મીમાંસાના એમના સિદ્ધાંતો સર્વગ્રાહી નથી, છતાં વિચારપ્રેરક અને સંગીન છે. આનંદશંકર ધ્રુવના વિવેચનમાં જૂના અને નવાનો સુંદર સુમેળ સધાતો આપણે જોઈ શકીએ છીએ. શ્રી. કૃષ્ણલાલ ઝવેરીએ ઐતિહાસિક વિવેચન અને સમાલોચનાને ઠીક ઠીક વિકસાવ્યાં છે. આ સહુમાં કેશવલાલ ધ્રુવ પ્રાચીન સાહિત્યમીમાંસાના ધોરણને વળગી રહ્યા હોવાથી એક રીતે વિશિષ્ટ પદ ભોગવે છે. રામનારાયણ પાઠકની વિવેચન-પદ્ધતિ વચલો માર્ગ સ્વીકારે છે. શ્રી વિશ્વનાથ ભટ્ટ અને પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ હાલના વિવેચકોમાં અગ્રણી પદ પ્રાપ્ત કર્યું છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસને લગતો એક મહત્ત્વનો ગ્રંથ પ્રગટ કરી મુનશીએ પણ પોતાની નિગૂઢ વિવેચનશક્તિની શક્યતા બતાવી છે. શ્રી. ઉમાશંકર જોષી, પ્રા. મનસુખલાલ ઝવેરી અને પ્રા. અનંતરાય રાવળ પાસેથી હજુ ગુજરાતને ભાવિમાં આ દિશામાં ઘણું મળશે એવું વર્તમાન સૂચવે છે.

આ ઉપરાંત જીવનચરિત્ર, આત્મકથા, નોંધપોથી, ઇતિહાસ, પત્રલેખન, સંવાદો એ સર્વમાં ગુજરાતે યથાશક્તિ સર્જન કર્યું છે. પણ એમાં તરી આવે એવા ગ્રંથો અને ગ્રંથકારોની સંખ્યા અતિ અલ્પ છે. આપણા વિકાસ પામતા જીવન અને દૃષ્ટિબિંદુ સાથે આ બધા સાહિત્યના અંગોપાંગના વિકાસની શક્યતા આશાસ્પદ દેખાય છે.

ગાંધીજીની અસર નીચે ૧૯૨૧ પછી ગુજરાત જાણે નવા જન્મે જન્મ્યું છે. રાજકીય પરતંત્રતાના ભાન સાથે માનસિક જાગૃતિ ગુજરાતના આંતર જીવનમાં આવી. સ્વદેશપ્રેમની ભાવના સાહિત્યમાં પ્રતિબિંબિત થવા માંડી. જીવનમાંનાં સરળતા અને સાદાઈ સાહિત્યમાં ઊતરવા માંડ્યાં. દલિત વર્ગોનું અસ્તિત્વ અને મહત્ત્વ જાહેર રીતે સ્વીકારાવા માંડ્યાં ને એમનાં દુઃખો ટાળવા પગલાં લેવાવા માંડ્યાં. ગુજરાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે હિંદનું જીવતું અંગ છે એ ભાન આવવા માંડ્યું છે અને છતાં ગુજરાત પોતાની વિશિષ્ટતા, એકત્રતા, અસ્મિતા જાળવી રાખવા પણ પૂરતો પ્રયત્ન કરતું દેખાય છે. આ સાથે ગુજરાતી સાહિત્યનો નવો યુગ બેઠો છે. તેનું સાહિત્ય સર્જનાવસ્થામાં છે એટલે તેનું ભાવિ સ્વરૂપ કેવું થશે તે માટે અત્યારથી તર્કવિતર્ક ન થઈ શકે. એ કામ ભવિષ્યનું છે. પણ ગુજરાત જાગ્રત થયું છે. નર્મદનું સ્વપ્ન ફળ્યું છે અને ગાંધીજીની આશાઓ પણ ફળશે ત્યારે આ યુગનો ઇતિહાસ નવા દૃષ્ટિબિંદુથી લખવો પડશે. હાલ તરત તો એટલું જ કહેવું પ્રાપ્ત થાય છે કે ગુજરાતે છેલ્લાં પચાસ વર્ષમાં અપૂર્વ પ્રગતિ સાધી છે અને એના સાહિત્યનું ભાવિ ઘણું ઉજ્જ્વલ છે.

આધુનિક પદ્ય અને ગદ્યનાં મુખ્ય લક્ષણો

પરિવર્તન પામતા પ્રજ્ઞામાનસની જીવનદૃષ્ટિ બદલાતાં, સાહિત્યમાં પ્રગટ થતા વિચારો અને ઊર્મિઓમાં તેમ જ સાહિત્યની આવિર્ભાવ રીતિ કે આલેખન શૈલીમાં પરિવર્તન થતું રહે છે. આથી યુગે યુગે રચાતા સાહિત્યમાં અમુક સામાન્ય અંશો અને લક્ષણો જોઈ શકાય છે.

ઉપર આપેલી રૂપરેખા ઉપરથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે દલપત–નર્મદના સમયથી (ઈ. સ. ૧૮૫૨થી) ગુજરાતી સાહિત્યમાં નવી દૃષ્ટિ પ્રવેશી છે અને તેની શૈલી પણ નવું રૂપ ધારણ કરે છે. અનેક સંજોગોને લીધે એ દૃષ્ટિ વિકાસ પામતી રહી છે અને હજુ પણ એ વિકાસક્રિયામાં ચાલુ છે. એની સાથે શૈલીનો પણ વિકાસ થઈ રહ્યો છે. આને પરિણામે આધુનિક ગુજરાતી સાહિત્ય વધુ ને વધુ વૈવિધ્યવાળું બનતું જાય છે. આપણા આ સર્જાતા સાહિત્યનાં મુખ્ય વલણો અને લક્ષણો આપણે ઓળખવાં જોઈએ.

પદ્ય

(૧) નરસિંહ મહેતાથી દયારામ સુધીના પ્રાચીન યુગમાં પદ્ય એ એક જ સાહિત્યસ્વરૂપ પ્રચલિત હતું, એમ કહીએ તો ચાલે. કોઈ પણ વિષયનું આલેખન પદ્યમાં થઈ શકે, એવી માન્યતા હતી. છતાં આ સાહિત્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્યત્વે ધર્મ અને તત્ત્વજ્ઞાનનું જ નિરૂપણ થયેલું છે. અખાએ પોતાના છપ્પાઓમાં ધર્મસુધારણાની ધગશથી સમાજ ઉપર પ્રહારો કર્યા છે. શામળ ભટે અદ્‌ભુત રસભરી પદ્યવાર્તાઓ વડે પોતાના ગ્રામ્યશ્રોતાજનોને મનોરંજનનો આનંદ પાયો છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાં પણ મનોરંજનનું તત્ત્વ સારા પ્રમાણમાં છે. તેમ છતાં કાવ્ય પ્રવૃત્તિનો હેતુ લોકોને ધર્મનો રંગ લગાડવાનો જ હતો. બીજા વિષયો માટે એનો ભાગ્યે જ ઉપયોગ થતો.

દલપત–નર્મદના સમયમાં (ઈ. સ. ૧૮૫૨ થી ઈ. સ. ૧૮૮૬) અંગ્રેજ પ્રજા અને તેના સાહિત્યના સંપર્કથી નવી આશા-આકાંક્ષાઓ જન્મી. શિક્ષણ-પ્રચારને લીધે સંસાર-સુધારાની હિમાયત થવા માંડી. દલપતરામ અને નર્મદાશંકરે કવિતાને ધર્મને બદલે 'સુધારા'ના પ્રચારનું સાધન બનાવી. એમ **અર્વાચીન યુગની શરૂઆતમાં કવિતા ધર્મક્ષેત્ર છોડીને સંસારક્ષેત્ર તરફ વળી.**

(૨) ઈ. સ. ૧૮૮૬માં નર્મદનું અવસાન થયું. ઈ. સ. ૧૮૮૭માં નરસિંહરાવ દીવેટિયાનું 'કુસુમમાળા' નામનું કાવ્યપુસ્તક પ્રકટ થયું. 'આપણા દેશની કવિતાની પદ્ધતિથી કંઈક જુદી પદ્ધતિની પાશ્ચાત્ય દેશની કવિતા કેવી લખાય છે', એનો પરિચય આપણને એ પુસ્તક દ્વારા થયો. ગુજરાતી કવિતા પરલક્ષી હતી. એનો હેતુ બીજાઓનું મનરંજન કરવાનો કે તેમને બોધ આપવાનો હતો. તેને બદલે અંગ્રેજ કવિઓની પેઠે, નરસિંહરાવે **સ્વલક્ષી કાવ્યો** રચ્યાં. એનો હેતુ નિજાનંદને વ્યક્ત કરવાનો હતો. ગુજરાતી કવિતામાં **પ્રકૃતિપ્રેમનાં કાવ્યો** જવલ્લે જ લખાતાં. અંગ્રેજી સાહિત્ય એવાં કાવ્યોથી સમૃદ્ધ છે. તેથી એ વિષયો નરસિંહરાવે ગુજરાતીમાં ખાસ અજમાવ્યા.

નરસિંહરાવની માફક અનેક ગુજરાતી યુવકો અંગ્રેજી શિક્ષણમાંથી અવનવી પ્રેરણાઓ મેળવતા હતા. એમણે પણ નવા પ્રકારનાં કાવ્યો રચવા માંડ્યાં. એમ ઈ. સ. ૧૮૮૭ થી ૧૯૨૦ સુધીના ગાળામાં અંગ્રેજી, સંસ્કૃત અને ફારસી સાહિત્યની અસરથી પ્રેરાયેલાં **વિવિધ પ્રકારનાં કાવ્યો** પ્રકટ થયાં. એ સર્વમાં પ્રધાનતઃ પ્રકૃતિપ્રેમ, સ્નેહ, આધ્યાત્મિકતા, ભાવનાવાદ, વગેરે વિષયોનું નિરૂપણ છે. નરસિંહરાવ, મણિશંકર (કાન્ત), બળવંતરાય, નાનાલાલ, કલાપી, વગેરે આ યુગના મુખ્ય પ્રતિનિધિઓ ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) **પદ્ય સ્વરૂપની દૃષ્ટિએ** જોઈએ તો પ્રાચીન કવિતામાં પદો, આખ્યાનો, રાસ, રાસા અને ગરબીઓ, એટલાં સ્વરૂપો મુખ્યત્વે પ્રચલિત હતાં. દલપત–નર્મદના જમાનામાં આ સ્વરૂપો મોટે ભાગે ચાલુ રહ્યાં. એ જમાનો પૂરો થતામાં ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, ગઝલ વગેરે પ્રકારો સફળ રીતે અજમાવાયા. પ્રાચીન કવિતામાં દેશીઓ, રાગો, ઢાળો, શાસ્ત્રીય રાગરાગિણીઓ અને માત્રામેળ છંદોનો ઉપયોગ થતો. અર્વાચીન કવિતામાં આ પ્રકારો ઉપરાંત સંસ્કૃત **અક્ષરમેળ વૃત્તો**નો ઉપયોગ થવા માંડ્યો અને એ વૃત્તોને જ પ્રધાન સ્થાન મળ્યું. તે સાથે જ જૂના રાગો ને ઢાળોનો નવા વિષયો માટે ઉપયોગ થવા માંડ્યો. છંદોનાં મિશ્રણોના અખતરા થયા. નાનાલાલે છંદનાં બંધનો તોડી અપદ્યાગદ્ય અજમાવ્યું. બળવંતરાયે પૃથ્વી છંદ મારફતે અંગ્રેજી 'બ્લેંકવર્સ' જેવી **અગેય કવિતા** રચવાના અખતરા આરંભ્યા.

(૪) ઈ. સ. ૧૯૨૦ માં ગાંધીજીની અસહકારની ચળવળ દેશવ્યાપી બની. (ઈ. સ. ૧૯૨૧ થી) ગાંધીયુગ બેઠો. ત્યારથી આજ સુધી ગુજરાતી સાહિત્ય ગાંધીજીએ પ્રકટાવેલા નવજીવનની અસરોથી ઘડાતું આવ્યું છે અને હજુ પણ એ ક્રિયા ચાલુ છે.

સંસારસુધારો, પ્રકૃતિપ્રેમ, આધ્યાત્મિકતા, ભાવનાવાદ, એ વિષયો સાથે દેશદાઝ, વતનપ્રેમ, પ્રણય, સ્વત્વ, સાહસ, શૌર્ય, સ્વાતંત્ર્ય, માનવતા વગેરે **વિવિધ વિષયો**નાં કાવ્યો સર્જવા લાગ્યાં. જૂની રૂઢિને અનુસરી દલપત–નર્મદના જમાનામાં કવિતાના બાહ્ય દેહ પર અલંકારો, છંદ્યાતુર્ય, પ્રાસમેળ, વર્ણરચના વગેરે તત્ત્વો પર વિશેષ ધ્યાન અપાતું. અંગ્રેજી સાહિત્યમીમાંસાના સિદ્ધાંતોનો પરિચય થતાં કાવ્યપરીક્ષાનાં ધોરણ અને મૂલ્યો બદલાયાં. કાવ્યના બાહ્ય આકાર કરતાં તેનો આત્મા સમૃદ્ધ હોવો જોઈએ, એવો આગ્રહ થવા લાગ્યો. **વિચારપ્રધાન કે અર્થપ્રધાન કવિતા** 'દ્વિજેત્તમ' લેખાવા લાગી. બળવંતરાય ઠાકોર આ વિચારસરણીના અગ્રણી હિમાયતી બન્યા. એમના દૃષ્ટાન્તે નવા કવિઓને કાવ્યસ્વરૂપ ઉપર અનેક **પ્રયોગો** કરવા પ્રેર્યા. છંદોભંગ, યતિભંગ, પ્રાસાનુપ્રાસની અવગણના, છંદોનાં સુભગ મિશ્રણ, અગેયતા, અર્થાનુસારી પદ્યરચના વગેરે લક્ષણો અજમાવાયાં અને તેની હિમાયત થવા લાગી. શ્રી. ચંદ્રવદન મહેતા, સુન્દરમ્ અને ઉમાશંકર જોષીનાં કાવ્યોમાં આ લક્ષણો સારા પ્રમાણમાં જોઈ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) **ગાંધીયુગમાં** સમાજવાદ અને સામ્યવાદ, રવીન્દ્રનાથ ટાગોરની કૃતિઓ અને અરવિંદ ઘોષનાં તત્ત્વજ્ઞાન, મરાઠી, બંગાળી, હિંદી, ઉર્દૂ વગેરે પરપ્રાંતીય સાહિત્ય — આ સર્વની અસરો પણ પ્રબળ રીતે ઝીલાવા લાગી. પ્રગતિવાદ અને વાસ્તવવાદના આદર્શોની હિમાયત થઈ. દીનજનો પ્રત્યે દયા ને સમભાવ, આત્મસમર્પણ અને આત્મસાક્ષાત્કારની ઝંખના, સામાન્ય વસ્તુઓ ને બનાવોનું નિરૂપણ, પ્રયોગશીલતા, નવતાપ્રેમ, સત્ય, અહિંસા, વીરપૂજા, વગેરે કાવ્યનાં **પ્રેરકબળો અને વિષયો** બન્યાં. આ ઉપરાંત સમકાલીન રાજકીય અને સામાજિક ઘટનાઓને કટાક્ષના વાઘા પહેરાવીને પ્રાચીન આખ્યાનો, લોકગીતો ને અખા ભગતના છપ્પાની શૈલીની કવિતાના ઘાટમાં ઉતારવાના પ્રયોગો પણ થઈ રહ્યા છે. અલબત્ત, એમાં ચિરંજીવ કાવ્યકલા જેવું બહુ ઓછું હોય છે. પણ એક નવતર પ્રયોગ લેખે એનો ઉલ્લેખ થવો જોઈએ.

(૬) પ્રાચીન કવિતા ધર્મપ્રચાર કરતી. તેને બદલે આર્વાચીન કવિતાએ સુધારાનો પ્રચાર આરંભ્યો. અને **આધુનિક કવિતા જીવનાભિમુખ** બની રહી છે. એને લીધે **વિષયવૈવિધ્ય** વધ્યું છે અને કાવ્યકલા વિકસી છે. તે સાથે એમાં દોષો પણ આવ્યા છે. આધુનિક કવિએ રૂઢિનાં બંધનો અને પ્રચલિત સુરુચિની ભાવના છોડ્યાં હોવાથી કોઈ વાર એ કાવ્યકલાના ગૌરવથી ચલિત થઈ સામાન્યતામાં સરી જાય છે; કોઈ વાર એની વાણી અસ્પષ્ટ કે દુર્બોધ બની જાય છે; કોઈ વાર એની સૌંદર્યભાવના વિકૃત કે વિપરીત બનતી દેખાય છે. આમ છતાં આધુનિક કવિતા એની **જીવનવ્યાપી દૃષ્ટિ** અને પ્રવૃત્તિ દ્વારા પ્રજાજીવનને ઘડનારું એક બળ બનતી જાય છે.

ગદ્ય

ગુજરાતી ગદ્યસાહિત્યની શરૂઆત નર્મદાશંકરથી થાય છે. નર્મદનું ગદ્ય સાદું, સરળ અને જુસ્સાવાળું હતું. નવલરામના ગદ્યમાં સરળતા સાથે પાંડિત્ય અને સંસ્કારિતાનો ઓપ આવ્યો. વિવેક, સંયમ અને એક પ્રકારની સૌંદર્યછટાથી એ ગદ્ય આજે પણ આસ્વાદ્ય લાગે છે. નવલરામ પછી થયેલા મનઃસુખરામે સંસ્કૃતમય ગુજરાતી લખવાનો આગ્રહ સેવ્યો. ત્યારથી **સાક્ષરયુગ** બેઠો. ગોવર્ધનરામ, મણિલાલ, નરસિંહરાવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણભાઈ, આનંદશંકર વગેરે તત્કાલીન લેખકો ઉપર એની ઓછીવત્તી અસર જણાય છે. સંસ્કૃત શબ્દોનો વધારેપડતો ઉપયોગ, સાક્ષરી આડંબર, લાંબાં લાંબાં વાકયો ને લાંબા લાંબા પરિચ્છેદો — એ સાક્ષરયુગના ગદ્યનાં મુખ્ય લક્ષણો. પણ તે સાથે જ દરેક લેખકને પોતાનાં વિશિષ્ટ લક્ષણો અને વ્યક્તિત્વ પણ હતાં.

ગાંધીજીએ 'નવજીવન' શરૂ કર્યું, ત્યારથી સાક્ષરયુગ પૂરો થઈ, **ગાંધીયુગ** કે આધુનિકયુગ શરૂ થયો. લોકોને સમજાય એવી ભાષા લખવાની ગાંધીજીએ હિમાયત કરી અને પોતે જ એનું દૃષ્ટાન્ત રજૂ કર્યું. એની અસર એટલી પ્રચંડ અને વ્યાપક છે કે અત્યારનું ગદ્ય એનું પરિણામ છે એમ કહી શકાય. જોકે સમકાલીન પરદેશી — અંગ્રેજી — તેમ જ પરપ્રાંતીય સાહિત્યોની અસર પણ કામ કરી રહી છે, એ ધ્યાનમાં લેવું જોઈએ. આ આધુનિક ગદ્યશૈલીનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય. અલબત્ત, એમાં અપવાદોને પુષ્કળ અવકાશ છે.

(૧) ઈ. સ. ૧૮૮૭થી ૧૯૨૦ સુધીના સાક્ષરયુગની સરખામણીમાં **પ્રવર્તમાન યુગની ગદ્યશૈલી સરળ, સરસ અને અકૃત્રિમ છે.**

(૨) આ શૈલી ઓછી સંસ્કૃતમય છતાં સવિશેષ **બલવાહી** છે, પ્રાણવાન અને ચેતનવંતી છે. તે નાના મોટા ગમે તે વિષયને અનુકૂળ થઈ શકે છે. ગયા યુગના સાક્ષરી આડંબરથી તે મુક્ત છે, તો તેના વાણીવૈભવથી કેટલેક અંશે વંચિત છે.

(૩) આધુનિક ગદ્યશૈલી સામાન્ય વાચકને વિશેષ અસરકારક રીતે સ્પર્શી શકે છે. વાચક એની સાથે વિશેષ તાદાત્મ્ય અનુભવે છે. તેથી તે સાક્ષરી શૈલી કરતાં વધુ **લોકભોગ્ય અને લોકપ્રિય** છે.

(૪) પ્રવર્તમાન શૈલી 'પુસ્તકિયા શૈલી' નથી, પણ આપણા વિકસતા જીવનમાંથી જન્મેલી છે. તેથી તે સાક્ષરોની પ્રવચનશૈલી જેવી ભારે ન લાગતાં, **વાર્તાલાપ જેવી પ્રિય, સાદી, સુવાચ્ય ને દંભ વગરની લાગે છે.** એ રીતે તે શિક્ષકની નહિ, પણ મિત્રની ગરજ સારે છે.

(૫) નાની, ઝીણવટભરી હકીકતોથી આ શૈલીના લેખકો જીવંત વાતાવરણ સર્જે છે, વિષયને તાદૃશ બનાવે છે, અને ધારી અસર ઉપજાવી પોતાનો હેતુ સાધે છે. આથી આ શૈલી **વાસ્તવિક અને લક્ષ્યવેધી** બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) આ શૈલીને અલંકારોના ભારથી લાદી દેવામાં આવતી નથી. જેટલા અલંકાર કુદરતી રીતે આવી જાય તેટલાનો જ એમાં ઉપયોગ થાય છે. પ્રયત્નપૂર્વક યોજેલા અલંકારોમાં નહિ, પણ **નૈસર્ગિકતામાં** ખરું સૌંદર્ય છે, એમ આ લેખકો માનતા જણાય છે.

(૭) આ શૈલીમાં સામાન્ય રીતે વ્યાકરણના નિયમોનું પાલન થાય છે. પણ વ્યાકરણનાં જડ બંધનોનું દમન એ સ્વીકારતી નથી. જ્યાં વ્યાકરણ સરળતા, સ્પષ્ટતા કે વિચારપ્રવાહને બાધકર્તા થાય ત્યાં તેને પડતું મૂકવામાં આવે છે. એટલે **આ શૈલીનું લક્ષ્ય શાસ્ત્રીયતા નહિ, પણ સુવાચ્યતા તરફ વિશેષ છે.**

(૮) આ શૈલી પરિચિત વિષયો ને વિચારો આલેખતી હોવાથી, વાંચવામાં **પ્રવાહી** લાગે છે. આથી પહેલાંના ગદ્યમાં આવતા ઉલ્લેખો સમજવા માટે ટિપ્પણોની જેવી જરૂર પડતી તેવી આ શૈલી સમજવા માટે ભાગ્યેજ જરૂર પડે છે.

(૯) આ શૈલીમાં લેખક વાચકની ભૂમિકાએ ઊતરી વિષયનિરૂપણ કરે છે. એને લીધે વાચકને એ નિરૂપણ રોચક લાગે છે. પરંતુ આવી લોકભોગ્ય શૈલીમાં સંક્ષિપ્તતા અને અર્થઘનતા લાવી શકાતાં નથી. તેથી એમાં કોઈ વાર **સામાન્યતા અને શિથિલતાના દોષો** આવે છે.

(૧૦) એ જ રીતે આ શૈલીમાં **પ્રાકૃત અંશો** પણ આવી જાય છે. જે શબ્દો, વાક્યો ને વિચારોમાં ગયા યુગના લેખકોને સુરુચિ કે શિષ્ટતાનો ભંગ થતો લાગે, તેવા શબ્દો, વાક્યો ને વિચારો આધુનિક યુગમાં વપરાય છે. જીવન અને સાહિત્યનાં મૂલ્યોનું આપણું દૃષ્ટિબિન્દુ બદલાયું છે, તેથી કેટલેક અંશે આમ બને છે. પ્રાંતીય બોલીઓ અને વાતચીતના શબ્દપ્રયોગો વાપરવાની છૂટ લેવાય છે, તે પણ આ પલટાયેલા દૃષ્ટિબિન્દુને આભારી છે. શિષ્ટ જનને માટે નહિ, પણ પૃથક્‌જનને માટે, સામાન્ય જનતાને માટે, સાહિત્ય રચવાની હિમાયત સ્વીકારીએ એટલે પૃથક્‌જનનાં લક્ષણો સાહિત્યમાં પણ આવે જ. એમ છતાં આધુનિક ગદ્ય પૃથક્‌જનને શિષ્ટ બનાવનાર એક મહાન સાધન બની રહ્યું છે.

રમણ વકીલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્યવિભાગ—પ્રાચીન યુગ

નરસિંહ મહેતા

[ઈ. સ. ૧૪૧૫ (?) ૧૪૮૧ (?)]

[ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાનો જન્મ જૂનાગઢના નાગર કુટુંબમાં થયો હતો. માતાપિતા નાનપણમાં મરી ગયેલાં હોવાથી બાળક નરસિંહ પોતાના

પિત્રાઈ ભાઈને ત્યાં રહેતા હતા. સત્તર વર્ષની ઉંમરે મહેતાનું લગ્ન માણેકબાઈ સાથે થયું. સાંસારિક વ્યવહાર તરફ ઉદાસીન મહેતાએ ભાભીના મહેણાથી ઘર છોડ્યું અને શિવને આરાધી વૈકુંઠની રાસલીલાનું દર્શન માગી લીધું એમ કહેવાય છે. નરસિંહ મહેતાના હૃદયમાં કૃષ્ણભક્તિના અંકુર ફૂટ્યા ને તે ફાલીને પ્રેમભક્તિનું મોટું વૃક્ષ થયું. મહેતાને કુંવરબાઈ અને શામળદાસ નામે બે સંતાન હતાં. કુંવરબાઈને સાસરે વળાવી; પુત્ર લગ્ન પછી થોડે સમયે દેવલોક પામ્યો; અને માણેક મહેતી પણ ગુજરી ગયાં. સંસારથી અનાસક્ત મહેતાએ ગાયું છે:

"ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ."

મહાપુરુષના જીવનમાં ઘણી વાર ચમત્કાર આરોપવામાં આવે છે. મહેતાને પ્રભુ પ્રત્યક્ષ હતા, ને એમના પુત્ર શામળદાસના વિવાહ વખતે, કુંવરબાઈના સીમંત પ્રસંગે મામેરામાં, હારમાળાના પ્રસંગે ને એમના પિતાના શ્રાદ્ધના પ્રસંગે શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં હતાં, તેમ જ એમની હૂંડી શ્રીભગવાને જાતે સ્વીકારી હતી, એવી લોકવાર્તા છે. મહાકવિ પ્રેમાનંદે આ ચારે પ્રસંગોનું રસિક વર્ણન કર્યું છે.

મહેતા સૌને સમાન દૃષ્ટિથી જોતા. એમણે સ્પૃશ્ય–અસ્પૃશ્યનો ભેદ ટાળ્યો હતો અને 'ઢેડ વરણમાં દૃઢ હરિભક્તિ' દેખી ઢેડ હરિજનોને ત્યાં પણ તે ભજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા જતા. આથી 'દોહ્યલી નાગર ન્યાત' તરફથી એમની ઘણી પજવણી થઈ હતી, પરંતુ 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન' એમ માનનાર મહેતાએ અનેક પ્રકારની કનડગત સહી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું હતું. 'ઘણા ધરનો જે હોય પરોણો તેનું મન સ્થિર ન હોય રે' એમ ગાનાર મહેતા એક જ ઈશ્વરમાં માનતા હતા. દરેક સાચા ભક્તની પેઠે મહેતાને ભક્તિનો બાહ્ય આડંબર ગમતો નહિ.

'મહેતાની કવિતામાં ભક્તિ સર્વત્ર વ્યાપ્ત છે.' એમણે શૃંગાર અને જ્ઞાનનાં કાવ્યો પણ લખ્યાં છે. કૃષ્ણરાધાના જીવનના અનેક પ્રસંગો કલ્પી મહેતાએ કાવ્યોમાં ગૂંથ્યા છે. પ્રભાતિયાં તો નરસિંહ મહેતાનાં જ એમ હજુ પણ કહેવાય છે. એમની ભાષા એકંદરે સાદી અને સરળ છે, પરંતુ જ્ઞાનનાં પદોમાં ગંભીર અને સંસ્કૃતમય છે. મહેતા સંસ્કારી કવિ હતા અને એમનું ધર્મજ્ઞાન ઊંડું હતું. એમનાં કાવ્યોની મૂળ ભાષા કેવી હશે તે ચોક્કસપણે ન કહી શકાય; પણ અત્યારે જે ભાષા આપણે જોઈએ છીએ તે મૂળ મહેતાની ન હોઈ શકે. એમનાં પદો લખાયેલાં નહિ, પણ લોકમુખે ઊતરી આવેલાં હોવાથી સમય પ્રમાણે એમાં ઘણા ફેરફાર થયા હોય એ દેખીતું છે. મહેતાનાં કહેવાતાં ઘણાં કાવ્યો પ્રેમાનંદે ને દયારામે સુધારેલાં. અને કેટલાંક બીજાએ લખી એમના નામથી પ્રચલિત કરેલાં, એમ ઘણા સાક્ષરો માને છે.

નીચેનાં પદોમાં સમાયેલું તત્ત્વજ્ઞાન નરસિંહનું પોતીકું નથી. પણ હિંદુઓના ધાર્મિક ગ્રંથો અને જીવનમાંથી તારવી એમણે આ પદો દ્વારા તે ગુજરાતને પાયું છે. આવું તત્ત્વજ્ઞાન વહન કરનારી ભાષાને સ્થાયી સ્વરૂપ આપવું ને સમન્વય તે રીતે વ્યક્ત કરવું, એ કાર્ય તે જમાનાનો વિચાર કરતાં કઠિન હતું. બોધના ભારથી કયાંય પણ આપણને ભાષા દબાઈ ગયેલી લાગતી નથી. કારણ આ જ્ઞાન કવિના જીવન સાથે એવું વણાઈ ગયું હોવું જોઈએ કે વિના પ્રયત્ન તે તેના કવનમાં વહ્યું છે, અને એ ઊર્મિના આવેગને લીધે જ આ પદોમાં આપણે નૈસર્ગિક સરળતા અને મીઠાશ અનુભવી શકીએ છીએ. કવિએ વાપરેલા અલંકારો પણ સાદા અને સામાન્ય છે, છતાં કાવ્યના ધ્વન્યર્થમાં તે અજબ વધારો કરે છે. પદ ૪માં કંઈક અંશે નરસિંહના નવા ભક્તિમાર્ગનું આપણને દર્શન થાય છે. આ પદની શબ્દરચના અને પદલાલિત્ય આપણને કવિ દયારામનાં મધુર પદોનું સ્મરણ કરાવે તેવાં છે.]

(૧) એક તું શ્રીહરિ

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંત તો હેમનું હેમ હોયે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. ૮

(૨) જે ગમે જગદીશને

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો.
હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોક જાણે.
નીપજે નરથી કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટે આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે.
ઋતુ, લતા, પત્ર, ફળ, ફૂલ, આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પ્હોંચે.
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન, કર્મ, વચનથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે. ૧૦
સુખ સંસારી મિથ્યા કરી માનજો, શ્રીકૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિજન્મ હરિને જ જાચું.

(૩) પ્રભુને કાં વિસારો?

હરિ તણું હેત તને કયમ ગયું વીસરી, પશુ રે ફેડીને નરરૂપ કીધું;
હાડ ને છેડ કરી સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું.
ઘાંચીનું ગાળિયું કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડ્યા;
તે તણા ચરણને નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણપાડના હાથ જોડ્યા.
પગ ઠોકી કરી માગતો મૂઢમતિ, ઘાસપાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદ ગુણ ગાઈને નાચતાં, લાજ આવે તને કર્મહીણા.
લાંબીશી ડોક ને કાંકોલ ચાવતો, ઊંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જમે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીઠ અંબાડીને અંકુશ માર સહી, રેણુ ઉરાડતો ધરણી હેઠો;
આજ ચૂવા ચંદન, આભરણ અંગ ધરી, વેગે જાય તું વ્હેલ બેઠો. ૧૦
અન્ન તે વસ્ત્ર ને ભૂષણ સર્વ જે તેહનો તુજને હતો ઉધારો;
નરસૈંયાના સ્વામીએ સર્વ સારું કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો ?

(૪) મેહુલો ગાજે

મેહુલો ગાજે ને માધવ નાચે રુમઝુમ વાગે પાય ઘૂઘરડી રે;
તાલ પખાજ વજાડે રે ગોપી, કૃષ્ણ વજાડે વેણુ વાંસલડી રે.—મેહુલો૦
પહેરણ, ચરણા ને ચીર ચૂંદલડી, ઓઢણ આછી લોમલડી રે;
દાદુર, મોર, બપૈયા રે બોલે, મધુરીશી બોલે કોયલડી રે.—મેહુલો૦
ધન વંસીવટ, ધન જમનાતટ, ધન વૃન્દાવનમાં અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલ્લાર રે.—મેહુલો૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) **જૂજવે**–જુદે જુદે. **શૂન્યમાં...વાસે**–શૂન્યમાંથી શબ્દસ્વરૂપે ઉત્પન્ન થઈ તું (પ્રભુ) વેદમાં વસે છે. વેદ અપૌરુષેય (માનવરચિત નહિ) મનાય છે. **વૃક્ષ થઈ...આકાશે**–જેમ આકાશમાં વૃક્ષો વધીને ફૂલે ફાલે છે તેમ તું સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપેલો છે. **શિવ...આશે**–એ આશાએ તું પરમાત્મામાંથી જીવાત્મા બન્યો. **સાખ**–સાક્ષી. **પટંતરો**–જુદાં જુદાં પટો.

(૨) **ખરખરો**–શોક. **ઊગરે**–બચે, બાકી રહે. **ઉદ્વેગ**–શોક. **શકટ**–ગાડું. **રાય...દાખે**–છત્ર અને ધન્ન એ જુદી જુદી કોટિનો ધનિકો પોતાના ઘર ઉપર રાખતા. બધા ઘર ઉપર આવાં છત્ર રાખી શકે તો રાન્ક અને રંકનો ભેદ ન રહે. **પ્રતિજન્મ**–દરેક જન્મે.

(૩) **હાડ ને છેડ**–બંને હાંકી કાઢવા માટે વપરાતાં તિરસ્કારયુક્ત વચનો છે. **વધારીને**–પશુકોટિમાંથી માનવકોટિમાં મૂકીને. **ઘાંચીનું...છોડાવ્યા**–ઘાંચીની ઘાણીના બળદના અવતારરૂપે તું હતો. તેમાંથી પ્રભુએ તને છોડાવ્યો. **કૃતઘ્ની**–ગુણચોર (એથી ઊલટું કૃતજ્ઞી). **કાંકોલ**–કાંટાવાળી વનસ્પતિ. **વ્હેલ**–રથ. **ઉધારો**–ખોટ, ઊણપ.

(૪) **તાલ**–કરતાળ. **પખાજ**–મૃદંગ. **પહેરણ**–પહેરવાનાં વસ્ત્ર. **ચરણા**–ચણિયા. **ચીર**–રેશમી વસ્ત્ર–તેની ચૂંદડી. **ઓઢણ**–ઓઢવાનાં વસ્ત્ર. **લોમલડી**–લોમડી, કામળો. **દાદુર**–દેડકો. **વંસીવટ**–બંસીવટ, જે વડની નીચે કૃષ્ણ વાંસળી વગાડતા હતા તે વડ (?). **મલ્લાર**–એક રાગ, જે ગાવાથી વરસાદ પડે છે એમ મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. શ્રીહરિ એક હોવા છતાં જુદે જુદે સ્વરૂપે દેખાય છે, એ સંબંધી નરસિંહ મહેતા જે વિચારો દર્શાવે છે તે તમારા શબ્દોમાં લખો. (પદ ૧)
૨. નરસિંહ મહેતા જન્મપ્રતિજન્મ શાની માગણી કરે છે? શા માટે? (પદ ૨)
૩. ગોવિંદના ગુણ ગાવાનું વીસરી જનારને કવિ શો બોધ આપે છે? પોતે જે સાચો માર્ગ ચીંધે છે તેના સમર્થનમાં કવિ શી શી દલીલો રજૂ કરે છે? (પદ ૩)
૪. નરસિંહ મહેતાએ 'મલ્લાર' ગાયો તેનું શું પરિણામ આવ્યું? (પદ ૪)
૫. "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ" આ કથન ઉપરથી ભક્ત કવિ નરસિંહ મહેતાના જીવનનું ધ્યેય સમજાવો.
૬. નરસિંહ મહેતાનાં પદોમાંથી ઈશ્વર, સંસારી સુખ, અને જીવનની અસારતા માટે તમને જે જણવા મળ્યું હોય તે તમારા શબ્દોમાં લખો.
૭. નીચેના શબ્દપ્રયોગો સમજાવો:—શ્રુતિસ્મૃતિ, જીવ અને શિવ, ખરખરો, શકટ, ગાળિયું, ઉધારો, પખાજ, ચરણાં, લોમલડી, મલ્લાર રાગ.
૮. પહેલા અને ત્રીજા પદનો મધ્યવર્તી વિચાર ટૂંકમાં લખો.
૯. ચોથા પદમાંથી આદ્યાનુપ્રાસ, મધ્યાનુપ્રાસ અને અન્ત્યાનુપ્રાસનાં બે બે ઉદાહરણો આપો.

કર્મણ મંત્રી

['પ્રસ્તુત સીતાહરણ કિંવા રામકથાનો કર્તા કર્મણ છે. તે પોતાના નામને 'મંત્રી' ઉપપદ લગાડે છે; તે ઉપરથી એ કોઈ રાજા, કે ડાકોરનો કારભારી હશે, એમ સમજાય છે. સાહિત્યની સૃષ્ટિમાં કર્મણ સામાન્ય કથાકાર તરીકે ઓળખાશે.' શ્રી કેશવલાલ હ. ધ્રુવે 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય'માં કર્મણ માટે આ હકીકત આપી છે. એથી વિશેષ એના જીવન કે સમય માટે જણવામાં આવ્યું નથી. શ્રી. કે. હ. ધ્રુવને સીતાહરણની હાથપ્રત અમદાવાદમાં શુક્લવારની ગુજરીમાંથી મળી આવી હતી. એમના અભિપ્રાય પ્રમાણે તે ઈ. સ. ના પંદરમા શતકના ત્રીજા કે ચોથા ચરણમાં થયો અને કહાનડદે પ્રબંધના કર્તા પદ્મનાભનો સમકાલીન હશે.

આ કવિ કરતાં નરસિંહ મહેતા પ્રાચીન છે. છતાં નરસિંહ વગેરેની ભાષા આપણને વધારે અર્વાચીન લાગે છે. એને માટે એક જ ખુલાસો પૂરતો છે: નરસિંહનાં કાવ્યો લોકમુખે ઊતરી આવેલાં હોવાથી એમાં સમયાનુસાર ફેરફાર થયા છે, પણ 'સીતાહરણ'ની સં. ૧૬૦૫ માં લખાયેલી પ્રત આપણને મળી છે, એટલે એની ભાષા મૂળ સ્વરૂપમાં રહી શકી છે.

જૂની ગુજરાતી ભાષાના નમૂના તરીકે જ 'સીતાહરણ'માંથી થોડી પંક્તિઓ લીધી છે. જિજ્ઞાસુને ભાલણકૃત કાદંબરી વધુ માર્ગસૂચક નીવડશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતાહરણ

પવાડું

વેગિ કરી બે બાંધવ આવ્યા મઢી બારિ તિહાં રહિયાં;
"સીત ન દેખીઈ! સુણિ હો લક્ષ્મણ! સૂપનખા છેતરિયા!"
જાણીઉં, 'હાંસૂં કરિઉં જનકી,' હામ સર્વે ઢુંણુઢુલિયાં;
'ગયું સીત દાણુવ કો લેઈ' ધરણિ રામ તિહાં ઢલિયા.
દશરથનંદન રાય અયોધ્યા ધરણિ પડિ આલેટઈ.
માતઙ્ગનઈ ઘરિ નીર જ આણિઉં હરિચંદ્ર, કર્મ ન છૂટઈ.
રામ રોઈ, લક્ષ્મણ ઘૂઝવઈ; ગહિલા રામ મ રોઈ;
ગઈ સીત આપણિ વાલિસ્યૂં, લીસોટૂં મુખ ધોઈ.
રોયંતા નવિ છૂટું રાઘવ! જં પડઈ તં સહીઈ;
કહિનઈ દોસ મ દેસ્યુ સ્વામી! કર્મ આપણાં કહીઈ. ૧૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

બારિ–બહાર. **ન દેખીઈ**–દેખાતી નથી. **સૂપનખા**–એક રાક્ષસી. જેનાં નાક કાન લક્ષ્મણે કાપી નાખેલાં તે–શૂર્પણખા (સૂપડાં જેવા કાન છે જેના તે). **હાંસૂં કરિઉં**–મશ્કરી કરી. **ઢુંણુઢુલિયાં**–ઢૂંઢ્યાં, શોધ્યાં. **આલેટઈ**–આળોટે. **માતંગનઈ ઘરિ**–ચાંડાલને ઘેર. **કર્મ ન છુટઈ**–કરેલાં કર્મ છૂટતાં નથી. **ઘૂઝવઈ**–શાંત પાડે. **ગહિલા**–ઘેલા. **વાલિસ્યૂં**–પાછી લાવીશું. **લીસોટૂં**–લૂછી નાખો. **નવિ છુટૂં**–નહિ છૂટો. **જં પડઈ તં સહીઈ**–જે પડે તે સહેવું. **કહિનઈ ... કહીઈ**–કોઈને દોષ ન દેશો સ્વામિ! કર્મ આપણાં કહીએ.

૧. સીતાહરણના પ્રસંગ દ્વારા કવિ શો ઉપદેશ આપે છે?
૨. આ કાવ્યમાંથી ગમે તે બે પંક્તિઓ મૂળ સ્વરૂપમાં—પ્રાચીન ગુજરાતીમાં ટાંકો, અને તે જ પંક્તિઓ અર્વાચીન ગુજરાતીમાં લખી બતાવો.
૩. આ કાવ્યમાંથી અપરિચિત શબ્દો ટાંકો, અને તેનું અર્વાચીન રૂપ દર્શાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંબાઈ

[ઈ. સ. ૧૫૦૫ (?) ૧૫૭૦ (?)]



[મીરાંનો જન્મ જોધપુરમાં સોળમા સૈકાની શરૂઆતમાં થયો મનાય છે. રાવ દૂદાજી એમના દાદા અને રત્નસિંહ પિતા થાય. જયમલ્લ રાઠોડ, જેણે અકબર સામે યુદ્ધમાં અડગ શૌર્ય બતાવ્યું હતું, તે એમના પિત્રાઈ ભાઈ હતા. આ બન્ને બાળકો રાવ દૂદાજીના હાથ નીચે ઊછર્યાં હતાં, એટલે બન્નેમાં વૈષ્ણવસંસ્કાર અતિ દૃઢ થયા હતા. મીરાંનાં લગ્ન રાણા સંગના યુવરાજ ભોજરાજ સાથે થયાં હતાં. લગ્ન પછી ટૂંક સમયમાં જ મીરાં વિધવા થયાં હતાં એમ એમનાં પદો ઉપરથી અનુમાન થાય છે. રાણા સંગના મૃત્યુ પછી મીરાંનો દિયર વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો, અને એણે કૃષ્ણઘેલી મીરાંને અનેક પ્રકારે દુઃખ દીધું. કેટલાંક પદોમાં જે રાણાનો ઉલ્લેખ કરવામાં આવે છે તે વિક્રમાદિત્ય હશે એમ લાગે છે. 'બાળવયથી કૃષ્ણને વરેલી મીરાં શિવમાર્ગી સાસરે સમાઈ નહિ અને દ્વારકામાં જઈ કૃષ્ણભક્તિમાં ને સત્સંગમાં પોતાનો કાળ ગાળવા લાગી. ઝેરનો પ્યાલો મીરાં હરિચરણામૃત કરી પી ગયાં હતાં એમ લોકમાં મનાય છે.'

કુંવરબાઈના મામેરાનો પ્રસંગ મીરાંએ કાવ્યમાં (હિંદી) ઉતાર્યો મનાય છે; અકબર બાદશાહે મીરાંની ભક્તિની કસોટી કરી હતી એવી પણ લોકવાયકા છે. આ હકીકત સાચી મનાય તો મીરાંને ઈ. સ. ના સોળમા સૈકામાં જ મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય. છેલ્લા ઐતિહાસિક પુરાવા પણ આ મતનું સમર્થન કરે છે. આ માન્યતા પ્રમાણે મીરાં ચિતોડના મહારાણા પ્રતાપનાં કાકી થાય. એમને ઉત્તરાવસ્થામાં પ્રતાપના પિતા ઉદયસિંહે ચિતોડ બોલાવી રાખ્યાં હતાં એમ પણ મનાય છે.

મીરાંએ હિંદીમાં અનેક પદો રચેલાં છે. હિંદી સાહિત્યમાં પણ કવિઓની પંક્તિમાં મીરાંબાઈનું નામ ઊંચા વર્ગમાં મુકાય છે. મીરાં જન્મે ગુજરાતી ન હતાં, એટલે એમનાં ગુજરાતી પદોમાં હિંદી ભાષાની અસર સ્પષ્ટ જણાય એ સ્વાભાવિક છે. એમનાં પદો સાદાં અને ટૂંકાં છે. ભાષા સરળ પણ વેગવતી છે. પદે પદે સ્ત્રીહૃદયની સ્વાભાવિક કોમળતા અને મધુરતા છે. નરસિંહ મહેતા જેવું તત્ત્વજ્ઞાન કે ભક્તિરહસ્ય એમાં નથી, પણ ભગવાન માટે ઝંખતા ભક્તહૃદયનું અગાધ દર્દ એમાં છે. મીરાંનાં પદ હજુ પણ ઠેર ઠેર ગવાય છે. અત્યારે મીરાંને નામે ચાલતાં પદોમાં—લોકમુખે ઊતરી આવતા બીજા સાહિત્ય માફક—વિકાર થયો છે એ નિર્વિવાદ છે; પણ કેટલાંક કાવ્યો કોઈએ લખી મીરાં પ્રત્યેની ભક્તિના કે બીજા કોઈ કારણે મીરાંને નામે ચડાવ્યાં હોય એ પણ અતિ સંભવિત છે.

'જૂનું દેવળ' એ પદમાં શરીરને દેવળ અને આત્માને હંસ કલ્પવામાં આવ્યાં છે. 'મોટી મિરાત' એ પદમાં સ્ત્રીહૃદયના સ્વાભાવિક ભાવમાં ભક્તિનું કેવી કુશળ રીતે આરોપણ થયું છે! એ કુશળતામાં ચમકના ઉપયોગથી ઘણો વધારો થાય છે. આવા સ્ત્રીજીવનના સાદા વિષયમાં ભક્તિનું આરોપણ કરી મીરાંએ ઘણાં પદો રચ્યાં છે.]

(૧) જૂનું દેવળ

જૂનું તો થયું રે દેવળ જૂનું રે થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું. (ટેક)
આ રે કાયા હંસા! ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત માથલું રેખું તો રહ્યું—મારો૦
તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ પિંજર પડી રે રહ્યું—મારો૦
બાઈ મીરાંકે પ્રભુ ગિરિધર નાગર,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં—મારો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) મોટી મિરાત

મુજ અબળાને મોટી મિરાત આઈ, શામળો ધરેણું મારે સાચું રે. — (ટેક)
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે;
ચિત્ત માળા, ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે. — મુજ૦

ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વીછુવાવૂંઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે. — મુજ૦

પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ધરેણું મારું ઘાલું રે. — મુજ૦

સાસરવાસો સજ્જને બેહી, હવે નથી કાંઈ કાચું રે;
મીરાંબાઈ કે પ્રભુ ગિરિધર નાગર, હરિને ચરણે જાચું રે. — મુજ૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) **રેખું** – પેઢાં; દાંત પડી ગયાનાં ચિહ્ન. **દેવળ** – શરીર, બોળિયું. **હંસ** – જીવ, આત્મા.

(૨) **મિરાત** – સમૃદ્ધિ, દોલત [મીર (ફા.) નું ભાવવાચક નામ]. **ચિત્ત** – અંતરાત્મા (?). **કાંબી** – પગે પહેરવાનું ઘરેણું. **વીછુવા** – પગને અંગૂઠે પહેરવાનું ઘરેણું. **અણવટ** – પગના અંગૂઠાનું ઘરેણું.

૧. દેવળનું રૂપક સમજાવો. શા માટે કવિ તેને જૂનું કહે છે?
૨. નાનો હંસલો તે કોણ? હંસ કેમ ઊડી ગયો? પિંજર શા માટે પડી રહ્યું?
૩. મીરાં પોતાની મોટી મિરાત શાને શાને માને છે? શ્રીહરિનાં કયાં કયાં નામોને મીરાં જુદા જુદા સ્વરૂપના અલંકારોને સ્થાને ગોઠવે છે? મીરાંની અંતિમ ઇચ્છા કયા પ્રકારની હતી?
૪. "મીરાંનાં પદોમાં ભગવાન માટે ઝંખતા ભક્તહૃદયનું અગાધ દર્દ જોવામાં આવે છે." આ વિધાન લક્ષમાં રાખીને મીરાંના જીવન વિશે ૩૦ લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખો

[ઈ. સ. ૧૬૧૫ (?) ૧૬૭૫ (?)]



[પોતાની ઇચ્છા વિરુદ્ધ ગુજરાતના મોટા કવિઓમાં લેખાતો અમદાવાદનો સોની અખો સમર્થ વેદાંતી હતો. પંદર વર્ષની ઉંમરે એના બાપ એને જેતલપુરથી અમદાવાદ લઈ આવ્યા. એની બહેન નાનપણમાં મરી જવાથી એને વૈરાગ્ય ઉત્પન્ન થયો, ને એણે સાધુસંતની સંગત કરવા માંડી. પણ તેમની અનીતિથી એ કંટાળ્યો હોય એમ લાગે છે. અમદાવાદની ટંકશાળનો એ ઉપરી હતો. દરમિયાન કોઈની ભંભેરણીથી વહેમાઈ, અખો સિક્કામાં ભેળ કરે છે કે નહિ, તેની નવાબે તપાસ કરી. અખો નિર્દોષ ઠર્યો, પણ આથી સંસાર પરની એની પ્રીતિ ઊઠી ગઈ. બીજો એક પ્રસંગ એવો બન્યો કે કોઈ ભાઈ જેને એ બહેન જેવી ગણતો હતો તેણે અખાને પોતાના ત્રણસો રૂપિયા રાખવા આપ્યા હતા. ભાઈને કોઈએ ભંભેરી કે, "સોનીભાઈનો વિશ્વાસ શો? માટે તું તારા પૈસા પાછા લઈ લે." આ ઉપરથી ભાઈએ અખાને કહ્યું, "ભાઈ, મને મારા ત્રણસો રૂપિયાની કંઠી કરી આપ." અખાએ તેમાં સો રૂપિયા ઉમેરી ચારસોની કંઠી કરી આપી. ભાઈએ આ વાત પેલા માણસને કહી અખાની પ્રશંસા કરી, ત્યારે તેણે કહ્યું, "સોનીભાઈ સગી બહેનનું ચોરે, તો તને સો રૂપિયા ભલો આપતો. તપાસ કર, વખતે માંહે કંઈ ભેગ કર્યો હશે." ભાઈએ કંઠી કપાવી કિંમત અંકાવી તો ચારસોની થઈ. પછી કંઠી આખી કરાવવા તે ભાઈ અખા કને ગઈ, ત્યારે અખાએ સમજાવીને કંઠી ભાંગવાનું ખરું કારણ જાણી લીધું. આથી અખાને લાગ્યું કે સૌ સ્વાર્થનું જ સગું છે. છેવટે એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓન્દર કૂવામાં નાખી સદ્‌ગુરુની શોધ કરવા માંડી. અનેક મહારાજો, ગોસાંઈઓ ને સાધુઓ એણે જોયા. પણ તે સર્વે એને દંભી, સ્વાર્થી ને લંપટ માલૂમ પડ્યા.

મૂર્તિપૂજનની અતિશયતા અને તેથી ઉદ્‌ભવેલા અનર્થ જોઈ અખાને મૂર્તિ-પૂજના સેવાપ્રકારથી અસંતોષ થયો. અખાએ વૈષ્ણવી દીક્ષા ગોકુળનાથજી પાસે લીધી હતી એમ લાગે છે. પરંતુ એનું સ્વતંત્ર મન સંપ્રદાયના વાડાની સંકુચિતતા ન સ્વીકારે એ સ્વાભાવિક છે. એથી જ અખો કહે છે —

"ગુરુ કીધા મેં ગોકુળનાથ, નગુરા મનને ધાલી નાથ;
મન મનાવી સગુરુ થયો, પણ વિચાર નગુરાનો રહ્યો."

એણે દંભી અને સ્વાર્થસાધુ ધર્મગુરુઓને ઠીક સપાટા લગાવ્યા છે. એનાં વાગ્બાણ તીક્ષ્ણ ને હૃદયમાં સોંસરાં પેસી જાય એવાં છે. એનાં દૃષ્ટાંતો પરથી એણે દુનિયા ઘણી જોઈ હોય એમ માલૂમ પડે છે. વેદાંતજ્ઞાનના એના ગ્રંથો વિદ્વત્તા ભરેલા છે. પણ આવા ગહન વિષયને માટે ગુજરાતીમાં જોઈતા સરળ શબ્દો નહિ હોવાથી એની ભાષા ઘણી ક્લિષ્ટ થઈ ગઈ છે. ઘણી વખત એણે તાણીતોડીને શબ્દના અર્થ બેસાડ્યા છે. આથી વેદાંતના એના ગ્રંથો કઠિન છે. પણ જનસમાજના દોષને તીવ્ર કટાક્ષબાણથી વીંધી નાખવામાં તે એક્કો છે. એના છપ્પા વાંચવા લાયક ને બોધદાયક છે. (અખો જેને છપ્પા કહે છે તે વસ્તુતઃ ચોપાઈનાં છ ચરણ જેવા છે). વેદાંતનાં મૂળતત્ત્વો જાણ્યાં હોય ને ભાષાજ્ઞાન સારું હોય, તો કાળજીથી વાંચનારને એનાં વેદાંતકાવ્યો ઘણું જ્ઞાન આપે છે. એના મુખ્ય ગ્રંથો : 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'ગુરુશિષ્યસંવાદ', 'ચિત્તવિચારસંવાદ', 'પંચીકરણ', 'કૈવલ્યગીતા', વગેરે છે. છૂટક છપ્પા ને પદોમાં એણે લોકાચારને ઊધડો લેવામાં બાકી રાખ્યું નથી.

ધાર્મિક પાખંડને પ્રગટ કરવું, અને વેદાંતને લોકભાષામાં ઉતારવું, એ એની કવિતાનો ઉદ્દેશ હતો એટલે એની કવિતા ઉપદેશાત્મક છે. એનાં કાવ્યો કઠિન અને ઘણે અંશે કર્કશ હોવાથી એ નરસિંહ અને મીરાંની લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યો નથી.

નીચેના કાવ્યમાં અખાએ ધર્મગુરુઓને ઉઘાડા પાડ્યા છે, અને તેમના આચાર અને પાખંડ ઉપર ફટકા માર્યા છે. તે ઉપરથી એની નૈતિક હિંમત અને કહેાર સત્યશીલતાનો ખ્યાલ આવ્યા વગર નહિ રહે. ધર્મગુરુઓને ઉઘાડા પાડવા અને તેમના આચાર ઉપર જાહેર આક્ષેપ મૂકવા તે આપણને આ જમાનામાં લાગે છે તેથીયે તે જમાનામાં ઘણું અઘરું હતું; છતાં પોતાને સત્ય લાગે તે સ્પષ્ટ શબ્દોમાં કહેતાં અખાએ પાછું ફરી જોયું નથી. આ પંક્તિઓ ઉપરથી તે વખતની ધાર્મિક પરિસ્થિતિનો પણ આપણને સારો ખ્યાલ આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મગુરુ વિશે

ગુરુ થઈ એહો હોંસે કરી, કંઠે પહાણ શકે કયમ તરી?
(જયમ) નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત.
શિષ્યને ભારે ભારે રહ્યો, અખા એમ મૂળગેથો ગયો.
પોતે હરિ નહિ જાણે લેશ, કાઢી એહો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવ પાર?
તું તારું સમજીને એસ, કાં ચોળે ડિલ કાળી મેશ?
જો તુંબડું માંહેથું મરે, તો તારે ને પોતે તરે.
તરુવર ફલ દેવા નવ જાય, અખા આવી જાચે તે ખાય.
તું તારા મન માંહી પ્રીછ, શાને મોટપ લે છે શીશ? ૬૦
ઝીણું મળતાં મોટું થાય, મોટું કણિકા થઈને જાય,
પહેલો તું પરમારથ પ્રીછ, પછે ગુરુ થવાને ઇચ્છ.
પ્રાપત રામ કરાવે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યા વરુ,
ધન હરે, ધોકો નહિ હરે, સંબંધ સંસારી સાચો કરે;
અખા શું સમજ્યો ગુરુ કરી, સમાચાર દીધા નહિ હરિ.
ગુરુ અખા નવ જાણે રામ, તે શિષ્યને શું આપે નામ?
આતમ સમજ્યો તે નર જતિ, શું થયું ધોળાં ભગવાં વતી?
ઓઢે, તોડે, જોડે વાળ, એ તો સર્વ ઉપલો જંજાળ.
સાચો ગુરુ જાણે જે જક્ત, કનક કામની નોહે આસક્ત;
બીજા સઘળા આળપંપાળ, ધનને અર્થે માંડે જાળ. ૨૦
તેથી કહો તે શું નીપજે, અખા અંતર માયાને ભજે.
ગુરુ શિષ્યની ત્યાં એવી વાત, શુદ્ધ પારસ ને સઘળી ધાત;
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નીવડે.
તે આદર કેનો નવ કરે, સહજ ઐશ્વર્ય અખા તે ધરે.
વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા એટી ઉછેરી ઘેર;
વ્યાસ કથા કરે ને રંડે, જાણે દ્રવ્ય અદકેરું જડે;
જે જાણે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને ઘેર?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથા કરી તે શુકજી ખરી, પરીક્ષિતને મેળવિયા હરિ;
શીખ થઈ ત્યારે આપ્યું કહ્યું, નગન થઈ ગયા વનમાં પશુ;
નિઃસ્પૃહીની છે એવી કથા, અખા બીજી પેટ ભર્યાની વ્યથા. ૩૦

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર;
ચરચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન તે મૂળગું ખોય.
સસાશિંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંઝાસુત બે વહાણે ચઢ્યા, ખપુષ્પનાં વસાણાં ભર્યાં;
જેવી શેખચલ્લીની કથા, અખા હમણાં આગળ એવા હતા.
જ્યાં જોઈએ ત્યાં કૂડે કૂડ, સામેસામાં બેઠાં ઘૂડ;
કોઈ આવી વાત સૂરજની કરે, તે આગળ જઈ ચાંચ જ ધરે;
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમો આવા ડાહ્યા કયાંથી થયા ?
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડ્યો પૂહાણ. ૪૦

નીલા વૃક્ષને ઓથે રહે, જેમ પારધી પશુને ગ્રહે;
એમ હરિને ઓથે ધૂતે ઘણા, ઉપાય કરે કનકકામની તણા.
સહેજ સુભાવે વાત જ કરે, અખા ગુરુપણું મનમાં નવ ધરે;
વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પરસાદ ટાણે પત્રાવળાં ભરે;
રાંધ્યાં ધાન વખાણતા જાય, જેમ પીરસે તેમ ઝાઝાં ખાય.
કીરતન ગાઈને તોડે તોડ, અખો કહે જુવાનીનું જોર;
સૌનાં નેત્રો ફૂટી ગયાં, ગુરુ આચાર જ કાણા થયા;
શાસ્ત્ર તણી છે એક જ આંખ, અખા અનુભવની ઉઘાડી નહિ ઝાંખ.
મુંડ મુંડાવી હરિને કાજ, લોક પૂજે તે કહે મહારાજ;
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી; ૫૦
સૌને મત તે કરે કલ્યાણ, અખા એને હરિ મળ્યાની હાણ.

ટિપ્પણ અને સ્વાધ્યાય

મૂળગેથો – મૂળમાંથી. **૧૩ આપ્ત...તે ગુરુ** – પ્રાપ્ત થયેલા બ્રહ્મનો અનુભવ શિષ્યને કરાવે તે ખરો ગુરુ. **૧૪ ધોકો** – ચિંતા, દુઃખ. **૧૯ જડત** – જગત. **૨૦ આળ – પંપાળ** – ફાંફાં. **૨૪ સહજ** – સ્વાભાવિક. **૨૯ શીખ** – ઉપદેશ. **૩૨ તોલું** – દસ શેર. **૩૪ સસાશિંગ** – સસલાનું શિંગડું. **૩૫ ખપુષ્પ** – આકાશકુસુમ. **૩૪–૩૫** પંક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેલી વસ્તુ અસંભવિત છે. ૪૮ શાસ્ત્રનું જ્ઞાન અને અનુભવ એ બન્ને ખરું દર્શન કરાવનારી આંખો છે. માત્ર શાસ્ત્રોનું જ્ઞાન ધરાવનારને એક જ આંખ હોય છે, બ્રહ્મના અનુભવની બીજી દૃષ્ટિ (આંખ) હોતી નથી.

૧. ધર્મગુરુના ઢોંગ સંબંધી અખો શું કહે છે? સાચા ધર્મગુરુનાં લક્ષણો સંબંધી તેનું શું મંતવ્ય છે?
૨. "સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ." એ વિષય ઉપર ૩૦ લીટી લખો.
૩. આખા કાવ્યમાંથી તમને કઈ કઈ પંક્તિઓ વધારે ગમે છે? શાથી? તેનું રહસ્ય તમારા શબ્દોમાં લખો.
૪. આ પંક્તિઓને આધારે અખાના સમયની ધાર્મિક અવદશા પર નોંધ લખો.
૫. તમને ગમતી ગમે તે ત્રણ સરખામણી સમજાવો અને તેમાં રહેલા અલંકારનો પ્રકાર કહો.
૬. આ કાવ્યના છંદના પ્રકાર અને રચના માટે માહિતી મેળવો.

પ્રેમાનંદ

[ઈ. સ. ૧૬૩૬ (?) ૧૭૩૪ (?)]



[ગુજરાતી ભાષાને બીજી મહાભાષાઓના જેવા સાહિત્યથી શણગારું તો જ પાધરી પહેરું એવું આકરું પણ લેનાર, ગુર્જરી ગિરાને વિવિધ પ્રકારના અનેક ગ્રંથોથી દીપાવનાર, ગુર્જર કવિશિરોમણિ ભટ્ટ પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો.

માબાપ ગુજરી ગયાં એટલે બાળપણથી જ પ્રેમાનંદને અનેક કષ્ટ વેઠવાં પડ્યાં હતાં. એમણે નિયમિત અભ્યાસ કર્યો ન હતો. પણ બાપદાદાનો પુરાણીનો ધંધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી, ઉદારનિર્વાહ માટે મહાભારત, રામાયણ, ભાગવત, પુરાણ વગેરેનો અભ્યાસ કર્યો હતો. તે સમયમાં પુરાણીઓ સંસ્કૃતમાં કથા કરતા, અને કવિઓ હિંદી ભાષામાં કાવ્યો રચતા. 'ઉંબર મૂકી હુંગર પૂજવા' ઇચ્છતા પ્રેમાનંદને એમના ગુરુ રામચરણે, ગુજરાતી સાહિત્યના સદ્‌ભાગ્યે, ગુજરાતીમાં કાવ્ય લખવા અને કથા કરવા પ્રેર્યા. આથી તે ઘણા લોકપ્રિય પણ થઈ શકયા. એમને પણ નરસિંહ મહેતા અને મીરાંબાઈ માફક દિવ્ય કૃપાથી જ કાવ્યપ્રસાદી મળી હતી એમ કહેવાય છે.

પ્રેમાનંદ કથા કરીને પોતાનું ગુજરાન ચલાવતા. ત્રાંબાની ગાગર લઈ કથા કરનારને **માણભટ્ટ** કહેવામાં આવે છે. એ જાતના કથાકારો હજુ પણ ક્વચિત્ કોક સ્થળે માલૂમ પડે છે. પણ એ સંસ્થા હવે તો લગભગ મૃતપ્રાય દશામાં જ છે. પ્રેમાનંદ પણ આવા પ્રકારના માણભટ્ટ હતા. જીવનની ઉત્તરાવસ્થામાં નંદરબારના રાજાનો આશ્રય કવિએ સ્વીકાર્યો હતો, તોપણ તેમણે કદી તેના ગુણ ગાયા નથી. 'કવિતામાં ઈશ્વર સિવાય બીજા (પ્રાકૃત) પાત્રની સ્તુતિ ન કરવી એવો એનો દૃઢ સંકલ્પ હતો.' પ્રેમાનંદના અનુગામી લોકપ્રિય કવિ શામળ ભટ્ટે પોતાના આશ્રયદાતા રણીદાસ માટે કાઢેલા ઉદ્‌ગાર 'રખિયલ રૂડો રાજવી, ભોજ સમોવડ ભૂપ' —પ્રેમાનંદના સંકલ્પ સાથે વિરોધમાં સરખાવવા જેવા છે.

'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'સુદામાચરિત્ર', 'મામેરું'—એ પ્રેમાનંદની અતિ લોકપ્રિય કૃતિઓ છે. એમની સર્વ મુખ્ય કૃતિઓનું વસ્તુ જૂના ધાર્મિક ગ્રંથોમાંથી લેવામાં આવ્યું છે. છતાં પંક્તિપંક્તિએ પ્રેમાનંદની પ્રતિભાનાં અપૂર્વતા અને સામર્થ્ય તરી આવે છે. કવિની અદ્‌ભુત વર્ણનશક્તિ, અલંકારોની યોગ્યતા, અનન્ય કવિત્વશક્તિ, તીવ્ર કલ્પના અને રસમય રીતે કથા કહેવાની કલા એમને ગુજરાતી કવિઓમાં સર્વોપરીપદે સ્થાપે છે. કવિનું પાત્રાલેખન ઉચ્ચ છે. પ્રેમાનંદ માનવસ્વભાવના અભ્યાસી અને સિદ્ધહસ્ત આલેખક છે, એ એમનું કોઈ પણ આખ્યાન વાંચી આપણે કહી શકીએ. એમની અસાધારણ વિવેકશક્તિને લીધે વાર્તાના રસમાં ભંગ થતો નથી. કવિ કરુણ કે હાસ્યરસને બહુ જ સચોટ રીતે ઉતારી શકે છે. 'સુદામાચરિત્ર'માં બન્ને રસનું મિશ્રણ અતીવ કલામય રીતે કરવામાં આવ્યું છે.

'નળાખ્યાન'એ પ્રેમાનંદનું ઉત્તમ કાવ્ય છે. અહીં માત્ર એમાંથી વનવાસનો વિભાગ ઉતારવામાં આવ્યો છે. આ વિભાગમાં પ્રેમાનંદની કરુણરસ ઉત્પન્ન કરવાની અને તેને જમાવવાની અદ્‌ભુત શક્તિનું આપણને દર્શન થાય છે. માનવસ્વભાવનું આલેખન કરવામાં પણ કવિ સિદ્ધહસ્ત હતા, એ વિધાનની પ્રતીતિ આપણને અહીં ખાસ કરીને નળના પાત્રથી થાય છે. દમયંતીને ધિક્કારતો નળ તેને છોડી જવા પ્રયત્ન કરે છે એ પ્રસંગે તેના હૃદયમાં જે માનવભાવોનો સંઘર્ષ થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કવિએ કેટલી સબળ રીતે વ્યક્ત કર્યો છે! દમયંતીને છોડ્યા પછીનો નળનો વિલાપ પણ એના હૃદયની સંવેદનાનું આપણને દર્શન કરાવે છે. બાલુડાંને મોસાળ વળાવતી માતાના હૃદયનું દર્દ પ્રેમાનંદ સચોટતાથી—સફળતાથી દર્શાવી શક્યા છે. આ વસ્તુ અને પાત્રો કવિએ મહાભારતના વનપર્વમાંથી લીધાં છે એ ખરું, પણ આખ્યાનને સરસ કરવા માટે તેમણે પ્રસંગોપાત્ત તેમાં ફેરફાર પણ કર્યા છે.]

નળ-વનવાસ

રાગ મેવાડો

હાર્યો નળ ને પુષ્કર જીત્યો, જઈ બેઠો સિંહાસન જી;
આણ પોતાની વર્તાવી પુરમાં, કહે નળને જાઓ વન જી.
વનફળ પહેરી વન વસો, ને કરો વનફળ આહાર જી;
એક વસ્ત્ર રાખી શરીરે, બાકી ઊતારો શણગાર જી.
સર્વ તજી એક વસ્ત્ર રાખી, ઊઠ્યો નળ ભૂપાળ જી;
દમયંતીને કહાવિયું., તું પિયેર જાને આ કાળ જી.
રુદન કરતી રાણી આવી, બાળક ઝાલ્યાં હાથ જી;
શીશ નામીને સ્વામીને કહે, મુને તેડો સાથ જી.
સુખદુઃખની કહીએ વાર્તા, એકલાં નવ સોહાય જી;
હું સેવાએ આવું સહી રે, થાકો તો ચાંપું પાય જી. ૧૦
કંથ કહે, હો કામિની, તું આવે મુજને જંજાળ જી;
એ દુઃખ સઘળાં વેઠીએ પણ ટળવળી મરે બંને બાળ જી.
રોતી કહે છે કામિની રે, જેમ છાયા દેહને વળગી જી;
તેમ હું તમારી તરુણી રે, કેમે ન થાઉં અળગી જી.

વલણ

જો અળગી કરશો નાથજી, તો પ્રાણ તજું તત્કાળ રે,
નળ કહે, આવો વન વિષે તો, પિયર વળાવો બાળ રે.

રાગ મેવાડો

મોસાળ પધારો રે, મોસાળ પધારો—
મોસાળ પધારો બાલુડાં રે, મારાં લાડવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો, સહેજો મામીની ગાળ–મોસાળ૦
હૃદયા ચાંપે રે, રાણી હૃદયા ચાંપે— ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયા ચાંપે પેટને રે, એ છેલ્લુંવેલ્લું ઝાડ;
હવે મળવાં દોહલાં રે, મળીએ તો પ્રભુનો પાડ–મોસાળ૦
થયાં માત વોહોણાં થયાં રે, થયાં માત વોહોણાં—
માત વોહોણાં થયાં દામણાં રે, નહિ કો રૂડો સાથ;
રુએ રાણી હૃદયા ફાટે રે, કોણ માથે ફેરવશે હાથ !–મોસાળ૦
મંદિરના ગુરુજી રે, મંદિરના ગુરુજી—
મંદિરના ગુરુજી સુદ્દેવજી રે, તમારે ખોળે સોંપું એ તન;
જઈ કહેજ્જે મારી માતને રે, જીવની પેરે કરજ્જે જતન–મોસાળ ૦
પુત્રી જમાઈ રે, તમ તણાં પુત્રી જમાઈ—
પુત્રી જમાઈ તમ તણાં, કહેજ્જે વનમાં પૂર્યો વાસ; ૩૦
જઈ કહેજ્જે મારા તાતને રે, અમ જોગીનો લે તપાસ–મોસાળ ૦
ચુંબન કરતી રે, માવડી ચુંબન કરતી રે,—
ચુંબન કરતી રે, માવડી ફરી ફરી મુખ જોય,
હૈયા થકાં નવ ઊતરે રે, એમ કહી દમયંતી રોય–મોસાળ ૦

વલણ

રોય રાણી અતિ ઘણું, વત્સ સોંપ્યાં ગુરુકર માંહે રે;
ઋષિ સાથે એ બાળકો, વોળાવ્યાં નળરાય રે;

રાગ વેરાડી

બાળકો વોળાવ્યાં ઋષિ સંઘાતે, દમયંતી કરે આક્રંદ;
હાહાકાર હવો પુર મધ્યે, મળ્યાં સહિયરનાં વૃંદ.
પડો વાગ્યો પુષ્કર પાપીનો, નળને કો નવ રાખે;
એક અંજલિ જળ ન પામ્યાં, જે ભમ્યાં પુર આખે. ૪૦
દ્વાર અડકાવે નળને દેખી, જે પોતાનાં લોક;
તરસી દમયંતી પાણી ન પામી, કંઠે પડિયો શોષ.
એક રાત રહ્યાં નગરમાં, ચાલ્યાં વહાણું વાતે;
પુણ્યશ્લોકની પૂંહ જ લીધી, કળિ થયો સંઘાતે.
જ્યાં વાવ સરોવર કૂવા આવે, પાકાં ફળની વાડી;
રિપુ કળિજુગ આગળ થઈને સર્વ મેલે ઉઘાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળ જળ ને પત્ર ન પામ્યાં, રાણી આંસુપાત;
વનમાં ફરતાં, રુદન કરતાં, વહી ગયા દિન સાત.
એકેકું પટકુળ પહેર્યું, પ્રેમદા કોમળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાંજે. ૫૦

એક માનસરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
ઘણા દિવસની તૃષા શમવવા પીધું રાય ને રાણી.
વારંવાર પાણી પીએ ને એસે ને વળી હીંડે;
નર નારી વારિએ તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપણી પીડે.
સ્વામી કહે સાંસતા થઈએ, શ્યામા એસ થઈને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ.
થોડા જળમાં પેઠો નળ રાજા, ઢીમરનું આચરણ:
સાધુ રાયને શ્રમ કરતાં, મચ્છ જડિયાં ત્રણ.
આણીને અબળાને આપ્યાં, વામા કહે થયું વારુ;
નળ કહે આપણે બે પ્રાણીને, શું હોશે એટલા સારુ. ૬૦

ભાર્યાના ભુજ મધ્યે સોંપી, ભૂપ ગયો બીજી વરાં;
કળિજુગ સર્પ થઈને બિહાવે, મચ્છ નાસે અરાંપરાં.
નળે શ્રમ કીધો ઘડી બે મચ્છ ન ચડિયાં હાથ;
પેલાં ત્રણ મચ્છ વહેંચીને લીજે, વિચાર્યું મન સાથ.
નળ આવ્યો નિરાશ થઈને, ત્રણ મીનમાં ચિત્ત;
એટલામાં દમયંતીજીને થઈ આવ્યું વિપરીત.
અમૃતસ્રવિયા કર અબળાના, સજીવન થયાં મચ્છ પળમાં;
હાલ્યાં, મહિલાએ મૂકી દીધાં, ઊડી પડ્યાં જઈ જળમાં.
ઘેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
હવે સ્વામીને શો ઉત્તર આપીશ? રુદન કરે સ્વર ઝીણે. ૭૦

વીલે મુખ દીઠી વૈદરભી, નાથ આવતો નીરખે;
ચોદશ ભાળે આંસુ ઢાળે, સ્વાતિબિંદુ શું વરસે!
રોતી પત્ની પતિએ દીઠી, ઘોળું મુખ થયું દીન;
કહે રે પાપણી, શકે મુજ પાખે, ભક્ષ કર્યાં તેં મીન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ક્ષુધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે;
દોઢ દોઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપણી કાંહે?
હૃદે ફાટતી બોલી રાણી, આંસુ પડે મોતી દાણા;
ક્ષુધાતુર પાપણીએ મચ્છ ભક્ષ્યાં, મેં ન રહેવાયું રાણા!
નળ કહે, હંસે શિખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક દ્યૂત ન રમીએ, બીજું ન કીજે નારીનો વિશ્વાસ. ૮૦
બે વાનાં વાર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં, શું આગ પેટમાં લાગી!
દમયંતી હા હા કરે, જાણે સમ ખાઉં શાને?
સજીવન થયાં ઊડી ગયાં, કહું રાય નવ માને.

વલણ

ન માને એ રાજા આશ્ચર્ય મોટું, ઊડી ચાલ્યો નળરાય રે;
અણતેડી રાણી દમયંતી પતિની પૂંઠે ધાય રે.

રાગ વેરાડી

આગળ નળ પૂંઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર હીંડતાં કરે, હૃદે ફાટે અબળા આંખ ભરે.
ખાધાં મચ્છ હશે ગત ઘણી, તો હીંડે છે રે પાપણી;
પીએ પાણી ફરી ફરી, કાં જે મચ્છ ખાધાં પેટ ભરી. ૯૦
બે મારગ આવ્યા આગળે, વિદાય કીધી નારી નળે;
તું નહિ નારી હું નહિ કંથ, આ તારા પિયરનો પંથ.
મારો સંગ તુજને નહિ ગમે, પિયરમાં પેટ ભરીને જમે;
મુને નાથજી કરજો ક્ષમા, મારે નથી પિયરની તમા.
કોકટ કરો મુજ પર રીસ, અજુગત આળ ચડાવો શીશ;
દેવતાનું મુને વરદાન, તે કાં નવ જાણો રાજન!
હોતી વાત કામિનીએ કહી, કળિને જોગે નળ માને નહિ;
આગળ પાછળ બંને જાય, કળિએ કીધી બગની કાય.
થોડી પાંખ ને માંસ જ ઘણું, લોભાણું મન રાજા તણું;
પંખીમાં દીસે ઘણો ભાર, નરનારીનો પૂરણ આહાર. ૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળ જળ ને પત્ર ન પામ્યાં, રાણી આંસુપાત;
વનમાં ફરતાં, રુદન કરતાં, વહી ગયા દિન સાત.
એકેકું પટકુળ પહેર્યું, પ્રેમદા કોમળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાંજે. ૫૦

એક માનસરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
ઘણા દિવસની તૃષા શમવવા પીધું રાય ને રાણી.
વારંવાર પાણી પીએ ને બેસે ને વળી હીંડે;
નર નારી વારિએ તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપણી પીડે.
સ્વામી કહે સાંસતા થઈએ, શ્યામા બેસ થઈ ને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જે જડે એક બે મચ્છ.
થોડા જળમાં પેઠો નળ રાજા, ઢીમરનું આચરણ:
સાધુ રાયને શ્રમ કરતાં, મચ્છ જડિયાં ત્રણ.
આણીને અબળાને આપ્યાં, વામા કહે થયું વારુ;
નળ કહે આપણે બે પ્રાણીને, શું હોશે એટલા સારુ. ૬૦

ભાર્યાના ભુજ મધ્યે સોંપી, ભૂપ ગયો બીજી વરાં;
કળિજુગ સર્પ થઈ ને બિહાવે, મચ્છ નાસે અરાંપરાં.
નળે શ્રમ કીધો ઘડી બે મચ્છ ન ચડિયાં હાથ;
પેલાં ત્રણ મચ્છ વહેંચીને લીજે, વિચાર્યું મન સાથ.
નળ આવ્યો નિરાશ થઈ ને, ત્રણ મીનમાં ચિત્ત;
એટલામાં દમયંતીજીને થઈ આવ્યું વિપરીત.
અમૃતસ્રવિયા કર અબળાના, સજીવન થયાં મચ્છ પળમાં;
હાલ્યાં, મહિલાએ મૂકી દીધાં, ઊડી પડ્યાં જઈ જળમાં.
ઘેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
હવે સ્વામીને શો ઉત્તર આપીશ? રુદન કરે સ્વર ઝીણે. ૭૦

વીલે મુખ દીઠી વૈદરભી, નાથ આવતો નીરખે;
ચોદશ ભાળે આંસુ ઢાળે, સ્વાતિબિંદુ શું વરસે!
રોતી પત્ની પતિએ દીઠી, ઘોળું મુખ થયું દીન;
કહે રે પાપણી, શકે મુજ પાખે, ભક્ષ કર્યાં તેં મીન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ક્ષુધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે;
દોઢ દોઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપણી કાંહે?
હૃદે ફાટતી બોલી રાણી, આંસુ પડે મોતી દાણા;
ક્ષુધાતુર પાપણીએ મચ્છ ભક્ષ્યાં, મેં ન રહેવાયું રાણા!
નળ કહે, હંસે શિખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક દ્યૂત ન રમીએ, બીજું ન કીજે નારીનો વિશ્વાસ. ૮૦
એ વાનાં વાર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં, શું આગ પેટમાં લાગી!
દમયંતી હા હા કરે, જાણે સમ ખાઉં શાને?
સજીવન થયાં ઊડી ગયાં, કહું રાય નવ માને.

વલણ

ન માને એ રાજા આશ્ચર્ય મોટું, ઊઠી ચાલ્યો નળરાય રે;
અણતેડી રાણી દમયંતી પતિની પૂંઠે ધાય રે.

રાગ વેરાડી

આગળ નળ પૂંઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર હીંડતાં કરે, હૃદે ફાટે અબળા આંખ ભરે.
ખાધાં મચ્છ હશે ગત ઘણી, તો હીંડે છે રે પાપણી;
પીએ પાણી ફરી ફરી, કાં જે મચ્છ ખાધાં પેટ ભરી. ૯૦
બે મારગ આવ્યા આગળે, વિદાય કીધી નારી નળે;
તું નહિ નારી હું નહિ કંથ, આ તારા પિયરનો પંથ.
મારો સંગ તુજને નહિ ગમે, પિયરમાં પેટ ભરીને જમે;
મુને નાથજી કરજો ક્ષમા, મારે નથી પિયરની તમા.
કોકટ કરો મુજ પર રીસ, અજુગત આળ ચડાવો શીશ;
દેવતાનું મુને વરદાન, તે કાં નવ જાણો રાજન!
હોતી વાત કામિનીએ કહી, કળિને જોગે નળ માને નહિ;
આગળ પાછળ બંને જાય, કળિએ કીધી બગની કાય.
થોડી પાંખ ને માંસ જ ઘણું, લોભાણું મન રાજા તણું;
પંખીમાં દીસે ઘણો ભાર, નરનારીનો પૂરણ આહાર. ૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પ્રકારે અગને હણું, ઉપર વસ્ત્ર નાખું મુજ તણું;
ઉફરાંટી કરી સુંદરી, નળ ચાલ્યો દેહ નગ્ન કરી.
લાજ્યાં પંખી ને લાજ્યું વન, લાજ્યો સૂરજ મીંચ્યાં લોચન;
સ્વાદ ઇંદ્રિયે પીડ્યો મહારાજ, થયો નગ્ન લોપીને લાજ.
પીતાંબર ઝાલી ભૂપાળ જેમ માછી ગ્રહી નાખે જાળ;
અગ નિકટ ગયો જ્યાં રાય, તેમ તેમ કળિ આઘે રે જાય.
ધાઈ વસ્ત્રનો નાખ્યો પાશ, કળજુગ લઈ ઊડ્યો આકાશ;
એક વસ્ત્ર પંખી ગયો લેઈ, નળ બેઠો કપાળે કર દેઈ.
અરે દૈવ તેં એ શું કર્યું, વસ્ત્ર જતાં કાંઈ નવ ઊગર્યું;
ગયું રાજ્યછત્ર મહિમા ઘણો, ન રહ્યો અંગે સૂત્રતાંતણો. ૧૧૦

વિહંગમ વસ્ત્ર ગયો રે હરી, દમયંતી મા જોશો ફરી;
પાછે પગે ગઈ સ્ત્રીજન, આપ્યું અર્ધું વસ્ત્ર સ્વામી ઢાંકો તન.
એકેકો છેડો પહેર્યો ઉભયે, તીરથ નાહે તેવાં શોભે;
અન્ન વિના અડવડિયાં ખાય, સતને આધારે ચાલ્યાં જાય.
મહાવનની આવી જંખજાળ, તે સ્થાને થયો સંધ્યાકાળ;
બંને બેઠાં દ્રુમને તળે, ચૂંટી પર્ણ પાથર્યાં નળે.
દુઃખની વાત કરી નત્રનવી, દમયંતી નિદ્રાવશ હવી;
ક્ષુધા અંગોઅંગ રહી હસી, મુખ જાણે પૂનમનો શશી.
નળે સૂતી દીઠી સુંદરી, નિશ્વાસ મૂક્યો ને નયણાં ભરી;
કોણ દિવસ આવ્યો શ્રીહરિ, એ દુઃખે પ્રાણ ન જાય નીસરી. ૧૨૦

વૈદરભી વસુધાવશ પડી, દુઃખ જોતું દીઠું એક ઘડી;
ઘણે દોહ્યલે વરી મેં એહ, રુએ રાજા જોઈને દેહ.
નખથી નીરખતાં જોયું મુખ, ત્યારે મનમાં લાગ્યું દુઃખ;
કળિ વળી તેનું ચિત્ત ફેરવે, રાજા મનમાં દ્વેષ મેળવે.
શી સગાઈ પરતનયા તણી, દુષ્ટ દમયંતી એ પાપણી;
શી પ્રીત છેહ દીધો જેણીએ, હું વિના મચ્છ ખાધાં એણીએ.
મલિન મન એનું નિર્ધાર, કો સમે મારો કરે આહાર;
ન ઘટે એશું રહેવું મળી, રાયને ઉપજાવે બુદ્ધિ કળિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સમેની હદેની દાઝ, વનમાં મૂકું એકલી આજ;
બુદ્ધિભ્રષ્ટ મન રાજા તણું, કળિનું પ્રેર્યું ક્રોધે ઘણું. ૧૩૦
મન માંહે આશંકા ગણે, એક વસ્ત્ર પહેર્યું બે જણે;
મધ્યે ચીર ફાડું બળ કરી, થાય શબ્દ જાગે સુંદરી.
હોય છુરી તો છેદું પટકુળ, કળિ થયો કાતું અનર્થનું મૂળ;
નળે લીધું છુરિકા શસ્ત્ર, વચ્ચેથી વહેર્યું અડધું વસ્ત્ર.
કટકા બે પટકુળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી;
ગયો ડગલાં સાત જ ભરી, પ્રીત શ્યામાની સાંભરી.
નળ વિમાસણ મનમાં કરે, એકલી એ ફાટીને મરે;
વર્યો હું દેવતા પરહરી, વળી વનમાં સાથે નીસરી.
ત્રૈલોક્યમોહન એ માનની, કેમ વેદના સહેશે રાનની?
ન ઘટે મૂકી જાવું મને, નળ આવ્યો દમયંતી કને. ૧૪૦
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છ ને પાછો વળ્યો;
કળિ તાણે વાટ વન તણી, પ્રેમ તાણે દમયંતી ભણી.
વિચાર વારિનિધિમાં પડ્યો, આવાગમન હીંડોળે ચડ્યો;
સાત વાર આવ્યો ફરી ફરી, તજી ન જાયે સાધુ સુંદરી.
બળ પ્રબળ કળિનું થયું, પ્રેમબંધન તૂટી રે ગયું;
સર્પ કાંચળીને તજે જેમ, મેં દમયંતી તજવી તેમ.
વૃક્ષ પર્ણને જેમ પરહરે, પુનરપિ તે અંગી નવ કરે;
જેવું હોય વમનનું અન્ન, તેવી મારે એ સ્ત્રીજન.
કો વેળા મુને મારે નેટ, હુંપે વહાલું એને પેટ;
એવું કહીને મૂકી દોટ, ઉવાટે દોડ્યો સાસોટ. ૧૫૦

વલણ

કાળ ઉદે અરુણ તણો, ત્યાં લગે ધાયો ધીશ રે;
જાગ્યો હૃદે થયું દુઃખ ઉદે જ્યારે દીઠા દીસ રે.

રાગ રામગ્રી

નળ જળ નયણે ભરે ને કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદરભી વામા, રંક રામા, એકલડી વનમધ્ય;
ભય ધરશે ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવધ્ય.
નહિ મળે ફરી કોકિલાસ્વરી, શે ઊપન્યો વિખવાદ?
મન ગમયંતી, બોલ દમયંતી, નળે માંડ્યો સાદ.
વિશ્વમોહની, સૃષ્ટિદોહની, સુંદરી સુજ્ઞાણ;
વિરહિણી વલ્લભ, દર્શન દુર્લભ, બોલ પિયુના પ્રાણ. ૧૬૦
વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ;
કળિએ ચરણ ધરણનાં ભૂસ્યાં, વન કીધું નિર્વાટ.
વડાળે ભૂપાળ વળગ્યો, તે રુએ હૃદયફાટે;
મોહધારણ, કર્મકારણ, કહે ભુજ દેઈ લલાટે.
રાય વિલપે, ઘણું કલપે, સંભારે સુખ સ્નેહ;
કુબુધ આવી, મન ભાવી, અન્યાયે દીધો છેહ.
અજગર, વાઘ, વરુ, નાગ છે દારુણ વનની મધ્ય;
કરાડ, કોતર, સિંહના સ્વર, શ્યામા ફાટી મરશે સદ્ય.
દોહલે પામી ગજગામી, દેવ ગયા નિર્મુખ;
સ્વયંવરસાથ સાંભળી વાત, સર્વ પામશે સુખ. ૧૭૦
કોણ નેત્ર લૂહે, રાય રુએ એવે શબ્દ સાંભળ્યો ગાઢો;
'લોહ પ્રેમજળ, મુકાવ રાય નળ, બળતાને બાહેર કાઢો!'
સાંભળી વાણી, જાણી રાણી, રોઈ રોઈ બોલ્યો સ્વર;
હરખે ભરાયો, સ્વરે ધાયો વીરસેનકુંવર.
પાડે બરાડા, બળે દવાડા, તરફડે મોટો વ્યાળ;
કહે દયાસિંધુ, દીનબંધુ, કાઢ નળ ભૂપાળ!
વહ્નિવરદાન ગયો સુજ્ઞાણ, નાગે કીધો નમસ્કાર;
આપ પ્રાણદાન, હો ગુણવાન, કાંઈ હુંયે કરીશ ઉપકાર.
વિષથી ન બીધો, નાગ લીધો જોજન દેહ પ્રમાણ;
બાંધે ચઢાવી મૂકચો બહાર લાવી, શાતા પામ્યો પ્રાણ. ૧૮૦

વલણ

વૃત્તાંત કહે ભાઈ કોણ છે? પામ્યો બહુ પરિતાપ રે;
સર્પ કહે રાય સાંભળો, મુને હવો ઋષિનો શાપ રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગ દેશાખ

બોલ્યો નાગ કરી પ્રણામ, રાય મારું કરકોટક નામ;
હું પ્રાચીન કર્મે પામ્યો સંતાપ, સપ્તઋષિએ દીધો શાપ.
વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાગી મુજ તણી;
ફુત્કારી ફણા નાખી જ્વાળ, દાધા સપ્તઋષિ ચડ્યો કાળ.
પતિત તેં નાખી વિષની કહેર, બળ દવમાં અવની ઉપેર;
બહુ કાળ લગે વસો વહ્નિમાંય, ભોગવ દુઃખ જીવ નહિ જાય.
મેં જાણ્યું શાપ ટળે નહિ ખરો, મુને શાપનો અનુગ્રહ કરો;
વહ્નિ વેદના દોહ્યલી ઘણું, કહ્યું દર્શન થાશે નળતણું. ૧૯૦
પુણ્યશ્લોક આહેર કાઢશે, તે તુંને શાતા પમાડશે;
તે દિવસનો વન દાઝું છું અહીં, સાત સહસ્ર વરસ ગયાં વહી.
તે તમો આજ દુઃખ ટાળિયું, પુણ્યશ્લોકપણું પાળિયું;
મારી દેહને અતિ સુખ થયું, ઋષિવચનનું ફળ મેં લહ્યું.
એવું કહીને સર્પ જ ધરયો, કરકોટક નળને કંઠે ડસ્યો.
લાગી વિષજ્વાળા દાધ્યો ભૂપ, કાળી કાયા થયું કૂબડું રૂપ.
કાજળપેં શ્યામતા વિશેષ, વાંકું મુખ પંચવર્ણી કેશ;
છતે દાંતે ડાચાં ગયાં મળી, નીસરી ખૂંધ, કટિ બેવડ વળી.
નળ કહે ધન્ય કદ્રુકુમાર, ઘણો રૂડો કર્યો ઉપકાર !
તુંને મેં આપ્યું પ્રાણદાન, તેં હુંને કીધો શાહી સમાન. ૨૦૦
નાગ કહે રે રખે દુઃખ ધરો, જોતાં એ ઉપકાર છે ખરો;
ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ, કો નવ ઓળખે એવું વર્ણ.
ત્રણ વસ્ત્ર આપું છું ભૂપ, પરિધાને થાશે મૂળનું રૂપ;
તે જોયાં પહેરી પરીક્ષા કરી, તત્ક્ષણ કાંતિ ભૂપની ફરી.
હરખ્યો નળ થયું દિવ્ય કામ, નાગે બાહુક ધરિયું નામ;
ભૂપાળ વ્યાળ થયા વિદાય, ગયો અયોધ્યા નૈષધરાય.
દેખી માણસ નાસે અરાંપરાં, થાયે બાહુક પૂંઠે છોકરાં;
જે જે મારગ મહીપતિ પળે, ત્યાં માણસ જોવાને મળે.
હસે લોક રૂપે લીહ વાળી, પૂંઠે છોકરાં પાડે તાળી;
રાજસભામાં રાજા ગયો, પ્રતિહાર સાથ ખસીને રહ્યો. ૨૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસી સભા, હસ્યો ઋતુપર્ણ, વિધિએ આ કયાં નીર્મ્યો વર્ણ ?
હારે કાજળ ને જાંબુફળ, જાણે રૂપે બીજો નળ.
કહો કોણ છો સ્વરૂપનાં ધામ ! કેમ આવવું પડયું શું કામ ?
નળ કહે, મારું બાહુક નામ, આવ્યો ઉદર ભરવા કામ.
અશ્વમંત્ર જાણું રાજન, એક દિવસે બેહું શત જોજન;
કહે ઋતુપર્ણ મોટું કારણ, આ રૂપ ને વિદ્યા અસાધારણ.
નળ, ઇંદ્ર વિના જાણે નહિ, મંત્રપ્રાપ્તિ તુંને કયાંથી થઈ ?
મંત્રપાઠ કરતા નળરાય, હું નળનો સેવક શીખ્યો વિદ્યાય.
કો સમે પ્રકાશી ભણુતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામ્યો એહ;
નૈષધનાથ તે વનમાં ગયો, તે દુઃખે હું આવો થયો. ૨૨૦
આવ્યો છું રહેવા તમ કને, અન્નવસ્ત્ર આપજો મને;
નહિ કરું હું નીચું કામ, નહિ ધરાવું સેવક નામ.
રાયજી તમને પણ નહિ નમું, સ્વયંપાક કરીને જમું;
રાજા કહે, રહો જેમ તેમ, વિદ્યાવાન જવા દઉં કેમ ?
હયદાસપતિનો અધિકાર, સેવક માત્ર કરે નમસ્કાર;
જદ્યપિ માન પામે ઘણું, પણ કહેવાયે દાસત્વપણું.
અશ્વપતિ મહારાજા થયો, હયશાળામાં વાસો રહ્યો;
છે વિજોગની વેદના ઘણી, નિત્યે સૂએ શ્લોક એક ભણી.

વસંતતિલકા

જે ચક્રવાક દિવસે વહુ સાથ રાખે,
તે સંગ રંગ રમતાં રવિતાપ સાંખે; ૨૩૦
રાતે વિજોગ થકી ચંદ્ર પ્રકાશ ખુંચે,
જો દુઃખ હોય દિલમાં કશુંયે ન રુચે.

રાગ દેશાખ

એવું કહીને કરે શયન, વિસ્મય થાય પડોશી જન;
બાળ–બિહામણો આવી વસ્યો, કદરૂપને વિજોગ તે કશો.
તે સ્ત્રીએ સુકૃત શું કર્યું, જેણે આ સ્વરૂપને વર્યું;
સારું થયું જે વિપત્ત પડી, આ ભૂતથી છૂટી આપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલણ

આપડી છૂટી લોક કહે, રહ્યો રાયને રીઝવી રે;
બૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, દમયંતીની શી ગત હવી રે.

રામ રામગ્રી

વૈદરભી વનમાં વલવલે, અંધારી રે રાત;
ભામિની ભય પામે ઘણું, એકલડી રે જાત.
રસનાએ નામ જ નળ તણું, મુખ જપતી રે જય;
શુદ્ધ નથી રે શરીરની, ભાંજે કંટક પાય.
રોઈ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયણે ધારા અખ્ખે ઝરે, વહે અંગ રુધિર.
હીંડતાં તે આખડે, પગમાં વાગે ઠેસ;
ચાલતી ઊભી રહે, ભરાયે કાંટે કેશ.
અંગે ઉઝરડા પડ્યા ઘણા, વહે શોણિત ધાર;
હો નળ, હો નળ, બોલતી, બીજે નહિ ઉચ્ચાર.
ઠોંડાં કોતર ઊતરે, ચઢે ગિરિ કરાડ;
અશુદ્ધે ઉધડકે નહિ, પાડે વાઘ અરાડ.
વાંકી વાટ, ટીંબા ટેકરા, ભયાનક બોહ;
રાફ માંહે સાપ ફૂંફવે, ઘણું ઘૂઘવે ઘોહ.
શબ્દ પશુ પંખી તણા, ન પડે કાંઈ પ્રીછ;
વરુ, વહિયર બિહાવે અરણ્યમાં ધાયે વળગવા રીંછ.
શૂકર, રોઝ, ચિકારડાં, ચીતરા દે ફાળ;
ફાલુ નાદ હોયે ઘણા, બહુ બોલે શિયાળ.
આંબા, આમલી, લીમડા, અરીઠા અપાર;
શીમળ, સમડી, સેગઠા, ન સૂઝે પંથ વિચાર.
બેર, બાબર ને કાંચકી, કાંટાળા થુવેર;
આવળિયા બહુ બોરડી, સરગુવા સમેર.
આખડી પડતી સુંદરી, ચરણે વેલા વીંટાય;
છૂટા કેશ કામિની તણા, ઝાંખરે ઝીંટાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષ અથડાયે અંગશું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી રે શરીરની, ભજતી મન નળરાય.
દિવસ નિશા પ્રીછે નહિ, એવું ગાઢું અરણ્ય;
દમયંતી ભૂલી ભમે, ત્યાં દિવસ ત્રણ.
અન્ન ઉદક પામી નહિ, નહિ બેસવું, શયન;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમયંતાં વન.

વલણ

વન ભયાનક ભામિની ભમી, દિવસ ત્રણ ગયા વહી રે;
વાટ, ઘાટ ને ગામ કામ કાંઈ, પ્રેમદા પામી નહિ રે. ૨૭૦

રાગ રામગ્રી

ભૂલી ભમે છે ભામિની, નૈષધનાથની નાર રે;
હો નળ, હો નળ, બોલતી, ભીમકરાજકુમાર રે.
ધોવાયું કાજળ આંસુએ, કરી વેદનાએ વ્યાકુળ રે;
અર્ધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું છે પટકુળ રે;
એવે દીઠો એક ચીતરો, ધાઈ દમયંતી ઊલટ રે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટ રે.
શાર્દૂલ દીઠો વાટમાં, વૈદરભી પૂછે ધરી વહાલ રે;
નૈષધનરેશ વાટે મળ્યા ? છે તારા જેવી ચાલ રે.
સાવજ થાયે ગાભરા, ભય પામી નાસી જાય રે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુઅરિ કંપાય રે. ૨૮૦
પૂછે ઊંચા દ્રુમને, તારી ગગને ગઈ ડાળ રે;
તરુવર, જો મારી વતી, કહીં દીસે ભૂપાળ રે.
પર-ઉપકારી સદા તમો, વળી તારી છાંય રે;
નૈષધનાથ કહું દીહડા, જોઉં છું વનમાંય રે.
તરુ ઉત્તર આપે નહિ, તેમ તેમ રાણી રોય રે;
પુણ્યશ્લોકે જ્યારે પરહરી, શત્રુ થયાં સર્વ કોય રે.
અજગર પડયો છે વાટમાં, વિકાસી મુખ ભાગ રે;
દમયંતીએ જાણ્યું નહિ, તેના મુખમાં મૂકયો પાગ રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણ ગળ્યો જાનુ લગે, વિષ ચઢી ગયું શરીર રે;
પડી ભોમ સાદ નળને કરે, મુખ પાડે રીર રે. ૨૯૦
અજગર આનંદ પામિયો, ભલું જડિયું ભક્ષ રે;
વૈદરભી ઘણું વલવલે, ઊંચાં ચઢી ગયાં ચક્ષ રે.
કંઠે અંધાઈ કાચકી, મુખે પડિયો શોષ રે;
મરણસમે મૂકે નહિ, હૃદે–રસના પુણ્યશ્લોક રે.
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઈ રે;
પગ દીઠો અજગરમુખમાં, તેણે શ્યામાને સાહી રે.
પારધીએ અજગર મારિયો, કોવાડાને ઘાય રે;
જત્ન કરીને મુકાવિયો, નળપત્નીનો પાય રે.
વૈદરભીને વિષ ચડ્યું નહિ, છે વાસવનું વરદાન રે;
કરતલ વાસ સુધા તણો, દેહ રહી પરમ નિધાન રે. ૩૦૦

વલણ

દેહ રહી પરમ નિધાન, હળાહળ ગયું ઊતરી રે;
કહે ભટ પ્રેમાનંદ પછે શું દુઃખ પામી સુંદરી રે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧૦ **સેવાને**–સેવા માટે. ૨૪ **દામણું**–દયામણાં. ૩૯ **પડો વાગ્યો**–દાંડી પિટાવી. ૪૪ **પુણ્યશ્લોક**–પવિત્ર છે નામ (શ્લોક) જેનું તે; નળ. **પંકજપત્ર**–કમળની પાંદડી. ૫૭ **ઢીમર**–માછીમાર. ૬૨ **અરાંપરાં**–અહીંતહીં. ૬૮ **મહિલા**–સ્ત્રી (અહીં દમયંતી). ૬૯ **વેચલાં વીણે**–ફાંફાં મારે. ૭૨ **સ્વાતિબિંદુ**–મોતી. સ્વાતિ એક નક્ષત્રનું નામ છે. એમ કહેવાય છે કે એ નક્ષત્રમાં વરસેલાં પાણીનાં ટીપાંનાં મોતી થાય છે. ૧૦૨ **ઉફરાંટી**–વિમુખ. ૧૧૫ **જાંખળળ**–ઝાંખરાં, ઝાડી. ૧૨૨ **દોહાલે**–મુશ્કેલીથી. ૧૩૦ **ક્રોધે**–ક્રોધ કરે. ('ક્રોધ શબ્દ અહીં ક્રિયાપદ તરીકે વપરાયો છે). ૧૩૩ **કાતું**–છરી. ૧૪૩ **આવાગમન**–આવવું અને જવું તે. ૧૪૮ **વમન**–ઊલટી. ૧૪૯ **નેટ**–ખચીત. **હું પેં**–મારા કરતાં. ૧૫૦ **ઉવાટે**–આડી વાટે. **સાસોટ**–સપાટાભેર. ૧૫૨ **દીસ**–દિવસ. ૧૫૯ **સૃષ્ટિદોહની**–સૃષ્ટિના સારરૂપ. ૧૭૨ **લોહ**–લૂછી નાખ. ૧૮૬ **દાધ્યા**–દાઝ્યા. ૧૯૯ **કદ્રુકુમાર**–કદ્રુ સર્પોની માતાનું છે, તે ઉપરથી. ૨૦૩ **પરિધાને**–પહેર્યાથી. ૨૦૯ **લીહ**–લીટી, મર્યાદા. (આના રૂપે તો હદ વાળી એવો ભાવ છે). ૨૨૯ **પ્રકાશી**–પ્રગટ રીતે. ૨૫૦ **અશુદ્ધે...**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ–અશુદ્ધિને લીધે એને ભય લાગતો નથી. **૨૫૫ શૂકર**–સૂપર, ભૂંડ. **ચિકારડાં**–એક જાતનાં જંગલી જનાવર. **૨૫૬ ફાલુ**–શિયાળની એક જાત. **૨૫૮ સેગઠા**–સરગવાનું વૃક્ષ. **૨૭૬ કટ**–કટિ, કેડ. **૨૯૩ કાચકી**–કંઠનું બંધ થઈ જવું તે. **૨૯૯ વાસવ**–ઇંદ્ર. **૩૦૦ કરતલ**–હથેળી.

૧. નળની સાથે વનમાં જવા માટે દમયંતીએ શી શી દલીલ કરી?
૨. 'બાલુડાંની વિદાય'નો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.
૩. નળને હંસે કઈ બે શિખામણો દીધી હતી? એ શિખામણ એણે પાળી હતી? એનું શું પરિણામ આવ્યું?
૪. દમયંતીને છોડતાં પહેલાં નળના હૃદયમાં જે ઉત્પાત થાય છે તે વર્ણવો.
૫. 'નળ અને કરકોટક નાગ' વચ્ચે જે વાતચીત થઈ તે તમારા શબ્દોમાં લખો.
૬. સ્ત્રીને માટે આ કાવ્યમાં જે જુદા જુદા શબ્દો વપરાયા છે તેની યાદી કરો.
૭. આખ્યાનકાવ્યના સ્વરૂપ અને રચના વિષે ટૂંકી નોંધ લખો.
૮. નળાખ્યાન વાંચી પ્રેમાનંદની કવિત્વશક્તિ અને શૈલી વિશે તમારો ખ્યાલ બંધાયો હોય તે થોડી લીટીમાં લખો.
૯. આમાંથી ઉપમા, રૂપક, સજીવારોપણ અને અત્યુક્તિનાં બે બે દૃષ્ટાંતો આપો.

પ્રીતમ

[ઈ. સ. ૧૭૩૦ (?) ૧૮૦૦ (?)]

[કવિ પ્રીતમદાસે પોતાનાં ઘણાંખરાં કાવ્યો સંધેસરમાં લખેલાં છે, એથી એ ત્યાંના વતની હશે એમ માનવાને કારણ છે. તે જન્મે ભાટ હતા. પરંતુ વિદ્યા-સંસ્કારને કારણે એમની ભાષા ઘણી સંસ્કારી છે. પહેલી સ્ત્રી સાથેનો તેમનો સંસાર કલેશમય હતો અને તેના મરણ પછી તે બીજી વાર પરણ્યા હતા. એ સિવાય એમના જીવન વિષે વિશેષ માહિતી મળતી નથી. પોતે 'ગુરુમહિમા' વર્ણવ્યો છે. અને એમની કવિતા ગુરુમાં રહેલી અંધશ્રદ્ધાને પુષ્ટિ આપનારી છે.

પ્રીતમનાં કાવ્યો મુખ્યત્વે બે પ્રકારનાં છે: (૧) નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિનાં, (૨) જ્ઞાનોપદેશનાં. આ ઉપરાંત પૂર્વજીવનમાં શ્રીકૃષ્ણમહિમા વર્ણવતાં શૃંગારની સ્નેહભાવનાનાં પદો એણે લખ્યાં છે. એનાં કાવ્યોમાં શૃંગારરસના ઉદ્દીપક ભાવ છે, પણ કવિનો શૃંગાર ઉન્મત્ત અને અમર્યાદ થતો નથી. જ્ઞાનભક્તિનો ઉદય થતાં પ્રીતમદાસ 'જગતનું સુખ ઝાકળનું છે પાણી રે' એ પ્રમાણે ગાઈ, સંસારને ઇન્દ્રજાળરૂપે કલ્પી, માનવજીવનને 'ઓસ તણા મોતી' રૂપે વર્ણવે છે.

કવિની ભાષા સંસ્કારી, સાદી અને સરળતાભરી છે. વાણીનું પદલાલિત્ય, શબ્દોની ચૂંટણી અને ગૂંથણી તથા અર્થાલંકારો સહુ કોઈને આકર્ષે તેવાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હરિનો મારગ' એ પદમાં સાચી ભક્તિનો માર્ગ બતાવેલો છે. અને ભક્તિમાં પણ અનુપમ શૌર્ય, ત્યાગ અને પ્રયત્ન જોઈએ એમ કવિ પ્રતિપાદન કરે છે.]

(૧) હરિનો મારગ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જો ને.
સુત, વિત, દારા, શીશ સમરપે, તે પામે રસ પીવા જો ને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જો ને.
મરણ આગમે તે ભરે મૂકી, દ્વિધની દુવિધા વામે જો ને;
તીરે ઊભો જુએ તમાશો, તે કોડી નવ પામે જો ને.
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જો ને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જો ને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જો ને. ૧૦
રામ અમલમાં રાતામાતા પૂરા પ્રેમીજંન જો ને;
પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજનીદંન જો ને.

(૨) જીભલડી રે!

જીભલડી રે! તુને હરિગુણ ગાતાં આવડું આળસ કયાંથી રે?
લવરી કરતાં નવરી ન મળે, બોલી ઊઠે સૌમાંથી રે.–જીભ૦
પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટરસ ખાવા રે;
ઝઘડો કરવા જાહેર ઝૂઝે, કાયર હરિગુણ ગાવા રે–જીભ૦
ઘર લાગ્યા પછી કૂપ ખોદાવે, આગ એ કેમ ઓલવાશે રે?
ચોરો ધન હરી ગયા પછી દીપકથી શું થાશે રે?–જીભ૦
તલ મંગાવો ને તુલસી મંગાવો, રામનામ સુણાવો રે;
પરથમ તો મસ્તક નહિ નમતું, પછી શું નામ સુણાવો રે.–જીભ૦
રામનામનું દામ ન બેસે, કામ ખડે નહિ કરવું રે;
સહેજે પાર પંથનો આવે, ભજન થકી ભવ તરવું રે.–જીભ૦ ૧૦
જેનું નામ જપે જોગેશ્વર, શંકર, શેષ, વિરંચિ રે;
કહે પ્રીતમ પ્રભુનામ વિસાર્યું, તે પ્રાણી પરપંચી રે.–જીભ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) ૪ **મરજીવા**–દરિયામાં ડૂબકી મારી મોતી કાઢી લાવનાર ખારવા; મરીને જીવે એટલે દેહના સંબંધોથી પર થઈને જીતે તે; જીવનમુક્ત. ૫ **દુગ્ધા**–ચિંતા. **વામે**–કાઢી નાખે. દૂર કરે. ૭–૮ **પ્રેમપંથ**–ભગવત્પ્રેમ. એ અગ્નિની ઝાળ જેવો છે; તેનાથી ડરીને નાસે તે દાઝે, અંદર ઝંપલાવે તે સુખ અનુભવે. ૧૦ **મહાપદ**–મુક્તિ. ૧૧ **અમલ**–મસ્તી.

(૨) ૩ **ખટરસ**–છ જાતના સ્વાદથી અનુભવાતા રસ. ૫–૮ આ પંક્તિઓમાં મરણસમયનું ચિત્ર છે. તલ જમીન પર પાથરવા અને તુલસી મરતી વખતે મોંમાં મૂકવી. ૧૧ **વિરંચિ**–બ્રહ્મા.

૧. 'મરજીવા' કોણ? એ કેવાં કામ કરે? આ તમાશો જોનાર ક્યાં ઊભા રહે? તેમને શું મળે? (પદ–૧)

૨. કવિ પ્રેમપંથને 'પાવકની જ્વાળા' શા માટે કહે છે? (પદ–૧)

૩. મરજીવાનું રૂપક વિસ્તારથી સમજાવો.

૪. કવિ જીવનના કયા કયા દોષ ગણાવે છે? જીભનો ખરો ઉપયોગ પ્રભુભજન અર્થે થવો જોઈએ તે સંબંધમાં કવિ શી દલીલો કરે છે? (પદ–૨)

૫. પ્રીતમનાં કાવ્યોમાં માનવજીવન વિષે જે વિચારો રજૂ થયા છે તે લખો; એની સાથે તમે સંમત થાઓ છો?

ધીરો

[ઈ. સ. ૧૭૫૬ (?) ૧૮૨૫ (?)]

[ભક્ત કવિ ધીરાના જન્મ વિષે ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી. તે જ્ઞાતિએ બ્રહ્મભટ્ટ (બારોટ) હતો અને સાવલી પાસે ગોઠડા ગામમાં રહેતો હતો. કહેવાય છે કે ધીરો પોતાનાં કાવ્યો કાગળ ઉપર લખી વાંસની ભૂંગળીમાં મૂકી, મહી નદીમાં તરતાં મૂકતો.

ધીરાનું સ્થાન અખો અને ભોજે એ બે જ્ઞાની ભક્તકવિઓની સાથે છે. ગુજરાતમાં 'ધીરા ભગત'ની કાફી અતિ પ્રિય અને જાણીતી છે. હજી સુધી કાફીમાં કોઈ પણ ગુજરાતી કવિ ધીરાની બરોબરી કરી શક્યો નથી. 'સ્વરૂપની કાફીઓ'માં ધીરાએ વિલાસની ક્ષણિકતા, ગુરુ અને શિષ્યના ધર્મ, અને પૈસા અને સંસારની અસારતા વિશે લખ્યું છે. ધીરાને સંસ્કૃત આવડતું ન હતું. છતાં જ્ઞાતિના સંસ્કાર અને આત્મપ્રતિભાથી એનાં કાવ્યોમાં સરસતા ઊતરી છે. ધીરાને વેદાંત દ્વારા સત્યજ્ઞાન થયું અને તે તેણે સહેલી અને સુમધુર ભાષામાં ઉતાર્યું છે કાફીઓ અને ગરબીઓ ઉપરાંત 'ગુરુસ્વરૂપ', 'જ્ઞાનકક્કો' અને 'અવળવાણી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે લાંબાં કાવ્યો પણ એણે લખ્યાં છે. એના પ્રત્યેક પદમાં ઉપદેશ અને આત્મસુધારણાની ધગશ દેખાય છે. એણે વાપરેલા અલંકારો અખાની પેઠે સામાન્ય અને ઘરગથ્થુ છે. અખાની પેઠે ધીરાને પણ કવિત્વ અને પાંડિત્યનો બાહ્ય આડંબર અપ્રિય હતો; છતાં ઉપરથી સાદાં દેખાતાં આ બન્ને કવિઓનાં પદોમાં ઊંડું, વ્યાવહારિક તત્ત્વજ્ઞાન ભરેલું છે.]

(૧) ખબરદાર મનસૂબાજી

કાફી

ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચઢવું છે;
હિંમતથી હથિયાર બાંધી રે, સત્ય લડાઈએ લડવું છે.— ટેક.
એક ઉમરાવ ને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ;
એક ધણી એક ધણિયાણી, એમ વિગતે સાતસેં ને વીસ;
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવું છે.—ખબર૦
પાંચ પ્યાદલ તારી પૂંઠે ફરે છે, ને વળી કામ ને ક્રોધ;
લોભ, મોહ ને માયા, મમતા, એવા જુલમી જોરાવર જોધ;
અતિ બલિષ્ઠ સવારી રે, એ સાથે આથડવું છે.—ખબર૦
પ્રેમ–પલાણ ધરી, જ્ઞાન–ઘોડે ચડી, સદ્‌ગુરુ શબ્દ લગામ;
શીલ, સંતોષ, ને ક્ષમા ખડગ ધરી, ભજન ભડાકે રામ; ૧૦
ધર્મઢાલ ઝાલી રે, નિર્ભે નિશાને ચઢવું છે.—ખબર૦
સૂરત, નૂરત ને ઈડા પિંગળા, સુષુમણા ગંગાસ્નાન કીજે;
મન પવનથી ગગનમંડળ ચડી, ધીરા સુધારસ પીજે;
રાજ ઘણું રીઝે રે, ભજન વડે ભડવું છે.—ખબર૦

(૨) દુનિયા દીવાની

કાફી

દુનિયા દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્તા વસે પાસે રે, બાજી કાંઈ નવ બૂજે.—દુનિયા૦
જીવ નહિ એને હરિ કરી માને, પૂજે કાષ્ઠપાષાણ;
ચૈતન્ય પુરુષને પાછળ મૂકે, એવી અંધી જગત અજ્ઞાણ;
અર્કને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સૂઝે.—દુનિયા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાષાણનું નાવ નીરમાં મૂકે, સો વાર પટકે શીશ;
કોટી ઉપાયે તરે નહિ, એ તો ડૂબે વસા વીસ;
વેળુમાં તેલ કયાંથી રે, ધાતુની ધેનુ શું દૂઝે?—દુનિયા૦

અંતર મેલ ભર્યો અતિ પૂરણ, નિત્ય નિર્મળ જળમાં નહાય,
મહા મણિધર પેઠો રે દરમાં, તો રાફડો ટીપે શું થાય? ૬૦
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રૂઝે.—દુનિયા૦

સદ્‌ગુરુ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટ પંડમાં પેખ;
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધ દેદાર દેખ;
ધુરંધર ખેલે ધીરા રે, જાહેર જગત મધ્યે ઝૂઝે.—દુનિયા૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) **મનસૂબાજી**–મનરૂપી સૂબો. **૩–૪** એક ઉમરાવ તે વર્ષ, બાર પટાવતો (અમલદાર) તે બાર મહિના. તેની નીચેના સૈનિકો તે ત્રીસ દિવસ. તેમાં ધણી તે દિવસ અને ધણિયાણી તે રાત્રી, એટલે સરવાળો: ૧૨×૩૦×૨=૭૨૦. **૫** મનુષ્યનો આવરદા સાધારણ રીતે સો વર્ષનો. **૬ પાંચ પ્યાદલ**–પાંચ ઇંદ્રિયો. **૧૨ સૂરત**–લગની. ઈડા અને પિંગળા–બંને નસકોરાંમાં શ્વાસ વહન કરનારી નળીઓ, અને તેમનું જોડાણ જ્યાં થાય તે. **સુષુમણા**–જ્યાં સમાધિ વખતે શ્વાસ રોકાય છે. તે નાડી. માટે જ એવી સમાધિ તે ગંગાસ્નાન–તેના જેવી પવિત્ર. **૧૪ રાજ**–આત્મા; પરમાત્મા.

(૨) **૨ બૂજે**–જાણે. **૫ અર્ક**–સૂર્ય. **૧૩ દેદાર**–સ્વરૂપ, દર્શન. **૧૪ ધુરંધર**–નાયક.

૧. સુધારસ પીવા માટે કેવા અને કેટલા પ્રયત્નોની જરૂર હોવાનું ધીરો ભગત સૂચન કરે છે? કાવ્યમાં કવિએ કયાં કયાં રૂપકો વાપર્યાં છે? તેમાંના એકાદનું સ્પષ્ટીકરણ કરો. (પદ ૧)
૨. કવિ દુનિયાને દીવાની શા માટે કહે છે?
૩. ભગવાનની ઝાંખી માટે કવિ શી શી જરૂરિયાતો ગણાવે છે? એના સમર્થનમાં કવિ જે જે અવળા માર્ગનો નિર્દેશ કરે છે તેમાંના ત્રણેક ગણાવો. (પદ ૨)
૪. 'ધીરાની આત્મસુધારણાની ધગશ' એ વિષે આ બે પદો ઉપરથી આશરે ૧૦ લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માનંદ

[ઈ. સ. ?–૧૮૪૯]

[સ્વામીનારાયણ સંપ્રદાયના આ કવિ જ્ઞાતે ચારણ હતા, અને હુંગરપુર તાબાના ખાણ ગામમાં જન્મ્યા હતા. તેમના બાલ્યકાળમાં નવા જન્મેલા સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્યગુરુ સહજાનંદસ્વામીનાં તેમને ગઢડામાં દર્શન થયેલાં અને ત્યારથી તે ત્યાં જ રહેતા. જૂનાગઢના નવાબને પોતાનાં પદોથી મુગ્ધ કરી મુસલમાની અમલમાં જૂનાગઢમાં તે સ્વામીનારાયણનું મંદિર બાંધવામાં સફળ થયા. આ મંદિરની સ્થાપના પછી મૂળી ગામમાં તેવું જ મંદિર સ્થાપી તેનું મહંતપદ તેમણે જીવન પર્યંત ભોગવ્યું હતું. બ્રહ્માનંદે ચારણી તેમ જ હિંદી ભાષામાં પણ કાવ્યો રચ્યાં છે અને ખુદ ગાયકવાડ સરકારે પણ તેમની કવિત્વશક્તિની કદર કરી હતી. ઉપદેશ એ એમનાં કાવ્યોનું તત્ત્વ હતું, અને તે માટે તે અનેક સાદાં અને સામાન્ય ઉદાહરણોનો ઉપયોગ કરતા. આ ઉદાહરણો પરથી આપણને તે કાળના સામાજિક રિવાજોનો ખ્યાલ આવે છે. એમનું શબ્દભંડોળ વિશાળ હતું અને તે એમનાં કાવ્યોને સુગેય બનાવે છે.

બ્રહ્માનંદ એ **સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ**ના મુખ્ય પ્રતિનિધિ છે. આ સમયમાં આ સંપ્રદાયના ઘણા નાનામોટા કવિઓ થઈ ગયા. એમણે વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિનાં પદો ઉમેરી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. વૈષ્ણવોની શૃંગારઅતિશયતાના વિરોધરૂપે આ સંપ્રદાય જન્મ્યો હતો, અને જોકે આ સંપ્રદાયના કેટલાક કવિઓએ આગળના કવિઓને અનુસરી શૃંગારનાં ને કૃષ્ણભક્તિનાં કાવ્યો લખ્યાં છે, છતાં તેનો ભાવ બીજા કવિઓ કરતાં કેટલેક અંશે જુદો છે. એમનાં જ્ઞાન અને વૈરાગ્યનાં પદોમાં સંસારની અસારતા, ભક્તિનો મહિમા અને ઇંદ્રિયોના નિયમન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ બધું વૈષ્ણવોનાં ઉઘાડાં પાખંડ, ભક્તિને નામે ચાલતા ભોગવિલાસ, અને બાહ્ય ધાર્મિક વિધિના વિરોધમાંથી જ ઉદ્ભવ્યું છે. દયારામે લગભગ વીસરાઈ ગયેલી પ્રેમભક્તિની શૃંગારરસપ્રધાન કવિતાને સચેતન કરી.]

આ તન રંગ

ઘોળ

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજરો આગે જી.
અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલે જી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલે જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલે જી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલે જી;
મનમાં જાણે મુજ સરીખો, રસિકો નહિ કોઈ રાગી જી;
બહારે તાકા રહી બિલાડી, લેતાં વાર ન લાગે જી.
આજકાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશે જી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશે જી.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૩ **ફૂલેલ**–ફૂલની સુગંધવાળું. ૭ **રાગી**–પ્રેમી. અજ્ઞાની મનુષ્યની દારૂ પીને મસ્ત બનેલા ઉંદર જોડે સરખામણી કરી છે. ૯ **જમડા**–જમ, યમ, મૃત્યુ.

૧. બ્રહ્માનંદ મનુષ્યને મસ્તાન ઉંદરડા સાથે શા માટે સરખાવે છે?
૨. જમડા કોને પકડી જાય છે? કવિ એથી કોને ચેતવાનું કહે છે? અંતકાળની ફજેતી અટકાવવા માણસે શું કરવું જોઈએ?
૩. સંસાર અસાર છે, ઇંદ્રિયો પર નિયમન રાખવું જોઈએ, અને ભક્તિનો મહિમા ભારે છે. સ્વામીનારાયણ પંથના કવિઓનાં આ સૂત્રો તમને આ કાવ્યોમાં ક્યાં દેખાય છે? જરૂર જણાય ત્યાં અવતરણ ટાંકો.

દેવાનંદ

[આ કવિ ઘણો જ લોકપ્રિય હતો, અને હજુ પણ ગામેગામ ભિક્ષુકોને મોઢેથી ગવાતાં એનાં પદ અને ગરબીઓ આપણે સાંભળીએ છીએ. એની ગરબીઓ પણ પ્રિય થઈ પડી છે, અને સુરત તથા વડોદરામાં નવરાત્રમાં હજુ પણ કોઈ કોઈ વાર તે ગવાય છે. એનાં કાવ્યો સરળ છે અને સત્ય વસ્તુ કહેવા ઘણી વાર એ ચાબખાનો ઉપયોગ પણ કરે છે. એના જન્મ કે મરણનો સમય જણાતો નથી, પણ તે ૧૯મી સદીની શરૂઆતમાં કાવ્ય લખતો હશે એમ મનાય છે.]

મોતનાં નગારાં

પદ

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિર્ધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે.–ટેક.
મોટાં મેલીને રાજ મરી ગયા, જોને જાતાં ન લાગી વાર,–તોય૦
તારું જોબન ગયું જમ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ.–તોય૦
અંતકાળે લેવાને જમ આવિયા રે, તેનો ભારી ભયંકર વેશ.–તોય૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોમ કોટિ વીંછી તણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર.–તોય૦
સગાં સ્વારથી મળ્યાં સર્વે લૂંટવા રે, તેણે જરાય ન ચાલે જોર.–તોય૦
જીભ ટૂંકી પડી ને તૂટી નાડીઓ રે, થયું દેહ તન્યાનું તત્કાલ.–તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથને રે, મળ્યો મનુષ્યદેહ વિશાળ–તોય૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧ **નિર્ધાર**–નિશ્ચય, નિર્ણય. **૫ રોમ**–વાળ, રુવાંટાં. આ પદમાં "મોતનાં નગારાં"થી મરણસમયની નિશાનીઓનું સૂચન કર્યું છે.

૧. 'મોતનાં નગારાં'—એ રૂપક સમજાવો.

૨. અંતકાળનાં દુઃખો ટાળવા માટે કવિ મનુષ્યને શો બોધ આપે છે? કયા કયા ઉપાય સૂચવે છે?

૩. 'દેવાનંદ જનસમાજને બોધ આપવામાં 'ચાબખા'નો ઉપયોગ કરે છે.' કાવ્યમાંથી દૃષ્ટાંત ટાંકી આ વિધાનનું સમર્થન કરો.

દયારામ

[ઈ. સ. ૧૭૬૭–૧૮૫૨]

[આ રસિક કવિનો જન્મ નર્મદાતટે ચાણોદમાં થયો હતો. નાગર જેવી સંસ્કારી જ્ઞાતિમાં જન્મેલા દયારામ છેક અભણ હોય એ સંભવિત નથી. પરંતુ એમના બાળપણમાં માબાપ ગુજરી જવાથી એ વિશેષ અભ્યાસ નહિ કરી શક્યા હોય. નાની ઉંમરથી જ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાય પ્રત્યે એમને પ્રીતિ ઉદ્ભવી અને તરુણ વયે વલ્લભ સંપ્રદાયનો સ્વીકાર કરી હિંદુસ્તાનના એકેએક તીર્થની એમણે પગે ચાલી મુસાફરી કરી. નાસિક જતાં આનાજી આંગડિયા નામના લૂંટારાએ દયારામને પકડી કેદ કર્યા. પણ આનાજીને પોતાની સંગીતનિપુણતાથી ખુશ

[સા. રત્ન ભા. ૩–૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી કવિ ત્યાંથી છૂટ્યા. યાત્રાએથી પાછા ફરી કવિએ ડભોઈમાં વસવાટ કર્યો. મીઠો કંઠ અને અનુપમ કવિત્વશક્તિથી તે આગળ-પાછળના પ્રદેશમાં પણ ઘણા પ્રખ્યાત થયા. એમના સંગીતનંપુણ્ય માટે પણ અનેક લોકવાર્તા પ્રચલિત છે. દરરોજ રાતે દયારામનાં ભજન સાંભળવા લોકોની ઠઠ જમતી. દરરોજ જાતે પદ રચી ગાવાની ટેવને લીધે જ દયારામ પ્રેમાનંદની પેઠે ઘણું લખી શક્યા હતા.

દયારામનાં કૃષ્ણલીલાનાં પદો અતિ લોકપ્રિય છે. કૃષ્ણજીવનના કલ્પિત કે સત્ય મનાતા પ્રસંગો પર રચાયેલી એમની ગરબીઓ આજે પણ ગવાય છે. એ ગરબીઓમાંથી આજના કેટલાયે રાસ રચનારા પ્રેરણા અને વસ્તુ મેળવી શક્યા છે. એમનાં કાવ્યોમાં શબ્દની પસંદગી અને ગોઠવણી સંગીતની દૃષ્ટિએ થયેલી છે. એ શબ્દમાધુર્ય કવિતાના અર્થને દીપાવે છે. દયારામની ભાષા શુદ્ધ, મધુર, સંસ્કારી અને ભાવમય છે.

કૃષ્ણભક્તિરૂપી મધ્યબિંદુની આસપાસ જ એમની સર્વ કાવ્યપ્રવૃત્તિનું વર્તુળ દોરાયું છે. દયારામ પોતાની જાતને ગોપીસ્વરૂપે કલ્પી લઈ પુરુષ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ અનેક પ્રકારે કાવ્ય દ્વારા પ્રગટ કરે છે. નરસિંહ અને મીરાં કરતાં એમની શૃંગારની ભાવના વિશેષ પ્રબલ છે. આથી ઘણે સ્થળે શૃંગારની અતિશયતા છે. દયારામે લખેલાં બોધનાં પદ પણ ઉચ્ચ કોટિનાં છે. એમાં અર્થઘનતા વિશેષ છે, છતાં મધુરતા સારા પ્રમાણમાં જળવાઈ રહી છે.

દયારામે હિંદીમાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે. લાંબા પગપાળા પ્રવાસોને અંગે દયારામને ઘણી ભાષાઓ આવડતી અને એમણે પાંચેક ભાષાઓમાં કાવ્યો રચ્યાં હતાં એમ કહેવાય છે.]

(૧) વૈષ્ણવ નથી થયો તું રે!

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે? –ટેક
હરિજનને જોઈ હેડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં,
કામદામચટકી નથી છટકી, ક્રોધે લોચન રાતાં.–વૈષ્ણવ૦
તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.–વૈષ્ણવ૦
પરદુઃખ દેખી હૈડે ન દાઝે, પરનિંદા નથી ડરતો,
વ્હાલ નથી વિકલથું સાચું, હૈડે ન 'હું, હું' કરતો.–વૈષ્ણવ૦
પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,
કહેણી તેવી રહેણી ન મળે, 'કચહાં લખ્યું?' એમ કહેની.–વૈષ્ણવ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજનારૂઢ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,
જગતતણી આશા છે જ્યાં લગી જગત ગુરૂ, તું દાસ.–વૈષ્ણવ૦
મનતણો ગુરુ મન કરેશ તો સાચી વસ્તુ જડશે,
દયા ! દુઃખ કે સુખ માન, પણ સાચું કહેવું પડશે.–વૈષ્ણવ૦

(૨) જે કોઈ પ્રેમઅંશ અવતરે —

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ફરે.—ટેક
સિંહણ કેરું દૂધ હોય તે, સિંહણસુતને જરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ કોઠીને નીસરે.—પ્રેમરસ૦
સક્કરખોરનું સાકર–જીવન ખરના પ્રાણ જ હરે;
ક્ષાર–સિંધુનું માછલડું જ્યમ મીઠા જળમાં મરે.—પ્રેમરસ૦
સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે વેદવાણી ઓચરે.—પ્રેમરસ૦
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદ્રપિ અર્થ ના સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.—પ્રેમરસ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરુષોત્તમ પૂંઠ ન ફરે;
દયાપ્રોતમ શ્રી ગોવર્ધનધર, પ્રેમભક્તિએ વરે.—પ્રેમરસ૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧): **હરિજન**–હરિનો ભક્ત. ૩ **કામદામચટકી**–શારીરિક વાસના અને પૈસાનો મોહ. ૪–૫ જ્યાં સુધી માણસ બીજાનો ઉદ્ધાર ન કરે — બીજાને ઉપયોગી ન થાય — ત્યાં સુધી એનું જીવન સાર્થ નથી. ૭ **હઠે . . . કરતો** — અહંભાવને — મમતાને ટાળી શકતો નથી. ૧૦ **ભજનારૂઢ**–ભજન–ભક્તિમાં લીન. ૧૨ જ્યાં સુધી મનુષ્ય પોતાના મન પર પૂરો કાબૂ નથી મેળવી શકતો ત્યાં સુધી તે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. મનોનિગ્રહ – ઇંદ્રિયનિગ્રહ એ ઈશ્વરપ્રાપ્તિ માટે આવશ્યક ગણ્યું છે.

(૨): ૨ **જરે**–પચે. ૬ **સોમવેલી**–એક જાતની વનસ્પતિ, જેના માદક રસનું પાન પ્રાચીન કાળમાં બ્રાહ્મણો યજ્ઞ વખતે કરતા અને દેવોને અર્પતા. ૭. **વગળવંશી** – વિગલિત વંશનો; વર્ણસંકર; (વગળ=ભેગ). ૮ **અધિકાર** – જન્મ કે સંસ્કારથી મેળવેલી યોગ્યતા — લાયકાત. કર્મ અને પુનર્જન્મની માન્યતાને લીધે હિંદુધર્મમાં અધિકારને મહત્ત્વ આપવામાં આવે છે. ૧૧ **પુરુષોત્તમ** –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમેશ્વર (પુરુષ શબ્દ ઈશ્વરના અર્થમાં વપરાય છે.) ૧૨ **પ્રેમભક્તિ – પ્રેમ** દ્વારા ઈશ્વરની ભક્તિ; વૈષ્ણવોનો ભક્તિમાર્ગ.

૧. સાચા વૈષ્ણવનાં દયારામે કહેલાં લક્ષણો ગણાવો.
૨. નરસિંહના 'વૈષ્ણવ જન'ના પદ સાથે આ કાવ્ય સરખાવો.
૩. 'હરિજન', 'વૈષ્ણવજન' એ શબ્દો પાછળ રહેલી ભાવના સમજાવો.
૪. 'પ્રેમભક્તિ', 'પ્રેમઅંશ' અને 'પ્રેમરસ' એટલે શું તે સમજાવો.
૫. બીજા પદની છેલ્લી લીટીમાં દયારામ શું કહે છે તે સમજાવો.
૬. 'અધિકાર' બાબત કવિ શું કહે છે? કવિના કથનની ચર્ચા કરો.
૭. શબ્દો સમજાવો: — કામદામચટકી, ભજનારૂઢ, સકરણોર, **સોમવેલ**, પુરુષોત્તમ, ગોવર્ધનધર.
૮. પદ પહેલાની પાંચમી પંક્તિ અને પદ બીજાની આઠમી પંક્તિનો અર્થવિસ્તાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન યુગ

[દયારામ ગુજરાતના છેલ્લા પ્રાચીન ભક્તકવિ છે. એમના મૃત્યુ પછી અંગ્રેજી સંસ્કૃતિની ભરતી ચઢવાથી ગુજરાતી કાવ્યપ્રવાહમાં અવનવા ફેરફાર થવા માંડે છે, એ હવે પછીના કવિઓની કૃતિઓમાં દેખાશે. અત્યાર સુધી ભક્તિ એ કવિતાનો મુખ્ય વિષય હતો. પણ હવેનું દૃષ્ટિબિંદુ પશ્ચિમની અસરથી બદલાય છે, અને કાવ્ય–સાહિત્યમાં હવે પછીના યુગમાં વિવિધતા માલૂમ પડે છે. ખાસ કરીને પશ્ચિમના સંપર્કે આપણને આપણી કુરૂઢિઓ, ત્રુટિઓ અને ઊણપોનું જ્ઞાન થયું, અને સમાજ-પુનર્ઘટનાની ભાવના સાહિત્ય દ્વારા વ્યક્ત થઈ. આને પરિણામે હવે પછીના યુગમાં સાહિત્યનું ક્ષેત્ર વિશેષ વિસ્તૃત અને સ્વરૂપ વિશેષ વ્યાપક બનતું દેખાય છે.]

દલપતરામ

[ઈ. સ. ૧૮૨૦–૧૮૯૮]



[સમાજસુધારણાની ઇચ્છાથી પ્રેરાઈ, સમયની જરૂરિયાત પ્રમાણે ઉપદેશાત્મક કવિતા લખનાર આ કવિનો જન્મ વઢવાણમાં થયો હતો. જ્ઞાતિએ તે શ્રીમાળી બ્રાહ્મણ હતા. પાછળથી એમણે સ્વામીનારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. છેક બાળપણથી એમને કવિતા કરવાનો શોખ હતો અને વીસ વર્ષની નાની ઉંમરે જ તરીકે જાણીતા થયા હતા. ૧૮૪૮માં સ્વ. ભોળાનાથ સારાભાઈ દ્વિવેદિયા મારફતે તે ફોર્બ્સ સાહેબના પરિચયમાં આવ્યા, ત્યારથી તેમની યશસ્વી કારકિર્દીની શરૂઆત થઈ. ૧૮૪૮માં ફોર્બ્સ સાહેબની પ્રેરણા અને મદદથી સ્થપાયેલી ગુજરાત વર્નાકયુલર સોસાયટીની વ્યવસ્થા પાછળથી એમના હાથમાં આવી હતી. સોસાયટીના મુખપત્ર 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રીપદ પણ એમણે કરેલું. અમદાવાદ આવ્યા પછી ૧૮૫૩માં એમણે શિક્ષકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી નોકરી સ્વીકારેલી; પણ મુખ્યત્વે દલપતરામ કવિ તરીકે જાણીતા હતા. પ્રજાએ એમની કદર ઘણી સારી કરી હતી.

નર્મદ અને દલપત બન્ને કાવ્યક્ષેત્રમાં પરસ્પરના વિરોધી લેખાતા. આ ચડસા-ચડસી માટે એ બે કરતાં જનસમુદાય વિશેષ જવાબદાર ગણાય. બાકી સામાન્ય રીતે બન્નેનું ધ્યેય એક જ હતું. બન્નેના માર્ગ અને રીતિ ભિન્ન હતાં. પોતપોતાની રુચિ અને પ્રકૃતિ અનુસાર એક સામાન્ય ધ્યેય સાધવા બન્નેએ ભિન્ન પંથ સ્વીકાર્યા. ઠરેલ, અનુભવવૃદ્ધ દલપતરામે લાંબો પણ સુગમ રસ્તો લીધો; મસ્ત અને સદા યુવાન નર્મદે વિકટ પણ ટૂંકો પંથ પસંદ કર્યો. જીવનધ્યેયને પંથે પળતા આ બન્ને અમર યાત્રાળુઓ પોતપોતીકા સંઘના વિધાતા હતા. જીવનની બે દશાઓ – યૌવન અને વાર્ધક્ય, જુસ્સો અને ડહાપણ, એના એ બે પ્રતિનિધિ હતા.

દલપતરામની શિક્ષકવૃત્તિ એમની કવિતામાં પણ દેખાઈ આવે છે. એમની કવિતાનો ઉદ્દેશ ગમ્મત સાથે જ્ઞાન આપવાનો છે. એમણે નૂની કાવ્ય પ્રણાલીને પોતાના સમયને અનુકૂળ નવું સ્વરૂપ આપ્યું. નર્મદાશંકર ઉપર અંગ્રેજી સાહિત્યની છાપ ઊંડી પડેલી, જ્યારે દલપતરામને માત્ર તેનો પરોક્ષ રીતે સ્પર્શ જ થયેલો.

દલપતરામ એમના યુગના પ્રતિનિધિ હતા. દલપતરામની પ્રેરણા શ્રદ્ધા અને સંતોષમાં હતી. નર્મદની પ્રેરણા અશ્રદ્ધા અને અસંતોષમાંથી જન્મ પામી હતી. "સજ્જન સંભળાવને રે! ધીરે ધીરે સુધારાનો સાર" એ દલપતરામના વચનમાં ક્રાંતિકારી અને સાહસવૃત્તિવાળા નર્મદને શ્રદ્ધા ન આવે એ દેખીતું છે. સમકાલીન સામાજિક સ્થિતિનો ખ્યાલ દલપતરામનાં કાવ્યો વાંચતાં સહજ આવે છે. એમની કવિતા નૂની વાચનમાળામાં ઠેર ઠેર નજરે પડે છે, અને હજુ પણ એ લોકપ્રિય કવિ તરીકે જાણીતા છે. એમની કવિતામાં લાગણી – હૃદયની ધગશ – ઓછી છે, પણ એમનું છંદનું જ્ઞાન અને તે ઉપરનું પ્રભુત્વ આપણને મુગ્ધ કરે તેવાં છે. એમની ભાષા સરળ છે, પણ અલંકાર વગેરેનો પણ કવિ છટાથી ઉપયોગ કરી શક્યા છે. એમનાં કાવ્યોનો સંગ્રહ "દલપતકાવ્ય" તરીકે જાણીતો છે.]

લક્ષ્મી

દોહરા

ઓ લક્ષ્મી તું અવનિમાં, અદ્‌ભુત દેવી એક;
મોટા તુજ મહિમા થકી, ઊપજે ખપે અનેક.
જીવન જેવી જગતને તું પ્રિય પ્રાણાધાર;
તુજ અર્થે જન તન તજે, પામે કષ્ટ અપાર.
તું તોડાવે સંપને, તું જોડાવે સંપ;
તુજ કારણ ભમતા ભમે, જીવ ન પામે જંપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્ર પિતા સાથે લડે, પુત્રો સાથે માત;
લક્ષ્મી માટે લક્ષ્યા, લડે ભ્રાત ને ભ્રાત.
કૈંક કરે છે કાસદાં, કૈંક કરે વેપાર;
ચોરી કરવા ચોરજન, તુજ કારણ તૈયાર. ૧૦

લાંચ ખાય છે લાંચિયા, સતી તજે છે સત્ય;
ધર્મી કરે અધર્મને, તે સૌ તારું કૃત્ય.
પંડિત તો પાછળ રહે, મૂરખ પામે માન;
વખાણ પામે વિધવિધે, વિશ્વ વિષે ધનવાન.
તું તો તત્ત્વ ત્રિલોકમાં, જબરું તારું જોર;
સૌ તુજથી કહેવાય છે, શાહુકાર કે ચોર.
કોઈ ધરાય ન તુજ થકી, મળે લાખ કે ક્રોડ;
ધણી મળે તેમ જ ધણી માંડે દોડાદોડ.
મનસૂબા મોટા કરી, સંગ્રહ કરે સદાય;
અણચિંતો પળ એકમાં, જીવ તજીને જાય. ૨૦

અહુ લક્ષ્મી ત્યાં દુઃખ અહુ, કાં તો થાય કમોત;
જોતાં જોતાં જાય છે, ગોકણ ગોળા સોત.
જેણે શુભ કારજ કર્યાં, લઈ ને તારો લહાવ;
જરૂર તે જીતી ગયા, દુનિયા મધ્યે દાવ.
જેણે જર જોગે કરી, કર્યું ન રૂડું કામ;
વ્યર્થ ગયા તે વૈતરા, દાખે દલપતરામ.
પૈસાનો વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ?
રાવણ કેરી રિદ્ધિ પણ, પળમાં પામી નાશ.
અરે મહાશ્રીમંતથી, ભલો અલ્પશ્રીમંત;
દહન દેહ દિનકર કરે, શશી શીતળતાવંત. ૩૦

સર્વ થકી શ્રીમંત કદી, કોઈ થયો કુંભાર;
ઘર ઉપર અંબાડી શુભ લાગે નહિ લગાર.
ઉત્તમ સૌથી આજ છે, દુનિયા મધ્યે દામ;
જેની ગાંઠે દામ તે, ડાહ્યો દલપતરામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

૮ લક્ષ્મી–લાખ પ્રકારે. **૯ કાસદાં**–ખેપિયાનો–સંદેશ આપનારનો ધંધો. **૨૨ સોત**–સમેત, સાથે. **૨૫ જર જોગે કરી**–પૈસા ભેગા કરી.

૧. લક્ષ્મી ખાતર લોકો કેવા પ્રકારનાં દુષ્ટ કામો કરે છે ?

૨. લક્ષ્મીનો લાભ મેળવનારને કવિ કેવાં કામો કરવા કહે છે ? અને એ માટે કયાં દૃષ્ટાંતો રજૂ કરે છે ?

૩. "ધીરે ધીરે સુધારાનો સાર" એ ઉક્તિને અનુલક્ષીને દલપતરામના જીવન ઉપર ૨૦ લીટી લખો.

૪. "લક્ષ્મી" અથવા "મારી પાસે લાખ રૂપિયા હોય તો" ...એ વિશે ૩૦ લીટી લખો.

નર્મદાશંકર

[ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬]

[ગુજરાતના અર્વાચીન સાહિત્યનો પાયો નાખનાર, યુગપુરુષ, 'વીર નર્મદ'નો જન્મ સુરતની નાગર જ્ઞાતિમાં થયો હતો. કુળની યાચકવૃત્તિ તજી નર્મદાશંકરના પિતા લાલશંકરે લહિયાનો ધંધો સ્વીકાર્યો હતો. આમ સ્વાશ્રય અને કલમની દોસ્તી નર્મદને પારણામાંથી જ થયેલી. જન્મસમયથી જ દેશમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત થયેલી અને તેનો લાભ તેને મળેલો. સુરતમાં સ્કૂલનો અભ્યાસ પૂરો કરી, મુંબઈ આવી, નર્મદાશંકર એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા; પણ કૌટુંબિક સંજોગોને લીધે ફરી સુરત જઈ નોકરી સ્વીકારવી પડી. પ્રથમ પત્નીનું મૃત્યુ થતાં તે જાગ્રત થયા અને મોટાં કામ કરી નામના મેળવવાની ઇચ્છા જાગતાં ફરીથી મુંબઈ આવ્યા. મુંબઈ આવી સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો અને કવિતા રચવાની પણ શરૂઆત કરી. આ દરમિયાન તે નોકરી પણ કરતા. ૧૮૫૮માં નોકરીને હંમેશને માટે તિલાંજલિ આપી સજળ નેત્રે એમણે કલમને ખોળે માથું મૂકયું.

જૂની અને નવી વિદ્યાએ માંડેલા દેશમંથનમાંથી બહાર આવેલાં પ્રથમ બે રત્ન તે કવિ નર્મદાશંકર અને દલપતરામ છે. બન્ને એકમેકના હરીફ હતા અને બન્નેની કવિતા અતિ લોકપ્રિય હતી. દલપતરામ ઠરેલ અને શબ્દચતુર કવિ છે, જ્યારે નર્મદાશંકર મસ્ત કવિ છે. 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે !' એ નર્મદના જીવન અને કવનનો મંત્ર છે. આ જમાનામાં 'નર્મકવિતા' ગણને ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુચે, પણ ધીરજ અને વિવેકથી જોનારને તે પાછળ રહેલી સમાજસુધારણાની ભાવના જોઈ જરૂર નર્મદ પ્રત્યે મૂલ્યભાવ ઉત્પન્ન થાય. એની અનેક પ્રકારની સેવા જોઈ આપણે મુગ્ધ થઈએ છીએ.

સ્વદેશસ્વાતંત્ર્યનું પ્રથમ સ્વપ્ન ગુજરાતમાં નર્મદે સેવ્યું. "દેશાભિમાન" શબ્દ પ્રથમ નર્મદે યોજ્યો. રૂઢ ગદ્ય લખવાની ખરી શરૂઆત નર્મદે કરી. પ્રથમ શબ્દકોષ અને વ્યાકરણ નર્મદે રચ્યાં. આ ઉપરાંત એણે ઇતિહાસ, ધર્મ, સમાજસુધારણા, વિવેચન, પિંગલ, જીવનચરિત્ર, નાટક એ સર્વ વિભાગમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. આટલા ઉપરથી નર્મદની સાહિત્યસેવાના વિસ્તારનો આછો ખ્યાલ આવશે.

નર્મદાશંકર ઊછળતા હૃદયના, સાહસિક, ઉત્સાહી ને રસજ્ઞ કવિ હતા. દલપતરામ પોતાની જાતને ભૂલી જઈ સામાને રંજિત કરવા શ્રોતાજનને અનુકૂળ કવિતા લખતા. નવલરામ લખે છે, "નર્મદની કવિતામાં સ્વભાવ તથા શાસ્ત્રનું બળ ઘણું, પણ ચાતુર્યનું થોડું. દલપતશૈલી **સભારંજની** ચાતુર્યશૈલી કહેવાય, નર્મદશૈલી **મસ્ત** કહેવાય." નર્મદાશંકરની ભાષા સરળ, સંસ્કારી અને અસરકારક છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'નર્મકવિતા' નામે પ્રગટ થયો છે.] (વધુ માટે જુઓ ગદ્યવિભાગ)

(૧) કબીરવડ

શિખરિણી

ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ઘુમસે પહાડ સરખો,
નદી વચ્ચે ઊભો નિરભયપણે એક સરખો.
દીસ્યો હાર્યો જોદ્ધો હરિ તણું હૃદે ધ્યાન ધરતો,
સવારે એકાંતે કબીરવડ એ શોક હરતો. ૧

કદે દેખાવે એ અચરતી જણાયે જગતમાં;
ખરે એ મોરાનો મગરૂબ રહે દેશ નવ કાં?
મનાયે સત્સંગે પવિતર કબીરા ભગતમાં
પ્રજ્ઞની વૃદ્ધિએ નિત અમર કહેવાય નવ કાં? ૨

જતાં પાસે જોઉં વડ નહિ વડોનું વન ખરે,
મળે આડા ઊભા અતિ નિકટ નીચે ઉપર જે.
વડો ઝાઝા તોયે સહુ ભળી ગયે એક દીસતો,
વળી સંધાઓનું અસલ જીવનું એક મૂળ તો. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિયું ડાળું પહેલું કંઈ ન પરખાયે શ્રમ કરે,
ધસેડ્યો પાડીને અસલ વડ રેલે જન કહે;
તણાયા છે ભાગો ઘણી વખત જો એ વડ તણા,
તથાપિ એ થાયે ફૂટ વીસ ગુણ્યા સો પરિઘમાં. ૪

ફૂટી ડાળોમાંથી પ્રથમ તરકેરી નીકળતા,
ખુંચે તેવા તંતુ વધી જઈ નીચે જે લટકતા;
જટાની શોભાથી અતિશ શરમાઈ શવ ઊઠ્યા,
જટાને સંકેલી વડ તજી ગિરિએ જઈ રહ્યા. ૫

ઉનાળાનો ભાનુ અતિ શ્રમથી ભેદી નવ શકે,
ઘટા ઊંચે એવી જન શીતળ છાયા સુખ લીએ;
ખૂલી બાજુઓથી બહુ પવન આવી જમીનને
કરે ચોખ્ખી રૂડી, પછી મિત થઈને ખુશી કરે. ૬

ઘણાં જંતુ પંખી અમળ સુખ પામે અહીં રહી,
ઘણા જાત્રાળુઓ અહીં ઊતરતા પુણ્ય સમજી;
ઘણા શિકારીઓ ગમત કરતા રે બહુ અહીં.
હજારો લોકોને અડચણ સમાતાં અહીં નહીં. ૭

અહીંયાંથી જોવી ચકચકતી વે'તી નદી દૂરે,
પશુ કો જોવાં જે અહીં તહીં ચરે બેટ ઉપરે;
ઘટા ભારે જોવી, શબદ સુણવા કોઈ બગના,
દિલે વાયુ લેવો, સુખ નવ હીણુ લે કરમના. ૮

ઘટા થાળાં લીધે ઘણીક ફરવાની ગલી થઈ,
અખોલો બંધાઈ રમણીય બહુ બેઠક બની;
નિરાંતે જેમાં તો ખુશી થકી રમે લાલ લલના,
નિરાંતે જેમાં તો ખુશી થકી રમે જોગી જપમાં. ૯

ઠરી મારી આંખો, કબીરવડ તુંને નીરખીને,
ખરી પાપી બુદ્ધિ, ખરી જ રૂડી જાત્રા થઈ મને;
વિશેષે શોભે છે ગભીર વડ તુંથી નરમદા,
કૃતાર્થી મોટો દરશન વડે છું નરમદા. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) અવસાનસંદેશ

૫૬

નવ કરશો કોઈ શોક, રસિકડાં નવ કરશો કોઈ શોક. — ટેક
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી; — રસિકડાં૦
પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી. — રસિકડાં૦
મર્મ ન સમજે બકે શંખશઠ, વાંકું ભણે બહુ પણથી; — રસિકડાં૦
એક પીડમાં બીજી ચીડથી, ચળશે જીવ અગનથી. — રસિકડાં૦
હતો દુખિયો થયો સુખિયો, સમજે છૂટ્યો રણથી; — રસિકડાં૦
મૂઓ હું તમે પણ વળી મરશો, મુક્ત થશો જગ–તમથી. — રસિકડાં૦
હરિકૃપાથી, મમ લેખ ચિત્રથી, જીવતો છું હું દમથી; — રસિકડાં૦
વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી. — રસિકડાં૦
જુદાઈ દુઃખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી; — રસિકડાં૦
મરણ પ્રેમીને અતીત મોહું છે, દુઃખ વધે જ રુદનથી. — રસિકડાં૦
જગતનીમ છે જનમ મરણનો, દૃઢ રહેજો હિંમતથી; — રસિકડાં૦
મને વિસારી રામ સમરજો, સુખી થશો તે લતથી. — રસિકડાં૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) ૬ **મોરાનો** – સ્વરૂપનો. ૧૬ **પરીય** – ઘેરાવો. ૨૪ **મિત** – પ્રમાણસર. ૩૮ **ખરી** – ખરી પડી; નાશ પામી.

(૨) **અવસાન** – મૃત્યુ. ૪ **જળશે** – બળશે. ૬ **રણથી** – ઋણથી – રણ (અરણ્ય)થી. ૧૨ **નીમ** – નિયમ. ૧૩ **લત** – ટેવ.

૧. કબીરવડનું આશરે વીસેક લીટીમાં વર્ણન કરો.

૨. કબીરવડનું કાવ્ય વાંચી કુદરતનું સૌંદર્ય અને તીર્થની પવિત્ર ભાવના વિષે તમારા મન પર જે છાપ પડી હોય તે વિષે થોડી લીટીઓ લખો.

૩. કવિનો 'અવસાનસંદેશ' વાંચી-વિચારી તમને શો અનુભવ થયો તે લખો. એ સંબંધી તમારો શો મત છે?

૪. 'અવસાનસંદેશ' વાંચી નર્મદના સ્વભાવ વિશે તમે શો ખ્યાલ બાંધ્યો તે લખો.

૫. નર્મદનું જીવન લક્ષમાં રાખી નીચેના દરેક ઉપર થોડી લીટીઓ લખો :— અ. "કલમની દોસ્તી નર્મદને પાલણામાં જ થયેલી." બ. "નોકરીને તિલાંજલિ આપી સજળ નેત્રે કવિએ કલમને ખોળે માથું મૂકયું." ક. નર્મદ 'મસ્ત કવિ' હતો. ડ. "યા હોમ કરીને પડો ફતેહ છે આગે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[ઈ. સ. ૧૮૫૯–૧૯૩૭]



[ગુજરાતી કવિતાને નવીન બળ આપનાર અને સાહિત્ય-ક્ષેત્રના નવા પ્રદેશોમાં કાવ્ય-સરિતાને વાળનાર, કવિવિવેચક નરસિંહરાવનો જન્મ અમદાવાદ-ની નાગર જ્ઞાતિમાં થયો હતો. 'પ્રાર્થનામાળા' ના સુપ્રસિદ્ધ કર્તા, ભોળાનાથ સારાભાઈ એમના પિતા થાય.

ઈ. સ. ૧૮૮૦ માં બી. એ. ની પરીક્ષામાં સંસ્કૃતમાં વધારેમાં વધારે ગુણ મેળવી એમણે 'ભાઉ દાજી' ઇનામ મેળવ્યું હતું. ઈ. સ. ૧૮૮૩માં એ સરકારી નોકરીમાં જોડાયા અને ઈ. સ. ૧૯૧૨માં નિવૃત્ત થયા. નોકરી દરમ્યાન ઘણો સમય દક્ષિણમાં ગાળેલો, જ્યાં એમને સૃષ્ટિસૌંદર્ય નીરખવાનો લાભ મળ્યો. એમાંનાં ઘણાં દૃશ્યો એમની કવિતામાં ચિરંજીવ થયાં છે. ૧૯૨૧ થી ૧૯૩૬ સુધી એમણે એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું હતું.

ઈ. સ. ૧૮૮૭નું વર્ષ ગુજરાતના સાહિત્યજીવનમાં અપૂર્વ છે. એ વર્ષમાં ગુજરાતને બે યુગવિધાયક પુસ્તકો મળ્યાં : 'કુસુમમાલા' અને 'સરસ્વતીચંદ્ર ભાગ ૧ લો'. 'કુસુમમાલા'નાં કાવ્યોમાં સૃષ્ટિસૌંદર્યના નવા ચમકારા ગુજરાતે જોયા. ભક્તિના સંકુચિત ક્ષેત્રમાં ગૂંગળાઈ ગયેલી કવિતાને નર્મદ-દલપતે બહાર કાઢી. તેમનું સમાજસુધારણાનું ક્ષેત્ર પણ સ્વૈરવિહારિણી કવિતાને સંકુચિત જ લાગ્યું. ત્યાંથી કવિતાને મુક્ત કરી નરસિંહરાવે એને સૌંદર્યસૃષ્ટિમાં રમતી મૂકી. કવિતા કૃશાંગી છે, અને માત્ર ઉપદેશના ભારથી એને લાદી દેવી એ એના કોમળ અવયવોને હાનિકર્તા છે — એ કાવ્યમીમાંસાનું સત્ય સ્પષ્ટ રીતે પ્રથમ નરસિંહરાવને જ સમજાયું. 'કુસુમમાલા', 'હૃદયવીણા' અને 'નૂપુરઝંકાર' ઉપરાંત એમણે પોતાના યુવાન પુત્રના મૃત્યુ બાદ 'સ્મરણસંહિતા' નામક સુંદર, હૃદયદ્રાવક કરુણપ્રશસ્તિ (elegy) પ્રસિદ્ધ કરી હતી. સહિષ્ણુતા, આશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અને અચળ શ્રદ્ધા એ નરસિંહરાવના આધ્યાત્મિક અને સાહિત્યિક જીવનનાં પ્રેરક તત્ત્વો હતાં. એ એમના જીવન સાથે એવાં વણાઈ ગયાં હતાં કે એક વા અન્ય સ્વરૂપે એમના ગદ્ય અને પદ્યમાં એ સર્વદા વ્યક્ત થયાં કરે છે.]

(જુઓ ગદ્યવિભાગ)

((૧) મહાભારતના એક ગૌણ પ્રસંગને આધારે 'ઉત્તરા અને અભિમન્યુ'નું આ સુંદર ખંડકાવ્ય રચાયું છે. અર્જુનની ગેરહાજરીમાં એનો પુત્ર વ્યૂહયુદ્ધ માટે જવાનો છે; કારણ એના ને અર્જુનના સિવાય એ વ્યૂહનું બીજા કોઈને જ્ઞાન નથી. આ યુદ્ધની આગલી રાત્રે એની પત્ની ઉત્તરાને અનિષ્ટ સ્વપ્ન આવે છે ને એ ઝબકીને જાગી જાય છે. અભિમન્યુ એને સાંત્વન આપવા યત્ન કરે છે. જે અનિષ્ટ ભાવિ નિર્માયું છે તેની આગાહી સ્વપ્નમાં હતી. એનું સૂચન કવિએ કુશળતાથી કાવ્યમાં ઘણે સ્થળે કર્યું છે. એવાં સૂક્ષ્મ ને અર્થવાહી સૂચનો દ્વારા કાવ્યના સૌંદર્યમાં ઘણો વધારો થાય છે. ભાવ પ્રમાણે છન્દ બદલાય છે એથી પણ કાવ્યની કલામાં વધારો થાય છે. (૨) પોતાના પુત્રના અવસાન નિમિત્તે રચાયેલી કરુણ પ્રશસ્તિ 'સ્મરણસંહિતા' (elegy)માંનો આ એક ખણ્ડ છે. મૃત પ્રિયજનનાં સ્મરણ માત્ર દેહાવલંબી નથી પણ અમર છે, અને એ સ્મરણજન્ય દુઃખ પણ મધુર છે. પ્રિયજનની સ્મૃતિમાં શોકને સ્થાન દેવું એ ઉચિત નથી; છતાં અનિવાર્ય છે; અને ગત પ્રિયજનના સ્મરણમાં શોકાશ્રુ ન ભળે, એ માટે પ્રભુની સાહાય્ય આવશ્યક છે.)

(૧) ઉત્તરા–અભિમન્યુ

અનુષ્ટુપ

"ધાઓ, ધાઓ, અરે નાથ! ઉગારો અગ્નિઝાળથી."
લવતી ઝબકી જાગી નવોઢા આંસુ ઢાળતી.

વસંતતિલકા

"ભોંઘી કળી હૃદયની સુકુમાર મારી!
કોણે તને મધુર નીંદરમાંહી ડારી?
સૂતો સમીપ અભિમન્યુ પતિ પ્રચંડ
તે ભૂલી કોણ રમતો અહીં મૃત્યુ સંગ?"
એવું વદી જ રણધીર નવીન નાથ
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ;
ખીલી ગુલાબ કળી ઝાકળ બિન્દુ ધારે,
એવા કપોલ પર આંસુ ધીરે સમારે; ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને સ્પર્શતાં અધરથી મૃદુભાવ ધારી
પૂછે ફરી ફરી પ્રિયાવદને નિહાળી :
"શું છે? મીઠી! થયું શું? આવડી કેમ કાંપી?"
મુગ્ધા ફરી હૃદય સાથ ધીમેથી ચાંપી.

અનુષ્ટુપ

ઉખેડી ભૂમિથી નેનો રોપિયાં પતિનેનમાં!
લસતાં દીર્ઘ પદ્મોમાં આંસુડાં ગૂંથીને નવાં;
કરી કંઠ ઊંચો કાંઈ અબોલા ક્ષણ એ રહે,
પછી દીન બની સ્વપ્ના તણી વાર્તા બધી કહે :

ઉપેન્દ્રવજ્રા

"આજે નાથ! બન્યું વિપરીત, તમને તે કહું શી રીત?
જાણે પુરુષવેશ જ ધારી મેં અશ્વે કરી છ સવારી;
ધારી ધનુષબાણ હું ચાલી, મૃગયા કાજ વનપથ ઝાલી;
સુન્દર એક ત્યાં સહકાર, તે પર બેઠું છે સુકુમાર
જુગલ કપોત કેરું મીઠું, કરતું પ્રેમકેલી દીઠું.
મૂર્ખી હું ખરે બની કાંઈ, બીજું કાંઈ સૂઝ્યું નાહીં;
ને શર ફેંકી નર તરુડાળ પરથી પાડિયો તત્કાળ;
સહસા ત્યાંહીં અગ્નિજ્વાળ ઊપની કપોતી કેરે ભાળ;
ફૂદતો એહ અગ્નિ કરાળ આવ્યો મુજ કને ભરી ફાળ;
જિહ્વા તીવ્ર નચવી અનેક મુજને વીંટી વળિયો છેક.
છોડી સર્વ બીજાં અંગ અંબોડો ધર્યો નિઃશંક;
છળીને એકદમ પછી જાગી કરવા રુદન હું તો લાગી."

સોરઠો

એમ વદીને નાર સહસા આંસુ રેડતી;
"સ્વપ્નાનો શો સાર હશે કારમો નાથ ઓ?
અભાગણી હું મોઈ! ઊંધી મતિ શેણે સૂઝી?
બીજું જડ્યું નહિ કોઈ? કપોત પ્રેમી શેં હણ્યો?"

વસંતતિલકા

"શાને મીઠી! તું ગભરાય અરે અતીશે?
આ સ્વપ્નમાંહી નવ વાસ્તવ કાંઈ દીસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જો! પેલી વાગી રણદુંદુભી રમ્ય ઘોર!
રે! અશ્વ! અશ્વ!—સખિ કંઠ હવે તું છોડ."

ઉપેંદ્રવજ્રા

"વહાલા! નહોય દુંદુભી નાદ, એ તો મેઘ ગાજ્યો આજ;
અંધન કંઠનું કચમ છોડું; મુજને ભય નથી કંઈ થોડું;
પેલી અગ્નિ કેરી ઝાળ આવે એ! જુઓ શી કરાળ!"

શિખરિણી

"અરે ઘેલી! એ શું બકતી? બધી એ સ્વપ્નભ્રમણા—

દ્રુતવિલંબિત

તુરગ જો મુજ કાંઈ ખુંખારતો, 'રણચઢો' કંઈ એમ પુકારતો
નહિ વિલમ્બ હવે કરવો પ્રિયે! કદી જ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે."

ઉપેંદ્રવજ્રા

"ક્ષત્રિય ધર્મ જો પ્રિય થાય તો તો કરી કોટી ઉપાય
સર્વે સંકટોથી નિત્ય અબળા રક્ષવી એ રીત.
પેલી તીવ્ર અગ્નિજ્વાળ મુજ પૂંઠળ ભમે ચિરકાળ,
તેનાથી બચાવો નાથ! અબળાનો તજો નવ હાથ."

વસંતતિલકા

"છે એક જો! સબળ નિર્બળનો જ પાતા;
વહાલી! હવે સ્થિર થઈ ધર ચિત્ત શાતા.
જો! દેખું આ અસિ પણે ચમકે અનંત,
તે ચિત્ત આ ચમકીને બન્યું વેગવંત."

દ્રુતવિલંબિત

અધર વેગ થકી અધરે અડી નૃપકુમાર, પ્રિયા અળગી કરી,
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણેઃ તુરગનાં પગલાં યુવતી સુણે.

અનુષ્ટુપ

દૃષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો દૂભી;
ભૂલી ત્રિકાળને મુગ્ધા અનિમેષ રહી ઊભી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) પ્રિયજનનું સ્મરણ

ખંડ હરિગીત

રૂપ ભૌતિક લુપ્ત તુજ, રૂપ કેવું હવે હશે?
ભેટતાં પરલોકમાં, અન્યોન્ય ઓળખ કંઈ થશે?
દેહના અસ્તિત્વ પર તુજ સ્મરણ શું ટેકશે?
દેહ થાતાં લુપ્ત શું તુજ સ્મરણ પણ લુપ્ત જ થશે?
ઓ! બચાવો કોઈ એ હીન વિસ્મૃતિમાર્ગથી;
દૃષ્ટિપથથી દૂરને, ન વીસરું,— એ ધ્યો સ્થિતિ.
પ્રેમબળથી બલવતી, શક્તિ સ્મૃતિની માહરી;
મૂર્તિ તુજ શું નહિ કરે ઊભી, રચી શાશ્વત ફરી?
ને સબળ મુજ આત્મ આ આત્મ તુજસન્મુખ કરી,
દર્શનો પ્રત્યક્ષ શું નહિ થાય છબી અભિમુખ ધરી? ૧૦
દેહ ભસ્મ બની જતાં, તું બન્યો જ અસત્ય શું?
કેમ એ કલ્પી શકું? તુજ સત્યતા હું કચમ ભૂલું?
તું નથી જો સત્ય તો, આત્મ મુજ, પરમાત્મ ને
સર્વ છે જ અસત્ય તો મુજ હૃદયમતિ કહે, ના બને,
કાળ શું નિજ બળવડે, સ્મરણચિત્રો ભૂંસશે?
એહ જો સત્ય જ હશે, તો દેહ સહ સઘળું જશે!
હૃદય એ માને નહિ; આત્મતત્ત્વ સ્વસિદ્ધ છે,
અન્યમત, મુજ મન કહે, ઉપપત્તિ કેરી વિરુદ્ધ છે.
અન્ય શાણા જન વળી, દે મને આશ્વાસનો:
'કાળ ઔષધ દુઃખતણું,' હા! એ નિરર્થક હું ગણું, ૨૦
સ્મરણલોપક કાળબળ, નવ રુચે મુજને કદી;
પ્રિયજનો નિત્યે રમે, મુજ સ્મરણમાં એ શુભસ્થિતિ.
કાળ ઓ! તું તૃપ્ત થા, બાળ મુજ મોંઘો હરી!
મા પ્રહાર નવો તું દે, તુજ મંત્ર વિસ્મૃતિનો ધરી.
શત્રુ મુજ સહુ વીસરું, વીસરું જગ દુઃખને;
એક પ્રિયજનઆત્મને નવ વીસરું હું કો ક્ષણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનબંધે રોકિયાં અશ્રુજળ રેલાવીને,
સ્મરણ મોંધાં બાળનાં, તાજાં નિરંતર છો બને.
અશ્રુ ઔષધ દુઃખનું, સ્નેહ–વૈદ્યે આપિયું;
અશ્રુરૂપે વહી જતું, વિષ ઉર વિષે જે વ્યાપિયું. ૩૦
હા ! સ્મરણ તુજ ક્ષણુક્ષણે, ઉર વિષે જ જગાડીને;
શોક તુજ વિચ્છેદનો, ભૂલી જશું ધૃતિ ધારીને.
હા ! તદપિ શું શક્ય છે, સ્મરણ એવાં સેવવાં;
જે મહીંથી ટાળીએ, કટુ બિંદુ દુઃખ તણાં નવાં ?
સ્મરણ ને શોકાશ્રુનો, ભેદ કરતાં કયાં શીખું ?
ક્ષીરનીરવિવેક એ, પ્રભુ ! તુજ કૃપાથી કરી શકું.

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૬) આ પ્રસંગ મહાભારતમાં છે અને સુપ્રસિદ્ધ છે. ઉત્તરાનું સ્વપ્ન અને આખો સંવાદ કલ્પિત છે. **અભિમન્યુ** – અર્જુન અને સુભદ્રા (કૃષ્ણની બહેન)નો પુત્ર; પૂર્વજન્મે એ રાક્ષસ હતો. તે માતાના ઉદરમાં હતો ત્યારે કૃષ્ણે પોતાની બહેનને પ્રસન્ન રાખવા યુદ્ધના અમુક વ્યૂહોની વાત કરેલી. એ જ્ઞાન અભિમન્યુને ગર્ભમાં પ્રાપ્ત થયું હતું. સુભદ્રા ઊંઘી જતાં વ્યૂહનો પાછળનો ભાગ કહેવો રહી ગયો હતો, એટલે એથી અભિમન્યુ અજ્ઞાત રહ્યો. અર્જુન સિવાય પાંડવોમાંથી કોઈ આ વ્યૂહ જાણતો નહિ. એટલે અર્જુનની ગેરહાજરીમાં કૌરવોએ આ યુદ્ધ માટે પાંડવોને પડકાર્યા. તરતના પરણેલા યુવાન અભિમન્યુએ કુળની આબરૂ ખાતર એ પડકાર સ્વીકાર્યો ને વ્યૂહના અંતે તે મૃત્યુ પામ્યો. ૨ **નવોઢા** – નવી પરણેલી યુવતી. ૯ આંખને ગુલાબની કળી સાથે અને આંસુને ઝાકળ બિન્દુ સાથે સરખાવ્યાં છે, એટલે રૂપક અલંકાર. ૧૬ **પક્ષ્મોમાં** – પાંપણોમાં. **નવાં** – લગ્ન પછી પહેલવહેલાં જ આ આંસુ પડ્યાં હતાં, તેથી નવાં. ૧૯ ઉદ્ગાર જેવા ત્વરિત ગતિવાળા છંદથી ઉત્તરાના હૃદયનો આવેગ દર્શાવાયો છે. ૨૨ **સહકાર** – આંબાનું વૃક્ષ. ૨૩ **જુગલ** – યુગલ, દંપતી. **પ્રેમકેલી** – પ્રેમની ચેષ્ટા, પ્રેમક્રીડા. ૨૯ **અંધોડો** – આગામી વૈધવ્યનું સૂચન કરે છે. ૩૦ **છળીને** – ચમકીને, બીને. ૩૬ **વાસ્તવ** – સાચું, ખરું. ૩૭ રમ્ય અને ઘોર એ બે પરસ્પર વિરોધી વિશેષણોનો ઉપયોગ સુંદર રીતે થયો છે, ક્ષત્રિયને રણનું નિમંત્રણ આનંદજનક હોય, માટે રમ્ય; અભિમન્યુનું મૃત્યુ થવાનું છે – ઉત્તરા માટે વૈધવ્ય આવી રહ્યું છે, એટલે ઘોર. ૪૦ ભય... થોડું. પ્રાચીન ગુજરાતી કવિતામાં ભય નાન્યતર જાતિમાં વપરાતો. ૪૯ **પાતા** – (સં. પા) રક્ષણ કરનાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલન કરનાર. **૫૧ અસિ** (સં.) – તરવાર. **૫૮ ત્રિકાળ** – ભૂત, વર્તમાન અને ભવિષ્ય; (અજ્ઞાન, શૂન્યમનસ્ક – બનીને ઊભી રહી). **અનિમેષ** – આંખનું મટકું માર્યા વગર, સ્થિર નયને.

(૨) – **૨ ભૌતિક** – પંચમહાભૂતનું બનેલું, સ્થૂલ. ૬ મારી દૃષ્ટિથી દૂર હોય એવા પદાર્થને હું ન વીસરું એવી અવસ્થા મને આપો. ૭ **પ્રેમબળથી** – પ્રેમના બળને લીધે. **૧૩–૧૪** "તું સત્ય–એમાંથી મુજ આત્માની, અને સર્વ (આત્મા)-ની સત્યતા. જો તું અસત્ય તો સઘળું અસત્ય. પ્રેમ(Love)માં સત્યત્વનો નિકટ – અપરોક્ષ – અનુભવ." **૨૮ ઉપપત્તિ** – પ્રમાણ, દાખલો. **૨૫ જગદુઃખને** – જગે કરેલાં દુઃખને. **૨૯–૩૦** "દુઃખનું ઓસડ આંસુ. સ્નેહવૈદ્ય ઉરમાં રહેલા શોકરૂપી વિષને અશ્રુરૂપ બનાવી બહાર કાઢે છે. આમ અશ્રુ તે દુઃખનું ઓસડ બને છે." **૩૨ વિચ્છેદ** – વિયોગ, મૃત્યુ. **ધૃતિ**–સ્થિરતા, ધૈર્ય. તારા વિચ્છેદના શોકને ભૂલી જઈશું, તને નહિ. **૩૫–૩૬** – સ્મરણ અને શોકાશ્રુનો ભેદ: એક મીઠાં, બીજાં ખારાં. **ક્ષીરનીરવિવેક** – દૂધ અને પાણીનો ભેદ પારખવાની વિવેકશક્તિ.

૧. ઉત્તરાના સ્વપ્નનો પ્રસંગ વર્ણવો અને એમાં રહેલું રહસ્ય સમજાવો.
૨. અભિમન્યુએ ઉત્તરાને આશ્વાસન આપવા શું કહ્યું? એથી એને આશ્વાસન મળ્યું ખરું?
૩. નરસિંહરાવના 'મહાભિનિષ્ક્રમણ' કાવ્યમાંથી યશોધરાના સ્વપ્નનો પ્રસંગ વાંચો અને તેને આ પ્રસંગ સાથે સરખાવો.
૪. આ કાવ્યમાં જે અશુભ આગાહીનાં સૂચન થયાં છે તે પંક્તિઓ દર્શાવી તેમાં રહેલાં સૂચન સમજાવો.
૫. ખંડકાવ્ય તરીકે આ કાવ્યનું રસદર્શન કરાવો.
૬. અભિમન્યુના જીવન વિશે માહિતી એકઠી કરો.
૭. પંક્તિ ૯, અને ૨૭–૨૮માં રહેલા અલંકાર ઓળખાવો.
૮. 'કરુણ પ્રશસ્તિ' એટલે શું? આ સંગ્રહમાંની કરુણ પ્રશસ્તિનાં નામ ગણાવો.
૯. સ્પષ્ટીકરણ કરો:– (અ) કાળ ઔષધ દુઃખતણું (બ) અશ્રુ ઔષધ દુઃખનું, સ્નેહ-વૈદ્યે આપિયું (ક) ક્ષીરનીરવિવેક.
૧૦. નરસિંહરાવનું કથન ધ્યાનમાં રાખી નીચેના વિશે નોંધ લખો:–
(૧) ઈશ્વરમાં અચલ શ્રદ્ધા. (૨) પારલૌકિક જીવનનો આશાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

[ઈ. સ. ૧૮૬૬–૧૯૨૩]

['કાન્ત' ઉપનામથી જાણીતા થયેલા આ કવિનો જન્મ લાઠી પાસે ચાવંડમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં થયો હતો. ૧૮૮૮ માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. ની પદવી મેળવી વડોદરામાં કલાભવનમાં સાહિત્ય અને શિક્ષણના અધ્યાપક તરીકે એ નિમાયા. આઠેક વર્ષ પછી ભાવનગરમાં નોકરી લીધી અને બાકીનું જીવન ત્યાં જ ગુજર્યું. એમની પ્રથમ પત્ની નર્મદા–'નાની'–નું મૃત્યુ ભરજુવાનીમાં થયું હતું. એને સંબોધી એમણે કેટલાંક સુંદર કાવ્યો રચ્યાં છે. કવિને ખ્રિસ્તી ધર્મ માટે પક્ષપાત હતો અને ઈ. સ. ૧૯૦૦ માં જાહેર રીતે એમણે એ ધર્મનો સ્વીકાર કર્યો. આથી હિંદુ સમાજ અને એમનાં સગાંસ્નેહીઓને થયેલો આઘાત એ ન સહી શક્યા અને ફરી આર્ય થયા; પરંતુ જીવન પર્યંત તે હૃદયથી એક સાચા ખ્રિસ્તી જ હતા. એમનાં લખાણોમાં ખ્રિસ્તી ધર્મની માન્યતાઓની અસર સ્પષ્ટ છે. આ ઉપરાંત એમણે બીજા ધર્મોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. ધાર્મિક ભાવના એ એમનાં ઉત્તરાવસ્થાનાં કાવ્યોનું વ્યાપક અને વિધાયક તત્ત્વ છે.

એમનો કાવ્યસંગ્રહ એમના મૃત્યુ પછી 'પૂર્વાલાપ' નામે પ્રગટ થયો હતો. 'વસંતવિજય' નામક સર્વાંગસુંદર કાવ્ય લખી કાન્તે ખંડકાવ્યમાં ભાવ પ્રમાણે છંદ ફેરવવાની પ્રથા દાખલ કરી. એમનાં કાવ્યો સંખ્યામાં ઓછાં છે, પણ એ ઉપરથી પણ એમની કોમળ ભાષા, સુંદર કલ્પના અને હૃદયના ગૂઢ ભાવ આલેખવાની અનુપમ શક્તિનો ખ્યાલ આપણને આવ્યા વગર ન જ રહે. એમના છંદોનું નૈસર્ગિકપણું અને ભાષાપ્રભુત્વ પણ આપણને મુગ્ધ કરે છે. યથાર્થ રીતે કવિ નથ્થુરામ સુંદરજીએ કાન્તની શાંત વાણીને 'સગુણવતી, સુરૂપા સુરીતિવાન, શાણી' કહી છે. કવિતા ઉપરાંત 'રોમન સ્વરાજ' અને 'ગુરુ ગોવિંદસિંહ' જેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર નાટકોના એ લેખક છે. એમના સંવાદો અને 'કાન્તમાળા'માં પ્રગટ થયેલા પત્રો પણ ગુજરાતી સાહિત્યમાં જુદી જ ભાત પાડે છે.

'સાગર અને શશી' એ ભાવગીતમાં ઈશ્વરની ભક્તિ સાથે પ્રકૃતિના સૌંદર્યના દર્શનથી ઝરતો ઉલ્લાસ પણ છે. શબ્દાલંકારના ઉપયોગથી કવિએ કાવ્યને કેટલું મધુર અને હૃદયંગમ બનાવ્યું છે! બીજામાં પોતાના મિત્રને (પ્રો. બ. ક. ઠાકોરને) રાજહંસ તરીકે સંબોધન કર્યું છે, અને રૂપક છેક સુધી કલા અને વાસ્તવિકતાની દૃષ્ટિ રાખી જાળવી રાખ્યું છે.]

(૧) સાગર અને શશી

રાગ: શંકરાભરણ

આજ, મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે;
સ્નેહઘન, કુસુમવન, વિમલ, પરિમલ ગહન
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે,
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા, કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

(૨) રાજહંસને સંબોધન

હરિણી

અહુ દિવસથી સ્વેચ્છાએ તેં પ્રવાસ શરૂ કર્યો,
સર સરિત કેં જોતાં જોતાં અનેક જગે ફર્યો;
હજી પણ સખે! પાસે આવ્યું ન માનસ તો દીસે,
વિરતિ કરી લે માટે આજે હવે સ્થલ આ વિશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકટ વનથી થાકી દૃષ્ટિ જરા અહીંયાં ઠરે,
અનિલ લહરી આવી પાસે તનુશ્રમને હરે:
મૃદુ રવ વળી ધીમે ધીમે વહી ઝરણાં કરે,
સકલ રચના મેળે મેળે પ્રસન્ન તને કરે! ૨
અનુભવ નથી રસ્તાનો કૈં હવે પછીના તણો,
શ્રમ પણ, સખે! આગે જાતાં કદાચ પડે ઘણો;
ત્વરિત ન થતાં માટે આંહીં જરા ઠરવું ઘટે,
મધુર જલમાં ચિંતા છોડી જરા તરવું ઘટે! ૩
કમલવન છે ક્રીડા માટે સમીપ મનોહર,
કુસુમિત લતાઓમાં પેસી પરાગ અધે ભર;
ક્ષણ સુખ તણી આવી પાછી કદાચ મળે નહીં,
અવર વીસરી એકત્વે થા તું સાંપ્રતની મહીં! ૪

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) "સૃષ્ટિમાં અને કવિહૃદયમાં ચમત્કારિક હર્ષોલ્લાસની ક્ષણનું વર્ણન: વર્ણન છે તથાપિ આ કૃતિ ઊર્મિકાવ્ય (લિરિક) છે, કેમ કે ઉલ્લાસની અને ઈશ્વર પ્રતિ આભારની લાગણીઓ વડે કૃતિ ઓતપ્રોત અને ઊર્મિપ્રધાન છે. સાગર ઉપર ચંદ્રોદય અને ભવ્ય વિષયના વર્ણન દ્વારા ઈશ્વરસ્તુતિ કરવામાં તેમ અનુગ્રહનું સ્તોત્ર સંગીતમાં રચવામાં ઔચિત્ય પણ પૂરેપૂરું છે." (ધ. ર. ઠાકોર)

૧ **મહારાજ** – ઈશ્વરને સંબોધન છે. **૧–૪ અન્વય**: ચંદ્રનો જલ ઉપર ઉદય જોઈને મારા હૃદયમાં હર્ષ નમે છે, અને સ્નેહરૂપી ઘન, જે કુસુમવનના વિમલ પરિમલ (સુગંધ)ના જેવો ગહન છે તે નિજ (પોતાના) સ્નેહના ગગનમાં (હૃદયમાં) ઉત્કર્ષ પામે છે (ઊંચે ચઢે છે, સર્વોપરી બને છે). ૫ **કાલના** – આ સમયના, મારા હૃદયમાં લાંબા સમયથી નમેલા. ૬ ચંદ્રને જ અહીં પરમાત્માનું નવીન રસવાળું ધવલ નેત્ર કહ્યું છે. ૮ **દામિની** – વીજળી, ચાંદની (?). મોજાંઓ પર ચંદ્રનો પ્રકાશ વીજળીની માફક લોપાઈને પાછો દેખાય છે, એટલે આ રૂપક? ૯ **યામિની** – રાત્રી. ૧૦ **કામિની** – યૌવનમસ્ત, કામથી વિહ્વળ થયેલી. **કેલિ કૂજન** – કૂજનરૂપી કેલિ. પક્ષીઓ ઘણીવાર વિજાતીય પક્ષીને આકર્ષવા કૂજન કરે છે. ૧૩ **તરણી** – નાની હોડી, તરી. તરલ હોય તો સરળતાથી કેમ તરી શકે?

(૨) – ૩ **માનસ** – માન સરોવર બ્રહ્મદેવે મને કરીને ઉત્પન્ન કરેલું તેથી માનસ. ૪ **વિરતિ** – વિરામ. આખાયે કાવ્યમાં કવિએ કુશળતાથી હંસનું રૂપક જાળવી રાખ્યું છે.

૧. અ. "પિતા કાલના સર્વ સંતાપ શામે!" બ. "પિતા સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી." એ પંક્તિઓ દ્વારા કવિ શું કહેવા માગે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. 'સાગર અને શશી'માં ઈશ્વરની ભક્તિ અને પ્રકૃતિના સૌંદર્યના દર્શનનો ઉલ્લાસ, એ બેનો સમન્વય કેવી રીતે થાય છે એ દર્શાવો.

૩. સાગરતીરે તમે પૂર્ણિમાની રાત્રે ગયા હો, તે સમયના દૃશ્ય વિશે બોડી પંક્તિઓ લખો.

૪. 'સાગર અને શશી' કાવ્યની શબ્દપસંદગી અને ગોઠવણી તપાસો અને એ કાવ્યના શબ્દમાધુર્ય ઉપર દૃષ્ટાંતો ટાંકી નોંધ લખો.

૫. (અ) 'સાગર અને શશી'માંથી આદ્યાનુપ્રાસ, મધ્યાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસનાં બે બે દૃષ્ટાંત આપો. (બ) 'વ્યોમસર' અને 'તરણીસમી'–એમાં રહેલા અલંકાર ઓળખાવો.

૬. રાજહંસનું રૂપક વિગતથી સમજાવો.

૭. કવિ 'રાજહંસ'ને સંબોધીને શું કહે છે? એ સંબોધનમાં બીજું ગર્ભિત સૂચન કેવા પ્રકારનું છે? આ કાવ્ય રચવામાં કવિનો આશય શો છે?

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

[ઈ. સ. ૧૮૬૯–૧૯૫૨]



[આધુનિક ગુજરાતી સાહિત્યમંડળમાંના વૃદ્ધ છતાં નિત્યનવીન, અનેક રીતે વિચક્ષણ, છતાં સદા યુવાન આ સાક્ષરનો જન્મ ભરૂચની બ્રહ્મ-ક્ષત્રિય જ્ઞાતિમાં થયો હતો. ૧૮૮૯માં બી. એ.ની પરીક્ષામાં અંગ્રેજીમાં પહેલા આવી એમણે એલિસ સ્કૉલરશિપ મેળવી. ત્યાર પછીનું તેમનું જીવન અભ્યાસ અને કેળવણીખાતા-ની પ્રવૃત્તિમાં વ્યતીત થયું. કરાંચી, વડોદરા, પૂના વગેરે સ્થળોએ એમણે પ્રોફેસર તરીકે કામ કર્યું અને ૧૯૨૪માં નિવૃત્ત થયા.

પ્રો. ઠાકોરની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય હતી. કાવ્યક્ષેત્રમાં એમણે ગેયતા દૂર કરી અંગ્રેજી કવિતાના ધોરણે અગેય કવિતા રચવાનો જીવનભર આગ્રહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવ્યો હતો. અત્યારના ઘણાખરા યુવાન કવિઓ ઉપર એમની અસર ઊંડી છે. આમ એક રીતે સર્જંતી કવિતાના તે વિધાયક છે: એમની કવિતા અર્થધન છે, અને તેથી લોકપ્રિય નથી; છતાં સાહિત્યરસિકોને શ્રમભોગ્ય છે. એમના ગદ્ય વિશે પણ એવું જ છે. પણ લોકપ્રિયતા એ સાહિત્યકારની સફળતા–અફળતાનું સૂચિપત્ર સર્વદા નથી. એમણે વાર્તાઓ ઉપરાંત નાટકો પણ રચ્યાં છે, અને તેઓ એક સારા અને નિર્ભય વિવેચક તરીકે જાણીતા હતા. નવીનોના પ્રેરક અને શિક્ષક તરીકે એમના વિચારો ઊગતા સાહિત્યકારોમાં વધારે ને વધારે માન્ય થતા જાય છે. એમનું આખું જીવન અનેક દિશામાં નવીન પ્રયોગો કરવામાં જ વ્યતીત થયું હતું. 'દર્શનિયું' (વાર્તાસંગ્રહ), 'ભણકાર'–ધારા પહેલી અને બીજી અને 'મારાં સૉનેટ' (કાવ્ય સંગ્રહો), 'ઊગતી જુવાની' (નાટક), 'અભિજ્ઞાન શાકુંતલ' (ભાષાંતર), 'આપણી કવિતાસમૃદ્ધિ' અને 'લિરિક' (વિવેચન), એ એમના પ્રગટ થયેલા ગ્રંથોમાં મુખ્ય છે.

અહીં ઉતારેલા 'અતલ નિરાશા' કાવ્યની રચના અંગ્રેજીમાં જેને 'ઇટાલિયન સૉનેટ' કહે છે તે પ્રકારની છે. પૃથ્વી છંદ અને સૉનેટની પદ્યરચનાને ગુજરાતમાં પ્રચલિત કરવાનું કામ પહેલવહેલું પ્રો. ઠાકોરે કર્યું, અને અત્યારેય એનાં સારાંનરસાં અનેક અનુકરણો થયા જ કરે છે. પ્રો. ઠાકોરના વિચારશીલ માનસ અને તેમની અર્થધન કવિતા માટે આ પદ્યબંધ ઘણો જ અનુકૂળ થઈ પડે છે. આ સંગ્રહમાંનાં બીજાં 'સૉનેટ' વાચક પોતાની જાતે શોધી તે પર જાતે વિચાર કરે એ ઇષ્ટ છે. આ કાવ્યપ્રકાર આજે ઘણો જ પ્રચલિત થયો છે એને એથી નવી કવિતા ઘણું અંશે સમૃદ્ધ બની છે.]

(૧) અતલ નિરાશા

પૃથ્વી–સૉનેટ

પ્રભો, દ્યુતિ અખંડ? આ લથડતી કજળતી ઝીણી
શિખા અહહ, દાખવે રચી રહે જ ઓળા બધે!
ભરું છ ડગ જેમ તેમ, પથ જોઉં ના, તો પછી
નિશાન ધ્રુવનો મહાકિરણ કયાંથી હિણાયલી
નકામી પડતી જ આ દગ ઝીલી પ્રમાણી શકે! ૫
દીસે પથ નહીં, નહીં દિક્, નહીં દ્યુતિ, ધ્રુવ નહીં,
ભરું દમ ન છૂટકે: દમદમે વધંતી લહું
વૃથા જીવનભારની વિષમ ભારવત્તા, પ્રભો!
નીચે ઊતરવું, નીચે હજી હજી નીચે કયાં સુધી?
હશે, નહિ હશે જ શું તળિયું ઘોર આ ગર્તને? ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે તમતમંત આ રજનીને ન આરો યદિ,
હજ્જય પટ વેદના–રસ તણા કહો કેટલા
ચઢી, હૃદયને ફરી ફરી રસી જમાવી શકે
અમિશ્ર ઘનઘોર નિશ્ચલ અભેદ્ય નિર્વેદતા ! ૧૪

(૨) આત્મબોધ

પૃથ્વી : પદ

ગઈ ઋતુ વસંત પ્રાવૃષ વળી જશે પરવરી,
કિશોર વય ગઈ વહી, ભર જુવાની ચાલી પળી :
—દીસે નહીં તને પરમ એક કર્તવ્ય કે ?—
સમર સ્વામ, ધરની હામ, સફર લાંબી છે મસ્તકે.

નડે પ્રકૃતિ પ્રીત આશ ગત કાલ કેરી ઘડી,
જડો જૂની ઉખેડતાં ખટકી જાય ઊલટી ઊંડી;
—દીસે નહિ શું દૂરનું સુભગ શાંત કર્તવ્ય કે ?—
સમર સ્વામ, વમળ વામ, સફર લાંબી છે મસ્તકે.

નડે પશુપણું, નડે સપરિવાર પાપો જૂનાં,
રહ્યાં ઘર કરી, હસે ફટ કરી, વળી ડંખતાં; ૧૦
—નવીન બલ દે નહીં વિમલ સાધુ કર્તવ્ય કે ?—
સમર સ્વામ, ત્યજની મામ, સફર લાંબી છે મસ્તકે.

નડે વિતથ કલ્પના, ભમતી ચક્ર ખાતી મતિ,
અધૈર્ય, ચલ ભાવના, ઊડું ઊડું જ શ્રદ્ધા થતી;
—દીહું નવ દીહું ખરે સતતજ્યોતિ કર્તવ્ય કે ?—
સમર સ્વામ સમર સ્વામ, સફર લાંબી છે મસ્તકે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) : "૨ **શિખ** – આ હીણાતી દૃગની લથડતી કજળતી શિખા પ્રકાશને બદલે ઓળા જ ઓળા દેખાડે છે. ૪ **નિશાન** – ઐહિક. **ધ્રુવ** – પારલૌકિક : પ્રેય અને શ્રેય : અને બે જુદાં તો હોઈ ન શકે, માટે બન્નેનો એક **મહાકિરણ** જીવનમાર્ગનો ખરો નિયામક : એ કિરણ તો હોવો જ જોઈએ, પણ આ દૃગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ઝીલી શકતી નથી, અગર ઝીલે છે ત્યારે પણ એ જ એ, એમ નક્કી પ્રમાણી શકતી નથી. **૧૨ તમોમય** બની રહેલી, તમસને જ વર્ષાવી રહેલી. **૧૨ વેદના** –દુઃખ, દુઃખ પર દુઃખ, આધિ ઉપર આધિ, ઘા ઉપર ઘા, આવ્યા જ કરે. પછી મનુષ્ય–હૃદયની શક્તિ પરિમિત એટલે 'બહુ રણિયાને રણ નહીં' ન્યાયે હૃદયની કમાન ખોટી પડી જાય, એ દુઃખ વેઠાતું અટકી જાય, એ **નિર્વેદતા**, હૃદયની કેવલ સૂકા કાષ્ઠની દશા, વેદના – રસના એક ઉપર એક કેટકેટલા પુટ (અથવા પટ) પછી શમી શકતી હશે વારુ?"

(૨) : "'પૃથ્વી'ની ચાલનું પદ. **૪ ઘરની** અને **૧૨ ત્યજની**–ઘર ને, ત્યજ ને; આવા પ્રયોગોમાં (ભરૂચ–સુરતમાં) 'ને'નો 'ની' બોલાય છે. **૮ વમળ** – આંતર તોફાનોમાં; જૂની પ્રકૃતિ ફેરવી નવી ઉપજાવવા જતાં દરેકને અનુભવવાં પડે છે તે. **વામ** – તરી ઊતર. **૧૨ મામ** – હુંપદ, અહંકારનો મદ. **૧૩ વિતથ** – ખોટી. **૧૫ સતત જ્યોતિ** – કર્તવ્ય ખરેખર દીઠું હોય તે માણસ મુશ્કેલીઓનાં આવાં વધારી વધારીને દર્શન કરી કરીને પાછો હઠે ખરો કે?" (– **ભાણુકાર**).

૧. 'અતલ નિરાશા'માં કવિ 'દમદમે વધંતી .... ભારવત્તા, પ્રભો!' એ પંક્તિ રજૂ કરીને કાવ્યનો આશય કેવી રીતે સમજાવે છે?

૨. મનુષ્યના મસ્તક પર કઈ લાંબી સફરનો ભાર છે? એમ છતાં આત્માનું કલ્યાણ સાધવા માટે શું શું કરવાની અગત્ય કવિ સમજાવે છે? (૨)

૩. પરમ કર્તવ્ય બજાવવા જતાં માર્ગમાં કેવાં કેવાં વિઘ્નો નડે છે? (૨)

૪. બ. ક. ઠાકોરની અનેકદેશીય સાહિત્યપ્રવૃત્તિ સંબંધી વીસેક લીટી લખો.

૫. 'નિર્વેદતા' માટે કવિએ વાપરેલાં વિશેષણોની યાદી કરો, અને પ્રત્યેક એના અર્થમાં શો વધારો કરે છે તે દર્શાવો. (૧)

૬. પૃથ્વી છંદની રચના અને વિશિષ્ટતા પર ટૂંકી નોંધ લખો.

૭. સૉનેટ એટલે શું? એના બંધારણ અને ઇતિહાસ વિશે માહિતી એકઠી કરો.

સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

[ઈ. સ. ૧૮૭૪–૧૯૦૦]

[આ રાજવી કવિનો જન્મ લાઠીમાં થયો હતો. ૧૮ વર્ષની ઉંમર સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં એમણે અભ્યાસ કર્યો. ૧૮૯૫ માં ગાદીએ આવ્યા અને ઊગતી જુવાનીમાં જ અકાળે કાળના ભોગ થઈ પડ્યા.

કલાપીની કવિતા સંપૂર્ણપણે સમજવા માટે એમના હૃદયજીવનનું જ્ઞાન આવશ્યક છે. એમને પોતાની રાણીની ખવાસણ પ્રત્યે પ્રેમ ઉદ્ભવ્યો, અને ઘણા આત્મમંથન પછી તેની સાથે તેમણે પ્રેમલગ્ન કર્યું. આ હૃદયમંથન કવિતા દ્વારા વહ્યું એટલે જ એમની કવિતામાં કલાના અંશોની ઊણપ રહી છે. કેટલીક જગ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણીના અતિરેકથી કાવ્યતત્ત્વમાં ઊણપ આવી જાય છે; એમના છંદોમાં માપની ઘણી વાર ભૂલ દેખાય છે. પણ મસ્ત વિહ્વળ હૃદયના ઉદ્‌ગાર સર્વદા છંદનાં ચોકઠાંને અનુરૂપ ન હોય, એ સ્વાભાવિક છે. કલામય કવિતા હૃદયસંતોષ નહિ પણ હૃદયશાંતિ અવશ્ય માગે. કવિતાને આવશ્યક એ શાંતિકાળ કલાપીને ન મળ્યો એ જ ગુજરાતનું દુર્ભાગ્ય. "રાજ્યદ્વારોના ખૂની ભપકા" તેમને પ્રિય ન હતા. પ્રેમ એ જ સર્વ માનવપ્રવૃત્તિનું મૂળ અને ધ્યેય છે એમ એ માનતા. અમણે કવિતા ઉપરાંત પ્રેમ અને સ્વાર્પણની ઉચ્ચ ભાવના પણ ગુજરાતને આપી છે.



પ્રકૃતિ, પ્રેમ અને પ્રભુ એ એમની કવિતાના મુખ્ય વિષયો છે. મણિલાલ નભુભાઈ પાસેથી પ્રેરણા લઈ કલાપીએ ગુજરાતી ભાષાને હૃદયસ્પર્શી ગઝલોથી સમૃદ્ધ કરી. એમની શૈલી પ્રવાહી અને આડંબર વિનાની છે; ભાષા સરલ અને મધુર છે, અને તેમાં ફારસી અને ઉર્દૂ ભાષાઓના શબ્દોના ઉપયોગથી વધારે માધુર્ય આવે છે. એમનો કાવ્યસંગ્રહ 'કેકારવ'ના નામે પ્રસિદ્ધ થયો છે.]

(૧) એક આગિયાને

હરિગીત

તુજ પાંખ ચળકે પર્ણનાં જુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી તે શક્તિ અહીં એ છે નકી;
તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કૈં શ્રમ વિના દેખાડતું. ૧

વળી કોઈ કન્યા પાતળી, તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને, ત્યાં હર્ષથી ચળકાવતી;
વળી કોઈ વિસ્મિતસ્મિતભરી તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદૃશ્ય ના ધનથી અને ના ધુમ્મસે મેલું થતું—
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું.
મમ પ્યારીનાં ફૂલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતાં,
તું જાગતો રાત્રી બધી, ત્યારે રમે છે બાગમાં. ૩
તું જાગજે, તું ખેલજે ને પત્ર પત્રે મ્હાલજે;
ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે.
તું કેમ એ માની શકે? આધાર તારો એ જ છે
એ જાળ તું જાણે નહિ, હું જાણું ને રોઉં અરે! ૪
રે! પક્ષી કો'ની દૃષ્ટિએ તું એ જ ચળકાટે પડે,
સંતાઈ જાતાં, નાસતાં, એ કાર્ય વૈરીનું કરે.
દ્યુતિ જે તને નિવાડતી, દ્યુતિ તે તને સંહારતી;
જે પોષતું તે મારતું, એવો દીસે ક્રમ કુદરતી. ૫
આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિંદુ ભર્યાં વિધિએ નથી?
મમ એ જ જીવિત, એ જ મૃત્યુ, એ જ અશ્રુ ને અમી;
જે પોષતું તે મારતું; શું એ નથી ક્રમ કુદરતી? ૬

(૨) સનમની શોધ

પેદા થયો છું ઢૂંઢવા તુંને સનમ!
ઉંમર ગુજારી ઢૂંઢતાં તુંને, સનમ!
છે દુશ્મનો લાખો ભુલાવા રાહને
દુશ્મન બનાવી યાર અંજાયો, સનમ! ૧
ગફલત મહીં હું, જાલિમો કાબિલ એ,
જુદાઈ યારોની મઝા એને, સનમ!
જે રાહદારીમાં અમોને લૂંટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ! ૨
તારી મદદ કોને હશે માલૂમ નહીં,
શું યારના દુશ્મન સહે યારી, સનમ?
પાંચે નમાઝે ઝૂકતાં તારે કદમ,
આશા ફરે છે બેખુદાઓ એ, સનમ! ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો દમબદમ બંજર રમે તારું દિલે,
કાફર તણું કાતિલ બેંચી લે, સનમ !
તું માફ કર દિલદાર દેવાદાર છું,
છે માફ દેવાદારને મારા, સનમ ! ૪

કાંઈ નજરબક્ષી થવી લાજિમ તને,
ગુજરાનનો ટુકડો ઘટે દેવો, સનમ !
પેદા થઈને ના ચૂમી તારી હિના,
પેદા થયો છું મોતમાં, જાણે સનમ ! ૫

શાને કસે છે મુફત આ લાચારને !
દાવો સુનાનો છે અમારો ના, સનમ !
પથ્થર બની પેદા થયો છું પહાડમાં,
છું ચાહનારો એય તુંથી છું, સનમ ! ૬

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) ૩ **ઉદરપોષણ** – પેટભરવું તે. ૬ **ભાલ** – કપાળ, લલાટ. **૨૨ વિધિ** – વિધાતા. (૨) ૩ **રાહ** – રસ્તો. ૫ **જલિસો** – જુલમી. **કામિલ** – હોશિયાર. **૧૨ પાંચે નમાઝે** – દિવસમાં પાંચ વખત મુસલમાનો બંદગી કરે છે તે (૧) સૂર્યોદય પહેલાં – ફજ્ર (૨) બપોરે જુહ્ર (૩) ત્રીજા પહોર પછી-અસ્ર (૪) સૂર્યાસ્ત પછી મગ્રિબ (૫) રાત્રે-ઈશા. **કદમ** – ચરણે. **૧૨ બેખુદાઓ** – ઈશ્વરને ન ઓળખનારા, નાસ્તિક. મારા દુશ્મનો. **૧૩ દમબદમ** – ઘડી ઘડી. **૧૪ કાફર** – ઇસ્લામમાં – ધર્મમાં – ન માનનાર. **૧૫ દિલદાર** – વહાલા. **લાજિમ** – લાજમ, યોગ્ય. **૧૬ હિના** – મેંદી, ખુશબો (ભક્તિરૂપી). **૨૧–૨૨** મારા જેવા નિરાધારને તું શા માટે નાહક કસે છે? સોનું – વિશુદ્ધ – હોવાનો મારો દાવો નથી, હું તો માત્ર પથ્થર બની પેદા થયો છું એટલે તારી કસોટીએ ચઢવા લાયક નથી.

૧. આગિયાને સંબોધીને કલાપી કુદરત અને પ્રેમ, પ્રભુ અને સ્વાર્પણ એ સંબંધી શો બોધ આપે છે?

૨. 'એક આગિયાને' એ કાવ્ય દ્વારા કવિ માનવજીવનમાંથી શો બોધ તારવે છે? તમે તે સાથે સંમત થાઓ છો?

૩. સનમ એટલે? કવિ "સનમને ચાહનારો છું" એવો દાવો શી રીતે રજૂ કરે છે?

૪. 'સનમની શોધ' એ કાવ્યની છેલ્લી ચાર પંક્તિ વિષે પંદરેક લીટી લખો.

૫. 'સનમની શોધ'માંથી ફારસી શબ્દોની યાદી કરી દરેકનો અર્થ સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દામોદર ખુશાલદાસ બોટાદકર

[ઈ. સ. ૧૮૭૦–૧૯૨૪]

['રાસતરંગિણી', 'નિર્ઝરિણી', 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની' અને 'શૈવલિની' રૂપી કાવ્ય-સરિતાનાં મીઠાં જળ જીવન પર્યંત શાંત રીતે વહેવડાવનાર, અને જેના રસાસ્વાદને ગુજરાતે કવિના જીવનના છેલ્લા બે દસકામાં જ માણ્યો અને પિછાન્યો તે નિઃસ્પૃહી કવિ બોટાદકરનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદ ગામમાં વણિક જ્ઞાતિમાં થયો હતો.

આખું જીવન એમણે ગુજરાતી શાળાના શિક્ષક કરીકે ગરીબાઈ અને નમ્રતામાં ગાળ્યું હતું. તે છેક નાનપણથી કવિતા રચતા અને છૂટક છૂટક સામયિકોમાં પણ મોકલતા. પણ જીવનકાળ દરમિયાન એમની યોગ્ય કદર થઈ ન હતી. પોતાના જીવનકાળમાં અજ્ઞાત રહેનાર ને પછીથી સારા સાહિત્યકાર તરીકે કીર્તિ પ્રાપ્ત કરનારના દાખલા ઓછા નથી!

તે અંગ્રેજી ભણ્યા ન હતા, છતાં અંગ્રેજી કાવ્યમીમાંસાના ઘોરણે પણ એમની કવિતા વિશુદ્ધ ઠરી છે. એમનાં કાવ્યોના વિષયો મુખ્યત્વે ગૃહજીવનમાંથી ઊતર્યા છે. છતાં તેમાં ક્ષુદ્રતા જોવામાં આવતી નથી. એમનાં કાવ્યોમાં હિંદુસંસારની ઉત્કૃષ્ટ ભાવનાની ફોરમ વ્યાપી રહી છે. સ્ત્રીજીવનના અનેક પ્રસંગો એમણે સાદી અને ભાવનામય રીતે આલેખ્યા છે. બોટાદકર ગૃહજીવનના મહાન કવિ છે. જેમ નાનાલાલે સંસારમંથન કરી નવનીત નિતાર્યું તેમ બોટાદકરે સાદા ગૃહજીવનને મથી એમાંથી નવનીત ઉતારી ગુજરાતી સાહિત્યરસિકોને અર્પણ કર્યું. આદર્શ ગુજરાતણની ભાવના સજીવન કરવામાં એમના રાસનો ફાળો અનન્ય છે. તેમાં ભાવ સાદા છે છતાં ભાવના ઉચ્ચ છે; ભાષા સંસ્કારી અને મધુર છે.

હૃદય કહેવા ઘણું માગે છે, પણ સંયમી ઊર્મિલા પતિના ભ્રાતૃધર્મની આડે આવવા નથી ઇચ્છતી, અને જાતે કરી વિયોગનું દુઃખ વહોરી લે છે. રામાયણમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો ઝીણો છતાં માર્મિક પ્રસંગ શોધી કાઢવામાં અને ઉપેક્ષિત ઊર્મિલાનું પાત્ર થોડા શબ્દોમાંય આટલી સચોટ રીતે આલેખવામાં કવિની કલાદૃષ્ટિ, કવિત્વશક્તિ અને વિવેકદૃષ્ટિ સમાયેલી છે. પ્રસ્તુત ખણ્ડકાવ્યનો ઉત્તર ભાગ–જેને આ કાવ્યના વસ્તુ સાથે સંબંધ ન હતો તે–અહીં ઉતાર્યો નથી.]

ઊર્મિલા

મંદાક્રાંતા

શોકાવેશે હૃદય ભરતી, કંપતી ભીતિઓથી,
ને ચિંતાથી જ્વલિત બનતી, સંભ્રમે વ્યગ્ર થાતી;
વારે વારે સ્વર સમજ્યા દૂર દૈ કાન દેતી,
ઊભી બાળા વિવશ બનીને બારીએ આવરી શી.

અનુષ્ટુપ

ધનુર્બાણ ગ્રહી હાથે ને વાઘા વનના સજી,
દૂરથી આવતો દેખે વહાલાને કૈંક વેગથી.

ચિરાયું ચિત્ત ઓચિંતું, વજ્રપાત થયો શિરે,
ઢળાતી સહસા ઊભી સંકષ્ટે ગ્રહી દ્વારને!

હજારો વલમા તર્કો અંતરે ઉદ્ભવી રહ્યા,
તોયે ધૈર્ય ધરી ઊભી સ્વામીને સન્મુખી થવા! ૧૦

કૃતાપરાધ શો આવી ઊભો દીન મુખે પતિ,
સંબોધી સ્નેહના શબ્દે વદે, ધીમે વિવેકથી.

શાર્દૂલવિક્રીડિત

"વહાલી! જ્યમ રઘુપતિ વન વિષે, સીતા જતાં સંગમાં,
તેના સેવન કાજ સંગ વસવા મારે જવું સર્વથા;
વેઠે એ વનવાસનાં વિકટ હા! કષ્ટો શરીરે અતિ,
ને હું મહેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિ.

આવ્યો સંમતિ યાચવા તુજ તણી એ ધર્મ કાર્યે પ્રિયે!
માની યોગ્ય વિચાર અંતર તણો દેજે અનુજ્ઞા મને!
ના તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો,
બંધુધર્મ બજાવતાં દઉં તને અન્યાય આજે અહો!" ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુષ્ટુપ

સ્વપ્નમાંયે ન સૂઝેલી, માનેલી મનથી નહિ,
સાંભળી શોકની વાર્તા ઓચિંતા સર્પદંશ શી!
રોમદ્વારે સર્યું વેગે રક્ત વારિત્વ પામતું,
ફાટ્યાં ચિત્ત અને ચક્ષુ ભાન ના દેહનું રહ્યું.
કાષ્ટની પૂતળી જેવી ઊભી સ્તબ્ધ બની રહી,
વૃત્તિઓ સર્વ વહાલાની વિલોકી મુખ વાંચતી.
આર્તનાદ ન કૈં કીધો, ના ચેષ્ટા સ્નેહની કશી,
સ્નેહ શૌર્ય ધરી ઊભી આપદ્‌ભાર ઉઠાવતી!
સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે,
તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ એ ઉરે! ૩૦
હજારો બાણને ઝીલે વીર જેમ વપુ વડે,
એ ક્રમે ઝીલતી ઊભી વિપદ્વજ્રપ્રહારને.
સ્નેહીનાં અંતરો સહેજે સંતાપો જે સહી શકે,
વિષયાક્રાંતની વૃત્તિ સર્વથા નહિ તે સહે!
રૌપ્યઘંટા અહો! વાગી, ઊઘડ્યું મુખ આખરે!
સ્નેહનાં સૂત્રશા શબ્દો મંદ મંદ સરી પડે!

શાર્દૂલવિક્રીડિત

"વહાલા! ધર્મ વિચારીને અનુજ્ઞો ઇચ્છો અરણ્યે જવા
શી રીતે અવરોધ થાય મુજથી સત્કાર્યને સેવતાં?
ઉકેલ્યું દુઃખ આપના હૃદયનું તેમાં ન વૃદ્ધિ કરું,
કહેવાનું કંઈ ઉદ્‌ભવે ઉરવિષે તોયે કશું ના કહું. ૪૦
ને સંગે વસવા તણી હઠ કરી ના કષ્ટ આપું વધુ,
ચિંતાભાર વધારવો તમ શિરે એ યોગ્ય હું ના ગણું;
ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઇચ્છવું,
એથી ઉત્તમ વિપ્રયોગ સહીને હા! ચિત્ત ચિરાવવું!"

અનુષ્ટુપ

"ધન્ય ધન્ય તને દેવી! અનેરી કોઈ ઊર્મિલે!
ધર્મસંકટ સ્નેહીનું તું શકી સમજી ખરે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજારો કષ્ટ હૈયાનાં ને ચિંતાની પરંપરા,
સહી લેવા તણી સહેજે તૈયારી તેં કરી અહા!
ચિત્તને ચીરતા ભૂંડા વિલાપો નહિ તેં કર્યા!
સંસારસેવકોથી તું જુદી કોઈ સુરાત્મજા! ૫૦
કર્તવ્ય પાળવા કેરો હર્ષ તું હણી નાખશે,
વનવાસ વિષે વિઘ્નો હા! અતર્કિત આપશે.
અથવા આવવા સંગે હઠ પૂરી બતાવશે,
સીતાનો દાખલો લેવા તું અવશ્ય ઊભી થશે:
હતી તે અંતરે ભીતિ, ઉપાયો સૂઝતા નહિ,
પરંતુ દિવ્ય કો દેવી સિદ્ધ તું સર્વથા થઈ!
સ્વાર્થને પોષવા તારે અંતરે વાસના નથી,
સ્નેહીના ચિત્તને શોભે એવી તેં શાંતિ સાચવી.

મંદાક્રાંતા

સંગે રૂંહેવું નિજ હૃદયનો ભાર ઉતારવાને,
ને વ્હાલાને કુશળ નીરખી અંતરે રાખવાને; ૬૦
એ તો વ્હાલી! અધમ ઉરનો સ્વાર્થ કે સ્નેહગર્વ,
સ્નેહી કેરું હૃદય સમજે તે તણું તત્ત્વ સર્વ.
ચિંતા ભૂંડી હૃદય હણતી સોંપવી સ્વામી ચિત્તે,
ને રક્ષાની કહિન કૃતિમાં રોકવો સર્વ રીતે;
લૂંટી લેવું વિષમ વનમાં સર્વ સ્વાતંત્ર્ય એનું,
એ વ્હાલી! તેં ઉચિત ન ગણ્યું, ધન્ય હા! ધૈર્ય તારું!
ના શિક્ષાનાં કથન કથવાં યુક્ત તારા સમીપે,
ને આશ્વાસો પણ ઉચરવા વ્યર્થ જેવા દીસે છે;
ઉત્પાતો ને તુજ હૃદયનો કંપ દેખી શકું છું,
તોયે તારી ધૃતિ નીરખતાં સ્વાસ્થ્ય એવી શકું છું.” ૭૦

અનુષ્ટુપ

આલિંગી અંગથી અંગે, દૃષ્ટિથી દૃષ્ટિ મેળવી,
દીર્ઘ નિઃશ્વાસ નાખીને, પામ્યાં વિશ્લેષ દંપતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિએ પીઠ દીધી ને દયિતા દેખતી રહી,
અંતે 'હાય!' કહી બાળા મૂર્ચ્છિતા ભૂતલે પડી.

હરિણી

દિન દિન જતાં માસો વીત્યા, અને વરસો વહ્યાં,
નગરજન ને સંબંધી એ વ્યથા વીસરી શકયાં;
પણ હૃદય એ આઘાતોને સહે રહી એકલું,
તન સ્વજનમાં ભેળાતું ને બળે ઉર બાવરું,

માલિની

ભવતુ! ભવતુ! દેવી! વિશ્વ છોને વિસારે,
પણ સુરગણ તારી નિત્ય કીર્તિ ઉચારે! ૮૦
નહિ જગ મહીં તારી મૂર્તિ કો સ્થાન માંડી,
પણ પ્રણયી જનોના જીવ સાથે જડેલી.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨ **સંભ્રમ**–હર્ષની ઉતાવળ, ગભરાટ, વ્યાકુળતા. ૫ **વનના વાઘા**–વલ્કલ. ૮ **સંકષ્ટે**–મુશ્કેલીથી. ૧૮ **અનુજ્ઞા**–રજા. ૨૩ **રોમદ્વારે...પામતું**–દુઃખદ સમાચાર સાંભળી એના શરીરનું લોહી ઊડી ગયું. ૨૭ **આર્તનાદ**–દુઃખનો ઉદ્‌ગાર ૩૨ **વિપદ્વજ્રપ્રહાર**–દુઃખરૂપી વજ્રનો આઘાત. ૩૩–૩૪–સાચાં–વિશુદ્ધ પ્રેમીઓ જે દુઃખ સ્વાભાવિક રીતે સહન કરી શકે છે તે વિષયી પ્રેમીઓ સહી શકતાં નથી. અહીં ઊર્મિલાના પ્રેમની વિશુદ્ધિ તરફ કવિ અંગુલિનિર્દેશ કરે છે. ૩૫ **રૌપ્યઘંટા**–રૂપાની ઘંટડી-બીજી ધાતુઓ કરતાં રૂપાનો અવાજ વિશેષ કર્ણપ્રિય છે એટલે કવિ ઊર્મિલાના અવાજની તે સાથે સરખામણી કરે છે. ૩૭ **અનુજ**–નાનો ભાઈ. ૪૩ **દયિત**–પ્રિયજન. ૪૪ **વિપ્રયોગ**–વિયોગ. ૫૦ **સુરાત્મજા**–દેવપુત્રી. ૪૫–૪૮ આ પંક્તિઓમાં કવિએ લક્ષ્મણ દ્વારા ઊર્મિલાના ઉદાત્ત પાત્રનું દર્શન કરાવવા પ્રયાસ કર્યો છે. સીતા અને ઊર્મિલાના સ્ત્રીસ્વભાવના વિરોધનો કવિએ નિર્દેશ કર્યો છે, અને સીતા કરતાં ઊર્મિલાના પ્રેમમાં ત્યાગની વૃત્તિ વિશેષ વિશુદ્ધ હતી, તે બતાવ્યું છે. ૬૭ **શિક્ષા**–બોધ, શિખામણ. ૬૮ **આશ્વાસો**–દિલાસો, આશ્વાસન. ૭૦ **ધૃતિ**–હિંમત, ધૈર્ય. ૭૨ **વિશ્લેષ પામ્યાં**–છૂટાં પડ્યાં.

૧. લક્ષ્મણના ભ્રાતૃધર્મની આડે ન આવતાં ઊર્મિલા વિયોગનું દુઃખ વહોરીને આત્મભોગ આપે છે તે દર્શાવો. (જે પંક્તિઓ સ્મરણમાં હોય તે દલીલોના સમર્થનમાં ટાંકો).

૨. પત્નીના મનના સમાધાન અર્થે લક્ષ્મણ ઊર્મિલાને શાં શાં કારણો આપે છે એ જણાવો ને તેનું વિવેચન કરો.

[સાહિત્યરત્ન ભા. ૩–૭]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. "બોટાદકરનાં કાવ્યોમાં હિંદી સંસારની ઉત્કૃષ્ટ ભાવનાની ફોરમ છે." આ કાવ્ય ધ્યાનમાં રાખી આ વિધાનનું સમર્થન કરો.
૪. ઊર્મિલાના પાત્ર ઉપર ટૂંકી નોંધ લખો.
૫. ખંડકાવ્ય કોને કહેવાય? આ કાવ્યની ખંડકાવ્ય તરીકે સમીક્ષા કરો.
૬. સ્વાર્પણની ભાવના વ્યક્ત કરતી પંક્તિઓ દર્શાવી સમજાવો.
૭. શબ્દપ્રયોગો વિગતથી સમજાવોઃ—દયિતા, દંપતી, વિપ્રયોગ, અનુજ, સુરાત્મજ, વિશ્લેષ.

જન્મશંકર મહાશંકર બુચ (લલિત)

[ઈ. સ. ૧૮૭૭–૧૯૪૬]

['મટૂલી' અને 'વિલોગણ વાંસલડી' જેવાં સંગીતપ્રધાન કાવ્યો રચનાર અને સારા યે ગુજરાતને વર્ષો સુધી મંજીરાના રણકારે ગજવનાર આ લોકપ્રિય કવિનો જન્મ જૂનાગઢની નાગર જ્ઞાતિમાં થયો હતો. માતાએ પાયેલો સંગીતરસ અને પિતાએ આંજેલાં સાહિત્યનાં અંજન એમના જીવનમાં ઓતપ્રોત થયાં હતાં. એમણે શરૂઆતમાં કેળવણીકાર, પત્રકાર અને અદાલતોમાં ભાષાંતરકાર તરીકે કામ કરેલું. ત્યાર પછી ૧૯૧૩થી ૧૯૧૮ સુધી વડોદરા રાજ્યના લાયબ્રેરીખાતામાં લોકોપદેશક તરીકે અને ૧૯૨૧થી ૧૯૨૫ સુધી મુંબઈના રાષ્ટ્રીય મહાવિદ્યાલયમાં ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક તરીકે કામ કરેલું.

'લલિતનાં કાવ્યો', 'લલિતનાં બીજાં કાવ્યો' અને 'વડોદરાને વહલે' એ એમના કાવ્યસંગ્રહો છે. સ્વદેશભક્તિ, લગ્નસ્નેહ, બાલભાવ, પ્રભુની પ્રેમભક્તિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસંગિક વિષયો ઉપર એમણે મુખ્યત્વે કાવ્યો રચ્યાં છે. શબ્દલયથી થતી સુગેયતા એ એમનાં કાવ્યોનું મુખ્ય અને વિશિષ્ટ લક્ષણ છે. દયારામ વગેરે પ્રાચીન સંગીતપ્રધાન કવિઓની કાવ્યપ્રથા લલિતે અગેય કાવ્યના જમાનામાં ચાલુ રાખી હતી.

આ કાવ્યમાં શબ્દાર્થને ઝીણવટથી વળગી રહેવું શકય નથી. કારણ લાલિત્યના મોહમાં કવિ અર્થ તરફ દુર્લક્ષ કરે છે અને તેથી કેટલીક વાર સ્પષ્ટ અર્થ નીકળતો નથી. કાવ્યમાં રહેલાં શબ્દમાધુર્ય અને ભાવની મૃદુતા અવલોકવા જેવાં છે.]

વિજોગણ વાંસલડી

કાલા ઘેલા કાનુડાની—
ઝૂરે વિજોગણ વાંસલડી.
સોરઠને સાગર – સંગમ,
પ્રભાસને પીપળો હૃદયંગમ,
પૂર્વજને સૂરપંચમ,
ઝંખે વીલી વાંસલડી.

જન્મી જે યમુના તીરે,
અભયે ભર્યું ભારત ધીરે,
હિરણ નદીને વિરમી નીરે,
ડંખે વિરહી વાંસલડી. ૧૮

અધૂરે મધુરે સૂરે;
પ્રીતિ ને ભાવ પૂરે,
સ્ફુરે કંઈ દૂર અદૂરે,
કંપે ઘાયલ વાંસલડી.

ઝરણી જે જન્માંતરની,
કરણી જે કાળાંતરની;
અભિસરણી જે અંતરની
જંપે કયાંથી વાંસલડી?

જીવતરના જાદૂગર કયાં?
બુદ્ધિના બાજીગર કયાં? ૨૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકળાયલ કીમિયાગર કયાં?
ધીરે કોને વાંસલડી?

યૌવનના યોગેશ્વર કયાં?
કલ્યાણક કામણગર કયાં?
સ્વતંત્રતાના સુરવર કયાં?
લહેરે કયાંથી વાંસલડી?

કારાગૃહ જન્મભૂમિને,
વૃંદાવન સ્નેહે સતીને,
મહાભારત રણ સતિયાને,
વર્ષામાં વત્સલતાની, ૩૦
લલિત વસંતે સુંદરતાની,
પ્રભુના જગમાં પ્રભુતાની
કોણ વગાડે વાંસલડી?

ટિપ્પણ અને સ્વાધ્યાય

વિનોગણ વાંસલડી–પ્રસ્તુત કાવ્યમાં કૃષ્ણના વિયોગની વેદનાથી વ્યાકુળ વાંસલડીનું વર્ણન છે. કૃષ્ણની વાણી દ્વારા ભારત વર્ષને જે લાભ થયો તે દર્શાવી કવિએ તેનો પ્રભાવ વર્ણવ્યો છે. ૩ **સાગરસંગમ**–દ્વારિકામાં (?). ૪ **પ્રભાસને પીપળે**–પ્રભાસપાટણમાં પીપળાના વૃક્ષ નીચે પારધીના બાણથી શ્રીકૃષ્ણ મૃત્યુ પામ્યા હતા, તેનો અહીં ઉલ્લેખ છે. ૫ **સૂરપંચમ**–સાત સૂરમાંનો પાંચમો (૧) ષડ્જ (૨) ઋષભ (૩) ગાંધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત (૭) નિષાદ. પંચમ સૂર ખાસ કોયલનો છે. ૬ **વીલી**–વિહ્વળ. ૮ **અભાયે**–નીડરતાથી. **ધીરે**–વીર પુરુષે. ૯ **હિરણ**–પ્રભાસપાટણ પાસેની ગુપ્ત સરસ્વતી નદી (?). ૨૧-૨૨ કૃષ્ણ જેવા જીવનના નટ્ટનગર, બુદ્ધિના બાજીગર અને કળાવાન કીમિયાગર જતાં હવે વાંસલડીને ધારણ કરનાર કોઈ રહ્યું નથી.

૧. લલિતજી વાંસલડીને 'વિનોગણ' શા માટે કહે છે?
૨. લલિતજીનાં કાવ્યોનાં મુખ્ય અને વિશિષ્ટ લક્ષણો કયાં કયાં તે લખો.
૩. આ કાવ્યમાંથી જે પંક્તિઓ તમને સૌથી વધુ ગમી હોય તે સ્મરણમાંથી ઉતારો.
૪. 'શબ્દાલંકાર'નાં બે ત્રણ દૃષ્ટાંત બતાવી એ અલંકાર ઓળખાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરદેશર ફરામજી ખબરદાર

[ઈ. સ. ૧૮૮૬–૧૯૫૩]

ગુર્જરગિરાની એકધારી સેવા કરનાર આ પારસી કવિનો જન્મ દમ્મણમાં થયો હતો. નાની ઉંમરમાં પિતા ગુજરી ગયેલા હોવાથી યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણીનો લાભ એમને મળ્યો ન હતો, પણ કવિતા અને સાહિત્યનો શોખ હોવાથી પોતે ઘણું વાંચ્યું હતું. મદ્રાસમાં વ્યાપારાર્થે વર્ષો વિતાવી નિવૃત્ત જીવનનાં વર્ષો એમણે મુંબઈમાં ગાળ્યાં.

ખબરદાર છેક નાનપણથી કવિતા રચતા અને મિત્રો તરફથી કવિપદ પામેલા. 'કાવ્યરસિકા' નામે તેમનો પ્રથમ કાવ્યગ્રંથ સને ૧૯૦૧માં પ્રગટ થયો હતો. ત્યાર પછીના 'વિલાસિકા' નામે સંગ્રહે ગુજરાતી સાક્ષરવર્ગનું તેમના તરફ ધ્યાન ખેચ્યું. તેની સમાલોચના શ્રી. નરસિંહરાવે લંબાણથી કરી છે. ત્યાર પછી તેમનો વિશાળ કાવ્યપ્રવાહ સતત વહ્યો છે, ને સને ૧૯૩૨માં 'દર્શનિકા' નામે ૩,૦૦૦ પંક્તિના કાવ્યગ્રંથમાં તે પરાકાષ્ઠાએ પહોંચ્યો. જીવન, મૃત્યુ વગેરે લૌકિક અને પારલૌકિક વિષયોના કવિના વિચારો અને અનુભવો આ કાવ્યગ્રંથમાં પ્રગટ થયા છે, અને આધુનિક ઊર્મિપ્રધાન કવિતામાં તત્વજ્ઞાનવિષયક કવિતાની લાગતી ખોટ આ પુસ્તકે ઘણે અંશે પૂરી પાડી છે. આ ઉપરાંત 'પ્રકાશિકા', 'સંદેશિકા', 'કલિકા', 'રાષ્ટ્રિકા', 'ભજનિકા', 'કલ્યાણિકા' અને 'રાસચંદ્રિકા' એ એમના પ્રસિદ્ધ ગ્રંથો છે. એમણે અંગ્રેજીમાં પણ થોડાં કાવ્યો લખ્યાં છે.

શ્રી. ખબરદારે હિંદના અને ગુજરાતના જીવનમાં થતા ફેરફાર ઝીલ્યા છે અને પોતાનાં કાવ્યોમાં ઉતાર્યા છે. કાવ્યક્ષેત્રમાં એમણે અનેક જાતના પ્રયોગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા છે, સ્વદેશાભિમાન, પ્રકૃતિપૂજન અને આધ્યાત્મિક અનુભવો એ એમનાં કાવ્યોના મુખ્ય વિષયો છે.

અહીં ઉતારેલા ખંડકાવ્યમાં પુરોહિતના આત્મબલિદાનના પ્રસંગ દ્વારા કવિ રાજભક્તિ અને સ્વદેશપ્રેમના સમન્વયની ઉચ્ચ ભાવના વ્યક્ત કરે છે.]

પુરોહિતની રાજભક્તિ

અનુષ્ટુપ

'રાજપુત્ર હું છું ત્યાં શો યુદ્ધનો ભય રાખવો;
ભ્રાતા! અસ્ત્ર ચલાવીને રણપાંડિત્ય દાખવો!'

વસંતોપેંદ્ર

પ્રતાપ ને શુક્ત સુસંપ ધારે,
રાણા ઉદેસિંહ તણા સુત બેઉ શૂરા;
દુર્યોગ એક દિન તે પ્રિય વીર પૂરા,
ચડ્યા વિવાદે મૃગયાવિહારે.

મંદાક્રાંતા

તાપે ઊંડું વન બહુ તપે, અગ્નિજ્વાલા છ્વાતી,
અશ્વો સર્વે ક્ષીણ ક્ષીણ થતાં ત્યાં સહે ભૂમિ તાતી;
આધે પક્ષી સભય ઊડતાં ઊડી છાંયે ભરાય,
ને સહેજે ત્યાં ઉભય કુંવરો વાદમાં તણાય. ૧૦

અનુષ્ટુપ

પ્રસ્તાવ ત્યાં પ્રતાપે તો દ્વંદ્વયુદ્ધ તણો કીધો,
શુક્તે તે શર શબ્દોથી ઉત્તર ભ્રાતને દીધો.
દ્વંદ્વયુદ્ધે પડે બન્ને, શસ્ત્ર સૌ ચમકી રહે,
વીરહાકે ધરા ધ્રૂજે, સાથીઓ નીરખી રહે.

શાલિની–મંદાક્રાંતા

દેહે દેહે ઝેર વ્યાપી ગયું છે,
રોમે રોમે શૌર્ય ઘૂમી રહ્યું છે,
ભ્રાતા ભ્રાતા સ્નેહસંબંધ ભૂલે,
શસ્ત્રે શસ્ત્રો, નભ ચમકતાં, આથડી હસ્ત ઝૂલે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદાક્રાંતા

કૂદી કૂદી, ઊછળી ઊછળી, સિંહશું રંગ રાખે,
રાતા તાતા, ઉભય કુંવરો, યુદ્ધનૈપુણ્ય દાખે;
ઊભા ઊભા અવર જન સૌ, જૂજતાં મીટ માંડે;
વૃક્ષો કૂજે ઊભેલાં, અનિલ ઘૂઘવતો ઘોર ત્યાં ઘોષ પાડે.

ઊંચા વ્યોમે નહીં નહીં કદી યુદ્ધ કો જોયું એવું,
ઘેરું ઘેરું નહીં જ અનિલે, ગીત કો ગાયું તેવું;
પાષાણોમાં, વન વન વિષે ઘોષ એવા ન ઘૂમ્યા,
આજે મેવાડના શા, ઉભય વીર લડે અંધ ક્રોધે ઝઝૂમ્યા !

અનુષ્ટુપ

મેવાડ રત્ન શું ખોશે, સ્નેહમંત્રો જ શેં સર્યા ?
સૂર્ય તે ચંદ્રના જેવા રાજપુત્રો પ્રભાભર્યા !
ક્રોધ છે સ્નેહનો વૈરી, અગ્નિમાં બધું બાળતો;
નરકસાથી એ ક્રોધ, પ્રજળે ને પ્રજ્વળતો.

દ્રુતવિલંબિત

નથી નથી હઠતા કુંવરો જરા,
ઉભય યુદ્ધકલા મહીં છે પૂરા;
કુલપુરોહિત આવી જુએ તહીં,
સકળ નાશ થતું દીસતું જહીં.

સ્થિતિ વિચિત્ર જણાય વિલોકતાં,
યુગલ તે અટકે નહીં રોકતાં;
ઉભયને અતિ તીવ્ર જ આર્જવે,
શમન કાજ પુરોહિત વીનવે.

સકળ યત્ન જરાય જણાય ના,
વિકૃત બુદ્ધિથી કાંઈ સુણાય ના;
કુલપુરોહિત દીન વિમાસતો,
હૃદય ના સમજે વિધિપાશ તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉભય બંધુ વિષે થકી આ સમે,
જીવન નિશ્ચય એકનું આથમે;
ઉભય વા કદી નાશ જ પામશે,
અરર ! આ ભૂમિનું પછી શું થશે ?

અનુષ્ટુપ

તપતું'તું મહાતાપે, દીસે છે વન આ બધું;
લાગે છે ઘૂમતું હૈયું, વન ને વિશ્વ તો બધું !

મંદા–ધરા

રાતા તાતા, ઉભય કુંવરો, યુદ્ધથી ના જ ખાંચે,
ઊભા ઊભા, અવર જન સૌ, ધ્રૂજતા શાંતિ જાચે :
એવે આવી, યુગલ વચમાં, તે પુરોહિત ઊભે,
ભોંકીને તે કટારી, ઝટ નિજ ઉરમાં, ત્યાં પડી રક્ત ડૂબે !

અનુષ્ટુપ

લડતાં કુંવરો મધ્યે, વિપ્રનો દેહ તરફડે;
ભૂલીને યુદ્ધ પોતાનું, શુશ્રૂષા કરવા પડે !
પ્રાણશૂન્ય પડ્યો દેહ વિપ્રનો પળમાં તહીં;
શુશ્રૂષા ત્યાં કરે કોની ! અરેરે ! સમજ્યા નહીં !

મંદાક્રાંતા

રે કેવી આ ઉર જગવતી ભૈરવી રાજભક્તિ !
આહા કેવી પ્રબળ સ્ફુરતી, એ મહા પ્રાણશક્તિ ?
કેવો ઊંડો, અડગ, વિરલો, ભવ્ય આ દેશપ્રેમ ?
એ આત્મા, એ ગહન પ્રતિમા, લેશ ભૂલાય કેમ ?
છે મેવાડે રુધિર વિરલું, ભૂમિમાં વીર કેરું,
પાષાણોમાં, કુહર કુહરે, ઊછળે તે અનેરું;
રાજસ્નેહ, રુધિર નિજ દે, હા પુરોહિત સૂએ !
ઊંડા તેના, હૃદયપડ્યા, ત્યાં ઘૂમે છે હજુયે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુષ્ટુપ

શોકાશ્ચર્યે ઊભા બન્ને, વીર શુક્ત–પ્રતાપ ત્યાં,
ઢળતા ભાનુનાં રશ્મિ, ભુલાવે ઉરતાપ ત્યાં.
થતાં પ્રતાપની સંજ્ઞા, શુક્ત તે ભૂમિ ત્યાગતો;
પ્રતાપ પ્રાણનિદ્રાથી પ્રતિજ્ઞામમ જાગતો.

દ્રુતવિલંબિત

ગહન શાંતિ વને પ્રસરી રહે,
ગગન રક્ત પ્રભા ક્ષિતિજે ગ્રહે; ૭૦
ક્વચિત કોઇકિ અશ્વ ખૂંખારતો.
વન અગાધ પ્રતિધ્વનિ ધારતો.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨ **રણપાંડિત્ય**–યુદ્ધકૌશલ્ય. ૬૬ **રોમે રોમે**–અણુએ અણુએ. સમરત શરીરમાં લાગણીના આવેશમાં રોમાંચનો અનુભવ થાય છે. ૨૦ **યુદ્ધનૈપુણ્ય**–યુદ્ધમાં નિપુણતા, યુદ્ધકૌશલ્ય. ૩૩ **કુલપુરોહિત**–કુળગુરુ, કુળનો ગોર. ૩૭ **આર્જવે**–ફરગરે. ૪૨ **વિધિપાશ**–વિધિએ નક્કી કરેલો ફાંસો. ૫૪ **શુશ્રૂષા**–સેવા, ચાકરી. ૫૫ **પ્રાણશૂન્ય**–જીવ વગરનો. ૬૨ **કુહર**–ગુફા, બખોલ. ૬૫ **શોકાશ્ચર્ય**–શોક અને આશ્ચર્ય–દિલગીરી સાથે કુતૂહલ. ૭૨ **પ્રતિધ્વનિ**–પડઘો.

૧. આ કાવ્યનો પ્રસંગ વર્ણવો. પ્રસંગના રહસ્ય પર ટૂંકી નોંધ લખો.
૨. પુરોહિતે કઈ ભાવનાથી પ્રેરાઈ પોતાનું બલિદાન આપવું યોગ્ય ધાર્યું? એ ભાવના વિશે તમે શું ધારો છો?
૩. આ કાવ્યમાં કવિ કુદરતી તત્ત્વોનો આશરો ક્યાં ક્યાં અને શા માટે લે છે? એથી કાવ્યના સૌંદર્યમાં કાંઈ વધારો–ઘટાડો થાય છે?
૪. પુરોહિતના આત્મબલિદાન ઉપર દસેક લીટી લખો.
૫. 'સ્વદેશભક્તિ' ઉપર ત્રીસેક લીટીનો નિબંધ લખો.
૬. આ સંગ્રહમાંનાં બીજાં ખંડકાવ્યો સાથે આ કાવ્યનાં શૈલી અને પ્રસંગ સરખાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાદેવ હરિભાઈ દેસાઈ

[ઈ. સ. ૧૮૯૨–૧૯૪૨]

[શ્રી. મહાદેવ દેસાઈનો જન્મ ઓરપાડમાં અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. સુરતની જે. જે. હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી તેમણે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ.ની પરીક્ષા પસાર કરી, અને એલએલ. બી. થયા પછી અમદાવાદમાં વકાલત શરૂ કરી. પરંતુ ગાંધીજીના સમાગમમાં આવતાં એમણે આશ્રમનિવાસ સ્વીકાર્યો અને ત્યારથી તે ગાંધીજીના અંગત મંત્રી તરીકે કામ કરતા હતા. ઈ. સ. ૧૯૪૨માં જેલનિવાસ દરમ્યાન પૂનામાં તેમનું અવસાન થયું.

'નવજીવન' અને ગાંધીજીની બીજી બધી લેખનપ્રવૃત્તિઓમાં એમનો ફાળો ઘણો મહત્ત્વનો છે. સાહિત્યમાં મુખ્યત્વે સફળ ભાષાંતરો અને સરસ ભાવવાહી શૈલીને લીધે તે સારી રીતે જાણીતા થયા છે. શબ્દપસંદગી અને ભાવાનુવાદમાં શ્રી. મહાદેવ દેસાઈએ અનેરું કૌશલ્ય બતાવ્યું છે. એમણે બંગાળી ભાષાનાં કેટલાંક ઉત્કૃષ્ટ પુસ્તકોનાં ગુજરાતી ભાષાંતર કર્યાં છે. 'વિરાજ વહુ' (બંગાળીમાંથી) અને 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' એ એમની જાણીતી કૃતિઓ છે. ગાંધીજીની આત્મકથાનું એમણે સુંદર અંગ્રેજી ભાષાંતર કર્યું છે.

નીચે ઉતારેલું કાવ્ય એ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના એક અતિ જાણીતા કાવ્યનો સફળ અને સુંદર અનુવાદ છે. પ્રસ્તુત કાવ્યમાં કવિવરે દેશ માટેના સ્વાર્પણ અને વ્યક્તિગત શૌર્ય અને સાહસની ભાવના મૂર્તિમંત કરી છે.]

એકલો જા ને રે!

તારી જો હાક સુણી કોઈ ના આવે
તો એકલો જા ને રે
એકલો જા ને, એકલો જા ને,
એકલો જા ને રે! તારી૦

જો સૌનાં મોં સિવાય—
ઓ રે ઓ રે ઓ અભાગી!
સૌનાં મોં સિવાય;
જ્યારે સૌએ બેસે મોં ફેરવી,
સૌએ ડરી જાય,
ત્યારે હૈયું ખોલી,
અરે તું મોં મૂકી તારા મનનું ગાણું,
એકલો ગા ને રે! તારી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો સૌએ પાછાં જાય —
ઓ રે ઓ રે ઓ અભાગી
સૌએ પાછાં જાય;
જ્યારે રણવગડે નીસરવા ટાણે,
સૌએ ખૂણે સંતાય;
ત્યારે કાંટા-રાને,
તો તારે લોહીનીગળતે ચરણે ભાઈ,
એકલો ધા ને રે! તારી૦ ૨૦

જ્યારે દીવો ના ઘરે કોઈ,
ઓ રે ઓ રે ઓ અભાગી!
દીવો ના ઘરે કોઈ;
જ્યારે ઘનઘોરી તુફાની રાતે,
બાર વાસે તને જોઈ,
ત્યારે આભની બીજે
તું સળગી જઈ સૌનો દીવો,
એકલો થા ને રે! તારી૦

તારી જો હાક સુણી કોઈ ના આવે —
તો એકલો જા ને રે!
એકલો જા ને, એકલો જા ને,
એકલો જા ને રે! તારી૦ ૩૦

ટિપ્પણ અને સ્વાધ્યાય

૬ **અભાગી**–કમનસીબ. ૧૯ **લોહીનીગળતે**–લોહી વહ્યું જતું હોય એવા. ૨૦ **ધા ને**–દોડ ને. ૨૪ **ઘનઘોરી**–વાદળાંથી ઘેરાયેલી.

૧. કવિવર ટાગોર આ કાવ્ય દ્વારા શો ઉપદેશ આપે છે?
૨. કવિ વાચકને કેવે કેવે પ્રસંગે એકલો જવા ઉપદેશ આપે છે?
૩. આ કાવ્યમાંથી તમને કઈ લીટીઓ સૌથી વધારે ગમે છે? એનું સ્પષ્ટીકરણ કરો.
૪. "તું સળગી જઈ સૌનો દીવો, એકલો થાને રે!" એ પંક્તિઓમાં સમાયેલી ભાવના વિશે આશરે વીસેક લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



[બાળકોના આ પ્રિય કવિનો જન્મ ઈ. સ. ૧૮૮૮માં કુંડળા તાલુકાના સેંજળ ગામમાં થયો હતો. જ્ઞાતિએ તે ઔદીચ્ય બ્રાહ્મણ છે અને સૌરાષ્ટ્રના સાવર ગામના વતની છે. વડોદરા ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરી તે અમદાવાદમાં આવી વસ્યા અને નવજીવન કાર્યાલયમાં જોડાયા. નવજીવનમાં પ્રથમ પ્રસિદ્ધ થયેલા 'રતનબા'ના ગરબાએ પ્રજાનું એમના તરફ ધ્યાન ખેંચ્યું. સૌરાષ્ટ્રમાં કેળવણીખાતામાં કામ કર્યા પછી હાલમાં તે રાજકોટમાં નિવૃત્ત જીવન ગાળે છે.

ત્રિભુવન કવિનાં 'નવાં ગીતો' (ભાગ ૧-૨) બાળકોમાં અતિ પ્રિય થઈ પડ્યાં છે. બાલસાહિત્યને નામે પ્રગટ થતાં અસંખ્ય પુસ્તકોના આ જમાનામાં ત્રિભુવન કવિએ સુંદર બાલસાહિત્ય સર્જ્યું છે. એમની ભાષા સરળ, અને દૃઢ હોવા છતાં મધુર છે. એમની જન્મભૂમિ પ્રત્યે એમને ઘણો પક્ષપાત છે અને એથી જ એ 'ગીરનાં જંગલ' અને 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' જેવાં વર્ણનાત્મક છતાં ભાવના અને સ્વદેશપ્રેમભર્યાં કાવ્યો રચી શક્યા છે. કવિએ સર્જેલાં શબ્દચિત્રો આપણા માનસિક ચક્ષુ સન્મુખ ગિરનાર ઊભો કરવા ઉપરાંત તે સાથે સંલગ્નાયેલી ભાવના અને દેશપ્રેમનાં પણ આપણને દર્શન કરાવે છે. ગિરનારનો મહિમા અનેક લેખકોએ વર્ણવ્યો છે. ઐતિહાસિક અને પ્રાકૃતિક સમૃદ્ધિ માટે ગિરનાર અજોડ છે. કવિ નાનાલાલનું 'ગિરનારને ચરણે' કાવ્ય જિજ્ઞાસુએ વાંચી જવા જેવું છે. સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પણ ગિરનારના ઇતિહાસ અને સૌંદર્યને અનેરું સ્થાન મળ્યું છે.]

ગીરનાં જંગલ

ઘોર અતિવંકી ધરતી ને વંકા પથરાયા બહુ પહાડ,
વિકટ અને વંકા પગરસ્તા ગીચ ખીચોખીચ જાડમાં ઝાડ;
ઝરે ઝરણ બહુ નીરતણાં: જે ગાજે જંગલ ગીર તણાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતાવળી ને ઊંડી નદીયું સઘન ઘટાથી છાઈ રહે,
કાળાં ભમ્મર પાણી એનાં ધસતાં ધમધોકાર વહે;
ઝૂકયાં તરુવર તીરતણાં : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

શિયાળ સસલાં સાબર હરણાં મનગમતી સૌ મોજ કરે,
વાઘ, વરુ, ચિત્તા પારાધી શિકારીઓની ફોજ ફરે :
જીવન સાટાં શિરતણાં : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

સિંહ સમા શૂરવીર નરોની દુર્ગમ ધરતી શાખ પૂરે,
ડુંગરની વિકરાળ કરાડું ઊભી મિત્રવિજોગ ઝૂરે !
સ્મરી ધિંગાણાં ધીરતણાં : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

અજબ ખંજરી અને ભયાનક પ્રચંડ ધોધપછાડ તણી,
ઝીલે તેના પડછન્દાઓ પ્રબ્ન અડીખમ પહાડ તણી;
ભીષણ સૂર સમીરતણા : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

બહુરંગી વન વ્યાઘ્રચર્મશાં અંગ ધરી યોગી ગિરનાર,
બહુ યુગથી બેઠો દૃઢાસન, પ્રેમભર્યા કરતો સત્કાર,
સાધુ સન્ત ફકીરતણા : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

પુષ્પિત તરુ વનવેલ વસન્તે નવપલ્લવ ઘેઘૂર બને,
રૂડા બાગરા ખીલે કેસૂડે મધુકરગુંજન છાય વને;
કલરવ કોકિલકીરતણા : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

સ્વતંત્રતા ને સ્વાભાવિકતા સુંદરતા સહ રાસ રમે,
ડુંગર ડુંગર દેવ વસે ને વિરાગીઓ અલમસ્ત ભમે;
વીસરી જતન શરીરતણાં : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

મોટી ગોળી સરખાં માથાં ઉપર સુન્દર કૂંઢાંશિંગ,
કુંજરનાં બચ્ચાંઓ જેવી ભેંશુંની બહુ લાઈ ને ઘીંધ;
નેસ વસ્યા આહીરતણા : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

વર્ષાની ઘનઘટા ચડે નભ, ડુંગર પર વીજળી ઝબૂકે,
મેઘદુન્દુભી ગડે ગગનમાં મત્ત બની મોરો ટહુકે;
ત્રાડન કેસરી વીરતણાં : જ્યે ગાજે જંગલ ગીર તણાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

ગીર–ગિરનાર ને તેની આજુબાજુનો પ્રદેશ **૧૨ ઘિંગાણું**–ઝપાઝપી, યુદ્ધ. ગીરની ઇતિહાસ-પ્રસિદ્ધ વીર પ્રજાના શૌર્યનો ઉલ્લેખ છે. **૧૩** ઘોર પડવાના ભયાનક અવાજને કાળની ખંજરી સાથે કવિ સરખાવે છે અને તે દ્વારા ત્યાંની કસાયેલી (**અડીખમ**) પ્રજાની મૃત્યુ પ્રત્યેની ઉદાસીનતાનું સૂચન કરે છે. **૧૬–૧૮** સાધુસંતોના સત્કાર કરતા યોગી સાથે ગિરનારની સરખામણી કરી છે. ગિરનારમાં ઘણા સાધુઓ સાધના અર્થે વસે છે. **૧૯ ઘેઘૂર**–મસ્ત, પ્રફુલ્લિત. **૨૧ કીર**–પોપટ. **૨૨ સ્વાભાવિકતા**–કુદરત સાથેનું સહજ ઐક્ય. **૨૪ જતન** રક્ષણ. શરીર તરફ ઉદાસીન રહી આ યોગીઓ આત્મસાક્ષાત્કારને જ જીવનનો પરમાર્થ સમજે છે. **૨૫ ફૂંઢાં**–વાંકાં. **ઘીંધ**–ટોળું. **૨૭ નેસ**–નેસડા, ભરવાડના મુકામ. **આહીર**–ભરવાડની એક જાત.

૧. આ કાવ્યમાં પ્રત્યેક કડી એક સુંદર શબ્દચિત્ર રજૂ કરે છે. તે દરેક શબ્દચિત્ર બે ત્રણ લીટીમાં આલેખો.
૨. આ કાવ્યમાં કવિએ પ્રકૃતિપ્રેમ અને સ્વદેશપ્રેમનો સુંદર સમન્વય સાધ્યો છે. આ વિધાન કાવ્યમાંથી દૃષ્ટાંતો આપી સમજાવો.
૩. શબ્દાર્થ કે વાચ્યાર્થની દૃષ્ટિએ તમને સૌથી વધુ ગમતી એક કડી સમજાવો.
૪. આ કાવ્યના સમાસોની યાદી કરો. દરેકનો વિગ્રહ કરી તેનો પ્રકાર કહો.
૫. પંક્તિ–૧૦, ૧૧, ૧૬, ૨૨, અને ૨૬માં રહેલા અલંકાર ઓળખાવો.
૬. તમે જોયેલા કોઈ ગિરિપ્રદેશનું વર્ણન આશરે ૩૦ લીટીમાં લખો.
૭. ગિરનારનાં સ્થળો અને તેના ઐતિહાસિક મહત્ત્વ વિશે માહિતી મેળવો.

ઝવેરચંદ કાલિદાસ મેઘાણી

[ઈ. સ. ૧૮૯૬–૧૯૪૭]

[ભુલાઈ જતા લોકસાહિત્યને અમર કરવા આજીવન પ્રયત્ન કરનાર, સોરઠી સંસ્કૃતિના આ સ્વયંસેવકનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો. ૧૯૧૭માં બી. એ. ની પદવી મેળવી, કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં વ્યવસ્થાપક તરીકે જોડાયા, અને ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર' પત્રના તંત્રીખાતામાં દાખલ થયા. ૧૯૩૦માં અસહકારની લડતમાં જેલનિવાસી થયા.

પ્રાચીન લોકસાહિત્યનું સંશોધન કરી તેને પ્રસિદ્ધ કરવા પાછળ એમણે અથાગ શ્રમ લીધો છે. રાષ્ટ્રભાવના સચેતન કરવામાં પણ એમનાં ભાવભર્યાં મધુર કાવ્યો કેટલેક અંશે કારણભૂત થયાં છે. "કોઈનો લાડકવાયો" જેવાં માર્મિક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુર, કરુણ કાવ્યોમાં એમણે રાષ્ટ્રયજ્ઞની ભાવના મૂર્ત કરી અમર કરી છે. આ ઉપરાંત 'સોરઠી બહારવટિયા' ને 'સૌરાષ્ટ્રની રસધાર'માં સૌરાષ્ટ્રની વીરકથાઓનો એમણે સંચય કર્યો છે. એમનાં રાસ અને ગીતો સાદાં, સરળ અને ભાવથી નીતરતાં છે. આ ઉપરાંત એમણે કેટલાંક ભાષાંતરો પણ કર્યાં છે. 'સોરઠ તારાં વહેતાં પાણી', 'નિરંજન', 'તુળસી ક્યારો', 'પ્રભુ પધાર્યા' અને 'માણસાઈના દીવા' એ એમની જાણીતી કૃતિઓ છે.



સ્વ. મેઘાણીએ કવિવર ટાગોરનાં કેટલાંક કાવ્યોનો અનુવાદ કર્યો છે. એ 'રવીન્દ્રવીણા'માંથી આ કાવ્ય લેવાયું છે. દબાયેલી માનવતા પ્રત્યેની હમદર્દી અને વિશુદ્ધ માણસાઈ આ પ્રસંગમાં સુરેખ અને સચોટ રીતે વ્યક્ત થયાં છે. સાંતાલની નારીના કરુણ શબ્દચિત્ર દ્વારા આપણી સમાજરચનામાં રહેલા અન્યાયનો કવિવરે પરોક્ષ રીતે ઉલ્લેખ કર્યો છે.]

સાંતાલની નારી

દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી:
શીમૂળના ઝાડ હેઠ જ્નતી ને આવતી દીઠી સાંતાલની નારી.

૨

માથે માંડેલ છે માટીની સૂંડલી,
ઘાટીલા હાથમાં થોડી થોડી બંગડી,
પાતળિયા દેહ પરે વીંટેલી ચૂંદડી:
કાયાની કાંબડી કાળી.
કેસૂડા રંગના ભડકા લે'વરાતી લાલ લાલ કોરની સાડી;
શીમૂળના ઝાડ હેઠ સબકારે ચાલતી દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

અષાઢી મેઘ અને થોડી શી વીજળી
લઈને બેઠેલ હશે બ્રહ્મા :
ભૂલકણા દેવ, તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવની કન્યા ?
પાંખોની જોડ એના હૈયામાં સંઘરી, સરજી સાંતાલની નારી,
ઊડું ઊડું હીંડતી હલકે વિદ્યાધરી : દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૩

દખણાદા વામરાની કો'ક કો'ક લેરખી
વહી જ્યતી શીદને ધખાવે;
સૂકેલાં પાન અને ધૂળ તણી આંધીઓ
મરુતોની મોજને ચગાવે.
શાળાનો ઘંટ થાય, દૂર દૂર વહી જ્વય પાવા બજાવતી ગાડી.
એવા પરભાતને પો'રે મેં એક દી' દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૪

પેલું બંધાય મારું માટીનું બોરડું
શીતળ નાજુક ને સુંવાળું;
મહેલને ઝરુખે હું બેસીને કોડભર્યો
મજૂરોની મેદિની નિહાળું.
કડિયાની હાક પડે હડીઓ ત્યાં કાઢતી દીઠી સાંતાલની નારી.
ઘગધગતી માટીની સૂંડલીઓ સારતી દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૫

પો'ર ને બપોર એની બળબળતી દેહના
કરતી'તી રોજ રોજ છુંદા :
કવિની કુટિર તણાં ભીંતડાંને કારણે
બેંચે બે ધૂળ તણા લુંદા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાજી લાજીને મારાં લોચન બિડાય છે : દીઠી સાંતાલની નારી;
ધિક્કારે આત્માના દીપક ઝંખાય છે : દીઠી સાંતાલની નારી.
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

૬

પ્રિયજનની સેવાને કારણિયે સરજેલી.
નારીની પુણ્યવતી કાયા :
એ રે કાયાનાં આજ દુનિયાના ચોકમાં ૪૦
સોંઘેરાં હાટડાં મંડાયાં.
ચાર આઠ ત્રાંબિયાની રોજી આપીને મેં લૂંટી સાંતાલની નારી;
દીઠી સાંતાલની નારી રે આજ દીઠી સાંતાલની નારી.

ટિપ્પણ અને સ્વાધ્યાય

સાંતાલની નારી—પશ્ચિમ બંગાળમાં શાંતિનિકેતન (બોલપુર) પાસેના પ્રદેશમાં વસતી એક દીન કોમની સ્ત્રી. આ કોમ રંગે ઘણી શ્યામ પણ દેખાવડી હોય છે. ૨ **શીશુળ**—શીમળ—ળાનું ઝાડ. ૩ **સુંડલી**—ટોપલી. ૬ **કાંબડી**—કામડી, વાંસની ચીપ; અહીં એના ભૂખમરાથી કૃશ થયેલા દેહની સરખામણી થઈ છે. ૧૦–૧૪—સુંદર કલ્પના દ્વારા સાંતાલની નારીના શ્યામ રંગ ને તેની ચપળતાનો નિર્દેશ થયો છે. ૧૭ **દખ્ખણાદા**—દક્ષિણના. ૨૬ પાસેની શાળા (શાંતિનિકેતન) અને સ્ટેશનનો ઉલ્લેખ છે. ૩૫–૩૬ કવિનાં સુખસગવડ ખાતર આ સ્ત્રીને આવી ભયંકર મજૂરી કરવી પડે છે એ વિચારે કવિનું હૃદય લાજે છે—પશ્ચાત્તાપ અનુભવે છે. કવિને પોતાની જાત ઉપર તિરસ્કાર ઊપજે છે. ૪૦–૪૨ એકના શ્રમ પર બીજાનું સુખ રચાય છે એ અમાનુષી સામાજિક અન્યાયનો કવિ નિર્દેશ કરે છે. ૪૨ **ત્રાંબિયા**—ત્રાંબાના સિક્કા, પૈસા. પૈસા આપીને એનો શ્રમ પોતાની સગવડ ખાતર ખરીદ્યો.

૧. આ કાવ્યનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૨. કવિએ માનવજીવનની કરુણતા ને સામાજિક અન્યાયનો જે ઉલ્લેખ કર્યો છે તે દર્શાવો.
૩. આ કાવ્યના સામાન્ય પ્રસંગ પાછળ જે રહસ્ય સમાયેલું છે તે સમજાવો.
૪. ૧૦–૧૪ અને ૩૮–૪૧ લીટીઓ વિસ્તારપૂર્વક સમજાવો.
૫. કવિનાં લોચન શા કારણે લાજી લાજીને બિડાય છે?
૬. 'એક શ્રમજીવીની આત્મકથા'—એ વિષય પર આશરે ૩૦ લીટીનો નિબંધ લખો.

[સા. રત્ન ભા. ૩–૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રવદન ચીમનલાલ મહેતા

['ઇલાકાવ્યો'ના કર્તા તરીકે જાણીતા થયેલા, શ્રી. ચંદ્રવદનનો જન્મ સુરતમાં ૧૯૦૧માં થયો હતો. સુરત હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ પૂરો કરી, એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ૧૯૨૪માં બી. એ.ની પરીક્ષા પસાર કરી. એમનામાં નાટ્યકીય સ્ફુરણા અતિ પ્રબળ છે, અને સાહિત્યકાર ઉપરાંત એક કુશળ નટ તરીકે પણ શ્રી. ચંદ્રવદન જાણીતા છે. હાલમાં અમદાવાદમાં રેડિયો સ્ટેશનના નિયામક તરીકે કામ કરે છે.

'યમલ' નામે ભાઈબહેનનો નિર્દોષ સ્નેહ પ્રગટ કરતો કાવ્યસંગ્રહ એમણે પ્રસિદ્ધ કર્યો હતો. રસિક અને અર્થઘન શૈલીથી એમણે વૃદ્ધ વિદ્વાનોની પણ પ્રશંસા પ્રાપ્ત કરી હતી. આ સંગ્રહમાંનાં બધાં કાવ્યોમાં વિચાર અને ભાવની સળંગતા અતિ કલામય રીતે સચવાઈ છે. આ સંગ્રહ પ્રગટ કરી શ્રી. ચંદ્રવદને ગુજરાતી સૉનેટ સાહિત્યના પ્રવાહને અતિશય વેગ આપ્યો છે. આ ઉપરાંત ભાઈબહેનના શુદ્ધ, સાત્વિક, નિર્દોષ પ્રેમને મૂર્તિમંત કરતાં કાવ્યો એમણે 'ઇલાકાવ્યો' નામે બહાર પાડ્યાં છે તદુપરાંત 'આગગાડી' અને 'નાગાબાવા', 'અખો', 'નર્મદ', 'ધરા ગુર્જરી' વગેરે નાટકો એમણે પ્રગટ કર્યાં છે. શ્રી. ચંદ્રવદનની પ્રવૃત્તિ અનેકદેશીય છે. સાહિત્યમાં પણ ટૂંકી વાર્તા, નાટક, નિબંધ અને વિવેચન એમણે લખ્યું છે. મુખ્યત્વે તે એક નાટ્યકાર, નટ અને કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. એમણે અનેક રેડિયોરૂપકો પણ લખ્યાં છે, જે આજે ઘણાં લોકપ્રિય થયાં છે.]

વિસર્જન

શિખરિણી : સૉનેટ

પ્રભો ! છંકારી દે સકળ ગ્રહ તારા ઉદધિમાં,
અને સંકેલી લે ઘડીક મહીં આ રાસ રમવા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢી ચોપાસે જ્યે, પ્રલયપૂર વ્યાપે પલકમાં,
ગ્રહી લેજ્યે મારું દૃગજલ, ખૂટે શક્તિ મહિમા!

ઝૂટે ગેબી ગુહા, અનલ સરખા વિશ્વ ફરતા
ફરે ઝંઝાવાતો, ફરી ફરી બધુંયે જગ સીઝે;
ખૂટે એ વાયુ તો હૃદયભરમાં દાહ દ્રવતા
નિસાસામાંથીયે પ્રલયપૂર તો એક ગ્રહજ્યે!

અને પહાડોના જ્યે, વીજતણુખથી કોઠ જ ફૂટે,
ઊના અંગારાથી ગગનપટ વ્યાપે રજરજ્યે, ૧૦
પરંતુ વજ્રોશા દૃઢ વીજકડાકા કદી ખૂટે,
અરે આ હૈયાની ઉરધમક એકાદ ગ્રહજ્યે!

નિસાસા, આંસુ ને ઉરધમક સર્વે તુજ વહી ૧૪
થશે નક્કી દેવા! તુજમય નવા સર્જન મહીં.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧ **છંકારી દે**–દેવતા ઉપર પાણી નાખતાં જે 'છમ' અવાજ થાય છે તે પરથી છંકારવું (છાંટી નાખ). ૨ **સંકેલી લે**–વિશ્વના પદાર્થોને ઉદધિમાં હુબાડી દે. પ્રલયરૂપી **રાસ રમવા** સર્વત્ર પ્રલયનાં જળ પાથરી દે. ૪ હે પ્રભુ! પ્રલય કરવાની તારી મહાન શક્તિ ખૂટે તો મારાં આંસુનો સ્વીકાર કરજે. ૫ **ગેબી ગુહા**–જેમાં પડ્યા પડે છે તેવી અગમ્ય–અંધારી ગુફા ૬ **ઝંઝાવાતો**–વાવાઝોડાં. પ્રલયકાળે ઓગણપચાસ જનતના વાયુ વાય છે એમ પુરાણમાં કહ્યું છે. **સીઝે**–બળે. ૭–૮ એ પ્રલયવાયુ ઓછા પડે તો મારા હૃદયને બાળતા નિઃશ્વાસોમાંથી એક નિઃશ્વાસ પણ લેજે. ૯ **કોઠ**–જ્વાલામુખી પર્વતનાં શિખરો. ૧૨ **ઉર-ધમક**–હૃદયનો ધબકારો. અહીં હૃદયના ધબકારાને વીજળી સાથે સરખાવ્યો છે. ૧૩–૧૪ હે પ્રભુ, જો તું મારાં આંસુ, નિસાસા અને ઉરના ધબકારાનો સ્વીકાર કરશે તો નવી સૃષ્ટિ રચતી વખતે મારી આ ક્ષુલ્લક વસ્તુઓ તારા કાર્યમાં વપરાવાને લીધે પાર્થિવ માટી દેવી બની જશે–અર્થાત્ તુજમય (પ્રભુમય) બનશે.

૧. કવિ પ્રભુ પાસે શી શી માગણી કરે છે? એવી એવી માગણીઓ કરવાનું શું કારણ હોવું જોઈએ? કવિની અંતિમ ઇચ્છા શી છે?

૨. જગતની કઈ વિષમતા જોઈ કવિના હૃદયમાં આવા ભયાનક ભાવ ઉત્પન્ન થયા હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. જગતનો નાશ કરવા માટે ઈશ્વર તમારી સહાય માગે તો તમે આપો ખરા? શા માટે?

૪. "વિસર્જન" નું શીર્ષક યથાર્થ છે? કારણો આપો.

જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે

[જીવન-પરિચય માટે જુઓ ગદ્યવિભાગ]

[શ્રી. જ્યોતીન્દ્ર દવે હાસ્યરસના અગ્રણી લેખક તરીકે ખૂબ જાણીતા છે. એમણે કાવ્યો પણ લખ્યાં છે અને કવિતા રચવાની શક્તિ એમનામાં છે એ હકીકત બહુ જાણીતી નથી. 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' સ્વીકારતી વેળાએ 'ગુજરાત સાહિત્ય સભા' સમક્ષ એમણે પોતાની લાક્ષણિક શૈલીમાં કાવ્ય દ્વારા પોતાનો પરિચય આપ્યો હતો. તે કાવ્ય અહીં આપ્યું છે. પહેલી દૃષ્ટિએ વિનોદમય દેખાતા આ કાવ્યમાં ઊંડું તત્વજ્ઞાન ભર્યું છે તે જિજ્ઞાસુઓ જોઈ શકશે.]

આત્મપરિચય

અનુષ્ટુપ

'તમારી જાતનો આપો તમે જાતે પરિચય,'
તમારું વાક્ય એ વાંચી મને આશ્ચર્ય ઊપજે.
જાતને જાણી છે કોણે કે હું જાણી શકું, સખે?
જાણે જે જાતને તેયે જણાવે નહિં અન્યને.
તથાપિ પૂછતા ત્યારે, મિત્રનું મન રાખવા.
જાણું-ન જાણું હું તોયે મથું 'જાત જણાવવા.'
જન્મે બ્રાહ્મણ, વૃત્તિએ વૈશ્ય ને હું પ્રવૃત્તિએ
શૂદ્ર છું: કલ્પનામાંહે ક્ષત્રિયે હું બનું વળી.
શૈશવે ખેલતો ખેલો, શાળામાં ભણતો વળી,
બ્રહ્મચર્યાશ્રમે ત્યારે સ્થિતિ મારી ગણી હતી.
શાળાને છોડીને જ્યારે 'સાળાની બહેન'ને વર્યો,
ગાર્હસ્થ્યે આશ્રમ જ્યેષ્ઠે તદા પ્રેમે હું સંચર્યો.
પ્રભુતામાં ધર્યા પાદ; પૃથ્વીને રસ-પાટલે;
પયગમ્બર પ્રભુ કેરા પધાર્યા બે પછી ગૃહે.
દિનનાં કાર્ય આટોપી વાનપ્રસ્થ અનુભવું,
બારકાં કામ આવે ત્યાં સંન્યાસી હું બની રહું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણાશ્રમતણા આમ બધા હું ધર્મ પાળતો,
જાળવવા મથું નિત્યે આર્યસંસ્કૃતિ વારસો.
અરિને મોદ અર્પન્તું દ્રવ્ય અર્પન્તું વૈદ્યને
બ્હાલાને અર્પતું ચિંતા, મને પીડા સમર્પતું. ૨૦
પૃથ્વીયે ખેંચતી જેને બહુ જોર થકી નહિ–
ભારહીણું મને એવું બક્ષે શરીર આપિયું;
રોગ ને સ્વાસ્થ્યની નિત્યે રણભૂમિ બની રહ્યું,
એવું શરીર આ મારું, દવાઓથી ઘડાયેલું.
સોટી ને શિક્ષકો કેરા શાળા માંહે સમાગમે
વિદ્યા ને વેદના બે મેં એક સાથે જ મેળવ્યાં.
મન કેળવવા માટે દેહ વિદ્યાલયે પૂર્યો,
મન કિન્તુ રહ્યું ના ત્યાં, બ્રહ્માંડો ભટકી વળ્યું !
વિદ્યાને પામવા પહેલાં, અર્થનો વ્યય મેં કર્યો,
પછીથી અર્થને કાજે વિદ્યાવિક્રય આદર્યો. ૩૦
ઘરમાં હોય ના કાંઈ, ક્ષુધા ત્યારે સતાવતી,
ભર્યું ભાણું નિહાળીને ભૂખ મારી મટી જતી.
વૃત્તિ મારી સદા એની હોય તે ના ચહે કદી,
હોય ના તે સદા માંગે, મળ્યે, માગ્યું ય ના ગમે !

ઉપન્નતિ

સાહિત્ય સંગીત કલા વિષે મેં
ધરી રુચિ, કિન્તુ ન સિદ્ધિ આવી.
ગાઉં ન હું, કારણ માત્ર તેનું
આવે દયા કૈં સુણનાર કાનની.
કર્યું હતું એક જ વેળ જીવને
અપૂર્વ મેં નૃત્ય વિના પ્રયાસે. ૪૦
હું એકદા માર્ગ પરે નિરાંતે,
ઉઘાડપાદે ફરતો હતો ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ધી બળેલી બીડી કોક મૂર્ખે,
ફેંકી હતી તે પર પાદ મૂકયો:
અને પછી નૃત્ય કરી ઊહ્યો જે,
તેવું હજી નૃત્ય કર્યું ન કોઈએ.
સાહિત્યની કંટકવાડ ભેદવા
કરે અહીં કાતર કાવ્ય કેરી
પાડી છીંડું નાનકું એક ત્યાં હું
ખૂણે ઊભો; કાતર ફેંકી દીધી! ૫૦

અનુષ્ટુપ

દેહ દાતણના જેવો, મન મર્કટના સમું
આત્મા કિન્તુ ગણું મારો વડો બ્રહ્માંડ જેવડો.

શાર્દૂલવિક્રીડિત

નાના રૂપ ધરી હું એમ ખિલવું માયામયી સૃષ્ટિને,
ખેલું ખેલ અનન્ત શાન્ત જગમાં દિક્કાલને કંદુકે.
હું ચૈતન્યચૂડામણિ સકલ આ બ્રહ્માંડ વ્યાપી રહ્યો,
જે દેખાય, સુણાય થાય જગમાં, તે સર્વ મારા થકી.
કુંજે કોકિલ કૂજતી કલરવે તે નાદ મારો નકી,
નિદ્રાભંગ કરંત શ્વાન ભસતાં, તે યે ક્રિયા માહરી.
દાતા હું જ સુવર્ણચંદ્રકતણો, લેનાર યે હું જ છું,
હું કૂટસ્થ અનસ્ત બ્રહ્મ, મુજથી ના ભિન્ન લેશે કશું. ૬૦

અનુષ્ટુપ

રજ્જુમાં સર્પની ભ્રાન્તિ થાય તેમ તને સખે,
મહાજ્યોતિ પરબ્રહ્મ દીસે જ્યોતીન્દ્ર હ. દ્વવે!

ટિપ્પણ અને સ્વાધ્યાય

૬ **'જાત જણાવવા'**–મારી જાત ઓળખાવવા; રૂઢ રીતે 'જાત જણાવવી' –એટલે સ્વભાવગત નીચતા, દુષ્ટતા બતાવવી એવો અર્થ થાય છે. ૭–૮ પ્રાચીન વર્ણાશ્રમ ધર્મનો લાક્ષણિક રીતે ઉલ્લેખ થયો છે. ૧૨ સાળા શબ્દ પર શ્લેષ છે. ૧૨ **ગાર્હસ્થ્યે**–ગૃહસ્થ પરથી, ગૃહસ્થાશ્રમે. ૧૯–૨૪ કવિ પોતાની દેહદીનતાનો ઉલ્લેખ કરે છે. ૪૭–૫૦ સાહિત્યના વાડામાં દાખલા થવા કાવ્યનો કવિએ પ્રથમ ઉપયોગ કર્યો હતો. પણ એ અર્થ સરતાં કાવ્યપ્રવૃત્તિ પડતી મૂકી. ૫૩–૬૨ કવિ આત્મા–પરમાત્માના તત્ત્વજ્ઞાનમાં ઊતરી પડે છે. આત્મા ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાત્મામાં ભેદ નથી એ તત્ત્વજ્ઞાનના આધારે કવિ પોતાની જાતને સર્વવ્યાપી, સર્વશક્તિમાન ગણાવે છે. ૫૪ કંદુક – દડો. ૫૫ ચૂડામણિ – મુગટમાં જડેલો મણિ, શ્રેષ્ઠતાનો ભાવ દર્શાવે છે. ૫૭ વર્ણસગાઈ – આદ્યાનુપ્રાસ જુઓ. ૫૯ આત્મા ને પરમાત્મા એક જ છે એ ન્યાયે મારા – તારામાં ભેદ રહેતો નથી. હું તે તું અને તું તે હું જ છું. ૬૦ કૂટસ્થ – ન સમજાય તેવું, અગમ્ય, રહસ્યમય; સર્વશ્રેષ્ઠ સ્થાને રહેલો. (કૂટ = ભેદ, કોયડો, રહસ્ય). અનશ્વર – જેનો નાશ – અસ્ત નથી તે; અમર. ઈશ્વરનું સ્વરૂપ અનાદિ ને અનંત લેખાય છે. ૬૧ જેમ દોરડા – ડી (રજ્જુ) જોઈને સાપની ભ્રાંતિ થાય તેમ મને જોઈને તને ઈશ્વરની ભ્રાંતિ થાય છે.

૧. કાવ્યમાંના 'આત્મપરિચય'ને આધારે કવિના જીવન પર નોંધ લખો.
૨. તમારો જીવનપરિચય (હળવી શૈલીમાં) ટૂંકમાં લખો.
૩. છેલ્લી ૧૦ પંક્તિઓમાં કવિ જે આત્મા – પરમાત્માના સંબંધ ને સ્વરૂપનો નિર્દેશ કરે છે તેના પર નોંધ લખો.
૪. કવિ પોતાની તંદુરસ્તી માટે શું કહે છે ? (માંદગી વિશેનો જ્યો. દવેનો લેખ મેળવી વાંચો).
૫. વર્ણાશ્રમ ધર્મ એટલે શું ? કવિ કેવી રીતે પોતાના જીવનમાં એ પાળે છે ?
૬. આ કાવ્યમાંથી ગમે તે બે અલંકારો શોધી તે ઓળખાવો.

કરસનદાસ નરસિંહ માણેક



[શ્રી. કરસનદાસ માણેકનો જન્મ ઈ. સ. ૧૯૦૨ માં કરાંચીમાં થયો હતો. બી. એ. સુધીનું શિક્ષણ એમણે કરાંચીમાં લીધું અને શિક્ષકનો વ્યવસાય સ્વેચ્છાએ સ્વીકાર્યો. કરાંચી અને મુંબઈમાં એમણે શાળાઓના આચાર્ય તરીકે લાંબો વખત કામ કર્યું. સત્યાગ્રહની ચળવળ દરમ્યાન બે વખત કારાવાસ ભોગવ્યો. કેટલોક વખત એમણે 'જન્મભૂમિ'ના તંત્રી-વિભાગમાં કામ કર્યું અને 'વૈશંપાયનની વાણી' નામે પ્રકટ થયેલાં વ્યંગ કાવ્યો દ્વારા તે લોક-[પ્રિય થયા. હાલમાં મુંબઈમાં રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્ર રીતે પત્રકારત્વ ને લેખન પ્રવૃત્તિ કરે છે. 'આખ્યનાં પોયણાં', 'આલ-બેલ' અને 'વૈશંપાયનની વાણી' એ એમના નાણીતા કાવ્યસંગ્રહો છે.

'હરિનાં લોચનિયાં' માં કવિ આપણા સમાજના કેટલાક ઘોર અન્યાય રજૂ કરે છે. એમની આલેખન રીતિ વિશિષ્ટ અને અસરકારક છે. જે સમાજમાં આવા અન્યાય ને દુઃખ પ્રવર્તતાં હોય તે સમાજને જોઈ એના સ્રષ્ટાને ખેદ અને દુઃખ ન થાય? પોતાનાં જ બાળકોમાં ભેદ અને અસમાનતા જોઈ કયા પિતાનું હૃદય ન દ્રવે? હરિની આંખમાંથી આંસુ સરે છે એ કલ્પના અસરકારક અને મૌલિક છે.]

હરિનાં લોચનિયાં

સારંગ

એક દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળા;
ચાંદીની ચાખડીઓએ ચડી ભક્ત થયા'તા ભેળા!
શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતી;
શતશત કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી,
દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા,
દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટટળતા,
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

લગ્નવેદિપાવક પ્રજળ્યો'તો, વિપ્ર વેદ ઊચરતા,
સાજનમા'જન મૂછ મરડતા પોરસકૂલ્યા ફરતા!
જીર્ણ, અજીહું, પામર, ફિક્કું, માનવપ્રેત સમાણું,
કૃપણ કલેવર કોડભર્યું જ્યાં માંડવડે ખડકાણું!
'બ્રાહ્મણવચને સૂરજ સાખે' કોમળ કળી ત્યાં આણી:
ભાવિની મનહર પ્રતિમાની જે દિન ઘોર ખોદાણી!
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

ભયથરથરતા ખેડૂત ફરતા શરીફ ડાકુ વીંટાયા:
વરુનાં ધાડાં મૃત ઘેટાંની માંસ-લાલચે ધાયાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થેલી, ખડિયા, ઝોળી, તિજોરી સૌ ભરચક્ક ભરાણાં :
કાળી મજૂરીના કરતલને બે ટંક પુગ્યા ન દાણા !
ધીંગા ઢગલા ધાન્ય તણા સૌ સુસ્તોમાંહી તણાણા !
રંક બેડુનાં રુધિરે ખરડ્યાં જે દિન બળાં બવાણાં !
તે દિન આંસુળીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

હૂંફાળાં રાજવી ભવનોથી મમત અઘોર નશામાં
ખુદ્દમતલબિયા મુત્સદ્દીઓએ દીધાં જુદ્ધ – દદામાં !
જલથલનભ સૌ ઘોર અગનની ઝાળમહીં ઝડપાયાં :
માનવી માનવીનાં ખૂન પીવા ધાયા થઈ હડકાયા ! ૩૦
નવસર્જનના સ્વપ્નસંગી ઉર ઉછરંગે ઊભરાણાં :
લખલખ નિર્મલ નવલ કિશોરો ખાઈઓમાં ખોવાણા;
તે દિન આંસુળીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂમ શિક્ષકને સોંપાણાં
કારાગાર સમી શાળાના કાઠ ઉપર બડકાણાં !
વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભૂલાણા :
જીવનમોદ તણા લઘુતમમાં પ્રગતિપદ છેદાણાં !
હર્ષઝરણ લાખો હૈયાંનાં ઝબકયાં ત્યાં જ ઝલાણાં :
લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણવિકસ્યાં જ સુકાણાં : ૪૦
તે દિન આંસુળીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં !

ટિપ્પણ અને સ્વાધ્યાય

૩ **અન્નકૂટ** – અન્નનો મોટો ઢગલો (કૂટ = ઢગલો, શિખર). વૈષ્ણવ મંદિરોમાં અન્નકૂટનો મોટો ઉત્સવ ખૂબ આનંદથી ઊજવાય છે. એક બાજુ અન્નનો આવો વ્યય થાય છે, બીજી બાજુ ગરીબ જનસમાજ અન્ન વિના ટળવળે છે. અને આવો ઉત્સવ ઈશ્વરને નામે થાય છે, એટલે એ વિશેષ ઘોર લાગે છે. વિષમ અને અન્યાયી સમાજવ્યવસ્થાનો કવિ સચોટ રીતે અહીં નિર્દેશ કરે છે. ૪ **ચાખડી** – પગમાં પહેરવાની પાવડી. 'ચાંદીની' શબ્દથી કવિ વૈભવનું સૂચન કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ૫ ઝાલર – મોગરીથી વગાડવાની ઘડિયાળ. દર્શન પહેલાં ને આરતી વખતે તેનો ઉપયોગ થાય છે. ૬ શતશગ – સો જ્યોતવાળી; શગ = દીવાની જ્યોત. ૧૧ લગ્નવેદિપાવક – લગ્નની ચોરી પર થતો અગ્નિ. ૧૨ પોરસ – આનંદનો ફળકો. ૧૩–૧૪ અહીં વૃદ્ધ પુરુષનો ઉલ્લેખ છે. આ કડીમાં બાળલગ્ન ને વૃદ્ધ-લગ્ન પર સચોટ કટાક્ષ છે. ૧૬–૨૪ બેડ્રોની વિષમ ને ભયાજનક સ્થિતિ અને વ્યાજખાઉ શાહુકારોના ત્રાસનો અહીં નિર્દેશ થયો છે. ૧૬. શરીફ-ડાકુ – શબ્દો-માં વિરોધાભાસ છે. પણ ભાવને આ પ્રયોગ વિશેષ સચોટ બનાવે છે. સમાજમાં સારા ગણાતા એટલા માટે શરીફ (આબરૂદાર–પ્રતિષ્ઠિત); પણ બીજાનું શોષણ કરે છે માટે ડાકુ (ચોર–લૂંટારુ) જેવા. ૨૧. ખડિયો – એકથી વધુ પડવાળી ઝોળી; ખભાની બન્ને બાજુ નંખાય તેવી કોથળી. ૨૨. કરતલ – કરનાર. ૨૩. સુકૃતો (ફા.) – આળસુ–પરોપજીવી માણસો. ૨૭–૩૨ મુત્સદ્દીઓના ઘોર પ્રપંચો અને તેને કારણે જગતમાં જે ભીષણ યુદ્ધો અને હત્યાકાંડો થાય છે તેનો અહીં નિર્દેશ થયો છે. ૨૭. ગમત – હુંપણું, અહંભાવ. નશામાં – ઘેનમાં કે ખુમારીમાં. ૨૮. દદામાં – લડાઈ-માં મોખરે વાગતાં નગારાં, મોટા ઢંકા (એકવચન–દદામું). ૩૧–૩૨ આમ હિંસા ને દ્વેષના અગ્નિમાં યુવાનો ને તેમના નવસર્જનનાં સ્વપ્નોનો વિનાકારણ નાશ થાય છે. યુદ્ધનો આ સૌથી મોટો ભોગ ને વિનાશ છે. ૩૫–૪૦ બાળકોનું સ્મિત અને આનંદ હરી લેતી આપણી કારાગાર સમી શાળાઓ પર અહીં કટાક્ષ છે. ૩૫. માસૂમ – કોમળ. સૂસ – જડ; મૂઢ; આનંદની લાગણી અનુભવી શકતો નથી તેવો. ૩૬. કાઠ – લાકડાં – નિશાળના બાંકડા અને ચિતાનાં લાકડાં બંનેનું સરસ રીતે કવિએ સૂચન કર્યું છે. ૩૮ જ્યાં જીવનનો આનંદ ઘટતાં પ્રગતિનો નાશ થયો.

૧. આ કાવ્યની પ્રત્યેક કડીમાં કવિએ જે ચિત્ર આલેખ્યું છે તે તમારા શબ્દોમાં વર્ણવો.

૨. કવિ કઈ કઈ સામાજિક અસમાનતા કે અન્યાયનો અહીં નિર્દેશ કરે છે? એમાં તમને સૌથી ઘોર અન્યાય કયો લાગે છે? શા માટે?

૩. આ કાવ્યનું કથન કટાક્ષ કે વ્યંગથી વિશેષ અસરકારક બને છે તે દૃષ્ટાંતો આપી સમજાવો.

૪. આ શબ્દો સમજાવો અને એમાંથી જે સમાસ હોય તેનો વિગ્રહ કરી ઓળખાવો :— પચરંગી, અન્નકૂટ, લગ્નવેદિપાવક, પોરસકૂલ્યા, માનવપ્રેત, ઘોર, ખુદમતલબિયો, જીવનમોદ.

૫. સંબંધ સાથે લઈ અલંકાર ઓળખાવો :– માસૂમ ગુલ, ધાયા થઈ હડ-કાયા, વરુનાં ધાડાં, ઘોર ખોદાણી.

૬. આ કાવ્યનું – વિચાર, શૈલી ને શબ્દરચના ધ્યાનમાં રાખી – રસદર્શન કરાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીણાભાઈ રતનજી દેસાઈ (રમણીરામ)

[કવિ અને કેળવણીકાર તરીકે પ્રસિદ્ધિ પામેલા, શ્રી. ઝીણાભાઈનો જન્મ ચીખલીની અનાવિલ જ્ઞાતિમાં સને ૧૯૦૩માં થયો હતો. ઇતિહાસ અને રાજકારણને ઐચ્છિક વિષય તરીકે લઈ ગુજરાત વિદ્યાપીઠની સ્નાતકની પદવી મેળવ્યા પછી એમણે થોડો વખત ઇતિહાસના અધ્યાપક તરીકે ગુજરાત વિદ્યાપીઠમાં કાર્ય કર્યું હતું. અસહકારની લડત ચાલુ થતાં એમણે એમાં ઝંપલાવ્યું હતું. જેલનિવાસ દરમિયાન એમણે ઘણાં સુંદર કાવ્યો અને વાર્તાઓ લખ્યાં હતાં. 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ' અને 'સ્વર્ગ અને પૃથ્વી' નામે એમના ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે, અને એમનાં કાવ્યો 'અર્ઘ્ય' અને 'પનઘટ' નામે પ્રગટ થયાં છે. હાલમાં તે અમદાવાદની એક અગ્રગણ્ય શાળા — શેઠ ચી. ન. વિદ્યાલયના આચાર્ય તરીકે કામ કરે છે.

એમનાં કાવ્યોમાં એકંદરે ગેયતત્ત્વનું પ્રમાણ વિશેષ છે; છતાં સંગીતથી અર્થઘનતામાં ક્ષતિ થતી નથી. 'જ્વાળા' કાવ્યથી આ વિધાનની પ્રતીતિ થશે. આજે જગત જે ક્રમિક કે ત્વરિત પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે એનો સચોટ ખ્યાલ કવિએ સુંદર રીતે આપ્યો છે. સ્વરાજ્ય માટે હિંદ જ્યારે પરદેશી સત્તા સામે અહિંસક રીતે લડતું હતું તે વખતે આ ગીત રચાયેલું. પણ માનવતાના ઇતિહાસમાં આવી ઘટના બન્યા જ કરે છે. માનવજીવન અને હૃદય પરિવર્તનશીલ છે, એ દૃષ્ટિએ માનવજીવનનું સનાતન સત્ય કે હૃદયની ચિરંજીવ ભાવના આ કાવ્યમાં રહેલી છે. 'અર્ઘ્ય' કાવ્ય દ્વારા કવિની ભાવભીની મૃદુતાની ઝાંખી થાય છે. કવિ પોતાનું સર્વસ્વ અર્પી દેવાની તીવ્ર ભાવના પ્રકટ કરે છે. કવિ પોતાની પરિમિતતા સમજે છે અને પોતાની પાસે જે મધુર સ્વપ્નાંની સમૃદ્ધિ છે તેનું સમર્પણ કરે છે. સહૃદયી સમર્પણની આ સુંદર ને ભાવમય ભાવના છે.]

(૧) જ્વાળા

જાગ રે! જાગ સુનારા,
જો પ્રસરે સ્વાર્પણજ્વાલા!
સઘન ગગન ઘન ગંભીર ગાજે,
ડમક ડમક જગ ડમરુ બાજે,
દિશ દિશ ગાજે તેજ-પખાજે,
ગાજે આભ-મિનારા!
જો પસરે સ્વાર્પણજ્વાળા! જાગ૦

વહ્નિ-શિખામાં કેણો માંડી
નાગિણી ડોલે કોટિક ગાંડી,
જૂના જગની કંપે દાંડી, ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે ક્રાંતિ ફૂંફાડા !
જે પ્રસરે સ્વાર્પણુજ્વાલા ! જગ૦

જુલ્મતણી ઝાડીઓ સળગે,
પાપ તણી કંઈ પાંખો સળગે,
દૈન્યદાસતા ત્રૂજે સળગે,
સળગે જગઅંધારાં !
જે પ્રસરે સ્વાર્પણુજ્વાળા ! જગ૦

વેરઝેર હોમાયે કાળાં,
ખંડ ખંડનાં તૂટે તાળાં,
વિશ્વ–મુક્તિનાં લહેરે વ્હાણું, ૨૦
મારે પ્રાણ ઝગારા !
જે પ્રસરે સ્વાર્પણુજ્વાળા ! જગ૦

ત્રિભુવન ગાજે ભીષણ ત્યાગે,
સ્વાર્પણુજ્વાળા ઉર ઉર જગે,
આવે નવયુગ દીપક રાગે,
જગે યુગ–અજવાળાં !
જે પ્રસરે સ્વાર્પણુજ્વાળા ! જગ૦

(૨) અર્ઘ્ય

શિખરિણી

કદી મારી પાસે વનવનતણાં હોત કુસુમો
કૃપાળાં, ઓજસ્વી, સુરભિ ઝરતાં, હાસ્ય કરતાં,
સજેલાં વા રંગે પુલકિત ઉષા સાન્ધ્ય નભના,
વિખેરી તે માર્ગે તુજ હૃદય આહ્લાદ ભરતે.

કદી મારી પાસે ઝગઝગ થતા હોત હીરલા,
પ્રભાવંતા, દૈવી, ત્રણુ ભુવનના દીપ સરખા,
કરીને ઉમંગે તુજ પથ મહીં રોશની સદા,
ધરી દેતે સર્વે હરખ થકી તારે ચરણ હું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ભિખારી મુજ ગરીબ પાસે નહિ કશું;
મીઠાં સ્વપ્નાં હૈયે–મુજ ધન–અને થોડી કવિતા :
હું તો વેરું એ સૌ તુજ પથ મહીં વ્હાલ ધરીને,
જરા ધીમે ધીમે પગ તું ભરજે — છે મૃદુલ એ!

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) ૩–૫ આ પંક્તિઓમાં 'ગ (ધ)', 'જ', ને 'ડ' અક્ષરોના અનુચ્ચારણથી શબ્દમાધુર્ય આવે છે. એ અક્ષરોનાં સ્થાન અને પુનરુચ્ચારણ ધ્યાનથી જુઓ. આખાયે કાવ્યમાં આદ્યાનુપ્રાસ, મધ્યાનુપ્રાસ ને અંત્યાનુપ્રાસનાં સુંદર દૃષ્ટાંતો છે. સુંદર વિચાર, સૂક્ષ્મ હૃદયભાવ અને પ્રેરક ભાવના શબ્દમાધુર્યથી વિશેષ સુંદર બને છે. **તેજ–પખાજ**–તેજરૂપી પખાજ. આખુંયે સૂતેલું જગત સ્વાર્પણની ભાવનાના તેજથી જાગ્રત થાય છે. ૧૦ જગતના તૂના ગ્યાલો ને મૂલ્યોમાં પરિવર્તન આવે છે. જગતની સમતુલા–ધારણ અસ્થિર થઈ જાય છે. જુનવાણી, રૂઢિગ્રસ્ત જગત ડગમગી ઊઠે છે. ૧૩–૧૬ જગતના અન્યાયી જુલમ, પાપ, ગરીબાઈ, હિંસા અને માનવની પરાધીનતામાંથી જન્મેલી ક્રાંતિ એ સર્વનો નાશ કરે છે. ૧૫ **દીપક રાગે**–જેમ દીપક રાગ ગવાતાં પ્રકાશ ફેલાય છે તેમ આ નવો યુગ, નવા વિચારો ક્રાંતિના પ્રકાશે ઝગમગી ઊઠે છે.

(૨) **અર્ઘ્ય**–સમર્પણનું સાધન, ભેટ. ૨ કુસુમને માટે વપરાયેલાં વિશેષણો ધ્યાનપૂર્વક જુઓ. ૩ **પુલકિત**–પ્રફુલ્લ, ખીલેલાં. ૪ એ કુસુમો કે ઉષા-સંધ્યાના રંગો તારા જીવનમાર્ગે પાથરી–રેલી તારા હૃદયને આનંદિત કરત. ૫ **હીરલા**–અહીં તારાના અર્થમાં. **ત્રણ ભુવન**–વિશ્વ, સમસ્ત જગત; સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ. ૭ **રોશની** (ફા.)–પ્રકાશ, તેજ. ૯–૧૦ કવિની વિનમ્રતા વ્યક્ત થઈ છે. ૧૨ પોતાની કવિતા ને સ્વપ્નો માટે પોતાનું પ્રિયજન સમભાવ દર્શાવે એવી અપેક્ષા કવિ રાખે છે, કારણ કોમળ વસ્તુ તરફ કોમળ દૃષ્ટિ જ રાખવી ઘટે.

૧. 'જ્વાળા' કાવ્યનો મધ્યવર્તી વિચાર ટૂંકમાં લખો.
૨. ક્રાંતિ કયાંથી ઉત્પન્ન થાય છે? એ શેનો શેનો નાશ કરે છે?
૩. પંક્તિ ૧ ના શબ્દાલંકાર અને પંક્તિ ૧૦નો અર્થાલંકાર સમજાવી ઓળખાવો.
૪. કવિ પોતાના પ્રિયજનને ચરણે શેનો અર્ઘ્ય ધરવા ઇચ્છે છે?
૫. કવિ પોતાની જાતને 'ભિખારી' અને 'ગરીબ' તરીકે કેમ ઓળખાવે છે? તમે કવિને માટે એવાં વિશેષણ યોગ્ય ગણો ખરા?
૬. અલંકાર ઓળખાવો:— 'હાસ્ય કરતાં કુસુમો', 'ત્રણ ભુવનના દીપ સરખા હીરલા'.
૭. 'શિખરિણી' છંદની યોજના, સ્વરૂપ ને વિશિષ્ટ લક્ષણો વિશે માહિતી એકઠી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂન્નલાલ રણછોડદાસ દલવાડી



[શ્રી પૂન્નલાલનો જન્મ ગોધરામાં ઈ. સ. ૧૯૦૧માં થયો હતો. તે જ્ઞાતિએ ગુર્જર પ્રન્નપતિ અને બોરસદ તાલુકાના નાપા ગામના વતની છે. ગોધરા અને નડિયાદમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી ૧૯૧૯માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા. આત્મમંથનને અંગે ઇન્ટર સાયન્સથી અભ્યાસ અધૂરો મૂકી પોતે ગુજરાતમાં શ્રી. અંબુભાઈ પુરાણી સાથે વ્યાયામ-પ્રચારના કાર્યમાં ગૂંથાયા. અને એકનિષ્ઠાથી એ કાર્ય ૧૯૨૬ સુધી કર્યું. દરમિયાન શ્રી. અરવિંદ-તત્ત્વ કાર્યાલયનું કામ પણ એમણે ભરૂચમાં રહી થોડો વખત કરેલું. ૧૯૨૬થી પોંડીચેરીમાં શ્રી અરવિંદ આશ્રમમાં રહી ભગવતજીવનની સિદ્ધિના લક્ષ્યને સાધવાની પ્રવૃત્તિ તે આદરી રહ્યા છે.

એમનાં કાવ્યો પ્રતિષ્ઠિત માસિકોમાં અવારનવાર પ્રસિદ્ધ થયાં છે. એમનો પ્રગટ થયેલો કાવ્યસંગ્રહ 'પારિજાત' સારો સત્કાર પામ્યો છે. એમનાં કાવ્યો તત્ત્વદર્શી અને સુવાચ્ય છે. એમની કાવ્યશૈલી ક્વચિત્ દુર્ગમ લાગવા છતાં એકંદરે મધુર અને પ્રવાહી છે.]

કાલિંદીને

વસંતતિલકા

કાલિંદી! કેમ થઈ તું ગઈ આમ કાળી?
તુંયે હિમાલય તણી દુહિતા દુલારી:
જો બહેન ગંગ તવ ઉજ્જ્વલ દૂધ-વારિ
લહેરાવતી, ભુવનપાવન કેવી વહેતી!

કે પુણ્યપુંજ સમ રમ્ય તુષારશુભ્ર
હૈયે હિમાલય તણા અણુજાણુ ખૂણે
છુપાઈ કો હજુય પાપકણી રહી છે?
ને ઉદ્‌ભરી તું તહીંથી લઈ કાલિમા એ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે નીલસિંધુ, નિજ નાથ સ્વપી રહેલી
તેં, સાગરેથી ઊડી આવતી વાદળીને
મોંઘેરી સ્નેહસ્મૃતિ લેખી ઉરે દબાવી :
તેથી જ શું દીસત તું ઘનશ્યામ આવી ?

કે કાલીનાગ તવ અંતરમાં વસેલો,
કાળા કરાલતમ કાલકૂટે ભરેલો,
નિત્યે રહ્યો વમી મહાવિષ વિશ્વવેરી :
તેથી જ શું તું થઈ શ્યામલ-રંગ ઘેરી ?

ના હોય એમ ? રમણીય તું શ્યામ તોયે :
જોતાં તને હૃદયમાં રસગીત જાગે;
સ્પર્શે શરીર પુલકે ઊભરાય હર્ષે;
સ્નાને વિશુદ્ધ અમ આત્મ પ્રફુલ્લ થાયે :

હા, કૃષ્ણચંદ્ર ઘનસુંદરશ્યામ, વહાલા
ગોકુલના, તવ જલે કૂદી રે પડેલા;
નાથી સહસ્ર ફણ કાળમુખાળ કેરી,
ને ગર્વમર્દન કરી નટની કલાથી—

કાલિયના શિર પરે નવ નૃત્યલીલા
આનંદની કરી ગયેલ તને ગમેલા;
આલિંગને હૃદયમાં લઈ તેં લીધેલા,
શ્રીરંગ અંતરપટે તવ નિત્ય આંક્યા.

તેથી જ ધન્ય યમુના ! સમજ્યો તું શ્યામા,
શ્રીશ્યામ સુંદરમયી રસપૂર્ણ રામા,
શ્રીકૃષ્ણની પ્રિયતમા પ્રતિમા સમી હે,
કાલિંદી ! વંદન, રસાત્મજલા નદી હે !

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧ કાલિંદી—જમના, કલિંદ નામના પર્વતમાંથી નીકળે છે માટે. **૨ દુલારી**—લાડીલી. **૪ ભુવનપાવન**—ભુવન (જગત)ને પવિત્ર કરનારી. **૫–૮** કે પુણ્યના પુંજ (ઢગલા) સમા અને તુષાર (ઝાકળ) જેવા શુભ્ર (ચળકતા-ધોળા) હિમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લયને કોઈ અજ્ઞાત ખૂણે હજુયે પાપની કો કણી છુપાઈ રહેલી છ? ને તેમાંથી આ કાલિમા (કાળાશ) લઈને તું અવતરી છ? ૯ રૂપની રહેલી–સ્વપ્નાં સેવી રહેલી. ૧૪ કાલકૂટ–સમુદ્રમંથનને અંતે નીકળેલું અને શિવે પીધેલું હલાહલ ઝેર. ૨૮–અને એ કૃષ્ણનો રંગ શું તારા પટ પર હમેશને માટે અંકાઈ ગયો છે? ૩૦ રાસા–સ્ત્રી.

૧. ગંગા અને યમુનાં એ બે બહેનો કેમ ગણાતી હશે? બંનેમાં શો ભેદ છે?
૨. યમુનાને કાલિંદી નામ શાથી મળ્યું?
૩. આ કાવ્યની છેલ્લી ચાર પંક્તિઓમાં કવિએ જે ભાવ આલેખ્યો છે તે સમજાવો.
૪. યમુનાની કાલિમા માટે કવિ કયાં કયાં કારણો આપે છે?
૫. સમાસોનો વિગ્રહ કરી પ્રકાર કહો અને અર્થ સમજાવો :— તુષારશુભ્ર, પાપકણી, સ્નેહસ્મૃતિ, ઘનશ્યામ, રસાત્મજલા.

સુંદરજી ગોકળદાસ બેટાઈ

[આ પ્રતિભાસંપન્ન કવિને જન્મ દ્વારકા પાસે બેટમાં ૧૯૦૪ માં થયો હતો. જ્ઞાતિએ તે શ્રી બ્રાહ્મણ છે. માધ્યમિક શિક્ષણ દ્વારકામાં લઈ તે વધુ અભ્યાસ માટે મુંબઈ આવ્યા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતાં તે નરસિંહરાવના પ્રત્યક્ષ સંસર્ગમાં આવ્યા, અને આથી એમની કાવ્યપ્રવૃત્તિને વેગ અને બળ મળ્યાં. સ્વ. નરસિંહરાવની કાવ્યશૈલીની છાયા એમનાં કાવ્યમાં માલૂમ પડે છે, છતાં વિચાર અને ભાવનું આલેખન તદ્દન મૌલિક છે. ૧૯૩૨માં એલ-એલ. બી. અને ૧૯૩૬માં એમ. એ. ની પદવી મેળવી હાલમાં મુંબઈમાં શ્રી. ના. દા. ઠા. મહિલા વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક તરીકે તેઓ કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનાં ઘણાં કાવ્યો જાણીતાં સામયિકોમાં પ્રગટ થયાં ત્યારથી એમણે વિવેચક અને કાવ્યરસિક વર્ગનું ધ્યાન ખેંચ્યું છે. એમનાં ખણ્ડકાવ્યોનો સંગ્રહ 'જ્યોતિરેખા' સ્વ. નરસિંહરાવના પરિચય-લેખ સાથે પ્રગટ થયો છે. એમનાં ઊર્મિકાવ્યોના સંગ્રહો 'ઇન્દ્રધનુ' અને 'વિશેષાંજલિ' નામે પ્રગટ થયા છે.

શ્રી. એટાઈનું વલણ વાસ્તવવાદ તરફ નહિ પણ આદર્શવાદ તરફ છે. એમની શૈલી ઘણે ભાગે સંસ્કૃત અને પ્રૌઢ છે. ટૂંકાં ઊર્મિકાવ્યોના આ યુગમાં સુંદર ખણ્ડકાવ્યો લખી એમણે ગુજરાતી કવિતાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમનાં ટૂંકાં કાવ્યો ને ગીતો સુંદર અને ભાવમય છે.]

કેડી

જોતાં જોતાં અમને કેડી રે લાધી
વંકાતી જાય આઘી આઘી રે,
ભમતાં ભમતાં અમને કેડી રે લાધી.

જીવનની ખીણુમાં ઝંખાતી રે–
એવી એવી અમને કેડી રે લાધી.

વચ્ચે વચ્ચે રે શીળા આંબ્યા વિસામા
પંથીના થાક પરમાણી રે;
એવી એવી અમને કેડી રે લાધી.

પરભું એસાડી કોણે મારગના વાંકમાં
તરસ્યાની આરત જાણી રે? ૧૦
ભમતાં ભમતાં અમને કેડી રે લાધી.

માંડ્યાં સદાવ્રત કૈંક મહાવ્રતીએ,
આતમને આજ ઉજાણી રે;
એવી એવી અમને કેડી રે લાધી.

પૂરવ-પ્રવાસી કેરી પ્રગટ પનોતી
ભાવિને રહેતી ઉજાસી રે;
ભમતાં ભમતાં અમને કેડી રે લાધી.

કોણ જોગી ને વળી કોણ સંસારી?
સહુ કોઈ મારગ-પ્રવાસી રે;
જગી જગીને કોઈ ભાગે છે હંસલા ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતા છે કૈંક અભાગી રે;
એવી એવી અમને કેડી રે લાધી.
જીવનની જ્યોતિએ ઝંખાતી રે;
ભમતાં ભમતાં અમને કેડી રે લાધી.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨. **વંકાતી**–વાંકીચૂકી થતી. ૪. જીવનની ખીણમાં ઊંડે ઊંડે નજર કરતાં આ કેડી દેખાય છે. ૬. **વિસામા**–થાક ખાવાનાં ઠેકાણાં. ૭. **પરમાણી**–માપીને, જાણીને. ૧૦. **આરત**–આર્તિ, વેદના. ૧૫. **પૂરવ પ્રવાસી**–અમારી આગળ ગયેલા યાત્રીઓ. ૧૮. જોગી ને સંસારી એ ભેદો પારમાર્થિક સ્વરૂપમાં શા કામના? બધાયે બ્રહ્મમાર્ગના પ્રવાસી છે. ૨૦. **હંસલા**–આત્મા, જેમને આત્મજ્ઞાન થયું છે તે. ૨૩. જીવનની ખીણમાં જીવનની જ્યોતથી જ એ કેડી દેખાય છે.

૧. કેડી એટલે શું? આ કાવ્યનો મધ્યવર્તી વિચાર દર્શાવો.
૨. કવિને કેવા સંજોગોમાં કેડી લાધી? એ કેડી કેવી હતી?
૩. 'કેડી' એ ભજન છે. એમાં અને પ્રાચીન કવિઓનાં ભજનમાં તમને શો ભેદ લાગે છે?
૪. આ કાવ્યમાં રહેલું કેડીનું રૂપક સમજાવો.

ઇન્દુલાલ ફૂલચંદ ગાંધી

[શ્રી. ઇન્દુલાલ ગાંધીનો જન્મ ઈ. સ. ૧૯૦૫માં મકનસર (સૌરાષ્ટ્ર)માં થયો હતો. સાધારણ અભ્યાસ કરાંચીની માધ્યમિક શાળામાં કરી તેમણે આજીવિકાર્થે સ્વતંત્ર વ્યાપાર શરૂ કર્યો, અને તેમાંથી સમય બચાવી તે લેખન-પ્રવૃત્તિ કરતા. કરાંચી હિંદથી અલગ પડતાં એમને પોતાનું વતન છોડવું પડ્યું. હાલમાં મોરબીમાં રહી પોતાની લેખનપ્રવૃત્તિ ચાલુ રાખી રહ્યા છે. એમનાં કાવ્યો, નાટકો અને વાર્તાઓ મુખ્યત્વે ભાવનાશાળી છે અને નવું જીવન એમની કૃતિઓમાં એક વા બીજા રૂપે પ્રતિબિંબિત થાય છે. 'ખંડિત મૂર્તિઓ' અને 'ગોરસી' એમના જાણીતા કાવ્યગ્રંથો છે. 'નારાયણી અને બીજાં નાટકો', 'ઘવાતાં તેજ' અને 'પથ્થરનાં પારેવાં' એ એમનાં નાટકોનાં પુસ્તકો છે.]

આંધળી માનો કાગળ

અમૃતભરેલું અંતર જેનું સાગર જેવડું સત
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,
ગગો એનો મુંબઈ કામે
ગોકુળભાઈ નાગજી નામે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખ્ખ કે, માડી ! પાંચ વરસમાં પહોંચી નથી એક પાઈ,
કાગળની એક ચબરખી પણ, તને મળી નથી ભાઈ !
સમાચાર સાંભળી તારા
રોવું મારે કેટલા દા'ડા ?

ભાણાનો ભાણિયો લખે છે કે, ગયુ રોજ મને ભેળો થાય,
દન આખો જાય દાડિયું ખેંચવા, રાતે હોટલમાં ખાય,
નિત નવાં લૂગડાં પે'રે,
પાણી જેમ પઈસા વેરે.

હોટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચી ખૂટનું માપ;
દવાદારૂના દોકડા આપણે કાઢયું કયાંથી બાપ !
કાયા તારી રાખજે રૂડી
ગરીબની ઈ જ છે મૂડી.

ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ;
જારનો રોટલો જડે નહિ તે દિ પીઉં છું એકલી છાશ;
તારે પકવાનનું ભાણું,
મારે નિત જારનું ખાણું.

દેખતી તે દિ દળણાં પાણી કરતી હામે હામ,
આંખ વિનાનાં આંધળાંને હવે કોઈ ન આપે કામ;
તારે ગામ વીજળીદીવા,
મારે આંહીં અંધારાં પીવાં.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોડીએ જાર;
હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨. **બત**(ફા.)–પત્ર, કાગળ. ૯. **ભાણિયો**–પુત્ર, દીકરો. ૧૦. **દા'ડિયું**–મજૂરી. ૧૭. **ખોરડું**–ઓરડો. **કૂબો**–ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું. ૨૫. **જુહાર**–સલામ, આશિષ. ૨૭. **આરો**–આશરો.

૧. આ કાવ્યના પ્રસંગની કરુણતા સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. માતા અને પુત્રની સ્થિતિનો ભેદ દર્શાવો.

૩. માતા પ્રત્યે ભેદરકાર બનેલા પુત્ર પ્રત્યે પણ માતાનો પ્રેમ સદાયે એકસરખો રહે છે, એ દર્શાવતી પંક્તિઓ દર્શાવો અને સમજાવો.

૪. પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો :–'ગરીબની ઈ જ છે મૂડી'; 'મારે આંહીં અંધારાં પીવાં.'

મગનભાઈ ભૂદરભાઈ પટેલ (પતીલ)



['પતીલ' નામે ઓળખાતા આ મસ્ત કવિનો જન્મ અંકલેશ્વરમાં ઈ.સ. ૧૯૦૬ માં થયો હતો. ૧૯૨૪ માં અભ્યાસ છોડી વ્યાપાર, શિક્ષણ અને ખેતીમાં કેટલોક સમય કાઢી હાલમાં એમણે શિક્ષકવૃત્તિ સ્વીકારી છે.

શ્રી. પતીલને ફારસી ભાષા અને સાહિત્યનો ખૂબ શોખ છે. અને એમની કવિતાને પણ એનો પાસ સારા પ્રમાણમાં બેઠો છે. સ્વ. મણિભાઈ નભુભાઈ, સ્વ. બાલાશંકર કંથારિયા અને સ્વ. કલાપીની ફારસી શૈલીની પરંપરા શ્રી. પતીલનાં કાવ્યો દ્વારા આગળ ચાલે છે. શ્રી. પતીલની વિષયપસંદગી અને આલેખન એમનાં પુરોગામી કવિઓ કરતાં ભિન્ન છે, એટલું જ નહિ પણ આપણી નવી કવિતામાં પણ વિશિષ્ટ છે. 'પ્રભાત નર્મદા' નામે એમનો કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે.]

છેલ્લો આશરો

ગઝલ

હતા જે કોફીશાળાઓ મહીં સાથે થનારા
થઈ ભેગા અજારોમાં કરે કર આપનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુશાલીના વખત માંહે ખબર મુજ રાખનારા
રફીકો કયાં ગયા આજે ખુશામતિયા અમારા ?
મુસીબતમાં નથી કોઈ સલામત પૂછનારા :
કબરમાં છે નહીં શમ્સો કમર અથવા સિતારા
હતા બિસ્તર ઉપર જેઓ દિલે દિલ દાખનારા
જનાઝામાં સૂઈ સાથે નથી તે આવનારા.
મને જીવતો દફન કરવા થયા તૈયાર મારા,
ભૂલું હું કેમ તમને ઓ મને ભૂલી જનારા ? ૧૦
રહ્યો છું એકલો હું ચાલી આ રસ્તે મારા,
મારી માલિકીઓમાં મઝાથી મહાલનારા !
નથી લેવા મને ઇચ્છા સમરકંદો-બુખારા,
ખરાં બે લાગણીનાં માગું છું હું આંસુ ખારાં.
અગર ખંજર જિગરમાં છો તમે આ ભોંકનારા,
દુઆ માગી રહ્યો છું હું સદા હકમાં તમારા.
ન પાસે આશરો લીધો પતીલે કોઈ પ્યારા —
રહ્યો છે આશરો તારો ફક્ત, પરવરદિગારા !

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧. **કૉફીશાળા** – હૉટેલ (સૂચિત અર્થ મોજમજામાં). ૨. **કરે કર આપનારા** – મૈત્રીનો દેખાવ કરવા હસ્તમિલન કરનારા. ૪. **રફીકો** – મિત્રો. ૫. **સલામત** – ખુશી ખબર, કુશળતા. ૬. કબરમાં સૂર્ય, ચંદ્ર, કે તારા નથી, અર્થાત્ કેવળ અંધકાર જ છે. ૭. **બિસ્તર** – બિસ્ત્રો, પથારી. ૮. **જનાઝા** – તનામી, ઠાઠડી. ૧૩. **સમરકંદ-બુખારા** – એશિયાઈ તુર્કસ્તાનના બે પ્રદેશો. મને મોટી જાગીર, સત્તા કે રાજ્ય મેળવવાની ઇચ્છા નથી. ૧૬. **હકમાં** – હિતમાં. ૧૭. **પતીલ** – જ્યોતિર્ધર, મશાલ ધરનાર, બીજાને અંધકારમાં માર્ગ બતાવનાર. ૧૮. **પરવરદિગારા** – પરમેશ્વર, ગરીબનો બેલી.

૧. 'છેલ્લો આશરો' કાવ્યમાંથી તમે શો બોધ ગ્રહણ કર્યો ?
૨. કવિ ઈશ્વરને કઈ રીતે સંબોધે છે ? ઈશ્વર પાસે એ શું માગે છે ?
૩. કવિને શું જોઈએ છે ? (પંક્તિ ૧૩ થી ૧૬ વાંચો ઉત્તર આપો.)
૪. આ કાવ્યમાં આવતા ફારસી શબ્દોની યાદી કરો અને દરેકનો અર્થ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીદાસ પરમાનંદદાસ કાણકિયા

[શ્રી. અમીદાસનો જન્મ સૌરાષ્ટ્રના સિહોર ગામમાં ઈ. સ. ૧૯૦૬માં થયો હતો. એલ્ફિન્સ્ટન કૉલેજમાં સ્વ. નરસિંહરાવ પાસે અભ્યાસ કરી, ગુજરાતી ભાષા અને સાહિત્યને મુખ્ય વિષય તરીકે લઈ ઈ. સ. ૧૯૨૯માં તેઓ એમ. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા; ઈ. સ. ૧૯૩૩ માં બી. ટી. થયા. લાંબા સમય સુધી શિક્ષણનું કાર્ય કરી હાલમાં વિલેપાર્લેમાં રહી વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવાં પુસ્તકોનું લેખનકાર્ય કરે છે. 'દીપશિખા' નામે એમનો કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે.

આ સૉનેટમાં કવિ બે પ્રિયજનોના કરુણ વિપ્રયોગનું આલેખન કરે છે. કશા પણ દેખીતા કારણ વિના કેવળ વિષમ પરિસ્થિતિને બળે સહસા જુદા પડવું પડે એ દુઃસહ ઘટના કાવ્યની કરુણતાને પોષે છે.]

પંથવિશ્લેષ

પૃથ્વી : સૉનેટ

ક્ષમા સ્વજન ! આપણા પથ જુદા પડે આજથી,
વિલોલ ભવસાગરે સફર અલ્પ સાથે કરી;
વિલુપ્ત ગતકાલની વિવિધ રમ્ય ચિત્રાવલી,
અનેક ઘટના નવી નીરખી વર્તમાને ભળી;
વનાવલિ અનંત, શાંત વિભુ વ્યોમમાં સંચરી;
પ્રકાશ ઉરશું પીતા, સુભગ સ્વપ્નસૃષ્ટિ રચી;
ન યાદ તુજને શું તે વખત કેવી મસ્તી મચી ?
રસોર્મિ તણી એકતા અનુભવી : શકું શે કથી ?

ગયો સમય એ વહી, ખબર ના જરાયે રહી;
અચાનક અરે ! વિયોગ તણી આવી ઊભી ઘડી;
સ્ફુરે હૃદયમાં અનેક સ્મરણો : રડે આંખડી;
ફરી સ્મિત કદી જીવન પામશે શું નહીં ?
જતાં પથ જુદા હવે વિકલ ચિત્ત ચિંતા કરે,
અરે પ્રિય ! કદી કદી જીવનપંથમાં તું સ્મરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨. **વિક્ષોભ** – અતિક્ષુબ્ધ, અશાંત. ૩. **વિદ્રુપ્ત** – નાશ પામેલી. ૧૩. **વિકલ** – વ્યગ્ર.

૧. પ્રિયજનોનો વિનાકારણ વિપ્રયોગ એ કેવળ દુઃસહ ઘટના છે અને તેમાં કરુણરસને જ સ્થાન હોઈ શકે, એવું વિધાન કવિએ આ કાવ્યમાં કેવી રીતે કર્યું છે એ સમજાવો.

૨. 'ગ્રંથવિભેદ' એ શીર્ષક કવિએ આ કાવ્યને જે અર્થમાં લાગુ પાડ્યું છે તે સમજાવો.

૩. તમારા કોઈ સ્વજનનો વિયોગ થયો હોય તે વખતે તમારા હૃદયમાં જે ભાવ ઉત્પન્ન થયો હોય તે વિશે થોડી લીટી લખો.

૪. સમાસનો વિગ્રહ કરી પ્રકાર કહો અને અર્થ સમજાવો:— ભવસાગર, ચિત્રાવલી, સ્વપ્નસૃષ્ટિ, રસોર્મિ.

મનસુખલાલ મગનલાલ ઝવેરી



[શ્રી. મનસુખલાલનો જન્મ ૧૯૦૭ માં જામનગરમાં થયો હતો. માંદગીને કારણે એમણે અભ્યાસ અધવચથી છોડ્યો અને થોડો વખત શિક્ષક તરીકે કામ કર્યું; પણ જ્ઞાનની તૃષ્ણા સંતોષવા તેમણે ૧૯૩૧માં ફરીથી અભ્યાસ કરવો શરૂ કર્યો. સને ૧૯૩૫માં એમણે સંસ્કૃત સાથે બી. એ. ની પરીક્ષા ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી પહેલા વર્ગમાં પસાર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૩૭ માં એમ. એ. થયા. હાલ તેઓ સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરે છે.

શ્રી. મનસુખલાલને સંસ્કૃતનો સારો અભ્યાસ હોવાથી એમનાં કાવ્યોમાં સંસ્કૃતમયતા માલૂમ પડે એ સ્વાભાવિક છે. કોઈ કોઈ વાર અરૂઢ સંસ્કૃત શબ્દપ્રયોગને લીધે સામાન્ય વાચક માટે એમની કવિતા કઠિન નીવડવા સંભવ છે. એમનાં કાવ્યો સુવાચ્ય અને શૈલી પ્રૌઢ છે. કવિના માનસનું વલણ ઊર્મિ-કાવ્યો (lyrics) કરતાં ખણ્ડકાવ્યો પરત્વે વિશેષ છે. રા. મનસુખલાલનું વલણ પ્રાચીન કાવ્યપ્રથા પરત્વે છે, છતાં એમનાં દર્શન અને આલેખન નવીન છે. 'કૂલદોલ', 'આરાધના', 'અભિસાર' અને 'શાપિત શકુંતલા' (ભાષાંતર) એ એમની જાણીતી કૃતિઓ છે.]

(૧) મારી શ્રદ્ધા

શિખરિણી

હજી શ્રદ્ધા મારી કદીક તુજ પાછાં ઝણકશે
પ્રતાપી પાદોના મધુર રવથી નૂપુર, અને
ફરી ત્યારે મારું થનગન થતું મુગ્ધ ઉર આ
રહેશે લેટી એ સુરખી મહીં તારાં ચરણની.

હજી શ્રદ્ધા મારી, કદાચિદપિ ફરીથી પમરશે
વિલાયેલાં મારાં સ્વપન જગનાં તેજ જડથી;
અને ત્યારે પાછા મઘમઘ થતા આ હૃદયમાં,
વસંતી વીણાના સ્વર તુજ સખી! સ્પંદિત થશે.

હજી શ્રદ્ધા મારી, પુનરપિ ભરેલી જળ થકી,
અધીરી આંખો આ સમદ તુજ શોભા નીરખશે;
અને અંગાંગો આ પુલકિત બનીને અનુભવી,
રહેશે કલ્યાણી! સ્મરણ તુજ સંજીવન કરી.

હજી શ્રદ્ધા મારી, સુરભિભર ઉચ્છ્વાસ મુજ એ,
ફરીથી ગૂંથાશે મધુર મધુર શ્વાસે તુજ કદી.
યદા હોળાયેલાં હૃદયજળ આ સ્વચ્છ બનશે,
અને તેમાં ઘેરી છવિ નભની ગંભીર વસશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) અશ્વત્થામા

[યુધિષ્ઠિરના અસત્ય વેણથી પોતાના પિતા દ્રોણાચાર્યનું મૃત્યુ થતાં ક્રોધથી બળતો અશ્વત્થામા પાંડવો પર વેર લેવા નિશ્ચય કરે છે; અને રાત્રિના અંધકારમાં પાંડવોની છાવણી તરફ એ ધરાદાથી જાય છે. અહીં તે પ્રસંગનું અશ્વત્થામાનું શબ્દચિત્ર છે. શ્રી. મનસુખલાલના ' અશ્વત્થામા ' નામક ખણ્ડકાવ્ય-માંથી તે ઉતારવામાં આવ્યું છે.]

ઇન્દ્રવજ્રા

વજ્રપ્રહારે ઉર પર્વતોનાં
વિદારવા સંચરતો શું વજ્રી !
કે ધૂમકેતુ અવકાશ માંહે
ધસે ધરાખંડ પ્રજાળવાને !

એવો ધપે દ્રોણિ પદપ્રહારે
સંશૂન્યતા સંહરતો નિશાની;
ત્રિલોકનાં ઉગ્ર બધાંય તત્ત્વો
ઘોળી, ઘડી હોય શું આંખ એની !

સ્કંધે મહાકાલની જીભ જેવું
ધર્યું મહા ભીષણ ખડ્ગ એણે ૧૦
ને સંચરે વૈરવિલીન ચિત્તે
સંહારનો દેવ સદેહ જાણે !

ગેંદો ઉછાળી ગગને ગ્રહોની
અનંત પૂરી નિજ અટ્ટહાસ્યે;
ન રુદ્ર યે તાંડવ કાલ નીચે
આવી ધરી ભીષણ દીપ્તિ અંગે.

ન ભીમ ભૂકંપ તણા ગણોથી
કંપી ધરા, ક્રંદતી આજ તેવી,
સંહારકાલેય ન આમ તેજ
અંધારની ઓથ વિષે લપાય. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુષ્ટુપ

મહા વાસુકિ શો વિશ્વે, વેરનાં વિષ વામતો,
સર્યો પાંચાલ વીરોના શિબિરે શૂન્યચિત્ત એ.

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૨) ૪. **સુરખી**–લાલાશ. ૬. **અન્વય**–જગમાં જડ તેજથી વિલાયેલાં મારાં સ્વપ્નને. ૮. **વસંતી**–વસંતની. **રૂપંદ્રિત થશે**–ઝણઝણી રહેશે. ૧૦. **સમદ**–મદથી ભરેલી. ૧૧. **પુલકિત**–રોમાંચિત.

(૨) **ચળી**–ઇન્દ્ર. ૫. **દ્રૌણિ**–દ્રોણાચાર્યનો પુત્ર અશ્વત્થામા. ૬. નિશા (રાત્રી)ની શૂન્યતાનો નાશ કરતો. ૧૨. **સંહારનો દેવ**–યમ. ૧૩. **ગેંદો**–દડો. ૧૪. **અનંત**–આકાશ. **તાંડવકાલ**–તાંડવનૃત્ય (શિવનું નૃત્ય–જેમાં પ્રલયકાળની ભયાનકતા હોય છે તે) કરતી વખતે. ૧૫–૧૬. સમજૂતી–નૃત્ય કરતી વખતે આકાશમાં ગ્રહોને દડીની માફક ઉછાળતા અને પોતાનો અટ્ટહાસ્યથી આખાયે આકાશને ભરી દેતા મહારુદ્રનાં અંગો પર પણ આવી દીપ્તિ દેખાતી નથી. ૧૭. **ભીરુ**–ભયંકર. ૧૭–૨૦. ધરતીકંપોથી પણ ન કંપે એટલી અશ્વત્થામાનાં હૃદયથી કંપે છે. પૃથ્વીનો પ્રલયકાળ આવ્યો હોય ત્યારે અજવાળું સંતાઈને અંધકારની ઓથમાં લપાઈ જાય છે, અર્થાત્ ઘોર વ્યાપી જાય છે. પણ આ અંધકાર એથી પણ ગાઢો છે. ૨૧. **વાસુકિ**–સર્પોનો અધિપતિ. હંમેશાં ભૂષણરૂપે શિવના શરીર પર રહે છે. સમુદ્રમંથન વખતે દેવ અને દૈત્યોએ એને નેતરું–વલોવવાનું દોરડું બનાવ્યો હતો. ૨૨. **શિબિર**–તંબૂ.

૧. કવિ 'શ્રદ્ધા' સંબંધી શું શું કહે છે તે તમારા શબ્દોમાં લખો.

૨. ઝણકશે, ઘમરશે, નીરખશે, ગૂંથાશે–એ ક્રિયાપદોનો પ્રયોગ કરીને 'શ્રદ્ધા' સંબંધી કવિ શાં શાં વિધાન કરે છે?

૩. કવિએ 'અશ્વત્થામા'નું જે શબ્દચિત્ર રજૂ કર્યું છે તે તમારા શબ્દોમાં આલેખો. અશ્વત્થામા ઉપર ટૂંકી નોંધ લખો.

૪. આ કાવ્યમાં કવિએ અશ્વત્થામા માટે જે રૂપકો પ્રયોજ્યાં છે, તે સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિભુવનદાસ લુહાર (સુન્દરમ્)

[આજના કવિઓમાં સવિશેષ આદરપાત્ર બનેલા શ્રી. સુન્દરમનો જન્મ ભરૂચ જિલ્લાના નિયામાતર ગામમાં ૧૯૦૮માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં અને માધ્યમિક શિક્ષણ આમોદ અને ભરૂચમાં લઈ ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ત્યાંની ભાષાવિશારદની પદવી લીધી. અમદાવાદમાં શિક્ષણક્ષેત્રમાં લાંબો વખત કામ કરી હાલમાં શ્રી. સુન્દરમ પોંડીચેરીમાં શ્રી અરવિંદાશ્રમમાં રહી સાહિત્યસાધના કરી રહ્યા છે અને ત્યાંથી 'દક્ષિણા' નામના ત્રૈમાસિકનું સંપાદનકાર્ય કરે છે.

'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', 'કાવ્યમંગલા' અને 'વસુધા' નામે એમના કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. કાવ્યના વિષયની પસંદગી અને રજૂઆતમાં શ્રી. સુન્દરમનાં કાવ્યોએ ગુજરાતી સાહિત્યમાં નવી ભાત પાડી છે અને નવી કવિતા સર્જવામાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમની કાવ્યપ્રવૃત્તિ માટે ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૩૪માં એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ થયો હતો. શ્રી. સુન્દરમની શૈલી મધુર, સરળ અને અસરકારક છે. સમાજની કુરૂઢિઓ અને અન્યાયો ઉપર એમણે કવિતા દ્વારા કરેલા પ્રહારો અને વેધક કટાક્ષો આપણને પ્રાચીન કવિઓના ચાબખાનું સ્મરણ કરાવે છે.

કવિતા ઉપરાંત શ્રી. સુન્દરમે કેટલીક વાર્તાઓ પણ લખી છે. 'પિયાસી' અને 'હીરાકણી' નામે તેમના વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. 'અર્વાચીન કવિતા' ઉપર મોટો ગ્રંથ લખી એમણે એમની વિવેચનશક્તિનો પણ સારો પરિચય કરાવ્યો છે.

'બાનો ફોટોગ્રાફ'નું કાવ્ય શ્રી. સુન્દરમની નવી કાવ્યરીતિના નમૂનારૂપ છે. એક સાદા, દૈનિક પ્રસંગમાં રહેલી ઘેરી કરુણતા દર્શાવી કવિએ એક સામાન્ય પ્રસંગને અસામાન્ય ને કલામય બનાવ્યો છે અને એમ કરતાં માતાના નિઃસ્વાર્થ પ્રેમને ભાવભરી અંજલિ આપી છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાનો ફોટોગ્રાફ

અનુષ્ટુપ

અમે બે ભાઈ બાને લૈ ગયા ફોટો પડાવવા
ભાવતાલ કરી નક્કી સ્ટુડિયોમાં પછી ચડ્યા.
ભવ્ય શા સ્ટુડિયોમાં ત્યાં ભરેલી ખુરશી પરે,
બાને બેસાડી તૈયારી ફોટો લેવા પછી થતી.
'જરા આ પગ લંબાવો, ડોક આમ ટટાર આ!'
કહેતો મીઠડા શબ્દે ફોટોગ્રાફર ત્યાં ફરે.
સાળુની કોર ને પાલવ શિરે ઓઢેલ ભાગ ત્યાં,
ગોઠવ્યાં શોભતી રીતે, ફૂલ, પુસ્તક પાસમાં.
ચહેરા પે તેજ ને છાયા શોભતાં લાવવા પછી,
પડદા છાપરા માંહે આમ ને તેમ ગોઠવ્યા.
શામળા વસ્ત્રથી ઢાંકયા 'કેમેરા'માં લહી લહી,
લઈ ને જોઈતું ફોકસ, પ્લેટ તેમાં ધરી પછી.
ઢાંકણું ખોલતા પ્હેલાં સૂચના આમ આપતો,
અજાણ્યો, મીઠડો, ખાલી ફોટોગ્રાફર બોલિયો :
'જોજો, બા, સ્થિર થ્યાં સામું, ક્ષોભ ને શોક વિસ્મરી,
ઘરમાં જેમ બેઠાં હો, હસતાં સુખડાં સ્મરી.
આછેરું હસજો ને બા, પાંપણો પલકે નહિ,
રાખશો જેવું મોં તેવું બરાબર પડશે અહીં.'
અને બા હસતી કેવું જોવાને હું જહીં ફર્યો,
જૂહ્ડા વર્તમાનેથી કારમા ભૂતમાં સર્યો.
હસવાં રડવાં બેમાં નમતું કોણ ત્રાજવું?
જિન્દગી જોઈ ના જોખી કોઈએ કદી બાતણી.
યૌવને વિધવા, પેટે છોકરાં ચાર, સાસરે
સાસુ ને સસરા કેરા આશ્રયે બા પડી હતી.
વૈતરું ઘર આખાનું કરીને દિન ગાળતી,
પુત્રોના ભાવિની સામું ભાળીને ઉર ઠારતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાએ ના જિન્દગી જોઈ, ઘરની ઘોલકી તજી,
એને કોએ ન સંભાળી, સૌને સંભાળતી છતાં.
ઘસાતી દેહમાં એના રોગ ને દોગ ઊતર્યા,
સૌની બેપરવાઈથી દર્દ દુઃસાધ્ય શું થયું. ૩૦
અને બાના પ્રતિ સૌને કરુણા પ્રેમ ઊમટ્યાં,
એહના મનને રાજી રાખવા મથતાં બધાં.
આછેરા માતૃપ્રેમે ને આછા કર્તવ્યભાનથી,
પ્રેરાઈને અમે ચાલ્યા દવા બાની કરાવવા.
બતાવ્યાં શહેર બાને ત્યાં બંગલા, બાગ, મ્હેલ દૈં,
સિનેમા, નાટકો દૈં દૈં, ગાડીઘોડે ઘુમાવીને.
અમારા પ્રેમ કે સ્વાર્થતણુ સ્મારક શો અમે,
અનિષ્ટો શંકતાં ઇચ્છયું બાનો ફોટો પડાવવા.
અને ત્યાં નમતા પ્હોરે ફોટોગ્રાફરને તહીં,
અમે એ ભાઈ બાને લૈ ગયા ફોટો પડાવવા. ૪૦
પુત્રોથી, પતિથી, સાસુ સસરાથી, અરે, બધા
વિશ્વથી સર્વદા સાચ્ચે બિચારી બા ઉપેક્ષિતા.
પડાવવા બેઠી ત્યાં ફોટો, ફોટોગ્રાફર ત્યાં ઊભો,
અન્જણ્યો, મીંડો, બાલી હસવા ત્યાં કહી રહ્યો.
અને બા હસતી કેવું જોવાને હું ફર્યો જહીં,
બોર શું આંસુ એકેક બાને નેત્ર ઠર્યું તહીં.
ચિડાયો ચિત્ર લેનારો, 'બગડી પ્લેટ માહરી,'
પ્લેટ શું જિન્દગીઓ દૈં બગડી રે હરિ, હરિ! ૪૮

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨. **સ્ટુડિયો**–(અંગ્રેજી) Studio. છબી પડાવવા માટે ખાસ યોજેલી જગા. ૧૨. **ફોકસ**–(અં.) focus–કેમેરાનો કાચ (lens) અને છબી પાડવાની વસ્તુ વચ્ચેના અંતર પ્રમાણે કેમેરાની ગોઠવણ કરવી તે. ૨૩–૨૮. બાના કરુણ ને નિઃસ્વાર્થ જીવનનો કવિ ઉલ્લેખ કરે છે. ૨૭. **ઘોલકી**–કોટડી, નાનું અંધારું ઘર. ૩૧–૪૦. બાને સુખ આપવાના મિથ્યા પ્રયત્નોનો ઉલ્લેખ કવિ કરે છે. ઘવાયેલું હૃદય બાહ્ય સાધનોએ પ્રફુલ્લ થતું નથી. ૩૭. બા અવસાન પામે તો તેની સ્મૃતિ તેના ફોટોગ્રાફથી વિશેષ તાજી રહે એ સ્વાર્થી વિચારે બાનો ફોટોગ્રાફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડાવવાનો ખ્યાલ આવ્યો. ૪૨. **ઉપેક્ષિતા**–જેની ઉપેક્ષા–અવગણના થઈ છે તે. ૪૭–૪૮. ફોટોગ્રાફરની તો પ્લેટ બગડી, પણ બા જેવાં કંઈક દુખિયારાંની જિન્દગીઓ બગડી ગઈ છે, એ કારણે કવિના હૃદયમાં સ્નેહજન્ય શોક ઊભરાય છે.

૧. આ કાવ્યનો પ્રસંગ ટૂંકમાં આલેખો અને પ્રસંગનું રહસ્ય સમજાવો.
૨. આ સામાન્ય પ્રસંગને કવિ અસામાન્ય કેવી રીતે બનાવે છે?
૩. બાના ભૂતકાળના જીવન વિશે કવિ શું કહે છે? બાને તેનું દુઃખ ભુલાવવા બે ભાઈઓ શા પ્રયત્નો કરે છે?
૪. બાનો ફોટોગ્રાફ પડાવવાનો વિચાર ભાઈઓને શાથી આવ્યો? બાના ફોટોગ્રાફને કવિ સ્વાર્થનું સ્મારક શા માટે કહે છે?
૫. પૂર્વાપર સંબંધ દર્શાવી પંક્તિ ૨૮ અને ૪૮ સમજાવો.

નલિન મણિશંકર ભટ્ટ

[શ્રી. નલિન ભટ્ટનો જન્મ વલસાડની બ્રાહ્મણ જ્ઞાતિમાં ૧૯૧૦માં થયો હતો. છેક બાળપણથી જ વિદ્વાન અને સંસ્કારી પિતા પાસેથી એમને વિદ્વાના સંસ્કાર પ્રાપ્ત થયા હતા, અને આ સહજ સંસ્કાર વિદ્યાભ્યાસથી વિકસ્યા છે. ૧૯૨૭ માં વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાંથી એમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરી અને વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ૧૯૩૨ માં સંસ્કૃત સાથે એમણે બી.એ. અને ૧૯૩૪ માં સંસ્કૃત-ગુજરાતી સાથે એમ.એ.ની પદવીઓ મેળવી. હાલમાં તેઓ વાપીમાં શિક્ષક તરીકે કામ કરે છે.

૧૯૩૨ માં 'નલિની પરાગ' નામનો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થયો હતો. સંસ્કૃત ભાષા અને સાહિત્યના ઝીણવટભર્યા અભ્યાસને અંગે એમની ભાષા ઘણી વાર જોઈએ તેથી વિશેષ સંસ્કૃતમય થઈ જાય છે. એમની શૈલી પ્રવાહી અને લલિત છે. કાવ્યો સરલ અને સુવાચ્ય છે. કવિનું વલણ ભાવનાવાદ અને અધ્યાત્મવાદ પરત્વે વિશેષ છે. નવીનતર કવિતાનો પ્રવાહ એમની કવિતાને વિશેષ સ્પર્શી શક્યો નથી.]

અતૃપ્ત તૃષા

શિખરિણી : સૉનેટ

અપેક્ષા ના રાખું ગગન–અડતા ઘુંમટ તણી
ન ઇચ્છા હું સેવું કુસુમ–શણગારી કબરની;
રચ્યાં જોવા રાજી કરુણ–કવનો હું નવ પછી,
અહીં ના તોષી જે મધુર અભિલાષા પ્રણયની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા કેડે આખું ગગન નવ શું ઘુંમટ થશે?
મને સૃષ્ટિ કેરાં કુસુમ સઘળાં શું ન સજશે?
ગયા કેડે કાવ્યો જલધિ કરુણા શું ન કવશે?
અધૂરી આશાને તદપિ ઉરની કોણ પૂરશે?
ન ઠારે હૈયાને ધનવિપુલતા વૈશ્રવણની,
ન સત્તા એકાકી દ્યુપતિસમ ચૌદે ભુવનની;
પ્રશસ્તિની ગાથા યદપિ રચશે બ્રહ્મતનયા,
મટાડી કોદી ના તદપિ મટશે અંતરતૃષા.
ગયા કેડે આશા હૃદય ધરવી કાં પ્રણયની?
ન ભાળી પ્રત્યક્ષે ઉભય ઉરની જો પુરવણી!

ટિપ્પણ અને સ્વાધ્યાય

૯. **વૈશ્રવણ**–કુબેર, દેવોનો ખજાનચી. ૧૦. **દ્યુપતિસમ**–ઇન્દ્રની માફક. ૧૧. **ગાથા**–છંદબદ્ધ કથા. **બ્રહ્મતનયા**–સરસ્વતી, બ્રહ્માની પુત્રી.

૧. કવિ આ કાવ્યમાં તૃષાની અતૃપ્તિ કેવા પ્રકારે વર્ણવે છે?
૨. કેટકેટલી બાબતોની પ્રાપ્તિ થયા છતાં તૃષાની અતૃપ્તિ રહ્યા જ કરશે એમ કવિ કેમ માને છે?
૩. નીચેના શબ્દો પર ટૂંકી નોંધ લખો:—
વૈશ્રવણ, દ્યુપતિ, ચૌદ ભુવન, બ્રહ્મતનયા, ગાથા.

કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણી

[આ કવિ અને નાટ્યકારનો જન્મ ભાવનગરની વણિક જ્ઞાતિમાં ઈ. સ. ૧૯૧૧ માં થયો હતો. દક્ષિણામૂર્તિમાં કેળવણી લઈ તે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા, અને સને ૧૯૩૦ ની અહિંસાત્મક લડતમાં ધરાસણા જતાં પકડાયેલા. જેલમાં એમણે થોડાં કાવ્યો અને બાળનાટકો લખ્યાં હતાં. જેલમાંથી છૂટી તે શાંતિનિકેતનમાં વધુ અભ્યાસ માટે ગયા અને ત્યાં રહી તેમણે ૧૯૩૪ માં કલકત્તા યુનિવર્સિટીની બી. એ. ની પદવી મેળવી. રાજકારણ અને સમાજશાસ્ત્રના વધુ અભ્યાસ માટે તે અમેરિકા ગયા અને ત્યાં એમણે લેખકવૃત્તિ સ્વીકારી. એમણે અંગ્રેજી પુસ્તકો પણ લખ્યાં છે. હાલમાં દિલ્હીમાં રહી પત્રકારત્વનું કાર્ય કરે છે.

શ્રી. શ્રીધરાણીનાં જીવન અને કવન ઉપર ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનના વાતાવરણની પ્રબલ અસર થઈ છે એનો કંઈક આછો ખ્યાલ નીચે ઉતારેલું કાવ્ય પણ આપી શકશે. કવિની દૃષ્ટિ પ્રચલિત માન્યતાઓથી ભિન્ન છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લેકે ઈશ્વરના ઇનકાર સુધી નથી જતી, પણ અત્યારનાં મંદિરો અને પૂજારીનો તેમ જ પૂજાપ્રકારનો તો સ્પષ્ટ શબ્દોમાં ઇનકાર કરનારી છે.

શ્રી. શ્રીધરાણીનાં કાવ્યોનું બળ એની પાછળ રહેલી ઉચ્ચ ભાવનામાં છે. આ યુગના બીજા કવિઓની માફક શ્રી. શ્રીધરાણીને વાસ્તવિકતા પ્રત્યે પક્ષપાત છે, પણ એમના વાસ્તવવાદ પાછળ ભાવનાવાદ કે પ્રતીકવાદ (symbolism) હોય છે. એમની શૈલી મધુર, પ્રવાહી અને સુકુમાર છે. 'વડલો', 'મોરનાં ઈંડાં', 'કોડિયાં', 'My India, My America' એ એમની જાણીતી કૃતિઓ છે.]

પૂજારી

ઘંટના નાદે કાન ફૂટે મારા,
ધૂપથી શ્વાસ રૂંધાય;
ફૂલમાળા દૂર રાખ પૂજારી,
અંગ મારું અભડાય:
ન નૈવેદ્ય તારું આ !
પૂજારી પાછો જા !

મંદિરનાં આ ભવ્ય મહાલય
બંધન થાય મને;
ઓ રે પૂજારી ! તોડ દીવાલો
પાષાણ કેમ ગમે ?
ન પ્રેમનું ચિહ્ન આ !
પૂજારી પાછો જા !

એરણ સાથ અફાળે હથોડા
ઘંટ તણો ઘડનાર;
દિન કે રાત ન નીંદર લેતો :
(ને) નૈવેદ્ય તું ધરનાર !
ખરી તો એની પૂજા !
પૂજારી પાછો જા !

દ્વાર આ સાંકડાં કોણ પ્રવેશે !
બહાર ખડી જનતા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાર્થ તણું આ મંદિર બાંધ્યું,
પ્રેમ નહિ પથરા;
ઓ તું જો ને જરા !
પૂજારી પાછો જા !

માળી કરે ફૂલ–મહેકતી વાડી,
ફૂલને તું અડ કાં ?
ફૂલ ધરે તું : સહવા એને
ટાઢ અને તડકા !
એ તે પાપ કે પૂજા ?
પૂજારી પાછો જા ! ૩૦

ઓ રે પૂજારી ! આ મંદિર કાજે,
મજૂર વહે પથરા;
લોહીનું પાણી તો થાય એનું
ને નામ ખાટે નવરા !
અરે તું ના શરમા ?
પૂજારી પાછો જા !

ખેડૂતને અંગ માટી ભરાતી,
અર્ઘ્ય ભર્યો નખમાં;
ધૂપ ધર્યો પરસેવો ઉતારી,
ઘંટ બજે ઘણમાં : ૪૦

પૂજારી આવ્યો આ !
પૂજારી પાછો જા !

ટિપ્પણ અને સ્વાધ્યાય

ઘણ–મોટો હથોડો. એના મોટા હથોડાના અવાજરૂપી ઘંટ. **અર્ઘ્ય**–નૈવેદ્ય, સમર્પિત વસ્તુ.

૧. "પૂજારી પાછો જા !" આ પંક્તિથી કવિ કેવો ભાવ રજૂ કરે છે ?
૨. ખરો પૂજારી કોણ ? એ સંબંધી કવિ શો શો નિર્દેશ કરે છે ?
૩. પૂજાના આડંબર સંબંધી કવિ શા શા કટાક્ષ કરે છે ?
૪. મજૂર, ખેડૂત, માળી — એમની ભક્તિ માટે કવિ શું કહે છે ?

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમાશંકર જેઠાલાલ જોષી

[આજના લેખકો અને કવિઓમાં વિશિષ્ટ સ્થાન પામેલા, 'વિશ્વશાંતિ' નામક નાના કાવ્યગ્રંથથી પ્રથમ જાણીતા થયેલા આ કવિનો જન્મ ઈડરના બામણા ગામમાં ૧૯૧૧માં થયો હતો. નાનપણથી જ પરિચિત એવા રમણીય ડુંગરાળ પ્રદેશ અને ગરીબ, પછાત જનસમાજના સંપર્ક એમને પ્રેરણા આપી. માધ્યમિક શિક્ષણ ઈડરમાં લઈ ૧૯૨૮માં તેમણે મેટ્રિકની પરીક્ષા આખા પ્રાંતમાં ત્રીજે નંબરે પસાર કરી અને પછી ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ૧૯૩૦માં ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી સત્યાગ્રહની લડતમાં જોડાયા અને તે અંગે બે વાર જેલમાં જઈ આવ્યા. જેલનિવાસ દરમિયાન એમણે સારાં પુસ્તકોનું ઠીક અધ્યયન

કર્યું અને શ્રી. કાલેલકરના નિકટ સમાગમમાં આવવાનો અનન્ય લાભ એમને મળ્યો. અધૂરો અભ્યાસ એમણે ફરી શરૂ કર્યો અને એમ. એ. માં પ્રથમ વર્ગમાં આવી થોડો વખત ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું. હાલમાં તેઓ 'સંસ્કૃતિ' નામનું માસિક અમદાવાદથી પ્રગટ કરે છે. કાવ્યપ્રવૃત્તિ માટે ૧૯૩૯માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો હતો.

એમનાં પ્રાસાદિક કાવ્યોની ભાષા, વસ્તુ અને રીતિ અસાધારણ છે. એમના છંદપ્રયોગો અને શબ્દપ્રયોગો નવી ભાત પાડે છે. કાવ્યો ઉપરાંત એમણે એકાંકી નાટકો પણ લખ્યાં છે અને તે 'સાપના ભારા' નામે પ્રસિદ્ધ થયાં છે. 'ગંગોત્રી', 'નિશીથ', 'આતિથ્ય' અને 'પ્રાચીના' નામે એમના કાવ્યોના સંગ્રહો પ્રગટ થયા છે. 'શ્રાવણી મેળો' અને 'ત્રણ અધ્યાય' એમની વાર્તાઓના સંગ્રહો છે.

(૧) આ સૃષ્ટિમાં સૌ કોઈ સ્વતંત્ર છે. ફૂલો મન ફાવે તેમ ખીલે છે. પંખીઓ સ્વચ્છંદે ઊડે છે. વૃક્ષો ઇચ્છા પ્રમાણે ડાળો હલાવે છે. નદી અને ઝરણાં સ્વાતંત્ર્યે વિહરે છે. સાગરના તરંગો ધૂધવાટ કરતા ઊછળે છે. એમને કોઈ રોકતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસ્ત સૃષ્ટિ સ્વતંત્ર છે. તો કેવળ માનવ જ શા માટે ગુલામ ? માનવી સૃષ્ટિના અમૂલ ફૂલ સમો છે, સ્રષ્ટાની સર્વોત્તમ કૃતિ છે, એટલે આ વિષમતા કવિને વિશેષ ખૂંચે છે. (૨) સામાજિક અન્યાયનો 'જઠરાગ્નિ' કાવ્યમાં કવિ નિર્દેશ કરે છે. એક બાજુ સમાજની અગણિત વ્યક્તિઓ ભીષણ ગરીબાઈથી પીડાઈ રહી છે, ત્યારે બીજો વર્ગ પોતાના ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહે છે. કવિ જાણે ભાવિની ચેતવણી આપે છે અને છેલ્લી પંક્તિમાં તો જાણે આ અઘોર અન્યાય પ્રત્યે એમનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠે છે. કવિએ પસંદ કરેલા છંદો, ટૂંકા ટૂંકા વાક્યખંડો અને જાણે સામે જ ઊભા રહી વાચકને સંબોધતા હોય એવી વાક્છટા, બંને કાવ્યોના વક્તવ્યને અસરકારક બનાવે છે.]

(૧) ગુલામ

ગુલબંકી

હું ગુલામ ?
સૃષ્ટિ–બાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
સ્વચ્છંદ પંખી ઊડતાં,
હલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઈ ના.
સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઈ દેતું ત્યાં.
સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.
સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ ?

(૨) જઠરાગ્નિ

ઉપજાતિ

રચ્યો, રચ્યો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મહેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચો, રચો ચંદન વાટિકાઓ,
રાચો રચી કંચનરત્નમાળા !
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો
ને કંઈક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે !

અંતરરૂંધતી શિલા
એ કેમ ભાવી બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસ-લીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે. ૧૪

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) **ગુલબંકી**–આ છંદની પ્રથમ યોજના સ્વ. બ. ક. ઠાકોરે કરી. પહેલાં ગુરુ પછી લઘુ અક્ષર એમ સતત રચના વહ્યે જાય. પંક્તિઓના માપ માટે અને વિચારસાતત્ય જળવી રાખવા માટે કવિને આ છંદમાં ખૂબ સ્વાતંત્ર્ય રહે છે. ૬ **સરિત**–નરજાતિનો શબ્દ છે; સરિતા નારીજાતિનો શબ્દ છે. ૧૨–૧૩ કાવ્યનો મધ્યવર્તી વિચાર. કુદરતનાં તત્ત્વો ઘણી રીતે સ્વતંત્ર છે. માનવ જ રૂઢિ, પ્રણાલિકા, નિયમોનાં બંધનોથી બંધાયેલો છે. પણ માનવે જ કરેલી સમાજરચના કે એણે વ્યવસ્થા જળવવા માટે ઘડેલા નિયમો એ માટે જવાબદાર નથી શું ? જેમ માણસ પ્રકૃતિથી વેગળો થવા વધુ યત્ન કરે છે તેમ તે આવાં બંધનોમાં વિશેષ નથી જકડાતો ?

(૨) ૬ **અંબર**–આકાશ, ગગન. ૮ **ક્રીડાંગણ**–રમત-વિલાસનાં સ્થળો. **ચંદ્રશાળા**–અગાશી, જ્યાં ચાંદનીની મોજ માણી શકાય. ૯–૧૦ માનવના સ્વતંત્ર વ્યક્તિત્વ કે એના જીવનને રૂંધતા આ ભોગવિલાસો કાળના પ્રવાહ સામે કયાં સુધી ટકી શકશે ? ૧૧ આવાં ભોગવિલાસનાં સાધનો દ્વારા ગરીબની ગરીબાઈનો ઉપહાસ (મશ્કરી) થઈ રહ્યો છે. ૧૩ **જઠરાગ્નિ**–ભૂખનો અગ્નિ. ઘણીખરી ક્રાંતિઓ ભૂખમરા ને ગરીબાઈમાંથી જન્મે છે. માનવ માટે જ્યારે ભૂખ ને અન્યાય અસહ્ય થઈ પડે છે ત્યારે એ મરણિયો થઈ પ્રચલિત સમાજરચનાને તોડી-ઉથલાવી પાડવા ભયંકર રૂપ ધારણ કરે છે. ૧૪ અરે, એ અગ્નિ એટલો ભયંકર કે વિનાશકારી હશે કે ભોગવિલાસની ઇમારતોની ભસ્મ પણ એ નહિ રહેવા દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. 'ગુલામ' કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો અને તેની ચર્ચા કરો.
૨. માનવીને કવિ ગુલામ શા માટે કહે છે? એ ગુલામી ટાળવા તમે કોઈ ઉપાય સૂચવો છો?
૩. 'જઠરાગ્નિ' શીર્ષકની યથાર્થતા સમજાવો.
૪. ક્રાંતિ સામાન્ય રીતે કયારે અને કેવી રીતે જન્મે છે? એથી સમાજને લાભ થાય કે ગેરલાભ?
૫. પંક્તિઓ ૧૧–૧૩ સમજાવો ને એમાં રહેલા ભાવ ને વિચારની ચર્ચા કરો.
૬. શબ્દપ્રયોગો સમજાવો:– નિરંકુશ, તરંગમાળ, અંબરચુંબી, ચંદ્રશાળા, ભસ્મકણી.
૭. આ બંને કાવ્યોમાં 'અર્વાચીન કવિતા'નાં જે તત્ત્વો રહેલાં છે તે દર્શાવો.

નાથાલાલ ભાણજી દવે

[શ્રી. નાથાલાલ દવેનો જન્મ (સૌરાષ્ટ્રમાં) ભુવામાં ઈ. સ. ૧૯૧૨માં થયો હતો. એમ. એ. સુધીનું શિક્ષણ ભાવનગરની શામળદાસ કૉલેજમાં લઈ ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ શિક્ષક તરીકે જોડાયા. હાલમાં સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતામાં કામ કરે છે. કવિતા ઉપરાંત એમણે વાર્તાઓ પણ લખી છે. એમનો કાવ્યસંગ્રહ 'કાલિન્દી' નામે પ્રગટ થયો છે.

ભર્યા ભર્યા જગતમાં પણ ઘણી વાર આપણને ભયંકર એકલતા લાગે છે. આ આપણી માનસિક અવસ્થાનું પરિણામ છે. પણ એવે પ્રસંગે પ્રકૃતિનાં રમ્ય તત્ત્વો આપણી મદદે આવી આશ્વાસનરૂપ નીવડે છે. જે વ્યક્તિ પ્રકૃતિની શોભા માણી શકે છે, પ્રકૃતિનું રહસ્ય સમજી શકે છે, તેને ગમે તેવી એકલતામાં સહચાર ને સથવારો મળી રહે છે.]

એકલો

આજ સીમાહીન વિશ્વને આરે
એકલો હે અવિનાશી!
સ્વજનહીન અમિત્ર ઊભો હું
એકલો આજ ઉદાસી.
આકાશે તિમિરનદ છલકાયા,
ડોલતી શ્યામ તરુવરછાયા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકતી કંપતી નિર્બળ કાયા;
નિસ્તેજ નયને, મ્લાન મુખે, ઓ!
એકલો હે અવિનાશી!
સ્વજનહીન અમિત્ર ઊભો હું
એકલો આજ ઉદાસી.

હું અપમાનિત હિંમત હારું,
ભાન ભૂલી એક ચીસ પોકારું;
"સમસ્ત સંસારે કો નહિ મારું"
એકલો હે અવિનાશી!
નિર્બળ, છેક હું અલ્પ, ઊભો અહીં
વ્યાકુલ, દીન ઉદાસી.

ઊભો સશોક હું સંતપ્ત મને,
તારિકા હસતી ઊગી ગગને
સંકેત કરતી સસ્મિત વદને—
"વ્યર્થ અને શું ઉદાસી?
કોટિ તારાગણ ઘૂમી રહ્યા તુજ
સંગે અરે ઓ પ્રવાસી!"

ટિપ્પણ અને સ્વાધ્યાય

૪ **ઉદાસી**—ઉદાસ; જગત પ્રત્યે ઉપેક્ષાના ભાવવાળો. ૫ **નદ**—મોટી નદી. (નરજાતિનો શબ્દ છે). ૮ **મ્લાન**—દીન, શોકભર્યું, ઉદાસી. ૨૧—૨૩ જગતમાં કોઈ એકલું કે સ્વજનહીન નથી, પ્રકૃતિ એ માનવનો સનાતન મિત્ર છે. આવી દૃષ્ટિ રાખનારને ગમે તેવી એકલતા મૂંઝવતી નથી.

૧. આ કાવ્યનો મર્મ્યવતી વિચાર ટૂંકમાં લખો.
૨. છેલ્લી ત્રણ પંક્તિઓ કોણ બોલે છે? કવિ એ દ્વારા શું કહે છે?
૩. કવિની જે માનસિક અવસ્થા અહીં વર્ણવાઈ છે તે આલેખો. એ અવસ્થામાંથી કવિને કયાંથી આશ્વાસન મળે છે?
૪. નીચેના શબ્દોના પૂર્વગ અને ઉપસર્ગ દર્શાવી એથી અર્થમાં શો ફેરફાર થાય છે તે દર્શાવો:—અમિત્ર, સ્વજનહીન, નિર્બળ, અપમાનિત, વ્યાકુલ, સશોક, સંતપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુંદરાય વિજયશંકર પટ્ટણી (પારાશર્ય)

[શ્રી. મુકુન્દ પટ્ટણીનો જન્મ મોરબીમાં ૧૯૧૪ માં થયો હતો. જ્ઞાતિએ તે ઔદીચ્ય બ્રાહ્મણ છે અને મૂળ કોટડા સાંગાણીના વતની છે. એમણે રાજકોટ અને ભાવનગરમાં અભ્યાસ કર્યો હતો. હાલ ભાવનગરમાં રહે છે. 'અર્ચન' (શ્રી પ્રબોધ સાથે) અને 'સંસૃતિ' એ એમના કાવ્યગ્રંથો છે.

'રમકડાં' કાવ્ય એ જાણીતા અંગ્રેજ કવિ Coventry Patmore ના The Toys નામના જાણીતા કાવ્યનો અનુવાદ છે. એક સાદા, દૈનિક પ્રસંગને કવિએ પોતાની જીવનદૃષ્ટિ વડે અસામાન્ય બનાવ્યો છે. છેવટના ભાગમાં પોતાની ભૂલનું ભાન થતાં આવા પ્રસંગે પિતાનું કેવું વર્તન હોવું જોઈએ એનો કવિ ખ્યાલ આપે છે. આ પ્રસંગ પિતાનું બાળક પ્રત્યેનું વાત્સલ્ય અને એ દ્વારા ઈશ્વરની ક્ષમાશીલતામાં અચલ શ્રદ્ધા બતાવે છે. ખ્રિસ્તી ધર્મની આ ભાવનામાં જીવનની સુંદર ને શ્રદ્ધામય દૃષ્ટિ સમાયેલી છે. શ્રી. નાથાલાલ દવેનું કાવ્ય 'સમભાવ' ('કાલિન્દી') આ કાવ્ય સાથે સરખાવવા જેવું છે.]

રમકડાં

અનુષ્ટુપ

"હજી ના માનતો કેમ" ગુસ્સે પુત્ર પરે થયો,
ભડી રોષે કરી શિક્ષા તમાચો ગાલપે ધર્યો;
"ફરી ના કરતો આવું, જા બ્હાર," કહી હું રહ્યોઃ
અનુત્તર રહી મૂંગો દબાવી આંસુ-ડૂસકું,
નિરાધાર દુભાયલું
નમાયું રાંક મોઢું ત્યાં ફરવી ચાલતો થયો.
ન બોલાવ્યો મેં જવા દીધો.
રાતે જ્યારે વિચાર્યું કે ભઠ્યો છું પુત્રને, નથી
એને માતા, નથી કોઈ; નિદ્રામાં નકી દુઃખથી
ખલેલ પડશે, માની ગયો એની પથારીએ. ૧૦
કરીને ઊજળી વાટ દીવાની, ભર ઊંઘમાં
પડેલા પુત્રનું મોઢું રહ્યો જોઈ વિચારમાં.
વિશાળ પોપચાં ભીનાં હતાં તે સુકાઈ ગયાં
કપોલે ખરડાયેલાં આંસુ સુકાયલાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજણું છતાં શાંત ગાર નિર્દોષ કોમળું —
પડયું'તું મુખ નિદ્રાને ખોળે વિસ્મરી સર્વને :
પૂર્ણ નિર્દોષતા કેરી વીંટે છાંય શરીરને.
નમીને જાળવીને ત્યાં ઓશીકા પર બેસીને
સમારી મુક્ત ઝુલ્કાંને શિરે મેં કર ફેરવ્યો.
ત્યાં જોયાં એ પથારીની પાસે મેજ પરે ઘણાં
પત્તાં, ચિત્રો, દડા, પીછાં, પથ્થરો રંગ રંગના,
રંગપેટી, ફૂલો, સિક્કા, પાવો ને શંખછીપલાં;
અને વચ્ચે રચ્યું નાનું વાંસની સળીઓ થકી
અધૂરું ઘર 'શું દુઃખો વિસારે પાડવા અહીં
રમકડાં વિષે આવાં પરોવ્યું મન સ્નેહથી ?'
થંભ્યો હું કલ્પના થકી.
રૂંધાતા ઉર–વાત્સલ્યે કંપી હાથ ફરી ગયો,
સહી માત્ર અનુભૂતિ ભીની આંખ મીચી ગયો,
બેઠો ક્યાંય સુધી રહ્યો.
ને ત્યાંથી ઊઠતાં પહેલાં નમ્યો હું જગતાતને
કહ્યું અસ્પષ્ટ કે સ્પષ્ટ લળી મેં મૂક એમને :
કે અમારાં દુભાયેલાં અન્તઃકરણ ઠારવા
વિસારે પાડવા કષ્ટો ડૂસકાં દુઃખ ભાનને
અજ્ઞાને મૂર્ખની પેઠે જ્યાંથી ત્યાંથી લઈ વીણી
હજારો સાધનો કર્મો સાદાં રમકડાં સમાં,
મન એમાં મનાવીને મમત્વે દિલ પોરવી
સંતોષ લઈ થોડો યે એકદા રજની વિષે
બેભાન ઢળશું જ્યારે ગાઢ એ ભર ઊંઘમાં;
ત્યારે–ત્યારે પિતા ! જે કૈં દોષ અજ્ઞાનથી કર્યા,
સર્વની તે ક્ષમા આપી, ઉદાર દિલથી હસી
કહીને, "પૂર્ણ જાણું છું એની બાલિશતા બધી,"
વાત્સલ્યે મસ્તકે મૂકી હાથ ફેરવશો તમે
હેતથી લળશો માથે પિતા ! ! ત્યારે તમે–તમે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

૨ ભડી – ચિડાઈને. ૬ **નમાયું** – ગરીબ, દીન. **૧૨ વાટ** – (દીવાની) દિવેટ, રૂ કે દોરાની બત્તી. **૧૯ જુલ્ફાં** (ફા.)–વાળ. **૨૦–૨૫** બાળકે પોતાનું દુઃખ વિસારવા રમકડાંનો આશ્રય લીધો હતો. **પાંચો** – સિસોટી, વાંસળી. **૩૦–૪૩** ખ્રિસ્તી ધર્મની ઉન્નત ભાવના – જગત્પિતા પોતાનાં બાળકોના સર્વ દોષો અને પાપ માફ કરે છે – આ પંક્તિઓમાં સાદી રીતે વ્યક્ત થઈ છે. **૪૧ બાલિશતા** – (બાલ (સં.) – પરથી ભાવવાચક નામ) બાળકપણું, છોકરવાદી; બેજવાબદાર અને અજ્ઞાન કે મૂર્ખતાભર્યું વર્તન.

૧. આ કાવ્યનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૨. આ કાવ્યના પ્રસંગમાં રહેલું રહસ્ય અને કવિની દૃષ્ટિ સમજાવો.
૩. બાળકે પોતાનું દુઃખ ભૂલવા શેનો આશ્રય લીધો ? એ ઉપરથી કવિને શો વિચાર આવે છે ?
૪. આ પ્રસંગ દ્વારા કઈ ધાર્મિક ભાવના કવિ વ્યક્ત કરે છે ?
૫. આ કાવ્યના પ્રસંગમાં રહેલું પિતા અને બાળકનું રૂપક સમજાવો.

પ્રેમશંકર હ. ભટ્ટ

[શ્રી. પ્રેમશંકર ભટ્ટનો જન્મ સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા પાસે રાજસીતાપુરમાં ૧૯૧૪માં થયો હતો. ભાવનગરની શામળદાસ કૉલેજમાં એમ. એ. સુધીનો અભ્યાસ કરી શિક્ષણક્ષેત્રમાં જોડાયા. હાલમાં મુંબઈની ' સિદ્ધાર્થ કૉલેજ'માં ગુજરાતીના અધ્યાપક છે. એમનો કાવ્યસંગ્રહ ' ધરિત્રી ' નામે પ્રસિદ્ધ થયો છે. કવિએ નિઃસ્વાર્થ આત્મસમર્પણની ભાવના આ કાવ્યમાં વ્યક્ત કરી છે. માણસનું જીવન બીજાને ઉપયોગી ન થાય તો એ જીવનમાં કોઈ અર્થ કે મહત્ત્વ નથી.]

એંધાણી

વંકી ધરા, પગ લથડે, ખૂટતાં શ્વાસ ટકે કેમ કાય ?
જોજનફાળે ધપતું જોબન અધવચે પછડાય,
ત્યાં અપંગનું શું થાય ?

લંગડા કેરી ટેકણલાકડી આંધળાની આંખ થાજે,
ડગુમગુ ડગલાં ભરનારનો હાથ દોરી તું ધાજે,
વીરા એટલું કરતો જાજે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ નહિ, વ્હાલાં લાકડાં વનનાં ભેગાં આવી સૂએ,
એવું કહેનાર અનેક તારામાં કૈંક વિસામો જુએ,
એનાં આખરી આંસુ લુએ!
પર્વતકેરી પાંખ ઘસાય, જ્યાં શોષાય સાગરવારિ,
વંટોળમાં વનવૃક્ષ ખડે ત્યાં મૂકવી રાંક એંધાણી;
સેર જીવનની છલકાણી.

કાળકિનારે રેતમાં આટલી આછી પાતળી રેખા
સંભારણાની આંકજે મૂંગી ઝાલર કૈંક બજૈયા,
'ધન્ય અન્ય કાજે જીવ્યો ભૈયા.'

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧–૨ જીવન અને જગતની મુશ્કેલીઓ ને દુઃખોનો નિર્દેશ કર્યો છે. ૪–૬ માનવને બીજાને ઉપયોગી થઈ પડવાનો ઉપદેશ કવિ આપે છે. **ટેકણલાકડી** – આધારરૂપ લાકડી. ૧૪ **ઠેક** – ઠેકો; તાલ. **બજૈયા** – બજવવાની, વગાડવાની ક્રિયા. ૧૫ માનવ જીવનનો મંત્ર, સમર્પણની ભાવના આ પંક્તિમાં વ્યક્ત થઈ છે.

૧. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર દર્શાવો.
૨. છેલ્લી પંક્તિ વિસ્તારથી સમજાવો અને એમાં રહેલી ભાવનાની ચર્ચા કરો.
૩. સમજાવો:– જીવનસંધ્યા, ટેકણલાકડી, આંધળાની આંખ, કાળકિનારો.

ગોવિંદ સ્વામી

(૧૯૨૧–૧૯૪૪)

[ત્રેવીસ વર્ષે—ઊગતી જુવાનીમાં—આ કવિનું અવસાન થયું. એમણે અમદાવાદની એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અને પાટણની આયુર્વેદિક કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. દુનિયાનાં દુઃખનું મૂળ મૂડીવાદી માનસમાં છે એમ માનનાર આ યુવાન કવિને એમના ઊંડા માનવપ્રેમે કિસાન કાર્યકર બનાવ્યા. પીડિતોના દુઃખે દ્રવી ઊઠતું એમનું હૃદય સમાજના અન્યાય જોઈ પુણ્યપ્રકોપે ભભૂકી ઊઠતું. ૧૯૪૨ની આસપાસના સમયના એ લાક્ષણિક કવિ છે. યુદ્ધથી અકળાયેલી, સ્વાતંત્ર્ય માટે મથતી પ્રજાના હૃદયની ભાવનાઓ ને વેદનાઓ એમનાં કાવ્યોમાં સુંદર અને સચોટ રીતે વ્યક્ત થઈ છે. એમનો કાવ્યસંગ્રહ 'પ્રતિપદા' નામે પ્રસિદ્ધ થયો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગે કયારે?

શિખરિણી

હજારો વર્ષોથી સતત સળગે યુદ્ધભડકા,
મનુષ્યોના હૈયે અતિશય ભર્યા આગકટકા.
ધખેલા અંગારા જરી ય હજુ તો શાંત ન થતા,
તહીં રાતા રંગે સળગી ઊઠતા નિત્ય ભમણા.

છવાયેલા વિશ્વે ગરળ વમતાં માનવજૂથો,
દમંતાં, ત્રાડંતાં, દશન કચડંતાં હરપળે;
ઊના અંગારા શાં નયન દ્વયથી વહ્નિ વરસે,
મહાયુદ્ધજ્વાળા જટિલ જગને ચાટતી ફરે.

થિજ્યેલા ક્રૌર્યે દલિતજનનાં શોણિત ચૂસે
વરુ ભૂખ્યાં જેવાં: રુચિર નીગળંતાં મુખ દિસે.
લૂંટાવે ફૂંગોળે રતન સરખાં યાંવનધનો:
છુપાયેલા એ તો મનુજ-ઉરખે રાક્ષસગણો.

જગે કયારે શીળાં ઝરણ ફૂટશે, આગ શમશે?
મહાનંદે પૃથ્વી પ્રિય પ્રણયમંત્રો ધ્વનવશે?

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧–૪ મનુષ્યની સ્વભાવગત હિંસા કે લોહીતૃષ્ણાનો કવિએ ઉલ્લેખ કર્યો છે. રાતો રંગ લોહીનું – હિંસાનું પ્રતીક છે. **૫ ગરળ** – ઝેર. **દશન** – દાંત ક્રોધનું – હિંસાનું સૂચન થયું છે. **૮ જટિલ** – અટપટું, ગૂંચાયેલું. **૯ ક્રૌર્ય** – ક્રૂર વિશેષણ પરથી ભાવવાચક નામ. મૂડીવાદી ગરીબ અને દબાયેલાંનું હૃદયહીનતાથી શોષણ કરે છે તેનો નિર્દેશ થયો છે. **૧૨ મનુજ-ઉરખે** – મનુષ્યનાં વસ્ત્રોમાં – લેબાસમાં છુપાયેલા. **૧૪ ધ્વનવશે** – ગજવશે, – થી ગાજી ઊઠશે.

૧. આ કાવ્યને અંતે કવિએ શી ઇચ્છા વ્યક્ત કરી છે?
૨. યુદ્ધ અને મૂડીવાદ વિશે કવિ આ કાવ્યમાં શું કહે છે?
૩. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર ટૂંકમાં લખો.
૪. સમાસનો વિગ્રહ કરો ને તેમનો પ્રકાર કહો: આગકટકા, માનવજૂથો, મહાયુદ્ધજ્વાલા, દલિતજન, પ્રણયમંત્રો, રાક્ષસગણ.
૫. ૯–૧૦ પંક્તિઓનો અન્વય કરો અને વિસ્તારથી સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

નર્મદાશંકર

[જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ]

[નર્મદાશંકર મુખ્યત્વે કવિના નામથી અત્યારે જાણીતા છે; પરંતુ સાહિત્યજગતમાં તો એ ગુજરાતી ગદ્યના પિતા તરીકે અમર કીર્તિ પામ્યા છે. નર્મદાશંકર પહેલાં ગુજરાતમાં ગદ્યસાહિત્ય હતું નહિ. વ્યવહાર માટે ગદ્ય લખાતું ખરું, પણ તેને આપણે સાહિત્યનું અંગ ન ગણી શકીએ. દૃઢ, વેગવંતું અને સરળ છતાં સુંદર ગદ્ય લખવાનો પ્રથમ પ્રયાસ નર્મદાશંકરે જ કર્યો. ૧૮૬૪માં 'દાંડિયો' નામનું પખવાડિક પત્ર કાઢી એમણે આખા ગુજરાતને સચેતન કર્યું. ૧૮૬૫માં 'નર્મગદ્ય' બહાર પડ્યું. સુધારાના ઊછળતા વિચારો શાંત પડ્યા પછી 'ધર્મવિચાર' પ્રગટ કરી પોતાની ભૂલ સુધારી લેવાની જાહેર હિંમત નર્મદાશંકરે બતાવી. ૧૮૬૮માં 'નર્મકોશ' પ્રસિદ્ધ કરી ભવિષ્યના લેખકો અને વાચકોનું કાર્ય સરળ કરી, ગુજરાતી ભાષાને સ્થાયી સ્વરૂપ આપવા પ્રથમ પ્રયાસ નર્મદે કર્યો.

નર્મદાશંકરનાં ગદ્ય અને પદ્ય લખાણ મુખ્યત્વે સુધારાના પ્રચારકાર્ય માટે હતાં. આથી એમનાં લખાણોમાં સમાજસુધારણાની ધગશ ચેતન ફેલાવે છે. કાળબળે નર્મદની સર્વ સાહિત્યપ્રવૃત્તિઓ ભુલાય, પણ દૃઢ ગદ્ય લખાવાની શરૂઆત કરી ગુજરાતી સાહિત્યની જે અનન્ય સેવા એમણે કરી છે તે માટે ગુજરાત હંમેશ એમનું ઋણી રહેશે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મંદ દીસતા સુધારકોને બોધ

એક વાર આપણો વિચાર એકદમ જ્ઞાતિભેદ તોડી નાખવાનો હતો, ને તેને માટે તૈયારી પર આવી રહ્યા હતા; એક વાર આપણે પુનર્વિવાહનો ચાલ ચલાવવાને આતુર થઈ જઈ તે અર્થે ઉદ્યોગ કરતા હતા; એક વાર આપણે વલ્લભમતને તોડી પાડવાને ખાઈપીને મંડ્યા હતા; એક વાર આપણે નવું મંદિર કાઢવાની તૈયારી કરતા હતા; એક વાર આપણે સર્વોપયોગી વિષયો ઉપર સુંદર ભાષણો કરતા હતા, ને વર્તમાનપત્રોમાં લખતા હતા. એક વાર આપણે ખોટે માર્ગે પૈસો મેળવવાનું આહા! કેવા ધિક્કારતા હતા? એક વાર આપણે આપણું જોર વધારી વહેમજવનના ઉપર મોટો ધસારો કરવાની તજવીજમાં ખંતે રહેતા હતા. પણ તે દહાડા કયાં ગયા? અફસોસ! આજકાલ તો પૈસાને જ પરમેશ્વર જાણી પૂજ્યા કરીએ છીએ. આજકાલ આપણે કહીએ છીએ કે, 'ભાઈઓ, જેમ બને તેમ પૈસા પેદા કરો, ને પછે નચિંતે મનમાન્યો સુધારો કરીશું; આજકાલ આપણે કોઈ કોઈને મળતા નથી; આજકાલ આપણામાં કોઈને દાઝ નથી; આજકાલ આપણે કોઈ કોઈના મિત્ર નથી; આજકાલ આપણામાં વિવેક નથી; આજકાલ આપણામાં શૌર્ય, ઉદ્યોગ ને ખંત નથી; (એકમાત્ર પૈસો કમાવાની વાતમાં તે ખરાં.) ટૂંકામાં આજકાલ આપણે માણસ નથી. "સુથારનું ચિત્ત આવળિયે" ને "ઊંટને મોઢે ઝાંખરાં" તેમ આપણાં ચિત્ત પૈસા તરફ, ને આપણાં મોઢાં પર 'પણ' મૂકવાની શરમ છે.

પૈસો મેળવ્યા પછી સુધારો કરીશું, એ આપણું બહાનું છે. આપણામાંના જેઓને પૈસા મળ્યા છે, તેઓમાંના ઘણાક સુધારા કરતા નથી; કરે છે તે આડી રીતના કરે છે, કરશે તો પણ આડી રીતના. જુવાનીના જોસમાં થાય, તે કામ ધડપણમાં કરવાની ઉમેદ બાંધવી તેનું નામ તે બહાનું કે નહિ? માત્ર પૈસાથી સુધારો થયો, એવું ઇતિહાસમાં કોઈ ઠેકાણે જોવામાં આવ્યું નથી. નિયમ તો સર્વત્ર આ જ જોવામાં આવે છે કે દેશનો સુધારો કરવામાં પ્રથમ વિદ્યા ને ઊંચી પ્રતિના સદ્‌ગુણો જોઈએ; પછી દ્રવ્યની સહાયતા હોય, તો સુધારો વહેલો પ્રસરે; ન હોય તો મોડો પ્રસરે; અર્થાત્ લોકોમાં વિદ્યા અને પ્રેમશૌર્યાદિક સદ્‌ગુણો હોય, તો જ તેઓ સુધરેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય. તેમાં સુધારાવાળા ઉપદેશકોમાં તો એ ત્રણ વાત પહેલી જોઈએ; જે જે ઉપદેશકો થઈ ગયા છે, તેઓ પ્રથમ નિર્ધન હતા; તેમાંના કેટલાકે પોતાના ઉદ્યોગમાં રહીને પૈસો પેદા કર્યો હતો; પણ આપણે તો "શીરા સારુ શ્રાવક થવું" એ કહેવત પ્રમાણે સ્વાર્થનો ને પરમાર્થનો ખરો ઉદ્યોગ છોડી દઈ, દેવ ટળી રાક્ષસ થયા છીએ. રાક્ષસ તો સારા કે શત્રુના ઉપર શૌર્ય વાપરે; પણ આપણે તો શૌર્ય વિના જનાની થઈ ગયા છીએ. વગર આવડતને લીધે ઉત્પન્ન થતી ચીડમાં 'કમ જોર ગુસ્સા બહોત' તેમ માંહોમાંહે એકેકને પોતાની પાસેથી દૂર કરવામાં (રખેને હવે સુધારાવાળો કહેવાઉં, ને વહેમી મંડળમાં અળખામણો થાઉં–) અને એકબીજાને ચાવવામાં આપણું બાયલું રાક્ષસીપણું વાપરીએ છીએ. ઉપદેશકોએ તો દ્રવ્ય–માનનો લોભ ન રાખતાં દેશના કલ્યાણ અર્થે ખંતે પોતાનું કામ કર્યા જવું જોઈએ. પૂર્વે આપણામાં તેમ હતું. બીજા દેશોમાં તેમ હતું, ને આજ પણ છે. પેટને સાંસા પડતા એવા યુરોપ ખંડના કેટલાક વિદ્વાનો જેમતેમ ગુજરો કરી મોટાં પુસ્તકો લખે છે. જે પુસ્તકો તેઓના મરણ પછી લોકની જાણમાં આવે છે, ને પછી કેટલેક વર્ષે ગ્રંથકારો પિતર રૂપે પોતાનાં યશસ્વી કૃત્યોની કીર્તિની વાસના લે છે. ધન્ય ધન્ય! વારુ, પૈસો મળ્યો એટલે મદ ને આળસ ઘર ઘાલે જ. જેટલું જુસ્સાનું બોલવું લખવું છે, તે દુઃખના વખતનું જ સારું હોય છે. પૈસાથી વિચારવાળું ને મહેનતવાળું કામ કરવાનું મન થાય નહિ. તેમ ન થાય તો સારું પણ થાય નહિ; અર્થાત્ પૈસાથી અને પૈસા મળ્યા પછી સુધારો કરીશું, એ કહેવું કેવળ બહાનું છે. વળી એમ કરતાં પૈસા કમાવા પછવાડે રોજ ૧૨ કલાક ગાળવા, તો અઠવાડિયામાં ૧ કલાક પણ મિત્રને મળવામાં અને આગળ થવાની મોટી લડાઈને સારુ કવાયત શીખવામાં ગાળવો.

ભાઈઓ, જેમ આપણું જોર નરમ છે, તેમ વહેમજ્વનનું પણ નરમ છે; પણ આપણે ઘણા જ પાછા હઠ્યા છીએ ને હઠીશું. વહેમજ્વન પણ હઠે છે, પણ તે કીડીની ચાલે; (અનેને હઠાવનાર પૈસાખાન છે.) પણ આપણામાંના કેટલાએક જેઓ વહેમજ્વનને નિંદતા, તેઓ જ તેની પૂજા કરે છે; જેથી જ્યારે પાછી લડાઈ શરૂ થશે, ત્યારે વહેમજ્વન આપણા ઉપર ખૂબ દોડ કરી આવશે. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમંગથી આપણો આરંભ હતો તે ઉમંગ ને તે શ્રમ રાખી રહ્યા હોત, તો વહેમજ્વનને દૂર નસાડ્યા હોત; પણ રે, તેમ ન કરતાં આપણે આજ પાછે પગે દોડી પૈસાખાનના ગુલામ થઈ રહ્યા છીએ.

* * * *

દુઃખ અંતે યશ, તે જ ખરો યશ છે. ધનબળે દેશનું કલ્યાણ કરનારાઓના કરતાં તનમનબળથી દેશનું કલ્યાણ કરનારાઓનું માન ને કામ વધારે ઊંચી જાતનું, ઘણી વાર રહે તેવું અને મૂલ્યવાળું છે.

અમે ગમે તેવા છીએ, થોડી પૂંજીએ ઘણું દેખાડીએ છીએ, કાયર છતે શૂરવીરનો ડોળ ઘાલનારા થઈ પડ્યા છીએ, ગમે તેવા છીએ, તોપણ હવે જેવું આપણે ડોળ કર્યું છે, તેવું મરતાં લગી રાખી રહેવું જોઈએ. રે, ડોળ રાખી રહેવું એટલું જ નહિ, પણ ઉપદેશની વૃષ્ટિએ મનરૂપી ખેતરોને સદ્બુદ્ધિથી ભરપૂર કરી નાંખવાં જોઈએ. મૂળ કુળના ધર્મ કોણ રાખી રહ્યા છે? બ્રાહ્મણોમાં બ્રાહ્મણપણું નથી, ને ક્ષત્રીમાં ક્ષત્રીપણું નથી; રજપૂતે જનોઈ ફેંકી દીધાં, ને બ્રાહ્મણે માત્ર લોકલાજે રાખ્યાં છે. ખરું જોતાં દેશ, રાજ્ય, કુળ, ધર્મ, રૂઢિ, વિદ્યા બધી વાતમાં આપણાં સેંકડો રૂપાંતરો થઈ ગયાં છે. આપણે બધી વાતે સંકર છીએ. હિંદુરૂપી વહાણ સેંકડો વર્ષ થયાં, દુર્દશાના દરિયામાં તોફાન ખાઈ ખાઈને ખોખું થઈ રહ્યું છે, — એટલું છે કે હજુ પૂરું ભાંગ્યું નથી. અંગ્રેજી રાજ્ય છે, એ યોગરૂપી હોકાથી કંઈ દિશા માલમ પડવા લાગી છે; પણ આપણે ખલાસીઓ એકસંપે કામ કરતા નથી. ભાઈઓ! પ્રથમ ગરબડ હોય તો પછી સ્વસ્થતા થાય; ગાજવીજ હોય, તો વૃષ્ટિ સારી થાય ને ધાન્ય પાકે. ભીલ, પીંઢારીઓએ રાજ્ય મેળવ્યાં છે, તેમ આપણે આજકાલ સુધારાવાળા ગર્જના કરીએ છીએ, તે એવી ને એવી જારી રાખીશું, તો દેશમાંથી વહેમજ્વનને હાંકી કાઢવા સમર્થ કેમ નહિ થઈએ? રે, દિલગીર થવાનું એટલું જ છે કે આપણે એ ઉદ્યોગ જારી રાખતા નથી. ખરેખર, આપણે ઘણું કરવાનું છે. વિદ્યાજ્ઞાનનો પ્રચાર કરવો છે, શુદ્ધ ધર્મ ચલાવવો છે, ઘરસુધરાવટ કરવી છે, દેશી રાજ્યની ઊંધ ઉરાડવી છે — ટૂંકામાં નાના પ્રકારે દેશનો ઉત્કર્ષ કરવો છે. આપણાથી તે કંઈ સધળું થવાનું નથી, તોપણ શું આપણાં છોકરાં પણ નહિ કરે? જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે અમુક સીમા બાંધી જઈએ, તો આપણાં છોકરાંઓને તેટલી મહેનત ઓછી! તેઓ પછી ત્યાંથી આગળ વધશે.

રણમાં પડ્યા પછી હવે બીવું શું? મહેનત કરતાં – લડતાં મરવું, એ સમાન પુરુષાર્થ બીજો કયો છે? મરતાં લગી ઘાથી રિબાયા, તોપણ શું લીધેલું 'પણ' મૂકવું? ખરું કહું છું કે, પાંચ જ વીર નીકળો, અને તેઓ સંસારી સુખની તૃષ્ણા મૂકી દે, તેમ જ રાતદહાડો સુધારો પ્રસારવાના ઉદ્યોગમાં રહે, તો બેશક આપણે ઘણા આગળ વધીએ. રાજ્ય મદદમાં છે, અથવા થશે; પણ "ઓ દિન કહાં કે મિયાંકે પાઉંમે જૂતી!" એ દહાડો કયાં કે આપણે પાંચ જણ એકઠા રહીએ! પાંચ તે પાંચ હજારને ભારે પડીએ; પણ સંસારતૃષ્ણાવાળા અને એકલપેટા સ્વાર્થીઓથી શું થાય? વિલાયત જવું સહેલું હોય, તો વિલાયત જઈ આવનારને કોણ માન આપે? જાતિભેદ ઝટ તોડાતો હોય, ને પુનર્વિવાહ સહજ થતો હોય, તો આટલી બધી ચૂંથાચૂંથ શાની થાય? સંસારમાં સર્વ વસ્તુ નાશ પામે છે, એક માત્ર કીર્તિ નાશ પામતી નથી; માટે સુધારો કરી નામ કરવું અને આવતી પ્રજાને રૂડો દાખલો આપવો, એ આપણું પહેલું કામ છે. આપણે પરસ્પર વર્તવાની રીત જુદી છે. અલબત, એકેકના વિચારમાં અંતર તો હોય જ; પણ તેટલા ઉપરથી માંહોમાંહે વેરમત્સર રાખવાં, દ્રવ્યમાનને અર્થે ખુશામતિયા થવું, લોભમાં દોસ્તી બાંધવી ને નિભાવવી, એ નીચ કુળનું લક્ષણ છે. પ્રીત આગળથી જોઈ તપાસીને બાંધવી, બાંધી કે પછી તેમાં આગળ એકાદું નઠારું નીકળ્યું, તોપણ તેને નિભાવવું. જેની સાથે કામ પડ્યું, જેને માટે લોકોમાં ગવાયા, જેને આપણે આપણું પોતાનું એક વાર પણ કહ્યું, જેની સાથે બેસીને પાન ખાધાં, તેને બાંય ગ્રહ્યાની લાજ — એ બહાને પણ હરગિજ મૂકવું નહિ; પણ અફસોસ! આપણે આજકાલ કોઈ કોઈના નથી! હશે! અગર ઘરમાં ગમે તેમ ભાઈઓ ભાઈ લડીએ, તોપણ બહાર તો એક જ છીએ એમ બતાવવું જોઈએ. લાઇબ્રિલ કેસમાં ભાઈ ફરસનદાસ મૂળજીના કેટલાએક મિત્રો તેનાથી જુદા વિચારના હતા; જેઓનો વિચાર કોર્ટમાં જઈ સાહેદી પૂરવાનો ન હતો, તેઓએ ફરસનદાસની શરમે તો થોડું, પણ સુધારાની લાજ જશે એટલા જ માટે આગળ પડીને સાહેદી પૂરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વેળા જે આપણા સાથીઓએ એકસંપી ને શરવીરપણું બતાવ્યું છે, તે નોંધી રાખવા જોગ છે. એવું જ સર્વ પ્રસંગે હોવું જોઈએ.

ટિપ્પણ અને સ્વાધ્યાય

વલ્લભમત – વલ્લભાચાર્યનો સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય. **જનાની** – કાયર, બાયલા. (ફા. સ્ત્રીઓને લગતું.) **પિતર** – પિતૃ, પૂર્વજ. **કવાયત** – (ફા.) ડ્રિલ, કેળવણી. **વહેમજવત** – વહેમરૂપી યવન (અહીં શત્રુ). **સંકર** – ભેળસેળ, મિશ્ર. **હોકા** – હોકાયંત્ર (Mariner's Compass). **કરસનદાસ** – નર્મદના સમયના એક સાહિત્યપ્રેમી ધનિક કપોળ વાણિયા. એમણે નર્મદને ઘણો ઉદાર આશ્રય આપ્યો હતો. પોતે જાતે પણ સારા લેખક અને સુધારક હતા.

૧. "સુધારનું ચિત્ત બાવળિયે" અને "ઊંટને મોઢે ઝાંખરાં" એ લોકોક્તિઓ સમજાવો અને નર્મદાશંકર સુધારા તરફ ઢીલ કરનારને શો ઠપકો આપે છે તે બતાવો.

૨. લોકો સુધારા માટે વિલંબ કરે છે તે કેવળ બહાનાં જ છે એવું લેખક શા માટે કહે છે?

૩. 'હિંદુરૂપી વહાણ દુર્દશાના દરિયામાં ખોખું માત્ર બની રહ્યું છે.' આ કથન સમજાવો.

૪. દેશનો ઉત્કર્ષ કરવા માટે લેખક શાની શાની જરૂરિયાતોનો નિર્દેશ કરે છે?

૫. નીચેનાં કથનો પૂર્વાપર સંબંધ આપી સમજાવો:
   અ. "પ્રીત જોઈ તપાસીને બાંધવી અને છેવટ સુધી નિભાવવી."
   બ. "સાથે બેસીને પાન ચાવવાં."
   ક. "એ દિન કહાં કે મિયાંકે પાઉમેં જૂતી?"
   ડ. "શીરા સારૂ શ્રાવક થવું."
   ઇ. "કમજોર ગુસ્સા બહોત."

નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

[ઈ. સ. ૧૮૩૪–૧૮૮૮]

[નર્મદ–દલપતના સમકાલીન, ગુજરાતના પ્રથમ વિવેચક અને કેળવણીકાર, નવલરામનો જન્મ સુરતની નાગર જ્ઞાતિમાં થયો હતો. ૧૮૫૩માં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો કરી તે સુરતની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે માસિક [સા. ૨૧–૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૫ રૂપિયાના પગારે નિમાયા. પાછળથી કેળવણીખાતામાં ઊંચી પાયરીએ ચઢી અમદાવાદ અને રાજકોટમાં એમણે નોકરી કરી હતી.

ગુજરાતી સાહિત્યમાં નવલરામ મુખ્યત્વે વિવેચક તરીકે ગણીતા છે. એમનું વિવેચન તટસ્થ, સમતોલ અને રસદૃષ્ટિવાળું છે. વિવેચન ઉપરાંત એમણે થોડી કવિતા, નાટક, ભાષાંતર અને નિબંધ લખ્યા છે.

એમની સર્વ કૃતિઓમાં સુધારણાની ધગશ દેખાય છે. આથી જ એમની કવિતા મુખ્યત્વે ઉપદેશાત્મક છે. એમણે ગરબીઓ અને કટાક્ષમય હાસ્યરસપ્રધાન કાવ્યો રચ્યાં છે. આ ઉપરાંત 'ભટનું ભોપાળું' (૧૮૬૭) નામક અનુવાદમાં પણ એમણે સમાજ ઉપર વિનોદમિશ્રિત કટાક્ષમાં ઠીક ફટકા માર્યા છે. 'વીરમતી નાટક' (૧૮૬૯) એ એમની ગણીતી કૃતિ છે.

આ સર્વ કરતાં નવલરામનું સ્થાન એક નિર્ભય વિવેચક અને સારા ગદ્ય-[લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે. એમની શૈલી નર્મદશૈલી જેટલી જીવંત અને સરળ નથી, પણ વિશેષાંશે શિષ્ટ, સાક્ષરી અને ગંભીર છે. નર્મદની શૈલી રૂઢ અને મસ્ત છે, નવલરામની શૈલી સંસ્કારી અને સંયમભરી છે. આથી જ યથાર્થ રીતે ગઈ સદીના ગદ્યલેખકોમાં એમનું નામ પ્રથમ હરોળમાં મુકાય છે. 'નવલગ્રંથાવલિ'માં એમની કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

(૧) 'મામેરું' એ લેખમાં નવલરામની વિવેચનપદ્ધતિનો પરિચય થાય છે. કવિ પ્રેમાનંદના સુપ્રસિદ્ધ કાવ્ય 'મામેરું' વિષેના પોતાના વિચારો નવલરામે આ લેખમાં સરળતાથી રજૂ કર્યા છે.

(૨) 'ભટનું ભોપાળું' ફ્રેંચ લેખક મોલિયેરકૃત મૂળ ફ્રેંચ નાટકના અંગ્રેજી ભાષાંતરનો ગુજરાતી અનુવાદ છે. તેમાં વસ્તુ અને પાત્રોની વિભાવના (conception) મોલિયેરનાં હોવા છતાં વાતાવરણ અને પાત્રોનું આલેખન તદ્દન મૌલિક છે. ગુજરાતી પ્રહસન (farce) સાહિત્યમાં આ નાટક આજે પણ અનન્ય ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) મામેરું

મામેરું એ ભક્તિમાર્ગનું કાવ્ય છે. એનો ઉદ્દેશ નરસિંહ મહેતાનો દૃઢ વિશ્વાસ અને ભગવાનનું ભક્તાધીનપણું દર્શાવવાનો છે. કાવ્યવસ્તુ ઘણી નાની છે: મહેતાજીની પુત્રી કુંવરબાઈનું અધરણી આવ્યું તે વેળા આ દેશની રીત પ્રમાણે મોસાળું તો કરવું જ જોઈએ, અને મહેતાજી પાસે તો એક કૂડી બદામ પણ સંધરામાં ક્યાંથી હોય? એ સમયે ભગવાન વાણિયાને રૂપે ભર સભામાં આવી મોસાળું કરી ગયા અને ભક્તની લાજ રાખી. જનવાર્તામાંથી આટલો પાયો લઈને તે ઉપર પ્રેમાનંદ કવિએ રસિક કાવ્ય રચ્યું છે.

ભક્તચરિત્ર ઘણું કરીને નીરસ, અને કવિતાના શોખીને કંટાળા ભરેલાં લાગે છે, પણ પ્રેમાનંદના પ્રતાપે આ વિષય તેટલો જ સરસ અને મનોહર થઈ રહ્યો છે. એ કથામાં એક રસખીજ રહેલું છે. તે આ કવીશ્વરની દૃષ્ટિએ પડ્યું, અને તેનું સિંચન કરી એણે તરત એક સુંદર વૃક્ષ બનાવી દીધું. જગત–ભગતની રીત એકખીજથી કેવળ ઊલટી છે; અને એ ઊલટાપણું કુશળ કવિના હાથમાં એક નવીન રસનું સાધન છે. જો મામેરાનું આ છેડાથી પેલા છેડા સુધી આપણે બારીક અવલોકન કરીશું તો આપણને માલૂમ પડશે કે આ ઊલટાપણાને જ વિસ્તારી વિસ્તારીને –મલાવીમલાવીને પ્રેમાનંદે આ કાવ્યમાં પ્રેમાનંદ વરસાવી મૂક્યો છે. ગ્રંથની સઘળી સંકલનાનું લક્ષ આ બીજને પ્રફુલ્લિત કરવા તરફ છે.

આ કાવ્યનો નાયક નરસિંહ મહેતો છે. એની પાત્રતા કવિએ એવી સંપૂર્ણ રીતે ચીતરી છે કે ભક્તરાજની નખશિખ મૂર્તિ કાવ્યમાં બંધાય છે. કુંવરબાઈનું રાંકડાપણું, જેની માત્ર રૂપરેખા જ પાડી છે તેમાંથી પણ, જણાઈ આવે છે. બીજું જે એમાં ચાર-પાંચ ગુણચિત્ર છે તે વિશેષ નથી, પણ અમુક વર્ગનાં છે. શ્રીરંગ મહેતો, કે જે ઘરસંસારી કામમાં સ્ત્રીનો જ દોરાયો દોરાય છે, તે હિંદુકુટુંબ અને વિશેષે કરીને નાગરકુટુંબના ઉપરીનો બરેબરો નમૂનો છે. કુંવરબાઈની વડસાસુ તે બરેબરી વડસાસુ જ છે. સાસરામાં વહુને સાસુનણંદ શી રીતે હંમેશાં મહેણાંટોણાં મારીકરે છે તેનું આમાં બરાબર ચિત્ર આપ્યું છે. નાગરી ન્યાતે ગમે તેવી સાસુ હોય પણ તે વહુને માને બોલાવે છે એ વાત પણ આ ચતુર કવિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યાનમાંથી જતી રહી હોય એમ જણાતું નથી. નાગરીઓની વાગ્વિદગ્ધતા અને નાગરોનો મજાકી સ્વભાવ આ કાવ્યમાં બરાબર વર્ણવ્યો છે.

કવિએ આ કાવ્ય ઘણા ઉમંગથી લખ્યું હોય એમ જણાય છે. એમાં સઘળે ઠેકાણે આનંદ ઊછળી રહ્યો છે, અને કવિની કલ્પનાના ઉછાળા પ્રત્યક્ષ માલૂમ પડે છે. એની કલમ ઘણી ઉતાવળથી ચાલી જાય છે; ડગલે-ડગલે કાર્યપ્રકાશ થતો જાય છે; કોઈ ઠેકાણે તે નકામું ટાહેલું કરવાને અટકતી નથી; જ્યાં જેટલું ને જેવું જોઈએ ત્યાં તેટલું ને તેવું જ ચીતરે છે; રસપ્રદેશ આવે છે ત્યાં ઊતરી પડીને યથેચ્છ રમણ કરે છે; પછી તરત જ ત્યાંથી ઊઠી પાછો પોતાનો માર્ગ પકડે છે; અને એ રીતે ઘણા જ થોડા વખતમાં પોતાનું સઘળું કાર્ય પૂરું કરે છે. ખરે, દીર્ઘસૂત્રતા જે ગુજરાતી કવિઓનો એક સાધારણ દોષ છે તે આ કાવ્યમાં બિલકુલ નથી.

કાર્યપ્રકાશ આટલી ઉતાવળથી થવાને લીધે સઘળી કથા વાંચનારની આગળ આવીને મૂર્તિમાન ઊભી રહે છે. આપણે વાંચતા નથી પણ જાણે જોઈએ છીએ એમ થાય છે, અને એક દેખાવની ઉપર બીજો દેખાવ ઝપાટાબંધ આવતો જાય છે તેથી એ કાવ્યના અંત સુધી આપણે એકચિત્ત થઈ રહીએ છીએ. આ કાવ્યનો ઘણો ભાગ દેખાવથી જ ભરેલો છે. એમાંના કેટલાએક કેવળ હાસ્યરસના અને કેટલાએક લાલિત્યના છે. જો કોઈ યુરોપના જોવો ચિતારો હોય તો એ ઉપરથી ઘણાં સરસ ચિત્રો કહાડી શકે. નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, બધી ન્યાત ભરાયેલી છે ત્યાં નરસિંહ મહેતા દશવીશ વૈરાગીઓની સાથે થાળ ગાવા મંડી જાય છે તે, પહેરામણીની વખતે વડસાસુ રિસાઈ જાય છે અને તેને ખીરોદક આપી મનાવી લાવે છે તે વગેરે કેટલાંએક તો એવાં હસામણાં ચિત્રો થાય કે જોતાંને વાર જ ખડખડ હસવું આવે. મોસાળાની વખતે ભેગી થયેલી સ્ત્રીઓનું જે વર્ણન આપ્યું છે તે ખરેખરું લાલિત્યનું આનંદમય ચિત્ર છે. એ વર્ગનાં એવાં સરસ ચિત્ર ગુજરાતી કવિતામાં થોડાં જ મળી આવશે.

એમાં હાસ્ય, શાંત, કરુણ અને અદ્‌ભુત એ રસ અનુક્રમે ઓછાવત્તા આવેલા છે. ઘણો ભાગ હાસ્ય અથવા મસ્ત આનંદનો છે. નરસિંહ મહેતાને એક રીતે કવિએ ખૂબ જ બનાવ્યા છે. તોપણ એની યુક્તિ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે એ ભક્તનું માન કોઈ રીતે પણ આપણા વિચારમાં ઓછું થતું નથી. નરસિંહ મહેતાનું મન સદા શાંતરસનું અવલંબન છે; અદ્‌ભુત વર્ણન કેટલુંએક છે પણ આસપાસના આનંદમાં તે દબાઈ જાય છે. કરુણરસ થોડો જ છે, પણ છે ત્યાં બહુ જ સરસ છે. તે છતાં કાવ્યનું સાધારણ અંગ આનંદનું જ છે; અને સીમંતના હર્ષના દિવસોમાં એને ગાવાનો જે સંપ્રદાય પડ્યો છે તે ખરેખર એક ઊંચી રસિકતાનું ચિહ્ન છે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

૧. **અધરણી**–સીમંત. **ઊલટાપણું**–વિરોધ. **મલાવીમલાવીને**–લંબાવીને; વારંવાર વર્ણવીને. **પ્રેમાનંદ**–આ શબ્દ ઉપર શ્લેષ છે. **સંકલના**–ગોઠવણ; રચના. **ગુણચિત્ર**–ગુણ દર્શાવનાર શબ્દચિત્રો; પાત્રાલેખન. **વાગ્વિદગ્ધતા**–વાણીની ચતુરાઈ. **દીર્ઘસૂત્રતા**–જરૂર વિનાનું લંબાણ કરવું તે. **લાલિત્ય**–સૌંદર્ય.

૧. 'મામેરું' કાવ્યના વસ્તુનો સાર કહો. એ કાવ્યનો ઉદ્દેશ સમજાવો.

૨. મામેરાના વસ્તુમાં કયું રસળીજ રહેલું છે? કવિએ એને કેવી રીતે ખીલવ્યું છે?

૩. 'કાર્યપ્રકાશ' એટલે શું? 'મામેરું' કાવ્યના કાર્યપ્રકાશની ખૂબી સમજાવો.

૪. 'મામેરું' કાવ્યની લોકપ્રિયતાનાં કારણો ગણાવો.

૫. તમારે ચાલેલા કોઈ એક ખંડકાવ્યનું રસદર્શન નવલરામની ઢબે કરાવો.

[પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં **આધુનિક નાટક** જેવું કાંઈ હતું જ નહિ. સંસ્કૃત સાહિત્યના અભ્યાસની ધગશ અને અંગ્રેજી સાહિત્યના પ્રચાર પછી જ ગુજરાતી નાટકનો જન્મ થયો; તે પહેલાં આપણે ત્યાં રાસલીલા કે રામલીલા અને ભવાઈ જેવી સંસ્થાઓ હતી. પણ આધુનિક નાટકના વિકાસ સાથે એને ઝાઝો સંબંધ નથી. રંગભૂમિની સ્થાપના માટે ગુજરાત કંઈક અંશે મરાઠી નાટકમંડળીઓને આભારી છે. ગુજરાતમાં આ દિશામાં કેટલાક પારસી ગૃહસ્થોના પ્રયત્નો સ્તુત્ય હતા. દાદાભાઈ ઘોળશાજીએ પણ આપણા નાટ્યસાહિત્ય અને રંગભૂમિને વિકસાવવા અથાગ મહેનત કરી હતી. પ્રથમ ગુજરાતી નાટક (લક્ષ્મી નાટક–૧૮૫૧) કવિ દલપતરામે રચ્યું. પણ નાટ્યસાહિત્યના સર્જનનું ખરું માન તો રણછોડભાઈને ઘટે છે. ઘણે અંશે નાટ્યસાહિત્યના ઉદય અને વિકાસ માટે આપણે અંગ્રેજી સાહિત્યના ઋણી છીએ. દિવસે દિવસે પાશ્ચાત્ય નાટ્યપ્રકાર આપણે ત્યાં વિશેષ પ્રચલિત થતો જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ભટનું ભોપાળું

સ્થળ : સુરત જિલ્લાનું એક ગામડું

[ચંદાનો બાપ ઝૂમખાશાહ, પૈસાના લોભે પોતાની યુવાન પુત્રી, જે આનંદલાલ સાથે પરણવા ઇચ્છે છે, તેને નથ્થુશાહ નામના ધરડા ધનિક સાથે પરણાવવા ઇચ્છે છે, અને છાની રીતે લગ્ન કરી નાખવા તે લોકો સુરત જિલ્લાના કોઈ ગામડામાં જાય છે. ચંદા આ બળાત્કારમાંથી છૂટવા મૂંગી થવાનો ઢોંગ કરે છે. નથ્થુશાહના બે નોકરો કમાલખાં અને હરિયો ગામમાં વૈદ્યની શોધ માટે જાય છે. ત્યાં ભોળાભટની પત્ની શિવકોર મળે છે. ભોળાભટ પોતાને મારે છે એટલે શિવકોર તેના પર વેર લેવા ભોળાભટની પ્રખર વૈદ્ય તરીકે ઓળખ આપે છે. કમાલખાં અને હરિયો ભોળાભટને મળે છે. પોતે વૈદ્ય નથી એમ ભોળાભટ કહે છે, પણ આ બન્ને તેને મારીને પોતે વૈદ્ય છે એમ તેની પાસે કહેવડાવે છે. ભોળાભટ પોતાના ઉપચાર શરૂ કરે છે, અને આ ધંધામાં સારી કમાણી છે માટે હવે વૈદ્યનો ધંધો જ કરવો એવા નિર્ણય પર આવે છે.]

પ્રવેશ પહેલો

(સ્થળ : ઉતારાનો ઓટલો)

હરિયો — કેમ મહારાજ, એને સારું થશે કે ?

ભોળાભટ — ભાઈ, રોગ તો મહા કપરો લાગ્યો છે. શેઠને મોઢે શું કહીએ ? પણ હું તમને ચેતવી જાઉંછ. હું તો આગળથી જાણું છું કે એ રોગ સારો થવાનો નથી. ટાકોટીકો કર્યા કરશું તો બીજા બગાડ નહિ થાય, પણ બોલતી તો જન્માંતરે પણ થવાની નથી. બીજા વૈદ્યને બોલાવશો, તો તે પૈસા ખાઈ જશે; પણ પૃથ્વીની પીઠમાં એ રોગ કાઢે એવો તો કોઈ મળવાનો નથી. વારુ, લાવ તારી નાડ જોઉં.

હરિયો — ના, મહારાજ, તમ સરખાના પૂનથી મારા નખમાં પણ રોગ નથી.

ભોળાભટ — એ તો બહુ નહારું, ભાઈ, બહુ નહારું. નખમાં રોગ નહિ હોય તો સારું નહિ. જ્યારે શરીરમાં કાંઈ રોગ હોતો નથી, ત્યારે લોહીનું જોર બહુ વધી ગયાથી મગજે ગરમી થઈ જાય છે.

નહીં રોગો નહીં અચ્છા, ચઢે લોહીશ્ચ મસ્તકે ।
ભવંતિ તે દિવાનાયાં, અતિરૂપે સીતા હરી ॥

ભાઈ કહેવત છે, 'અતિશયં વર્જિતં.' તેમ અતિશય કંઈ સારું નહિ. સીતામાં અતિશય રૂપ હતું તો રાવણ હરી ગયો. તેમ અતિશય શરીર સારું હોય તે કંઈ ઠીક નહિ; લે આ ઓસડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિયો — વાહ! વાહ! વૈદરાજ, આ તો પીવાની ખીડી છે. લાવો. હું એની તો ના નહિ કહું. એકની ગમે તો દસ આપોની.

ભોળાભટ — લોહીની ગરમીને એ તો બાળી નાખે છે. એ તો મહાગુણી છે.

હરિયો — એ જ જાતે ગરમ તે વળી ગરમીને શું બાળે? એ વાત, વૈદરાજ, મનાય એવી નથી.

ભોળાભટ — અચ્ચા, તું શું સમજે? ગરમી ગરમીને મારે.

કમાલ — હકીમજી, તુમ તો બડા રમૂજી આદમી હો. ઓ સાલા તો દેઢ સેર ખાતા હૈ. ઈસકું દવા કૈસી?

ભોળાભટ — મિયાં, તુમભી કુચ ઓસડ લો તો બોત અચ્છા. તુમકું જુલાબ ચૈયે. મેં દઉં તુમકું?

કમાલ — તુમેરા જુલાબ તુમેરી પાસહી રખો. મેં તો હકીમકુમી જુલાબ દઉં ઐસા હું. તુમકું અબી રસ્તેમે દિયા થા સો ભૂલ ગયે?

ભોળાભટ — એમ જ? ચાલો, હવે હિંયાં ઘરાક મળતાં નથી ત્યારે શું કરીએ? પરમેશ્વર, અમ વૈદલોકની ફિકર તને છે, માટે કોઈને પણ માંદું પાડતો રહેજે, કે અમારી રોજી ચાલે!

પ્રવેશ બીજો

(સ્થળ: રસ્તો)

આનંદ — (ચિડવાયેલો હાથ ફફાળતો) ધિક્કાર છે આ દુનિયાને કે જેનો પરમેશ્વર એક ફક્ત પૈસો જ છે. પૈસાને સૌ પૂજે અને સાચાને લાત મારે છે. પૈસો પરમેશ્વર છે એમાં શું ખોટું કહ્યું? એને જ જગતે લક્ષ્મીદેવી ઠેરવી છે! ધિક્કાર છે જગતની બુદ્ધિને! હું કદી તને દેવી કહેનાર નથી. ધિક્કાર છે લક્ષ્મીને! ધિક્કાર!

બકચે શું વળ્યું? (આસપાસ જોઈને) અહીંયાં બેસું કે વૈદ્ય જે તરફથી આવે તે જણાય. અરે! પણ મારે તો ઘડીએ ઘૂંટ ભરાય છે! આજનો સૂરજ આથમ્યો કે મારું નસીબ આથમ્યું! અરે! ભગવાન! આ શો જુલમ! સૌ પૈસાનું જ સગું. મારી દાદ કોઈ સાંભળતું નથી. શાબાશ, શાબાશ, ચંદા તને. તું એકલી ભરદરિયે મને વળગી રહી છે, પણ તેનાં વિકરાળ મોજાંમાંથી શી રીતે છોડાવું? મથી મથીને થાક્યો! અરે હું શું કરું? શું કરું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોળાભટ — (મનમાં બોલતો બોલતો આવે છે.) બચ્ચા, આ ધંધો તો બહુ જ સારો છે. હવે તો આપણે એ જ કરવાના. બધા વૈદ્યને કેટલું આવડે છે તે તો હું જાણું છું. ઢોંગ કરતાં આવડવો જોઈએ.

આનંદ — વૈદ્યરાજ, તમારી જ હું કચારનો વાટ જોયા કરું છું. એક તમારું કામ પડ્યું છે તે જો કૃપા કરીને —

ભોળાભટ — મારું કામ પડ્યું? (હાથ બેંચીને નાડ પકડે છે.) કેવી નાડ ચાલે છે? ભાઈ, તું આવે શરીરે બહાર કેમ નીકળ્યો? રોગ ભરપૂર ફેલાઈ ગયો છે.

આનંદ — મહારાજ, તમે ઊંધું સમજ્યા. હું કંઈ માંદો નથી.

ભોળાભટ — શું? તું માંદો નથી? તું મારા કરતાં વધારે સમજે છે કે? હું એવો છું કે માણસ જાતે નહિ જાણે કે હું માંદો છું, પણ હું જાણું તો.

આનંદ — તમારે જ્યારે રોગી જ ઠેરવવો છે તો ઠીક, પણ તેનું ઓસડ તો તમે જ્યાંથી આવો છો તે જ કમળમુખી છે.

ભોળાભટ — કેમ રે કમબખ્ત! તું મને ભાખુ બાખુ જાણે કે શું?

આનંદ — વૈદ્યરાજ, કૃપા કરીને ઘૂમ નહિ પાડો.

ભોળાભટ — (જોસથી) તારા મનમાં તું મને શું જાણે છે? ઘૂમ તો એવી પાડવાનો કે આખું ગામ સાંભળશે.

આનંદ — મહારાજ, ધીમે બોલો, ધીમે બોલો.

ભોળાભટ — વૈદ્યને તું ભાખુ જેવો ગણે છે? હમણાં હું તને બતાવી આપું છું કે તું કોણ કમબખ્ત, સસરા, હરામખોર, — (આનંદલાલ રૂપિયા આપે છે.) મહેરબાન, હું તમને નથી કહેતો, પણ દુનિયામાં કેટલાએક એવા માણસ હોય છે કે બીજાની આબરૂનો વિચાર જ કરતા નથી.

આનંદ — મહારાજ, મેં કંઈ અપરાધ કીધો હોય તો ક્ષમા કરો.

ભોળાભટ — ના રે સાહેબ, કંઈ નહિ, કંઈ નહિ. અપરાધ કેવો? વારુ, શેઠ, શો હુકમ છે?

આનંદ — મહારાજ, મારે ને એને પૂરી મહોબ્બત છે. મારે સારુ તો એ મૂંગી થઈને બેઠી છે. બિચારી રાંક, બહુ દુઃખી. એને ગમે તે ઓસડ કરશો, પણ બોલવાની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોળાભટ — કહેવત છે કની કે, 'ઊંઘતો ઓલે, પણ કંઈ જાગતો ઓલવાનો છે?' મેં તો નાડ જોઈ ત્યારથી જ ઢોંગ પકડી કાઢ્યો'તો, પણ કોણ કહે? વૈદનો ને વેશ્યાનો ધંધો બરાબર; સઘળાંનાં મન જૂદું સાચું કરીને રાખવાં પડે.

આનંદ — વૈદરાજ, તમે તો અશ્વિનીકુમાર જેવા સર્વજ્ઞ છો, પણ મારા દુઃખ તરફ કૃપાદૃષ્ટિ કરો.

ભોળાભટ — કાંધી, માગ માગ જે માગે તે આપું. હું તુષ્ટમાન થયો છઉં.

આનંદ — ત્યારે, મહારાજ, ચંદ્રા સાથે પાંચેક મિનિટ મારે વાત થાય એવું કરો.

ભોળાભટ — ઓલ તારી મતલબ શી છે? કહે, શાસ્ત્રમાં કહ્યું છે કે વૈદ્ય, ગુરુ ને રાજા આગળ પડદો રાખવો નહિ.

આનંદ — મહારાજ, મારે એટલું કહેવું છે કે સરકારમાં જઉં તો ત્યાં ખુલ્લું કહે કે મારો બાપ મને પરાણે પરણાવે છે. ત્યાં આ અરજીબરજી સઘળું તૈયાર છે, અને મૅજિસ્ટ્રેટની સવારી પણ આ ગામની પાસે જ પડી છે.

ભોળાભટ — એવા કામમાં તે સરકાર વચમાં પડે?

આનંદ — શા માટે નહિ? પીનલ કોડની કલમ બરાબર લાગુ પડે છે. પુખ્ત ઉંમરની છોકરીને મરજી ઉપરાંત પરણાવવી એમાં ને ગુલામ વેચવામાં શો ફેર?

ભોળાભટ — અરે, ઓ કામાંધ મનુષ્ય, અહીંયાં તો ગાયકવાડ સરકારનું ધર્મરાજ છે.

આનંદ — પણ એ તમારા અધર્મ રાજથી અંગ્રેજી રૈયત પર અધર્મ નહિ થાય તો.

ભોળાભટ — ભલું તારું અંગ્રેજી રાજ કે ત્યાં અરજી નોંધતાં નોંધતાં તો નથ્થુકાકા પરણી પણ બેસશે અને અધરણી પણ આવશે.

આનંદ — (માથું અફાળી) ત્યારે હું શું કરું? બધે ઠેકાણેથી હું હારીને આવ્યો છઉં. તમે મળ્યા તે પણ દુઃખ મટાડવાને બદલે વધારો છો.

ભોળાભટ — (હસીને) વૈદ તો એમ જ કરે. (વિચાર કરીને) વારુ, હું તારા અંગ્રેજ કે રંગરેજ વગર તને પરણાવી જ આપું તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ — ત્યારે તો હું તમને પરમેશ્વર પ્રમાણે જ પૂજું. કહો તે આપું, પાંચશે પોળિયા રોકડા. ખુશખબ્તી જુદી.

ભોળાભટ — પણ હું જેમ કહું તે પ્રમાણે કરવું પડશે હોં.

આનંદ — કહેશો તે કરીશ. હું જીવ જવાથી પણ ડરતો નથી. ગમે તેમ પણ ચંદા મળે છે.

ભોળાભટ — ઘેલા, જીવ ગયા પછી ચંદાને શું કરવાનો હતો? પણ વારુ, પેલો ઝૂમખાશાહ તને ઓળખે છે?

આનંદ — હા, ચાંડાળ ઓળખે છે તો ખરો.

ભોળાભટ — ફિકર નહિ, ફિકર નહિ. એમ જ જાણ કે તારું કામ થયું. ચાલ, ચાલ મારી જોડે, અને હું કહું તેમ કર.

આનંદ — તમારો આજ્ઞાંકિત સેવક તમારી પછાડી યમદ્વાર સુધી આવવાને તૈયાર છે.

ભોળાભટ — ખરેખર, ત્યાં સુધી જ જવું છે, પણ અંદર પેસવું નથી. વારુ, તું પછાડી છેટે છેટે ચાલ્યો આવ કે કોઈને વહેમ નહિ આવે.

આનંદ — ચાલો, આગળ ચાલતા થાઓ. (મનમાં) આ કોઈ વિચિત્ર માણસ મળ્યું છે. પણ મારા મનમાં એમ લાગે છે કે એનાથી જ મારું કાર્ય સિદ્ધ થશે, અગર જો કે મને તો એણે એક શબ્દ પણ કહ્યો નથી, પણ ઈશ્વરનો હાથ સદા જ અદૃશ્ય છે.

ભોળાભટ — (મનમાં ખડખડ હસી પડીને) હવે હું પૂરો વૈદ્ય થયો, કે ભાખુપણાનું પણ મળ્યું. હા! હા! હા! (હસે છે.)

પ્રવેશ ત્રીજો

(**સ્થળ**: ઝૂમખાશાહનો ઉતારો)

કમાલ — શેઠ, ઓ હકીમ આયા.

નથ્થુ — મૂઓ સાળો. મોતીની ગોળી કહીને પચાસ રૂપિયા લાઈ ગયો. પણ કંઈ ગુણ તો જણાયો નહિ. મારો જ વાંક કે મેં આપ્યા; લેનાર તો જુગતી કરે જ તો, હૂંડીનો ભાવ વત્તો લેવા સારુ હકોરજીનાથે સમ ખાઈએ છીએ, પણ સામો ધણી પક્કો હોય છે, તો તે એક પાઈ પણ કંઈ વત્તી આપે છે કે? અરર! હું જ સાળો કાચો. વરસ કૂતરાને નાખ્યાં! (ભોળાભટ આવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોળાભટ — કેમ, શેઠ, તમારું મોઢું ઊતરેલું છે? જોઉં તમારી નાડ, હાથ લાવો તો.

નથ્થુ — મારે નાડ નથી દેખાડવી. આ પચાસ રૂપિયા આપ્યા તે કરતાં કોઈ ગોરા દાક્તરને બોલાવ્યો હોત તોયે સારું. પચાસ રૂપિયા તે કંઈ કહેતાં થાય છે? કેટલાનો સર થયો?

ભોળાભટ — શેઠ, ગોરો દાક્તર, ગોરો દાક્તર શું કરો છો? તેને એક એ વૈદકશાસ્ત્રના પ્રશ્ન પૂછું, તો મારી સામો ફરીથી નહિ આવે. એક વાર હું સુરતમાં એક પારસીને ત્યાં ઓસડ કરવા ગયેલો. ત્યાં તેને ધીરજ નહિ રહી તેથી જંગલાને બોલાવ્યો. હું ત્યાં બેઠેલો ને પેલો ગોરો દાક્તર આવ્યો. પેલા પારસીએ કહ્યું કે આ અમારા ગુજરાતી વૈદ છે. તે સાંભળીને તરત તેણે ટોપી ઉતારી. મેં મારા જોડા હાથમાં લઈને સલામ કીધી. તમને માલૂમ છે? અંગ્રેજ લોકોને ખાસડાનું માન બહુ ગમે છે. પછી મેં તે દાક્તરને એક સવાલ પૂછ્યો. . . . શેઠ, તમને અંગ્રેજી આવડે છે?

નથ્થુ — ના, અમારા શા ભોગ લાગ્યા છે કે અંગ્રેજી ભણીએ?

ભોળાભટ — શેઠ, તમે શહેરમાં રહો છો, ને અંગ્રેજી નથી શીખ્યા એ તો નવાઈ છે.

નથ્થુ — અમે શેઠિયા લોકો અંગ્રેજી શીખતા જ નથી. કાગડાનું પીછું કાનમાં ખોસી અમારે નોકરી કરવા તો કંઈ જવું નથી! અમારું અંગ્રેજી ને અમારું શાસ્તર તે સાડાસાતનો પા.

ભોળાભટ — ઝૂમખાશાહ, તમને તો એનો અભ્યાસ નહિ હોય!

ઝૂમખાશાહ — ના, મહારાજ. મને તો લખતાંયે નથી આવડતું. ધારણ તોળતાં આવડી એટલે અમે બધું શીખ્યા.

ભોળાભટ — અરે! ત્યારે તમને કોઈને અંગ્રેજી નથી આવડતું?

ઝૂમખાશાહ — ના.

ભોળાભટ — ત્યારે સાંભળો, સાંભળો, મેં તેને અંગ્રેજીમાં આ પ્રશ્ન પૂછ્યો :— ટિવંકલી ટિવંકલી લિટલી ઇસ્ટાર, હાઉ આઈ વોંડર વ્હોટ યૂ આર; અપ એબોવ ધી વરલડ સો હાય, લાઇકિ એ ડાયમોંડ ઇન ધી ઇસ્કાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રશ્ન પૂછ્યો કે દાક્તર તો મારા સામું જ જોઈ રહ્યાની. મને કહે કે 'તમે તો અમ લોકો જેવું શુદ્ધ અંગ્રેજી બોલો છો! એ કોની પાસે શીખ્યા?' મેં કહ્યું કે, 'સાહેબ, અમ કાળા લોકોને તમારા જેવું અંગ્રેજી તો કહાંથી બોલતાં આવડે? પણ ઠીક છે, કામચલાઉ.' હવે, શેઠ, એનો માયનો તમે સમજ્યા? એમાં એમ પૂછ્યું કે વાલની કેવી ખાસિયત છે? ચણી ગરમી કરે કે શરદી? માંદાને કયું શાક ખવડાવ્યું હોય તો અવગુણ નહિ કરે? વાયુ કેટલા પ્રકારના છે? એ ચાર સવાલ સાંભળતાં જ, સાહેબે તો પોંચા કરડ્યા! પછી મને કહે કે, 'બૈડરાજ, તુમ તો–બડા–ખબરડાર હો. હુમેરા જેસા–મૈને–દુસરા–મૈ–બૈડ–કમુ–દેખા નહિ હૈં. અમકુ–હુમ લોકકા–ખાન પાનકી ખાશીએટકી કયા ખબર?'

ઝૂમખાશાહ — ત્યારે માળો ઓસડ કરવા શેનો આવ્યો'તો?

ભોળાભટ — એ જ પૂછવાનું છે તો. દાક્તર લોક હોશિયાર હોય છે તેની હું ના નથી કહેતો. પણ આપણા લોકોને તેની દવા માફક નહિ આવે. દાક્તર નહિ આપણા ખાનપાનમાં સમજે, કે નહિ આપણા શરીરની ખાસિયત જાણે. દાક્તરને એટલું જ પૂછજોની, દૂધી ને ચણાની દાળનું શાક કેમ થાય છે? તરત કહેશે કે મને નથી માલૂમ. તારે સાળો ઓસડ શું કરવાનો? આપનું તોરડું? પણ આપણા લોક એવા એવકૂફ છે કે હાથે કરીને તેની પાસે મરવાને જાય છે.

નથ્થુ — એ તો ખરું. દાક્તર લોકો તો એવા નિર્દય હોય છે કે પાંચ દસ દહાડા દવા કરે, ને સારું નહિ થાય તો પલાસ્તર મારીને ટપ મારી નાખે!

ભોળાભટ — પછી મેં દાક્તરને કહ્યું કે, તમે અમારાં ખાનપાનમાં નથી સમજતા તો ચાલ્યું, પણ પેટમાં દુખતું હોય ત્યારે નાડ કેમ ચાલે તે તો કહો. ત્યારે શો જવાબ દીધો તે જાણો છો કે? કહે કે, 'અમ લોકકું–નારિકી–સમજ નહિ.'

નથ્થુ — હા રે! પેટમાં ગોદા મારે, 'જીભ બટૌ, જીભ બટૌ' કરે તે પછી હકીકત પૂછે. પણ આપણા વૈદની પેઠે નાડી પકડીને તમને આમ થયું છે, તેમ થયું છે – એવું તો કદી કહે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂમખાશાહ — મહારાજ, વાત જ કર્યા કરશો કે? રાત થોડી ને વેશ ઘણા.

ભોળાભટ — ઝૂમખાશાહ, ધ્યાનુવા ન માંડો. આજે સાંજે તમારા લગનની વેળાએ એને ઘોડા જેવી કરી આપવી. અમારે તો સૌની ફિકર, તે જો તમારી પેઠે રડતા ફરીએ તો મરી ન જઈએ?

ઝૂમખાશાહ — ચંદા, આમ આવ. (આવે છે.)

ભોળાભટ — (નાડ જોઈને) નાડમાં કાંઈ રોગ નથી. સારું થઈ ગયું.

નથ્થુ — શું ધૂળ સારું થયું? બોલે છે કયાં?

ભોળાભટ — હજુ નથી બોલતી? (વિચાર કરીને) ઝૂમખાશાહ, તમને કાંઈ બીજો વહેમ નથી? અંગરોગ તો હવે બાકી કાંઈ નથી જો.

ઝૂમખાશાહ — હું તો ઘરથી કહું છું કે વૈદનું કામ નથી.

ભોળાભટ — ના, હતું તો ખરું, પણ હવે વૈદનું કામ થઈ રહ્યું. વારુ, હવે થોડા ચોખા લાવ.

નથ્થુ — મહારાજ, તમને દાણા જોતાં આવડે છે?

ભોળાભટ — થોડું ઘણું. વૈદ લોકને એ વગર ચાલે નહિ તો. પણ અહીંયાં એક બ્રહ્મચારી બાવા આવ્યા છે તે તો મંત્રશાસ્ત્રમાં કીટ છે.

ઝૂમખાશાહ — કયાં ઊતર્યા છે?

ભોળાભટ — તમારે ગમે તો તેને બોલાવો. મને કાંઈ રીસ નથી.

નથ્થુ — ના, ના, વૈદરાજ, એકથી ભલા બે. તમારું પરઢેલું તો તમને આપીશું. તમે પહેલા ને પછી તે. કહોની કયાં ઊતર્યા છે? જરા તેમનું પાણી તો જોઈએ.

ભોળાભટ — ના, ના, શેઠ, હું તો ખુશ જ એ વાતે. બોલાવો, મહાદેવના દેરામાં ઊતર્યા છે.

નથ્થુ — હરિયા, હરિયા, (આવે છે.) મહાદેવના ડેરામાં નવા ભમચારી બાવા આવ્યા છે. તેને દોડતો તેડી લાવ તો.

હરિયો — આ દોડ્યો! (દોડે છે.)

ભોળાભટ — હવે મંડપનો સામાન લાવો કે માંડતા થઈએ.

નથ્થુ — કહો તે કમાલ આણી આપે. બોલો.

ભોળાભટ — (કમાલને) એક મોટો પાટલો લાવ, ચાર શેરેક ચોખા લાવ. પાંચ નાળિયેર, વીસ સોપારી, પઈનું કંકુ, પઈનું સિંદૂર, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કોરું ધોતિયું લાવ. શેઠ, તમે વીસ પૈસા કાઢો ને પંચાયત દેવના આગળ મૂકવાને એકેકો રૂપિયો.

નથ્થુ — મહારાજ, રૂપિયાની જગો પર બેઆની મેલીશું તો ચાલશે કની?

ભોળાભટ — ના રે, એ તો સ્ત્રીજાતિ થઈ. રૂપિયો એ તો મરદનું નામ.

નથ્થુ — ત્યારે અડધો, અડધો.

ભોળાભટ — અરે! એ શું શુકનમાં બોલ્યા? અડધે તો અડધું કામ થાય.

નથ્થુ — લો, એ તો કમાલ લાવ્યો. હવે કાંઈ બીજું?

ભોળાભટ — ના, હમણાં તો કાંઈ નહિ. તે તો ઉપચાર વેળા. (પાટલા પર ચોખાની ઢગલીઓ હારબંધ કરીને મૂકે છે. તે ઉપર પૈસો ને સોપારી મૂકે છે, અને ચાર ખૂણે મોટી ઢગલી પર નાળિયેર મૂકે છે.) વચમાં કળશ તો ભૂલી જ ગયા. અજવાળીને ચોખ્ખું પાણી ભરી એક કળસિયો લાવ તો. ઉપર લોટી પણ લેતો આવજે, (લાવે છે. તેને વચમાં મૂકી ઉપર ધોતિયું ઓરાઢે છે.) એક આરતી ને એક અગરબત્તી, થોડું કપૂર. પરસાદને સારુ કંઈ ફળફળાદિ, ને શેઠ, દક્ષણા.

નથ્થુ — શું આપું?

ભોળાભટ — યથાશક્તિ, પણ રૂપાનાણું જોઈએ. (પૂજન કરીને મોટો ઘાંટો પાડી આરતી ઉતારે છે.) ચંદા, તું આમ સામી બેસ. એનું જન્મનામ ચંદા જ છે કે બીજું?

ઝૂમખાશાહ — મહારાજ, એ જ.

ભોળાભટ — ચંદા, આ ચપટી ચોખા તારા હાથમાં લે, ને આ વચલા કળશ સામું જોયા કર. (મંડપની આસપાસ એક પ્રદક્ષિણા કરી મંત્ર ભણતો હોય તેમ ચંદાના કાનમાં) હું તારા ભલામાં છઉં. તારો બાપ જખ મારે છે. (મોટેથી) છૂ! (બીજી પ્રદક્ષિણા કરી) ગભરાતી નહિ, ચમકતી નહિ. હું તને આજે આનંદરાય સાથે મેળવું છું. (મોટેથી) છૂ! છૂ! (ત્રીજી પ્રદક્ષિણા કરી) આજે હમણાં બ્રહ્મચારીને વેશે આવે છે. તું છાની રહેજે, ને હું કહું તેમ કરજે (મોટેથી) છૂ! છૂ! છૂ!

હવે એ ચોખા આ પાટલા પર મેલ. શેઠ, હવે બ્રહ્મચારી બાવા આવે એટલી વાર.

ઝૂમખાશાહ — વૈદરાજ, એ હોશિયાર છે ખરા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ભોળાભટ — છે, છે, તે તમે જોશો, તમારી મરજી થઈ તો તેમ. મારે તો એની સાથે એ ઘડીનું ઓળખાણ છે, પણ એટલામાં મારી નજરમાં ઊતર્યા. સ્વભાવ શું ગંભીર છે જો! હું જેમ લવારો કર્યો જાઉં તેમ તે કરે એવા નથી. કોઈ મહા તપસ્વી છે. ઝાઝું તમારે એને પૂછ પૂછ નહિ કરવું. પૈસાને તો એ અડકતા જ નથી, પછી એમને કોઈની શી નિસ્બત?

હરિયો — આવ્યા, વૈદ્યરાજ, તમારું નામ દીધું ત્યારે કેમ કેમ કરતાં આવ્યા.

(આનંદરાય બ્રહ્મચારીને વેશે આવે છે.)

નથ્થુ — પધારો, મહારાજ. (પગે લાગે છે.)

ભોળાભટ — બ્રહ્મચારી આવો, બહુ કૃપા કીધી. જરા તમારું અહીંયાં કામ પડ્યું છે.

આનંદ — અચ્છા!

ભોળાભટ (આનંદરાયના કાનમાં) બધો પાઠ બરાબર ગોખી મૂક્યો છે કે?

આનંદ — બોલે બોલ.

ભોળાભટ — તે એ ઝાઝું બોલવું નહિ. (મોટેથી) મહારાજ, તે આ આઈ.

આનંદ — (ચંદા તરફ જોઈને) અબલા, સબ અચ્છા હોયગા. ફિકર મત રખ.

ભોળાભટ — મહારાજ, આ ચોખા છે તે જુઓ.

આનંદ — વૈદ્યરાજ, તુમ દેખો, મેં એહા હું.

ભોળાભટ — ના, ના, મહારાજ, તમે જ જુઓ.

આનંદ — ના-હાકી બાત હમેરી પાસ નહિ. તુમ દેખો, કુચ ચૂક હોઈગી તો મેં કહુંગા.

ભોળાભટ — મહારાજ, તમારા પ્રતાપથી ચૂક તો નહિ પડે, જુઓ, (પેલા ચોખાને હાથમાં ન્યાળીને જોય છે.) અહો, આ તો પિશાચ ને પિશાચણી વળગ્યાં છે! કેમ, મહારાજ?

આનંદ — (ડોકું ધુણાવી) સચ.

ભોળાભટ — ચંદા, તું પંદર વીસ દહાડા ઉપર આમલીના ઝાડ તળે બેઠી'તી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રા — (ઇશારતથી હા કહે છે.)

ઝૂમખાશાહ — અમારા વાડામાં જ છેની.

ભોળાભટ — સૂરજ ઊગવાની તૈયારી હતી, કેમ ?

ચંદ્રા — (ઇશારતથી હા કહે છે.)

ભોળાભટ — તે ઝાડ ઉપર એક કાગડો ને કાગડી હતાં ?

ચંદ્રા — (ઇશારતથી હા કહે છે.)

ભોળાભટ — તારો ચોટલો છૂટો હતો ?

ચંદ્રા — (ઇશારતથી ના કહે છે.)

ભોળાભટ — તને તે યાદ નથી. તારી એક લટ છૂટી હતી. એ કાગડો ને કાગડી તે પિશાચ ને પિશાચણી હતાં. તેમને તેં કાંકરો મારી ઉડાડી મૂકયાં'તાં ?

ચંદ્રા — (ઇશારતથી હા કહે છે.)

ભોળાભટ — શેઠ, તે દહાડાનું એ વળગણ છે. તે બન્ને ક્રીડા કરતાં હતાં, તેમાં એણે ભંગ પડાવ્યો, તેથી કોપાયમાન થઈને વળગ્યાં છે. ઝૂમખાશાહ, તમે આ લગનની વાત કાઢી તે દહાડાથી જ એ મૂંગી થઈ છે કેની ?

ઝૂમખાશાહ — હા, મહારાજ.

ભોળાભટ — તેની ક્રીડામાં ભંગ પડાવ્યો તે કેમ એને ક્રીડા કરવા દે ? બ્રહ્મચારી બાવા, હવે શિવપ્રયોગ ચલાવીએ, કેમ ? એ ત્રણ દહાડાનું કામ છે.

નથ્થુ — હમણાં ને હમણાં બોલતી કરો ત્યારે ખરી વાત.

ઝૂમખાશાહ — આજ સાંજનું મુરત જ્યમ તે !

આનંદ — શિવપ્રયોગકા કયા કામ હૈ ? એક રાગ સુનાયા કે હો રહી !

ભોળાભટ — હા. રાગપ્રયોગ તાત્કાલિક તો ખરા, પણ હાલ તે કોને આવડે છે ? તેમ સતયુગમાં થતું.

આનંદ — વૈદરાજ, ભલાભલી પૃથ્વી હૈ !

ઝૂમખાશાહ —હા, હા, તે જ કરો.

નથ્થુ — બ્રહ્મચારી બાવા, તે જ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોળાભટ — ચલો. ત્યારે આજે એક નવી વિદ્યા શીખશું. મહારાજ, એ પ્રયોગ અહીંયાં જ થશે કે?

આનંદ — યહાં તો શિર પર છપરા હૈ.

ભોળાભટ — ત્યારે આ પછાડી મોટો બાગ છે.

આનંદ — અચ્છા.

ભોળાભટ — ત્યારે પધારો ત્યાં મહારાજ. ચંદા, તું એમની પછાડી ચાલી જા. જો કે તારો બેડો પાર છે. હરિયા, દોડતો બાગના ખૂણામાં બે ખુરસી મૂકી આવ.

ઝૂમખાશાહ — ચલોને આપણે જોઈએ તો ખરા.

ભોળાભટ — ખબરદાર! એનો એક અક્ષર જેના કાનમાં પડ્યો તે હાથથી જ ગયો એમ જાણજો. અહીંયાં ઊભા ઊભા જોવું હોય તો જોયા કરો.

(ચંદા ને આનંદરાય બાગમાં જાય છે.)

ભોળાભટ — શેઠ, મંત્ર તે શું છે? રાગ. રાગ. બીજું કંઈ નહિ; પણ હાલના સમામાં ફક્ત રાગથી કામ કરવું એ અઘરી વાત છે.

ઝૂમખાશાહ — આ બ્રમચારી બોલતી કરશે?

ભોળાભટ — ભાઈ, તે તો પરમેશ્વર જાણે. તમે બોલાવ્યા છે તે હવે કરે તે જુઓ.

નથ્થુ — એમ ન બોલો. એની સાથે અમે કંઈ બોલચાલ કીધી છે?! પરહ્યું છે તે ને બીજું જે અમારે આપવું હશે તે અમે તમને આપીશું કે એને?

ભોળાભટ — તે તો ઠીક જ તો. વૈદના પૈસા ભંગાય, ભૂવાના ભંગાય નહિ તો. નહિ આપો તો અમે પાછું તમારું ભૂત તમારે ત્યાં ન મોકલીએ?

નથ્થુ — ત્યારે કહો કે મારે બોલતી કરવી.

ભોળાભટ — તે હું કાંઈ ચૂકવાનો છું? આ તો જોઈએ છઈએ કે નવા આવેલા છે તે તેમાં કેટલું પાણી છે. જુઓ તો ખરા, એમના મોં તરફ? શું રાગમાં લેલીન થઈ ગયા છે?

(ગઝલ)

આનંદ — ખરી ટેકી તું તો પ્રેમદા, પ્યારી **ચંદા**! પ્યારી તું સદા,
ભમું પૂઠે ચકોરો હું, પલક એકે નહિ ખાઉં;
કીધો ખૂબ ખેલ! તને શાબાશ! બ્રશિક જંગે થયો હું દાસ,
પણ સુંદરી! સહેવાં શીદ દુઃખ? ધરી હિંમત કહી દે મુખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધું દર્દ તે પ્રીતિ પેચે, ટળે તે તો ત્રિયા સહેજે,
મને દર્દ જે પીડે આઠ જામ, તેને ટાળે એવો કોણ રામ ?
નથી કો તબીબ નથી ઇલ્લમી, ઢૂંઢી થાકયો ! વસી દિલગમી,
મારી તું તબીબ રે, તું ઇલ્લમી, દવા દે પરી ! કહું છું નમી.

ઝૂમખાશાહ — હમણાં તો શાંત બ્રહ્મ જેવા દેખાતા'તા ને આમ કેમ ?

ચંદા — (એકદમ બેઠી હતી ત્યાંથી ઊઠીને) ગભરાશો નહિ, હું હવે એ પાપી બાપના માથામાં મારીને તમારી સાથે પરણું છું.

નથ્થુ — ઓ ! એના હોઠ હાલતા દેખાય છે.

આનંદ — હમણાં છાની રહે. ઘરની બહાર નીકળ્યા પછી.

ચંદા — શા માટે દગો રાખીએ ? ચલો ચાહન ચાલ્યાં જઈએ.

ભોળાભટ — (મનમાં) મોંકાણ મંડાઈ !

ચંદા — (બધાં બેઠાં છે ત્યાં આવીને) હું તો એની સાથે જઉં છું. શું કહો છો ?

આનંદ — (જુસ્સાથી) આવો જેની તાગાદ હોય તે મારી સામા. (ચંદાનો હાથ પકડી) ચાલ, પ્યારી, મારી જોડે. મારી સ્ત્રીને મારી પાસેથી દૂર કરવાને કોણ સમર્થ છે ?

ઝૂમખાશાહ — રાંડ, શું લવે છે ? કોની સાથે જાય છે ? (પછાડી મારવા દોડે છે.)

આનંદ — ઊભો રહે ... ! (ઝૂમખાશાહને મારે છે.)

ભોળાભટ — (મનમાં) બાજી ગઈ હાથથી ! મૂરખને ભરોસે હું ફજેત થયો ને માર્યો જવાનો, જરા ધીરજ ન રખાઈ ! કંઈ ઉપાય ?

નથ્થુ — વૈદરાજ, આ શું ? કમાલિયા, પકડ તો એ ભમચારીને.

ભોળાભટ — (હાથમાંથી એક લીંબુ આનંદરાય તરફ ફેંકે છે; પાણીની એક અંજલિ છાંટી) હનુમાનવીરની આણ કે તું બોલે તો... છૂ ! છૂ ! છૂ ! (જઈને કાનમાં) કેમ અધીરો થઈ ગયો ? રહે છાનો, નહિ તો માર્યો જઈશ, અને કન્યા બળાત્કારે ડોસાને પરણાવી દેશે એનો બાપ. (મોટેથી) છૂ ! છૂ ! છૂ ! (ચંદાના કાનમાં) રહે છાની, નહિ તો પેલા મડા સાથે હમણાં પકડીને સિપાઈઓ પરણાવી જ દેશે. હમણાં રસ્તો કહાડું છું !

નથ્થુ-ઝૂમખાશાહ — (સાથે) આ શું ? આ શું ?

ભોળાભટ — શું, શું ? તમારા બ્રહ્મચારી બાવાએ મોંકાણ માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિશાચણી ચંદામાં રહી ને પિશાચ આવીને એને જ વળગ્યો. સ્ત્રી–પુરુષના બંને ભાવ કરે છે તે જોયા કની?

આનંદ — (ભોળાભટને પગે લાગી) મહારાજ, અબ કુચ ઉપાય? મેં તો હૈરાન હો ગયા.

ભોળાભટ — સાંસતા પડો, મહારાજ, સાંસતા પડો. મેં ના નહોતી કહી કે એ પ્રયોગ નહિ ચાલે?

નથ્થુ — કાંઈ કરો, મહારાજ, કાંઈ કરો.

ભોળાભટ — હાજરહજૂર, અંબિકા માત, સેવકની લાજ રાખે તું આજ. જયજય બિરદાલી, પાવાગઢવાલી, સહાય કર માડી, હૂંફ છે તારી. બેઠી તું, જાય છે નોક. આવ, આવ, બે ચંડી, ઝટ! (એમ કહીને મોમાંથી કોડિયું, બે લીંબુ ને નાડાછડી કાઢે છે. લીંબુમાં સિંદૂર ભરીને ઉપર કાજળ ચોપડી મંત્રે છે.) જુઓ, આ લીંબુ કેવું ઊછળે છે? જમણાની પછાડી બ્રહ્મચારી, તું ચાલ્યો જા; અને ડાબાની પછાડી, ચંદા, તું. એ જ્યાં લગી જાય ત્યાં લગી એની પછાડી ચાલ્યાં જજો. પાછું ફરીને જોતાં નહિ. મોંએ બોલતાં નહિ. આ નાડાછડી હાથમાંની હાથમાં રહેવા દેજો. છોડી કે માર્યાં જ ગયાં જાણજો. મસાણકાંઠે એ બંને લીંબુ અટકશે. ત્યારે બ્રહ્મચારી બાવા, તમે જજો. સાવચેત થયા કે તરત પલાયનમંત્ર ભણીને માંગલ્ય કાર્ય આરંભજો. અધરામૃતનું પાણી પીજો, અને ભોળાભટનું ભજન કરજો. જજો! વાર લાગે છે. આપણામાંથી રખે કોઈ એમની તરફ જોતાં. (મેશના ચાંલ્લા નથ્થુકાકાને તથા ઝૂમખાશાહને કરે છે.) આવો, હું રક્ષા કરું. જજો, બ્રહ્મચારી બાવા, તમને જશ છે, અને તમારા શત્રુનાં મોં કાળાં છે (ચંદા અને આનંદરાય જાય છે.)

ઝૂમખાશાહ — કયારે પાછાં આવશે?

ભોળાભટ — અડધા કલાકમાં. જજો, તમે તમારે હવે લગ્નનો આરંભ કરવા માંડો. પાછલો પહોર તો થવા આવ્યો છે ને સાંજે મુરત છે.

નથ્થુ — હવે એ બોલશે ખરી?

ભોળાભટ — સાંભળ્યું કે નહિ? એ તો જરા પેલા મૂર્ખાએ ઓડને ઠેકાણે ચોડ વેતર્યું તેને લીધે આટલી પંચાત પડી. હવે મારું પરહ્યું આપશો કે નહિ?

નથ્થુ — ધનામ સાથે. ચાલો, મારે ઉતારે. (બધા બહાર જાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

ટાકોટીકો–દેવાદોરો. **અતિશયં વર્જિતં**–अति सर्वत्र वर्जयेत्. સર્વ વસ્તુમાં અતિશયતાનો હંમેશાં ત્યાગ કરવો જોઈએ. ભોળાભટ્ટનું સંસ્કૃત જ્ઞાન ઊઠાં સુધીનું છે તે ઉપરના શ્લોક પરથી પણ જણાઈ આવશે. અજ્ઞાનીઓને આંજી નાખવાની, બનાવવાની શક્તિ તો તેનામાં છે જ. **મેં તો...ઐસા હું**–ભોળાભટ્ટને વૈદ્ય બનાવવા માટે કમાલખાં અને હરિયાએ એને માર્યો હતો, તે વાતનો અહીં ઉલ્લેખ છે. **ભાખુ**–ઢોંગી, ઉઠાઉગીર, દલાલ. **મહોબત**–પ્રેમ. **અશ્વિનીકુમાર**–દેવોના વૈદ્ય. બન્ને દેખાવે સુંદર છે. **પીનલકોડ**–શિક્ષા કરવાનો સરકારી કાયદો. **પોળિયા**–રૂપિયા. **ખુશખબ્તી**–[(ફા.) ખુશ+વક્તિ (અરબી) = ખુશ થવાનો સમય] અહીં ઇનામના અર્થમાં. **મોતીની ગોળી**–મોતીની ભસ્મમાંથી બનાવેલી, એટલે કીમતી. **વરસ...નાખ્યાં**–બેવકૂફ બન્યો. **જંગલાને**–યુરોપિયનો માટે આ શબ્દ તિરસ્કાર સૂચવવા વપરાતો હતો. **કાગડાનું પીછું**–પહેલાં પીછાની કલમ થતી હતી, એટલે કલમ. **સાડાસાતનો પા**–એક જાતના આંક. (અહીં ગણિત, હિસાબ, એ અર્થમાં). **તોરડું**–કપાળ. (?) અંગ્રેજલોકની રહેણીકરણીનું તે સમયમાં પ્રજાને કેટલું ઓછું જ્ઞાન હતું, તથા તે લોકો માટે કેવા વહેમ હતા તેનું અહીં લેખકે ઠીક ઠીક દર્શન કરાવ્યું છે. **સંડય**–દેવની પૂજા સમયે બાજઠ ઉપર અનાજની આકૃતિ વગેરે બનાવવામાં આવે છે તે. **પંચાયત દેવ**–ઉપાસ્ય પાંચ દેવો : ગણપતિ, દેવી, સૂર્ય, વિષ્ણુ અને મહેશ. **નિસ્બત**–(ફા.) સંબંધ. **લેલીન**–તલ્લીન. **ઇશ્ક જંગે**–પ્રેમના યુદ્ધમાં. **પેચ**–તદબીર, યુક્તિ. **ત્રિયા**–સ્ત્રી. **જામ**–પ્રહર. **તબીબ**–(ફા.) હકીમ, વૈદ્ય. **ઇલ્લમી**–(ફા.) કાબેલ, જાદુગર. **આહન**–છડેચોક, પ્રસિદ્ધ રીતે (ચાસણ). **આણ**–મનાઈ. **મડા**–બુઢ્ઢા (મડા સાથે–મડદા સાથે). **સાંસતા**–ધીમા. **પાવાગઢવાલી**–કાલિકા માતા. **પલાયનમંત્ર ભણીને**–નાસી જઈને. (અહીં ભોળાભટ્ટ પોતાની હોશિયારી બતાવે છે. પેલા શેઠિયાઓ ન સમજે, પણ આનંદરાય સમજી શકે એવા શબ્દોમાં શું કરવું તે આનંદરાયને તે કહે છે.) **ઓડને...વેતર્યું**–ઊંધું માર્યું. (દરજી લોકની ભાષામાંથી આ કહેવત ઉદ્ભવી લાગે છે.)

૧. 'ભટ્ટનું ભોપાળું' એ કૃતિ દ્વારા નવલરામ તેમના સમયના સમાજનું શી રીતે ચિત્ર રજૂ કરે છે એ સમજાવો.

૨. આ નાટકમાં તમને કયું પાત્ર વધારે ગમે છે અને તે શાથી ?

૩. પૂર્વાપર સંબંધ આપી નીચેની પંક્તિઓનું વિવરણ કરો :—
અ. 'अतिशयं सर्वं वर्जितं.' બ. 'ઊંધતો ભોલે પણ જાગતો ન ભોલે.'
ક. 'વૈદ્ય, ગુરુ ને રાજા આગળ પડદો રાખવો નહિ.' ડ. 'ઓડને ઠેકાણે ચોડ વેતરવું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. આ નાટકમાં રમૂજ સાથે લેખક સમાજ ઉપર કટાક્ષ કરે છે : તમને કયાં કયાં એવા કટાક્ષ દેખાય છે?

૫. 'બાળકને આપણે કિનાઈનની ગોળી પર સાકરનું પડ ચઢાવી આપીએ છીએ; સમાજને બોધ કડવો ન લાગે માટે નાટ્યકાર તે બોધ રમૂજ દ્વારા આપે છે.' આ વિધાન સમજાવો. સમાજ પરત્વે એ કથન કેટલે અંશે સાચું છે?

૬. તમારે આ નાટક તમારી શાળામાં ભજવવું હોય તો એ માટે કઈ કઈ જાતની તૈયારી કરશો? તખ્તાની વ્યવસ્થા જુદા જુદા પ્રવેશો માટે કેમ કરશો?

૭. તમારી જાતને ભોળાભટ કલ્પી તમારી આત્મકથા લખો.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી

[ઈ. સ. ૧૮૪૦–૧૯૦૭]



[ગુજરાતી ભાષાને સંસ્કૃતમય બનાવવા ભગીરથ પ્રયત્ન કરનાર અને જીવનપર્યંત ભાષાને અણીશુદ્ધ અને પ્રૌઢ બનાવવાનો આગ્રહ સેવનાર સ્વ. મનઃસુખરામનો જન્મ નડિયાદની વડનગરા નાગર જ્ઞાતિમાં થયો હતો. ગુજરાતી અભ્યાસ પૂરો કરી એમણે સ્વ. રણછોડભાઈ ઉદયરામ પાસે અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો હતો. એમણે થોડો વખત મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પણ અભ્યાસ કરેલો, પણ નેત્રવ્યાધિને લીધે એ અભ્યાસ છોડી પોતાના કાકા માધવરામ (સાક્ષરશ્રી ગોવર્ધનરામના પિતા)ની પેઢીમાં જોડાઈ ગયા. અહીં એમને દીવાન ગોકુળજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાલા સાથે પરિચય થયો અને એમની દ્વારા એમણે મુંબઈમાં રહી કેટલાંક દેશી રાજ્યોનું કામકાજ કરવા માંડ્યું.

સ્વ. મનઃસુખરામનાં પુસ્તકો ઉપદેશ અને જ્ઞાનથી ભરેલાં છે, અને એવા પ્રૌઢ વિષયોને અનુકૂળ ગુજરાતી ભાષા ન લાગતાં એમણે સંસ્કૃતમય ગુજરાતી ભાષામાં ગ્રંથો લખવા માંડ્યા. એમના અંગત મંડળના લેખકો ઉપર આ સંસ્કૃતમય શૈલીની અસર થયેલી. સાક્ષરશ્રી ગોવર્ધનરામ જેવા સમર્થ ગદ્યલેખક પણ એ અસરથી અલિપ્ત નહોતા રહી શક્યા, એ હકીકત એક કાળે એ શૈલી સાક્ષરવર્ગમાં કેટલી પ્રચલિત થઈ શકી હતી તેનો ખ્યાલ આપી શકશે. પણ જેમ સરવેન્ટીસે ડૉન ક્વિક્ઝોટનું નિર્દોષ પરંતુ ઉપહાસપાત્ર અને અત્યુક્તિભર્યું પાત્ર સર્જી 'શિવલરી'ની સંસ્થાનો યુરોપમાં અંત આણ્યો, તેમ સ્વ. રમણભાઈએ ભદ્રંભદ્રનું અનન્ય પાત્ર ઉત્પન્ન કરી, મનઃસુખરામની શૈલીના આગળપડતા શબ્દાડંબરનો કટાક્ષમય ઉપહાસ કરી, એને ગુજરાતમાંથી દેશવટો દીધો.

આ લેખકની શૈલી અનુકરણીય નથી. છતાં ગુજરાતી ગદ્યના વિકાસમાં — એની વિશિષ્ટતાને લીધે — એનો ફાળો ગણનાપાત્ર તો અવશ્ય છે. ગાંધીજીની સરળ અને સર્વજનભોગ્ય શૈલી આ સાથે વિરોધમાં સરખાવવા જેવી છે.]

ઉદયનું સાર્થક અને ઉન્નતેચ્છા

પ્રાણીમાત્રનું કલ્યાણ કરવાનું સાધન થવાય એ જ ઉદયનું ફળ, એ વાત સદાકાળ લક્ષમાં રાખવી જોઈએ. જે ઉદય પામેલાથી કોઈનું કલ્યાણ નથી થયું, તેનો ઉદય નિષ્ફળ છે. સૂર્યનાં કિરણોથી સ્વાભાવિક નીચ ગતિવાળા જલના કણ આ પૃથ્વી ઉપરથી ઊંચે જાય છે, અને અંતે નિર્મલ અને મિષ્ટ થઈ પાછા પૃથ્વી ઉપર વર્ષે છે અને પ્રાણીમાત્રના સુખની વૃદ્ધિ કરે છે, તેમ ઈશ્વરકૃપાથી જે પુરુષ ઉચ્ચ ઉદય પામે, તે પણ પોતાના ગુણોથી ઘણાં પ્રાણીના સુખની વૃદ્ધિ કરવા પ્રયત્ન કરે ત્યારે જ તેનો ઉચ્ચ ઉદય સાર્થક થયો એમ સમજવું. જે ઉદયથી કોઈને લાભ નથી, તે ઉદય મિથ્યા છે. લોકોનું હિત કરવું એ જ ઉદયનું સ્વરૂપ અને તત્ત્વ છે; એ સત્યતા ઉદય પામતા પુરુષોએ મનમાં સજ્જડ કરી રાખવી જોઈએ, અને આરંભથી જ લોકોપકાર પાછળ સર્વયત્ન કરવા જોઈએ. પોતાના નિમિત્તથી લોકોને સુખી થયેલા જે જુએ છે ને તેને જે આનંદ થાય છે, તેનો અનુભવ તો તેને જ છે.

આ જગતનો પદાર્થમાત્ર અસ્થિર છે, ઉદય પામનાર ક્યાં અટકશે અને ક્યારે પડશે, એ કોઈથી કહી શકાતું નથી. ચડે તે સદા પડવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માર્ગમાં છે, એક ક્ષણમાં અસ્ત થવાનો હોય છે, પણ તે ઉદય પામનાર અન્યના કળામાં આવતું નથી; માટે શાસ્ત્રમાં કહ્યું છે કે " ધર્મસ્ય ત્વરિતા ગતિઃ । "

જે કાંઈ સારું કરવાનું ધાર્યું હોય, તે તે જ ક્ષણે કરવું, કલ્યાણ કરવા જતાં જે વિપત્તિમાં આવી પડે છે, તેને તેનું અંતઃકરણ એવી સહાયતા કરે છે, કે વિપત્તિના દુઃખની તેના ઉપર બહુ અસર થતી નથી. સર્વ લોક પણ તેના ઉપર સમભાવ રાખી તેની કીર્તિ એટલી વધારે છે, કે પેલા સારું કરવા જતાં સંકટમાં આવનારના મનોરથ અંતે પૂરા થાય. માટે સારું કરતાં સંકટ આવ્યેથી પાછા હઠવું નહિ. જે ઝાડ ઉપર મીઠાં ફળ થાય છે, તે ઝાડના મૂળમાં, થડમાં, શાખામાં કે પત્રમાં તે મીઠાશ જણાતી નથી. પરંતુ તે ઝાડ પર ફળ આવે છે, ત્યારે તે ફળમાં મીઠાશ જ એકત્ર થઈ જણાઈ આવે છે, તેમ સદ્‌ગુણનો અમૃત જેવો સુસ્વાદુ પણ જેવો તેના ફળમાં છે, તેવો પ્રથમ લાગતો નથી.

ગીતિ

સીંચી જલ સત્કર્મનું, સુકલ્પવૃક્ષ જ ઉછેરી જીવતરમાં;
ધીર સદાચારી નર, મધુરતા તેની કહે છે ફળમાં.

સંપત્તિ–વિપત્તિમાં કેવી રીતે વર્તવું તે વિષે આવા આવા વિચારની કચાંથી સમજણ પડે? તોપણ સંપત્તિ–વિપત્તિમાં ઝઝકોળાયેલા પુરુષો કેવી કેવી રીતે પાર ઊતર્યા છે, એ જાણ્યાથી વિશેષ સમજણ પડવાનો અને અનુકરણ કરવાનો સંભવ છે; માટે સત્પુરુષોનાં જીવનચરિત્ર વાંચવાની બહુ અગત્ય છે. " અન્ન એવો ઓડકાર " એ યથાર્થ છે, માટે સદા ઉચ્ચ દૃષ્ટાંત જોવાં, ઉચ્ચ વિચાર કરવા, અને ઉચ્ચ મન રાખવું. આપણી રંકતા ઉપર જોઈ એમ ન સમજવું કે આપણાથી અમુક કામ નહિ થઈ શકે. ઈશ્વરકૃપા હોય છે તો તુચ્છ મનુષ્ય મહત્ કર્મ કરનાર થાય છે; માટે સદા શુભ વાસના અને ઉન્નતેચ્છા રાખવી, ને સાહસિક થઈ ઉચ્ચ અસ્તોદયના માર્ગમાં સદા સ્થિર રહેવાનો પ્રયત્ન કરવો. સદાકાળ ગતિ થાય એવો દૃઢ નિશ્ચય કરી તે ઉપર દૃષ્ટિ રાખી જગતમાં વર્તવું. અસ્તોદયથી દૂર રહેવામાં પરાક્રમ નથી, પણ તેની સાથે યુદ્ધ કરી શુદ્ધ જણાવામાં પરાક્રમ છે; માટે ઉદયની આશા રાખી ગમે તેવી અવસ્થામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઈએ તોપણ ઉત્તરોત્તર ઉચ્ચ થવાની શુભેચ્છા રાખવી, અને તેને સફલ કરવાના પ્રયત્નો કર્યા કરવા. મહત્કૃત્ય કરવાનો આધાર બાહ્ય ઉપાધિ ઉપર નથી. બહુ કરીને ઓછી ઉપાધિવાળા મનુષ્યોને પોતાના સ્વલ્પ ભારને લીધે ઉદય પામવા સારુ ઊંચે ચઢવા અધિક અનુકૂળતા હોય છે. આજ સુધીના ઇતિહાસ જોતાં પણ બાહ્યથી રંક દેખાતા મનુષ્યોથી અધિક ઉચ્ચ અને ઉપયોગી કાર્યો થયાં છે, એમ જણાય છે. વિશેષ આધાર અંતરની મહત્તા ઉપર જ છે, માટે પોતાની સામાન્ય સ્થિતિ સામું જોઈ નિરાશ થવા કોઈને પણ કારણ નથી. સર્વદા ઉન્નતેચ્છા તથા મહાશય રાખી પુરુષાર્થ સિદ્ધ કરવા પ્રયત્નો કર્યા જવા, એ જ સર્વનું કર્તવ્ય છે. હર્બર્ટ કહે છે કે —

"Pitch thy behaviour low, project high;
So shalt thou humble, and magnanimious be;
Sink not in spirit : Who aimeth at the sky
Shoots higher much than he that means a tree."

"તારો વ્યવહાર નીચો એટલે સામાન્ય રાખ; પણ તારા ઉદ્દેશ ઉચ્ચ રાખ. એમ કર્યેથી તું ઉભય-નમ્રાત્મા અને મહાત્મા થઈશ. ઉત્સાહમાં નીચે ન જઈશ: જે કોઈ આકાશમાં લક્ષ્ય કરી શસ્ત્ર મારે છે, તે બીજો કોઈ એક ઝાડના ઉપર લક્ષ્ય કરી મારે તેના કરતાં વધારે ઊંચું મારી શકે છે."

ટિપ્પણ અને સ્વાધ્યાય

'ધર્મસ્ય...ગતિઃ। ધર્મની ગતિ ત્વરિત છે; માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી. **હર્બર્ટ**–અંગ્રેજ ધાર્મિક કવિ. (૧૫૯૩–૧૬૩૩) જ્યોર્જ હર્બર્ટ.

૧. ખરો ઉદય કોને કહેવાય? ઉદયની સાર્થકતા શામાં રહેલી છે?
૨. "ધર્મસ્ય ત્વરિતા ગતિઃ" એ ઉક્તિ ઉપર આશરે દસ લીટી લખો.
૩. મનુષ્યજીવનની પ્રગતિને અર્થે ઉન્નત ઇચ્છાની કેટલે અંશે જરૂર છે? એને માટે સત્પુરુષોનાં જીવનચરિતોનું વાચન કેટલે અંશે લાભદાયી થઈ પડે છે?
૪. પુરુષાર્થ એટલે શું? 'પુરુષાર્થ' અને 'ઈશ્વરકૃપા' એ બેમાં તમને શેનું મહત્ત્વ વિશેષ લાગે છે?
૫. 'નમ્રાત્મા' અને 'મહાત્મા' થવા માટે લક્ષ્યબિંદુ કેવું રાખવું જોઈએ?
૬. "અન્ન એવો ઓડકાર" એ ઉક્તિ ટાંકી લેખક શું કહેવા માગે છે?
૭. મનઃસુખરામની લેખનશૈલી વિશે તમે શું ધારો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

[ઈ. સ. ૧૮૫૫-૧૯૦૭]

[આ મહાન વિચારક અને સામાજિક જીવનના સમર્થ વિવેચકનો જન્મ નડિયાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. તે જન્મથી જ રોગી હતા અને મરણ પર્યંત એવી દશા ભોગવેલી. એલએલ. બી.ની પરીક્ષા પસાર કરી એમણે મુંબઈમાં વકાલત શરૂ કરી. ૧૮૯૮માં એ ધંધામાંથી નિવૃત્ત થઈ એમણે સાહિત્ય અને સમાજસેવામાં મન પરોવ્યું.

અંગ્રેજી સાહિત્યના પરિચયથી ગુજરાતમાં નવલકથા-સાહિત્યનો ઉદય થયો. આ પ્રવૃત્તિને સમાજ-સુધારણાની ભાવનાથી બળ મળ્યું. પરિણામે બોધપ્રધાન સામાજિક નવલકથા-સાહિત્યનું અગત્યનું અંગ બની. એને લોકપ્રિયતા મળતાં ગુજરાતનું નવલકથા સાહિત્ય વેગથી આગળ વધ્યું. ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર'થી આ વેગને અસાધારણ ગતિ મળી. 'કરણઘેલો', 'વનરાજ ચાવડો', 'સાસુવહુની લડાઈ', એ આદ્ય નવલકથાઓથી ઘણાં પગથિયાં ઉપર ચઢી ગોવર્ધનરામે નવલકથા દ્વારા સામાજિક સુધારો કરવાનો માર્ગ પ્રથમ ગુજરાતને બતાવ્યો. જૂના અને નવા વિચારોની સુદૃઢ સંધિ કરાવી એમણે 'સરસ્વતીચંદ્ર'માં કંઈ કંઈ ઉચ્ચ આશયો ખડા કર્યા છે. એ પુસ્તકના ચાર ભાગ છે. પહેલો ભાગ નવલકથા છે, બીજો કુટુંબકથા, ત્રીજો રાજ્યકથા અને ચોથો જ્ઞાનકથા છે. આમ 'સરસ્વતી-ચંદ્ર' એક મહાન નવલકથા હોવા છતાં એમાં નવલકથાનો અંશ જોઈએ તેથી ઓછો છે. એમાં લેખકના વિચારોનું મહાન પ્રદર્શન છે. સાહિત્યસ્રષ્ટા, વિવેચક, સુધારક અને તત્ત્વચિંતક તરીકેની પોતાની સર્વદેશીય શક્તિઓનો નિષ્કર્ષ લેખકે એ ચાર ભાગોમાં આપ્યો છે. એમની મહત્તાનું માપ આ 'ગુજરાતી ગૃહજીવનનું પુરાણ' વાંચ્યે જ પામી શકાય. એ પુસ્તક દ્વારા "ગોવર્ધનરામે ગુજરાતને વિચારવંતું કર્યું." એમના વિચારની અસર સમાજજીવન ઉપર હજુ પણ ચાલુ છે. 'સરસ્વતીચંદ્ર' હજુ પણ અનન્ય ગ્રંથ તરીકે વંચાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રીના અવસાન પછી લખાયેલ 'લીલાવતી જીવનકળા', 'દયારામનો અક્ષરદેહ' અને 'સાક્ષરજીવન' એ એમના ખીજા ગદ્યગ્રંથો છે. 'સરસ્વતીચંદ્ર'માં કેટલાંક ઉચ્ચ કોટીનાં કાવ્યો વેરાયેલાં પડ્યાં છે. તે સિવાય 'સ્નેહમુદ્રા' નામે એમનો એક કાવ્યગ્રંથ પણ જાણીતો છે.

ગોવર્ધનરામની શૈલી સુંદર, પ્રૌઢ, છતાં સાદી અને અલંકારયુક્ત છે. એમની ભાષાએ ગુજરાતી ગદ્યસાહિત્યને નવું બળ આપ્યું. એનાં સારાંખોટાં અનેક અનુકરણો અત્યાર સુધી થતાં રહ્યાં છે.

નીચેનો ચરિત્રખંડ 'નવલગ્રંથાવલી'ની પ્રસ્તાવનામાંથી લીધો છે.]

નવલરામનો અંતકાળ

નવલરામનું શરીર નાની વયથી જ કંઈક રોગીલું તો હતું. જન્મમાં એચાર વાર કંઈ નહિ ને કંઈ મહારોગ થયેલા, અને તેમાંથી બચેલા; પણ રાજકોટ નોકરી થયા પછી શરીર વધારે કથળ્યું. તેમાં એમની કેટલીક ટેવો એવી હતી કે પ્રકૃતિને બગાડે; રાત્રે જાગવું, સવારે ઊંઘવું, નવ વાગ્યે દાતણ કરી લોટો ભરી પાણી પી જવું ઇત્યાદિ એવી ટેવો એમને હતી, કે જે સાધારણ રીતે શરીરને હાનિકારક ગણાય છે; પછી વૈદ્યો અને દાક્તરો જુદો અભિપ્રાય આપે તો જુદી વાત. રાજકોટ અને સુરત ગયા ત્યારે શરીર અસ્વસ્થ હતું ખરું, છતાં કોઈને ભય લાગ્યો ન હતો. પણ સુરત ગયા પછી પેટ ફૂલ્યું, અને જલોદરનો રોગ કહેવાયો; છેલ્લે દિવસે પુષ્કળ લોહી મુખથી પડ્યું. દાક્તર-વૈદ્યોએ મનુષ્યપ્રયત્ન કરી આખરે હાથ હેઠા મૂક્યા. જ્યારે નવલરામના મનમાં લાગ્યું કે હવે આજકાલમાં અંતકાળ નક્કી છે, ત્યારે પોતાના પિતાને પાસે બોલાવ્યા, અને મારા મરણ પછી મારા પુત્ર તથા સ્ત્રી સાથે અણબનાવ થતાં આ વૃદ્ધ પિતાને પરતંત્રપણું ભોગવવું ન પડે, એ હેતુથી પાંચ હજાર રૂપિયાની સરકારી નોટો રાખી મૂકી હતી, તે દુઃખી ડોસાના હાથમાં મૂકતાં ગદ્‌ગદ કંઠે કહ્યું, "પિતાજી! જે વખતે આપણા લેણામાં હાલના જેવી કેળવણીની બૂજ હતી નહિ, તેવે સમયે તમારી ટૂંકી રોજીમાંથી કરકસર કરી મને પૂરો અભ્યાસ કરાવવા ખર્ચ કર્યો, તો હું બે અક્ષર ભણ્યો, અને કંઈક વિદ્વાનમાં ખપ્યો. તેનો બદલો મારાથી વાળી શકાય એમ નથી, છતાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી આ હું તમને આપું છું, તે સ્વીકારી મને આશીર્વાદ દો, કે મારા આત્માનું કલ્યાણ થાય." આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતાંની સાથે નવલરામ હૃદયફાટ રોઈ પડ્યા, અને એમના પિતાનું હૃદય પણ ભરાઈ આવ્યું, અને તેથી સંબંધીઓએ એમને આઘા લીધા. પછી પુત્રીને બોલાવીને કહ્યું કે, "બહેન, તું ડાહી છે, તેં કદી વાંક કર્યો નથી; પણ તારી માએ મારા મંદવાડમાં મારી માવજત કરી છે તે તું સરત રાખજે અને તારા ધણીને કંઈ પણ દુઃખ થાય એવું બોલીશ કે કરીશ નહિ!" પુત્રને પણ બોલાવીને કહ્યું કે, "ભાઈ! તારે નોકરી ન કરવી પડે એટલો સંચય તો હું કરી જાઉં છું, માટે તેનો સારો ઉપયોગ કરજે; કમાવાની ઉતાવળ કરીશ નહિ; પણ પૂરું ભણી વિદ્વાન થજે અને સારી સોબતમાં રહેજે." આ પ્રમાણે મરવાની તૈયારી કરી. પણ તે દિવસે કંઈ થયું નહિ. રાત ગઈ, બીજે દિવસ ઊગ્યો, શરીર કંઈક સ્વસ્થ દેખાયું. અને સૌને કંઈક આશા પડી. બીજો દિવસ પણ ઠીક ગયો; પણ ત્રીજે દિવસે પાછી સુસ્તી લાગવા માંડી. બપોરે પાછું લોહી પડ્યું. સૌ ગભરાયાં ને દાક્તર પ્રાતઃકાળે આવ્યો હતો, છતાં બીજી વાર બોલાવ્યો. દાક્તરે કહ્યું, "બીજી વાર કેમ બોલાવ્યો?" નવલરામ કહે, "તમારી છેલ્લી મુલાકાત લેવાને વાસ્તે." દાક્તરે ધીરજ આપી; ઔષધ આપી પાછો ગયો. રાત્રિ પડી. સૂવાનો વખત થયો, એટલે "મારે શરીરે ઠીક છે," કહી બહારનાં સગાંઓને વિદાય કરી દીધાં. પછી એમના મિત્ર અને જમાઈ નરભેરામને એકાંતમાં બોલાવીને કહ્યું કે, "મારો અંતકાળ નક્કી આવ્યો છે. છેલ્લે સુધી મારું ભાન કાયમ રહેશે, અને દેવાજ્ઞા થતાં સુધી મારે શાંત રહેવાની ઇચ્છા છે. જો કોઈ પણ રોવાકૂટવાનો ગડબડાટ મારી પાસે કરશે, અથવા જરી પણ બોલશે, તો મારા ઈશ્વરસ્મરણમાં ભંગ પડશે, અને મારી આખરની વખતે મારે મારા ઈશ્વર પ્રત્યે જે ધર્મ બજાવી લેવાનો તેમાં હું ચૂકી જઈશ, માટે મારા રક્ષણને અર્થે તમારે અહીં ઊભા રહેવું — એટલું મારું છેલ્લું કામ મિત્ર ભાવે કરવું એ માગી લઉં. મારો આત્મા આ દેહ છોડી એને માર્ગે પડ્યો એવી તમારી ખાતરી થાય ત્યારે મરજી પડે તે પ્રમાણે કરજો." આ વાત નરભેરામે સ્વીકારી, અને તે પ્રમાણે કરવા ઘરમાં આજ્ઞા આપી દીધી. આ સાંભળતાં નવલરામનાં પત્ની મણિગૌરીએ તરત રોવા માંડ્યું. શરીર પરથી અલંકાર દૂર કાઢી નાખ્યા, અને પતિની શય્યા પાસે જઈ બેઠાં. બે દિવસ ઉપર વાત કરી હતી તેમ પાછી સૌની સાથે ફરી છેલવેલી વાતો કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લીધી, પોતાનો કાંઈ અપરાધ થયો હોય, તો તે માટે ક્ષમા માગી, અને સૌને પલંગ આગળ ઊભેલા જોઈ બોલ્યા કે, "કોઈને કાંઈ કહેવું છે?" સર્વની આંખમાં આંસુ આવ્યાં, અને કોઈ બોલ્યું નહિ એટલે પોતે બોલ્યા, "હવે હું પરવારી ચૂક્યો. ચલો! હવે ઈશ્વરસ્મરણ કરીએ–નરભેરામ, Now be on your guard—સચ્ચિદાનંદ! દીનબંધુ! દીનાનાથ!" આ પ્રમાણે બોલતાં બોલતાં રહી જઈ અંતરમાં પ્રાર્થના કરવા માંડી અને અંતે બોલી ઊઠ્યા કે, "આનંદ! આનંદ! આથી તે વળી બીજો કયો આનંદ? હે પ્રભુ! તું જાણે છે મેં આજ પર્યંત કાંઈ પણ એવું કામ નથી કર્યું કે હું તારી કૃપાને પાત્ર ન થાઉં; માટે ઓ પ્રભુ, આ મારો હાથ પકડ!" વળી એક બે વાર મનમાં સ્તવન કર્યું, અને પાછા આના આ શબ્દો મોઢેથી ઉચ્ચાર્યા. એ સ્તવનમાં ને સ્તવનમાં જમણો હાથ ઊંચો થયો અને પાછો પડ્યો તેની સાથે ત્રણ આંચકા આવ્યા અને દેહના બંધ છોડી છૂટનાર અદૃશ્ય થઈ ગયો. વિદેહ પતિની આજ્ઞાને અનુસરનારી મણિગૌરીએ રોવા–કૂટવાનું બંધ રાખી એ દસ દિવસ ગીતા વંચાવી. સંબંધી, મિત્રો, ઓળખનાર સર્વ સ્નેહના પ્રમાણમાં દુઃખી થયાં. મરનારના વિદ્યાર્થીઓએ ગુપ્ત અને પ્રસિદ્ધ શોક કર્યો; કવિઓના ગુણ-મધુકરની પાછળ કવિઓ કવિતામાં રોયા. વૃદ્ધ દલપતરામે કવિતા-અંગુલિ શોક–વીણા ઉપર ફેરવી. ગુજરાતી વર્તમાનપત્રો અને બીજાં પત્રોએ ખેદ સાથે આ નવો બનાવ નોંધ્યો. નવલરામ આ સંસારમાં કથાશેષ, કીર્તિશેષ, ગ્રંથશેષ થઈ ગયા. એમનું શરીર હતું ન હતું થઈ ગયું. સંવત ૧૯૪૪ના આષાઢની અમાવાસ્યા, એટલે સને ૧૮૮૮ ના ઑગસ્ટની સાતમી તારીખે મંગળવારે મધ્યરાત્રિએ આ બનાવ બન્યો.

પ્રિય વાંચનાર! નર્મદની જીવનકથા લખનારની આ જીવનકથા લખાઈ, અને થઈ પણ રહી. નવલરામ કોઈ રાજા ન હતા. એમણે કંઈ રણક્ષેત્રમાં યુદ્ધ નથી કર્યું, શાસ્ત્રની શોધ નથી કરી, ગ્રન્થકાર રૂપે યુરોપમાં પ્રસિદ્ધિ નથી મેળવી, લક્ષાધિપતિ ન હતા, અંગ્રેજ સરકારના રાજ્યના મોટા જજ ન હતા, દેશી રાજ્યના દીવાન ન હતા, અને સભાઓ ક્ષુબ્ધ કરનાર ન હતા. જો આવા આવાઓની જીવનકથા વગર બીજાની કથાને તું કૂથલી ગણતો હશે, તો આ વાંચી નિરાશ થશે; તું પૂછીશ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આ જીવનકથા કોની છે? નવલરામે શું કર્યું? આ કથામાં શો ચમત્કાર છે? અને આ કથા શા વાસ્તે લખી? વાંચનાર! જો તું મોટા માણસનાં જીવન સાંભળતાં જ તૃપ્ત થયો હોય તો સરત રાખજે કે મોટાને માથે પણ મોટા છે, અને નાના હોય તે પોતાનાથી વધારે નાના આગળ તો મોટા છે. આટલો મોટો સૂર્ય પણ જ્યારે આકાશમાં એક બિંદુ જેવો છે, ત્યારે બિંદુ જેવા ઘરના દીવા રાત્રે શા ખોટા?

મોટાં નાનાં વધુ મોટાંમાં, તો નાનાં પણ મોટાં;
વ્યોમદીપ રવિ નભબિંદુ તો, ઘરદીવડાં નહિ ખોટાં.

આપણું ગુજરાત જો, આપણા ગુજરાતીઓ જો, આપણા ગ્રન્થકારો જો, અને તને એમ નથી લાગતું કે આપણા પ્રમાણમાં નવલરામ પણ ઠીક હતા? નવલરામ જીવ્યા એટલા સમયમાં નવલરામનું કર્યું બીજા કોણે કર્યું? એના જીવન ઉપરથી બોધ અને દૃષ્ટાંત લેનાર નીકળશે, તો કેટલો લાભ થશે? એના જીવનનાં પાનાં તારી પાસે છે, તે ઉપરથી વિચારજે કે એમાંથી બોધ અને દૃષ્ટાંત લેવાનું કેટલું જડે છે.

જૂના હોલકરો વિશે કહેવાતું કે તેમનું રાજ્ય તેમના ઘોડાના પલાણ ઉપર હતું. તેમ જ નવલરામનું જીવન તેમના મગજમાં અને હૃદયમાં હતું. વાંચવું, વિચારવું અને લખવું એ ત્રણ ક્રિયાઓ સમુદ્રમાં નિરંતર પાણી ઊછળે છે, એમ તેમના જીવનમાં ઊછળતી હતી. વેદાંતના સંપ્રદાય પ્રમાણે વેદાંત તેઓ ભણ્યા ન હતા, પણ તેમના ગજ પ્રમાણે — બુદ્ધિ પ્રમાણે — જે વેદાંત સમજતા હતા, (તેને આપણે વેદાંત કહીએ કે ન કહીએ તોપણ) તે એમને શુદ્ધ રાખવાને સમર્થ હતું. એમનું મરણ, એના જેવું મરણ પામવાનો બીજાઓને અભિલાષ કરાવે એવું સુંદર હતું. ઈશ્વર અને બ્રહ્મ ઉભયનું સ્વરૂપ સ્વીકારતા; ઈશ્વરની પ્રાર્થના કરતા છતાં આત્મા, ઈશ્વર અને બ્રહ્મનું ઐક્ય માનતા; આવું છતાં પ્રવૃત્તિના ઉપાસક હતા, અને પ્રવૃત્તિ પરમાર્થે — આ દેશના કલ્યાણ અર્થે રાખતા. કેટલાક ચતુર્થાશ્રમની નિવૃત્તિને મોટી ગણે છે, પણ ગૃહસ્થાશ્રમ એ આશ્રમનો આધાર છે. જૂના વર્ણાશ્રમના પ્રધ્વંસના આ યુગમાં ચાર આશ્રમ નથી, પણ પ્રવૃત્તિ એ જ એક આશ્રમ છે. બીજા સર્વ આશ્રમોનાં નામરૂપ એમાંથી ઘડી કાઢવાં જોઈએ. ગુજરાતના વિદ્વાનો પેટ ભરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધો કરી સંતોષ માને, શાસ્ત્રને માને નહિ, અને અંગ્રેજી પુસ્તક ખરીદે નહિ તો વાંચે કયાંથી ? વાંચે નહિ તો લખે કયાંથી ? એ સહુ કરતાં નવલરામનો અહોનિશ, નિરંતર, મરણ પર્યંત કરેલો ઉદ્યમ રમ્ય અને સફળ નથી ? હાલ તો પ્રવૃત્તિ, ઉદ્યોગ એ જ ધર્મ છે, એમ આખું યુરોપ માને છે. નહિ માનનારા દેશમાં ગૃહસ્થાશ્રમનું સત્ત્વ ઉચ્છેદન પામશે, અને ગૃહસ્થાશ્રમ સાથે સર્વ આશ્રમ નિરાધાર થશે; માટે જ પ્રવૃત્તિ આ યુગનો આશ્રમ છે; સૂઈ રહીએ તોયે શરીરમાં લોહી ફરે છે, અને અત્યંત બેસી રહીએ તોયે સતત ગતિમતી પૃથ્વી અહોનિશ હજારો ગાઉ દોડચા કરે છે, તેની સાથે આપણે પણ મરજી હોય કે ન હોય તોયે ઘસડાઈએ છીએ; તે જ પ્રમાણે એ પ્રવૃત્તિના યુગમાં—પરરાજ્યમાં પ્રવૃત્તિ એ જ આશ્રમ છે, અને શાણા માણસોએ એ પ્રવૃત્તિમાં પ્રવાહપાશ રાખી તેમાં વેહિયાવાડ ન કરતાં માત્ર મનને નિવૃત્ત રાખવું. એ પ્રવૃત્તિ, એ ઉદ્યોગ આ સમાનો ધર્મ છે, અને ધર્મથી પણ મોક્ષ, કહેનારે કહ્યો છે જ.

ટિપ્પણ અને સ્વાધ્યાય

જલોદર–આ રોગથી પેટમાં પાણી ભરાય છે (જલ+ઉદર). **ગુણ-મધુકર**–મધુકર–ભમરો. ગુણને સમજનાર ભમરો. જેમ પુષ્પમાંથી ભમરો રસ લે છે ને જગતને મધરૂપે આપે છે તેમ નવલરામ કવિઓની ખૂબી સમજી જગતને આપતા. નવલરામની વિવેચનકલાનો અહીં ઉલ્લેખ છે. **મોટાં નાનાં...નહિ ખોટાં**–જે મોટાં છે તે તેનાથી વધુ મોટાંની સરખામણીમાં નાનાં છે. તે પ્રમાણે નાનાં પણ પોતાથી નાનાંની સરખામણીમાં મોટાં છે. આકાશના દીવારૂપ સૂર્ય આકાશમાં એક બિંદુ જેવો છે, તો આપણા ઘરના દીવા શા ખોટા ? **પલાણ**–ઘોડાની પીઠ ઉપર નાખવાનો સામાન (ઘોડાની પીઠ).

૧. નવલરામની શરીરસંપત્તિ અને એમની ટેવો—એ સંબંધી જે જાણતા હો તે ટૂંકમાં લખો.

૨. 'નવલરામની જીવનકથા'માં ગોવર્ધનરામે "નવલરામ કોણ ન હતા અને કોણ હતા" એ સંબંધી શો શો ઉલ્લેખ કર્યો છે, એનું સ્પષ્ટીકરણ કરો.

૩. "પ્રવૃત્તિયુગમાં—પરરાજ્યમાં પ્રવૃત્તિ એ જ આશ્રમ છે." આ કથનનું તાત્પર્ય સમજાવો. પ્રવૃત્તિ અને ઉદ્યોગ એ આજનો યુગધર્મ શા માટે ગણાય છે ?

૪. ગોવર્ધનરામની ગદ્ય શૈલી પર નોંધ લખો અને એ શૈલી ગાંધીજીની શૈલી સાથે સરખાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિલાલ નભુભાઈ દ્વિવેદી

[ઈ. સ. ૧૮૫૮-૧૮૯૮]

[અભેદમાર્ગી તત્ત્વજ્ઞાની મણિલાલનો જન્મ નડિયાદની સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ મસ્તકવિ બાલાશંકરની મૈત્રી થતાં તેમને કવિતા રચવાનો શોખ લાગેલો. છેક કિશોરાવસ્થાથી તે સાહિત્ય, ધર્મ અને સમાજવ્યવસ્થામાં ઊંડો રસ લેતા. ઈ.સ. ૧૮૭૬માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તે ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા અને ૧૮૮૧માં બી.એ.ની પરીક્ષા પસાર કરી તે જ કૉલેજમાં 'દક્ષિણા ફેલો' તરીકે નિમાયા. આ ટૂંક સમયમાં તેમણે તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યાર પછી તે નડિયાદમાં શિક્ષક તરીકે નિમાયા, અને પછી મુંબઈની મ્યુનિસિપલ નિશાળોના ડે. ઇન્સ્પેક્ટર તરીકે નિમાયા. આ પહેલાં એમણે સાહિત્યમંડળમાં સારું સ્થાન પ્રાપ્ત કરેલું. ૧૮૮૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ. ત્યાંથી તેમણે 'પ્રિયંવદા' નામે સ્ત્રી-વિષયક માસિક કાઢ્યું, જે પાછળથી 'સુદર્શન'-ના રૂપમાં ફેરવાઈ ગયું. આ અરસામાં એમણે 'રાજયોગ' નામે અંગ્રેજી ગ્રંથ લખ્યો અને છેક યુરોપ સુધી એમની કીર્તિ પહોંચી. લીટનની 'ઝેનોની' નામે નવલકથાને અનુસરી એમણે 'ગુલાબસિંહ' નામે બોધપ્રધાન તત્ત્વજ્ઞાનથી ભરેલી નવલકથા ઉદાત્ત શૈલીમાં લખી હતી. કારણવશાત્ ભાવનગરની નોકરી છોડી એમણે સાહિત્યસેવાને પોતાનું જીવનકર્તવ્ય બનાવ્યું.

તત્ત્વદર્શી ગદ્યલેખક હોવા ઉપરાંત મણિલાલ જ્ઞાની-કવિ હતા. 'આત્મનિમજ્જન'માં કવિ આંતર જીવનના તાત્ત્વિક આનંદને વ્યક્ત કરે છે. મસ્ત કવિ બાલાશંકરના નિકટ સંસર્ગથી કારસી કવિતાની છાંટ એમનાં કાવ્યો ઉપર પણ પડી અને પોતાના શિષ્ય કલાપીને એમણે એ વારસામાં દીધી. કવિ હોવા ઉપરાંત મણિલાલ સંસારસુધારક પણ હતા; પણ સાથે સાથે એ પ્રાચીન આર્યત્વના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાયતી હતા. એમને જૂના અને નવામાં વિરોધ લાગતો નહિ, પણ બન્ને અન્યોન્ય પૂરક દેખાતાં. સામાજિક, તાત્ત્વિક, ધાર્મિક લેખો ઉપરાંત એમણે વિવેચનના ક્ષેત્રમાં પણ પોતાનો ફાળો આપ્યો છે. 'ઉત્તરરામચરિત' અને 'માલતીમાધવ' એ બે અનુવાદ ઉપરાંત 'કાન્તા' નામે એક સ્વતંત્ર નાટક પણ એમણે લખ્યું છે. આમ મણિલાલની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય છે. મણિલાલની ગદ્યશૈલી પ્રૌઢ અને ગંભીર છે. સંસ્કૃતસાહિત્યના અભ્યાસને લીધે અને મનઃસુખરામ વગેરે લેખકોની અસરને લીધે ઘણી વાર એમની શૈલી સવિશેષ સંસ્કૃતમય બની જાય છે.]

(૧) ચારિત્રબળ

અનેક વિટંબણાઓથી ભરેલા આ ક્ષણભંગુર સંસારમાં શું સાર્થક છે? જે માણસો સંપત્તિમાં ને વિપત્તિમાં એકરૂપે રહ્યાં છે, તેમનાં જીવિત જ જીવિત છે; બાકી બીજા બધાનાં તો જીવિત પણ મરણ જ જાણવાં. નીચ પુરુષો નીચ રસ્તે જ બધું જુએ છે. તેમનામાં દયા, ઉદારતા, શૌર્ય કે મહાશયતાનો લેશ પણ અંશ હોતો નથી. તેઓ જે જે કરે છે, તે પણ નીચપણે જ કરે છે. દૈવયોગે તેવાં માણસ ઉચ્ચ અધિકાર પામે છે, તો સર્વને નડે છે. તેઓ જે કામ કરે છે તે પણ તેવાં જ હોય છે. મહાશયતા અને નીચતા એ ઢાંકયાં રહેતાં જ નથી. અધિકારથી તે છવાતાં નથી. એક રાજાએ એક બ્રાહ્મણ ઉપર બહુ પ્રસન્ન થઈ તેને બક્ષિસમાં માત્ર અડધો શેર લોટ ને પાશેર દાળ બાંધી આપ્યાં. પછી કાળાંતરે પરિચય વધતાં રાજાએ બ્રાહ્મણને બહુ આગ્રહથી પૂછ્યું કે તું મારા પિતાનું નામ કહે, ત્યારે તેણે કહ્યું કે તું ભટિયારાનો છોકરો છે. તે વાત પ્રસિદ્ધ ન છતાં વાસ્તવિક હતી, ને બ્રાહ્મણે રાજાના મનના વલણ ઉપરથી પારખી રાખી હતી.

न जारजातस्य ललाटशृंगं कुलप्रसूतस्य न पाणिपद्मम् ।
यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणम् ॥

શૌર્યવાન પુરુષોનું ધૈર્ય વિપત્તિમાં જ વધારે દીપે છે. સંસારમાં પ્રતિક્ષણ વિપત્તિઓ વરસાદની પેઠે પડે છે; પણ તેમાં ધીરજ રાખી શૌર્યવાળાં મનુષ્ય ડગતાં નથી. જેમ સંપત્તિથી તેમને ગર્વ નથી આવતો તેમ વિપત્તિથી તેમનું ધૈર્ય સ્ખલિત થતું નથી. જેનામાં નીચ બુદ્ધિ નથી, તે કદાપિ નીચપણું કરતા જ નથી. સુખ કે દુઃખ માણસના હાથમાં છે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, એ તો સિદ્ધ વાત છે; ત્યારે સુખમાં ફુલાઈ જવાથી પ્રાપ્ત થતી હલકાઈ, અને દુઃખમાં રડવાથી પ્રાપ્ત થતી દીનતા, એ જ માત્ર ઉભયથી વિહ્વળ થનારને પ્રાપ્ત થાય છે, ને જ્યારે એમ જ છે, ત્યારે ઉભયથી એક જ વૃત્તિ રાખી ગંભીર રહેવામાં કેટલું શૌર્ય, કેટલું ઔદાર્ય, કેટલી મહાશયતા છે! આપત્તિમાં જ ખરા ગુણની કસોટી થાય છે. માણસના દુર્ગુણોને કસી જોવા હોય, તેનામાં દુર્ગુણો છે કે નથી તેનો નિશ્ચય કરવો હોય, તો તે સંપત્તિસમયે થઈ શકે છે; પણ તેનામાં કયા ગુણો છે, તે જોવાનું તો વિપત્તિમાં જ બને છે. ચંદનના લાકડાને અમસ્તું જોવાથી તે લાકડા જેવું લાકડું જણાય છે, પણ તેને ઘસવા માંડે તો તેમાંથી સુગંધ વિના બીજું કાંઈ નીકળતું નથી. વિપત્તિમાં જ ખરા ગુણનો પ્રકાશ થાય છે, ને મહાત્માઓ ખરી વિપત્તિને વખતે જ કોઈ અપૂર્વ શૌર્ય તથા ઉદારતાનું દર્શન કરાવે છે. ઘણાક મહાપુરુષોને આ મહાનિયમ એટલે સુધી વળગેલો હોય છે કે તેમને સહેજ બીજવવામાં આવે, ત્યારે જ તેઓને મોઢેથી અપૂર્વ જ્ઞાનનો ઉદ્‌ગાર વહે છે. આવું હોવું એ કાંઈ ભૂષણ નથી; પણ તાત્પર્ય એટલું છે કે, વિપત્તિમાં પણ મહાત્માઓ કદાપિ વિલય પામતા નથી, પરંતુ સર્વદા કોઈ અપૂર્વ ગુણનું દર્શન કરાવી વિસ્મય પમાડે છે.

સંસારમાં જે માણસ સંપત્તિથી ફુલાય છે કે વિપત્તિથી દીન થાય છે તે મૂર્ખ છે. સંપત્તિ કે વિપત્તિ એ કાંઈ માણસના હાથમાં નથી; માણસના હાથમાં નિરંતર પ્રયત્ન કરવો એટલું જ છે, તો પ્રયત્ન કર્યા કરવો અને વિઘ્નથી પાછા ન હઠવું, એટલામાં જ ખરા શૌર્યનું સત્ત્વ સમાયેલું છે. પરાક્રમના બીજવાળા ઘણા પુરુષો માત્ર વિઘ્નનો ભય પામીને અમૂલ્ય જીવિત એળે ગુમાવે છે, તેઓ બાયલા છે. શૌર્યનું તાત્પર્ય જ નીડરતામાં છે. માણસની કલ્પના ઘણી વખત ભય ન હોય, ત્યાં પણ ભય ઊભો કરી માણસને ઠગે છે. પણ શૌર્ય એનું જ નામ કે, કલ્પના કરતાં નિશ્ચય કરવાની ટેવ વધારે રાખી નીડરતાથી ચાલવા માંડવું; કેળવણી આપવામાં મુખ્ય વાત એ જ લક્ષમાં રાખવાની છે કે, બાળકોને મિથ્યા ભયની કલ્પનાઓ કરવા ટેવ ન પડે.

આવું ચારિત્રનું જે પરાક્રમ શૌર્યથી પ્રકાશ પામે છે, તે પુરુષોમાં જ જણાયું છે કે જણાઈ શકે એમ માનવાનું કારણ નથી. એટલું જ સવિશેષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણમાં રાખવાની અપેક્ષા છે કે, સર્વ પુરુષો સ્ત્રીઓના જ પુત્ર છે; ને તેમનામાં જે જે પરાક્રમ છે, તે તે સ્ત્રીઓની અસરનું જ રૂપાંતર છે. સ્ત્રીઓનાં ગીત કોઈ ગાતું નથી, તેમના નામે કીર્તિસ્તંભ રોપાતા નથી, છતાં તેમની શક્તિ અગાધ, અમિત, અપાર છે ને સર્વદા ગુપ્ત છતાં માણસના જીવિતમાં નિકટ જોડાયેલી છે; પણ પ્રસિદ્ધ શૌર્યના દર્શનમાંયે સ્ત્રીઓની મૂર્તિઓ નથી એમ નથી. અનેક સતીઓએ સંપત્તિ અને વિપત્તિમાં પ્રેમનું જ અસ્ખલિત સ્વાર્પણરૂપ સેવન કરી પ્રાણાંતે પણ તેને તજ્યો નથી, એ મહાશૌર્યનો પ્રભાવ આર્ય પ્રજા વિના બીજાને અજાણ જ છે. અરે! એ જ કોમલ મૃદુ હૃદયવાળી રજપૂતાણીઓએ પ્રસંગે કવચ–આયુધ પણ ધારણ કરી શત્રુઓને ક્રુદ્ધવી નાખ્યા છે. પ્રેમબલ! અહો, શો શૌર્ય અને ઉદાર પ્રેમનો પ્રભાવ છે કે બે વિરુદ્ધ વસ્તુનો પણ એકમાં જ યોગ કરે છે; પણ જેણે કેવળ સ્વાર્પણનો જ મહામંત્ર જપવા માંડ્યો છે, તેનામાં કાંઈ અસંભવિત નથી, ને સ્ત્રીઓ તો તેમાં પ્રથમ અધિકાર ધરાવે છે. પરાર્થે સ્વસમર્પણમ્ એ જ ખરા શૌર્ય અને ખરા ચારિત્રનું લક્ષણ છે.

(૨) પ્રસન્ન પ્રકૃતિ

પ્રસન્ન પ્રકૃતિ એ યદ્યપિ સાહજિક છે, તથાપિ બીજી બધી ટેવોની પેઠે એ પણ કેળવણીથી પ્રાપ્ત કરી શકાય તેવી છે. જીવિતને સારું નરસું કરવું, એ એક રીતે આપણા પોતાના હાથમાં છે. જીવિતને નિરંતર બે પાસાં હોય છે અથવા તેમાંનું આપણને જે રુચે તે પ્રમાણે ને જોઈએ તે પ્રમાણે તેમાંથી સુખ કે દુઃખ અનુભવીએ. કહ્યું છે કે, જ્ઞાની અજ્ઞાની ઉભયને સુખ કે દુઃખ સર્વ પ્રાપ્ત થાય છે; પણ જ્ઞાની સમાધાનથી પ્રસન્ન રહે છે, ને અજ્ઞાની રડારોળ કરી ક્લેશ પામે છે: જોકે તે બંને દુઃખને અન્યથા કરવાને અસમર્થ તો સરખે પ્રકારે જ છે. જીવિતનું પણ એમ જ છે. તેમાં જે કાંઈ થાય તે અન્યથા કરવાને આપણે અસમર્થ છીએ, તોપણ નિરંતર પ્રસન્નતા રાખવી, ને સંતોષ તથા સમાધાનથી વર્તવું, કે જેનો ઉપાય નથી તેવી વાત માટે પણ અતિક્લેશથી જીવિતને દુઃખમય કરવું એ આપણા પોતાના અધિકારની વાત છે. વસ્તુમાત્રની કાળી બાજુ કરતાં ધોળી બાજુ તપાસવાની જ આપણે ટેવ પાડીએ, તો ધીમે ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્ર પ્રસન્નતાનો અનુભવ થવા માંડે. જેવી દૃષ્ટિથી વિલોકાએ તેવું બધું જણાય છે, માટે સર્વદા પ્રસન્ન દૃષ્ટિથી પ્રસન્નતા જ રહે છે.

એવા નિશ્ચયથી જીવિતના સર્વ વિભાગ પ્રકાશિત, સુંદર અને આનંદિત થાય છે; ને પથ્થરને પણ પિગળાવે છે, દુઃખને દળે છે, અજ્ઞાનને હરે છે, શોકને વિદારે છે; બુદ્ધિવિભવ એથી અધિક પ્રકાશ પામે છે, ને શરીરસૌંદર્ય પણ એનાથી ઓપે છે. એવી વૃત્તિ વિના જીવિતનો શીતલ પ્રભાવ ભોગવી શકાતો નથી. તેમાં વિકસી રહેતાં પત્રપુષ્પોનો અનુભવ લેવાતો નથી, ને આખું વિશ્વ ઉજ્જડ, નિર્જીવ, નિરર્થ, વેરાન હોય તેમ લાગે છે, તથા વિશ્વની મહત્તામાંનું કશું દેખાતું કે અનુભવાતું નથી.

પ્રસન્નતા એ જેમ સુખનું નિદાન છે, તેમ ચારિત્રનું મોટું સંરક્ષણ છે. એનાથી ભલાઈ અને સદ્‌ગુણનાં બીજને ફાલવા માટે ઉત્તમ ભૂમિકા બંધાય છે, એનાથી હૃદય વિશુદ્ધ થાય છે, વૃત્તિ પ્રસાદવાળી થાય છે; વળી દાતૃભાવની એ સખી છે, ધૈર્યની ધાત્રી છે, ને ડહાપણની માતા છે. મન અને ચારિત્ર્ય ઉભયને સુધારનારું એ ઉત્તમ ઔષધ છે; પ્રસન્નતા જેવી ઉત્તમ છે, તેવી જ ટકી શકે તેવી પણ છે. ઘણા મહાપુરુષો બહુ લાંબું જીવિત ગાળી, વૃદ્ધ વયે પણ કાર્યધુરા વહન કરવાથી ન કંટાળી, પ્રશસ્ત જીવિત ગાળી ગયા છે; તેનું નિદાન વિચારતાં તેમના સ્વભાવની પ્રસન્નતા એ જ કારણરૂપ જણાઈ છે. જેનો સ્વભાવ બહુ ઉતાવળિયો, બહુ ચીડિયો, ને તેથી બહુ અપ્રશાન્ત હોય છે, તેવો માણસ અનેક કાર્ય બગાડે છે એ તો છે જ, પણ તેના જીવિતને પણ તેથી લાભ થતો નથી. દીર્ઘજીવ મનુષ્યો સર્વદા સંતુષ્ટ, પ્રસન્ન અને ધૈર્યવાળાં જ જણાયેલાં છે. રાજ્યતંત્ર ચલાવનારા, ગ્રંથ યોજનારા, શોધ કરનારા અને હરેક મહાકાર્યમાં પડેલા સર્વ મનુષ્યો અતિ શાંત સ્વભાવના જણાયેલા છે. તેમણે મહા વ્યાધિ અને આધિમાં તેમ જ મહા સંકટ અને વિપત્તિમાં કદાપિ પોતાના હૃદયની પ્રસન્નતા તજી નથી.

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) ન જાર.....પ્રમાણમ્ – નીચા (વ્યભિચારીના) કુટુંબમાં જન્મેલાંને કપાળે શિંગડાં નથી હોતાં, ઉચ્ચ કુળમાં જન્મેલાંના હાથમાં કમળનું ચિહ્ન નથી હોતું; જ્યારે માણસ બોલે છે ત્યારે એની જાતિ અને કુળ માલૂમ પડે છે. પરાર્થે સ્વસમર્પણમ્ – પારકાને ખાતર પોતાનું સમર્પણ કરવું તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **સાહજિક**–જન્મેલું, કુદરતી, સ્વાભાવિક. **નિદાન**–કારણ. **દાતૃભાવ**–દાન કરવાની વૃત્તિ. **કાર્યધુરા**–કાર્યરૂપી ધુરા (ધૂંસરી). **અપ્રશાન્ત**–અજંપાવાળો.

૧. "यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणम्"
આ ઉક્તિ સમજાવી આ વિષય ઉપર વીસેક લીટી લખો. (૧)

૨. સંપત્તિ અને વિપત્તિ એટલે શું તે સમજાવો. એ બંને પ્રકારની સ્થિતિમાંથી મનુષ્યે કેવી રીતે પાર ઊતરવાનો પ્રયત્ન કરવો જોઈએ?

૩. આપણા દેશની વીર રમણીઓએ ચારિત્રનું શૌર્ય કેવી રીતે દાખવ્યું છે?

૪. 'પ્રસન્ન પ્રકૃતિ' એટલે શું? તે સાહજિક કે સુપ્રાપ્ય શી રીતે બને?

૫. 'પ્રસન્નતા' એ સુખનું નિદાન અને ચારિત્ર્યનું સંરક્ષણ છે, એ સમજાવો.

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ]

[નરસિંહરાવની સાહિત્યપ્રવૃત્તિ સર્વદેશીય હતી. અગ્રણી કવિ હોવા ઉપરાંત તે એક સમર્થ ગદ્યલેખક, ભાષાશાસ્ત્રી, વિવેચક અને વિચારક હતા. એમનું વિવેચન રસિક, સત્યશીલ અને નિર્ભય છે. કઠોર, કટુ અને ક્રૂર સત્ય કહેતાં પણ તે ચૂકતા નહિ. વ્યાકરણ અને વ્યુત્પત્તિશાસ્ત્રમાં પણ તેમના પ્રયાસ અને સેવા અપૂર્વ છે. 'Gujarati Language and Literature'–ના બે ગ્રંથો લખી એ પ્રખર ભાષાશાસ્ત્રી તરીકે જાણીતા થયા હતા. 'મનોમુકુર' એ એમના વિવેચનાપૂર્ણ લેખોનો સંગ્રહ છે. 'સ્મરણમુકુર'માં એમણે પોતાના અંગત પરિચયમાં આવેલી નામાંકિત વ્યક્તિઓનાં સંસ્મરણો પોતાની લાક્ષણિક શૈલીમાં આપ્યાં છે. 'વિવર્તલીલા' દ્વારા એમની ધાર્મિક માન્યતાઓનો આપણને પરિચય થાય છે. શ્રી. નરસિંહરાવ પ્રાર્થનાસમાજી હતા. હિંદુ અને ખ્રિસ્તી ધાર્મિક ભાવનાઓનો સુયોગ એમણે સાધ્યો છે. એમની ધાર્મિક માન્યતાની ઇમારત અનન્ય આશા અને અભંગ શ્રદ્ધાના પાયા ઉપર ચણાઈ છે.

શ્રી. નરસિંહરાવની શાલી સંસ્કારી અને સંયમી છે. ભાષા સંસ્કૃતમય હોવા છતાં કૃત્રિમ નથી. જે કહેવાનું હોય તે સર્વ ટૂંકમાં, સ્પષ્ટ અને અસરકારક રીતે તે કહી શકે છે. એમની અર્થઘન ગદ્યશૈલીમાં આપણે વિદ્વત્તા અને કલા, સંયમ અને સામર્થ્યનો સુદૃઢ સંયોગ થતો અનુભવીએ છીએ. ગુજરાતી ગદ્યના વિકાસમાં આ રીતે એમનો ફાળો અતિ મહત્ત્વનો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકૃતિ અને કલા

માનવ પ્રકૃતિથી સર્વત્ર વીંટાયલો રહેલો છે. એ પ્રકૃતિનું અનુકરણ કરવાની સ્વાભાવિક વૃત્તિ મનુષ્યની અસંસ્કારી અવસ્થામાં પણ પ્રગટ થયેલી માનવ ઇતિહાસથી જાણવામાં આવી છે; પછી તે અનુકૃતિ અલબત્ત સંસ્કારહીન, જંગલી, સૌંદર્યના અંશો વિનાની, ભલે હતી. પરંતુ માનવના હૃદયમાં અનુકરણ કરવાની વૃત્તિનું બીજ જૂના કાળથી દૃશ્યમાન થયું છે. સર્વ રસિક કલાઓનું દૂરતમ બીજ માનવસ્વભાવની આ વૃત્તિમાં કેટલાક જુએ છે. પરંતુ કલાને સંબંધે — રસિક કલાને સંબંધે — એ અર્ધસત્ય જ છે. કલા શબ્દ આ લેખમાં રસિક કલાના અર્થમાં જ વાપરું છું; તો તે કલાના ભિન્ન ભિન્ન પ્રકાર તપાસતાં જણાશે કે સર્વે કલામાં એક સમાન અંશ છે; કવિતા, સંગીત, ચિત્ર, શિલ્પ — સર્વ કલાઓમાં એક સમાન સૂત્ર રૂપે તત્ત્વ છે; તે કિયું? રસ; અને રસિક કલા એમ સંજ્ઞા એ સર્વે કલાઓ માટે આ કારણથી આપવામાં આવી છે. આ રસનું બીજ સૌંદર્યમાં જડે છે. સૌંદર્ય એટલે શું? એ પ્રશ્નનું અન્વેષણ અનેક ચિંતકોએ કર્યું છે; કેટલાક સૌંદર્યને વસ્તુની અવયવઘટનામાં સમપ્રમાણતામાં જુએ છે; કેટલાક વસ્તુના ભૌતિક સ્વરૂપની પેલી પાર રહેલી કોઈક અવર્ણ્ય ભાવનામાં જુએ છે; આ બંને મતનો સમન્વય કરીને ત્રીજો પક્ષ સૌંદર્યનું લક્ષણ એવું આપે છે કે અદૃશ્ય તત્ત્વને પ્રત્યક્ષ કરવાને સમર્થ સ્વાભાવિક ચિહ્નો વડે એ અદૃશ્ય તત્ત્વનો સાક્ષાત્કાર તે સૌંદર્ય. આ લક્ષણને બળે સમપ્રમાણતાના ભૌતિક અંશનો સાથેલાગો સંગ્રહ થાય છે. પરિણામ એ થાય છે કે ભાવનાવાદે સ્વીકારેલા અતિભૌતિક અંશરૂપ આત્મા જે ઘટનામાં ના હોય, તે સમપ્રમાણ હોવા છતાં નિર્જીવ, જડ, શબવત્ થવાની. કવિતા-સાહિત્યમાં આ પ્રકારની નિષ્ફળતા આપણે પગલે પગલે જોઈએ છીએ. નમૂના આપવાની જરૂર નથી, અવકાશ નથી. તેમ નમૂના આપવાથી કોમળ લાગણીઓને આઘાત થવાનો ભય રહે છે. બીજે પક્ષે કેવળ ભાવનાતત્ત્વની ઘેલી પૂજામાં તણાઈ જઈને સમપ્રમાણતાના અંશની અવગણના કરવાથી પણ ખરી સૌંદર્યઘટના પ્રગટ થનાર નથી; તેના પણ આપણા કવિતા-સાહિત્યમાં દાખલા નજરે પડે છે. સંગીતકલામાં, ચિત્રકલામાં, શિલ્પકલામાં, બંને અંશોને સમાવનારી કૃતિઓ જડે છે ત્યારે આપણને અપૂર્વ આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે; આપણા અંતરાત્માના ઊંડાણમાં રહેલા રસિકતાના તાર ઉપર અદૃશ્ય સૌન્દર્યની અનિલલહરી અથડાઈ દિવ્ય સંગીત પ્રકટ થાય છે, જે આપણે એકલા જ અનુભવી શકીએ. બીજાને એનું વર્ણન કરી બતાવાતું નથી. રસિક કલાનું ખરું સ્વરૂપ આ પ્રકારનું હોવાને લીધે પ્રકૃતિના નિર્જીવ અનુકરણમાં સૌંદર્યનું પ્રતિબિમ્બ આવી શકતું નથી. પ્રકૃતિમાં સૌંદર્યનું તત્ત્વ વ્યાપકરૂપે વસેલું છે, તેનું પ્રતિબિમ્બ ફોટોગ્રાફ વડે નહીં પણ કલાવિધાનના જાદુ વડે જ લઈ શકાય એમ છે. પ્રકૃતિ અને કલા વચ્ચે વિરોધ નથી; જડ અનુકરણ અને કલા વચ્ચે વિરોધ છે.

કલાને સંબંધે એક બીજું સ્વરૂપદર્શન છે. મનુષ્યના કલાવિધાન તરફ પ્રવૃત્તિહેતુની દૃષ્ટિથી તેની પરીક્ષા કરવાની છે. કવિતા, સંગીત, ચિત્ર ઇત્યાદિ કલાની રચનામાં માણસ પ્રવૃત્ત શા માટે થાય છે? ધનલાભ, કીર્તિઘોષણા, ઇત્યાદિ ક્ષુદ્ર વાસનાથી કલાપ્રવૃત્તિ થતી નથી. તેમ થાય તે ક્ષુદ્ર પરિણામ ઉત્પન્ન કરે. મનુષ્યના હૃદયની ઘટના જ એવી છે કે તેને કેવળ ભૌતિક વિષયોથી તૃપ્તિ થતી નથી. આ જીવનના નિત્ય વ્યવહારને અંગે ભોગવવાં પડનારાં દુઃખથી કંટાળો આવીને મનુષ્ય કોઈ છુટકારો મેળવવાને તલસે છે એટલું જ નહીં, પણ એ વ્યવહારમાં પ્રાપ્ત થતાં ભૌતિક સુખથી પણ મનુષ્ય અતૃપ્ત થાય છે; આ સ્થિતિમાં માનવહૃદય કાંઈક ઊંચે ઊડવાને મથે છે, પોતાના ભૌતિક વાતાવરણને ભેદીને કોઈ ભાવનાસૃષ્ટિના, સૌન્દર્યના, રસિકતાના, પ્રદેશમાં વિચરવાને તલપે છે. આવી હૃદયસ્થિતિમાં માનવની પ્રવૃત્તિ રસિક કલાનાં આશ્વાસનોનો, ઉલ્લાસોનો આશ્રય લે છે. અને તેવી પ્રવૃત્તિ થાય છે ત્યારે જ કલાવિધાન યદૃચ્છાપૂર્વક નહીં, પણ આપોઆપ, સ્વયંભૂ પ્રભાવથી, પ્રગટ થાય છે. આ સ્વયંભૂ કલાવિધાન માનવહૃદયના ઊંડાણમાંથી પ્રવૃત્ત થતા સૌંદર્યના તત્ત્વને શોધી લે છે, પોતાનું કરી લે છે. આ ક્રિયા જેટલે અંશે આત્મલક્ષી છે તેટલે જ અંશે કલાના ફલની દૃષ્ટિથી પરલક્ષી પણ બનવી શકય છે.

આ દૃષ્ટિથી તપાસતાં કલાનો માનવજીવન ઉપર પ્રભાવ કેવો મહાન છે તે વાતનો ખ્યાલ સહજ આવી શકશે. માનવજીવન તે દાળ ભાત રોટલી ને શાક, ઘરખટલાના વ્યવહાર, ધનોપાર્જનની તરફડ, એ પ્રવૃત્તિમાં સમાતું નથી; દેહથી પર કોક આત્મતત્ત્વ માનવપ્રાણીની સ્વરૂપઘટનામાં છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ તત્ત્વની માગણીઓ, ભૂખ, તૃપ્ત કરવાનાં સાધન આધ્યાત્મિક જ હોઈ શકે. એ સાધનો સંગીત ઇત્યાદિ દિવ્ય કલાઓ પૂરાં પાડે છે. માટે જ એ કલાનો ખરો મહિમા છે. માનવની આધ્યાત્મિક ભાવનાઓનો વિસ્તાર જીવનમાં જેટલે દરજ્જે વધારે તેટલે દરજ્જે તેની ઉન્નતિ વધારે; વ્યક્તિની તેમ જ સમસ્ત પ્રજાની.

આ પૃથ્વી ઉપર એવી આધ્યાત્મિક ભાવનાઓની પરાકાષ્ઠા ધર્મ, તત્ત્વદર્શન, ઇત્યાદિ દ્વારા સિદ્ધ કરાય છે. એક સમય એવો હતો કે એ ભાવનાઓ વડે આ ભરતખંડની પ્રજા બધી પ્રજાઓમાં સર્વોપરી હતી. હાલ? પ્રશ્નનો ઉત્તર શું કામ આપું? પશ્ચિમ ગોળાર્ધમાં ઉચ્ચ ભાવનાઓનો ઉદય નથી થયો એમ નથી. પરંતુ આ સૈકા દોઢ સૈકામાં એ ઉચ્ચ ભાવનાઓના પ્રાબલ્યને દાબી દેનારી ક્ષુદ્ર વાસનાઓનું બળ વધી જઈ, છેવટે જર્મની જોડેના મહાવિગ્રહમાં પરિણામ દુઃખમય આવ્યું, અને એ વિગ્રહ કરતાં પણ વિશેષ દુઃખમય તે પછીના શાંતિ માટેના પ્રયાસોની નિષ્ફળતા તે સ્થિતિ છે. આવી હાલતમાં આપણી ભારતભૂમિ તરફ ઉચ્ચ આધ્યાત્મિક ભાવનાઓના જ્યોતિનો પ્રવાહ પ્રગટ થઈ ફેલાવાની અપેક્ષા પશ્ચિમની પ્રજાઓ રાખે છે એમ કેટલાક ચિંતકોનું કહેવું છે. આપણે એ મહાન જગત્સેવા કરી શકીશું? કરી શકીશું — જો એ ઉચ્ચ ભાવનાઓને ઊતરતી ભાવનાઓની સાથે ભેળવી નહિ દઈએ તો.

જરાક વિષયાન્તરતાનો આભાસ થશે. તો પાછો કલા તરફ વળું. કલાનો પાયો જે સૌન્દર્યની ભાવનામાં છે તે અતિભૌતિક, આધ્યાત્મિક, ભાવનાના આદિઝરણમાંથી જ વહે છે, તેથી જ એ મૂળ ભાવનાઓનું સ્મરણ કરવું પડ્યું. જેવી રીતે એ મૂળ ભાવના, ધાર્મિક ભાવના, સાંસારિક ભાવનાની જોડે જોડવાથી ભ્રષ્ટ થવાનો ભય છે, તે જ રીતે કલાની રસભાવનાને માનવજીવનના ક્ષુદ્ર વ્યવહાર સાથે ભેળવવાથી, તેવા વ્યવહારની સેવા કલા કને કરાવવાથી, કલાનું દિવ્ય સ્વરૂપ ભ્રષ્ટ થઈ જાય છે, એ વાતનું સ્મરણ કરાવવું અસ્થાને નથી. કવિતા, સંગીત, ચિત્ર એ કલાઓનો દુરુપયોગ માનવની ક્ષુદ્ર વાસનાઓ, સંકુચિત ઉલ્લાસવિલાસો, ઇત્યાદિના પોષણ માટે કરીને આપણે એ દિવ્ય સુન્દરીઓને જે અધમ સ્થાનમાં પાડી દઈએ છીએ તે પાપનું પ્રાયશ્ચિત્ત શું તે શુભ રસિકોની રસિકવૃત્તિને જ પૂછીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

અન્વેષણ–તપાસ, શોધ. **સમપ્રમાણતા**–જેમાં (અવયવોનું–અંગ-ઉપાંગોનું) માપ એકબીજા સાથે મેળવાળું હોય એવું લક્ષણ. **ભૌતિક**–પાર્થિવ; સ્થૂલ; ઇંદ્રિયો વડે ઓળખાય એવો. **અતિભૌતિક**–ભૌતિકથી પર; સૂક્ષ્મ; દૈવી. **સમન્વય**–મેળ; પરસ્પર સંબંધ.

૧. 'રસિક કલાઓ' એટલે શું? એ કલાઓ ગણાવો.
૨. સર્વ રસિક કલાઓનું દૂરતમ બીજ શેમાં રહેલું મનાય છે? નરસિંહરાવ એ વિષે શું માને છે?
૩. સૌંદર્ય એટલે શું? નરસિંહરાવે કરેલી ચર્ચા મુદ્દાસર સમજાવો.
૪. "પ્રકૃતિ અને કલા વચ્ચે વિરોધ નથી; જડ અનુકરણ અને કલા વચ્ચે વિરોધ છે." આ વિધાન વિસ્તારથી સમજાવો.
૫. "કલાનો પ્રવૃત્તિહેતુ"—એ વિષે નરસિંહરાવનો મત જણાવો.
૬. વિષયાન્તર એટલે શું? આ લેખમાં થયેલું વિષયાન્તર દર્શાવો.
૭. કલાના ઉપયોગ વિષે લેખકનો અભિપ્રાય જણાવો.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

[ઈ. સ. ૧૮૫૯–૧૯૩૮]

[સાક્ષરશ્રી કેશવલાલનો જન્મ જૂના ગાયકવાડી રાજ્યના બહિયેલ ગામમાં ૧૮૫૯માં થયો હતો. જ્ઞાતિએ તે સાઠોદરા નાગર હતા. 'ચંદ્ર' પત્રના વિદ્વાન તંત્રી સ્વ. હરિલાલ ધ્રુવ એમના મોટા ભાઈ થાય. શ્રી. કેશવલાલભાઈની સર્વ જીવનપ્રવૃત્તિઓ પર એમની અસર પ્રબલ હતી. વડીલ બંધુની પ્રાથમિક પ્રવૃત્તિ-ઓમાંથી એમને પ્રથમ સાહિત્ય–સંસ્કાર લાધ્યા. મયા મહેતાજીની ગામઠી નિશાળમાં એમણે પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી. હાઈસ્કૂલના જીવન દરમિયાન એમને કવીશ્વર દલપતરામ અને ચંબાલાલ સાકરલાલ જેવા શિક્ષકોના સત્સંગનો લાભ મળ્યો. સ્વ. ચંબાલાલે સંસ્કૃતના અને કવિ દલપતરામે એમના પિંગળના શોખ અને અભ્યાસને ઉત્તેજન આપ્યું. ૧૮૮૨માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ગણિતશાસ્ત્ર સાથે બી. એ.ની પરીક્ષા પસાર કરી, અમદાવાદની ટ્રેનિંગ કૉલેજમાં થોડો વખત કામ કર્યા પછી એમની ભૂજ (કચ્છ)માં હેડમાસ્તર તરીકે નિમણૂક થઈ. જુદે જુદે સ્થળે કેળવણીખાતામાં નોકરી કર્યા બાદ ઈ. સ. ૧૯૦૪માં તે નડિયાદ હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે નિમાયા અને ત્યાં એમનો સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી સાથે ગાઢ સંબંધ બંધાયેલો. ૧૯૦૭માં બીજી સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિષદ પ્રસંગે એમની પ્રમુખ તરીકે પસંદગી થયેલી અને તે પ્રસંગે તેમણે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપેલું. ૧૯૦૮માં અમદાવાદની આર. સી. હાઈસ્કૂલમાં

હેડમાસ્તર તરીકે એમની નિમણૂક થઈ. ત્યાંથી ૧૯૧૫માં નિવૃત્ત થયા પછી લાંબા વખત સુધી ગુજરાત કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરી ૧૯૩૪માં તે ત્યાંથી નિવૃત્ત થયા. ઈ. સ. ૧૯૩૮માં મુંબઈમાં તેમનું અવસાન થયું. પ્રવીણ ભાષાશાસ્ત્રી તરીકે શ્રી. કેશવલાલ ઘણી ખ્યાતિ પામ્યા છે. તે ઉપરાંત સંશોધન અને વિવેચન કરીને એમણે આપણા ભાષાસાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. એમણે સંસ્કૃતમાંથી ઘણાં નાટકો અને કાવ્યોના ગુજરાતીમાં અનુવાદ કર્યા છે. એમનું 'ગીતગોવિંદ' જોવાથી એમની ભાષાંતરકળા અને ભાષાપ્રભુત્વનો ખ્યાલ આવી શકશે. અનેક વિદ્વત્તાભર્યા ગ્રંથો પ્રગટ કરવા ઉપરાંત નૂતન કવિઓની કૃતિઓ મેળવી તેને છપાવી તે ઉપર ટીકા લખી એમણે ગુજરાતી ભાષાસાહિત્યની અપૂર્વ સેવા કરી છે. 'પ્રાચીન ગુર્જર કાવ્યમાલા'ના ત્રણ ગ્રંથ અને ભાલણકૃત 'કાદંબરી' એ એમાંના મુખ્ય છે. નીચેનો નાટ્યખંડ 'મેળની મુદ્રિકા' નામના અનુવાદમાંથી લીધો છે.]

મિત્રધર્મ

[રાજા નંદના વિશ્વાસુ અને પ્રબલ અમાત્ય રાક્ષસને ચાણક્ય પોતાના પક્ષમાં લેવા માગે છે. એ માટે તે રાક્ષસના પરમમિત્ર ચંદનદાસ, જેને ત્યાં રાક્ષસનાં સ્ત્રીબાળકો હતાં, તેને બોલાવે છે.]

ચાણક્ય — ઠીક, વત્સ ! હવે જા, શેઠ ચંદનદાસ ઝવેરીને મારી પાસે તેડી લાવ.

શાર્ઙ્ગરવ — આજ્ઞા, ગુરુજી. (જઈ ચંદનદાસ સાથે પ્રવેશ કરતાં) આવો શેઠ, આ રસ્તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનદાસ — (સ્વગત)

(ગાથા) — નિર્દોષે ભય પામે ક્રૂડા કૌટિલ્ય કેરું તેહું થતે,
તો શંકા અંતરમાં ન ઊપજે કેમ દોષ છતે ?

આથી જ મેં ધનસેન આદિક વાસમાંના ત્રણ મિત્રને કહ્યું કે, 'કદાચ દુષ્ટ ચાણુક્ય મારું ઘર જોવરાવે. માટે સ્વામીશ્રી અમાત્ય રાક્ષસના કુટુંબને બીજે લઈ જાઓ. મારું તો થવાનું હોય તે થાઓ.'

શાર્ઙ્ગરવ — આવો, શેઠ, આ રસ્તે.

ચંદનદાસ — આ આવ્યો, ભાઈ.

શાર્ઙ્ગરવ — (અંદર આવી) ગુરુજી, આ શેઠ ચંદનદાસ આવ્યા. (બહાર જઈ બેસે છે.)

ચંદનદાસ — જે જે, આર્ય.

ચાણુક્ય — (સામું જોઈ) અહો ! પધારો, શેઠ. આ આસને બિરાજો.

ચંદનદાસ — આર્ય, જાણો છો કે હું એ માનને લાયક નથી. અધટતું માન તો અપમાનનો મોટો ભાઈ. માટે હું અહીં ભોંય બેસું છું. મને એ જ ઘટે.

ચાણુક્ય — નહિ, નહિ, શેઠ, એમ કેમ કહો છો ? અમ જેવાના સમાગમમાં તમે એને લાયક છો જ. માટે આસને બિરાજીએ.

ચંદનદાસ — (સ્વગત) આ શઠ કંઈ મરમમાં બોલે છે. (પ્રગટ) આગન્યા આર્યની. (બેસે છે.)

ચાણુક્ય — કેમ, વ્યાપાર તો તેજ ચાલે છે ને ?

ચંદનદાસ — હા જી. આર્યની કૃપાથી વેપાર ધમધોકાર ચાલે છે.

ચાણુક્ય — શેઠજી, એ તો ઠીક, પણ ચંદ્રગુપ્તના દોષો કંઈ પ્રજાની દૃષ્ટિએ તરતા હશે ને પડછે ગત રાજાના ગુણો તેમને યાદ આવતા હશે, નહિ વારુ ?

ચંદનદાસ — (કાનમાં આંગળીઓ ઘાલી) હરિ હરિ ! એ શું બોલ્યા, આર્ય ?

(ગાથા) — શરદ પૂનમની રેણે ઝળહળતા પૂર્ણ ચંદ્રથી જેમ,
સહુ એ બહુ રાચે શ્રીચંદ્ર નરેંદ્રથી તેમ.

ચાણુક્ય — એમ, તો પ્રજાનું પ્રિય કરી તેમને પ્રસન્ન રાખી રાજા પ્રતિ પ્રિયની ઇચ્છા રાખે છે જ; કેમ નહિ શેઠ ?

ચંદનદાસ — હા જી, હા જી, ફરમાવીએ, સેવક પાસેથી કેટલું ધન જોઈએ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાણુક્ય — આ ચંદ્રગુપ્તનું રાજ્ય છે. શેઠ, ચંદ્રગુપ્તને તો તમારો અપરિક્લેશ જ પ્રિય છે. ધનની વાત તો નંદ જેવા ધનલોભીને રુચે.

ચંદનદાસ — (હર્ષ સાથે) અહા, પરમ કૃપા, આર્ય.

ચાણુક્ય — હવે એ અપરિક્લેશ શી રીતે સધાય, તે તમારે અમને પૂછવાનું.

ચંદનદાસ — ફરમાવો, આર્ય.

ચાણુક્ય — રાજા પ્રત્યે અવિરુદ્ધ રહેણીથી.

ચંદનદાસ — આર્ય ! એવો તે કયો અધન્ય પુરુષ હોય, કે જે આર્યની નજરે રાજવિરોધી લેખાય ?

ચાણુક્ય — પહેલા તો તમે જ.

ચંદનદાસ — (કાનમાં આંગળીઓ ઘાલી) અરર ! એ શું બોલ્યા ? અગ્નિ સાથે તરણાનો વિરોધ કેવો ?

ચાણુક્ય — વિરોધ તો એવો, જે તમે રાજ્ય સાથે શત્રુતા રાખતા રાક્ષસના કુટુંબને તમારા ઘરમાં આશ્રય આપો !

ચંદનદાસ — ખોટું છે ! કોઈ કૂડા માણસે એ આર્યને ભરાવ્યું હશે.

ચાણુક્ય — શેઠ ! ગભરાવાનું કંઈ કારણ નથી. માજી રાજ્યના માણસો ભયના માર્યા, પુરજનની ઇચ્છા વિરુદ્ધ પણ કુટુંબકબીલો તેમના ઘરમાં નાખીને વિદેશ જતા રહે છે. તેને જે છુપાવી રાખે છે, તે જ ગુનેગાર બને છે. બીજાનો ઓછો જ દોષ કઢાય છે !

ચંદનદાસ — હાં હાં, ખરું. એ બળભળાટમાં અમાત્ય રાક્ષસનું કુટુંબ મારા ઘરમાં હતું ખરું.

ચાણુક્ય — પહેલાં તો ' ખોટું ' અને હવે ' ખરું, હતું ખરું ' એ બોલી પરસ્પર વિરુદ્ધ પડે છે.

ચંદનદાસ — હું પ્રશ્ન બીજા અર્થમાં સમજ્યો, તેને લીધે બોલવામાં જરા ચૂક થઈ.

ચાણુક્ય — રાજા ચંદ્રગુપ્તને ચૂક નથી ખપતી. ચાલો રાક્ષસનું કુટુંબ સોંપી દો અને ચૂક કાઢી નાખો, શેઠ.

ચંદનદાસ — આર્ય ! મેં વીનવ્યું તે, કે અમાત્ય રાક્ષસનું કુટુંબ મારા ઘરમાં હતું ખરું.

ચાણુક્ય — અને હવે ? એ કયાં ગયું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનદાસ — હું જાણતો નથી.

ચાણુક્ય — (સ્મિત હાસ્ય કરીને) આહા, અજાણ્યા થાઓ છો, પણ શેઠ, ભય માથા ઉપર ભમે છે ને પ્રતિકાર દૂર છે, હોં. અને વિષ્ણુગુપ્ત (પોતાનું નામ લેતાં જરા શરમાઈ) પેઠે અમાત્ય રાક્ષસ નંદવત્ ચંદ્રગુપ્તને ઉખેડી નાખશે, એની તો આશા જ ન રાખશો.

(શાર્દૂલવિક્રીડિત)

પૂરા નીતિ વિષે ધુરંધર શરા શ્રીવક્રનાસાદિ એ,
મંત્રી નંદ નવ છતાં નવ શક્યા શ્રી અસ્થિરા રાખી જે;
હેલી રેલતી હર્ષની સ્થિર હરી તે આ વળી ચંદ્રને,
કો તેને કરવા પરી નર મથે મિથ્યા મહીમંડળે?

વળી,

(વસંતતિલકા)

ઉન્મત્ત હાથી હણી ચશ્ચશ રક્ત પીને
ખાતાં બગાસું હરિના મુખમાં ધપીને
લેવા કરે કવણ દાઢ મૃગેન્દ્ર કેરી
સંધ્યાસમે શશિકલા સમ શોણ ઘેરી?

ચંદનદાસ — (સ્વગત) બોલ્યું બર આવ્યું, એટલે બડાઈ બોજે છે.

(નેપથ્યમાં ઉત્સારણા સંભળાય છે.)

ચાણુક્ય — શાર્ઙ્ગરવ! જો, શું છે?

શાર્ઙ્ગરવ — (અંદર આવી) આજ્ઞા, ગુરુજી. (જઈને પાછો આવી) ગુરુજી! એ તો મહારાજ ચંદ્રગુપ્તની આજ્ઞાથી રાજદ્રોહી ક્ષપણુક જીવસિદ્ધિને ફજેતી સાથે દેશપાર કરે છે. (બહાર જઈ બેસે છે.)

ચાણુક્ય — શું ક્ષપણુકને? હરિ હરિ! અથવા ચાખે એ એના રાજદ્રોહનું ફળ. જુઓ, શેઠ ચંદનદાસ, રાજદ્રોહીને રાજા આમ ઉગ્ર દંડ દે છે. માટે આ વહાલેશરી કહે છે તે માનો. રાક્ષસનું કુટુંબ સોંપી દો અને અદ્‌ભુત ફળ આપનારી રાજકૃપા સદા ભોગવો.

ચંદનદાસ — આર્ય! મારા ઘરમાં અમાત્યનું કુટુંબ છે નહિ.

(નેપથ્યમાં ઉત્સારણા ફરી સંભળાય છે.)

ચાણુક્ય — શાર્ઙ્ગરવ, જો જોઈએ. વળી શું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાર્ઙ્ગરવ—(અંદર આવી) આજ્ઞા, ગુરુજી. (જઈ પાછો આવી) ગુરુજી, એ તો રાજદ્રોહી કાયસ્થ શકટદાસને શૂળી દેવા લઈ જાય છે.

(બહાર જઈ બેસે છે.)

ચાણુક્ય—કર્યા કર્મનાં ફળ ભોગવો. જુઓ, શેઠ, રાજદ્રોહીને રાજા આમ ઉગ્ર દંડ દે છે. એ, તમે રાક્ષસનું કુટુંબ છુપાવી રાખ્યો છો, તે સાંખશે નહિ. માટે પરઘરનાંને સોંપી દઈ પોતાના ઘરનાંને અને પોતાના જીવને ઉગારી લો.

ચંદનદાસ—શા માટે, આર્ય, ખાલી ભય બતાવો છો? ઘરમાં હોય ઘરાઘર ને અમાત્ય રાક્ષસનું કુટુંબ હું ન આપું; તો નથી તેની શી વાત?

ચાણુક્ય—ત્યારે કોઈ કાળે તમે ન જ આપો એ જ તમારો દૃઢ નિશ્ચય?

ચંદનદાસ—હા, જી.

ચાણુક્ય—(સ્વગત) ધન્ય છે, ચંદનદાસ! આ સમયમાં

(અનુષ્ટુપ) બીજાને દેઈ દેવાથી અર્થલાભ થતાં છતાં,
ધર્મ વહાલો કરી આવું કરે કો શિખિના વિના?

(પ્રગટ) એ જ? (ક્રોધથી) અરે ભૂંડાઈના ભરેલા દુષ્ટ વણિક, ભોગવ ત્યારે રાજકોપનાં ફળ.

ચંદનદાસ—સજ્જ છું. આર્ય, જે કરવું હોય તે કરો ને. અમાત્ય છો.

ચાણુક્ય—શાર્ઙ્ગરવ, શાર્ઙ્ગરવ! અમારા નામથી ફોજદાર કાલપાશિકને કહે કે આ દુષ્ટ વણિકને હમણાં ને હમણાં—અથવા એમ નહિ, જા, કોટવાળ વિજયપાળને કહે, કે માલમતા જપત કરી ઝાંઝરિયાં પહેરાવી આ વણિકને બાયડી છોકરાં સાથે કેદ રાખે. દરમિયાન હું વૃષલને કહું છું. એ પોતે એને વધની શિક્ષા ફરમાવશે.

શાર્ઙ્ગરવ—(અંદર આવી) આજ્ઞા, ગુરુજી, ચાલો, શેઠ.

ચંદનદાસ—(આસનથી ઊઠીને) આવ્યો, ભાઈ, (સ્વગત) સદ્‌ભાગ્ય માનું છું કે માનુષિક નિર્બળતાથી નહિ, પણ મિત્રકાર્યથી મારું મરણ થાય છે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

કૂડા—ખરાબ, દુષ્ટ (કૌટિલ્યનું વિશેષણ). **આગન્યા**—આજ્ઞા. સંસ્કૃત નાટકોમાં ગૌણ પાત્રો, સામાન્ય મનુષ્યો અને સ્ત્રીઓ પ્રાકૃતમાં બોલે છે; માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ કુળનાં, મુખ્ય પાત્રો પાસે જ સંસ્કૃત બોલાવવામાં આવે છે. એટલે શ્રી. કે. હ. ધ્રુવે પણ આ પદ્ધતિ ગુજરાતી અનુવાદમાં ઉતારવા પ્રયાસ કર્યો છે. **રેણે**–રાત્રિએ. **શ્રીચંદ્ર**–(અહીં ચંદ્રગુપ્તને માટે). **અતિપ્રિય**–સામું પ્રિય, રૂડો બદલો. **અપરિક્લેશ**–ન્યસ્તી ગુર્જરવી તે પરિક્લેશ, ને તેથી ઊલટું તે અપરિક્લેશ. **પ્રતિકાર**–ઇલાજ, ઉપાય. **હરિ**–સિંહ. **શોણ**–લાલ. **ઉત્સારણા**–'બાજુ થાઓ', 'હટો', 'માર્ગ મૂકો' એવા બોલ સાથે માણસને પાછાં હઠાવવાં તે. **શિબિ**–હોલાને માટે બાજને પોતાનું શરીર આપનાર પુરાણ-પ્રસિદ્ધ રાજા. **ઝાંઝરિયાં**–બેડી.

૧. ચંદનદાસ ઝવેરીએ મિત્રધર્મ કેવી રીતે અદા કર્યો? 'માથું આપે તે મિત્ર.' આ કથનને તેણે કેવી રીતે સાર્થક કરી બતાવ્યું?

૨. ચાણક્યની રાજનીતિ અને મુત્સદ્દીગીરી વિશે માહિતી મેળવો.

૩. નીચેનાં કથનો સવિસ્તર સમજાવો:—
અ. પ્રજાનું પ્રિય, પ્રજાની પ્રસન્નતા, પ્રતિપ્રિયની ઇચ્છા. બ. ચંદ્રગુપ્તને અપરિક્લેશ પ્રિય છે, ધનનો મોહ તો ધનલોભી નંદને રુચે. ક. ભય માથે ભમે છે. પ્રતિકાર દૂર છે. ડ. માનુષિક નિર્બળતાને બદલે મિત્રકાર્યથી થતું મૃત્યુ એ એક પ્રકારનું સદ્‌ભાગ્ય છે.

૪. ચાણક્ય પરોક્ષ રીતે ચંદનદાસને કેવા કેવા ભય દેખાડે છે? એનો હેતુ શો છે? 'ભય વગર પ્રીતિ નહિ' એ ઉક્તિની સિદ્ધિ અર્થે ચાણક્ય કેવા અખતરા અજમાવે છે?

રમણભાઈ મહીપતરામ નીલકંઠ

[ઈ. સ. ૧૮૬૭–૧૯૨૮]

[અગ્રણી સુધારક તરીકે જાણીતા થયેલા મહીપતરામ રૂપરામ, સ્વ. રમણભાઈના પિતા થાય. અમદાવાદ અને મુંબઈમાં ઉચ્ચ શિક્ષણ લઈ ૧૮૮૭માં સ્વ. રમણભાઈએ બી. એ. ની પદવી મેળવી. ૧૮૮૯માં તે એલએલ. બી. થયા અને તે જ વર્ષમાં શ્રી. વિદ્યાગૌરી સાથે એમનાં લગ્ન થયાં. ન્યાય ખાતામાં થોડાં વર્ષ કામ કરી ૧૮૯૭માં એમણે અમદાવાદમાં વકાલત શરૂ કરી. ગુજરાતી એલ્ફિન્સ્ટન સભા સમક્ષ એમણે 'કવિતાની ઉત્પત્તિ અને સ્વરૂપ' ઉપર ભાષણ આપ્યું હતું, જે એમના 'કવિતા અને સાહિત્ય' નામના પુસ્તકમાં પ્રગટ થયું છે. પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના ધોરણે ગુજરાતી સાહિત્યકૃતિઓનું મૂલ્ય આંકવાનો પહેલો શાસ્ત્રીય અને સુસંબદ્ધ પ્રયત્ન સ્વ. રમણભાઈએ કર્યો હતો. અત્યારે આ ધોરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વિવેચનસાહિત્યમાં વ્યાપક નીવડ્યું છે. આ દૃષ્ટિબિંદુ લાવવાનું માન સ્વ. રમણભાઈને ઘટે છે.

પિતા તરફથી વારસામાં મળેલી સમાજસુધારણાની ધગશ એમની પ્રત્યેક કૃતિમાં દેખાઈ આવે છે. સીધો સાદો બોધ આપવાથી લોકમાનસ પર ધારી અસર થઈ શકતી નથી એની પ્રતીતિ થતાં એમના વિચારોના પ્રચારાર્થે અને કુરૂઢિઓ પર પ્રહાર કરવાના ઇરાદાથી એમણે કટાક્ષમય લખાણની શરૂઆત કરી. એમનું 'ભદ્રંભદ્ર' (૧૯૦૦) કટાક્ષમય હાસ્યરસપ્રધાન સાહિત્યમાં આજે ય અનન્ય લેખાય છે. એમનો કટાક્ષ દ્વેષભાવરહિત, હાસ્યરસ-ગંભીર અને વિદ્વત્તાભર્યો છે. એથી જ આ પુસ્તક આટલી સફળતા પામી શકયું છે.

કાકા કાલેલકરે એને 'સમાજશુદ્ધિ' માટે એક પ્રકારનો 'એસિડ-પ્રયોગ' કહ્યો છે. એમની સામાજિક સેવાની કદર કરી બ્રિટિશ સરકારે એમને ૧૯૨૬માં 'સર'નો ઇલકાબ આપ્યો હતો.

સ્વ. રમણભાઈ ગુજરાતી હાસ્યરસપ્રધાન સાહિત્યના પિતા તરીકે લેખાય છે. એમની હાસ્યરસ જમાવવાની અને તેને ટકાવી રાખવાની શક્તિ વિરલ છે. 'ભદ્રંભદ્ર' ઉપરાંત એમણે અને એમનાં વિદુષી પત્ની વિદ્યાગૌરીએ 'હાસ્યમંદિર'ને નામે એક બીજું પુસ્તક પણ પ્રસિદ્ધ કર્યું છે. આ ઉપરાંત એમણે કાવ્યો અને નિબંધો પણ લખ્યા છે. 'રાઈનો પર્વત' (નાટક) એ પાશ્ચાત્ય અને સંસ્કૃત નાટ્યકલાનાં સુંદર અને કલામય તત્ત્વોના મિશ્રણનો ઉત્તમ નમૂનો છે. આમ સ્વ. સર રમણભાઈની સાહિત્યવિષયક પ્રવૃત્તિ અનેકદેશીય હતી. સાહિત્યમીમાંસાના ઊંડા અભ્યાસ અને નૈસર્ગિક શક્તિના સુયોગના પરિણામે તેઓ સર્વ દિશામાં આટલી સફળતા પ્રાપ્ત કરી શકયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રંભદ્ર અને તેમના આજ્ઞાંકિત શિષ્ય અને અંધભક્ત અંબારામ વિશ્વ-સાહિત્યમાં અમરત્વ પામેલા ડૉન ક્વિકઝોટ અને સાંકો પાન્ઝાનું સ્મરણ કરાવે છે. સર રમણભાઈને એ બે પાત્રોની વિભાવના (conception) ની સ્ફુરણા આ બે પાત્રો પરથી મળી હોય એ અસંભવિત નથી. બાકી પાત્રોનું આલેખન અને એમની આસપાસનું વાતાવરણ કેવળ મૌલિક અને અપૂર્વ છે. બન્ને પાત્રોના આલેખનમાં અત્યુક્તિ અને અસંભવિતપણાના અંશ સારા પ્રમાણમાં છે, છતાં ક્યાંયે એમાં અવાસ્તવિકતા નથી ઊતરી. આજેય જગતમાં આવા રૂઢિરક્ષક નાના-મોટા ભદ્રંભદ્રો શું શોધ્યા નહિ જડે? આ વાસ્તવિક દર્શનમાં જ લેખકની સફળતાની ચાવી રહેલી છે.]

ભદ્રંભદ્ર મુંબઈને પંથે

સને ૧૮૮૬માં હું મારા મિત્ર દોલતશંકર સાથે મુંબઈ ગયો હતો. આપણા દેશનો જૂનો ધર્મ દુભાવનાર સુધારાવાળાની સામે દોલતશંકર ઠેર ઠેર ભાષણ આપતા હતા. તેમની સાથે હું ઘણા દેશોમાં અને મુલકોમાં ફર્યો હતો. અમદાવાદથી નીકળી નરોડા, કોચરબ, સરખેજ, અસારવા, વટવા વગેરે વિવિધ ભૂમિઓમાં અમે મુસાફરી કરી હતી. તે સાલ તો અમે દક્ષિણમાં નવાપુરા સુધી જઈ પહોંચ્યા હતા. તે શહેરમાં અમે એક મહિનો રહ્યા તેટલામાં દોલતશંકરે સુધારા વિરુદ્ધ ૧૦૮ ભાષણો કર્યાં હતાં. વળી એથી અગાડી વધી સાબરમતી નદી ઓળંગી અમે ઠેઠ ધોળકા સુધી જવાના હતા. એવામાં ખબર આવી કે મુંબઈમાં માધવબાગમાં સુધારા વિરુદ્ધ એક મોટી ગંજાવર સભા મળનાર છે. ખબર આવતાં તરત દોલતશંકરે એમની હંમેશની ચંચળતા મુજબ એક ક્ષણમાં — અડધી ક્ષણમાં — વિચાર ફેરવ્યો અને નિશ્ચય કર્યો કે, ગમે તેટલાં વિઘ્ન આવે, ગમે તેટલાં કષ્ટ નડે, ગમે તેટલી વિપત્તિઓ પડે, પણ તે સર્વ સામે બાથ ભીડી, તે સર્વ વિરુદ્ધ વિગ્રહ કરી, તે સર્વ પર જય મેળવી મુંબઈ જવું. મને પણ સાથે લેવાનું હર્યું.

અમે રાતોરાત ઊપડ્યા, ને સવારે અમદાવાદ પહોંચ્યા. રવિવારે મુંબઈમાં સભા મળવાની હતી, તેથી વચમાં બે જ દિવસ રહ્યા હતા. એટલા થોડા વખતમાં આવી દૂરની મુસાફરીની તૈયારી કરવી એ અશક્ય હતું; પણ દોલતશંકરની દૃઢતા અને ઉત્સાહ કશાથી હઠે એવાં ન હતાં. એક આખો દહાડો અને એક આખી રાત અખંડ ઉજાગરો કરી એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન ખાંધ્યો. આગગાડીમાં ક્લેચ્છચાંડાલાદિના સ્પર્શથી દૂષિત થયેલા પાટિયા પર ખાવું અને પાણી પીવું એના જેવું ઘોર પાપ એકે નથી એમ દ્વૈલતશંકરે એકેએક ભાષણમાં કહ્યું હતું, તેથી ઉત્તમ દૃષ્ટાંત આપવા માટે એ સિદ્ધાંત અમલમાં આણવાનો આ વખતે એમણે ઠરાવ કર્યો. એમનો વિચાર તો એટલે સુધી થયો કે શ્વાસ પણ સ્ટેશન આવે ત્યારે નીચે ઊતરીને લેવો અને ગાડી ચાલતી હોય તે વેળા પ્રાણાયામ કરી બેસી રહેવું. પણ મેં સૂચવ્યું કે, 'આ ભારતભૂમિમાં યવનો આવ્યા ત્યારથી હવા તો એકેએક કેકાણે ભ્રષ્ટ થયેલી છે, અને સ્ટેશન પર પણ ભ્રષ્ટ લોકો ફરતા હોય છે; વળી ગાડી દોડે એટલે હવા બદલાતી જાય અને બહારની હવા આવે, તેથી શ્વાસ લેવામાં હરકત નથી.'

આ ખુલાસો સાંભળી દ્વૈલતશંકર શંકાશીલ થઈ પ્રથમ તો મારી સામું સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. એમનું શરીર સ્તબ્ધ થયું, નાક ઊંચું થયું. રથચક્ર જેવી એમની ગોળ આંખો ચળકચળક થવા લાગી. માટીના પોપડારૂપી એમના વિશાળ હૃદયમાં કીડીરૂપી હજારો તર્ક ઊભરાઈ ગયા. અંતે સમાધિ પૂરી કરી શિવ મૌન ભંગ કરતા હોય, રાત્રિ પૂરી થયે કૂકડા નિદ્રામાં અશાંતિ દાખલ કરતા હોય, પત્રાળીઓ પીરસાઈ રહ્યે બ્રાહ્મણો "ભો" ઉચ્ચાર કરી બુભુક્ષાનો પરાભવ આરંભતા હોય, તેવા શોભતા દ્વૈલતશંકર બોલ્યા, "અંબારામ! તને ધન્ય છે. મારા સંગથી તને બરેબરો લાભ થયો દીસે છે. તેં બરેબરો શાસ્ત્રાર્થ કર્યો છે. આગગાડીમાં શ્વાસ લેવામાં હરકત નથી."

સાથે લેવામાં માત્ર લૂગડાં અને પાથરણાં રહ્યાં; કોટ, પાટલૂન, બૂટ એવા વિલાયતી ઘાટ પર દ્વૈલતશંકરને અંતઃકરણથી તિરસ્કાર હતો. તેમનું એ જ કહેવું હતું કે આપણા બાપદાદાનો પહેરવેશ શા માટે છોડી દેવો? કોઈ ચિમાવલા કોઈ વખત એમ પૂછતા કે, આપણા બાપદાદાએ વલ્કલ પહેરવાં અને ચર્મ ઓઢવાં કેમ મૂકી દીધાં? આવા લોકોને એ જ ઉત્તર દેતા કે, 'વેદ વાંચો.' તેથી આવે મહાભારત પ્રસંગે તો એક ધોતિયું પહેરીને, એક ધોતિયું ઓઢીને અને માથે પાઘડી મૂકીને જ મુંબઈ જવું એવો દ્વૈલતશંકરે નિશ્ચય કર્યો. મુંબઈમાં ટાઢતડકો નડશે તો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હઠયોગનું ફળ પ્રાપ્ત થશે, એમ એત્રણ વાર બોલી ગયા એટલે મેં એ વાંધો કાઢ્યો જ નહીં.

શનિવારે બપોરની ગાડીમાં ઊપડવાનું હતું તેથી શુક્રવારે રાત્રે હું દોલતશંકરને ઘેર જઈને સૂઈ રહ્યો, કેમ કે સવારે ત્યાં જ ખાવાનું ઠીક પડે તેમ હતું. બીજે દિવસે રાત્રે ઉજાગરો કરવાનો તેથી હું વહેલો સૂઈ ગયો. હું એકાદ કલાક ઊંઘ્યો હોઈશ એટલે 'ઓ બાપ રે' એવી બૂમ સાંભળી હું જાગી ઊઠ્યો. જોઉં છું તો દોલતશંકર પથારીમાં બેસી ગાભરાગાભરા ચારે તરફ જોતા હતા. મેં ગભરાઈને પૂછ્યું : 'શું છે? શું થયું?'

દોલતશંકર કહે : 'અંબારામ, તેં જતા જોયા?'

'કોને?'

'મહાદેવને, શંભુને, દીનાનાથને, પાર્વતીપતિને, શંકરને, શિવને, જટાધારીને.'

'સ્વપ્નું આવ્યું હશે.'

'કોણ જાણે, પણ મેં તો સાક્ષાત્ જોયા. આપણને સ્વપ્ન આવે, પણ કંઈ દેવ સ્વપ્નમય થઈ ગયા? ઓ શિવ! ઓ શંભુ! ઓ ભોળાનાથ! દયા કરો, ક્ષમા કરો. ઓહો, મેં આવો મોટો અપરાધ કર્યો તેનું મને આજ લગી ભાન જ નહિ! અંબારામ! તને પણ ન સૂઝ્યું?'

'પણ શું થયું તે તો કહો! તમે સ્વપ્નથી કેમ આટલા બધા ગભરાયા છો? દોલતશંકર, તમે સ્વસ્થ —'

'શાન્તં પાપમ્ અંબારામ, તું મને હવે એ અપવિત્ર નામે ન બોલાવીશ. મને શંકરે સાક્ષાત્ કહ્યું કે, "ભક્ત! તું તારા નામમાં 'દોલત' જેવા યાવની ભાષાના શબ્દને મારા દિવ્ય નામ સાથે જોડે છે એનું તને ભાન પણ નથી! તું ધર્મિષ્ઠ છતાં આવું પાપાચરણ કરે છે? મારા નામને લાંછન લાગ્યું છે ત્યારથી હું બળી બળીને અર્ધો થઈ ગયો છું. અંતે મને વિષ્ણુએ ઉપાય બતાવ્યો કે એ પાપીને —" હું ભયનો માર્યો બોલી ઊઠ્યો, "મહારાજ! પાપ તો મારી ફોઈનું છે. તેણે મારું નામ પાડ્યું છે. તેને સજા કરજો. હું તો નિરપરાધી છું. મહારાજ, પગે પડું છું." પગે પડતાં પડતાં મેં શંકરને ત્રિશૂળ ફેરવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધા એટલે મારાથી "ઓ બાપ રે" કરીને ઘૂમ પડાઈ ગઈને હું જાગી ઊઠ્યો. ગમે તેમ હોય પણ મારે હવે એ નામ બદલી નાખવું. પ્રાયશ્ચિત્ત કરવું. અને બીજું નામ ધારણ કરવું. એમ ન કરું તો મને બાળહત્યા! ગૌહત્યા! બ્રહ્મહત્યા!! ઓ શંકર! ઓ શંકર! શિવ! શિવ! શિવ!'

આ ધાર્મિકતા જોઈ હું સાનંદાશ્ચર્યથી ચકિત થઈ ગયો. મેં પણ એ નામ દઈ હજારો વાર શંકરના અપરાધ કર્યા છે એ વિચારથી હું ખિન્ન થઈ ગયો. મારા મિત્ર તો કહે કે, 'આપણે કાલે સવારે કાશી જઈ ત્યાં પ્રાયશ્ચિત્ત કરીએ.' પણ મેં સંભાર્યું કે, કાલે તો મુંબઈ જવું છે. ત્યાં પણ આપણા વેદધર્મના લાભનું પ્રયોજન છે. તમે તો ત્યાં ફતેહના ડંકા વગાડવાને તલપી રહ્યા છો, અને ગમે તેવાં વિઘ્નને જીતી જઈશ, એમ સંકલ્પ કર્યો છે.'

આ ગૂંચવાડામાં અંતે ગોરને બોલાવ્યા. ગોર કહે કે, 'પ્રાયશ્ચિત્ત અહીં કરો તો ચાલે, પણ એક માસ સુધી નદીતીર્થે ક્રિયા કરવી પડશે અને હજાર ગોદાન આપવાં પડશે. આ પાપ ઘોરતર છે!' મેં ગોરના હાથમાં પાંચ રૂપિયા મૂક્યા અને કહ્યું, 'અમારે કાલે બપોરે ગયા વિના ચાલે તેમ નથી, અને લાંબો વિધિ કરવા રહીએ તો ગાડી ચૂકીએ.' ગોર પાનાં ઉથલાવી બોલ્યા કે, 'પોતાના કુટુંબના ગુરુને શંકરની પ્રતિમા સારુ સુવર્ણ આપો, અને એક ગોદાન આપો તો હજાર ગોદાનનું ફળ પ્રાપ્ત થાય. સવારે આઠ વાગ્યે પ્રાયશ્ચિત્તવિધિ પૂરો થશે.' ગોરને દક્ષિણા આપી વિદાય કીધા અને શંકરનું સ્મરણ કરતો હું ઊંઘી ગયો. મારા મિત્ર તો મોડા ઊંઘ્યા હશે, કેમ કે શંકરની જોડે તાંડવ નૃત્ય કરતાં મેં તેમને જોયા એવું અર્ધ સ્વપ્ન અને જાગ્રત અવસ્થાનું મને ભાન છે.

સવારે આઠને બદલે સાડા સાતે વિધિ પૂરો થયો. ઉપવીત બદલી મારા મિત્રે પોતાનું નામ ભદ્રંભદ્ર પાડ્યું. લોકો અજાણપણે આગલે નામે બોલાવી દોષમાં ન પડે માટે કપાળ પર મોટા અક્ષરે **'ભદ્રંભદ્ર'** નામ લોહું તપાવી પાડવું એવો ભદ્રંભદ્રનો વિચાર થયો. પણ મેં શંકા કરી કે, 'આ નામ શિવને પસંદ પડે પણ વખતે બીજા કોઈ દેવને નાપસંદ પડે તો પછી ઊલટી પીડા થાય. છાપેલું નામ નીકળે નહિ અને તેત્રીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોડ દેવમાંથી કોઈના મિજાજ કેવા હોય અને કોઈના કેવા હોય, માટે સર્વ દેવની મરજી જણાઈ જાય ત્યાં સુધી કાંઈ કાયમનું પગલું ભરવું નહિ. દરેક દેવ ખાતર એક એક દિવસ વાટ જોવી એટલે આખરે બધાની પસંદગી જણાઈ જાય.' ભદ્રંભદ્રને આ વિચાર ગમ્યો. માત્ર એટલું કહ્યું કે, 'એ "પસંદ" શબ્દ યવનોની ભાષાનો છે, માટે દેવોના સંબંધમાં તેને સ્થાને "પ્રસન્ન" શબ્દ વાપરજો.' ગોરે કહ્યું કે, 'દેવોને કાંઈ ગરજ નથી પડી કે એક એક દહાડો એક એક જણ વહેંચી લે, માટે બ્રહ્મભોજન કરાવો તો ભૂદેવો પ્રસન્ન થતાં સ્વર્ગના દેવોને આજ્ઞા કરે.' આ માટે મુંબઈથી પાછા આવી ગોઠવણ કરવાનું ભદ્રંભદ્રે વચન આપ્યું, અને સંકલ્પ કર્યો કે, 'આ ગોર સમક્ષ, ગંગાજી સમક્ષ, સૂર્યદેવ સમક્ષ, વાયુદેવ સમક્ષ, અગ્નિદેવ સમક્ષ, વરુણદેવ સમક્ષ, પ્રતિજ્ઞા લઉં છું કે, હવેથી યાવની ભાષાનો એકે શબ્દ નહીં વાપરું.' ગોરને રૂપિયો આપ્યો એટલે 'શુભં ભવતુ' કહીને ઘેર જવાની રજા આપી.

જમીને અમે સ્ટેશન પર ગયા. ઘેરથી નીકળતાં ભદ્રંભદ્રનો આનંદ અપાર હતો. કપાળે કંકુનો લેપ કરતાં મને કહે કે, 'અંબારામ ! આજનો દિવસ મોટો છે. આપણે આપણા વેદધર્મનું રક્ષણ કરવા, આર્ય ધર્મનો જય કરવા, સનાતન ધર્મનો પ્રચાર કરવા પ્રયાણ કરીએ છીએ. રાવણનો પરાજય કરવા નીકળતાં શ્રીરામની વૃત્તિ કેવી હશે ? કંસના વધનું કાર્ય આરંભતાં શ્રીકૃષ્ણનો ઉત્સાહ કેવો હશે ? કીચકને મર્દન કરવાની યુક્તિ રચતાં ભીમસેનનો ઉમંગ કેવો હશે ?'

ચકિત થઈ મેં કહ્યું : 'અકથ્ય, મહારાજ, અકથ્ય.'

ભદ્રંભદ્ર બોલી ઊઠ્યા, 'તો મારી વૃત્તિ પણ આજ અકથ્ય છે. મારો ઉત્સાહ પણ આજ અકથ્ય છે. મારો ઉમંગ પણ આજ અકથ્ય છે. અને અંબારામ ! એમ ન સમજીશ કે આગગાડીમાં જઉં છું તેથી જ મારી ગતિ આટલી ત્વરિત છે. મારો વેગ, મારો પોતાનો વેગ, તને વિદિત છે ?'

મેં કહ્યું, 'મહારાજ, તે દહાડે જબાલપુર દરવાજા બહાર એક શિયાળવાને વરુ ધારી આપણે પાછા ફર્યા હતા. તે દહાડે તો તમે મારાથી બહુ અગાડી નીકળી ગયા હતા. તેવો વેગ કહો છો ?'

ભદ્રંભદ્રે ગંભીરતાથી કહ્યું, 'કંઈક તેવો, પણ તેથી સરસ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહથી વાતો કરતા કરતા અમે સ્ટેશન પર જઈ પહોંચ્યા. અમારી બન્નેની ટિકિટ કઢાવવા ભદ્રંભદ્ર ગયા. હું જોડે ઊભો રહ્યો. બારીમાં બ્રહ્મા સુધી ડોકું ઘાલી ભદ્રંભદ્રે કહ્યું, 'શ્રીમોહમયીની બે મૂલ્યપત્રિકા આપો.'

ટિકિટ-માસ્તર પારસી હતો. તેણે કહ્યું, 'શું બકેચ? આય તો ટિકિટ ઑફિસ છે.'

ભદ્રંભદ્રે ઉત્તર દીધો, 'યવન! તેથી હું અજ્ઞ નથી. મારે મોહમયીની બે મૂલ્યપત્રિકાની આવશ્યકતા છે. તેનું વિતરણ કરવું એ તવ કર્તવ્ય છે.'

ટિકિટ ઑફિસમાં એક હિંદુ હતો. તેણે કહ્યું, 'સોરાબજી, એને ઇંટરોડની બે ટિકિટ આપો.'

ટિકિટ આપતાં સોરાબજી બોલ્યા કે, 'સાલો, કંઈ મેદ થયેલોચ. હું તો સમજતો જ નહીં કે બે શું બકેચ.'

ભદ્રંભદ્ર હવે કોપ શમાવી શક્યા નહિ. તેમણે મોટે નાદે કહ્યું, 'દુષ્ટ યવન! તારી ભ્રષ્ટ વાસનાને લીધે તું અજ્ઞાન રહ્યો છે, મૂર્ખ—'

અગાડી બોલવાને બદલે ભદ્રંભદ્રે એકાએક ડોકું બહાર ખેંચી લીધું. ધમકારો થયો હતો અને બહાર આવી નાક પંપાળતા હતા. તે પરથી મેં ધાર્યું કે પારસીએ મુક્કો માર્યો હશે. પણ મને તો એટલું જ કહ્યું કે, 'દુષ્ટ યવનનો સ્પર્શ થયો છે, માટે મારે સ્નાન કરી લેવું પડશે.'

સ્નાન કરી રહ્યા પછી અમે આગગાડીમાં જઈ બેઠા. ગાડી ઊપડવાને પંદર મિનિટની વાર હતી. તેથી નીચે ઊતરી પાણી છંટાવી ચોકો કરી તે ઉપર ઊભા રહી પાણી પીધું. ગાડી ઊપડવાની તૈયારી થઈ તેવામાં બે આદમી દોડતા દોડતા રઘવાયા થયેલા આવી બારણું ખેંચી બૂમ પાડવા લાગ્યા કે, 'માસ્તર, આ તો બંધ છે. બારણું ઉઘાડો, બારણું ઉઘાડો.' એક પોર્ટરે આવી બારણું ઉઘાડી બન્નેને જોસથી અંદર ધકેલી દીધા. તે ભદ્રંભદ્રની પાસે બેસી ગયા. ભદ્રંભદ્રે સંકોચાઈને પૂછ્યું, 'કઈ નાત છો?' 'બ્રાહ્મણ છીએ' એવો જવાબ મળ્યો એટલે ભદ્રંભદ્રે સંતોષથી પૂછ્યું, 'ક્યાં જશો?' 'મુંબઈ' કહ્યું એટલે જિજ્ઞાસાથી પૂછ્યું, 'નામ શું?' પેલા બેમાંના એકે કચવાઈને જવાબ દીધો, 'મારું નામ રામશંકર અને આ ભાઈનું નામ શિવશંકર. પણ અમારાં ઘરનાં નામ નબોદિયો અને ઘોરબોદિયો છે. છોકરાં ન જીવે તેથી માબાપે એવાં નામ પાડેલાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઉતારુ બોલ્યો કે, 'વહેમ, ધર્મ કાંઈ સોકરાં જીવે સે?'

બીજો ઉતારુ બોલી ઊઠ્યો, 'અમારા ગામના શંભુ પુરાણીનો ભાણેજ મુંબઈ જઈ અંગ્રેજી ભણી આવ્યો છે. તે તો કહે છે કે, "એ તો સુધારાવાળાએ ઇંગ્રેજ લોકોની દેખાદેખી કરી શાસ્ત્ર જોયા વિના વહેમ વહેમ કરી કાઢ્યું છે. શાસ્ત્રમાં તો લખ્યું છે કે, આપણા શરીરમાં નાસકમાં કરોડાં મળે છે તેવા કોઠા છે. તેમાં વચ્ચે કમરખ જેવી દાબડી છે. તેમાં પ્રાણવાયુ ભરેલો છે. આવાં હલકાં નામ બોલીએ ત્યારે કમરખ આસપાસ કોઠામાંથી પિત્ત નીકળે એટલે તેના જોરથી પેલા કમરખમાંથી પ્રાણવાયુની ધાર છૂટે. તે જીભને વળગી અહાર ઝરે. તેની જોડે પેલું પિત્ત છૂટતું જાય ને તેનું જોર નરમ પડે એટલે આયુષ્ય વધે. તેથી એ કાંઈ વહેમ નથી. ખરી વાત છે. ઘણાએ અજમાવી જોયેલું છે."'

આ વાતો ચાલતી હતી એટલામાં ગાડી ઊપડી. ઊપડી કે તરત ભદ્રંભદ્ર તથા હું ઊભા થઈ 'માધવબાગકી જે!' પોકારવા લાગ્યા. અમે તો ધાર્યું હતું કે ગાડીમાંના બધા લોકો અમારી સાથે ઊભા થઈ 'જે' પોકારવા લાગશે અને બીજી ગાડીઓમાં તથા સ્ટેશન પર પણ માધવબાગની 'જે' બધે ગાજી રહેશે, અને એ જયનાદથી જ શત્રુદળ ધ્રૂજી જશે. પણ તેમ ન થતાં બધા નવાઈ પામી અમારી સામું જોવા લાગ્યા. અમે બેસી ગયા એટલે પેલા વહેમ કહી ટીકા કરનારે મને પૂછ્યું કે, 'માધવબાગની જાત્રાએ જઓ સો? એ તીર્થ કયાં આવ્યું?'

આવું શરમભરેલું અજ્ઞાન જોઈ મેં સ્તબ્ધ થઈ ને ભદ્રંભદ્ર ભણી જોયું.

ભદ્રંભદ્ર આશ્ચર્ય પામી બોલ્યા: 'કેવી મૂર્ખતા! માધવબાગની વાત જાણતા નથી? જે સભાના સમાચાર દશ દિશામાં પ્રસરી રહ્યા છે, પૃથ્વીના ચતુરંતમાં વ્યાપી રહ્યા છે, દિગંતમાં રેલી રહ્યા છે; જે સભાના સમાચારના આઘાતથી મેરુ પર્વતની અચલતા સ્ખલિત થઈ છે, દિગ્ગજ લથડી પડ્યા છે, દધિસમુદ્ર શાકદ્વીપને ઉલ્લંઘી દુગ્ધસમુદ્ર સાથે એકાકાર થઈ ગયો છે; જે સભાના સમાચારથી સુધારાવાળા યવનાદિ શત્રુગણ ભયગ્રસ્ત થઈ પલાયન કરતાં પડી જઈ શેષનાગના શીર્ષને ધબકારથી વ્યથા કરે છે, આશ્રયસ્થાન શોધતાં અરણ્યવાસી તપસ્વીઓની શાંતિ ભગ્ન કરે છે, આર્તસ્વરથી દેવોની નિદ્રા હરી લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; જે સભાનાં દર્શન સારુ આવતાં કરોડો જનોનાં ટોળાંએ માર્ગમાંનાં વ્યાઘ્રવરુને ભય પમાડી પોતે ઉજ્જડ મૂકેલાં ગૃહોના નિવાસી કર્યા છે; જે સભાનાં દર્શન સારુ ઊતરી આવતાં દેવોનાં વિમાનોથી સૂર્ય આચ્છાદિત થતાં બ્રહ્માંડમાં અંધકાર વ્યાપી રહ્યો છે; જે સભાનાં દર્શન સારુ સમુદ્ર ઘડી ઘડી ઊંચો થઈ નિરાશ થઈ પાછો પડે છે, તે માધવબાગની સભાથી તમે અજ્ઞાત છો ? અપશોચ ! !'

મોટે નાદે કહેલાં આ વાકય સાંભળી કેટલાક ઉતારુ ઊભા થઈ ગયા હતા, કેટલાક પાસે આવ્યા હતા, કેટલાક સામું જોઈ રહ્યા હતા, તેથી ભદ્રંભદ્ર પાટલી ઉપર ઊભા થઈ ગયા અને ભાષણ કરવા માંડયું.

ટિપ્પણ અને સ્વાધ્યાય

નરોડા...વગેરે૦ અમદાવાદની આસપાસનાં ગામડાં–પરાંછે. **મ્લેચ્છચાંડાલાદિ**–યવન, જે હિન્દુ નથી તેવા લોક, દરેક ધર્મમાં પરધર્મી માટે આવો તિરસ્કારયુક્ત શબ્દ હોય છે. મુસલમાનો બીજાઓને જેમ કાફર, અને ખ્રિસ્તીઓ 'Heathen' કે 'Pagan' કહે છે તેમ. **બુભુક્ષા**–ભૂખ. **હઠયોગ**–યોગનો એક પ્રકાર. **ઉપવીત**–જનોઈ. **કીચક**–વિરાટ રાજાનો સાળો અને સેનાપતિ. વનવાસના તેરમા વર્ષમાં ગુપ્ત વેશે રહેતી દ્રૌપદી (સૈરંધ્રી) પર એણે કુદૃષ્ટિ કરી હતી. એટલે ભીમે એને મારી નાખ્યો હતો. **વિતરણ**–અર્પણ, આપવું તે. **દિગ્ગજ**–દિશાઓને રક્ષનાર, ટેકવનાર હાથીઓ.

૧. 'ભદ્રંભદ્ર' પાત્રનું આલેખન લેખકે કેવી રીતે કર્યું છે ? એમાં તમને અત્યુક્તિનો અંશ લાગે છે ?

૨. 'પ્રાયશ્ચિત્તવિધિ' સંબંધી સમાજમાં કેવું તૂત ચાલે છે એ બતાવવા લેખકે જે પ્રયાસ કર્યો તે સમજાવો. એવા બીજા કયા રિવાજો ઉપર લેખકે કટાક્ષ કર્યો છે ?

૩. 'માધવબાગ'ની સભાના સમાચાર સાંભળી ભદ્રંભદ્રને શા શા તર્કવિતર્ક ઊઠયા ? એની સામે પડકાર કરવા એ કેવી રીતે કટિબદ્ધ થયા ?

૪. રમણભાઈની સમાજસુધારણાની ધગશ સંબંધી તમે શું જાણો છો ? તે માટે તેમણે હાસ્યરસપ્રધાન સાહિત્યનું સર્જન કરીને ગુજરાતની સેવા કેવી રીતે કરી ?

૫. અંબારામ અને ભદ્રંભદ્રનાં પરાક્રમો તમારા શબ્દોમાં લખો.

૬. હોલતશંકરે પોતાના જન્મના નામનો ત્યાગ કરી 'ભદ્રંભદ્ર' એવું નામ કેમ ધારણ કર્યું ?

૭. રમણભાઈની હાસ્યરસિક શૈલી પર નોંધ લખો અને આ પુસ્તકના બીજા કોઈ હાસ્યરસિક લેખક સાથે તે શૈલી સરખાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનદાસ કરમચંદ ગાંધી

[ઈ. સ. ૧૮૬૯–૧૯૪૮]

[આ વિશ્વવિરલ મહાપુરુષનો જન્મ પોરબંદરમાં થયો હતો. એમના વડીલો પોરબંદરનો કારભાર કરતા, એટલે એમણે રાજકારણ–સંસ્કાર ગળથૂથીમાં જ પીધા હતા. બારમે વર્ષે એમનું લગ્ન કસ્તૂરબા સાથે થયું. કસ્તૂરબા ઝાઝું ભણેલાં ન હતાં પણ ગાંધીજીના આજીવન સહવાસથી જ એમણે સર્વ શિક્ષણ મેળવ્યું હતું, અને અપૂર્વ સ્વાર્થ-ત્યાગ કરી બતાવી ભારતવર્ષ માટે સ્ત્રીત્વનો આદર્શ બની રહ્યાં હતાં. ૧૮૮૭માં મૅટ્રિક-ની પરીક્ષા પસાર કરી બૅરિસ્ટર થવા ગાંધીજી ૧૮૮૮માં વિલાયત ગયા. ત્યાં એમને અવનવા અનુભવ થયા અને અનેક કપરા પ્રસંગોમાંથી પસાર થઈ તેઓ હિંદ પાછા ફર્યા. વકાલતના ધંધામાં મુંબઈ નહિ ફાવવાથી દક્ષિણ આફ્રિકા જઈ ત્યાં પ્રૅક્ટિસ શરૂ કરી. ત્યાં ગોરા લોકો સામે એમણે હિંદીઓના હક માટે સત્યાગ્રહી, અહિંસક યુદ્ધ શરૂ કર્યું; અનેક પ્રકારનાં અપમાન અને દુઃખ સહ્યાં; આફ્રિકાના વિવિધ અનુભવોએ એમના સિદ્ધાંતો અને જીવન ઘડયાં. એમની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત પણ ત્યાં જ થઈ. ત્યાંથી હિંદ આવી સ્વતંત્રતા માટે એવી જ લડત એમણે મોટા પાયા ઉપર શરૂ કરી. અને જીવન પર્યંત માનવમુક્તિની સાચી મુક્તિનાં વિરોધક તત્ત્વો — અજ્ઞાન, અન્યાય, અસત્ય અને હિંસા — સામે એમણે પોતાની અનોખી લડત ચાલુ રાખી.

સત્ય અને અહિંસા એમની યુદ્ધનીતિના સ્તંભ હતા. પ્રેમ એ એમનું શસ્ત્ર, સહનશીલતા કવચ, અને ક્ષમાશીલતા એમની ઢાલ હતાં. જગતની યુદ્ધનીતિના ઇતિહાસમાં આ એક અપૂર્વ પ્રયોગ હતો. હિંદના જીવનમાં ઉતારેલી સ્વતંત્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સ્વદેશાભિમાનની ભાવના ને અહિંસક લડત દ્વારા એમણે મેળવેલું સ્વરાજ્ય એ એમના જીવનપ્રયત્નની સફળતા માટે પૂરતાં છે.

દેશસેવક, મહાત્મા અને મુત્સદ્દી હોવા ઉપરાંત ગાંધીજી એક અનન્ય સમાજસુધારક હતા. પતિત સ્ત્રીઓ અને અંત્યજોના ઉદ્ધાર માટે એમણે સતત ભગીરથ પ્રયત્ન કર્યા છે. જ્ઞાતિનાં બંધનો, ખોટા ખર્ચાળ રિવાજો, બાળલગ્ન, વિધવાવિવાહ પ્રતિબંધ એ સર્વ સામે એમણે સખત વિરોધ જાહેર કર્યો છે એટલું જ નહિ, પણ એ સામાજિક દોષોના નિવારણ અર્થે શક્ય તેટલા પ્રયત્નો એમણે કર્યા છે. કર્તવ્યનિષ્ઠા, સત્યશીલતા અને આચારવિચારની એકતાને લીધે સારાયે જગતમાં એ મહાત્મા તરીકે પૂજાય છે.

પોતે સાક્ષર તરીકે ઓળખાવા તરફ અરુચિ દર્શાવતા; પણ ગુજરાતી ગદ્યસાહિત્યના વિકાસમાં એમનો ફાળો અનન્ય છે. એમના નિબંધો પ્રાસંગિક હોવા છતાં જ્ઞાન અને અંગત અનુભવોથી ભરેલા છે. સામાન્ય જનસમુદાયનો ઉદ્ધાર એ એમનાં સર્વ લખાણનું ધ્યેય છે. આથી જ તેઓ સાદી અને સરળ સર્વજનગમ્ય શૈલીનો આગ્રહ હંમેશાં રાખતા. એમનાં 'નવજીવન' અને 'હરિજનબંધુ' એ ગુજરાતી ભાષા અને સમાજના ઘડતરનું એક સીમાચિહ્ન છે. વિચાર, ભાવ અને ભાષાની સરળતા એ એમની શૈલીની વિશિષ્ટતા છે. એમની શૈલી સીધી અને સાદી છતાં સચોટ છે. એ જે કહે છે તે એમના હૃદય અને જીવનના અનુભવોમાંથી ઊતરી આવેલું છે. એટલે એમનાં લખાણોમાં સહૃદયતા અને ચેતન હોય છે. એમની 'આત્મકથા' અને બીજી છૂટક લેખો દરેક વિદ્યાર્થીએ ભાષા અને વિચાર બન્ને દૃષ્ટિએ વાંચી જવાં જોઈએ.]

ગોખલે સાથે એક માસ

પહેલે જ દહાડેથી ગોખલેએ મને હું મહેમાન છું એવું ન ગણવા દીધું. હું તેમનો સગો નાનો ભાઈ હોઉં એમ મને રાખ્યો. મારી હાજતો બધી જાણી લીધી ને તેને અનુકૂળ થવાની તજવીજ કરી લીધી. સારે નસીબે મારી હાજતો થોડી હતી. બધું જાતે કરી લેવાની ટેવ મેં કેળવી હતી, તેથી મારે થોડી જ સેવા લેવી રહેતી. સ્વાવલંબનની મારી આ ટેવની, મારી તે કાળની પોશાક વગેરેની સુઘડતાની, મારા ઉદ્યમની ને મારી નિયમિતતાની તેમના ઉપર ઊંડી છાપ પડી, ને તેની હું અકળાઉં એટલી સ્તુતિ કરવા લાગ્યા.

તેમને મારાથી છાનું એવું કશું હોય એમ મને ન ભાસ્યું. જે કોઈ મોટા માણસો તેમને મળવા આવતા તેમની મને ઓળખાણ કરાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ઓળખાણોમાં મારી નજર આગળ અત્યારે સહુથી વધારે તરી આવે છે દા. પ્રફુલ્લચંદ્ર રૉય. તેઓ ગોખલેના મકાનની પાસે જ રહેતા ને લગભગ હંમેશાં આવતા એમ કહી શકાય.

'આ પ્રોફેસર રૉય, જેમને દર માસે આઠસો રૂપિયા મળે છે, અને જે પોતાના ખર્ચને સારુ રૂા. ૪૦ રાખી બાકીના બધા જાહેરકામમાં આપી દે છે. તેઓ પરણ્યા નથી ને પરણવા માગતા નથી.' આવા શબ્દોમાં ગોખલેએ મને તેમની ઓળખાણ કરાવી.

આજના દા. રૉયમાં ને ત્યારના પ્રો. રૉયમાં હું થોડો જ ભેદ જોઉં છું. જેવી જાતનો પોશાક ત્યારે પહેરતા તેવો જ લગભગ આજે છે. હા, આજે ખાદી છે; ત્યારે ખાદી તો નહોતી જ; સ્વદેશી મિલની બનાવટનાં કપડાં હશે. ગોખલેની અને પ્રો. રૉયની વાતો સાંભળતાં હું તૃપ્ત જ ન થતો, કેમ કે તેમની વાતો દેશહિતને જ લગતી હોય અથવા કોઈ જ્ઞાનવાર્તા હોય. કેટલીક વાતો દુઃખદ પણ હોય, કેમ કે તેમાં નેતાઓની ટીકા હોય. જેમને હું મહાન યોદ્ધા ગણતાં શીખ્યો હતો તેઓ નાના દેખાવા લાગ્યા.

ગોખલેની કામ કરવાની પદ્ધતિથી મને જેટલો આનંદ થયો તેટલું જ શીખવાનું મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા એમ મેં અનુભવ્યું. બધી વાતો પણ દેશકાર્યને ખાતર. વાતોમાં મેં કયાંયે મલિનતા, દંભ કે જૂઠ ન જોયાં. હિંદુસ્તાનની કંગાલિયત અને પરાધીનતા તેમને પ્રતિક્ષણ ખૂંચતી. અનેક માણસો તેમને અનેક બાબતોમાં રસ લેવડાવવા આવે. તેમને એક જ જવાબ દેતા : 'તમે એ કામ કરો. મને મારું કરવા દો. મારે તો દેશની સ્વાધીનતા મેળવવી છે. તે મળ્યા પછી મને બીજું સૂઝશે. અત્યારે તો એ વ્યવસાયમાંથી મારી પાસે એક ક્ષણ પણ બાકી રહેતી નથી.'

રાનડે પ્રત્યેનો તેમનો પૂજ્યભાવ તો વાતવાતમાં જોઈ શકાય. 'રાનડે આમ કહેતા' એ તો એમની વાતચીતમાં લગભગ 'સૂત ઉવાચ' જેવું હતું. હું હતો તે દરમ્યાન રાનડેની જયંતી (કે પુણ્યતિથિ એનું અત્યારે સ્મરણ નથી) આવતી હતી. ગોખલે તે હંમેશાં પાળતા હોય એમ લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે મારા ઉપરાંત તેમના મિત્રો પ્રોફેસર કાથવટે અને બીજા એક સખ્તજર ગૃહસ્થ હતા. એમને તેમણે જયંતી ઊજવવા નોતર્યા, અને તે પ્રસંગે તેમણે અમારી આગળ રાનડેનાં અનેક સ્મરણો કહ્યાં. રાનડે, તેલંગ અને મંડલિકની સરખામણી પણ કરી. તેલંગની ભાષાની સ્તુતિ કર્યાનું મને સ્મરણ છે. મંડલિકની સુધારક તરીકે સ્તુતિ કરી. પોતાના અસીલ પ્રત્યેની તેમની કાળજીના દૃષ્ટાંતમાં, રોજની ટ્રેન ચૂકી જવાથી પોતે સ્પેશ્યલ ટ્રેન કરીને કેવા ગયેલા, એ કિસ્સો સંભળાવ્યો. અને રાનડેની સર્વદેશી શક્તિનું વર્ણન કરી બતાવી, તે કાળના અગ્રણીઓમાં તેમની સર્વોપરિતા બતાવી. રાનડે માત્ર ન્યાયમૂર્તિ નહોતા. તેઓ ઇતિહાસકાર હતા, અર્થશાસ્ત્રી હતા, સુધારક હતા. પોતે સરકારી જજ હોવા છતાં પણ મહાસભામાં પ્રેક્ષક તરીકે નીડરપણે હાજરી આપતા. તેમ તેમના ડહાપણ ઉપર બધાને એટલો વિશ્વાસ હતો કે, સહુ તેમના નિર્ણયોનો સ્વીકાર કરતા. આ વર્ણન કરતાં ગોખલેના હર્ષનો કંઈ પાર નહોતો.

ગોખલે ઘોડાગાડી રાખતા. મેં તેમની પાસે ફરિયાદ કરી. હું તેમની મુશ્કેલીઓ નહોતો સમજી શક્યો. 'તમે કાં બધે ટ્રામમાં ન જઈ શકો? શું એથી નેતાવર્ગની પ્રતિષ્ઠા ઓછી થાય?'

જરા દિલગીર થઈને તેમણે જવાબ આપ્યો : 'તમે પણ મને ન સમજી શક્યા કે? મને વડી ધારાસભામાંથી જે મળે છે તે હું મારે સારુ નથી વાપરતો. તમારી ટ્રામની મુસાફરીની મને અદેખાઈ આવે છે. પણ મારાથી તેમ નથી થઈ શકતું. તમને જ્યારે મારા જેટલા જ લોકો ઓળખતા થશે ત્યારે તમારે પણ ટ્રામમાં ફરવું અસંભવિત નહિ તો મુશ્કેલ થઈ પડવાનું છે. નેતાઓ જે કંઈ કરે છે તે મોજશોખને જ સારુ કરે છે એમ માનવાનું કશું કારણ નથી. તમારી સાદાઈ મને પસંદ છે. હું પણ તેટલી સાદાઈથી રહું છું. પણ તમે જરૂર માનજો કે કેટલુંક ખર્ચ મારા જેવાને સારુ અનિવાર્ય છે.'

આમ મારી એક ફરિયાદ તો બરોબર રદ થઈ. પણ બીજી ફરિયાદ મારે રજૂ કરવી રહી હતી. તેનો સંતોષકારક જવાબ તેઓ ન આપી શક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ તમે ફરવા પણ પૂરા નથી જતા. એટલે તમે માંદા રહો છો એમાં શી નવાઈ? શું દેશકાર્યમાંથી વ્યાયામને સારુ પણ નવરાશ ન મળી શકે?' મેં કહ્યું.

'મને કયે વખતે તમે નવરો જુઓ છો, જ્યારે હું ફરવા જઈ શકું?' જવાબ મળ્યો.

મારા મનમાં ગોખલેને વિષે એવો આદર હતો કે હું તેમને પ્રત્યુત્તર ન આપતો. ઉપરના જવાબથી મને સંતોષ ન થયો, પણ હું ચૂપ રહ્યો. મેં માન્યું ને હજુ માનું છું કે, ગમે તેવાં કામ છતાં જેમ આપણે ખાવાનો સમય કાઢીએ છીએ તેમ જ વ્યાયામનો કાઢવો જોઈએ. તેથી દેશની સેવા વધારે થાય પણ ઓછી નહિ, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

* * *

ગોખલેની છાયા તળે રહી મેં બધો સમય ઘરમાં બેસીને ન ગાળ્યો.

મેં દક્ષિણ આફ્રિકાના મારા ખ્રિસ્તી મિત્રોને કહેલું કે હું હિંદુસ્તાની ખ્રિસ્તીઓને મળીશ, તેમની સ્થિતિ જાણીશ. કાલિચરણ બૅનરજીનું નામ મેં સાંભળ્યું હતું. તેઓ મહાસભામાં આગળપડતો ભાગ લેતા, તેથી તેમને વિષે મને માન હતું. સામાન્ય હિંદી ખ્રિસ્તીઓ મહાસભાથી તેમ જ હિંદુમુસલમાનથી અળગા રહેતા. તેથી તેમને વિષે અવિશ્વાસ હતો, તે કાલિચરણ બૅનરજીને વિષે નહોતો. મેં તેમને મળવા જવા વિષે ગોખલેને વાત કરી. તેમણે કહ્યું: 'ત્યાં જઈને તમે શું લેશો? એ બહુ ભલા છે, પણ મને લાગે છે કે તેઓ તમને સંતોષ નહિ આપી શકે. હું તેમને સારી રીતે જાણું છું. છતાં તમારે જવું હોય તો સુખે જજો.'

મેં વખત માગેલો. તેમણે મને તુરત વખત આપ્યો ને હું ગયો. તેમને ઘેર તેમનાં ધર્મપત્ની મરણપથારીએ હતાં. તેમનું ઘર સાદું હતું. મહાસભામાં તેમને કોટપાટલૂનમાં જોયેલા. તેમના ઘરમાં તેમને અંગાળી ધોતી ને કૂડતામાં જોયા. આ સાદાઈ મને ગમી. તે વખતે જોકે હું તો પારસી કોટપાટલૂનમાં હતો, છતાં મને આ પોશાક ને સાદાઈ બહુ ગમ્યાં. મેં તેમનો વખત ન ગુમાવતાં મારી ગૂંચવણો રજૂ કરી.

તેમણે મને પૂછ્યું: 'તમે માનો છો કે આપણે પાપ લઈને જનમીએ છીએ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું, 'હા જી.'

'ત્યારે એ મૂળ પાપનું નિવારણ હિંદુધર્મમાં નથી ને ખ્રિસ્તીધર્મમાં છે.' આમ કહીને તેમણે કહ્યું : 'પાપનો બદલો મોત છે. એ મોતમાંથી બચવાનો માર્ગ ઈશુનું શરણ છે એમ બાઇબલ કહે છે.'

મેં ભગવદ્‌ગીતાનો ભક્તિમાર્ગ રજૂ કર્યો, પણ મારું બોલવું નિરર્થક હતું. મેં આ ભલા પુરુષનો તેમની ભલમનસાઈને સારુ ઉપકાર માન્યો. મને સંતોષ ન થયો, છતાં આ મુલાકાતથી મને લાભ જ થયો.

આ જ માસમાં હું કલકત્તાની ગલીએ ગલી રખડ્યો એમ કહું તો ચાલે. ઘણુંખરું કામ પગપાળો કરતો. આ સમયમાં જ ન્યાયમૂર્તિ મિત્રને મળ્યો. સર ગુરુદાસ બૅનરજીને મળ્યો. તેમની કુમક તો દક્ષિણ આફ્રિકાના કામ સારુ જોઈતી હતી. રાજા સર પ્યારીમોહન મુકરજીનાં દર્શન પણ આ જ સમયે કર્યાં.

કાલિચરણ બૅનરજીએ મને કાલિના મંદિરની વાત કરી જ હતી. તે મંદિર જોવાની મને તીવ્ર ઇચ્છા હતી. તેનું વર્ણન મેં પુસ્તકમાં વાંચ્યું હતું. તેથી ત્યાં એક દિવસ જઈ ચડ્યો. ન્યાયમૂર્તિ મિત્રનું મકાન તે જ લત્તામાં હતું. એટલે જે દહાડે તેમને મળ્યો તે જ દહાડે કાલિમંદિરે પણ ગયો. રસ્તે બલિદાનનાં બેંટાંની તો હારની હાર ચાલી જતી હતી. મંદિરની ગલીમાં પહોંચતાં જ ભિખારીઓની લંગાર લાગી રહેલી જોઈ. આવાઓ તો હોય જ. મારો રિવાજ તે વખતે પણ હૃષ્ટપુષ્ટ ભિખારીને કશું ન આપવાનો હતો. ભીખ માગનારા તો ખૂબ વળગ્યા હતા.

એક બાવાજી ઓટલા ઉપર બેઠા હતા. તેમણે બોલાવ્યો : 'કયોં બેટા, કહાં જાતે હો?' મેં અનુકૂળ ઉત્તર વાળ્યો. તેમણે મને અને મારા સાથીને બેસવા કહ્યું. અમે બેઠા.

મેં પૂછ્યું : 'આ બેટાંનો ભોગ તમે ધર્મ માનો છો?'

તેમણે કહ્યું : 'જીવને હણવામાં ધર્મ કોણ માને?'

'ત્યારે તમે અહીં બેસી લોકોને કેમ બોધ નથી દેતા?'

'અમારું એ કામ નથી. અમે તો બેસીને ભગવદ્‌ભક્તિ કરીએ.'

'પણ તમને બીજી જગ્યા ન મળતાં આ જ મળી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમે જ્યાં બેસીએ ત્યાં સરખું. લોકો તો ઘેટાંનાં ટોળાં જેવા છે; જેમ મોટા દોરાય તેમ દોરાય. તેમાં અમારે સાધુને શું?' આવાજ બોલ્યા.

મેં સંવાદ આગળ ન વધાર્યો. અમે મંદિરે પહોંચ્યા. સામે લોહીની નદી વહેતી હતી. દર્શન કરવા ઊભવાની મારી ઇચ્છા ન રહી. હું ખૂબ અકળાયો. બેચેન થયો. આ દૃશ્ય હું હજુ લગી ભૂલી શકયો નથી. એક બંગાળી મિજલસમાં તે જ સમયે મને નોતરું હતું. ત્યાં મેં એક ગૃહસ્થ પાસે આ ઘાતકી પૂજનની વાત કરી. તેમણે કહ્યું: 'ત્યાં નગારાં વગેરે વાગે ને તેની ધૂનમાં ઘેટાંને ગમે તે રીતે મારો, તોપણ તેને કંઈ ઈજા ન લાગે એમ અમારો અભિપ્રાય છે.'

મને આ અભિપ્રાય ગળે ન ઊતર્યો. ઘેટાંને વાચા હોય તો નોખી જ વાત કરે એમ મેં આ ગૃહસ્થને જણાવ્યું. આ ઘાતકી રિવાજ બંધ થવો જોઈએ એમ લાગ્યું. પેલી બુદ્ધદેવવાળી કથા યાદ આવી. પણ મેં જોયું કે આ કામ મારી શક્તિની બહાર હતું.

જે મેં ત્યારે ધાર્યું તે આજે પણ ધારું છું. મારે મન ઘેટાંના જીવની કિંમત મનુષ્યના જીવના કરતાં ઓછી નથી. મનુષ્યદેહને નિભાવવા હું ઘેટાંનો દેહ લેવા તૈયાર ન થાઉં. જેમ વધારે અપંગ જીવ તેમ તેને મનુષ્યના ઘાતકીપણાથી બચવા મનુષ્યના આશ્રયનો વધારે અધિકાર છે એમ હું માનું છું. પણ તેવી યોગ્યતા વિના મનુષ્ય આશ્રય આપવા પણ અસમર્થ છે. ઘેટાંને આ પાપી હોમમાંથી બચાવવા, મારી પાસે છે તેના કરતાં અતિશય વધારે આત્મશુદ્ધિની અને ત્યાગની આવશ્યકતા છે. એ શુદ્ધિ અને એ ત્યાગની અત્યારે તો ઝંખના કરતાં જ મારે મરવું રહ્યું છે એમ લાગે છે. એવો કોઈ તેજસ્વી પુરુષ કે એવી કોઈ તેજસ્વિની સતી પેદા થાઓ, જે આ મહાપાતકમાંથી મનુષ્યને બચાવે, નિર્દોષ પ્રાણીઓની રક્ષા કરે, મંદિરને શુદ્ધ કરે, એવી પ્રાર્થના તો નિરંતર કરું છું. જ્ઞાની, શુદ્ધિ-શાળી, ત્યાગવૃત્તિવાળું, ભાવનાપ્રધાન બંગાળ કેમ આ વધ સહન કરે છે?

* * *

કાલિ માતાને નિમિત્તે થતો વિકરાળ યજ્ઞ જોઈને બંગાળી જીવન જાણવાની મારી ઇચ્છા વધી. બ્રહ્મસમાજને વિષે તો ઠીક ઠીક વાંચ્યું-સાંભળ્યું હતું. પ્રતાપચંદ્ર મજમુદારનું જીવનવૃત્તાંત થોડું જાણતો હતો. તેમનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાનો સાંભળવા ગયો હતો. તેમનું લખેલ કેશવચંદ્ર સેનનું જીવનવૃત્તાંત મેળવ્યું ને તે અતિ રસપૂર્વક વાંચી ગયો. સાધારણ બ્રહ્મસમાજ અને આદિ બ્રહ્મસમાજનો ભેદ જાણ્યો. પંડિત શિવનાથ શાસ્ત્રીનાં દર્શન કર્યાં. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરનાં દર્શન કરવા પ્રો. કાથવટે અને હું ગયા. પણ તેઓ તે વેળા કોઈને મળતા નહોતા, તેથી તેમનાં દર્શન ન થઈ શકયાં. પણ તેમને ત્યાં બ્રહ્મસમાજનો ઉત્સવ હતો તેમાં જવા અમને નોતરેલા તેથી અમે ગયા હતા, ને ત્યાં ઊંચા પ્રકારનું બંગાળી સંગીત સાંભળવા પામ્યા. ત્યારથી જ બંગાળી સંગીત ઉપરનો મારો મોહ જાગ્યો.

બ્રહ્મસમાજનું બની શકે તેટલું નિરીક્ષણ કર્યા પછી સ્વામી વિવેકાનંદનાં દર્શન ન કરું એમ તો બને જ કેમ? અતિ ઉત્સાહપૂર્વક હું બેલૂર મઠ લગી ઘણે ભાગે ચાલીને ગયો, પૂરો ચાલ્યો કે અરધો, એ મને અત્યારે યાદ નથી. મઠનું એકાંત સ્થાન મને ગમ્યું. સ્વામીજી બીમાર છે, તેમને મળાય એમ નથી, અને એઓ પોતાને કલકત્તાને ઘેર છે એમ ખબર સાંભળી નિરાશ થયો. ભગિની નિવેદિતાના રહેઠાણના ખબર મેળવ્યા. ચોરંગીના એક મહેલમાં તેમનાં દર્શન પામ્યો. તેમના દમામથી હું હેબતાઈ ગયો. વાતચીતમાં પણ અમારો મેળ બહુ ન જામ્યો. મેં આ વાત ગોખલેને કરેલી. તેમણે કહ્યું: 'એ બાઈ બહુ તેજ છે, એટલે તમારો મેળ ન મળે એ હું સમજું છું.'

ફરી એક વાર તેમનો મેળાપ મને પેસ્તનજી પાદશાહને ઘેર થયેલો. પેસ્તનજીનાં વૃદ્ધ માતાને તે ઉપદેશ આપતાં હતાં, તેવામાં હું તેમને ત્યાં જઈ પહોંચેલો. એટલે હું તેમની વચ્ચે દુભાષિયો બન્યો હતો. ભગિનીનો હિંદુધર્મ પ્રત્યેનો પ્રેમ ઊભરાઈ જતો હતો એટલું તો, હું અમારો મેળ ન મળતાં છતાં, જોઈ શકતો હતો. તેમનાં પુસ્તકોનો પરિચય પાછળથી કર્યો.

દિવસના મેં વિભાગ પાડ્યા હતા. એક ભાગ દક્ષિણ આફ્રિકાના કામને અંગે કલકત્તામાં રહેતા આગેવાનોને મળવામાં ગાળતો, ને એક ભાગ કલકત્તાની ધાર્મિક સંસ્થાઓ અને બીજી જાહેર સંસ્થાઓ જોવામાં. એક દિવસ મેં, ઓઅર લડાઈમાં હિંદી સારવાર-ટુકડીએ જે કામ કર્યું હતું, તે ઉપર ડા. મલિકના પ્રમુખપણા હેઠળ ભાષણ આપ્યું. 'ઇંગ્લિશમેન' સાથેનો મારો પરિચય આ વખતે પણ બહુ મદદગાર નીવડ્યો. મિ. સૌન્ડર્સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વેળા બીમાર રહેતા. પણ તેમની મદદ તો ૧૮૯૬ ની સાલમાં મળેલી તેટલી જ મળી. આ ભાષણ ગોખલેને ગમ્યું હતું. અને જ્યારે દા. રોયે મારા ભાષણનાં વખાણ કર્યાં ત્યારે તે બહુ રાજી થયા.

આમ ગોખલેની છાયા નીચે રહેવાથી બંગાળમાં મારું કામ બહુ સરળ થઈ પડ્યું. બંગાળનાં અગ્રગણ્ય કુટુંબોની માહિતી હું સહેજે પામ્યો ને બંગાળ સાથે મારો નિકટ સંબંધ થયો. આ ચિરસ્મરણીય માસનાં ઘણાં સ્મરણો મારે છોડવાં પડશે. તે માસમાં હું બ્રહ્મદેશ પણ ડૂબકી મારી આવ્યો હતો. ત્યાંના કૂંગીઓની મુલાકાત કરી. તેમના આળસથી દુઃખી થયો. સુવર્ણ પેગોડાનાં દર્શન કર્યાં. મંદિરમાં અસંખ્ય નાની મીણબત્તીઓ બળતી હતી તે ન ગમી. મંદિરના ગર્ભગૃહમાં ઉંદરોને ફરતા જોઈ સ્વામી દયાનંદનો અનુભવ યાદ આવ્યો. બ્રહ્મદેશની મહિલાઓની સ્વતંત્રતા, તેમનો ઉત્સાહ, ને ત્યાંના પુરુષોની મંદતા જોઈ મહિલાઓ ઉપર મોહ પામ્યો ને પુરુષોને વિષે દુઃખ થયું. મેં ત્યારે જ જોયું કે, જેમ મુંબઈ હિંદુસ્તાન નથી તેમ રંગૂન બ્રહ્મદેશ નથી; અને જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજ વેપારીઓના આપણે કમિશન એજન્ટ બન્યા છીએ તેમ બ્રહ્મદેશમાં આપણે અંગ્રેજોની સાથે મળીને બ્રહ્મદેશવાસીઓને કમિશન એજન્ટ બનાવ્યા છે.

બ્રહ્મદેશથી પાછા ફરી મેં ગોખલે પાસેથી વિદાયગીરી લીધી. તેમનો વિયોગ મને સાલ્યો, પણ મારું બંગાળનું—અથવા બરી રીતે કલકત્તાનું—કામ પૂરું થયું હતું.

ધંધે વળગું તે પહેલાં મારો વિચાર હિંદુસ્તાનનો નાનકડો પ્રવાસ ત્રીજા વર્ગમાં કરી, ત્રીજા વર્ગના મુસાફરોનો પરિચય કરવાનો અને તેમનાં દુઃખો જાણી લેવાનો હતો. ગોખલે આગળ મેં આ વિચાર મૂકયો. તેમણે પ્રથમ તો તે હસી કાઢ્યો. પણ જ્યારે મેં મારી આશાઓનું વર્ણન કર્યું, ત્યારે તેમણે ખુશીથી મારી યોજનાને સંમતિ આપી. મારે પહેલું તો કાશીજી જવાનું ને ત્યાં જઈ વિદુષી બેસેન્ટનાં દર્શન કરવાનું હતું. તેઓ તે વખતે બીમાર હતાં.

આ મુસાફરીને સારુ મારે નવો સામાન વસાવવાનો હતો. એક ડબ્બો પિત્તળનો ગોખલેએ જ આપ્યો ને તેમાં મારે સારુ મગજના લાડુ અને પૂરી મુકાવ્યાં. એક બાર આનાની કંતાનની પાકીટ લીધી. છાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પોરબંદર નજીકનું ગામ)ની ઊનનો ડગલો બનાવડાવ્યો હતો. પાકીટમાં એ ડગલો, ટુવાલ, પહેરણ અને ધોતિયું હતાં. ઓઢવાને સારુ એક કામળી હતી. ઉપરાંત એક લોટો સાથે રાખ્યો હતો. આટલો સામાન લઈને હું નીકળ્યો.

ગોખલે અને દા. રૉય સ્ટેશન ઉપર મને વળાવવા આવ્યા. બન્નેને મેં ન આવવા વીનવ્યા. પણ બન્નેએ આવવાનો આગ્રહ પકડી રાખ્યો. 'તમે પહેલા વર્ગમાં જાત તો કદાચ હું ન આવત, પણ હવે તો મારે આવવું જ છે,' એમ ગોખલે બોલ્યા.

પ્લૅટફૉર્મ ઉપર જતાં ગોખલેને તો કોઈએ ન રોક્યા. તેમણે પોતાનો રેશમી ફેંટો બાંધ્યો હતો ને ધોતિયું તથા કોટ પહેર્યાં હતાં. દા. રૉયે બંગાળી પોશાક પહેર્યો હતો. એટલે તેમને ટિકિટ-માસ્તરે અંદર આવતાં પ્રથમ તો રોક્યા, પણ ગોખલેએ કહ્યું, 'મારા મિત્ર છે,' એટલે દા. રૉય પણ દાખલ થયા. આમ બન્નેએ મને વિદાય આપી.

—આત્મકથા

સ્વાધ્યાય

૧. ગોખલે સાથે ગાળેલા એક માસ દરમ્યાન ગાંધીજીએ કરેલી પ્રવૃત્તિઓની રૂપરેખા આપો.
૨. એક માસના સહવાસમાંથી ગાંધીજીએ ગોખલે વિષે શું શું જાણ્યું?
૩. ઘોડાગાડી રાખવા વિષે અને વ્યાયામ વિષે ગાંધીજી અને ગોખલે વચ્ચે થયેલા વાર્તાલાપના મુદ્દા લઈ તે વિષે તમારા વિચારો જણાવો.
૪. કાલિના મંદિરની મુલાકાતમાં ગાંધીજીએ શું શું જોયું? ઘેટાંનું બલિદાન અટકાવવા વિષેના તેમના વિચારોનો સાર લખો.
૫. બુદ્ધદેવના જે પ્રસંગનો ગાંધીજીએ ઉલ્લેખ કર્યો છે તે વર્ણવો.
૬. કલકત્તામાં ગાંધીજી કોને કોને મળ્યા? તેમાંની જે જે વ્યક્તિ વિષે તમને માહિતી હોય તે દરેકની ટૂંક ઓળખ આપો.
૭. "જેમ મુંબઈ હિંદુસ્તાન નથી તેમ રંગૂન બ્રહ્મદેશ નથી." પૂર્વાપર સંબંધ દર્શાવી આ વિધાન સમજાવો.
૮. "ગોખલે સાથે એક માસ" એ પ્રકરણોમાં ભવિષ્યના મહાત્મા ગાંધીજીનાં કયાં કયાં લક્ષણોનો પરિચય થાય છે?
૯. નીચેના શબ્દોની વ્યુત્પત્તિ સમજાવો: સ્વાવલંબન, ઓળખાણ, કંગાલિયત, સુધારક, અગ્રણી, અર્થશાસ્ત્રી, નિરર્થક, હૃષ્ટપુષ્ટ.
૧૦. ગોખલે, રાનડે, પ્રફુલ્લચંદ્ર રૉય—એ દરેકનું જીવનચરિત્ર મેળવી વાંચો. તે ઉપરથી ગમે તે એક વિષે વિસ્તૃત નિબંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

[ઈ. સ. ૧૮૬૯–૧૯૪૨]

[આચાર્યશ્રી આનંદશંકરનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૮૬૯માં થયો હતો. જ્ઞાતિએ તે વડનગરા નાગર ગૃહસ્થ હતા. છેક નાનપણથી એમને સંસ્કૃતનો શોખ હતો. ૧૮૯૧માં તે એમ. એ. થયા અને ૧૮૯૩માં ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ. થોડો વખત મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પણ એમણે અધ્યાપક તરીકે કામ કરેલું. ૧૯૨૯માં તે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પ્રિન્સિપાલ તરીકે નિમાયા. ત્યાંથી નિવૃત્ત થયા બાદ તેઓ અમદાવાદ આવ્યા. અમદાવાદ કેળવણી મંડળની કારોબારી સભા ઉપર કામ કરીને એમણે પોતાનાં વિશાળ જ્ઞાન અને અનુભવનો લાભ તે સંસ્થાને આપ્યો. ૧૯૪૨ના એપ્રિલ માસમાં એમનું અવસાન થયું. ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યના એ ઊંડા અભ્યાસી હતા અને સારાયે ભારતવર્ષમાં એમની વિદ્વત્તા જાણીતી છે.

સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'સુદર્શન' પત્રમાં એમણે લેખો લખવાની શરૂઆત કરી હતી અને સ્વ. મણિલાલના મૃત્યુ પછી થોડો વખત એમણે એ માસિક ચલાવ્યું હતું લગભગ પાંત્રીસ વર્ષ સુધી તેમણે 'વસંત' દ્વારા એકનિષ્ઠાથી ગુજરાતી સાહિત્યની સેવા કરી હતી. એ બન્ને માસિકોમાં એમણે પ્રસંગોપાત્ત ધાર્મિક, સાંસારિક અને સાહિત્યવિષયક પ્રશ્નોની વિદ્વત્તા અને ઝીણવટભરી ચર્ચાઓ કરી છે. 'વસંત'માં પ્રગટ થયેલા એમના કેટલાક લેખોનો સંગ્રહ 'આપણો ધર્મ' એ નામે પ્રગટ થયો છે.

રા. આનંદશંકરના લખાણમાં આપણને એમના સંગીન અભ્યાસ, વિશાળ વાચન અને ચૂંટી-નવાની તુલનાત્મક તટસ્થ ચર્ચાનાં દર્શન થાય છે. એમની શૈલી પ્રૌઢ અને અર્થગંભીર છે. જ્ઞાનભારને લીધે એનો પ્રવાહ મંદ હોવા છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની શૈલી આપણને પ્રસન્ન, વિશુદ્ધ અને તેજસ્વી લાગે છે. પોતે સંસ્કૃતના ઊંડા અભ્યાસી હોવાને કારણે અને ધર્મ અને તત્ત્વજ્ઞાન એમની ચર્ચાના મુખ્ય વિષયો હોવાથી એમની ભાષા સંસ્કૃતમય હોય એ સ્વાભાવિક છે. લખાણને મુદ્દાસર અને સંક્ષિપ્ત બનાવવા પોતે યોગ્ય શબ્દો બહુ ચોકસાઈથી વાપરે છે; પણ એમની શૈલીમાં ગયા સૈકાના છેલ્લા ચરણના સાક્ષરોની જેમ આપણને શબ્દબાહુલ્ય કે ભાષાડંબર દેખાતો નથી.]

વ્યવહાર અને પરમાર્થ

ગયા અંકમાં અમે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ પુરુષાર્થમાં ધર્મનું સ્થાન કયાં છે એ બતાવ્યું. અન્ય બે પુરુષાર્થ કરતાં ધર્મની વિશિષ્ટતા એ છે કે, ઉત્તરાવસ્થામાં જ્યારે એ બે પુરુષાર્થો ગૌણતાને યોગ્ય થાય છે, ત્યારે ધર્મ આગળ પડી સાવશેષ આદરને પાત્ર બને છે. તેમાં ઉત્તરાવસ્થાનો ધર્મ તે પૂર્વાવસ્થાના ધર્મથી તદ્દન ભિન્ન નથી, પણ પૂર્વાવસ્થાનો ધર્મ જ ઉત્તરાવસ્થામાં પરિપાક દશાને પામે છે—અને મૃગશીર્ષનો વા વાતાં જેમ કેરી મીઠી બને છે, તેમ પ્રભુનાં દ્વાર સમીપ આવતાં ધર્મ કોઈક અનેરી મીઠાશ ધારણ કરે છે. એ અવસ્થામાં અર્થ અને કામ સાથેનો એનો સંબંધ ક્ષીણ થઈ એ શુદ્ધ રૂપે પ્રકાશે છે, અને તે વખતે એ 'સંન્યાસ'ને નામે ઓળખાય છે; પણ આ સ્થિતિ સામાન્ય જનમાં દુર્લભ છે, તેથી એ સ્થિતિનો વિચાર હવે પછીથી કરવાનો રાખી, પૂર્વાવસ્થામાં ધર્મ જ્યારે અર્થ અને કામ સાથે જોડાયેલો હોય છે, તે વખતે એનું સ્વરૂપ કેવું શુદ્ધ હોય છે, અને તે બીજા બે પુરુષાર્થ સાથે કેવી જાતનો સંબંધ ધરાવે છે, એ વિશે આજ વિચાર કરીશું.

આરંભમાં જ સર નારાયણ ચંદાવરકરે એક ભાષણમાં ટાંકેલો પોતાનો અનુભવ અમને યાદ આવે છે. સર નારાયણ કહે છે કે, "એક દિવસ રજાના દહાડામાં હું પૂના પાસેના એક ગામ બહાર ફરવા નીકળ્યો હતો. સૂર્યનો લાલ પ્રકાશ ખેતરો ઉપર પથરાયેલો હતો, અને સઘળું શાંત હતું. મારી આગળ એક બાઈ આસપાસનાં ખેતરોમાંથી છાણ લઈ પાસે મૂકેલી ટોપલીમાં ભરતી જતી હતી. એટલામાં મારી પાસે થઈને એક માણસ તથા બે જુવાન છોકરા નીકળ્યા. પેલા માણસે છોકરાઓને કહ્યું: 'આપણે દુનિયામાં શું કરવું છે? મહેનત કરવી, પેટ ભરવું અને ચુપચુપ બેસી રહેવું.' આ શબ્દ સાંભળીને હું બોલ્યો: 'ભાઈ! આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાઓને દુનિયાનો આવો હલકો ખ્યાલ કેમ આપો છો? મહેનત કરવી અને પેટ ભરવું તે સિવાય બીજું કાંઈ જ કરવાનું નથી?' એણે ઉત્તર દીધો : 'ભગવાનનું સ્મરણ કરવું એ તો ખરું જ તો.' પછી પેલી બાઈ મારી સાથે વાતમાં ભળી અને કહ્યું : 'ભાઈ, ઠીક કહો છો. નહીં તો પરમેશ્વર આપણને અન્ન કેમ આપે?' મેં કહ્યું : 'પણ ભગવાનનું ફક્ત સ્મરણ કરીશું, તેથી એ અન્ન કેમ આપશે?' પેલી બાઈ એ તરત જવાબ વાળ્યો : 'ભગવાનનું સ્મરણ કરશો તો તમે ચોરી નહીં કરો, જૂઠું નહીં બોલો, અને આળસુ પડી નહીં રહો!'

ઉપરનો ઉત્તર સાંભળી સર નારાયણનું હૃદય સ્વદેશાભિમાનથી હરખાયું. કોનું ન હરખાય? છેલ્લા સેન્સસમાં કદાચ આ સઘળાં સાદાં બેડૂતજનો "અભણ" વર્ગમાં તોંધાયાં હશે! પણ ભણેલાઓને પૂછો કે વ્યવહાર અને પરમાર્થનો સંબંધ આ કરતાં વધારે યથાર્થ અને સચોટ રીતે તમે દર્શાવી શકશો? કહે છે કે, પ્રભુના દફ્તરમાં તો "આપણા આગળના તે પાછળ, અને પાછળના તે આગળ" એમ હોય છે. તે બરાબર છે : "अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्" (ઉપનિષદ). શબરી કયાં નૈવેદ્યનો વિધિ જાણવા ગઈ હતી? એ બિચારીએ પ્રભુને બોર ધરાવ્યાં, ત્યારે પાસે બેઠેલા કોઈકે પૂછ્યું કે ખાટાં તો નથી? ત્યારે એણે ઉત્તર આપ્યો કે : "એકેએક કરડી ચાખીને લાવી છું!" પ્રભુએ એ બોર સ્વીકાર્યાં, માટે અમે સ્પષ્ટ કબૂલ કરીશું કે પ્રભુનાં રહસ્યો જેવાં આ સાદાં-ભોળાં-અજ્ઞાન ભાસતાં મનુષ્યોને સમજ્યાં હોય છે, તેવાં આપણી મૂર્ખ વિદ્વત્તાને સ્વપ્નામાં પણ ભાસ્યાં હોતાં નથી; તેથી આજ તો આ બાઈના ઉત્તરને જ સૂત્રસ્થાને રાખી એના વિવરણરૂપે બે શબ્દો કહીશું.

વ્યવહાર સાથે પરમાર્થ શી રીતે જોડવો, અને ચોતરફ ચાલતા દુનિયાદારીના પ્રચંડ વિગ્રહની વચમાં ઊભા રહી પ્રભુભક્તિ શી રીતે કરવી એ પ્રશ્ન હમેશાં વિકટ ગણાયો છે; પણ વર્તમાન સમયમાં તો એ ઘણાને તદ્દન અસમાધેય જ લાગે છે. કેટલાક મનુષ્યોમાં ધનની તૃષ્ણાનો વાયુ પુષ્કળ બહેકી રહ્યો છે; તેમને માટે તો કદાચ એમ કહી શકાય, કે તેઓ પ્રભુનું સ્મરણ કરતા નથી એ તેમની ભૂલ છે; પણ જે મનુષ્યોને સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાન માટે ઘર અને બજારનાં ચૈતરાં કરવાં પડે છે, તેમની પાસે પ્રભુ-ભક્તિની શી આશા રાખી શકાય? બેશક, જો પ્રભુ જ નિત્ય અને સાચો ઠરે, અને આ દુનિયા ક્ષણભંગુર અને મિથ્યા ઠરે, તો પ્રભુભક્તિ સામે કોઈ પણ સ્વાર્થને ટકવાનો હક નથી; પણ આ દુનિયા જેવી સત્ય અને અનિવાર્ય લાગે છે, તેવો પ્રભુ જ્યાં સુધી નથી લાગતો ત્યાં સુધી તો આ દુનિયાના વ્યવહારને જ પ્રાધાન્ય આપવું જોઈએ. આમ પૂર્વપક્ષ થાય છે. આથી વર્તમાન સમયમાં ધર્મ પ્રત્યે સામાન્ય જનોમાં અનેક તરેહના ભાવો જોવામાં આવે છે. કેટલાક તો ધર્મ એટલે ડાહ્યાની સભામાં ગાંડો આવ્યો એમ માની પોતાના ડાહ્યાડમરા દુનિયાદારીના વિચારોની મોગલાઈ સભામાંથી તેને હસીને હાંકી કાઢે છે! કેટલાક એ બિચારાને સભાને છેડે એક ખૂણે બેસાડી મૂકે, અને એ ડાહ્યાઓની સભામાં એને જરાયે બોલ-વાનો હક તે શેનો જ હોય? કેટલાક મનુષ્યહૃદયના ભાવોમાં એની ઉત્કૃષ્ટતા સ્વીકારે છે, પણ એ તો જાણે વારતહેવારે ઘડી બે ઘડી પહેરવાનાં કપડાં હોય એમ સમજીને! વળી કેટલાક એને આ કરતાં વધારે આવશ્યક માને છે; પણ તેઓ એના ઉપર દર અઠવાડિયે મળ ધોવાની 'કેથાર્ટિક પિલ' કરતાં કે તાવ રોકવાના 'ક્વિનીન' કરતાં વધારે પ્રેમની દૃષ્ટિએ જોતા નથી.

ખરી વાત એ છે કે, ધર્મનો અન્ય પુરુષાર્થ સાથે કેવી જાતનો સંબંધ છે એ ન સમજવાથી જ ધર્મની આ સર્વ વિડંબના થાય છે. સિપાઈના પહેરા બદલાય છે, તેમ ધર્મ, અર્થ અને કામના પહેરા નથી કે અર્થ અને કામના સમય ઉપરાંત ધર્મનો સમય જોઈએ. જે અર્થ અને કામનો સમય તે જ ધર્મનો, માત્ર ધર્મના અંતઃપ્રવેશથી અર્થ અને કામ સપ્રયોજન અને પવિત્ર બને એટલું જ. અંતઃપ્રવેશ, બાહ્ય સહચાર નહીં. અન્ય પુરુષાર્થ સાથે ધર્મનો બાહ્ય સહચાર એ નિરર્થક દંભ છે. આનું એક દૃષ્ટાંત સાંભળેલું અમને યાદ આવે છે.

એક સારા દેશી રાજ્યોના ઍડમિનિસ્ટ્રેટર પોતાના રાજકાર્યમાં એવા ગૂંથાયેલા રહેતા કે રાત્રે સૂતી વખતે પાસે મીણબત્તી અને દીવાસળીની પેટી રખાવે, અને રાતમાં જ્યારે એકાએક વિચાર સૂઝી આવે, (તે રાજ્યપ્રકરણી જ) ત્યારે ઝટ દીવો કરી એ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખી કાઢે. એમને સંધ્યાપૂજનનો વખત કયાંથી જ મળે? તેથી તેઓ નાહવાને કૂંડીમાં પાણી કઢાવે ત્યારથી સંધ્યા ભણવા માંડે, તે નાહીને પાટલા ઉપર જમવા બેસે ત્યાં સુધીમાં પૂરી થાય—જેથી પોતાના જીવનની એક ક્ષણ પણ સરકારી નોકરીમાંથી ઓછી ન કરવી પડે, અને પ્રભુભક્તિ થઈ ગણાય! આ ધર્મના વ્યવહારમાં કરવો જોઈતો જે અંતઃપ્રવેશ તે નથી. એ તો માત્ર બાહ્ય સહચાર છે. બલ્કે તે પણ છે કે કેમ, એ શંકાપડતું છે. ઔરંગઝેબ ચાલતે યુદ્ધે પણ હાથી ઉપરથી ઊતરી વખતસર પ્રભુની બંદગી કરવા ચૂકતો નહીં. એ ખરા હૃદયથી તે કરતો, માટે એને આપણે દંભ તો નહીં કહીએ, તથાપિ એ ધર્મનું ખરું સ્વરૂપ જે અર્થ અને કામને અર્થાત્ વ્યવહારને પવિત્ર બનાવવાનું તે સમજ્યો નહોતો; અને તેથી એનો વ્યવહાર ધર્મથી વિખૂટો પડી અપવિત્ર બલ્કે પાપી બન્યો હતો. ત્યારે ધર્મને। વ્યવહારમાં, એટલે કે અર્થ અને કામમાં, અંતઃપ્રવેશ થયેલો કેમ જાણવો? એક દૃષ્ટાંતથી બતાવીશ: એક મોચી બૂટ સીવવા બેસે છે; સીવતાં સીવતાં એને થયું કે, બિચારા બચ્ચાને આ ચામડું તો ખૂંચશે. તરત કાપેલું ચામડું એણે ફેંકી દીધું, અને બીજું કૂણું ચામડું લઈ ફરીથી સીવવા બેઠો. એ માણસે પ્રભુને ઓળખ્યો. પ્રભુની ઓળખ જેવી નિત્ય વ્યવહારમાં થાય છે, તેવી સમાધિમાં પણ થતી નથી. અર્થ અને કામથી દૂર રહ્યે ધર્મ આવડતો નથી. ધર્મની શિક્ષાવાળાને આ વ્યવહારનું જ્ઞાન છે. પાણીમાં પડ્યા વિના માત્ર હાથ હલાવવાની વાત જાણવાથી તરતાં આવડતું નથી. યુદ્ધનું શાસ્ત્ર પણ ગમે તેટલું શીખો, પણ રણભૂમિ ઉપર હિંમત, શાંતિ, સમયસૂચકતા વગેરે ગુણો તમે કેટલા રાખી શકો છો, તે ઉપર જ તમારા જયપરાજયનો આધાર છે. આ જ પ્રમાણમાં ધર્મનું પણ છે. ધર્મની ચાર વાતો અરણ્યની ગુફામાં બેસીને કરવાથી ધર્મ આવડતો નથી. અરણ્યની ગુફા એ પ્રાચીન રૂઢિનો દાખલો લીધો, પણ વર્તમાન સમયની પણ ગુફાઓ થોડી નથી. યુનિવર્સિટી, પુસ્તકશાળા, પ્રાર્થનામંદિર વગેરે આ જાતની ગુફાઓ જ છે. એમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જ્યાં સુધી વ્યવહારની કસોટીએ ચઢતું નથી, ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી. અમારા વખતના એક શિક્ષક માટે એવી વાત ચાલતી કે, એમને ઘોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર બેસતાં આવડતું નહોતું, પણ એ ગુરુત્વમધ્યબિંદુનો સિદ્ધાંત જાણતા હતા, અને તેથી ગુરુત્વમધ્યબિંદુની રેખા ઘોડામાં રાખવી એ કરતાં મનુષ્યે ઘોડે બેસવામાં કાંઈ વિશેષ કરવાનું નથી, એમ સમજતા હતા. આવી સમજથી તેઓ ઘોડે બેઠા, પણ ઘોડાએ એમની સમજને માન ન આપ્યું! આપણો વ્યવહાર એ પણ આવો ઘોડો જ છે. એણે સમતાનો સિદ્ધાંત જાણનાર અસંખ્ય ઘોડેસવારોને પાડ્યા છે, અને આપણને પ્રતિદિન કેટલી બધી વાર પાડે છે, એનો સાક્ષી આપણો આત્મા જ છે. પણ ઘોડે બેસી જાણે તે ઘોડેસવારોને સમતાનો સિદ્ધાંત જાણવાનું શું પ્રયોજન છે? એમ તમે પૂછશો. આનો ઉત્તર એ કે દુનિયામાં હંમેશાં ઘોડે જ બેસવાનું હોતું નથી. કોઈક વાર ઊંટે પણ બેસવાનું આવે. તે વખતે એ ઊંચું અને કઢંગું પ્રાણી જોઈ તમારું કાળજું ન ધબકે, તે માટે આટલું જાણવાની જરૂર છે કે, જ્યાં બેસીશું ત્યાં જો સમતાથી બેસીશું, તો પડવાનો ભય નથી.

માટે જ પેલી બાઈએ કહ્યું છે કે: "જેણે ભગવાનને ઓળખ્યો છે, તેનામાં જૂઠ, ચોરી, આળસ એ કદી પણ નહીં આવે." જેણે ભગવાનને નથી ઓળખ્યો, તેની શાહુકારી તો જ્યાં સુધી જેલ છે ત્યાં સુધી જ; એનો ઉદ્યોગ પણ જ્યાં સુધી પારકે પૈસે રબર ટાયરની ગાડીઓ દોડાવવાની નથી મળી ત્યાં સુધી જ. માટે ચોરી, આળસ વગેરે અટકાવવાનો ખરો ઉપાય જે સર્વ દેશમાં સર્વ કાળમાં મનુષ્યની સર્વ અવસ્થામાં કામ લાગે છે તે એ જ છે કે **પ્રભુની ઓળખ કરવી.** અને પ્રભુની જેને ખરી ઓળખ થઈ હશે, તે સારી રીતે જાણશે જ કે પ્રભુ મારી અને આ દુનિયાની બહાર નથી; આખા વિશ્વનો એ જ અંતર્યામી છે અને તેથી એનું સ્મરણ અર્થાત્ ધર્મ એ પણ દુનિયાના સઘળા વ્યવહારનો — અર્થનો અને કામનો — અંતર્યામી થવો ઘટે છે; એટલે કે અર્થ અને કામનો એ દાસ નથી, પણ અર્થ અને કામ ઉપર અમલ ભોગવી અર્થ અને કામને પોતાના કાર્યમાં પ્રેરે છે. ધર્મનું આજીવંત અંતર્યામિત્વ જેના જાણવામાં નથી, તેઓ ધર્મને પોતાના દુનિયાદારીના વૈભવનું સાધન બનાવવા ઇચ્છે છે! જે ધર્મ પૈસો આપે, સર્વ પ્રકારનું સુખ આપે, એ જ ધર્મ ખરો! એક જણે જરા ચિડાઈને કહ્યું છે તેમ, "Men do not worship God, they use him." જૂના વખતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી જ્ઞાતિના એક અમલદાર વિષે કહેવાય છે કે, (આશા છે કે એ વાત કલ્પિત હશે.) તેઓ નિત્ય દેવનું પૂજન કરતા, અને પૂજન કરતી વખતે બોલતા નહીં; માત્ર સંજ્ઞાથી જ વાત કરતા હતા. તેવામાં કારકુને આવીને પૂછ્યું કે અમુક ગુનેગારને શી શિક્ષા કરવી? પેલા અમલદારે લાલજીને પોતાના જનોઈથી વીંટીને ટાંગ્યા, અને આચમની વડે ફટકા મારી બતાવ્યા! અરે દુષ્ટ! તને ખબર નથી, કે જે પ્રેમાળ માતાના દામણાથી પણ પૂરેપૂરો બંધાયો નથી, તે તારા સૂતરના તાંતણાથી બંધાવાનો હતો? માત્ર તું તારી ભાવનાને જ બાંધે છે! અને એને પણ તું પવિત્ર પદવીથી ભ્રષ્ટ કરી તારા દુનિયાદારીના વ્યવહારનું સાધન બનાવે છે! તારા કરતાં તો જેઓએ પ્રભુને જગતની બહાર બેસાડી મૂક્યો છે, અને જગતમાં એને અવતરતો અને મૂર્તિમંત થતો જોયો નથી, તેઓ જ સારા. ધર્મને અર્થ અને કામનો દાસ બનાવવો, તે કરતાં તો ધર્મનું નામ છોડી દઈ અર્થ અને કામની સેવા કર્યા કરવી એ જ સારું.

આપણા કેળવાયેલા સ્વદેશ બંધુઓની, બલ્કે આજકાલ પૃથ્વી ઉપર ઘણે ભાગે, આ બીજી સ્થિતિ જ જોવામાં આવે છે; પણ પૃથ્વીના બીજા ભાગમાં આટલું સારું છે કે, ધર્મશિક્ષણ એ દેશના પ્રાથમિક, માધ્યમિક, તેમ જ ઉચ્ચ સામાન્ય શિક્ષણનો ભાગ હોઈ એની સર્વથા ઉપેક્ષા થઈ શકતી નથી; પણ આપણે ત્યાં તો કેળવાયેલો વર્ગ ધર્મજ્ઞાનથી તદ્દન વિરહિત રહે છે, અને તેથી સામાન્ય અશિક્ષિત વર્ગના ધર્મથી જ દેશની ધાર્મિક ભાવના સચવાઈ રહે છે. આ સ્થિતિમાં ફેરફાર થવાની બહુ જરૂર છે. ધર્મમાં જીવ હશે, તો જ અર્થ અને કામમાં જીવ આવશે. કૂવામાં પાણી નહિ હોય તો હવાડો કેટલો વખત ભર્યો રહેવાનો હતો? આપણો કૂવો પાતાળકૂવો છે — એમાં પાણી કદી પણ ખૂટવાનું નથી; પણ યોગ્ય સંભાળ નહીં લો, એ નહીં ચાલે. કૂવો માટી-કચરાથી પુરાઈ ગયો હોય, તો તે કઢાવી નાખી, કોવડામણ દેખાતું હોય તો તે કઢાવી નાખી, સ્વચ્છ કરો. બહોળાં અને સ્વચ્છ પાણીથી તમારા અર્થ અને કામનાં ખેતરો યોગ્ય સમયે અને યોગ્ય માપમાં પાશો, તો એનો પાક સારો ઊતરશે. જમીન ચૂસે, વાવેતરનાં મૂળ ચૂસે, તે કરતાં અધિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી દોળીને જમીન બગાડશો નહીં, વાવેતરને કોવડાવશો નહીં; પણ પાણી વિના બેતરો સુકાવા દેશો પણ નહીં.

— આપણો ધર્મ

ટિપ્પણ અને સ્વાધ્યાય

પરમાર્થ – પરમ + અર્થ = મોક્ષ, પરમતત્ત્વ. (સાધારણ રીતે પરમાર્થ શબ્દ પરોપકારના અર્થમાં રૂઢ થયો છે, જ્યાં ખરી રીતે પરાર્થ જોઈએ.) **મૃગશીર્ષ** – પાંચમું નક્ષત્ર. **નારાયણ ચંદાવરકર** – મુંબઈની હાઈકોર્ટના જજ. મહારાષ્ટ્રીય વિદ્વાન અને સુધારક. **સેન્સસ** – વસ્તીપત્રક. **શબરી** – એક ભીલડી. એનાં અજીઠાં બોર રામે ખાધાં હતાં એવો ઘણા કવિઓએ ઉલ્લેખ કર્યો છે. **અસમાધેય** – સમાધાન ન થઈ શકે એવું. **નિત્ય** – સનાતન.

૧. ત્રિવર્ગ પુરુષાર્થ એટલે શું તે સમજાવો. એમાં અગ્રસ્થાને કયો પુરુષાર્થ આવે?

૨. "દુનિયામાં શું કરવાનું છે?" આ પ્રશ્નના ઉત્તરમાં સર નારાયણને એક ભાઈ પાસેથી શું જાણવા મળ્યું? એ સંબંધી તમારું મંતવ્ય શું છે?

૩. લેખકે આપેલાં જુદાં જુદાં દૃષ્ટાંતો પાછળ રહેલું રહસ્ય દર્શાવો. આ લેખમાં એ દૃષ્ટાંતોનું મહત્ત્વ શું છે?

૪. 'પ્રભુનાં રહસ્યો', એટલે શું? તે સંબંધી – સાદાં – ભોળાં – અજ્ઞાન ભાસતાં મનુષ્યોના ખ્યાલ કેવા પ્રકારના હોય છે?

૫. 'વ્યવહાર' અને 'પરમાર્થ' એ બંનેનો સમન્વય કેવી રીતે સાધી શકાય?

૬. 'પ્રભુની ઓળખ' અને 'પ્રભુની બંદગી' સંબંધી તમારા વિચારો સ્પષ્ટ જણાવો.

૭. "Men do not worship God, they use Him." આ કથન સમજાવવા માટે ૨૦ લીટી લખો.

૮. ખરો ધર્મ એટલે શું? તે કેવી રીતે વ્યવહારમાં ઉતારી શકાય?

૯. શિક્ષણમાં ધર્મને મહત્ત્વ આપવાની લેખક શા માટે હિમાયત કરે છે?

નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

[ઈ. સ. ૧૮૭૪–૧૯૪૫]

[શ્રી નરસિંહભાઈ જ્ઞાતિએ પાટીદાર અને સોજિત્રાના વતની હતા. એમનો જન્મ આણંદ પાસે નાર ગામમાં થયો હતો. અંગ્રેજી ઉપરાંત બંગાળી અને જર્મન ભાષાનો એમણે સારો અભ્યાસ કરેલો; અને એ ત્રણે ભાષામાંથી કેટલાંક સારાં પુસ્તકોના એમણે ગુજરાતીમાં અનુવાદ કર્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના વિચારો અને પ્રવૃત્તિને અંગે, સરકારની અવકૃપા થતાં એમને હિંદ છોડવું પડ્યું હતું. તે વર્ષો એમણે જર્મન ઈસ્ટ આફ્રિકામાં ગાળ્યાં હતાં. હિંદ પાછા ફર્યા પછી થોડો વખત એમણે કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. ત્યાર બાદ આણંદમાં રહી ત્યાં 'પાટીદાર' માસિકનું તંત્ર ચલાવ્યું.

[ર. નરસિંહભાઈના વિચારો અપૂર્વ નથી. પણ ગુજરાત માટે તો આ વિચારશ્રેણી નવીન જ છે. એમનાં મંતવ્યો વિચારપ્રેરક અને ઘણી વાર વિપ્લવાત્મક છે. વૈજ્ઞાનિક અને તાર્કિક દલીલોથી અને સાદા, સરળ અને સ્પષ્ટ વક્તવ્યથી એમના વિચારોને અપૂર્વ બળ મળે છે. 'ઈશ્વરનો ઇન્કાર', 'લગ્નપ્રપંચ' નામે એમનાં પુસ્તકો પ્રગટ થયાં છે. નીચેનો નિબંધ 'ઈશ્વરનો ઇન્કાર'માંથી લીધો છે.]

જગતની યોજના

વિશ્વની આ અનુપમ શોભા નિહાળતો હું ઘણીક વાર ત્યાં ઊભો રહ્યો. વિચારમાં ને વિચારમાં પાસે પડેલી એક મોટી શિલા ઉપર બેઠો. અકસ્માત્ પ્રશ્ન ઊઠ્યો કે આ સર્વ શોભા શું નિરર્થક છે? અથવા તો મારે જ માટે — માનવીને જ માટે — પ્રભુએ રચી હશે? આ વિશ્વ યોજનાપૂર્વક રચાયું છે એમ પ્રતિપાદન કરનાર સંયોજનશાસ્ત્રના (Teleology) સિદ્ધાંત શું સાચા હશે? અને ત્યારે શું એમ યોજનાપૂર્વક વિશ્વ રચનાર કોઈ ઈશ્વર હશે?

શું આ પ્રશ્ન ગહન નથી?

એક ઉપર એક એવા અનેક પ્રશ્ન ત્વરિત વેગે મારા મગજમાં ઊપડ્યા. બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે, આ જે શિલા ઉપર હું બેઠો છું, તે શિલા મારા આસન માટે યોજનાપૂર્વક ઈશ્વરે કે માનવીએ મૂકેલી, અથવા કોઈ કારણથી ગિરિશિખરેથી ગબડી પડેલી, ને તેનો મેં બેસવામાં ઉપયોગ કરી લીધો? ઈશ્વરે માનવીને માટે જગત રચેલું કે રચાયેલા જગતનો માનવીએ ઉપયોગ કરી લીધો? અને માનવીને જ માટે કેમ? માનવીને માટે યોજનાપૂર્વક જગત રચવાની પ્રભુને જરૂર પડે એટલો બધો માનવી મહત્તાવાળો છે શું? અને ત્યારે માનવીને પોતાને કોના ઉપયોગ માટે એ ઈશ્વરે રચ્યો? માનવી એ જ આ વિશ્વમાં કોણ છે? એમાં એનું સ્થાન શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારો વિસ્તર્યા. માનવી કોણ છે એ પ્રશ્ને વિશ્વની અનંતતા તરફ લક્ષ દોર્યું. અહા, ગિરનાર ગુરુ! આ જે ધરતી ઊંચી નીચી દૂર દૂર સુધી દેખાય છે તે ધરતી સમસ્તનો વિચાર લેતાં ગિરનાર તો કંઈ જ નથી; નારંગી ઉપર દેખાતા કણ સમાન પૃથ્વી ઉપર એક ખૂણે એ કયાંય પડી રહ્યો છે! અને આ પૃથ્વી સૂર્યના અનેક ગ્રહોમાંનો નાનો ગ્રહ જ છે. વળી સૂર્યમાળાના નાનામોટા બધાય ગ્રહ એકઠા કર્યા હોય, તોપણ એમનો બનેલો એ પિંડ સૂર્યપિંડના હિસાબમાં કંઈ જ નથી. ગગનમંડળમાં એવા સૂર્યો તો અપાર છે, અને માનવીની તો દૃષ્ટિયે પહોંચતી નથી એટલા વિસ્તારમાં પોતપોતાની ગ્રહમાળાઓ લઈને ભ્રમણ કરી રહ્યા છે. હજુ કેટલાય તારા તો એવા છે કે પ્રકાશની આટલી ઉતાવળી ગતિ હોવા છતાં તેમનો પ્રકાશ હજુ, લાખો વર્ષ વીતી ગયાં છતાં, હજુ આપણી પૃથ્વીને દર્શન નથી આપી શક્યો! માણસ જ્યારે અજ્ઞાત હતો, ત્યારે તે માનતો કે, સૂર્ય અને સમસ્ત વિશ્વ પોતાની આ પૃથ્વીને મધ્યે રાખી તેની આસપાસ ફરે છે, અને એ પૃથ્વીમાંયે માણસ સૌથી મહત્ત્વનો છે. વિશ્વના મધ્યબિંદુ રૂપે એ પોતાને માનતો, એટો એટો ગગનમંડળનું માપ કાઢતો, નવલખ તારાની ગણના ગણતો. પણ જેમ જેમ જ્ઞાનપ્રકાશે તેની દૃષ્ટિમર્યાદા વિસ્તારી, માનવી જેમ જેમ જ્ઞાનસમુદ્રમાં ડૂબકી મારી ઊંડે ઊતરતો ગયો, તેમ તેમ તેને સમજાયું કે, અહા! સમુદ્ર બહુ ગહન છે, તળિયું હાથ લાગે એમ નથી. ખરે જ, જે એમ માને છે કે હું બધુંય જાણું છું, તે પ્રમાણમાં કંઈ જ જાણતો નથી; જે એમ માને છે કે પોતે કંઈ જ જાણતો નથી, તે પ્રમાણમાં બહુ જાણે છે.

આમ દિનપ્રતિદિન ગગનમંડળનો વિસ્તાર આપણને ગહન થતો જણાય છે, તેનો પાર પામી શકવો આજે અશક્ય છે. કદીયે શક્ય નથી. પરિમિત શક્તિવાળા માનવીનું જ્ઞાન સદા પરિમિત જ રહેવાનું. સર્વજ્ઞ હોવાનો કે થવાનો દાવો કરનાર માનવીનું અભિમાન મિથ્યા છે.

આ અપાર ગગનમંડળ અને તેના અનંત વિસ્તારમાં નિરંતર રખડતી વિભૂતિઓની તુલનામાં આ પૃથ્વીના પિંડનું તે પ્રમાણ કેટલું? બપરાના કાણામાંથી સૂર્યના પ્રકાશનું ઘરમાં જે હેરિયું પડે છે, તેમાં નાનામોટા કણ નિરંતર ભ્રમણ કર્યા કરે છે. એમાંના એકાદ નાના કણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલુંય ખરું? અને એ પૃથ્વીકણ ઉપર આવેલા આ નાના ગિરનારકણ ઉપર બેસી વિચાર કરનાર આ માનવીનો એ સમસ્ત વિશ્વમાં કેટલો હિસાબ? ત્યારે માનવી સમસ્ત વિશ્વમાં મધ્યબિંદુએ કેમ હોઈ શકે? અનંત આકાશના તારા માણસના કયા ઉપયોગ માટે ઈશ્વરે યોજ્યા છે? ત્યારે એવડો મોટો હું કોણ કે મારે બેસવા ઈશ્વર યોજનાપૂર્વક અહીં શિલા નાખે? અને ત્યારે તો એમ પણ કહી શકાય કે, જૂના જમાનાના મહેતાજી વિદ્યાર્થીને સજા કરતી વખતે આમળી શકે એટલા માટે, આજના નવા જમાનાના યુવક વશમાં ચઢાવી શકે એટલા માટે, તેમ જ લઘુશંકા કે શૌચ કરતી વખતે બ્રાહ્મણ જનોઈ ચઢાવી શકે એટલા માટે ઈશ્વરે યોજનાપૂર્વક કાન બનાવ્યો છે!

ત્યારે વિશ્વસૌંદર્ય અને આ સમસ્ત વિશ્વ પ્રભુએ મારે માટે રચ્યું કે રચાયેલા વિશ્વનો હું ઉપયોગ કરી લઉં છું?

આ પ્રશ્ન ગહન નથી?

વર્ષાઋતુમાં ગર્જના કરીને મેઘ તૂટી પડે છે, તેના પાણીથી આપણે બીજ વાવીએ છીએ; અનાજ થાય છે, તે ખાઈ આપણે જીવીએ છીએ. પેટ ભરાયે પ્રભુનો ઉપકાર માનીએ છીએ કે તેણે વરસાદ નહીં મોકલ્યો હોત તો આપણે દુષ્કાળથી પીડાઈ મરી જ્યત. પ્રભુ જ આપણે માટે વરસાદ મોકલે છે કે પ્રકૃતિના નિયમથી વરસાદ પડે છે અને તેનો આપણે ઉપયોગ કરી લઈએ છીએ? પ્રભુ જ વરસાદ મોકલતો હોય તો તે અનિયમિત કેમ પડે છે? અનેક વાર દુષ્કાળ કેમ પડે છે? વરસાદ આપણે માટે જ વરસતો હોય તો સમુદ્રમાં, માર્ગમાં, કે વાડમાં કેમ વરસે છે? ખેતરમાં જ કેમ નહિ?

શું આ પ્રશ્ન ગહન નથી?

રાજકુટુંબનું કોઈ માનવી મરણપથારીએ સૂએ છે, ત્યારે આપણે હિંદુઓ મંદિરમાં, મુસલમાનો મસ્જિદમાં, ખ્રિસ્તીઓ ચર્ચમાં જઈ પ્રાર્થના કરીએ છીએ કે, "હે પરમકૃપાળુ, સર્વશક્તિમાન ભગવાન, અમારી નમ્ર પ્રાર્થનાઓ સાંભળી અને એ અમારા પ્રિયજનને મૃત્યુમુખમાં પડતો બચાવ!" પ્રિયજન મૃત્યુપથારીમાંથી ઊઠે છે ત્યારે પરમકૃપાળુ સર્વશક્તિમાન ભગવાનનો ઉપકાર માનીએ છીએ કે, તેણે આપણી પ્રાર્થનાઓ સાંભળી નહીં હોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તો આપણો એ પ્રિયજન મૃત્યુની પાંખમાં ઝડપાઈ જાત અને તેના વિના આપણે દુઃખસાગરમાં ડૂબી મરત! પ્રભુએ આપણી પ્રાર્થનાઓ સાંભળી માટે એ પ્રિયજન બચ્યો, કે તેના શરીરમાં પ્રકૃતિના નિયમથી અનુકૂળ ફેરફાર થયો માટે? રાણી વિક્ટોરિયા માટે સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યની પ્રજાએ ઓછી પ્રાર્થનાઓ કરેલી? અને છતાં તે કેમ નહીં બચેલાં?

શું આ પ્રશ્ન ગહન નથી?

ટિપ્પણ અને સ્વાધ્યાય

અનંતતા – નિઃસીમપણું. **પરિમિત** – માપેલી, મર્યાદિત. **પ્રકૃતિ** – કુદરત.

૧. 'ઈશ્વરનો ઇન્કાર' એટલે શું? તે સંબંધી લેખક કઈ કઈ બાબતો રજૂ કરે છે? એ સંબંધી તમારું મંતવ્ય શું છે?
૨. 'જગતની યોજના' સંબંધી લેખક કેવી દલીલો રજૂ કરે છે?
૩. લેખકે આ લેખ દ્વારા આપણે માટે કઈ નવીન વિચારશ્રેણી રજૂ કરી છે?
૪. નરસિંહભાઈનાં મંતવ્યોમાં સ્પષ્ટ વક્તવ્ય, વૈજ્ઞાનિક અને તાર્કિક દલીલો, અને વિપ્લવ જોવામાં આવે છે. તેમના લખાણમાંથી આધાર ટાંકીને સમજાવો.
૫. ગગનમંડળની અપારતા વિષે આશરે ૨૫ લીટી લખો.
૬. આ વિશ્વમાં માનવનું સ્થાન કયું? એમાં એનું મહત્ત્વ કેટલું?

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

[જન્મે, સંસ્કારે અને શિક્ષણે દક્ષિણી હોવા છતાં ગુજરાતી ભાષા ઉપર અપૂર્વ પ્રભુત્વ ધરાવનાર કાકાસાહેબનો જન્મ ઈ. સ. ૧૮૮૬માં સતારામાં થયો હતો. જુદે જુદે સ્થળે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લઈ કૉલેજનો અભ્યાસ એમણે પૂના અને મુંબઈમાં કર્યો હતો. હિંદુ ધાર્મિક સાહિત્યના અભ્યાસથી ઘડાયેલા એમના વિચારોને સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીનાં લખાણોએ નવું બળ આપ્યું. એમની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી અને જ્ઞાનામૃત મેળવવા ઋષિકુળ, હરદ્વાર, શાંતિનિકેતન વગેરે સ્થળોએ ફરેલા, પણ આત્માની અનંત તૃષ્ણા મહાત્માજીના સમાગમમાં જ છીપશે એવી પ્રતીતિ થતાં ઈ. સ. ૧૯૧૭માં સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં આવી વસ્યા. ગૂજરાત વિદ્યાપીઠ અને 'નવજીવન'ના સંચાલનમાં એમનો ફાળો અમૂલ્ય હતો. ચારિત્રની વિશુદ્ધતા અને સિદ્ધાંતપાલન માટેનો આગ્રહ એ એમના જીવનની કૂંચી છે. એક વખતે (સત્યાગ્રહની લડતના) સિદ્ધાંત ખાતર એમણે પુત્ર અને પત્નીનો પણ ત્યાગ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીને જ પોતાની ભાષા માનનાર આ મહારાષ્ટ્રીય વિદ્વાનની સેવા ગુજરાત કદી ન વીસરી શકે. પ્રકીર્ણ પ્રાસંગિક લેખો લખી ગાંધીજીના વિચારો ફેલાવવામાં

એમની લેખિનીએ ઘણી મદદ કરી છે. જોડણીકોશ પ્રગટ કરી ગુજરાતી ભાષાને સરળ અને એકધારી બનાવવા એમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. એમની બળવાહી અને સંસ્કારી પ્રૌઢ શૈલીને લીધે અત્યારની ગુજરાતી ભાષાના એ એક રીતે વિધાયક થઈ શકયા છે.

પણ જ્યારે કાકા કાલેલકર ગાંધી–અસર ત્યાગી, પોતાની લેખિનીને છૂટી મૂકી દે છે, ત્યારે તે એક સુંદર કલાકાર તરીકે ઝળકી ઊઠે છે. એમના કલ્પના-વિહાર કવિતામય ગદ્યમાં પરિણમે છે. એમનો 'હિમાલયનો પ્રવાસ' કુદરતના સૌંદર્યનાં દર્શન કરાવી આપણને મુગ્ધ કરે છે. ગુજરાતી સાહિત્યનું એ ઉત્તમોત્તમ પુસ્તક લેખાય છે. એવી જ રીતે જેલનિવાસના અનુભવોની નોંધ સમી 'ઓતરાતી દીવાલો'ની ગ્રંથિકા કુદરતનાં તત્ત્વો અને પશુપંખી તરફના એમના અનહદ પ્રેમથી અને તેમની ટેવોના સૂક્ષ્મ અવલોકનથી આપણને રંજિત કરે છે. આવા પ્રસંગોએ એમની શૈલી ભાવમય અને સરળ છતાં પ્રૌઢ બને છે. 'સ્મરણયાત્રા' અને 'લોકમાતા' પ્રત્યેક કિશોર-કિશોરીએ વાંચી જવા જેવાં પુસ્તકો છે. નીચેના બે નિબંધોમાંનો પહેલો 'હિમાલયનો પ્રવાસ'માંથી છે અને બીજો 'જીવનનો આનંદ'માંથી છે.]

(૧) નગાધિરાજ

મનુષ્યમાત્રમાં પોતાની જન્મભૂમિનું સ્મરણ, જન્મભૂમિનો વિરહ અને જન્મભૂમિએ પાછા પહોંચી જવાની ઇચ્છા નિત્ય જાગ્રત હોય છે જ. હિંદુસ્તાનની જબરી શહેનશાહત મળી અને મીઠી અમૃત જેવી કેરી ખાવાને મળી છતાં આખરને મધ્ય એશિયાનાં એનાં તરબૂચ વારંવાર યાદ આવતાં. જન્મભૂમિનાં દર્શન જીવતાં એના ભાગ્યમાં ન હોય તોપણ અંતે એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાડકાં તો એ જન્મભૂમિમાં જ જઈને પડે એવી એની ઇચ્છા રહી. હિંદુસ્તાનમાં આવીને નવાબી ઠાઠમાં રહેનાર અંગ્રેજને પણ છ માસની રજા લઈને સ્વદેશ જઈ આવ્યા વિના ચેન પડતું નથી. આવી જ જાતની કંઈક ઉત્કંઠા હિંદુ લોકના મનમાં હિમાલયને વિશે છે. ઇતિહાસકાર આર્યોના મૂળસ્થાન તરીકે ભલે ઉત્તર ધ્રુવને કલ્પે, ભાષાશાસ્ત્રી એ માન ભલે મધ્ય એશિયાને આપે, દેશાભિમાની ભલે હિંદુસ્તાનને જ આર્યોની આદ્યભૂમિ સિદ્ધ કરે, પરંતુ રાષ્ટ્રહૃદયમાં વસતી પ્રેરણાને જો કંઈ ઐતિહાસિક મહત્ત્વ હોય, તો હિમાલય એ જ આપણું આર્યોનું આદ્યસ્થાન છે. રાય હો કે રંક, વૃદ્ધ હો કે યુવાન, પુરુષ હો કે સ્ત્રી, સર્વને લાગે છે કે આયુષ્યમાં વધુ નહિ તો એક જ વાર પણ હિમાલયનાં દર્શન કરીએ, હિમાલયના અમૃત જળનો આસ્વાદ લઈએ, હિમાલયની એકાદ વિશાળ શિલાની ઉપર બેસીને ક્ષણભર ધ્યાન ધરીએ. જિંદગીનાં કરવાનાં તેટલાં કાર્યો સમેટાઈ જાય, ઇંદ્રિયોની બધી શક્તિઓ ક્ષીણ થઈ જાય, જીર્ણ દેહ અને બાકી રહેલું આયુષ્ય ભારરૂપ લાગવા માંડે, એટલે પછી આ દુનિયારૂપી પારકા ઘરમાં પડ્યા ન રહેતાં સ્વગૃહે જઈને જ મરીએ, આવા ઉદ્દેશથી કેટલાયે હિંદુઓ અન્નજળનો ત્યાગ કરીને દેહ પડે ત્યાં લગી હિમાલયમાં ઈશાન ખૂણા તરફ ચાલ ચાલ કરે છે. આપણા શાસ્ત્રકારો આ જ માર્ગ લખી ગયા છે. કોઈ રાજાનું રાજપાટ ગયું કે તે જશે હિમાલયમાં. ભર્તૃહરિ સરખાને ચાહે તેવડો વૈરાગ્ય ઊપજ્યો, પણ તેનેય હિમાલયને વિષેનો અનુરાગ એક અણુમાત્ર પણ ઘટવાનો નહિ, ઊલટો એનો અનુરાગ વધારે ને વધારે ચડતો જશે. કોઈ વેપારીને દેવાળું કાઢવા વખત આવ્યો, કોઈ સોદાગરનું સર્વસ્વ સમુદ્રમાં ડૂબી ગયું, કોઈની સ્ત્રી કુલટા નીવડી, કોઈની પ્રજા ઊધળી ગઈ, કોઈને કંઈ રાજકીય કે સામાજિક સંકટ માથે આવી પડ્યું, કોઈને પોતાના અધઃપાતને લીધે સમાજમાં મોં બતાવવા સરખું ન રહ્યું — કોઈ પણ અવસ્થામાં આસ્તિક હિંદુ આપઘાત નહિ કરે. પરમ દયાળુ મહાદેવ ઉપર હિંદુને જેટલી શ્રદ્ધા છે તેટલી જ અટળ શ્રદ્ધા તેને હિમાલય ઉપર છે. પશુપતિનાથની જેમ હિમાલય પણ અશરણશરણ છે. રાષ્ટ્રોદ્ધારનું ચિંતન ચંદ્રગુપ્તે હિમાલયમાં જઈને જ કર્યું હતું. સમર્થ રામદાસ સ્વામીને પણ રાષ્ટ્રોદ્ધાર કરવાની શક્તિ બજરંગ બલી રામદૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી હિમાલયમાં જ પ્રાપ્ત થઈ હતી. હિંદુ ધર્મનું રહસ્ય પ્રગટ થાય એવું પૃથ્વીની સપાટી ઉપર કોઈ સ્થાન હોય તો તે હિમાલય જ છે. શ્રી વેદવ્યાસે પોતાનો ગ્રંથસાગર હિમાલયને ખોળે બેસીને રચ્યો હતો. શ્રીમાન શંકરાચાર્યે એમની વિશ્વવિખ્યાત પ્રસ્થાનત્રયી હિમાલયમાં જ લખી કાઢી હતી, અને સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદે પણ સનાતન ધર્મનાં તત્ત્વો આધુનિક જમાનાને કેવી રીતે લાગુ કરવાં એના વિચાર હિમાલયમાં જ કર્યા હતા.* હિમાલય — આર્યોનું આ આદ્યસ્થાન, તપસ્વીઓની આ તપોભૂમિ — પુરુષાર્થી લોકોને માટે ચિંતન કરવાનું એકાંત સ્થાન, થાકયાંપાકયાંનો વિસામો, નિરાશ થયેલાંઓનું સાન્ત્વન, ધર્મનું પિયેર, મુમૂર્ષુઓની અંતિમ દિશા, સાધકોનું મોસાળ, મહાદેવનું ધામ અને અવધૂતની પથારી છે. માણસોને તો શું, પશુપક્ષીઓને પણ હિમાલયનો આધાર અપૂર્વ છે. સાગરને મળનારી અનેક નદીઓનો એ પિતા છે. એ જ સાગરમાંથી ઉદ્‌ભવેલાં વાદળાંનું એ તીર્થસ્થાન છે. કવિકુલગુરુએ એ 'દેવતાત્મા નગાધિરાજ'ને પૃથ્વીનો માનદંડ કહ્યો છે તે અનેક અર્થે યથાર્થ છે. હિમાલય એ ભૂલોકનું સ્વર્ગ; યક્ષકિન્નરનું વસતિસ્થાન છે. જગતનાં સર્વે દુઃખોને સમાવી લે એવડો તે વિશાળ છે; સર્વ ચિંતાગ્નિને સમાવી દે એટલો એ ઠંડો છે; કુબેરને પણ આશ્રય આપી શકે એવડો એ ધનાઢય છે; અને મોક્ષની સીડી બની શકે એવડો એ ઊંચો છે. છેક બાલ્યપણથી હિમાલયનું નામ આપણે સાંભળતા આવ્યા છીએ. બાલવાર્તા, બાલગીત, પ્રવાસ કે યાત્રાવર્ણન, ઇતિહાસ કે પુરાણ, ગમે ત્યાં જુઓ, બધે અંતિમ આશ્રય તો હિમાલયને વિશે જ મળવાનો, નાનપણથી જ આદર્શ રમણીય સ્થાન કલ્પનાસૃષ્ટિમાં આવ્યું હશે તે હિમાલયમાં જ કલ્પાયું હોવાનું.

અરે, આ હિમાલયે શું શું નથી જોયું? પૃથ્વી પરના અસંખ્ય ધરતીકંપ અને આકાશમાંના હજારો ધૂમકેતુને આંખની પાંપણ પણ હાલવા દીધા વગર એણે જોયા છે. મહાદેવના વિવાહ એણે જ કરી આપ્યા છે. સતીના વિહારનું અને કુમારસંભવનું એણે જ અપત્યવાત્સલ્યથી કૌતુક કર્યું છે. રઘુકુળની ભગીરથ પર્યંતની અનેક પેઢીઓની કઠણ તપસ્યાઓનો

* ગાંધીજીએ પોતાનો ગીતાનો અનુવાદ – અનાસક્તિયોગ – પણ હિમાલયમાં જ પૂરો કર્યો એનું અહીં સ્મરણ થયા વગર રહે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાક્ષી છે. પાંડવોની મહાયાત્રા એણે જ સફળ કરી છે. પણ જૂની વાતો શા માટે? સત્તાવનની સાલના પરાક્રમમાં શિકસ્ત મળવાથી હતાશ ને નાસીપાસ થયેલા વીરોને અને મુત્સદ્દીઓને હિમાલયનો જ આશ્રય મળ્યો છે. ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિથી જોવું હોય, પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિથી વિચારવું હોય, ઐતિહાસિક દૃષ્ટિથી શોધ કરવી હોય, ભવ્યતાનું જે તમારે દર્શન કરવું હોય, ધર્મતત્ત્વોને ઉકેલવાનો જે તમારે પ્રયત્ન કરવો હોય, તો હિમાલયમાં જ તમારું સમાધાન થવાનું; કારણ આર્યાવર્તના એકેએક જમાનાના પુરુષાર્થ હિમાલય જાણે છે.

હિમાલયમાં જવાની પ્રથમ ઇચ્છા મારા હૃદયમાં કયારે ઉત્પન્ન થઈ એ કહેવું મુશ્કેલ છે. કદાચ મારા જન્મની સાથે સાથે જ એ પણ જન્મી હશે. કદાચ ઉપર કહ્યું તેમ, એ વંશપરંપરાગત રાષ્ટ્રીય ભાવના હશે. પ્રવાસનો વિચાર કરીએ એટલે ઘર છોડીને આપણે પરદેશ જઈએ છીએ એવી ભાવના મનમાં આવે છે. હિમાલય જવાનો મેં જ્યારે જ્યારે વિચાર કર્યો છે, ત્યારે ત્યારે હું સ્વદેશ જવાનો છું, — નહિ નહિ, સ્વગૃહે જવાનો છું, એવી જ ભાવના મારા મનમાં પ્રબલપણે ઊઠતી અને મનમાં ને મનમાં મને ગલગલિયાં થતાં. હજુ પણ કોઈ હિમાલયની વાત કાઢે એટલે સાસરામાં રહેતી વહુ પિયેરની વાત સાંભળીને જેટલી રાજી થાય તેટલો આનંદ થયા વગર રહેતો નથી. છોકરી પિયેરથી દૂર પડી એટલે તે સતત પિયેરને જ ઝંખ્યા કરે છે. આ ઝંખનાનું પરિણામ એ થાય છે કે, પિયરનું પ્રત્યક્ષ ચિત્ર એક બાજુ રહી જઈને તે પોતાના મનમાં એક પ્રેમચિત્ર નિર્માણ કરે છે અને પોતાના માટે આ પ્રેમચિત્ર એ જ એક ખરી ચીજ છે. ઝંખના — ચિંતનનો ગુણ જ એવો છે કે, જે વસ્તુ જેવી હોવી જોઈએ એવી ઇચ્છા હોય તે વસ્તુ તેવી છે જ એવી ભાવના થતી જ્ઞમ છે. જગતમાં યથાતથ જ્ઞાન કોઈને થતું હોય તો ભલે; પણ જેને આપણે અનુભવનું પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ, તેની ઉપર પણ આપણી ઇંદ્રિયોનો રંગ ચડેલો હોય છે જ; એ કેવળ જ્ઞાન નથી હોતું. પ્રેમચિત્રમાં ઇંદ્રિયોનો રંગ નથી હોતો, પરંતુ હૃદયનો રંગ હોય છે, આદર્શ ભાવનાઓનો રંગ હોય છે, અને તેથી એ ચિત્ર આપણા જીવને વિશેષ નજીકનું અને વિશેષ સત્સ્વરૂપ લાગે છે. તર્કવાદી ભલે આ ચિત્રને ખોટું ગણી કાઢે. સંસારનો અનુભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સંસારનું રહસ્ય બધું તર્કની ચાળણીમાંથી ચાળી શકાતું નથી. તર્કને લાગે છે કે, મેં કરાવી આપેલી વ્યવસ્થા જગતે માનવી જ જોઈએ. જે મારે ગળે નથી ઊતરતું તે સત્ય હોઈ જ ન શકે. અસ્તુ.

હવે પછી હિમાલયનાં હું જે શબ્દચિત્રો આપવાનો છું તે પ્રેમચિત્રો હોવાનાં. જે વસ્તુની ઉપર પ્રેમ બંધાયો તે વસ્તુનો પ્રેમરહિત વિચાર થઈ શકે જ નહિ. તેથી મારી પાસેથી પ્રેમચિત્ર છોડીને બીજી ભળતી ચીજની અપેક્ષા કેમ કોઈ રાખે?

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૧) **નગાધિરાજ**–હિમાલય. (નગ + અધિરાજ) પર્વતોમાં શ્રેષ્ઠ. **ઉત્કંઠા**–તીવ્ર ઇચ્છા. **અનુરાગ**–પ્રીતિ. **અધઃપાત**–પડતીની દશા. **પશુપતિનાથ**–મહાદેવ. **અશરણશરણ**–નિરાધારનો આધાર, અનાથનો નાથ. **મુમૂર્ષુ**–મરવાની ઇચ્છા રાખનાર. **કવિકુલગુરુ**–મહાકવિ કાલિદાસ. **અપત્યવાત્સલ્ય**–બાળક તરફ વહાલ. **વંશપરંપરાગત**–પેઢી દર પેઢી. **પ્રેમચિત્ર**–પ્રેમપૂર્વક દર્શાવેલા વિચારો.

૧. જન્મભૂમિ પ્રત્યેનો પ્રેમ સહજ છે એ દર્શાવવા કાકાસાહેબ શું કહે છે?
૨. આર્યસંસ્કૃતિના ઉદ્ભવસ્થાન તરીકે લેખક હિમાલયને કેટલું મહત્ત્વ આપે છે? શા માટે?
૩. હિમાલયના સંબંધમાં લેખક કઈ કઈ મહાન માનવ વિભૂતિઓનો નિર્દેશ કરે છે? એ બધા માટે તમે શું જાણો છો?
૪. "આર્યાવર્તના એકેએક જમાનાના પુરુષાર્થ હિમાલય જાણે છે."–આ વિધાનનું લેખક કેવી રીતે સમર્થન કરે છે?
૫. હિમાલય જવાનો વિચાર લેખકને પ્રથમ કયારે આવ્યો? એ સાથે એમના હૃદયમાં કેવા ભાવ ઉત્પન્ન થયા?
૬. હિમાલય સંબંધી કાંઈક ભૌગોલિક માહિતી આપો.
૭. તમે કોઈ ગિરિપ્રવાસે ગયા છો? એ પ્રવાસ વર્ણન આશરે ૨૫ લીટીમાં કરો.
૮. નીચેના શબ્દો ઉપર ટૂંકી નોંધ લખો:—કવિકુલગુરુ, યક્ષકિન્નર, કુબેર, ભગીરથ, વેદવ્યાસ, ધૂમકેતુ, અપત્યવાત્સલ્ય, મુમૂર્ષુ, ભર્તૃહરિ, પશુપતિનાથ.

(૨) મધ્યાહ્નનું કાવ્ય

વેદમાં બપોરનું વર્ણન છે એવું તો કોઈ ઠેકાણે નહિ આવ્યું હોય. બપોર એક મોટું શિકારી કૂતરું છે અને તે આકાશમાં દોડે છે. એણે જીભ બહાર કાઢી છે. એમાંથી જ્વાળા નીકળે છે. એ કૂતરું કોનું કહેવાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યનું કે એના દીકરાનું ? યમાજી ભાસ્કર હંમેશાં કૂતરાં લઈને ફરે છે, પણ એને ચાર ચાર ડોળા હોય છે ! ભાસ્કરરાવ પાસેથી જ એને કૂતરાં મળેલાં હોવાં જોઈએ. પોતે ચાર આંખવાળા એટલે ચારઆંખિયાં કૂતરાં એમની પાસે જ હોય.

અપોરને કૂતરાંની ઉપમા આપનાર નવો કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય છે. એના Feast of youth (યૌવનની મિજબાની) નામના કાવ્ય-સંગ્રહમાં એવો જ ચિતાર છે. કવિ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે પણ અપોરનું વર્ણન આપવાનો પ્રયત્ન કર્યો છે. જોકે આજની અપોર અનુભવ્યા પછી ઋતુસંહારમાં આવેલું ગ્રીષ્મનું વર્ણન જ ધ્યાનમાં આવે. અપોરના ત્રાસથી ત્રાસેલો ઉંદર નાગની ફણાની છાયા શોધતાં પણ અચકાતો નથી. બીજી ક્ષણે દુર્વાસાનો ભાઈ વિશ્વામિત્ર યાદ આવે છે. એણે હરિશ્ચન્દ્રનું સત્ કસવા ખાતર ચંડ ભાનુને પ્રચંડ તપાવ્યો હતો. છતાં હરિશ્ચન્દ્રનું સત્ તો ઓગળી ન ગયું પણ કોમળ રોહિદાસ પણ એથી ન ચળ્યો.

એવા જ પ્રખર તડકામાં મારે નાનપણમાં એક વાર ઉઘાડે પગે દવા લાવવા જવું પડ્યું હતું. મ્યુનિસિપાલિટીના ફાનસના થાંભલાઓ અને ઘરની દીવાલો કંજૂસની પેઠે પોતાની છાયા પોતાના પગ તળે દબાવીને જ ઊભાં હતાં, એટલે મારા પગને આશ્રય ક્યાંથી મળે ? રસ્તા પરથી ગયેલાં પરોપકારી પશુઓએ છાણના પોદળા નાખ્યા હતા. એ આવે એટલે ક્ષણને માટે એના ઉપર જઈને ઊભો રહેતો. એની ઠંડક કેટલી મીઠી લાગતી ! પગે બાઝીને એનાં જો સુકાયેલાં છાણાં થાત તો જરૂર એ પાદત્રાણની (ચંપલની) ગરજ સારત. એવે વખતે છાણ એ વસ્તુ ગંદી જેવી લાગતી નથી. સૂગ કે સૌન્દર્ય વસ્તુગત નથી પણ ભાવનાગત છે.

તે દિવસે તડકા ઉપર હું છેલ્લો ચિડાયો. ત્યાર પછી હું હંમેશાં તડકા ઉપર પ્રેમ જ કરતો આવ્યો છું. એ પરિવર્તન શાથી થયું એ જાણવું મુશ્કેલ છે. વખતે ત્રાટિકા નાટકમાં પ્રતાપરાવ પોતાની નવોઢા વધૂને તડકામાં ચાંદરણું કહીને લઈ જાય છે એની સાથેના સમભાવને લઈને થયું હોય તો કોણ જાણે ! પણ એમ ન હોય. સાચે જ તડકાનો રંગ મને ખૂબ ગમે છે. કેટલીક વસ્તુઓ પ્રત્યે આપણે તટસ્થ નથી થઈ શકતા તેથી તેનું સૌન્દર્ય ગુમાવીએ છીએ. બિહારમાં તળાવ ઉપર લાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગની લીલ બાઝે છે તેથી કેટલી અનેરી ગાલીચાની શોભા ફૂટે છે ! પણ અંદર જવા જતાં તો પગ જ લપસે છે; અને વળી એ પાણી પીવા લાયક હોતું નથી. એનું સ્મરણ કરીને માણસ દિવેલિયું મોઢું કરે છે. માણસ ઉપયોગમાંથી ઊગરી ન જાય ત્યાં સુધી સૌન્દર્યની શોભા સમજી ન શકે.

મારી દલીલ એ છે કે જે તડકામાં કુમળાં ફૂલો પણ ખીલે છે તે તડકાનો વાંક તમે શી રીતે કાઢી શકો ? જે તડકો કેળના પેટમાંનું પાણી પણ લૂંટતો નથી તેને તમે ત્રાસદાયક કહો શાથી ?

તડકો પુરજોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવા લાયક હોય છે. ભેંસો દૂધ દેતી વખતે જેમ આંખ મીંચીને નિઃસ્તબ્ધ ઊભી રહે છે તેમ આકાશ તડકાની શેરો છોડતું ઊભું જ રહે છે. ન મળે વાદળાં, ન મળે ચાંદલો. ચાંદો હોય તોયે વાસી રોટલાના કકડા જેવો કયાંક પડયો હોય. બધે એક જ રસ ફેલાયેલો હોય છે. એને વીરરસ કહીએ કે રૌદ્ર ? હું તો એને શાંત રસ જ કહું ! શાંત રસ શીતલ જ શા માટે હોય ? તપ્ત કેમ ન હોય ?

ઉનાળાના દિવસો પરિણામે રમણીય હોય છે એવું પ્રમાણપત્ર આપવાની કશી જરૂર નથી. બપોરે પણ એ કાંઈ બોજા રમણીય નથી હોતા. માત્ર એ રમણીયતા પારખવાની આંખો જોઈએ છે. બસ એટલું જ. ખરે બપોરે જાણે રસ્તાઓ પહોળા થાય છે; ગામ ગામ વચ્ચેનું અંતર વધે છે; શહેરમાં હજીયે વધારે વસ્તી માઈ શકે એવો ભાસ થાય છે; અને જાણે ઈશ્વરની એ લીલા આગળ ચરાચર સૃષ્ટિ તો શું પણ માનવપ્રાણી પણ સ્તબ્ધ થઈ જાય છે.

તડકાની લહેજત પારખે છે એકલો પવન. એ સુખેથી ફાવે તેમ દોડે છે. નદીઓ પર પણ દોડે છે અને ટેકરીઓ ઉપરથીયે દોડે છે. સમુદ્ર હોય કે રણ હોય, એને દોડતાં જરાયે મુશ્કેલી પડતી નથી. એને કાંઈ છાણાંનાં પગરખાં શોધવાં નથી પડતાં. એ જઈ જઈને વૃક્ષોને પૂછે છે, 'કેમ મજામાં છો ને ?' ઊંચણશી ઝાડો માથું ધુણાવીને જવાબ વાળે છે: 'કેમ નહિ ? કેમ નહિ ?' આકાશની સમડીઓ પણ તડકાના રસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજા માણે છે. જરાયે ઉતાવળ કર્યા વગર ગોળ ગોળ ફરતી એ ઉપર ચડે છે અને નીચે ઊતરે છે. જાણે પ્રશાંત સાગરનાં યાત્રી વહાણો.

આવા તડકામાં જો મુસાફરીનો પ્રસંગ આવે તો શરૂઆતમાં ઘડી અધઘડી તકલીફ થાય તે ખરી, પણ એક વાર પરસેવો છૂટ્યો એટલે પછી એવો તો આનંદ આવે છે કે જાણે તળાવમાં નાહતા હોઈએ. હા, પગ તળે રેતી હોય તો પગનાં મિસ્કિટ થાય ખરાં, પણ એ વાંક કાંઈ તડકાનો નથી. अन्यस्मात् लब्धपदो नीचो प्रायेण दुस्सहो भवति । रविरपि न दहति तादृक् यादृक् दहति वालुकानिकरः ।। માણસ ધારે તો એનો ઉપાય કરી શકે છે. રજપૂતાનાના લોકો જોડા પહેરે છે એમાં ઉપરની નાની જીભને ઠેકાણે મોરની કળા જેવું મોટું ચામડું જ બેસાડી દે છે. રેતીમાં ચાલતી વખતે રેતી તો ખૂબ ઊડવાની, પણ આ કળાને લીધે પગ બચી જાય છે. રજપૂતો એને શું કહે છે કોણ જાણે. અરસિક અંગ્રેજો તો એને Sand guard (રેતીરક્ષક) કહેવાના. હું તો એને ખાસડકળા કહું.

સવાર સાંજ કરતાં બપોરે આકાશનો રંગ કંઈક આછો હોય છે એથી જ તડકો આટલો શોભે છે. બગાસ ગ્રહણ વખતે તડકો કાળાશ પડતો થાય છે, અને આકાશ પણ એવું ગમગીન દેખાય છે કે એને આશ્વાસન આપવા માટે તારાઓને પણ દોડી આવવું પડે છે. એના કરતાં તો ચોમેર ફેલાયેલું ફિક્કું આકાશ હજારગણું સારું. અને એમાં જો પાતળાં વાદળાં આવી જાય તો સંગેમરમરની શોભા જ જોઈ લો.

પણ તડકાનો આનંદ પ્રત્યક્ષ મળતો હોય તે વખતે શબ્દો લખવાનું પણ સૂઝવું ન જોઈએ. લાંબું લખીએ તો લેખિની પણ સુકાઈ જવી જોઈએ. પછી કવિ વિલિયમ કૂપર વિલાપ કરે તોપણ કશું લખાય નહિ.

શાંતિનિકેતનમાં ઉનાળાના દિવસો હતા. બરે બપોરે કવિશ્રીને મળવા ગયો હતો. મેં એમને કહ્યું, 'કયવસરે આવીને આપને તકલીફ આપું છું.' એમણે કહ્યું, 'તમે પણ તકલીફ ઉઠાવી છેસ્તો.' મેં કહ્યું, 'ના, મને તો તડકો ગમે છે; હું તો એનો આનંદ લૂંટું છું.' આ સાંભળતાંવેંત કવિશ્રી એકાએક પ્રસન્ન થયા અને કહે, 'હેં, તમને પણ તડકામાં આનંદ આવે છે? હું તો ખૂબ તડકો હોય છે ત્યારે બારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ આરામખુરસી નાખીને લૂમાં નાહું છું. મને એમાં ખૂબ જ આનંદ આવે છે. પણ હું તો માનતો હતો કે એવો શોખીન હું એકલો જ છું.' મેં બીતાં બીતાં વિનોદ કર્યો : 'રવિને પોતાનો તડકો ન ગમે તો તે કયાં જાય?'

ટિપ્પણ અને સ્વાધ્યાય

(૨) **ચંડ**–ગરમ; ક્રોધી. **પ્રચંડ**–ભયંકર. **પરિવર્તન**–ફેરફાર. **નવોઢા**–(નવ + ઊઢા) તાજી પરણેલી. **રૌદ્ર**–ભયાનક. **પરિણામે**–છેવટના ભાગમાં; સાંજના પહોરે. **યાત્રી**–મુસાફરી કરનાર. **અન્યસ્માત્.....વાલુકાનિકરઃ**–નીચને બીજા પાસેથી ઉચ્ચ પદ મળે ત્યારે તે આકરો બને છે. તપેલી રેતી જેટલું દઝાડે છે તેટલું તો સૂર્ય પણ દઝાડતો નથી. **ખાસડકળા**–ખાસડાની કળા; ખાસડાના માથાની કલગી. ('મોરકળા' ઉપરથી). **સંગેમરમર**–આરસ. **વિલિયમ કૂપર**–અંગ્રેજ કવિ મિ૦ કૂપર કુદરતનો ભક્ત હતો. એક વખત બીમારીને લીધે તેનાથી કાગ્યો લખાતાં નહોતાં, ત્યારે તેને અફસોસ થયેલો. તેનો અહીં રમૂજી ઉલ્લેખ છે.

૧. બપોરના તડકા વિષે લેાકમત કેવો છે? એ વિષે લેખકનો શો મત છે? કઈ કઈ હકીકતો વડે તેઓ એ મતની પ્રતીતિ કરાવે છે?

૨. તડકાનું સૌંદર્ય દર્શાવવા લેખકે આલેખેલાં અપૂર્વ શબ્દચિત્રો ઓળખાવો.

૩. આ નિબંધમાં લેખકે કયે કયે સ્થળે વિનોદ કર્યો છે?

૪. આ પાઠમાંથી ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ અને શબ્દાનુપ્રાસનું એક એક દૃષ્ટાન્ત ઓળખાવો.

૫. 'મધ્યાહ્નનું કાવ્ય' એ મથાળાની સાર્થકતા સાબિત કરો.

૬. નીચેનાં વિધાનોનો વિચારવિસ્તાર કરો :—

(ક) સૂરજ કે સૌંદર્ય વસ્તુગત નથી પણ ભાવનાગત છે. (ખ) માણસ ઉપયોગમાંથી ઊગરી ન જાય ત્યાં સુધી સૌંદર્યની શોભા સમજી ન શકે.

૭. આ પાઠનું દૃષ્ટાન્ત લઈ નિબંધ લખવાની કળા વિષે ચર્ચા કરો.

૮. મધ્યાહ્ન કે મધ્યરાત્રિ વિષે નિબંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનૈયાલાલ માણેકલાલ મુનશી

[ગુજરાતીઓની લગભગ લુપ્ત થયેલી અસ્મિતાને પોતાની પ્રતિભાશાળી કલમ વડે સજીવન કરનાર, વિવિધ પ્રવૃત્તિઓથી એને વિકસાવવા મથનાર, 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'પૃથ્વીવલ્લભ', 'જય સોમનાથ', 'વેરની વસૂલાત' જેવી સમર્થ નવલકથાઓના લેખક, શ્રી. મુનશી ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ છે. એમનો જન્મ ૧૮૮૭માં ભરૂચમાં થયો હતો. ભરૂચમાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી એ વડોદરા કૉલેજમાં દાખલ થયા. ૧૯૦૬માં બી. એ., ૧૯૧૦માં એલએલ. બી. અને ૧૯૧૩માં ઍડવોકેટની પરીક્ષા પસાર કરી અને મુંબઈમાં એક પ્રખર ધારાશાસ્ત્રી તરીકે પ્રખ્યાત થયા.

શરૂઆતમાં કેટલાંક સામયિકોનું તંત્રીપદ એમણે કરેલું, પણ 'ગુજરાત' માસિકના તંત્રી તરીકે એમણે અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી હતી. જૂની સામાજિક પ્રણાલિકા તોડી ઈ. સ. ૧૯૨૬માં એમણે શ્રી. લીલાવતી સાથે લગ્ન કર્યું અને અનેક પ્રકારના ઊહાપોહ શાંતિથી સહી અડગ રહી આજે મુનશીદંપતી સાહિત્યસેવા, સમાજસેવા અને દેશસેવા કરી રહ્યાં છે. ૧૯૩૦માં અસહકારની બીજી ચળવળ શરૂ થતાં બન્ને મહાત્માજીને પડખે જઈ ઊભાં. સમાજ અને રાષ્ટ્રસેવાનાં સ્વપ્ન કૉલેજજીવનથી મુનશીએ સેવેલાં. 'સ્વપ્નદ્રષ્ટા' નામે નવલકથામાં અને કેટલાંક ભાવનાશાળી, મહત્ત્વાકાંક્ષી પાત્રો દ્વારા એમણે એ સ્વપ્નો વ્યક્ત કર્યાં હતાં.

એક સમર્થ નવલકથાકાર હોવા ઉપરાંત મુનશી એક અનેક નાટ્યકાર અને ટૂંકી વાર્તાના સિદ્ધહસ્ત લેખક છે. એમણે ગુજરાતી નવલકથાના લગભગ સ્થિર પ્રવાહને પ્રબલ વેગ આપ્યો, પ્રાણવાન અને વિવિધ પાત્રો ઉત્પન્ન કર્યાં, અને સીધી પણ સચોટ અને સુંદર રીતે વાર્તા કહેવાની કળા ગુજરાતને આપી. 'સરસ્વતીચંદ્ર' તરફ આદરથી જોઈ રહેલા ગુજરાતનું ચિત્ત એમની નવલકથાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની તરફ આકર્ષ્યું અને યુવાન ગુજરાતને પોતાના સૌંદર્ય અને બલ વડે મુગ્ધ કર્યું. એમનાં પાત્રો અને વસ્તુમાં (નવલકથા અને નાટકોમાં) શક્તિ અને સૌંદર્યનો સફળ યોગ સધાયો છે. વસ્તુ અને પાત્રોની ભવ્યતા અને ગૂંથણી, અને આલેખનની સુંદરતા વાચક ઉપર એક પ્રકારની મોહની નાખે છે. એમની રમતિયાળ અને રસમય શૈલી પણ વાચકના મનને કામણ કરી વશ કરે છે. એમનું ઐતિહાસિક પ્રસંગો અને પાત્રોનું દર્શન અને ઐતિહાસિક કલ્પના અને આલેખન આપણને આંજી નાખે છે. આમ અનેક રીતે મુનશી પોતાના વાચકવર્ગને મુગ્ધ કરે છે. ગુજરાતી ગદ્યશૈલીના વિકાસમાં પણ એમનો ફાળો અમૂલ્ય છે. સંસ્કૃતમય સાક્ષરશૈલી અને રૂઢશૈલી એ બે વચ્ચેનો માર્ગ એમણે સ્વીકાર્યો છે. આમ આ સૌંદર્યરસિક સાહિત્યકાર અનેક રીતે લેખનકલાના પાઠ આપી ભાવી ગુજરાતને ઘડી રહ્યા છે.

નવલકથા, નાટક, (પૌરાણિક નાટકો, સામાજિક નાટકો), અને ટૂંકી વાર્તા ઉપરાંત એમના નિબંધો અને ભાષણો પણ મનનીય છે. વિવેચનસાહિત્ય પણ એમણે લખ્યું છે. એ વિષયમાં Gujarat and its Literature નામનો એમનો દળદાર વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ પ્રગટ થયો છે. આમ એમની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી એક નવું આદર્શ, કલામય, ગુજરાત ઉત્પન્ન કરવાનાં સ્વપ્નાં એ સેવે છે, અને એ સિદ્ધ કરવા શક્ય તેટલા પ્રયત્ન કરે છે. નીચેનો નાટ્યખંડ 'પુત્રસમોવડી' નામના પૌરાણિક નાટકમાંથી છે.]

(૧) ઇંદ્રાસનનો અધિકાર

[શુક્રાચાર્ય (દાનવોના ગુરુ) ઇંદ્રનો મદ ઉતારવા અને દાનવોને થતો અન્યાય અટકાવવા ઇંદ્ર સાથે યુદ્ધ કરે છે. પણ એકલા દાનવો દેવોને ન પહોંચી વળતાં શુક્રાચાર્યનો શ્રમ નકામો જતો લાગે છે. શુક્રાચાર્યની પુત્રી દેવયાની માનવરાજ યયાતિ સાથે પરણે છે, એટલે માનવોનું સૈન્ય દાખલ થતાં દાનવોનું જોર વધે છે. શુક્રાચાર્યની પ્રેરણાથી દાનવરાજ વૃષપર્વા અને દેવયાનીના ભયથી માનવરાજ યયાતિ ઇંદ્ર સામે યુદ્ધ કરે છે, અને ઇંદ્રને પરાજિત કરે છે. પોતે જ ઇંદ્રને હરાવ્યો છે એમ સમજનાર આ બન્ને શુક્રાચાર્યે જેના નાશ માટે જીવનપર્યંત સંગ્રામ આદર્યો હતો, તે જ ઇંદ્રાસન માટે લડી પડે છે.]

સ્થળ : અમરાવતીનું સભામંદિર, મણિજડિત સુવર્ણના સ્તંભોની હારની હાર દેખાય છે. વચ્ચે ઇંદ્રાસન ખાલી પડ્યું છે, અને આગળ વજ્ર પડ્યું છે. યયાતિ અને વૃષપર્વા યુદ્ધમાંથી હરખાતા, વાત કરતા આવે છે. બન્ને સશસ્ત્ર છે.

વૃષપર્વા — આખરે આપણે ઇંદ્રને હરાવ્યો.

યયાતિ — (અભિમાનથી હસીને) મેં દેવોનો કેવો પરાજય કર્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃષપર્વા — કેટલી પેઢીએ આખરે વિજય થયો ! મારા પૂર્વજોનું આજે વેર વળ્યું.

યયાતિ — (મલકાઈને) હું તો જાણતો હતો કે હું જીતવાનો છું.

વૃષપર્વા — (મંદિર જોઈ અંજાય છે.) પણ માનવરાજ ! જુઓ, જુઓ તો ખરા, આ દેવસભાનું મંદિર !

યયાતિ — શું સુંદર ! (ઇંદ્રાસન તરફ જોઈ) ને આ ઇંદ્રાસન ! (પ્રશંસા-મુગ્ધ જોયા કરે છે.) મારી અભિલાષાઓનું પરમ કેન્દ્ર — ઇંદ્રાસન !

વૃષપર્વા — (હોંશ પીસી) આપણા હાથમાં. ને પેલું જોયું ? (બીમેથી) વજ્ર.

યયાતિ — મારા ખડ્ગથી જે માત થયું તે.

વૃષપર્વા — પાતાળને કંપાવતું ભયંકર શસ્ત્ર ! એ હવે આપણું.

યયાતિ — (મૂછ પર તાલ લઈ) બિચારો ઇંદ્ર ! પણ હજુ દેવયાની ગુરુવર્યને તેડીને કેમ નહિ આવી ?

વૃષપર્વા — (કાન દઈ) આ કોઈ એના જેવું જ આવતું જણાય છે. આવા ચપળ, ઉત્સાહી ને સ્વસ્થ પડઘા કોઈ બીજાનાં પગલાં પાડતા નથી.

યયાતિ — (હસીને) તમે એના પડઘા સારી રીતે ઓળખો છો !

વૃષપર્વા — યયાતિ ! અમારી તો આજે એ આધાર, પ્રેરણા ને ઉદ્ધાર.

યયાતિ — તમે બધાએ જ એમ કહી કહી એને ફટવી મૂકી છે. (હસીને) લો, આ આવ્યાં.

વૃષપર્વા — પધારો, દેવયાની !

દેવયાની — (ઉત્સાહથી સભામંદિર તરફ જોતાં) આ દેવોનું સભામંદિર, આપણી નિરાધારીની શૃંખલાઓ જ્યાં ઘડાતી તે !

યયાતિ — (હોંસથી) પેલું ઇંદ્રાસન જોયું, દેવયાની ? એના રંગ તો જો. એના આછા આછા ઓળાઓથી મેઘધનુષ્યની ભભક રચાય છે.

દેવયાની — (ગર્વથી ને ઉગ્રતાથી એકીટસે ઇંદ્રાસન તરફ જોયાં કરે છે.) આ ઇંદ્રાસન — અણુગણ્યા અપરાધોનું જન્મસ્થાન —

વૃષપર્વા — આચાર્ય ક્યાં છે ?

દેવયાની — આવવાની ના પાડે છે.

યયાતિ — કેમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવયાની — મને એમણે કહ્યું કે 'મારે પગ દેવા જેવી વિશુદ્ધ સ્વર્ગભૂમિ હજુ થઈ નથી.'

વૃષપર્વા — ત્યારે? એમના વગર હવે શું કરવું તે કોણ કહેશે?

દેવયાની — પણ મારી જોડે આજ્ઞા કહાવી છે.

યયાતિ — આજ્ઞા?

દેવયાની — (તિરસ્કારથી) હા, આજ્ઞા!

વૃષપર્વા — શી?

દેવયાની — ઇંદ્રાસનની કચ્ચરો કરી વીરેવીરને વહેંચી આપો; વજ્રનો ભૂક્કો કરી ભૂમિમાં મેળવી દો; સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એકાકાર કરી દેવ, દાનવ ને માનવને સમાન અને સ્વતંત્ર બનાવી તેમને સહવાસ ને સાહચર્ય આરંભવા કહો.

યયાતિ — (ગુસ્સે થઈને) }
વૃષપર્વા — (અધીરાઈથી) } શું?

દેવયાની — ગુરુશ્રેષ્ઠની આજ્ઞા સાંભળી?

યયાતિ — પણ આ ઇંદ્રાસનની કચ્ચરો ને વજ્રનો ભૂક્કો?

વૃષપર્વા — દેવદાનવનું સાહચર્ય?

દેવયાની — (ખેદથી) રાજન! ઇંદ્રાસનનો બહુ મોહ છે?

યયાતિ — પણ આખો અવતાર તો 'ઇંદ્રાસન, ઇંદ્રાસન' કરી ગાળ્યો. (ચાવીને) હવે ઇંદ્રાસનનો ભૂક્કો! ગુરુને પણ ઘરડે ઘડપણ ઠીક નવા તુક્કા સૂઝે છે!

દેવયાની — (ખેદથી) માનવ! ધીરા પડો. યુગોના અનુભવથી વિશુદ્ધ એવી શુક્રાચાર્યની દૃષ્ટિમાં દોષ મા જુઓ. અત્યારે તમને આ તમારા શૌર્યનો વિજય લાગે છે; વૃષપર્વાને એના વેરનો વિજય દેખાય છે. ભાર્ગવ આમાં સ્વાતંત્ર્યનું અનંત પ્રતિસ્થાપન ઇચ્છે છે.

યયાતિ — પણ ઇંદ્રાસન? દેવયાની! એની કચ્ચરો કરીશું તો આપણે બેસીશું કયાં?

દેવયાની — સપાટ ભૂમિ પર, ઐલ! — જ્યાં ઊંચાનીચાના ભેદ ન જડે ત્યાં. આ ઇંદ્રાસન પર આપણે બેસીએ? ના, રાજન! ના. ક્રૌર્ય ને જુલ્મની ગંગાજમનાઓ આ શૃંગેથી નીસરી છે. એના પર બેસનારે — પ્રસાદનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોભ આપી લાલચ, ભક્તિનું નામ આપી નિરાધારી, કોપ દર્શાવી ભય, એ બધાં પેદા કરી યુગે યુગે વિનાશ પ્રસાર્યો છે.

યયાતિ — પણ આપણે ઇંદ્ર જેવાં કયાં છીએ? એ ખરાબ હતો. આપણે કાંઈ છીએ?

દેવયાની — રાજન્! ઇંદ્ર ખોટો નથી; ઇંદ્રાસન ખોટું છે. નિરંકુશ સત્તાનું એ સ્થાન પારાવાર દુઃખનું મૂળ છે. શુક્રાચાર્યનો સંજીવનીમંત્ર જે સમજ્યો છે તે નમતો નથી, નમાવતો નથી; તે આસનનો લોભ કરે તો તેની કચ્ચરો કરવા માટે. પિતાજીની આજ્ઞાનો હેતુ ન પારખ્યો? આજે આ ઇંદ્રાસન એક ઇંદ્રને ભયંકર કરી રહ્યું હતું. હવે એની કચ્ચરો વીરેવીરને ભયંકર કરી ત્રણે ભુવનને નિર્ભય કરશે.

યયાતિ — (કંટાળીને) દેવયાની! તારા પિતાની આજ્ઞા કેવળ વેદિયાની છે. મેં જિંદગી બરબાદ કરી આ ઇંદ્રાસન લેવા, ને હવે એનું દાન કરું? વાત લાવી છે! ના. દેવયાની, ઇંદ્રાસન મારું છે. હું એના પર બેસીશ. તારે આવવું હોય તો ચાલ. (દેવયાનીને લઈ જવા મથે છે.)

દેવયાની — (ચેતવણી આપતી) ના, ના, રાજન્! આ જગતોની પાશગ્રંથિ છે, ને કવિ ઉશનસે આ ગ્રંથિ છેદી જગતને મુક્તિ આપવા જંગ આરંભ્યો છે. હું એના પર કદી નહિ બેસું. અને તમે પણ બેસો તે પહેલાં વિચાર કરજો. એની ઉચ્ચતાથી તમને તમ્મર આવશે. એની ભભકથી તમે અંધ બનશો. એની મોહની તમને જુલ્મી બનાવશે. એના પર બેસશો તો ઊતરાશે નહિ. અને સદાયે બેસી રહેવાના લોભથી તમે ક્રોધ અને ક્રૌર્યને ઉત્તેજશો, — જંતુમાત્રનાં શક્તિ અને સ્વાતંત્ર્યને ડામવા તત્પર થશો — ભક્તિ કરાવવા ભય પ્રસારશો — ભય પ્રસારવા નિરાધારી પ્રગટાવશો. રાજન્! પિતાજીની આજ્ઞા નહિ અવગણો.

યયાતિ — બહુ થયું! બહુ થયું! તો ચોખ્ખું કહેની કે તારા પિતાની ગરજ પતી કે તેં તકરાર કરવા માંડી!

દેવયાની — (ગર્વથી) જ્યાં સુધી અભિમાની જુલ્મીઓ ને અધર્મી કાયર છે ત્યાં સુધી એમની ગરજ પતી નથી.

યયાતિ — કહી રહી? ઇંદ્રાસન મેં મારે હાથે મેળવ્યું છે અને હું તે પર બેસીશ, વજ્ર ધરીશ અને ત્રિભુવન મારી ભક્તિ કરશે. ને તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે નહીં બેસશે તો શર્મિષ્ઠાને બોલાવીશ. પણ ભૂલ્યો — ઇંદ્રાણી ઇંદ્રાસનને વરી છે, ઇંદ્રને નહીં.

દેવયાની — ત્યારે યયાતિ ! તમારા કર્મનાં ફળ તમે ભોગવો. ભાર્ગવની પુત્રી અહીંયાં પળવાર પણ નહીં ઊભી રહે.

વૃષપર્વા — કેમ ?

દેવયાની — વૃષપર્વા ! તમે પણ અત્યારે ભાન ભૂલ્યા છો. આ તો તેનું તે જ. યયાતિ ઇંદ્રાસને બેસી ઇંદ્ર થશે, ઇંદ્ર પાતાળે ચંપાઈ વૃષપર્વા થશે. કવિ ઉશનસ ઇંદ્રને પડખે ઊભા રહી યયાતિનો પરાજય સાંધશે.

યયાતિ — યયાતિનો પરાજય ?

દેવયાની — હં ! ઉશનસ ઇંદ્રાસન તોડવા ઉત્સુક છે. જે તેના પર બેસે તે એનો વેરી. વૃષપર્વા ! તમે પણ ગુરુવર્યની આજ્ઞા ઉલ્લંઘો છો ?

વૃષપર્વા — દેવયાની મહા મહેનતે મેળવેલું સ્વર્ગ ગુરુ સાથે વહેંચી લેવા હું તૈયાર નથી.

યયાતિ — જા, દેવયાની ! શુક્રાચાર્યને કહેજે કે થાય તે કરી લે. ઇંદ્રાસન મેળવ્યું છે તે મારા બાહુબળે. આટલા દહાડા શું કરતા હતા ?

દેવયાની — જે આટલા દહાડા કરતા હતા તે જ કરશે — જુલ્મી તે કાયર — બંનેનો વિનાશ. જાઓ. યયાતિ ! વૃષપર્વા ! તમારો મોહ પૂરો કરો. પણ જોજો. ઇંદ્રાસન છે તેટલી બુદ્ધિ પણ નહિ હરી લે. જોજો, હું જાઉં છું. (જાય છે.)

યયાતિ — (હસીને) આવજો ! વૃષપર્વા, સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ.

વૃષપર્વા — (ખંધાઈથી) વારુ. તમે ઇંદ્રાસન લેવાના, ત્યારે મને શું મળવાનું ?

યયાતિ — (ગર્વથી) ગભરાશો નહિ. હું તમારું રક્ષણ કરીશ.

વૃષપર્વા — રક્ષણ ? મારે મારા પૂર્વજોની ભૂમિ જોઈએ છે. દેવોને પાતાળે મોકલી આપીએ.

યયાતિ — તમે અહીંયાં રહેવા માગો છો — આ અમરાવતીમાં ?

વૃષપર્વા — આ અમારી પુરાણી જન્મભૂમિ —

યયાતિ — વૃષપર્વા, ભૂમિ જીતે તેની — જન્મે તેની નહિ.

વૃષપર્વા — (ક્રોધથી) શું કહો છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યયાતિ — નહિ સાંભળ્યું ? વૃષપર્વા ! મેં જીતી તે ભૂમિ મારી.

વૃષપર્વા — પણ મેં નથી જીતી ? આજ હજારો વર્ષોનો વિગ્રહ અમે શા માટે આદર્યો ?

યયાતિ — તે તમે જાણો. પણ ત્રિભુવનવિજેતા યયાતિ જ ત્રિભુવનનો નાથ થશે.

વૃષપર્વા — (ખુન્નસથી) એટલે અમારે તો એક ઇંદ્ર ગયો ને બીજો આવ્યો ?

યયાતિ — (તિરસ્કારથી ઇંદ્રાસન તરફ ફરી) જોઈએ તો એમ ગણો.

વૃષપર્વા — (એકદમ કૂદી યયાતિને બોચીમાંથી પકડે છે.) મારા જીવતાં તને ઇંદ્ર નહિ થવા દઉં.

[યયાતિ પાછો ફરી બાઝે છે. કયાં સુધી દ્વંદ્વયુદ્ધ થાય છે અને યયાતિ વૃષપર્વાને મારી નાખે છે.]

યયાતિ — (ખડખડ હસીને) તારા જીવતાં જ ઇંદ્ર થઈશ. સારું થયું કે દેવયાની ગઈ ને ઉશનસ રિસાયા, નહિ તો આને સજીવન કરત. ઇંદ્રાસન, મારા જીવનના પરમ લક્ષ્ય, આજે તું મારું છે. સદા મારું રહેશે ?

[ધીમેથી પાસે જઈ ઇંદ્રાસન પર બેસે છે. ગર્વથી ટટ્ટાર બનીને]

આ જ મારું સ્થાન — આજનું ને સદાકાળનું. (મૂછ પર તાલ દઈ) ઇંદ્રાસન, ઇંદ્ર ને વૃષપર્વાના વિજેતાથી તું આજે શોભે છે. તારાં પણ અહોભાગ્ય છે. ત્રણ લોકનો નાથ હું અહીંયાં બેસી જગતોને પાળીશ અને મારાં શાસનો અનંત કાળની પ્રજાઓ ભક્તિભીને હૈયે ઝીલશે. બિચારા શુક્ર ! છેક અક્કલ ન બોઈ હોત તો મારું ગુરુપદ શોભાવત, પણ ડાહ્યા બહુ તો ! સેનાપતિ !

સેનાપતિ — (આવે છે ને અંજાઈને પગે લાગે છે.) કૃપાનાથ ! ઇંદ્રાસનના અધિકારી !

યયાતિ — સેનાપતિ ! આજે હું ઇંદ્રનો ઇંદ્ર છું. વૃષપર્વા પણ ગયો. તું ઇંદ્રને લઈ આવ. હવે હું એનો રસ્તો કરું.

સેનાપતિ — જેવી ત્રિભુવનના નાથની આજ્ઞા. (જાય છે.)

યયાતિ — (સ્વગત) સ્વચ્છંદે સૃષ્ટિને શાસવી, એક આંગળીએ જીવન વિધાન કરવું, જીવોની ભક્તિનો અર્ઘ્ય લેવો — એ તો મારા જેવા કોઈક ભાગ્યશાળીના જ ભાગ્યમાં હોય. મનુ ! ઇલા ! પુરુરવા ! પિતૃલોકમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુઓ, આનંદ પામો. પૂર્વજો ! તમારું કુલ તમારા પુત્રે આજે તારી નાખ્યું છે. બિચારી દેવયાની ! એને ન સ્ત્રી થતાં આવડ્યું ને ન ઇંદ્રાણી થતાં આવડ્યું. કોઈ શું કરે ? ભિખારીના હાથમાં આખરે તો હાંલ્લું જ રહ્યું — વૃદ્ધ ને જિદ્દી પિતાનું ખોખરું હાંલ્લું.

[સેનાપતિ ઇંદ્રને લઈને આવે છે. ઇંદ્ર તેજસ્વી, સબલ ને શાંત છે. એની આંખો ગર્વથી ઘેરાયેલી છે. એને માથે મુકુટ નથી, એના હાથમાં શસ્ત્ર નથી. કાને, કોટે ને હાથે અલંકારો છે. એના ચીનાંશુકના વસ્ત્ર પર માનવરક્તના ડાઘા છે.]

સેનાપતિ — ત્રિભુવનના નાથનો જય !

યયાતિ — (થોડી વાર ઇંદ્ર સામું આડંબરથી જોઈને) ઇંદ્ર ! તારું સ્વર્ગનું સામ્રાજ્ય તો ગયું. બોલ, હવે શું જોઈએ છે ? નહુષનો પુત્ર જેવો શરવીર છે તેવો ઉદાર છે !

ઇંદ્ર — માનવરાજ ! હું હાર્યો. માનવ ધારે તો દેવને જીતે એ હું આજે શીખ્યો. ગઈગુજરી હવે વીસરી જઓ તો દેવ-માનવનો સહચાર આરંભીએ.

યયાતિ — સહચાર ? ઇંદ્ર ! તારા ગર્વનો પાર નથી. સહચાર ? તારો ને તારા દેવોનો ? ગાંડા, સેવા કરી જીવ જશે.

ઇંદ્ર — (શાંતિથી) દેવો કોઈને સેવતા નથી.

યયાતિ — તો સેવા કરતાં શીખવું પડશે. બોલ, શું કહે છે ?

ઇંદ્ર — તમે શું કહો છો ?

યયાતિ — (રોકથી) જા. તારા દેવોને લઈને તું પાતાળમાં જઈને રહે. વૃષપર્વા તો આ મૂઓ. એટલે ત્યાં જગા છે. હું તારું રક્ષણ કરીશ — તું મારી સેવા કરજે.

ઇંદ્ર — સેવા કરી અમે કોઈનું સંરક્ષણ યાચતા નથી, કે અમને અમારા સિવાય બીજાનું સંરક્ષણ સ્વીકાર્ય નથી.

યયાતિ — આ હાલા બોલો બોલી મને તપાવ નહિ. ઇંદ્ર ! એમાં સાર નથી.

ઇંદ્ર — અમે હાર્યા છીએ — હવે કશામાં અમને સાર દેખાતો જ નથી.

યયાતિ — (અધીરાઈથી) હું તમને —

ઇંદ્ર — તમે અમને મારી શકવાના નથી.

યયાતિ — (ટોળા કાઢી) આ ઇંદ્રાસન મારું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્ર — (દૃઢતાથી) એ આસન જે બેસે તેનું છે.

યયાતિ — (ઉગ્રતાથી) મૂર્ખ ! હવે આ વજ્ર પણ મારું છે.

ઇંદ્ર — (શાંતિથી) જે નિર્ભય હોય તેનું શસ્ત્ર.

યયાતિ — (ક્રોધથી) હું ડરું છું? ઇંદ્ર, લે ! (ઇંદ્રાસન પરથી ઊઠી વજ્ર ઊંચકી ઉગામે છે.)

ઇંદ્ર — દુષ્ટ ! અવિચારી માનવ ! નિર્ભયને વજ્ર છેડતું નથી. (યયાતિના હાથમાંથી વજ્ર લઈ લે છે. યયાતિ ડરતો, ગભરાતો ઇંદ્રાસનને પડખે ભરાય છે.) યયાતિ ! મેં શું કહ્યું હતું? જે નિર્ભય હોય તેનું શસ્ત્ર. અભિમાની પામર ! અમે તારાથી કે તારા સૈન્યથી હાર્યા એમ માને છે? મૂર્ખ ! (યયાતિ ગભરાતો પગે લાગે છે.)

અમે હાર્યા પરમ યુયુત્સુ ઉશનસની અડગ શક્તિ ને નિઃસ્વાર્થ સ્વાતંત્ર્યથી —

યયાતિ — એમ? ક્ષમા કરો, દેવેન્દ્ર.

ઇંદ્ર — તારા જેવા માટે સ્વર્ગ સારું નથી.

[વજ્ર પછાડે છે. ભયંકર ગગડાટ ને વિદ્યુતના ચમકાર પ્રસરી રહે છે. કાંઈ દેખાતું નથી. માત્ર યયાતિની ચીસો સંભળાય છે.]

[પડદો પડે છે]

ટિપ્પણ અને સ્વાધ્યાય

કેન્દ્ર – મધ્યબિંદુ, ધ્યેય. **તુક્કા** – તરંગ, ટૂચકા. **ભાર્ગવ** – શુક્રાચાર્ય (ભૃગુવંશના તેથી). **ઐલ** – ઈલા (પૃથ્વી)નો પુત્ર યયાતિ. **સંજીવની મંત્ર** – મરેલાંને જીવતાં કરવાની વિદ્યા. આ વિદ્યા શુક્રાચાર્યને આવડતી. આથી તે દેવોને પણ હંફાવતા. **વેદિયો** – ધર્મ સિવાય, વેદવિદ્યા સિવાય જેને બીજી સાંસારિક બાબતોની ગમ નથી તે. **પાશચંથિ** – બંધનની ગાંઠ. **શર્મિષ્ઠા** – વૃષપર્વાની દીકરી. એણે એક વાર દેવયાનીને કૂવામાં નાખી દીધી હતી, ત્યાંથી યયાતિએ દેવયાનીને બહાર કાઢી હતી. વૃષપર્વાએ આ અપરાધ માટે એને દેવયાનીની દાસી તરીકે રાખવા કહ્યું હતું. દેવયાની સાથે શર્મિષ્ઠા યયાતિને ત્યાં ગઈ. ત્યાં દેવયાનીથી છાનાં યયાતિએ તેની સાથે ગાંધર્વલગ્ન કર્યાં ને તેથી તેને ત્રણ પુત્રો થયા હતા. દેવયાનીને આ વાતની ખબર પડતાં તે શુક્રાચાર્ય પાસે ગઈ. ક્રોધમાં શુક્રાચાર્યે યયાતિને શાપ આપ્યો કે તું વૃદ્ધપણાને પામ ! પાછળથી જો કોઈ પુત્ર પોતાનું યૌવન આપે ને પોતે યયાતિની વૃદ્ધાવસ્થા સ્વીકારે તો શાપનું નિવારણ થાય એમ શુક્રાચાર્યે કહ્યું. કોઈ પુત્ર તૈયાર ન થયો. આખરે સર્વથી નાના પુરુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાનું વૃદ્ધત્વ લીધું, અને પછી યયાતિએ ઇન્દ્રને છત્યો. **ઉશનસ** – શુક્રાચાર્ય. **અમરાવતી** – ઇન્દ્રની નગરી. **ચીનાંશુક** – રેશમી કાપડ (ચીનથી આવતું એટલે ?). **યુયુત્સુ** – યુદ્ધની ઇચ્છાવાળા.

૧. 'ઇદ્રાસનના અધિકાર' માટે કોણ લડ્યા ? એનું શું પરિણામ આવ્યું ?

૨. દેવ અને દાનવો વચ્ચે કેવા પ્રકારનો સંબંધ ગણાય છે ? એ વિષે આ નાટ્યખંડમાંથી તમને શું જાણવા મળ્યું ?

૩. દેવયાની આ પ્રસંગમાં શો ભાગ ભજવે છે ? દેવયાનીના પાત્ર ઉપર ટૂંકી નોંધ લખી એના સ્વભાવનું દર્શન કરાવો.

૪. પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો :–

અ. "મારે પગ દેવા જેવી વિશુદ્ધ સ્વર્ગભૂમિ." બ. "દેવ, દાનવ અને માનવનો સહેવાસ અને સાહચર્ય." ક. "સ્વાતંત્ર્યનું અનંત પ્રતિસ્થાપન." ડ. "ઇદ્રાણી 'ઇદ્રાસન'ને વરી છે, 'ઇદ્ર'ને નહિ." ઇ. "ભૂમિ છતે તેની, જન્મે તેની નહિ." ફ. "જિદ્દી પિતાનું ખોખરું હાંલ્લું."

૫. 'ઇદ્રાસન' પર બેસનાર કેવાં કાર્યો કરવા પ્રેરાય છે તે સમજાવો.

૬. 'જે નિર્ભય હોય તેનું શસ્ત્ર' એ વિષય ઉપર ૨૫ લીટી લખો.

૭. આ નાટકનું વસ્તુ પૌરાણિક છે પણ તેમાં રહેલા વિચારો અને ભાવનાઓ આધુનિક છે. આ વિધાન દાખલા આપી સમજાવો.

૮. શુક્રાચાર્યે કઈ ભાવના માટે આજીવન પ્રયત્ન કર્યા ? એ ભાવના વૃષપર્વા અને યયાતિ કેટલે અંશે સમજ્યા હતા ?

૯. યયાતિ અને વૃષપર્વા; શુક્રાચાર્ય અને ઇદ્ર — એમના સ્વભાવ, ભાવના અને કાર્યમાં રહેલા વિરોધી અંશો દર્શાવો.

(૨) આંધી

[નીચેનું વર્ણન 'જય સોમનાથ' માંથી લીધું છે. દર વર્ષે કાર્તિક માસમાં પ્રભાસ પાટણમાં દૂર દૂરથી હજારો યાત્રાળુઓ સોમનાથ ભગવાનના દર્શનાર્થે આવતા. વિ. સં. ૧૦૮૨માં મહમૂદ ગઝનવીએ સોમનાથનું મંદિર લૂંટ્યું અને તોડ્યું એ ઐતિહાસિક (?) ઘટના સાથે સંકળાયેલા પ્રસંગો ને પાત્રોથી 'જય સોમનાથ'ની નવલકથાની વસ્તુની સંકલના થઈ છે. ૧૦૮૨ના કાર્તિક માસમાં ગુજરાતનો ધણી ભીમદેવ પોતાના મંત્રી વિમળશા સાથે સોમનાથ ભગવાનની પ્રાર્થના કરવા આવ્યો હતો. ત્યાં તેના મહામંત્રી દામોદર મહેતાનો સંદેશો આવ્યો કે ગઝનનો હમ્મીર અનેક શહેરોને લૂંટતો, અનેક શૂરવીર રજપૂત રાજાઓને હરાવતો, દેશમાં સર્વત્ર ત્રાસ અને વિનાશ ફેલાવતો, સોમનાથનું વિખ્યાત ધામ લૂંટવા ને તોડવા, અણહીલવાડ પ્રભાસ પાટણને માર્ગે આગળ ધસી રહ્યો છે. સમાચાર સાંભળી યુદ્ધની તૈયારી કરવા ભીમદેવ પાટણ ગયો. મંદિરના પૂજારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગ સર્વજ્ઞે ઘોઘારાણાના પુત્ર સજ્જન અને તેના પુત્ર સામંતને મહમૂદની ચડાઈની વાત કરી ને ઘોઘારાણાને સંદેશો મોકલ્યો કે: 'તમારા કુળમાં એક વીર જીવતો હોય ત્યાં સુધી મહમૂદને આગળ ન વધવા દેશો.' પિતાપુત્ર ગુરુની આજ્ઞા લઈ નીકળ્યા. સજ્જને સામંતને આબુ થઈ ઝાલોર જવા કહ્યું અને પોતે ઘોઘાગઢ વહેલો પહોંચવા રણને ટૂંકે અજાણ્યે રસ્તે આગળ વધ્યો. શ્રી. મુનશીએ પોતાની અજોડ ને રસમય શૈલીમાં સજ્જનના ભયંકર રણમાર્ગ ને તેના કપરા અનુભવોનું અહીં વિગતપૂર્ણ વર્ણન કર્યું છે. રણનું ને આંધીનું આ અદ્‌ભુત વર્ણન ગુજરાતી સાહિત્યમાં અદ્વિતીય છે.]

પાંચમે દહાડે સૂર્ય ઊગ્યો ત્યારથી ઊનો પવન વાવા લાગ્યો, અને દિવસ ચઢ્યો તેમ વાવાઝોડાં થવા લાગ્યાં. રેતીના ભમરાના ગોટા — સૂર્યતેજમાં અગ્નિકણોના સ્તંભો જેવા લાગતા — ચારે તરફ ઊડવા માંડ્યા, ને સજ્જન કે પદમડીની આંખો પણ ઉઘાડી ન રહી શકી. બપોર પડી ત્યારે ચારે તરફ ઊડતી, દઝાડતી આંજતી રેતી ઊડવા લાગી, અને આગળ વધવું અશક્ય બન્યું. સજ્જને પદમડીને બેસાડી, તેને ગળે વળગી, તેની આંખો પોતાના શરીરથી ઢાંકી, અને તેની ડોકે પોતાની આંખો દાબી જેમતેમ કારમી બપોર ગાળી. હેતાળ પદમડી નાની બકરી હોય તેમ સજ્જનની બાથમાં માથું મૂકી પડી રહી.

નમતો પહોર થયો ત્યારે ગરમ પવન થંભ્યો, અને સજ્જને સાંઢણી પલાણી, ત્યારે એના બહાદુર હૈયામાં ભય પેઠો હતો. આવા ત્રણ દહાડા બીજા જાય તો શુંયે થાય? એની ગણતરી પણ બરોબર નહોતી લાગતી. આ રસ્તો બરાબર હોય તો બેત્રણ દહાડે વિસામા આવવા જોઈએ. પણ તે નહિ આવ્યા. એ રસ્તો ભૂલ્યો? રણમાં ભૂલા પડેલા માણસો તરસે અને તાપે મરી જાય એવી તેની દશા તો નહિ થાય?

રાતે પદમડી લથડવા લાગી અને સજ્જન પણ થાકી ગયો. એટલે તે પદમડીની પડખે ઊંઘી ગયો. એકદમ પદમડીના તરવરાટે તે સફાળો જાગીને બેઠો થઈ ગયો. પો ફાટવા આવ્યો હતો અને સાંઢણી આંખો ફાડી, નસકોરાં પહોળાં રાખી, કૂદી રહી હતી.

'શું છે? શું છે? પદમડી વહુ, ઘેલી થઈ છે?' પદમડીની ભાષા સમજ્યો: તે તરત જવા માગતી હતી. સજ્જન તરત તેના પર ચડ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉત્તર તરફ જવાનું સૂચવ્યું, પણ સાંઢણી એકની બે થઈ નહિ. ન માન્યાં એણે સજ્જનનાં લાડ ને ન પરવા કરી એના ગુસ્સાની. એણે ઉત્તર તરફ જવા સાફ ના પાડી. તે જ્યારે સમજાવી થાકયો ત્યારે એક સોટી ફટકાવી. જવાબમાં પદમડીએ વેદનાભર્યો અવાજ કર્યો, પણ એની આજ્ઞાની પરવા કર્યા વિના, મોઢું ફેરવી, પૂર્વ દિશા તરફ તે ભાગવા માંડી. તે આખરે સમજ્યો, પદમડીની તીક્ષ્ણ વૃત્તિઓ ઉત્તરમાં રહેલા કોઈ ભયથી તેને નાસવાની પ્રેરણા કરતી હતી.

'ભોળાનાથ! તું કરે તે ખરું' સજ્જન બબડ્યો, અને દીકરાને સાથે ન લાવ્યો એ ડહાપણ માટે આનંદ અનુભવવા સિવાય બીજો આનંદ ન લઈ શકયો. એટલું ઘડી પદમડી પૂર્વ તરફ ઝડપથી દોડી ત્યારે તેને આ વિચિત્રતાનું રહસ્ય સમજાયું. એની પાછળ ક્ષિતિજથી ઉત્તર અને પશ્ચિમ તરફથી રેતીના ગોટા ઊડતા જણાયા.

'ઓ બાપ રે! જીવતી રહે, પદમડી વહુ, તેં તો મને જીવતો બચાવ્યો,' કહી તેણે પદમડીને થાબડી પોતાની લાગણી બતાવી.

જેમ જેમ સૂર્ય ઊંચે ચડવા લાગ્યો તેમ તેમ પાછળ રેતીના ગોટા વંટારે ઊંચા ઊડતા દેખાયા, ને તેમ પદમડી જીવ લઈને પૂર્વ તરફ નાસવા લાગી. સજ્જને પદમડીને પોતાનો જીવ સોંપી દીધો; આ પાછળ ધસી આવતા તોફાનથી, સાંઢણીની ઝડપ સિવાય, બીજો બચવાનો ઉપાય નહોતો. પ્રભાસથી નીકળ્યાને બારમો દહાડો હતો. છતાં થાકેલી સાંઢણી નવે બળે નાસવા લાગી. રણની ભોમિયણ તે તેના ભયને પણ સારી રીતે જાણતી હતી, અને અત્યારે તે પોતાના ને માલિકના પ્રાણ બચાવવા નાસતી હતી. પાછળ વાદળ અંધારાતું જતું હોય એમ રેતીના ગોટા ઊડતા, વંટતા, આકાશને છાઈ દેતા, તેમના તરફ ધસતા હતા.

સજ્જનનું બહાદુર હૃદય આશા બોઈ બેઠું: પદમડી કેટલી નાસશે, કયાં નાસશે? આગળ નિઃસીમ રેતીના ઢગ, પાછળ યમરાજ સમી ધસતી જીવલેણ આંધી — બે વચ્ચે મૃત્યુ નક્કી જણાયું.

સૂર્ય મધ્યાહ્ને ચડ્યો. સામે ચમકતી રેતી આંખોને આંધળી કરી દેતી. પવન દઝાડતો થવા લાગ્યો અને છતાં બાવાની કે પીવાની કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોભવાની પરવા વિના જ્યતવાન પદ્મડી ચોમાસાના પાણીની માફક આગળ વધતી ગઈ.

પાછળ આંધી આગળ વધતી દેખાતી. એક વાર તો રેતીના મોટા વમળમાં સપડાઈ જતાં પદ્મડી દક્ષિણ તરફ નાઠી. પણ ત્યાં પણ મૃત્યુ સામે આવતું દેખાયું.

એકદમ સામે પડેલી રેતીમાં જીવ આવ્યો હોય તેમ તે ઊઠીને ચક્કર ચક્કર ફરવા માંડી. ડામતી, ગૂંગળાવતી રેતીના કણોનો સમૂહ, ઝપાટાભેર ગોળ ફરતો, સ્તંભને આકારે આકાશને સ્પર્શવા લાગ્યો. પદ્મડી ગૂંગળાઈને બેસી ગઈ; સન્જ્ન તેને ગળે લપેટાઈ પોતાની અને તેની આંખ, નાક ને કાનમાં પેસી જતી રેતીને ખાળી રહ્યો. તેને લાગ્યું કે આ આંધીમાંથી બચવાની આશા વ્યર્થ હતી. મરતી પળે તેણે એની મરતી પળની સહચરીને લાડથી વહાલ કર્યું. ચારે તરફ હતી રેતી, રેતી અને રેતી. દસે દિશામાં ઊડતી, ચમકતી, દઝાડતી, ગૂંગળાવતી, સૂર્યમાંથી ખરતાં અગ્નિબિંદુઓના વરસાદ સરખી સ્તંભરૂપ બનેલી જળતી ચિતા. સન્જ્ને સોમનાથને સ્મર્યા. એની કલ્પના આગળ આવી ઊભેલા સામંતને તેણે રામ રામ કર્યા.

પણ જેમ આ ભમરી આવી તેમ જ ચાલી ગઈ. ચક્કર ફરતી રેતીના કણોનો સ્તંભ એમના ઉપરથી પસાર થઈ ગયો. તેણે આંખો ઉઘાડી તો અગ્નિનો ગોળ ફરતો સ્તંભ ઝપાટાભેર દૂર જતો તેણે જોયો. 'પદ્મડી ! બચી ગયા. ભોળા શંભુએ મહેર કરી,' કહી તેણે પોતાના ને સાંઢણીના મુખ પર પડેલી રેતી ખંખેરી નાખી. તેણે પાછળ જોયું તો મોટી આંધી તો ઘણી દૂર હતી; આ તો માત્ર તેનો સ્વાદ તેમને ચખાડવામાં આવ્યો હતો. પદ્મડીની અગમચેતીને પરિણામે આંધીની મર્યાદાની આગળ ને આગળ જ તેઓ વધ્યાં જતાં હતાં.

મૃત્યુના મોંમાં જઈ પાછો આવ્યો તે પળમાં તેના હતાશ હૈયામાં પ્રતીતિ થઈ કે અણુજ્ઞાએ સીધે માર્ગે ધોધાગઢ જવું અશકય હતું, એટલે નીચી મૂછ કરી ધોરી રસ્તો પકડવો જ રહ્યો.

સૂર્યાસ્ત થવા આવ્યો ત્યારે આંધી દેખાતી ઓછી થઈ અને પદ્મડી ઊભી રહી ચારે દિશા સૂંઘવા લાગી. થોડી વારે અંધારું શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું, અને નિર્મળ આકાશમાંથી તારા ચમકવા લાગ્યા. પદ્મડી હર્ષથી થનગનવા લાગી.

'શાબ્બાશ, મારી પદ્મડી વહુ, શાબ્બાશ,' કહી સજ્જને તેને બેસાડી, તેની સારવાર કરવા માંડી. રાતનો પવન નીકળ્યો એટલે તે સાંઢણીને ગળે વળગી તેની કદર કરવા લાગ્યો. આજે પદ્મડી ન હોત તો તે જીવતો ન હોત.

આજે તેને પણ ઘણો થાક લાગ્યો હતો એટલે તેણે પદ્મડીની પાસે લંબાવ્યું, અને બધી ચિંતા ભોળાશંભુને સોંપી થોડી વારમાં તે ઘસઘસાટ ઊંઘવા માંડ્યો.

* * *

આઠમે દહાડે ઝાડવાળો ટેકરો દેખાયો એટલે સજ્જને હોકારો કર્યો અને પદ્મડી પણ વગર કહ્યે તે તરફ દોડી. ટેકરો નિર્જન હતો. પણ સદ્‌ભાગ્યે ત્યાં એક ઊંડા કૂવામાં પુષ્કળ પાણી જોઈ સજ્જનનો થાક ઊતરી ગયો. તેણે પાણી કાઢ્યું, પીધું, ને પદ્મડીને પેટ ભરી પાયું; ઘણે દહાડે તે પોતે નિરાંતે નાહ્યો ને સાંઢણીને નવાડી. પદ્મડીએ ઘણે દહાડે લીલાં પાતરાં વાગોળી વાગોળી ચાવ્યાં. આ બધી વિધિઓ પૂરી થયે પ્રેમથી એકબીજાને અડકી ઝાડની છાયા નીચે બંનેએ નિરાંતે ઊંઘ લીધી.

આકાશમાંથી તારાઓએ આ નર ને પશુની મૈત્રી પર કિરણપુષ્પો વર્ષાવ્યાં, અને સવારે જ્યારે સૂર્યનારાયણ ઊગ્યા ત્યારે સજ્જન ચમકીને જાગ્યો. માતાના સ્નેહથી તેની રક્ષા કરતી પદ્મડી પોતાની રીતે હર્ષ બતાવી રહી.

'પદ્મડી વહુ, હજુ મજલ તો ઘણી કાપવી રહી.'

સજ્જને પખાલમાં નવું પાણી ભર્યું, અને તેણે પદ્મડીને રસ્તો શોધવાનું સોંપી મુસાફરી શરૂ કરી.

નવમો દિવસ તો સારો ગયો, પણ તે રાતે સજ્જનને ભાન આવ્યું કે ઉત્તર તરફ જવાને બદલે એ પશ્ચિમ તરફ જતો હતો. અને ધોધાગઢથી દૂર ને દૂર જતો હતો. તેણે સાંઢણીને ઉત્તર તરફ જવા સૂચવ્યું, પણ તે એકની બે ન થઈ અને મહાદેવજીને સ્મરી સજ્જને પોતાનું ભાવિ તેને જ સોંપ્યું. પોતે હારી ખાધું હતું તેનું એને તીવ્ર ભાન તો કચારનું થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. હવે તો કોઈ રીતે ધોરી માર્ગ મળી જાય એટલી જ ઇચ્છા રહી હતી.

રણની મુસાફરીનો દસમો દહાડો શરૂ થયો. હવે તો કોઈ કોઈ ઠેકાણે વિસામાની ટેકરીઓ આવવા માંડી એટલે ધોરી રસ્તો પાસે આવી લાગ્યો દેખાયો. એના જીવને હવે ચિંતા નહોતી. ગરજનનો હમ્મીર તો કોણ જાણે ક્યાં હશે. ધોધાબાપાને વટાવવા કંઈ સહેલ વાત નહોતી. રસ્તે બીજા રાજાઓને પણ એ ચેતાવતો જશે. ભગવાન સોમનાથનો દ્રોહ કરનાર રણ વટાવી કેમ આવી શકવાનો છે?

રણમાં આવ્યાને અગિયારમો દહાડો, ને પ્રભાસથી નીકળ્યે અઢારમો દહાડો શરૂ થયો, ત્યારે રણ વચ્ચે અવારનવાર ઝાડો દેખાવા માંડ્યાં. અને પોતે સપાદલક્ષ તરફ જતો હતો એવો કંઈક ભાસ એને થયો. આ રસ્તે જતાં પદ્મડીએ અસ્વાભાવિક અને અણધારી ચીસ પાડી. સજ્જને ધ્યાનથી ચારે તરફ જોયું તો એક પછી એક ત્રણ કાળાં નાનાં વાદળો ધસી આવતાં દેખાયાં. જોતજોતામાં એ વાદળો નહોતાં પણ કાળાં મોટાં પંખીઓનાં ઝુંડ હતાં એમ પહેલાં લાગ્યું; પણ પલવારમાં હજારો ગીધોનાં એ ત્રણ ઝુંડો કારમી ચીસ પાડતાં એને વટાવી પૂર્વ તરફ ચાલી ગયાં ત્યારે તેના ક્ષોભનો પાર રહ્યો નહિ. તેના હૈયામાં ફ્રાસકો પડ્યો. રણક્ષેત્ર પર લડાઈને બીજે દહાડે આટલાં ગીધો એણે પડતાં જોયાં હતાં, તે સિવાય કદી નહોતાં જોયાં. જરૂર કોઈ ઠેકાણે પાસે રણ ખેલાઈ ચૂક્યું હતું? શું ગરજનનો હમ્મીર મુલતાન વટાવી, ધોધાગઢ વટાવી, સપાદલક્ષ આગળ યુદ્ધ કરી ચૂક્યો હતો? દૂર જતાં ગીધોના ચૂહની ચીસોના ભયંકર પડઘા તેના કાનમાં સંભળાયા, અને તેને માનશુકન થયા.

ટિપ્પણ અને સ્વાધ્યાય

આંધી–ધૂળ કે રેતીનું તોફાન–ભયંકર વાવાઝોડું. **રણ**–અહીં કચ્છના નાના ને મોટા રણનો ઉલ્લેખ છે. **સાંઢણી**–ઊંટ. ઊંટની મદદથી પહેલાંના લોકો આ ભયંકર માર્ગનો ઉપયોગ કરતા. **માનશુકન**–અપશુકન.

૧. સજ્જનને કઈ દિશામાં જવું હતું? પદ્મડી તેને કઈ દિશામાં ખેંચી જતી હતી? શાથી?

૨. સજ્જને આંધીની આફત કેટલા દિવસ વેઠી? કેવી રીતે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. આંધીના કયા દૃશ્યનું લેખકે વારે વારે વર્ણન કર્યું છે? એ ઉપરથી આંધીની ભયંકરતાનો ખ્યાલ આપો.

૪. આંધીમાંથી બહાર નીકળ્યા પછી સાંઢણી સજ્જનને કઈ દિશામાં ખેંચી ગઈ? ત્યાં તેને શેની આગાહી થઈ? કેવી રીતે?

૫. આ વર્ણન ઉપરથી તમારા મનમાં રણનો જે ખ્યાલ બંધાયો હોય તે વર્ણવો.

૬. 'આકાશમાંથી...વર્ષાવ્યાં' (પૃ. ૨૬૦)—અલંકાર સમજાવો.

રામનારાયણ વિશ્વનાથ પાઠક

['પ્રસ્થાન'ના વિદ્વાન આદ્યતંત્રી, અને 'શેષ', 'દ્વિરેફ' તેમ જ 'સ્વૈરવિહારી'-ના ઉપનામથી પ્રસિદ્ધ થયેલા શ્રી. પાઠકનો જન્મ ગાણેલ ગામમાં પ્રશ્નોરા નાગર

જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. ૧૯૦૮માં લૉજિક અને ફિલોસોફી સાથે બી. એ. ની પરીક્ષા તેમણે પ્રથમ વર્ગમાં પસાર કરી. એલએલ. બી. ની પદવી મેળવ્યા પછી અમદાવાદ અને સાદરામાં એમણે વકાલત કરી. સાતઆઠ વર્ષ પછી અમદાવાદના ગુજરાતી કેળવણી મંડળમાં સ્વયંસેવક તરીકે જોડાઈ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે નિમાયા અને અસહકારની ચળવળ શરૂ થતાં ત્યાંથી છૂટા થઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. અમદાવાદ અને મુંબઈમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે લાંબો સમય કામ કર્યા પછી હાલમાં શ્રી. પાઠક મુંબઈના ભારતીય વિદ્યાભવનના સંશોધન વિભાગના નિયામક પદે છે.

શ્રી. પાઠકની પ્રવૃત્તિ અનેકવિધ છે. વિવેચક અને યત્રકાર ઉપરાંત એ કવિ અને સુંદર ટૂંકી વાર્તાના લેખક છે. 'કાવ્યસમુચ્ચય' નામે અર્વાચીન ગુજરાતી કવિતાનો સંગ્રહ કરી અને કવિ કાન્તના 'પૂર્વાલાપ' નાં ઉપોદ્ઘાત અને ટિપ્પણ લખી એમણે ગુજરાતી વિદ્યાર્થીઆલમની સારી સેવા કરી છે. 'સ્વૈરવિહાર' નામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના હાસ્યરસપ્રધાન લેખોનો સંગ્રહ કરી એક હાસ્યકાર તરીકે પણ એ લોકપ્રિય થઈ શક્યા છે. એમનો હાસ્યરસ શાંત, ગંભીર અને માર્મિક છે. 'દ્વિરેફની વાતો' (ભાગ ૧-૨-૩) દ્વારા ટૂંકી વાર્તાકાર તરીકે પણ તેમણે ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. 'શેષનાં કાવ્યો' નામનો એમનો કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો છે અને 'સાહિત્યવિમર્શ' અને 'કાવ્યની શક્તિ' એ એમના જાણીતા વિવેચનગ્રંથો છે. એમનું વાચન વિશાળ છે, વિવેચન તટસ્થ છે, વિચારશ્રેણી સ્વતંત્ર છે.

'જક્ષણી' વિષે રા. રસિકલાલ પરીખ લખે છે: "આ વાર્તાની વિશેષતા એ છે કે, તેમાં વાર્તા બહાર કાંઈ વિશેષ તાત્પર્યો શોધવાની જરૂર નથી; અથવા આ વાર્તાની સુંદરતાનો આધાર એવાં કોઈ તાત્પર્યોમાં નથી. આ વાર્તામાં જે હૃદયંગમ વ્યંગ્ય છે તે પ્રસન્ન દામ્પત્યનું છે અને એ દામ્પત્યભાવને આદિથી અંત સુધી સહજ હાસ્યના વાતાવરણમાં મૂકી તેને વધારે વાસ્તવિક અને આકર્ષક બનાવ્યું છે."]

જક્ષણી

હું ભાતું કરતી હતી, ત્યાં એમના પગ સંભળાયા. હું એમના પગ બરાબર વરતું છું. કયારે ગમગીન હોય છે, કયારે ઉત્સાહમાં હોય છે, કયારે વિચાર કરતા કરતા ટહેલતા હોય છે, બધું વરતું છું. એમના પગ ઉત્સાહથી ઊપડ્યા, નજીક સંભળાવા લાગ્યા. અંદર આવીને કહે: "કેમ?" પણ મને ભાતું કરતી જોઈ અચકાઈ ગયા. "કેમ આ શું આદર્યું છે?"

મેં કહ્યું: "ભાતું કરું છું. બપોરની ટ્રેનમાં જાઉં છું."

"પણ કયાં? શા માટે જાય છે?"

"મારા અક્ષર સુધારવા અને તમારો અભ્યાસ વધારવા." એક વખત હું લાંબે વખત મળી. મારા મનમાં એમ કે એ શું શું કહેશે, ત્યારે ધીમે રહીને કહે કે "જુદાં રહેવાથી ફાયદો થાય છે. સ્ત્રીઓના અક્ષરો સુધરે છે, કારણ સ્ત્રીઓ તે દરમિયાન કાગળો લખે છે. તે સિવાય તેમને લખવાનો મહાવરો થતો જ નથી." અને હું ભેગી હોઉં ત્યારે લગભગ હંમેશ જ ફરિયાદ કરે કે મારે લીધે પોતાનો અભ્યાસ આગળ ચાલી શકતો નથી.

"પણ મારા ખાવા કરવાનો કંઈ વિચાર કર્યો? આ મોતી શું કરશે?" મોતી અમારી કૂતરી હતી: મોતી જેવી સફેદ, સુંદર, સુંવાળી.

મેં કહ્યું: "હિંદુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું, પણ કામ નહિ કરનારને મળી રહે છે. માણસને નથી મળતું પણ કૂતરાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડીઓ, મંકોડા, માછલાં એમને મળી રહે છે, તો મને તમારી કોઈની ચિંતા નથી."

"ભલે, જવાની ના નથી. પણ કયાં જવું છે?"

પૂરીઓ વણતાં વણતાં મેં કહ્યું: "છૂપી પોલીસો અને ગુના પકડવાની વાતો લખો છો ત્યારે એટલું તમારી મેળે જ શોધી લેજો."

કદાચ એમના આવ્યા પહેલાં મારે નીકળવું પડે, માટે મેં ચિઠ્ઠી લખીને તેમના જોવામાં આવે તેમ, એમની અધૂરી લખેલી વારતા ઉપર, દબાવીને મૂકી હતી. "તારી આંખમાંથી તો કાંઈ એક્સ....."

"ગુજરાતીમાં બોલો."

"ક્ષ-કિરણો નીકળે છે!"

મેં પૂરીઓ તળતાં જવાબ આપ્યો: "ક્ષ નહિ, એથી જરા આગળ, જ્ઞ-કિરણો નીકળે છે."

"ત્યારે એ જ્ઞ-કિરણો વડે જરા પ્રેમાનંદનાં નાટકો કોનાં છે તે કહેને મારાં સર્વજ્ઞા બાઈ! બિચારા 'જ્ઞ' ઘણા વખતથી મહેનત કરે છે તેમને મદદ થશે. તે દહાડે આપ્યાં પણ વાંચ્યાં કેમ નહિ?"

"ચાલો, મેં પીરસ્યું, જમતાં જમતાં વાત કરો. તમે કહેતા હતા કે પ્રેમાનંદની કૃતિઓ સ્ત્રીબાલવૃદ્ધ સર્વને ગમે તેવી છે. આ નાટકો અમને ગમતાં નથી તો એ પ્રેમાનંદનાં નથી એમ સાબિત થયું કે નહિ? હવે તમે ખુશીથી કહી શકો કે એ નાટકો પ્રેમાનંદનાં નથી."

"હું એમ પ્રસિદ્ધ કરું કે મારી પત્નીને એ નાટકો ગમતાં નથી માટે તો એ પ્રેમાનંદનાં નથી! વાહ! વાહ!"

મેં કહ્યું: "વાહ કેમ? મારો અભિપ્રાય પ્રસિદ્ધ કરતાં શરમાશો? તમે તો એવા ને એવા રહ્યા, અને પેલા ભાઈએ ગાંધીજીનું મોઢું ગમે કે નહિ એ પોતાની બૈરીને પૂછીય લીધું, અને પ્રસિદ્ધ પણ કર્યું! તમે તો કોઈ મહાજન વિશે મને પૂછ્યું પણ નહિ!"

"લે, હું પણ એક અગત્યના મોઢા વિશે પૂછું."

"પૂછો."

"મારું મોઢું તને ગમે છે?"

"પણ તમે મહાજન છો?" મેં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક અંગ્રેજ લેખક એક સ્ત્રીપાત્ર પાસે કહેવડાવે છે કે, ઇંગ્લંડનો પ્રધાન કોણ છે એ કરતાં મારો ધણી કોણ છે એ મારો અગત્યનો પ્રશ્ન છે. તો મોઢાની બાબતમાં તો કોઈ બીજાના મોઢા કરતાં મારા મોઢાનો પ્રશ્ન વધારે અગત્યનો ખરો કે નહિ?"

મેં કહ્યું: "અને ના પાડીશ તો શું કરશો?"

"તું જે કહીશ તે."

"ત્યારે તમારું મોઢું આ પંદર દિવસ નહિ ગમે; અને હું કહું છું કે આગ્રાની ટિકિટ લઈ આપો."

એકદમ ગંભીર થઈ પૂછ્યું: "કેમ, કમળાને ઠીક નથી?"

મેં કહ્યું: "કંઈ ગંભીર નથી પણ ઑપરેશન કરાવવું પડશે એવો તાર છે. જનાના ઇસ્પિતાલ એટલે ઓઝાથી મળી પણ ન શકાય. હું એટલા દિવસ કમળા સાથે રહીશ."

ઓઝા – દંપતી અમારાં સ્નેહી હતાં.

જગતમાં પત્ની વિનાના સ–ધુરની સ્થિતિ બહુ વિચિત્ર છે. એટલી બધી વિચિત્ર કે તેને માટે શબ્દ પણ નથી જડતો. સ્ત્રી પરણી ન હોય તો કુમારિકા, ધણી જીવતો હોય તો સૌભાગ્યવતી, ધણી પ્રવાસે ગયો હોય તો પ્રોષિતભર્તૃકા, મરી ગયો હોય તો વિધવા. કુમારિકા એ સુખ, સૌભાગ્ય, શૃંગારનું આલંબન, સૌભાગ્યવતી વાત્સલ્યનું, પ્રોષિતભર્તૃકા વિયોગના શૃંગારનું, વિધવા કરુણનું. પુરુષ પરણ્યો ન હોય તો? વાંઢો. પરણ્યા પછી? વળી પછી શું? પરણેલો, ધણી. સ્ત્રી પ્રવાસે ગઈ હોય તો? તેનું નામ જ નહિ. રાંડ્યા પછી વિધુર. બિચારો. કોઈ પણ રસનું આલંબન નહિ! વાંઢો એટલે જગત બહારનો. પરણ્યા પછી જો સ્ત્રી તરફ આસક્ત હોય તો પોબારો; એમ ન હોય તો લાગણી વિનાનો, નિર્દય, અને સદાને માટે સ્ત્રીનું સૌંદર્ય – સ્વાતંત્ર્ય હરી લેનારો. ધણી એટલે જ મૂર્ખ. વિધુર એટલે બીજી વાર પરણવાનો ઉમેદવાર, ફાંફાં મારનાર; સ્ત્રી મળે તો પાછો ધણી અને ન મળે તો વાંઢો. સ્ત્રી પ્રવાસે ગઈ હોય તો? તો 'શું કંઈ એક દિવસનું છે, કોને ઘેર જવાય?' અથવા 'થોડા દિવસ ગમે ત્યાં કાઢી નાખશે.' પણ કોઈ દિલસોજી ધરાવે નહિ. દિલગીર દેખાવા જઈએ પણ કોઈ દિલગીરીનું કારણ જ સ્વીકારે નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી ન હોય તો થઈ શું ગયું ? શું તમને ખાવા નથી મળતું ? પૈસા નથી મળતા ? શું નિરાધાર થઈ ગયા ? તમને શી ખોટ છે ? ઊલટું વિ–ધુર એટલે થોડો વખત ધુરા – ધોંસરી નીકળી ગઈ ! મને લાગે છે કે પુરુષને ધોંસરી ઉપાડવાની એટલી બધી ટેવ પડી ગઈ છે કે ધોંસરી વિના એને અડવું લાગે છે. હું એક વાર ગામડામાં મુસાફરી કરતો હતો ત્યારે સાથે એક મકરાણી બધમણુની જામગરીવાળી દેશી બંદૂક લઈ સાથે આવતો હતો. મેં કહ્યું : "જમાદાર, બંદૂક ગાડામાં મૂકી દો. કંઈ ભો જેવું નથી." જમાદાર કહે : "એ ઓજસે ઠીક ચલા જાતા હૈ." પ્રેમાનંદ કહે છે તેમ ઘણી સુરભિસુત છે. તેને ધોંસરી વિના ખાલી ચાલવું ગમતું નથી.

મંદવાડમાંથી ઊઠ્યા પછી ઓઝાનો છોકરો એક દિવસ જમવા બેઠો હતો. જમી રહ્યો. કમળા કહે : 'ઊઠ, મોં ધોઉં.' કીકો ઊભો થયો અને રડવા લાગ્યો. કહે : 'ચલાતું નથી, પગમાં કંઈક થાય છે. કાંટા વાગે છે.' બેઠેલાં બધાં હસી પડ્યાં. તેને પગે બાલી ચઢી હતી. સ્ત્રી જાય છે તેથી બીજું કાંઈ થતું નથી : હૃદયને બાલી ચઢે છે, હૃદય ચાલતું નથી, તેને જરા જરામાં કાંટા વાગે છે, અને આપણાથી ન ચલાય તો લોકો હસે છે.

સ્ત્રીનું પુરુષ ઉપર કેટલું પ્રભુત્વ છે ! બધા સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો કરે છે. મને લાગે છે કે પુરુષસ્વાતંત્ર્યનો પ્રશ્ન વધારે વિકટ બનતો જાય છે.

હવે કરવું શું ? શાસ્ત્રકારોએ કુમારિકા, સૌભાગ્યવતી, પ્રોષિતભર્તૃકા, વિધવા સર્વનાં કાર્યનો વિધિ રસના સિદ્ધાંત ઉપર ઠરાવેલો છે. પુરુષને માટે કશું લખ્યું નથી. પુરુષ પ્રોષિતપત્નીક હોય ત્યારે તેણે શું કરવું ને શું ન કરવું ? નાહવું નહિ ? પાણી ગરમ કર્યા વિના ચલાવી લેવું ? ચા ન પીવી ? બરાબર કરીને પીવી ? બહાર બાવું ? ઘેર બાવું ? હજામત ન કરવી ? વાળ ન ઓળવા ? ઑફિસમાં વખતસર ન જવું ? રાતે દીવો ન કરવો ? બુરશીમાં ઊંઘવું ? રાતે જાગી દિવસે ઊંઘવું ? શું કરવું ને શું ન કરવું ? બરેબર, જગતે પુરુષની ઘણી જ ઉપેક્ષા કરી છે.

અંતે ભૂખ લાગી. ભૂખ એ સારી વસ્તુ છે, કાંઈ ન સૂઝે ત્યારે પણ એ સૂઝે છે. મેં કપડાં પહેર્યાં. ઊઠ્યો. કમાઠ વાસવા ગયો, ત્યાં પૂંછડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલાવતી મોતી પાસે આવી. તે પણ અત્યાર સુધી ગમગીન થઈને બેઠી હતી. વિરહમાં કાવ્ય સ્ફુરે છે; મને નીચેનું કાવ્ય સ્ફુર્યું :

"कच्चिद् भर्त्र्याः स्मरसि रसिके त्वं हि तस्याः प्रियेति ?"

તેનો ગુજરાતી અનુવાદ પણ તરત જ સ્ફુર્યો :

"ધણિયાણીને સ્મરેછ કિ તું વહાલી તેની હતી તે ?"

તમને આમાં દોષો લાગશે. પણ મોતી તો આ સમજી ગઈ. મેં તેને થાબડી, ખુરસી ઉપર બેસાડી કમાડ વાસ્યું. પહેલાં આવે પ્રસંગે એક બીજીની ઓળખાણ કરી હતી ત્યાં ગયો. જરા મોડું થયું હતું, પણ હજુ બીજી ચાલતી હતી. મહારાજ નવો આવેલો હતો, પણ જાણે ઘણાં વરસથી મને ઓળખતો હોય તેમ કહે : "અહો ! સાહેબ, ઘણે દિવસે આવ્યા ! આવા દુબળા કેમ પડી ગયા ? અહીં જમતા ત્યારે તો સારા હતા શરીરે !" હું તેની પ્રગલ્ભતાથી ઘણો ખુશ થયો. મને જાણે વિચાર કરવા, રમવા એક નવું જ રમકડું મળ્યું.

મેં કહ્યું : "હા મહારાજ, એટલે જ હવે તમારે ત્યાં જમવા આવવાનો છું. પીરસો."

'જે દી નવરો દીનાનાથ' તે દી મહારાજને ઘડ્યો હશે. તેનો વર્ણ ધોળો હતો, બટાટાને બાફીને છાલ કાઢી નાખીએ એવો ધોળો, અને તેની ઉપર કાળા રાતા પીળા તલની ઝીણી છાંટ હતી. તેનાં લથડબથડ અંગો જાણે ઘસી ન પડે એટલા માટે, કાચિંડો સૂરણ બટાટા ગાંસડીમાં બાંધે તેમ, કાળી ઝીણી પોતડીથી બંધ બાંધી બાંધેલા હતા. પેટ મોટું હતું, પણ આ બંધથી તેના બે ભાગ પડી જતા હતા અને ઉપલા ભાગ ઉપર કાળું જનોઈ પરસેવાથી ચોંટી ગયું હતું. ઊભો રહે ત્યારે વચ્ચેથી પગ જરા વધારે પહોળા, ગોળાકાર રહેતા અને પગલું લાંક વિનાનું ઊંટના જેવું પડતું. મોંમાં જાણે નીચલા જડબામાં એક નહિ પણ દાંતની બે હારો જેવું અથવા આખા જડબામાં જાણે દાઢો જ હોય તેવું જ જણાતું હતું, અને બ્રહ્મા ઘડીને એટલા ખુશ થઈ ગયા હશે કે માટી કાચી હશે એટલામાં જ તેને કપાળે અને બરડે થાબડ્યો હશે — કપાળ તરફ માથું એટલું ઢળતું અને વાંસો એવો બહાર નીકળેલો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ પીરસતા હતા એટલામાં મેં મારી સાથે જમવા બેઠેલા ભાઈ રેવાશંકરનું ઓળખાણ તાજું કરી લીધું. તે મહારાજનો ઉપયોગ બરાબર સમજતા હતા. મહારાજે પીરસી લીધું એટલે રેવાશંકર કહે: "મહારાજનો સ્વભાવ બહુ સારો." મહારાજ પીરસી રહ્યા હતા, પણ પાછા રસોડામાં ગયા. ઘીની વાડકી લઈ આવ્યા અને કાંઈ પણ જરૂર વિના મને બે ચમચા અને રેવાશંકરને બે ચમચા ઘી પીરસ્યું, અને પછી અમારી બેની સામે પગ પર પગ ચઢાવી બેસીને પગનાં તળિયાં પર, ડોલતાં ડોલતાં હાથ ફેરવતા ફેરવતા બોલવા લાગ્યા: "મારો જીવ તો મોટો. અમે તરવાડી કોઈ દી લોભ ન કરીએ. આ શેઠ છે ને શેઠ, એ પંડ્યા. એમનો જીવ જરીક જેવડો. અમારી નાતમાં પાશેર તાંબાનું નામ પાડી અડધાભાર બોચ્છા લોટાનું લહાણું કર્યું હતું. અમે તે લોટો સાચવી રાખ્યો છે; ભલે ને અહીં નોકર હોઈએ, પણ નાતમાં સઉ સરખા; અમે કોઈની સાડીબાર ન રાખીએ. નાત વચ્ચોવચ્ચ સંભળાવી દઈએ. હું તો શેઠ હોય તોય નજર ચુકાવી ઘી પીરસી દઉં; બહુ કહે તો આ તારી ચાકરી, જા નથી કરતા. બ્રાહ્મણના દીકરા છીએ; હાથમાં ઝોળી લઈ માગી ખાતાં કાંઈ શરમ બોછી જ લાગવાની હતી! કેમ, હેં?"

મહારાજને વાતના ટેકાની જરૂર જણાઈ તેથી ગમે તે પ્રશ્ન પૂછી નાખ્યો: "આ પંડ્યા તમારી નાતના છે?"

"હા, સાહેબ, એ અમારી નાતમાં હલકા ગણાય. એ તો કન્યા કોઈ નહોતું આપતું તે મેં આપીને મોટા કર્યા. મારી ભાણેજને આ સગે હાથે ચાંદલો કર્યો છે, પણ મારા લગ્ન માટે તેણે બે વેણેય કોઈને કહ્યાં નથી."

મેં રેવાશંકર સામું જોઈને કહ્યું: "બિચારા મહારાજ પરણ્યા વિનાના છે ત્યારે! એમને જક્ષણીની વાત કહું?" રેવાશંકરે હા પાડી તે પહેલાં મહારાજ બોલી ઊઠ્યા: "જક્ષણી કોણ?" મેં કહ્યું "મારે ઘેર એક જક્ષણી છે. સાક્ષાત્ મહામાયા જોઈ લો. રાત્રે અંધારામાં જુઓ તો બે આંખો દીવા જેવી ઝગારા મારે. જે માનતા માનીએ તે ફળે એવાં છે!"

"ત્યારે મને એક વાર દર્શન કરવા લઈ જાઓ ને!"

મેં કહ્યું: "અરે! અરે એ શું બોલ્યા! એ તો કોઈને મળતાં જ નથી. બસ, દિવસ આખો ઘરમાં બેસી રહે અને ધ્યાન ધર્યા કરે. એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને મળવા દે તો પછી લોકો એમની માનતા માની માનીને એમને જંપવા પણ દે કે? અને આપણા લોકો માગે, તે અક્કલ વિનાનું માગે, નસીબમાં ન હોય તેવું માગે. એક બાઈના નસીબમાં છોકરો નહિ ને માગ્યો તે આંધળો છોકરો આપ્યો, બોલો!"

હું બોલતો હતો તે દરમિયાન મહારાજના મુખ ઉપર હર્ષ, ચિંતા, ઉદ્વેગ વગેરેની રેખાઓ આવી આવીને ઊડી જતી હતી. છેલ્લું વાકય સાંભળી મહારાજનો જીવ કાંઈ હેઠો બેઠો અને બોલ્યા: "પણ મારા નસીબમાં તો છે. મારું સગપણ તો ભટને ત્યાં થઈ ગયું છે. પણ કન્યા જરા નાની છે. જરા નાની છે પણ રૂપાળી બહુ છે હોં! અને નાની છે પણ બૂઈ અત્યારથી બધું સમજે છે; હું જાઉં તો કહેશે, મારા સારુ શું લાવ્યા? અને પાણી માંગાવું તો ધમ ધમ કરતી લાજ કાઢીને ચાલે!" છેલ્લાં વાકયો બોલતાં મહારાજના હૃદયનો રસ મુખમાં આવતો હતો અને દર ક્ષણે તેના શીકરો ઊડવાની ભીતિ રહેતી હતી. મેં શાક માગ્યું. મહારાજ ઝપાટાબંધ ઊઠી શાક લઈ આવ્યા અને મને અને રેવાશંકર બંનેને પીરસ્યું. શાક અને ઘી મહારાજની પ્રસન્નતાનાં ચિહ્નો છે.

મેં કહ્યું: "ત્યારે તો તમારે જક્ષણી માતાનું કાંઈ કામ નથી."

મહારાજ ઊંડા વિચારમાં પડી બોલ્યા: "તમે વૈદું જાણો છો?"

"ના."

"હું મહેતા ડેપ્યુટી સાહેબને ત્યાં નોકર હતો. એ નવી બાયડી પરણ્યા હતા. તેને રાંધતાં નહોતું આવડતું તે મને રાખેલો. મારા ઉપર, ભાઈ, પૂરેપૂરો વિશ્વાસ —" નાની બૈરીના ધણીને નોકરની પસંદગીમાં જે દીર્ઘદૃષ્ટિ અને ઝીણવટ રાખવી પડે છે તે માટે આ અજ્ઞાત 'ડેપ્યુટી' તરફ મને ઘણું માન થયું — "બૈરી નાની છે તે વૈદને પૂછીને તેમણે ટોપરું ખવરાવ્યું. તે બૈરી તો મોટી બાવડી થઈ!"

મહારાજે પોતાના ડાબા હાથનો પંજો પોતાને ડાબે ખભે બંગૂહાને આધારે ટેકવ્યો. "હું એક વાર સાંભળું તો ભૂલું નહિ. મેંય ખવરાવવા માંડ્યું છે. પણ હજુ ઊંચી નથી થઈ. બોમ કાઢું થયું છે, પણ હજુ દીઠે નીચી લાગે."

મેં કહ્યું: "ત્યારે બીજી બાયડી જોઈએ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, ના, બીજી આયી ન મળે. જક્ષણી માતાને કહીને ઝટ મોટી થાય એમ કરો. અને મારે ઘેર બૈરી સુખી થાય હોં. જુઓ, કશું કામ છે? રાંધું પણ હું, તેને દાળ ચોખા વીણવા પડે. અને હું રસોયો ખરો પણ બાર વાગે છુટ્ટો. ગામમાં નીકળું તો મને કોઈ રસોયો ન જાણે. હજામત તો હેરકટિંગમાં જ કરાવવાનો! આઠ આના લે તો આઠ આના ને માથામાં તેલ, અત્તર, પૉમેટમ. મહિનામાં એકબે નાટક સિનેમા તો ખરાં જ. બૈરી દુઃખી ન થાય હોં."

મહારાજે ઘણી તરકિબની સર્વ લાયકાત ગણાવી છેવટે કહ્યું:

"ત્યારે હું જક્ષણી માતાનાં દર્શન કરવા આવું?"

મેં કહ્યું: "ના, એમ તો નહિ. એ તો હું ન હોઉં ને તમે જાઓ તો કૂતરી થઈ ને વળગે. તમે એમને માટે રોજ ખાવાનું મોકલતા જાઓ."

મહારાજ ખુશ થઈ ગયા. હું જમી રહ્યો. મહારાજે તરત જ ભાણું તૈયાર કરી મને ખબર આપી. મેં કહ્યું: "એ રાત્રે તો જમતાં નથી. સવારે છોકરો મોકલીશ એટલે પહેલાં તેની સાથે મોકલજો. સાંભળો, ફક્ત ચાર રોટલી; ભાત, દાળ, શાક નહિ. ઘી પણ જરાક જ. હું પૈસા આપીશ, એ મફત ખાતાં નથી. પણ વખતસર કરવું."

મહારાજ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. અને બીજા દિવસથી મોતીનું કામ ચાલ્યું.

* * *

હું પાછી આવી. ધાર્યા કરતાં એક દિવસ વહેલી નીકળી શકી, ઘર ઉઘાડ્યું. સ્ત્રી-પુરુષના સમાન હક હોવાથી ઘરની કૂંચીઓ અમો બન્ને પાસે રહે છે.

ઘરમાં ગઈ. મોતી પૂંછડી હલાવતી હલાવતી સામી આવી. પણ આખા ઘરમાં માત્ર એ જ બરાબર હતી. બાકી જ્યાં જોઉં ત્યાં ધૂળ. ખુરસીઓ સિવાયની બધી વસ્તુઓ, ચોપડીઓ પણ, એમ ને એમ પડેલી. ટેબલ પર પણ ધૂળ અને કાગળદાબણિયા નીચે મેં ચિઠ્ઠી મૂકેલી તે એમની એમ! આ પુરુષો તે ભગવાને કેવા ઘડ્યા હશે!

મેં બધું વાળીને સાફ કર્યું! ટેબલ પર જઈ કાચમાં જોયું. રસ્તાનો થાક અને આ ધૂળ! મનમાં થયું લાવ માથે નાહી લઉં. માથું છોડ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં કમાડ ખખડ્યું. મને થયું કે કદાચ એ આવ્યા હશે. સાલ્લાનો છેડો ગળા ફરતો લઈ એમ ને એમ જઈ કમાડ ઉઘાડ્યું. આ કોણ!

એક ઘણો જ કદરૂપો માણસ, કાળો કોટ પહેરેલો, તાજા વાળ કપાવી હજામત કરાવેલો, વાળમાં ખૂબ તેલ અને પોમેડ, ઉપર તેલથી રીઢી થઈ ગયેલી કોરવાળી કાળી ફેલ્ટની ટોપી, પાતળી ચીપીને પાટલી વાળેલી મિલની ધોતલી, હાથમાં દાતણ, અને આવીને મને પગે પડવા લાગ્યો. હું ખસી ગઈ. મેં કહ્યું: "અલ્યા, કોણ છે? કેમ આવ્યો છે?"

"જક્ષણી માતા! ખમા કરો! સેવકના ઉપર મહેર કરો!"

મેં કહ્યું: "પણ હું જક્ષણી કે દા'ડાની?"

"હમેશ નીકળતો તોપણ ઘર બહારથી બંધ; આજ જ તાળું નથી એટલે દરશન કરવા આવ્યો છું. મારા મનના મનોરથ એક વાર પાર પાડો. તમે કહેશો એ માનતા માનીશ."

"ભાઈ, તને કોઈ કે ભરમાવ્યો છે. હું જક્ષણી નથી," કહી મેં કમાડ બંધ કરવા માંડ્યું. તે તો અંદર આવવા લાગ્યો અને કહે: "માતાજી, આજ દિવસ સુધી તમને ખાવાનું મોકલ્યું તે સામું તો જુઓ!" હું ચિડાઈ ગઈ. "વળી તું ખાવાનું મોકલનાર કોણ? જાય છે કે નહિ કે આ ધોકણું લગાવું!" અને અંદરથી મોતી ઘૂરકી. મેં લગાવ્યું જ હોત, પણ તેની દીન મુદ્રા જોઈ પાછું મૂક્યું. તે વળી બકવો: "માતાજી મારા નસીબમાં બૈરી છે. મારે નવી નથી જોઈતી. તે ઝટ મોટી થાય એટલું કરો." હવે મારા ગુસ્સાનો પાર ન રહ્યો. મેં હાથમાં ધોકણું લીધું. "હરામખોર" કહી મારવા જતી હતી ત્યાં, "ચંડી, કોપ ન કરો", કહી મને અટકાવી, પેલાને આંગળીની નિશાનીથી રવાના કરી, એ અંદર પેઠા. મને ફરી કહ્યું: "ચંડી, પ્રસન્ન થાઓ!"

ટિપ્પણ અને સ્વાધ્યાય

પ્રેમાનંદનાં નાટકો–જુઓ, સાહિત્યરત્ન ભાગ બીજો. **પ્રોષિતભર્તૃકા**–જેનો પતિ વિદેશ ગયો હોય તેવી સ્ત્રી (સં૦ નાટ્યશાસ્ત્રમાં નાયિકાને માટે આ શબ્દ વપરાય છે.). **સુરભિસુત**–બળદ (ગાયનો પુત્ર). **લાંક**–મશ્કરો. **શીકરો**–છાંટા, પાણીનાં રજકણ (અહીં ઘૂંકનાં). **ધોકણું**–ધોવાનો પાયો.

૧. 'જક્ષણી'ના પાત્ર ઉપર ટૂંકી નોંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. નીચેના શબ્દો વિગતથી સમજાવો :
કુમારિકા, સૌભાગ્યવતી, પ્રોષિતભર્તૃકા, વિધવા, વાંઢો, વિધુર, સધુર.
૩. 'વીશીવાળા મહારાજ'નું પાત્ર લેખકે જે રીતે આલેખ્યું છે તે રીતે તમે તમારા શબ્દોમાં કોઈ એક રસોઇયાનું રેખાચિત્ર આલેખો.
૪. 'મોતી' માટે ખાવાનું મેળવવાની ગોઠવણ શી રીતે કરવામાં આવી? 'જક્ષણી' શબ્દના ઓઠા હેઠળ 'મોતી'નું કામ કેટલે દરજ્જે સર્યું?
૫. આ પ્રસંગ લેખકે શા હેતુથી કલ્પ્યો છે? પ્રસંગ પર ટૂંક નોંધ લખો.
૬. 'જક્ષણી'ની વાર્તામાં રહેલા વિનોદ અને કટાક્ષ ઉપર નોંધ લખો.
૭. આ વાર્તામાં કટાક્ષનો વિષય બન્યા હોય એવા આપણા સામાજિક રિવાજો દર્શાવો.

નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર

[ઈ. સ. ૧૮૮૯–૧૯૨૫]

[સ્વ. વિભાકરનો જન્મ જૂનાગઢમાં થયો હતો. જ્ઞાતિએ સોરઠિયા વણિક હતા. જૂનાગઢની બાહુદ્દીન કૉલેજમાં બી.એ. સુધીનો અભ્યાસ કરી તે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા અને ૧૯૧૦માં એલએલ.બી. ની ડિગ્રી પ્રાપ્ત કરી ૧૯૧૧માં બૅરિસ્ટર થવા ઇંગ્લંડ ગયા. ત્યાંથી પાછા ફર્યા પછી થોડો વખત એમણે સિડનહામ કૉલેજ ઑફ કૉમર્સમાં અધ્યાપક તરીકે કામ કર્યું હતું.

સ્વ. વિભાકર સારા વક્તા હતા, તેથી જાહેર જીવનમાં ઘણી સફળતા પ્રાપ્ત કરી શકયા હતા. અઢાર વર્ષના વિદ્યાર્થી હતા ત્યારે સુરતની મશહૂર કૉંગ્રેસ વખતે લોકમાન્ય ટિળકના અનુયાયી તરીકે એમણે પ્રજાનું ધ્યાન ખેંચ્યું હતું. ૧૯૧૬માં તે હોમરૂલ લીગમાં જોડાયા અને તે સંઘના પ્રચારકાર્યાર્થે ગુજરાતમાં ગામડે ગામડે ફરી વ્યાખ્યાનો કરવા લાગ્યા.

૧૯૨૨માં એમણે 'રંગભૂમિ' નામે ત્રૈમાસિક કાઢ્યું હતું, પણ પાંચ અંક પછી નાદુરસ્ત પ્રકૃતિને લીધે તેને 'નવચેતન' સાથે જોડી દીધું હતું. ગુજરાતી રંગભૂમિના વિકાસ અને ઉન્નતિ અર્થે એમણે અથાગ પ્રયાસ કર્યો હતો. સફળ શિષ્ટ નાટકો લખી આપણી અવેતન રંગભૂમિના સંચાલકોને શિષ્ટ સંસ્કારી નાટકોની સફળતાની શકયતાનો પ્રથમ ખ્યાલ સ્વ. વિભાકરે આપ્યો હતો. 'આત્મનિવેદન'માં એમની થોડી કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.]

આપણી નાટ્યકલા

સંસારને રંગભૂમિની ઉપમા જગતના મહાન કવિઓએ અને સાહિત્યકારોએ આપેલી છે. રંગભૂમિની પાછળ રહેલા સત્યનું ઝાંખું કે પ્રકાશમાન દર્શન તે સંસાર, તેમ સંસારની નાની પ્રતિકૃતિ તે રંગભૂમિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સંસાર એ બ્રહ્માની માનસિક દુનિયાનું વ્યક્ત સ્વરૂપ, તેમ રંગભૂમિ એ નાટ્યકર્તાનું મનોરાજ્ય. પરંતુ જેમ બ્રહ્મા પોતાની સ્વકૃતિથી અસ્પૃષ્ટ છે — સંસારથી પર છે, તેમ નાટ્યકારે પોતાની નાટ્યકૃતિથી પર રહેવાનું છે. જો બ્રહ્મા પોતાની કૃતિમાં સંડોવાય અને સંસારવાદમાં સપડાય, તો બ્રહ્માની તટસ્થતા લુપ્ત થાય અને પોતે પોતાની જ માયામાં પ્રવાહ-પતિત થાય. જો કર્તા પોતે પોતાની કૃતિમાં આસક્ત બને તો તેની જે કૃતિ નિષ્કામ રહેવી જોઈએ તે વાસનાઓથી કલુષિત બને. તે જ રીતે જો નાટ્યકાર કોઈ સંપ્રદાય, કોઈ સમાજવાદ કે કોઈ રાજદ્વારી ચળવળના પક્ષકાર તરીકે જ નાટ્યકલાનો ઉપયોગ કરે, તો તેટલે દરજ્જે નાટ્યકલાના ઉન્નત સ્થાનેથી નીચે વાદગ્રસ્ત દુન્યવી વાતાવરણમાં ગબડી પડે એ નિઃસંદેહ છે. જ્યારે જ્યારે નાટ્યકારોએ પોતાની તટસ્થતા જાળવી છે અને પોતે સમાજના મતવાદોમાં પ્રવાહ-પતિત થયા નથી, ત્યારે ત્યારે નાટ્યકલા ઉન્નતિને શિખરે દેખાયેલી છે. તેથી વિપરીત રીતે, જ્યારે જ્યારે લેખકોએ પોતાના સામાજિક, ધાર્મિક, રાજદ્વારી કે સાહિત્યવિષયક મતમતાંતરોને નાટ્યકલામાં ઉતારવાનો યત્ન કર્યો છે, ત્યારે ત્યારે નાટ્યકલા વાદવિવાદોની કુંઠિત હવામાં ચીમળાઈ, કરમાઈને મરણ-શરણ થઈ છે. ગ્રીક નાટકોનો સૌથી શ્રેષ્ઠ સમય આ તટસ્થતાનો હતો. અને તેની અવનતિનો કાલ તે પ્રવાહ-પતિત નાટ્યકારોનો કાલ. એ જ ભરતીઓટો આંગ્લ નાટ્યકલાએ અનુભવી છે.

હિંદની નાટ્યકલા પોતાની ઉચ્ચ ભૂમિકા સાચવી શકી તેનું મુખ્ય કારણ આ તટસ્થતા હતી. જલ અને કમલ જેવો સંબંધ જે નાટ્યકારોએ પોતાની કૃતિઓ સાથે સાચવ્યો છે, તેઓ જ પોતાની કલામાં ખરું રસચેતન ભરી શક્યા છે. રસના અખૂટ ભંડાર કાલિદાસ, ભવભૂતિ અને બાણ રસસિદ્ધ કવીશ્વરો કહેવાય તેનું મુખ્ય કારણ તેઓએ સાધેલી રસસાધના. સાક્ષર જે સિદ્ધ કરી ન શકે તે નાટ્યકલાનો સાધક કરી શકે છે. સભાપીઠ ઉપર વક્તા જે હૃદયમંથન કરી ન શકે, તે રંગભૂમિ ઉપરથી નાટ્યકાર કરી શકે છે!

× × × ×

પરંતુ જેમ સર્વ આનંદ કલુષિત બનાવી શકાય છે, જેમ સર્વ કલાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાહિત્યકૃતિઓ શિખરે લઈ જનારી કે પાતાળમાં ધકેલનારી થઈ શકે છે, તેમ નાટચકલા પણ આત્માને મુક્તિને પંથે દોરી જઈ ઉલ્લાસમય સ્વર્ગીય સૃષ્ટિનાં દર્શન કરાવી શકે છે અગર માનવહૃદયને ફાચડમાં રગદોળી શકે છે. એ સત્યનો સૌથી સચોટ પુરાવો શું વર્તમાન રંગભૂમિ જ નથી પૂરો પાડતી? યુરોપની કેટલી ભવ્ય નાટચકૃતિઓ અને અનેક અસહ્ય ફારસો, તથા આપણા દેશનાં અસંખ્ય ટાયલાંઓ અને કોઈ વિરલ 'મુક્તધારા' એમાં જ નાટચકલાની તમામ વાનગી આવી જાય છે.

છતાં આપણાં વર્તમાન નાટકોની અવનતિ અને અસ્તવ્યસ્ત દશાનો વિચાર કરતાં એ વિચારનું પરિણામ ફાગળ ઉપર ટપકાવવાનું કાર્ય જ મહાભારત દેખાય છે. સમજપૂર્વક લખાયેલી ગમે તેવી નિર્માલ્ય કે અધમ સાહિત્યકૃતિઓનું પણ કંઈ અવલોકન અને પૃથક્કરણ થઈ શકે છે; પરંતુ મોટે ભાગે ઢંગધડા વગરનાં ફારસો; ફાવે તેવી ઉપજાવી કાઢેલી અસત્ય ઇતિહાસની કથાઓ; સમજ વગરના ક્ષત્રીવટના બરાડાઓ, તડાકાઓ અને ભડાકાઓ; અર્થ વગરનાં ખાદી અને ચરખા ઉપરનાં અપ્રસ્તુત ભાષણો; કૃત્રિમ પ્રાસાત્મક બેતો અને શબ્દજાળો; સંબંધ વગરનાં અશ્લીલ હાસ્યરસનાં ટાયલાંઓ; અર્થ વગરનાં નિર્માલ્ય ગીતો; શરમાવનારી શૃંગારચેષ્ટાઓ; હેતુ વગરની, પ્રયોજન વગરની, રસહીન વસ્તુસંકલનાઓ; — આ પ્રમાણે જ્યાં ખીચડો બફાઈ રહ્યો છે, ત્યાં રંગભૂમિનું અવલોકન શું કરવું? દીવાનાની ઇસ્પિતાલનું વિવેચન થઈ શકે તો જ કેટલીક આધુનિક નાટચકૃતિઓનું વિવેચન થઈ શકે.

× × × ×

કદાચ હું બહુ સખ્ત દેખાઉં તો નાટચકલાના ઉપાસકોની નમ્રભાવે ક્ષમા ચાહું છું. હું જાણું છું કે આપણી રંગભૂમિનું બીજું આશાજનક ચિત્ર પણ છે. હું જાણું છું કે આપણી ચારે તરફની અધોગતિના પરિણામે જ આપણી રંગભૂમિ આટલી અધમ દશાએ પહોંચેલી છે. હું જાણું છું કે આપણા અસ્તવ્યસ્ત સંસારના પ્રતિબિંબ રૂપે જ આપણી અસ્તવ્યસ્ત નાટચકલા ઉત્પન્ન થઈ છે. છતાં નટરાજ અને પાર્વતી, નટવર અને ગોપીઓના પુણ્ય પ્રસંગોથી પુનિત થયેલી નાટચકલાના વારસોને ફરીથી નાટચકલાના આદર્શની શોધમાં જવાનું રહ્યું એ દુઃખદ હકીકત શું અસહ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી? કવિશિરોમણી કાલિદાસના વંશજોને આજે પાછા નાટચકલાના એકડા ઘૂંટવાના રહ્યા એ શુ શરમાવનારી વાત નથી? શી રીતે ભૂલી શકાય એ આપણું ગૌરવ અને મગરૂરી કે, જ્યારે ગ્રીક નાટચસાહિત્યને પણ માત કરે એવું નાટચસાહિત્ય ભારતવર્ષમાં ચમકી રહ્યું હતું? શી રીતે સ્મરણમાંથી દૂર કરી શકાય એ આપણી પ્રાચીન પ્રતિષ્ઠા કે, જ્યારે ગ્રીસ સિવાયના યુરોપીય દેશોમાં નાટચકલાનો આરંભ થયો હતો ત્યારે ભારતવર્ષમાં નાટચકલાની શિખર-સ્થિતિ હતી?

આ આપણી પ્રાચીન શિખર-સ્થિતિ સાથે સરખાવીએ આપણી આજની અવનત દશા! આપણે નથી પ્રાચીન ભારતની સર્વાંગસુંદર નાટચકલાના ઉચ્ચ આદર્શોને અનુસરતા, કે નથી વર્તમાન યુરોપની કસોટીએ ચઢીને સફળતા પામેલી નાટચકલાનો ઉપયોગ કરતા. નાટચકલાનો આદર્શ જ આપણે ગુમાવ્યો છે, તો પછી આપણી બીજી ઊણપો માટે આંસુઓ સારવાં વ્યર્થ છે. છતાં નિરાશાના ઉદ્‌ગારથી હું આ પ્રકરણ બંધ કરવા નથી ઇચ્છતો. જે ભારતવર્ષમાં હજુ એક હજાર વર્ષ પૂર્વે જ નાટચકલા પરાકાષ્ઠાએ પહોંચી હતી તે ધારે તો આજે પણ એ નાટકની દુનિયામાં પોતાનું ચક્રવર્તીપણું સ્થાપી શકે, એ માત્ર દિલાસો લેવાની દૂર દૂરની આશા નથી, પણ આપણા પ્રાચીન રસયજ્ઞની અનિવાર્ય ફલપ્રાપ્તિ રૂપે આપણા જન્મસિદ્ધ અધિકારની વસ્તુ છે. જો રવીન્દ્રબાબુ જગતના કવિશિરોમણિ સ્વીકારાઈ શકે અને 'નોબેલ પ્રાઈઝ' એમને વરી શકે તો શા માટે કાલિદાસની વિભૂતિ કોઈ ભારતવાસીમાં ન ઊતરે? દબાયેલું, ચગદાયેલું, છૂંદાયેલું, તિરસ્કારાયેલું હિંદ આજે પણ નાટચકલાના ઉચ્ચ વિકાસ માટે જે પ્રેરક બળો આપી શકે તેમ છે, તે બીજો કયો મગરૂર દેશ કે મુલક આપી શકે તેમ છે?

ટિપ્પણ અને સ્વાધ્યાય

પ્રતિકૃતિ – છબી. **વાદગ્રસ્ત** – ચર્ચા–ચડસાચડસી–તકરાર–થી ભરેલા. **અશ્લીલ** – બીભત્સ. **નટરાજ** – શિવ. **નટવર** – કૃષ્ણ. **રવીન્દ્રબાબુ** – રવીન્દ્રનાથ ટાગોર, હિંદમાં એમને પહેલી વાર એમના 'ગીતાંજલી' નામના પુસ્તક માટે **'નોબેલ પ્રાઈઝ'** મળ્યું હતું. Alfred Nobel (૧૮૩૩–૯૬) સ્વીડીશ રસાયણશાસ્ત્રી. એની ઇચ્છાનુસાર એની મિલકતમાંથી વિજ્ઞાન, સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે માટે વર્ષે વર્ષે મોટાં પારિતોષક આપવામાં આવે છે. હિંદુસ્તાનમાં આ પારિતોષક વિજ્ઞાન માટે સર સી. વી. રામનને મળ્યું હતું.

૧. નાટ્યકારે નાટ્યકલાની ઉચ્ચ ભૂમિકા માટે તટસ્થતા જાળવવાની શા માટે જરૂર છે?

૨. વર્તમાન નાટકોની અવનતિ અને અસ્તવ્યસ્ત દશા સંબંધી લેખક કેવો ચિતાર રજૂ કરે છે? એનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે?

૩. 'અસ્તવ્યસ્ત નાટ્યકલા એ અસ્તવ્યસ્ત સંસારનું પ્રતિબિંબ છે' એ વિધાન સમજાવો.

૪. ભારતવર્ષની નાટ્યકલાની 'શિખરસ્થિતિ' સંબંધી જાણતા હો તે લખો.

૫. તમે જોયેલા કોઈ એક નાટક વિશે નોંધ લખો.

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

[ઈ. સ. ૧૮૯૦–૧૯૫૨]

[શ્રી. મશરૂવાળાનો જન્મ મુંબઈમાં થયો હતો. ૧૯૦૯માં પદાર્થવિજ્ઞાન (Physics) અને રસાયણશાસ્ત્ર (Chemistry) સાથે એમણે વિલ્સન કૉલેજમાંથી બી. એ. ની પરીક્ષા પસાર કરી અને ૧૯૧૩ માં એલએલ. બી. ની પદવી મેળવી. ૧૯૧૭માં વકાલત છોડી તેઓ દેશસેવાની પ્રવૃત્તિમાં જોડાયા.

ધર્મ અને તત્ત્વજ્ઞાન એ એમના પ્રિય વિષયો હતા. અને એ બન્ને વિષયોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી એમણે તટસ્થપણે સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે. એમના જીવન ઉપર સ્વામી સહજાનંદ અને ગાંધીજીના વિચારોની ઊંડી અસર થઈ હતી. એમની વિચારશ્રેણી અને સત્ય-શોધનની ધગશ એમનું 'જીવન-શોધન' નામક પુસ્તક વાંચવાથી સમજી શકાશે. સ્વતંત્ર ચિંતનથી ભરેલા આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથો ગુજરાતી સાહિત્યમાં ઓછા છે. કોઈ સંપ્રદાય કે મંતવ્યના પક્ષપાતથી આ ગ્રંથ પર છે. લેખકે ભૌતિક અને આધ્યાત્મિક જીવન પરત્વેના પોતાના વિચારો એમાં વ્યક્ત કર્યા છે. શ્રી. મશરૂવાળાની શૈલી વિષયાનુસાર સાદી કે પ્રૌઢ હોય છે. સંક્ષિપ્તતા અને શબ્દ-ચોકસાઈ એ એમની ગદ્યશૈલીનાં લક્ષણ છે. ગાંધીયુગના ગદ્યલેખકો અને વિચારકોમાં મશરૂવાળાનું સ્થાન મોખરે છે.]

બુદ્ધનો ગૃહત્યાગ

[બુદ્ધ ભગવાન ઈશ્વર હોઈ સર્વજ્ઞ હતા, સંસારમાં અમુક રીતે પોતાને વર્તવાનું છે એમ જાણતા હતા, તો પછી એ પરણ્યા જ શા સારુ? અને પરણ્યા તો પછી એમણે સ્ત્રીપુત્રને તજી ગૃહત્યાગ કર્યો એમાં એ લોકોનો દ્રોહ ન કર્યો? યશોધરાનો શો વાંક હતો કે એને પતિવિયોગનું દુઃખ વેઠવું પડે? બુદ્ધના ત્યાગમાં આ દોષ નથી શું? આવી આવી એક વિદ્યાર્થીએ કરેલી શંકાના સમાધાન અર્થે આ લેખ લખાયેલો છે.]

લોકોએ બુદ્ધ ભગવાનની જીવનકથાના કેટલાક ભાગોને વધારે પડતા માની લીધા છે. બુદ્ધ ભગવાન મારા તમારા કરતાં કોઈ બીજી જ જાતનું સત્ત્વ હતા એવી માન્યતા પુરાણકારોએ આપણામાં ઉપજાવવા પ્રયત્ન કરેલો છે; પણ એ માન્યતા ભૂલભરેલી છે. જન્મીને જીવનમાં શું શું કરવાનું છે એનો ચોક્કસ નકશો જો તમે પહેલાં નક્કી કરી નાખ્યો છે એમ તમારે વિશે તમે કહી શકો એમ હોય તો બુદ્ધને વિશે તમે એ માનજો. એક બહુ જ સૂક્ષ્મ દૃષ્ટિએ એમ કહી શકાય કે, દરેક માણસના જીવનક્રમની અસ્પષ્ટ રૂપરેખા જન્મતાં પહેલાં જ નક્કી થયેલી હોય છે. પણ એ અમુકને ઘેર જન્મ લેશે, આટલાં વર્ષ જીવશે, અમુક સ્ત્રીને પરણશે, આટલાં છોકરાં થશે, આટલાં વર્ષ જીવશે, અમુક દિવસે અમુક માણસની જોડે આવી આવી વાતો કરશે — એમ એનો જીવનક્રમ થયેલો હોય છે, અથવા એ પોતે ધરાદાપૂર્વક નક્કી કરે છે, એ વાત શ્રદ્ધા રાખવા જેવી નથી.

બુદ્ધમાં અને આપણામાં કોઈ પ્રકારનો તાત્ત્વિક ભેદ છે એમ માનવાની ભૂલ ન કરવી. જેમ કેટલાંક માણસો નાનપણથી જ દયાળુ, પ્રેમાળ, સત્યનિષ્ઠ હોય છે, કેટલાંકમાં એ ગુણો ધીમે ધીમે વધે છે, અને એથી કેટલાંકમાં નાનપણથી જ એથી ઊલટા ગુણો હોય છે, છતાં એ બધાં માનવીઓ જ છે; જેમ ગાંધીજી આપણા કરતાં ગમે તેટલા ચડિયાતા છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં આપણા જેવા માનવી જ છે; તેમ બુદ્ધ ભગવાન પણ આપણા જેવા માનવી જ હતા. એમનામાં નાનપણથી જ સત્યનિષ્ઠા, દયા, પ્રેમ વગેરે ગુણોનાં બીજ અતિશય પ્રમાણમાં હતાં. જેમ જેમ એ મોટા થતા ગયા તેમ તેમ એ ગુણો કેટલેક અંશે એમનામાં વધતા ગયા, અને કેટલેક અંશે એમને તેઓ વિચારથી વધારતા ગયા. દરેક જન્મ લેનાર પ્રાણીમાં જેમ કેટલાક ગુણો હોય તેમ કેટલીક ત્રુટિઓ—અપૂર્ણતાઓ પણ હોય જ. અપૂર્ણતા ન હોય તો માણસ જન્મે જ શું કામ? એ અપૂર્ણતા અનેક પ્રકારની હોય: સત્ય વિષેના જ્ઞાનની, વિવેકની, પ્રેમની, ચારિત્રની કે બીજી કોઈ પ્રકારની. તેમ બુદ્ધમાં જન્મથી જ અનેક મહાન ગુણો રહેલા હોવા છતાં અપૂર્ણતાયે ખરી જ. અપૂર્ણતાને લીધે એમનાથી ભૂલો થાય, દોષો થાય, એમને સાધનાઓ કરવી પડે, ઠોકરો ખાવી પડે, એક જ માર્ગ લેવો પડે, લીધેલા માર્ગને પાછો છોડવો પડે—એવું બને. જો માણસને બાળપણથી જ સત્ય શું, સત્ય વર્તન કોને કહેવાય, વગેરેનું જ્ઞાન હોય, તો જ એ ભૂલ વિનાનું જીવન ગાળી શકે. પણ એમ હોતું નથી.

તેથી બુદ્ધને પણ સાચું વર્તન કેવું હોવું જોઈએ, પરણવું જોઈએ કે નહિ, ભોગવિલાસ કરવા જોઈએ કે નહિ, એનું યથાર્થ અને સ્પષ્ટ જ્ઞાન નહોતું. એ વિશે સાચી રીતે વિચાર કરવાની—વિવેક કરવાની શક્તિ પણ જન્મથી જ એમનામાં નહોતી. એ હતી એમ માની લઈએ છીએ એટલે જ આપણે બુદ્ધને સમજવામાં ગોટાળામાં પડીએ છીએ.

બુદ્ધ પણ આપણા બધાની માફક સુખને શોધનારા હતા; અને તેથી લોકો જેમને સુખનાં સાધનો માને છે તે બધાં સાધનોમાંથી એમણે સુખ મેળવવાનો પ્રયત્ન કર્યો. લોકોની સુખની કલ્પના બળવાન શરીર, વિપુલ સમૃદ્ધિ, સ્ત્રી–કુટુંબ, નોકરચાકર, નાચરંગમાં સમાયેલી હોય છે. એવી જ પહેલાં બુદ્ધનીયે કલ્પના હતી, એથી એ પરણ્યા—પસ્તાયા.

પણ સામાન્ય માણસો પોતાનાં સુખનાં સાધનોમાંથી સાચે જ સુખ છે કે નહિ, મળે છે તો કેટલું મળે છે, એ સુખ સાથે દુઃખ કેટલું હોય છે એનો વિચાર કરવા નથી બેસતા. સામાન્ય લોકો ચાલતી આવેલી રૂઢિ પ્રમાણે રહેવામાં સુખ માને છે. દાખલા તરીકે, જે ભાગમાં બાળલગ્નની રૂઢિ છે તે લોકો પોતાનું બાળક જન્મ્યા પછી જેમ બને તેમ જલદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણી જાય એટલે પોતાને બહુ સુખી થયેલા માને છે. પણ એમાં સાચે જ સુખ છે કે નહિ એનો તે સ્વતંત્રપણે વિચાર કરવા નથી બેસતા.

પણ બુદ્ધ આવા પ્રકારના માણસ નહોતા. એ તો સમ્યક્ સાવધાન હતા. તે ક્ષણે ક્ષણે તપાસતા રહેતા હતા કે, જે જે સાધનોમાંથી હું સુખ મેળવવાનો પ્રયત્ન કરું છું તેમાંથી સુખ જ મળે કે કેમ, મળે છે તો કેટલું છે, એ સુખ સાચું છે કે ભાસમાત્ર છે, એની પાછળ દુઃખ કેટલું છે? જ્યારે એવાં રૂઢ સુખનાં સાધનોમાં કાંઈ સંતોષ ન મળે ત્યારે એવું સુખ કયાં હશે એ શોધ્યા વિના એમને કેવી રીતે ચેન પડે? જો ગાંધીજીને પરતંત્ર રાજ્યમાં અને રાજસ કે તામસ સંપત્તિની સંસ્કૃતિમાં સુખ નથી જણાતું, તો એમને સ્વરાજ્ય માટે અને દૈવી સંપત્તિની સંસ્કૃતિ માટે પ્રયત્ન કર્યા વિના ચેન કેમ પડે? એ રાતદહાડો રેંટિયા માટે—સ્વરાજ્ય માટે તનતોડ મહેનત કર્યે જાય છે, કારણ કે એમને તેમ કર્યા વિના ચેન જ પડતું નથી. જે એમના જેટલા તપાસનારા નથી, જાગ્રત નથી, તેમને જેવું જીવન ચાલ્યું જાય છે તેવું નિભાવી લેવા જેવું જ લાગે છે.

બુદ્ધ ફરવા નીકળ્યા અને એકેક વાર ઘરડા, રોગી અને મૂએલા માણસને જોઈને એમને વૈરાગ્ય થયો એ કવિનું કાવ્ય છે. સાચું એ છે કે, એ અત્યંત સાવધાન નિરીક્ષક હોવાને લીધે એમને બધાયે સુખોપભોગને અંતે ઘડપણ, રોગ અને મૃત્યુ આવે છે એ સ્પષ્ટ જણાઈ આવ્યું. આપણને એવું જણાય તો છે, પણ આપણે વિચાર કરવા નથી બેસતા, બુદ્ધ વિચારક હતા માટે વિચાર કરવા બેઠા; અને વિચારી જોતાં જોયું કે આ સુખોપભોગમાં કાંઈ માલ નથી; એ ઘડપણથી, રોગથી કે મૃત્યુથી માણસને બચાવી શકતા નથી; ઊલટા એ પ્રત્યે માણસને ખેંચી જાય છે. પોતે જેને અત્યંત વહાલાં માને છે એવાં માબાપ, સ્ત્રી, પુત્ર, મિત્રો બધાંયે ઘડપણ, રોગ અને મૃત્યુથી પીડાવાનાં છે. જો એમની ઉપર એમને ખરું વહાલ હોય તો એમાંથી એમને બચાવવાં એ જ એમની સાચી સેવા કહેવાય.

એ દુઃખમાંથી બચવાનો ઉપાય શો? દેશ, પરદેશ, કર્મ, યોગ, જ્ઞાન, જ્યાંથી એ મળી શકે ત્યાંથી એ ઉપાય શોધવો જ જોઈએ. એ ઉપાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધીને જગતને સુખી કરવું એ જ સાચા પ્રેમનું લક્ષણ. જો તમારા કુટુંબને સુખી કરવા માટે તમારે છ વરસ અમેરિકા કે વિલાયત રહેવાની જરૂર હોય, તો તમે તમારા કુટુંબીઓને છોડી ત્યાં જાઓ કે નહીં? જો તમારા દેશને સ્વતંત્ર કે સુખી કરવા માટે તમારે છ વરસ જેલ ભોગવવી પડે એમ હોય, અથવા તોપને ગોળે ચડવાની જરૂર પડે એમ હોય, તો તમારે તેમ કરવું ઘટે કે નહીં? તે વખતે તમારાં સ્ત્રીપુત્ર રઝળશે કે ઝૂરશે એવો વિચાર કરી શકાય? બુદ્ધને એમનાં સગાંવહાલાં, જગતનાં પ્રાણીઓ, સર્વેને પરમ સુખી કરવાની ઇચ્છા હતી. પણ એ કેમ કરી શકાય એના ઉપાયનું જ્ઞાન નહોતું. એ શોધવા જો સ્ત્રીપુત્રનો, રાજ્યનો ત્યાગ કરવો પડે, તો એ શું બહુ ભારે ત્યાગ કહેવાય? એવા ત્યાગ તો આપણે ભૌતિક સ્વરાજ્ય માટે પણ પ્રજામાં ઇચ્છીએ છીએ.

બુદ્ધ ક્ષત્રિય હતા. એકાદ લડાઈમાં ગયા હોત તો ત્યાંયે તેમનો કપાઈ જવાનો સંભવ હતો. લડાઈના પ્રસંગે પણ સ્ત્રીપુત્રને — મુગ્ધ હોય કે જ્ઞાની હોય—રઝળતાં મૂકવાં પડત. યશોધરા ક્ષત્રિયાણી હતાં. ક્ષત્રિયાણીને યુદ્ધને લીધે થતો પતિવિયોગ એ સૌભાગ્યનાશનું ચિહ્ન નથી, વિશેષ સૌભાગ્યનું ચિહ્ન છે. વિદ્યાને માટે પરદેશ રઝળતા પતિની પ્રાપ્તિ એ જ બ્રાહ્મણીને પરમ સૌભાગ્ય; યુદ્ધને માટે રણમાં મરતા પતિની પ્રાપ્તિ એ ક્ષત્રિયાણીને માટે સાચું સૌભાગ્ય; ધનવૃદ્ધિને માટે પરદેશ ખેડતા પતિની પ્રાપ્તિ એ વાણિયણને માટે સાચું સૌભાગ્ય, કોઈ પણ બ્રાહ્મણી, ક્ષત્રિયાણી કે વાણિયણ આવે પ્રસંગે થતો વિયોગ દુઃખરૂપ નથી માનતી. ઊલટું, વિદ્યા માટે સાહસ વિનાનો બ્રાહ્મણ, યુદ્ધ માટે સાહસ વિનાનો ક્ષત્રિય, અર્થ માટે સાહસ વિનાનો વૈશ્ય એ જ એમની સ્ત્રીઓ માટે છતે પતિએ રંડાપો. પ્રમાણમાં આ તો ઓછી મહત્ત્વની વસ્તુઓ ગણાય. બુદ્ધના ત્યાગમાં તો જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ હતો, સર્વને સુખી કરવાનો ઉદ્દેશ હતો. એટલા માટે થોડાં વર્ષ કે કાયમને માટે પણ સ્ત્રીપુત્રને એમનો વિયોગ થાય એ અસહ્ય લાગે છે, કારણ કે આપણામાં સાહસવૃત્તિ ઓછી થઈ ગઈ છે. સાહસિક પ્રજાઓ આથીયે અલ્પ ઉદ્દેશને માટે આથી મોટા ત્યાગ કરે છે, અને એમની સાહસિક પત્નીઓ અને માતાઓ એમને એમાં ઉત્તેજન આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાગ કરતી વખતે યશોધરાની નિરાધાર સ્થિતિ નહોતી; અને ખાવા પીવાના સાંસા નહોતા. બુદ્ધના જવાથી એને શરીરનિર્વાહની અડચણ આવી પડે એમ નહોતું, એટલે એવી કોઈ ફરજને અદા કર્યા વિના બુદ્ધે સંસારનો ત્યાગ કર્યો એમ નહીં કહી શકાય.

વળી શારીરિક દૃષ્ટિએ બુદ્ધ વિશેષ સુખ માણવા જતા નહોતા. એ સર્વે પ્રકારનાં શારીરિક કષ્ટોને જ બાંધીને નીકળ્યા હતા. એટલે સાચું પૂછો તો તે પોતે એક સાહસ ખેડતા હતા. તેમાં સ્ત્રીપુત્રને ન સંડોવાવું પડે એ માટે એમને ઘેર રહેવા દેવામાં જ એમણે વ્યાવહારિક વિવેક વાપર્યો ગણાય.

બુદ્ધને ઘેર સુખ નહોતું લાગતું. એમને ભોગવિલાસ, સ્ત્રીપુત્ર વગેરેમાં કોઈ ઠેકાણે ચિત્ત ચોંટતું નહોતું. એમની સ્ત્રી કદાચ એમને માટે હેતથી મિષ્ટાન્ન કરીને લાવે ત્યારે એમને એ મિષ્ટાન્ન અંતે વિષરૂપ થવાનું એ વિચારથી મિષ્ટાન્નનો રસ ઊડી જાય અને અકારું લાગે, એવી માનસિક સ્થિતિમાં એમની સ્ત્રીને એમના સહવાસમાંથી શું સુખ મળી શકે? જ્યારે પતિપત્ની, પિતાપુત્ર કે સાથે રહેનાર કોઈ પણ કુટુંબીઓ કે મિત્રોની માનસિક સ્થિતિ એવી બને કે એકના રસ તે બીજાના રસ ન રહે, એકને સુખરૂપ લાગનારી વસ્તુ બીજાને સુખરૂપ લાગે નહિ, અને તેની સાથે રહેવું એ માનસિક ક્લેશનું કારણ બને, ત્યારે જેના રસો એવા જુદા પડી ગયા હોય તે જુદો પડી જાય, એ જ શું ડાહ્યા માણસોનો માર્ગ નહિ?

વળી, જે વસ્તુ પોતાને નુકસાન કરનારી લાગે તે પોતાના પ્રેમી જનોને કેમ અપાય? બાળક સર્પ સાથે રમવા ક્લેશ કરે, તેથી બાપ બાળકને તેમ કરવા દેશે? એ અગ્નિ ઝાલવા માગે, તેથી બાપ એના હાથમાં દેવતા મૂકશે? જે વિષયભોગને લીધે અંતે પોતે દુઃખી છે એમ જેને નિશ્ચયપૂર્વક લાગ્યું છે, તે એ વિષયભોગ એનાં પ્રેમી જનોને આપવા પ્રયત્ન કરી શકે?

ધણી મરી જાય ત્યારે પણ સ્ત્રી કલ્પાંત કરે છે, છોડી જાય ત્યારે પણ કલ્પાંત કરે. સિદ્ધાર્થ મરણપથારીએ હોત ત્યારે યશોધરા કલ્પાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશે એ વિચારથી એ શું કરી શકત? એ છોડી જતા હતા તે કોઈ અનીતિયુક્ત હેતુથી કે હલકી ભાવનાથી પ્રેરાઈને નહિ, પણ પોતાને, સગાંવહાલાંને, જગતને વધારે સુખી કરવાના, વિદ્યા ખોળવાના હેતુથી. હેતુની શુદ્ધતા ઉપર માણસની કોરતા કે દયાનો આધાર છે. કેવળ શારીરિક કર્મ — છોડી જવાની ક્રિયા — ઉપર નહિ. જ્યારે એ માર્ગ એમને મળ્યો ત્યારે એ પાછા ઘેર આવ્યા; પોતાનો માર્ગ પોતાને સાચો લાગતો હોવાથી યશોધરા અને રાહુલને ભિક્ષુ બનાવતાં અચકાયા નહિ.

આવી શંકા આપણને ઉત્પન્ન થાય છે, કારણ કે આપણું શરીર અને શરીરનો વિચાર કરનારું મન એ જ આપણે છીએ, એમ આપણે માનીએ છીએ, અને કોઈ ઉદાત્ત કાર્ય માટે આપણું શરીર, સગાંવહાલાં, ધન એ સર્વનો નાશ થાય એવું સાહસ કરવાની આપણામાં બળવાન વૃત્તિ રહી નથી. સાહસિક પ્રજ્ઞને આવી શંકા થાય જ નહિ. સાહસિક સ્ત્રીપુત્રને આવાં દુઃખ અસહ્ય લાગે જ નહિ. થોડું દુઃખ લાગે, પણ તેને એ નિભાવી લે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

ત્રુટિઓ–ખામીઓ, અપૂર્ણતાઓ. **સક્યકુ**–ખરેખરા. **ભૌતિક**–સ્થૂલ, જડ. **ભિક્ષુ**–બૌદ્ધ સાધુ.

૧. ભગવાન બુદ્ધ અને સામાન્ય મનુષ્યના ભેદ વિશે લેખક શું કહે છે? તમે એ વિષે શું ધારો છો?

૨. લેખક બુદ્ધને "અત્યંત સાવધાન નિરીક્ષક" શા માટે કહે છે? એ નિરીક્ષણશીલતાની એમના જીવન ઉપર શી અસર થઈ?

૩. સાચા પ્રેમનું લક્ષણ શું? બુદ્ધને તે કેવી રીતે સમજાયું?

૪. લેખક બુદ્ધના ત્યાગને સાહસ શા માટે કહે છે? બુદ્ધના ત્યાગ પાછળ શો હેતુ હતો?

૫. બુદ્ધે પોતાનાં પત્ની અને પ્રજ્ઞનો ત્યાગ કર્યો તે માટે લેખક કયાં કારણો આપી બુદ્ધનો બચાવ કરે છે? તમે તે સાથે સંમત થાઓ છો?

૬. આ લેખમાંથી બુદ્ધના સિદ્ધાંતો વિશે તમે જે જાણી શકયા હો તે ટૂંકમાં લખો.

૭. ભગવાન બુદ્ધના જીવન અને કાર્ય વિશે ટૂંકી નોંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌરીશંકર ગોવર્ધન જોશી (ધૂમકેતુ)

[આપણા ટૂંકીવાર્તાસાહિત્યમાં નવી ભાત પાડનાર, તેને શણગારનાર અને સમૃદ્ધ કરનાર રા. ધૂમકેતુનો જન્મ ગોંડળ પાસે વીરપુરની ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં ઈ. સ. ૧૯૯૨માં થયો હતો. ૧૯૨૦માં જૂનાગઢ કૉલેજમાંથી એમણે બી.એ.ની પરીક્ષા પસાર કરી, અને ત્યારથી અમદાવાદમાં લેખક અને શિક્ષકનો વ્યવસાય કરે છે.



ધૂમકેતુની વાર્તાઓમાં બહુધા ગરીબ, ગ્રામ્ય લોકોના જીવન-સંગ્રામ અને તેમને થતા અન્યાયોનું સચોટ આલેખન હોય છે. વર્તમાન યાંત્રિક યુગ અને શ્રીમંત મૂડીવાદીઓ અને સત્તાના મદથી ઉન્મત્ત થયેલા અમલદારો એમના નિર્દોષ જીવનને કેવી રીતે કચડી નાખે છે એનો કરુણ ચિતાર આપણે જ્યાં ને ત્યાં તેમની વાર્તાઓમાં જોઈએ છીએ. ગરીબોને પણ ભાવભર્યું હૃદય હોય છે; પૈસા અને સત્તા કરતાં અલ્પ લેખાતું માનવહૃદય–માનવજીવન હજારગણું ઉચ્ચ છે; અને દયા, સેવા અને ભ્રાતૃભાવ એ જ માનવીનું સાચું ધન છે. એ વીસરાઈ ગયેલા સત્યનો આપણને તેમની વાર્તાઓ ખ્યાલ કરાવે છે. આ રીતે વર્તમાન જીવનનું સ્પષ્ટ પ્રતિબિંબ એમની વાર્તાઓમાં પડ્યું છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અર્વાચીન રશિયન સાહિત્યમાંથી એમણે પ્રેરણા મેળવી હશે, છતાં લેખકનું વ્યક્તિત્વ નિરાળું જ તરી આવે છે.

રા. ધૂમકેતુનું પાત્રાલેખન સચોટ છે, વસ્તુગૂંથણી કલામય છે, અને વાર્તા પાછળનો ધ્વન્યર્થ વાચકના હૃદયમાં સીધો ઊતરી જાય એવું સફળ તેમનું આલેખન છે. એક વાસ્તવિક અને સાદો દેખાતો પ્રસંગ લઈ તેમાં પોતાની કલ્પનાના રંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા હૃદયની ધગશ ઉતારી સારાયે પ્રસંગને તે હૃદયંગમ બનાવી શકે છે. એમની શૈલી સાદી છતાં આકર્ષક, ભાવમય અને વિષયને અનુકૂળ છે.

નવલકથા, નવલિકા, નાટક, બાલસાહિત્ય, વગેરે સાહિત્યનાં તમામ ક્ષેત્રો એમણે ખેડ્યાં છે. 'તણખા'–મંડળ: ૧, ૨, ૩, ૪, 'પ્રદીપ' એ વાર્તાસંગ્રહો ઉપરાંત 'રાજમુકુટ' અને 'પૃથ્વીશ' નામે લાંબી વાર્તાઓ, 'પરાજય' અને 'અજિતા' નવલકથાઓ અને 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' એમણે લખ્યાં છે. હજુ એમનો સાહિત્યપ્રવાહ વહ્યો જ જાય છે. એમની કેટલીક વાર્તાઓનું હિંદીમાં પણ ભાષાંતર થયું છે. એમની સફલતા અને લોકપ્રિયતાની પ્રતીતિ માટે આટલું પૂરતું છે.

'મુસાફર' ટૂંકી વાર્તાનો પ્રકાર છે. પ્રસંગ સાદો અને ટૂંકો છે, જોકે વસ્તુ અસાધારણ છે. માણસ મશીન જેવો બને એ કલ્પના જ કેટલી દુઃખદ છે! મશીન જેવું નિયમિત, રસહીન જીવન અઢળક સંપત્તિ હોવા છતાં પણ કોને ગમે?]

મુસાફર

આથમતા સૂર્યનાં કિરણમાં હિરણ્ય મહેલ ઝગારા મારી રહ્યો હતો. એની રંગીન કાચની બારીઓમાંથી પડતું ચિત્રવિચિત્ર તેજ આરસની ફરસબંધીને ઇંદ્રધનુષ્યની શોભાથી રંગી રહ્યું હતું. સઘળે શાંતિ હતી. હિરણ્ય–મહેલનો દરવાજો ખોલીને એક અજાણ્યા મુસાફરે પ્રવેશ કર્યો.

એના મોં આગળ મેંદીની મોટી લાંબી કાપેલી વાડ રસ્તાની બન્ને બાજુએ નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલી હતી. વચ્ચેનો રસ્તો લાલ માટી પાથરીને આકર્ષક અને મોહક બનાવ્યો હતો. રસ્તા પર કોઈ ન હતું. ચારે તરફ કોઈ ન હતું. સઘળે નિર્જીવ શાંતિ હતી. લક્ષ્મીના પસાર થઈ ગયા પછી મોટા મહેલમાં દેખાય તેવી ઉજ્જડ, ઉપેક્ષિત અને ઉદાસ સ્થળમાં હોય એવી જે શાંતિને લીધે અશાંતિ જન્મે છે તેવી અજાયબી ભરેલી, આશંકાઓથી વસેલી. અજાણ્યા મુસાફરે એમાં પ્રવેશ કર્યો. એનું શરીર એની લાકડીને આધારે આગળ ને આગળ વધ્યું. રસ્તા પર માત્ર એની લાકડીનો અવાજ થતો હતો — મોટો, અને એકલો હોવાથી પડઘા પાડતો.

તે આગળ ને આગળ વધ્યો.

છેક દ્વાર પાસે પહોંચ્યો. દરવાજા પરથી જે અનુમાન કર્યું હતું તેના કરતાં પણ મહેલ વધારે ભવ્ય હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેલમાં જવાનાં પગથિયાં પર બન્ને તરફ ઇંદ્રધનુ રંગના આરસની બારીક નકસીકામવાળી જાળી મૂકી હતી. ઠેકાણે ઠેકાણે કૌમુદી જેવા ધોળા આરસના કુંભમાંથી રજનીરાણીએ પહેરેલા વસ્ત્રની જેમ રંગબેરંગી ફૂલના ગુચ્છા લટકતા હતા. એક ઠેકાણે હિંગળોક રંગના લાલ પથ્થરમાંથી કોતરેલો શાંત પહેરેગીર ઊભો હતો. મુખ્ય દ્વારની નજીકમાં આરસની એક સુંદર પ્રતિમા હતી, તેનું અપ્રતિમ જીવંત સૌંદર્ય આખા મહેલને રમ્ય ને આકર્ષક બનાવી રહ્યું હતું.

અજાણ્યો મુસાફર અહીં અટકયો.

કોઈએ કહ્યું નહિ કે આવો. કોઈએ પૂછ્યું નહિ કે કેમ આવ્યા? કોઈ બોલ્યું નહિ કે જાઓ. કોઈએ ટકોર ન કરી કે થોભો. ઊંડી ઉદાસીનતામાંથી અશાંત અવાજ આવતા હોય તેમ, મહેલના અંદરના ભાગમાંથી સમજાય કે સંભળાય તેવા નહિ, માત્ર લાગે કે આવે છે, એવા અવાજ આવતા હતા.

એકલો પગથિયાં ચઢ્યો.

કાળા આરસના પથ્થરમાં લાલ સ્વસ્તિક બેસાડીને સીડીને મનોહર બનાવી હતી.

મુસાફર મુગ્ધ થતો આગળ વધ્યો. પાછળના ભારથી એ જરાક વાંકો નમ્યો હતો. અવસ્થાને લીધે લાકડીનો આધાર લેતો હતો, છતાં એનામાં આવું સુંદર સ્થળ જોઈને નવું જોમ આવ્યું હતું. છેક ઉપર જઈને તે ઊભો રહ્યો.

વિશાળ દીવાનખંડમાં લાલ ચંદનના બાજઠ પર રેશમી આસન પડ્યાં હતાં. ઉપર ઝુંમર લટકતાં હતાં. નીચે તારાંકિત રજની જેવી સાચાં મોતી ભરેલી વિશાળ જાજમ પાથરેલી હતી. ઉપર છતમાં સોનેરી જલપ્રવાહમાં સ્નાન કરતી અપ્સરાનાં ચિત્રો હતાં. નીચે ચારે ખૂણે જાજમની સોનેરી રૂપેરી ગૂંથણીમાં રતિનાથની મનોહર દેહ શોભી રહી હતી.

મુસાફર ત્યાં ઊભો. અખૂટ સમૃદ્ધિ હતી, અદ્‌ભુત સૌંદર્ય હતું, અનુપમ કલા હતી. શાંતિ હતી. પણ...એ સઘળું જેને લીધે જીવંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે તેવું કોઈ મનુષ્ય ત્યાં ન હતું. ઉદાસીન, અવાજ વિનાની, એકધારી શાંતિમાં જાણે કોઈનાં પગલાં સંભળાતાં હતાં. પણ ત્યાં કોઈ હતું નહિ. સઘળું સૂમસામ પડયું હતું. મુસાફરને હવે લાગ્યું કે પોતે જુએ છે તે માયા છે — ખોટું છે તે સાચું દેખાય છે.

એ જ વખતે સામેનું દ્વાર ઉઘાડીને એક માણસે ગુપચુપ પ્રવેશ કર્યો. તેનું વય આધેડ હતું, પણ દેહ સશક્ત અને રસિક લાગતો હતો. કાંતિ પણ તેજસ્વી હતી. માત્ર ન સમજી શકાય એવો વિષાદ એના મોં પર હતો. એને જોતાં જ લાગે કે આ એક એવો જીવાત્મા છે કે જે સુખી છે ને નથી; જે દેખાય છે એનાથી તદ્દન જ જુદો છે. બોલ્યા વિના માત્ર ઇશારતથી અજાણ્યા મુસાફરને અંદર આવવાનું તેણે આમંત્રણ આપ્યું.

મુસાફર અંદર ગયો.

સુંદર આસન ઉપર બેઠો કે તરત જ ઉપરથી સુગંધી પવન વહેવા લાગ્યો. ચારે તરફથી ગુલાબજળનો છંટકાવ થવા લાગ્યો. પેલો માણસ તેની સામે બેઠો. બંને જણા ઘડીભર બોલી શક્યા નહિ. મુસાફર સમૃદ્ધિથી અંજાયો હતો એટલે : પેલો માણસ પોતાનું ગૌરવ ઘટે એટલે.

'આંહીં કોઈ દિવસ કોઈ આવતું નથી ?' છેવટે મુસાફરે કહ્યું.

નિઃશ્વાસ નાખીને તેણે ઉત્તર વાળ્યો : 'આવે છે ઘણા, પણ રહે છે કોક.'

'તમે આંહીં જ રહો છો ?'

'હા.'

'હું આંહીં રહું ? રાત પડયો રહું ? તમારા નોકર ક્યાં છે ? તમે એકલા જ છો ?'

પેલા માણસે પોતે બેઠો હતો ત્યાં એક કળ દબાવી. એક તરફનું દ્વાર ખોલીને તરત એક માણસ આવ્યો. એની ચાલ સીધી ને અક્કડ હતી. પગલાં માપેલાં ભરતો હતો. મોં તેજહીન, મારી નાખે એટલું બધું શાંત, એકધારું, ઉદાસ, ને કંટાળેલું હતું. તે છેક પાસે આવ્યો. અજાણ્યો મુસાફર ચમકી ઊઠ્યો. તેણે પોતાની સામે ઊભેલું યંત્ર-માનવ જોયું. તેની પાસે આવીને સલામ કરીને ઊભો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ...તે માણસ ન હતો. સાંચાની પેઠે તે ઊભો હતો. યંત્રની માફક તે સ્થિર હતો. જડ વસ્તુ જેવો ભાવહીન હતો.

'આ કોણ છે? માણસ કે યંત્ર?'

ટૂંકો અર્થવાહી જવાબ મળ્યો: 'અહીં બંને એક છે.'

'એટલે? આમાં મને કાંઈ સમજ પડતી નથી.'

'આ સ્થળને અતિલક્ષ્મીનો રોગ છે. હું એ રોગનો વારસ છું. હું ધારું તોપણ કોઈ મનુષ્યને હૃદયથી સ્પર્શી શકતો નથી. આ યંત્ર-માનવ મારું કામ કરે છે એટલું જ. એથી વિશેષ મારે અને એને પણ સંબંધ નથી. હું એકાકી છું.'

થોડી વાર એમાંથી કોઈ બોલ્યું નહિ. મુસાફર મુગ્ધ બની રહ્યો હતો. પેલો માણસ શાંતિ ઇચ્છી રહ્યો હતો.

અચાનક પેલો માણસ બોલ્યો: 'આ સ્થળ તમને કોણે બતાવ્યું?'

'મને કોઈએ બતાવ્યું નથી; મેં જોયું ને મને ગમ્યું.'

'પણ — આ સ્થળ કોઈને ગમતું નથી. મને ગમતું નથી, તમે પણ એનો ઇતિહાસ જાણશો, એટલે તમને પણ નહિ ગમે.

'આ સ્થળે હું એકલો છેલ્લાં બાર વર્ષ થયાં રહું છું. આંહીં સમૃદ્ધિનો પાર નથી. કૌમુદીમાં તો આ સ્થળ સ્વર્ગ જેવું બની રહે છે. પણ આ સ્થળ શાપિત છે...'

'શાપિત!'

'એને અતિલક્ષ્મીનો શાપ છે — જેમાં પુષ્કળ સગવડ મળે, છતાં સુખ ન હોય, જેમાં સઘળી વસ્તુની જીવનશક્તિ લક્ષ્મીના સ્પર્શથી હવાઈ જતી હોય — એવું આ સ્થળ શાપિત છે આંહીં સઘળું મળશે; માત્ર નહિ મળે મનુષ્યોનો સ્પર્શ. એક જ યંત્ર-માનવનો સહચાર તમારે માન્ય હોય તો આ સઘળી સમૃદ્ધિ તમારી છે...તમને આ ગમે છે?'

ઘડી રહીને તે પાછો બોલ્યો. એના અવાજમાં ઘેરી ઉદાસીનતા પથરાઈ રહી હતી.

'મને આ સ્થળ એવી જ રીતે મળ્યું છે. ને હું એવી જ રીતે — જો કોઈ સમૃદ્ધિ માટે આ શરત કબૂલ કરે તો બીજાને વારસામાં સોંપીને મુક્ત થઈ શકું એમ છું. અજાણ્યા મુસાફર! તને આ સ્થળ ગમે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પણ શબ્દ બોલ્યા વિના અજાણ્યો માણસ ઊભો થયો, ને દુઃખ ભરેલું મધુર હસ્યો : 'સલામ !'

'કેમ જાઓ છો ? તમે સમૃદ્ધિની શોધમાં હો તો આટલી સમૃદ્ધિ ક્યાંય નહિ મળે. પૈસાને બળે ઊંચામાં ઊંચી જગા પર રહેવાની ઇચ્છા હોય તો આ સ્થળ હિમાલયના શિખર જેટલું ઊંચું છે. એકાકી, કોઈની ગરજ નહિ, કોઈની પરવા નહિ; તમારી સમૃદ્ધિમાં જ તલ્લીન. શું ખોટું છે?'

પણ મુસાફરે તો ફરી સલામ કરી ને તે ઉતાવળે પગલે પાછો ફર્યો.

છેક બારણા પાસે જઈને જ તે ઊભો રહ્યો. દયાર્દ્ર સ્વરથી તેણે પેલા માણસને કહ્યું : 'ભાઈ ! તમારા એકાકી સમૃદ્ધિમય જીવનમાં રહેલો શાપ મને દુઃખ આપે છે. પણ તમારું જીવન લઈ લેવાની મારામાં શક્તિ નથી. હું સમૃદ્ધિની શોધમાં નથી. ઊંચામાં ઊંચી ભયંકર પ્રતિષ્ઠા માટે પણ મને માન નથી. હું તો માત્ર માનવ-મહાસાગરમાં દેખાતાં અસંખ્ય જલબિન્દુમાં રહેલી સામાન્ય માનવતા શોધું છું.'

એટલું બોલીને પાછું પણ જોયા વિના તે ચાલતો થઈ ગયો.

તેને જતો જોઈને પેલો માણસ શૂન્ય જેવું હસ્યો. એના હાસ્યમાં જ્વંત મૃત્યુની છાયા હતી. 'કોઈ રહેતું નથી !' તે એટલું જ બોલ્યો, અને ધીમે પગલે પોતાના એકાંતવાસમાં પાછો ફર્યો. એ ગૂઢ શાંતિમાં એનાં પગલાં ભયંકર ઉદાસીનતાના પડઘા જેવાં પડી રહ્યાં હતાં.

ટિપ્પણ અને સ્વાધ્યાય

હિરણ્ય–સોનું. **રતિનાથ**–કામદેવ. **માનવતા**–માણસાઈ. (આ શબ્દ સમૂહવાચક અને ભાવવાચક બન્ને પ્રકારે વપરાય છે.)

૧. મુસાફરે હિરણ્ય-મહેલમાં શું શું જોયું ને અનુભવ્યું તેનું વર્ણન કરો.

૨. 'અતિલક્ષ્મીનો રોગ' અને 'અતિલક્ષ્મીનો શાપ' એટલે શું તે સમજાવો.

૩. માનવ-મહાસાગર, તેમાં દેખાતાં અસંખ્ય જલબિંદુઓ, તેમાં રહેલી સામાન્ય માનવતા એ રૂપકો સમજાવો.

૪. સમૃદ્ધમય પણ એકાકી જીવનમાં રહેલી ગૂઢ શાંતિ ભયંકર ઉદાસીનતાના પડઘા પાડે છે. એ કથન કારણ આપી સમજાવો.

૫. તમારી જાતને મુસાફર કલ્પી આ વાર્તા ટૂંકમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણલાલ વસંતલાલ દેસાઈ

[આ લોકપ્રિય નવલકથાકારનો જન્મ ઈ. સ. ૧૮૯૨ માં વડોદરા રાજ્યના શિનોર ગામમાં થયો હતો. તે જ્ઞાતે વડનગરા નાગર છે. પ્રાથમિક કેળવણી શિનોરમાં અને માધ્યમિક કેળવણી વડોદરામાં પૂરી કરી તે કૉલેજમાં દાખલ થયા. ત્યાંથી ૧૯૧૪ માં બી. એ. અને ૧૯૧૬ માં ગુજરાતી ઐચ્છિક વિષય લઈ એમ. એ. ની પરીક્ષા એમણે પસાર કરી અને વડોદરા રાજ્યની સરકારી નોકરીમાં જોડાયા.

શ્રી. દેસાઈ લોકપ્રિય નવલકથાકાર છે. એમની નવલકથાઓ આજે હોંસથી વંચાય છે. સામાજિક પ્રશ્નો લઈ તે નવલકથાનું વસ્તુ રચે છે, અને પોતાનાં પાત્રો દ્વારા અથવા યોગ્ય પ્રસંગ ઉપસ્થિત થતાં તે પોતાના અંગત વિચારો અને મંતવ્યો રજૂ કરતાં ચૂકતા નથી. આથી એમની બધી નવલકથાઓ ઉપદેશાત્મક હોય છે, અને આ રીતે સ્વ. ગોવર્ધનરામ અને શ્રી. મુનશી એ બે નવલકથાકારોની વાર્તાશૈલીઓની વચ્ચેનો માર્ગ એમણે ગ્રહણ કર્યો છે. પોતે સમાજસુધારણાની ધગશથી પ્રેરાઈ લખે છે. એટલે એમાં પ્રાસંગિક તત્ત્વ વિશેષ હોય એ દેખીતું જ છે. ભારતવર્ષના છેલ્લા અહિંસાત્મક યુદ્ધથી (૧૯૩૦) પ્રેરાઈ, લોકરુચિને અનુકૂળ થઈ પડે એવી 'દિવ્યચક્ષુ' નામે નવલકથા એમણે લખી અને ત્યાર પછી એમની લોકપ્રિયતામાં સંગીન ઉમેરો થયો. 'દિવ્યચક્ષુ' માટે શ્રી. દેસાઈને કાંટાવાલા પારિતોષિક મળ્યું હતું.

'કોકિલા', 'શિરીષ', 'સ્નેહયજ્ઞ', 'ગ્રામલક્ષ્મી', 'હૃદયનાથ' વગેરે નવલકથાઓ ઉપરાંત એમણે 'સંયુક્તા,' 'અંજની' અને 'શંકિત હૃદય' એ નાટકો પણ લખ્યાં છે. આ બન્ને નાટકો 'એમેચ્યોર્સ' તરફથી સફળ રીતે ભજવાયાં હતાં. શ્રી. દેસાઈએ આ બન્નેમાં રંગભૂમિને અનુકૂળ એવાં ઘણાં તત્ત્વો દાખલ કર્યાં છે, છતાં સામાન્ય રીતે રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોની અનુચિતતા અને અશિષ્ટતાથી તે અલિપ્ત છે. જ્યાં રંગભૂમિ પર ભજવાતાં નાટકો સુરુચિ અને વિવેકદૃષ્ટિનો ભંગ કરતાં હોય અને શિષ્ટ અને સાહિત્યસંસ્કારવાળાં નાટકો રંગભૂમિની જરૂરિયાતોની અવગણના કરતાં હોય ત્યાં આવાં નાટકો અવશ્ય આવકારપાત્ર લેખાય.

[સા. રત્ન. ભા. ૩–૧૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલકથા અને નાટકો ઉપરાંત એમણે થોડી ટૂંકીવાર્તાઓ ('ઝાકળ') પણ લખી છે. અને હજી એમની સાહિત્યપ્રવૃત્તિ એકધારી વહ્યા કરે છે.

નીચેનો પ્રસંગ એમની 'ભારેલો અગ્નિ' (૧૯૩૫) નામની નવલકથામાંથી લેવામાં આવ્યો છે. રુદ્રદત્તના પાત્રની આખીયે વિભાવના ગાંધીજીની અહિંસાત્મક ફિલસૂફીને આધારે થઈ છે. રુદ્રદત્ત અહિંસામંત્રનું મૂર્ત સ્વરૂપ છે એમ કહીએ તો એમાં અત્યુક્તિ નથી. ૧૮૫૭ ના બળવાના સમયમાં આ ભાવના આવા સ્વરૂપમાં ન સંભવે : એ આખીયે નવલકથાની પશ્ચાદ્‌ભૂમિકામાં આ એક પ્રકારનો કાલવ્યતિક્રમ આપણને લાગે છે અને ઐતિહાસિક દર્શનની ક્ષતિ થાય છે. પણ લોકજીવનના વ્યાપક અને સામાન્ય અંશોને લેખક કેવી રીતે ગૂંથી લે છે તેનું આ નવલકથા સરસ દૃષ્ટાંત આપે છે. આમાં જ શ્રી. રમણલાલની લોકપ્રિયતાની ચાવી રહેલી છે.]

ગુરુદક્ષિણા

આખી ધર્મશાળા નિઃશબ્દ બની ગઈ. અણુકલ્પ્યો અકસ્માત બની ગયો. ટોળામાં આવેલા કોઈને ખ્યાલ જ ન હતો કે વિપ્લવવાદીઓની પણ પૂજ્યમૂર્તિ રુદ્રદત્ત સામે કોઈ હાથ ઉપાડશે. ભારતના યુદ્ધમાં જાણે કૃષ્ણ પડ્યા હોય એવી સહુને લાગણી થઈ આવી. અસહાય વાતાવરણ સ્થિર થાય તે પહેલાં તો બે ક્ષણમાં–ત્રણ ક્ષણમાં ત્र्यંબકની લાઠી ઘૂમી. એક ફાળમાં તે નીચે ઊતર્યો અને દેવાલયના ચોકમાં ભેગા થયેલા ક્રાન્તિકારીઓને જબરદસ્ત પ્રહારો કરવા લાગ્યો. ઘણા મનુષ્યો ભાગવા લાગ્યા, અને સાંકડા મંદિરમાંથી નીકળવા લાગ્યા. ત्र्यંબકે શંકરને બંદૂક ઉપાડતો જોયો, અને પોતાની સામે બંદૂક તાકે તે પહેલાં ત्र्યંબકે શંકરના હાથ ઉપર ઝપાટો લગાવી તેનું શસ્ત્ર નીચે ગેરવી દીધું. શંકરે પૂંઠ ફેરવી ભાગવાનો પ્રયત્ન કર્યો. ત्र्યંબકે તેને ઝાલ્યો; તેના વાળ પકડી પીંખી નાખ્યો, અને વજ્રમુષ્ટિ પ્રહારો વડે તેને ગભરાવી ઘાયલ કરી બેભાન બનાવ્યો. શંકર જમીન ઉપર પડ્યો. ત्र्યંબકનો ક્રોધ શમતાં પડેલા શંકરને સંબોધી તે પોકારી ઊઠ્યો :

'ચાંડાલ! હત્યારા!'

અને પગ વડે પ્રહાર કરવા ત्र्યંબક તત્પર થયો, ત્યાં તો રુદ્રદત્તનો પરિચિત, સ્વસ્થ અને ગંભીર સાદ સંભળાયો :

'ત्र्યંબક!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રંબકે પાછળ જોયું. રુદ્રદત્ત લ્યુસીને અઢેલીને બેઠા હતા. કલ્યાણી, જૅન્સન તથા તેમનાં પત્ની રુદ્રદત્તની છાતીમાંથી વહેતા રુધિરને કકડા વડે સાફ કરતાં હતાં. ત્રંબક થોભ્યો. રુદ્રદત્તે કહ્યું :

'ભાઈ, પાછો આવ. મારું મૃત્યુ લોહિયાળ ન બનાવીશ.' ગુરુને ભાગતાં ભાન ભૂલેલ ત્રંબકને જ્ઞાન આવ્યું કે ગુરુને થયેલો ઘાવ મરણઘાવ હતો. ગુરુનું મરણ? ત્રંબકના દેહમાંથી બળ ઓસરી ગયું. તેને ફેર આવ્યા. લથડતે પગે તે પાછો ફર્યો, અને ગુરુના ચરણ સમીપ જઈ ઢગલો બની બેસી ગયો. 'હું—ઓજારોની પેટી લઈ આવું. દવા પણ છે', કહી જૅન્સન સાહેબ જવા લાગ્યા. તેમની પાછળ તેમની મડમ પણ જવા લાગ્યાં.

'હમણાં ન જશો. લોકો ઉશ્કેરાયેલા છે.' રુદ્રદત્તે કહ્યું.

'અમારે માટે આપ ઘાયલ થાઓ અને અમે અહીં બેસી રહીએ એ ન બને. લ્યુસી અહીં સારવાર કરશે, અને અમે દોડતાં જઈ બધું સાધન લાવીએ છીએ,' કહી સાહેબ અને મડમ બંને દોડતાં ધર્મશાળાની બહાર નીકળ્યાં.

'નાહક જાય છે.' રુદ્રદત્ત બોલ્યા.

'કેમ?'

'મર્મ ઉપર ઘા થયો છે. થોડોક વખત આ દેહ ટકશે.'

'શું?' કલ્યાણી ચમકીને બોલી ઊઠી. ઘવાયેલા પિતામહની સારવારમાં તલ્લીન બની ગયેલી કલ્યાણીને ખ્યાલ જ નહોતો આવ્યો કે રુદ્રદત્ત કદાપિ મૃત્યુ પામે! તે ચમકીને ઊઠી.

'ચમકવાનું કારણ નથી. દેહે બહુ કામ આપ્યું. હવે એ દેહ આરામ લેશે.' રુદ્રદત્ત બોલ્યા, પરંતુ તેમની નજર એક ડૂસકા તરફ દોરાઈ. ત્રંબકની આંખમાંથી અશ્રુધારા ચાલી રહી હતી. તે અટકાવવાના પ્રયત્નમાં તેના કંઠથી ડૂસકું બાઈ જવાયું.

'ત્રંબક, મર્દને આંસુ?' રુદ્રદત્ત બોલ્યા.

'હું મર્દ નથી. આપનો બાળક છું.' ત્રંબકે ગૂંગળાતે સાદે કહ્યું.

'બેટા, આ લાંબી જિંદગીમાં અનેક શિષ્યોએ મારા પ્રત્યે ગુરુભાવ કેળવ્યો, પણ ત્રંબક, તારો જોટો મને જડ્યો નથી.'

'ભૂલની ક્ષમા માગું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તેં ભૂલ કરી જ નથી, તારું સ્વત્વ તેં મારામાં હોમ્યું. તું આશ્રમની બહાર ગયો હોત તો ગૌતમ સરખો યોદ્ધો બનત. મારા મનથી તો તું સર્વ યોદ્ધાઓ કરતાં મોટો છે. એક ગુરુદક્ષિણા આપીશ?'

ત્રંબકથી બોલાયું નહિ. રુદનમય ત્રંબકે ગુરુચરણે હાથ મૂક્યા. 'દીકરા, "પણ" લે કે કોઈ દિવસ હથિયાર ન ઝાલવું.'

ત્રંબકે હજુ સુધી હથિયાર વાપર્યું નહોતું, પરંતુ તેની લાઠીનો ઉપયોગ તો તેણે કર્યો હતો. હથિયાર વાપરવાની અને હિંદભરના એક મશહૂર યોદ્ધા તરીકે પ્રસિદ્ધ થવાની તેને હોંસ હતી. એ માટે ગુરુઆજ્ઞાની રાહ જોતો હતો અને સમય વિતાવતો હતો. બળવાના ભણકારા તેને કાને અથડાતા હતા. ગુરુને તેમાં દોરવાના પ્રયત્નો ચાલી રહ્યા હતા. તેનું તે નિરીક્ષણ કરતો હતો. ગુરુ સહેજ તેમાં દોરાયા એમ પણ તેને લાગ્યું. કારણ, ગૌતમને છોડાવવા માટે આદરેલી મુસાફરીને અંતે ક્રાંતિકારીઓ તેમને જ નીમવાના હતા. ત્રંબકને એમાં આશા દેખાઈ. તેનું વીરત્વ કસોટીએ ચઢશે એવો તેને ભરોસો ઊપજ્યો.

પણ ત્યાં રુદ્રદત્તે શસ્ત્રભંડારને ભસ્મીભૂત કરી નાખ્યો! એટલું જ નહિ, તેમના દેહને ભસ્મીભૂત થવાની ક્ષણ આવી! એ ક્ષણે ત્રંબકના વીરત્વને ભસ્મીભૂત કરી નાખવાની ગુરુદક્ષિણા ત્રંબક પાસે ગુરુ માગતા હતા? શું કરવું? ગુરુને સંતોષવા? અને જીવનભર પોતાના આત્માને ગૂંગળાવવો?

'ગુરુજી, એક વખત શસ્ત્ર વાપરી જોઈશ.'

'ક્યાં વાપરવું છે?'

'મારા ગુરુ ઉપર હાથ ઉપાડનાર અને તેની પાછળ રહેલા સહુનો સંહાર કરી હું શસ્ત્ર વેગળું કરીશ.'

'ન ઘેલા! રુદ્રદત્તનું તર્પણ વેર લઈને થાય?'

'ત્યારે શી રીતે થાય?'

'હાથમાંથી શસ્ત્ર તજીને અને મનમાંથી ઝેર તજીને. એ "પણ" જે લે તે મારા દેહને અગ્નિદાહ કરે. એ "પણ" લેનાર કોઈ ન મળે તો મારા દેહને એમનો એમ છોડી દેજે.' રુદ્રદત્તે કહ્યું. આંખો મીંચી, સહુ શાંત બની ગયાં. ત્રંબક, કલ્યાણી, દ્યુતી અને પૂજારી પરસ્પરની સામે જોઈ રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

'મારે હજુ કલ્યાણીને સંભાળવી પડશે.' ત્र્યંબક બોલ્યો.

'અને મને ભય છે કે લક્ષ્મીને પણ સંભાળવી પડશે.' મીંચેલી આંખે રુદ્રદત્ત બોલ્યા.

'એ હું વગર શસ્ત્રે કેમ કરી શકીશ?'

'વગર શસ્ત્રે સ્ત્રીઓને સંભાળી ન શકાય એવી દુનિયામાં ન રહેવું.'

'એટલે?'

'દુનિયાને શસ્ત્રરહિત કરવી, અગર દુનિયામાંથી ચાલ્યા જવું.'

'એ બનશે?'

'તો જ માણસમાં માણસાઈ રહેશે.'

'પણ બધી જનતા કયાં એમ માને છે?'

'બેટા, હું એ માનું છું. હું તો હવે ચાલ્યો. મારા પછી એકાદ માણસ પણ એ માનતો થાય તો હું સુખથી દેહ છોડું. તારામાં મને શ્રદ્ધા છે.' રુદ્રદત્તે આંખ બોલી ત્र્યંબકની સામે જોયું. રુદ્રદત્તની દૃષ્ટિમાં નવો પયગામ હતો, નવા પયગામનાં તેજ હતાં, માનવીના હૃદયને વીંધી નાખતી વીજળી હતી. ત્र્યંબકથી બોલાઈ ગયું :

'ગુરુજી, હું "પણ" લઉં છું. આ ક્ષણથી મેં શસ્ત્ર છોડયું.'

'તારું અને આખા જગતનું કલ્યાણ એમાં છે.' રુદ્રદત્તે પાછી આંખ બંધ કરી અને કહ્યું :

'મને હવે જમીન ઉપર સુવાડો. દુર્વા કે તુલસી મને આપો.'

'પંડિતજી, આવે શરીરે જમીન ઉપર?' લુસીએ પૂછ્યું.

'એમાં હરકત નહિ. અને — હવે જમીનની નજીક જઈએ એમ સારું. માનો અંક બધાય માટે પથરાયેલો છે.'

કલ્યાણી દોડતી દોડતી તુલસીકયારા પાસે જઈ તુલસીપત્ર લઈ આવી. પવિત્ર કરેલી જમીન ઉપર રુદ્રદત્તને સુવાડયા અને તેમના હાથમાં તુલસીપત્ર મૂકતાં કલ્યાણીનું ઝાલી રાખેલું હૃદય રુદનમાં વહી ગયું. રુદ્રદત્તે ધીમે ધીમે કલ્યાણીને વાંસે હાથ ફેરવ્યો. કલ્યાણીને રડવા દઈ રુદ્રદત્ત બોલ્યા :

'દીકરા, અત્યારે રડવાનું હોય કે ગાવાનું?'

'ઓ દાદાજી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાદાજી કરતાંય મોટા દાદાજી તારા ઉપર નજર રાખે છે. એ જે કરશે એ સારું જ કરશે. બહેન, કંઈ ભજન બોલ. ત્र્યંબક, ગીતાપાઠ કર. લક્ષ્મી, તુંયે પ્રાર્થના સંભળાવ.'

લ્યુસી સહુથી પહેલી સ્વસ્થ થઈ. અંધકારમાંથી પ્રકાશમાં લઈ જવાની એક ઈશુપ્રાર્થના તેણે મીઠા સુરે ગાઈ સંભળાવી. રુદ્રદત્તના મુખ ઉપર શાંતિ છવાઈ જતી હતી. પ્રાર્થના પૂરી થયે રુદ્રદત્ત બોલી ઊઠ્યા :

'તમસો મા જ્યોતિર્ગમય. કોણ કહે છે કે ઈસુ આપણો નથી?'

'કલ્યાણીનો કંઠ ઊઘડ્યો જ નહિ. તેને અનેક કીર્તનો આવડતાં હતાં, પરંતુ તેના હૃદયમાં શાંતિ નહોતી. તેના હૃદયમાં રુદન વારંવાર ઊપડી આવતું હતું. જેમને ખોળે ઊછરી હતી એ માતા અને પિતાનું એકત્ર સ્થાન આજ અદૃશ્ય થતું હતું. એને શાંતિ કેમ વળે? એનું કોણ? દાદાજી જાય છે! ગૌતમ તો ગયો જ. અકથ્ય નિરાધારતા નીચે તે કચરાઈ જતી હતી. ત્र્યંબકે ગીતાપાઠ શરૂ કર્યો. એકાએક રુદ્રદત્તે આંખ ઉઘાડી અને પૂછ્યું :

'ત્र્યંબક, શંકર ક્યાં છે?'

'મને ખબર નથી.'

'તેં એને એવો માર્યો છે કે અહીંથી ઊઠ્યો નહિ હોય. જો. એને ઉઠાવી મારી પાસે લાવ.'

ત્र્યંબકના મનને બંડ કરવાની વૃત્તિ થઈ. પરંતુ શસ્ત્રરહિત થવાનું "પણ" તેના હૃદયને પણ શસ્ત્રરહિત બનાવવા મથતું હતું. ક્ષણભર અટકી તેણે કહ્યું :

'હા જી. હું જોઉં.'

'અને પંડિતજી, હું જરા જોઈ આવું કે મારા પિતા હજુ કેમ ન આવ્યા. દવા જલદી આવે તો સારું.' લ્યુસીએ કહ્યું.

'લક્ષ્મી, દવાનું કામ નથી. "ઔષધં જાહ્નવીતોયં." અને બહેન, તું ન જા તો કેવું?' રુદ્રદત્તે કહ્યું.

'કેમ?'

'ચારે પાસ તોફાન છે.'

'એટલે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પાદરી સાહેબ અહીં આવી નહિ શકે.'

'એ કયાં હશે?'

'કાં તો ચાલ્યા ગયા હશે, અગર બંગલામાં ઘેરાઈ રહ્યા હશે.'

'ત્યારે તો હું જરૂર જઈ આવું,' કહી એ અંગ્રેજ કુમારિકા કોઈનું કહેવું સાંભળ્યા વગર ઝડપથી બહાર દોડી ગઈ. રુદ્રદત્તે આંખ ઉઘાડી મીંચી દીધી.

ત્ર્યંબકે શંકરની ખોળ કરી, પરંતુ મંદિરના ચોકમાં તે જણાયો નહિ. ગામની અંદર તેમ જ પાદરીના બંગલા ભણી ધૂમો પડતી હતી અને ભારે કોલાહલ થતો હતો. શંકર ભાન આવતાં ઊઠી ચાલ્યો ગયો હોય, અગર તેના સાથીઓ તેને ઉપાડી લઈ ગયા હોય, એ સિવાય તેનું અદર્શન સમજાય એવું નહોતું.

'શંકર તો નથી.' ત્ર્યંબકે આવી કહ્યું.

'ઠીક.'

'બહારથી ખોળી લાવું?'

'ના, હવે જડશે નહિ.'

'શું કામ હતું?'

'અંત સમયે મારે એનાં દર્શન કરવાં હતાં.'

'કેમ?'

'એ મારો ગુરુ હતો.'

'આપનો ગુરુ? શંકર બલાસી?'

'હા.'

'મનમાં ઊતરતું નથી.'

'ન ઊતરે. જો સાંભળ. એક યુદ્ધમાં મેં મારા પુત્રનો – કલ્યાણીના પિતાનો – ભોગ આપ્યો. પુત્રનો મૃતદેહ જોઈ મારા હૃદયમાં વેરનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. મારા એકેએક દુશ્મનને પુત્રવિહોણો કરવાની મનોવૃત્તિ થઈ આવી. શંકર અને એક બીજો મહાપ્રતાપી યુવક મારી સાથમાં હતા. શંકર પણ મારો માનીતો યુદ્ધશિષ્ય હતો. મેં શંકરને કહ્યું:

'શંકર, અત્યારે જ ઊભો થા, અને ઘેરાયેલા શત્રુઓના પ્રત્યેક સંતાનને કાપી નાખ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારા પુત્રના દેહમાંથી હજુ રુધિર ટપકતું હતું. શંકરને કમકમી આવી. તેણે જવાબ આપ્યો :

'પંડિતજી, આમ આવી કાપાકાપી વગર લડવાનો માર્ગ નહિ હોય ?'

'મારા હૃદયમાં કોઈ પ્રકાશ પ્રગટ્યો. પ્રકાશના અક્ષરોમાં હૃદયપટ ઉપર લખાયેલું મેં વાંચ્યું :

'માનવી પશુ ન બને તો તેને શસ્ત્રની જરૂર શી છે ?'

'મેં એ અક્ષરોને હલાવી અલોપ કરી દીધા. મને લાગ્યું કે યુદ્ધનો થાક અને કાયરતા આ ઝંખનાને ઉપજાવે છે. મેં શંકરને એક લાત મારી કહ્યું :

'કાયર, મૃત્યુથી ડરે છે ?'

'પંડિતજી, હું જ તમારું મોત બની આવું છું.' અપમાન — ખોટા અપમાન — થી ધૂંધવાયેલો શંકર પોતાના હથિયાર સહિત મારી છાવણી-માંથી ચાલ્યો ગયો. મારો બીજો શિષ્ય બોલ્યો :

'આજ્ઞા હોય તો હું જાઉં.'

'એ શિષ્યને તે જ દિવસે પુત્રજન્મની વધાઈ મળી હતી. મારા મનમાં નિર્બળતા આવી. મેં કહ્યું :

'તારે હજુ પુત્રનું મુખ જોવાનું છે. હું જઈશ.'

'મને એ તૃષ્ણા નથી.' તેણે કહ્યું, અને તે એક નાનકડી ટોળી લઈ ચાલી નીકળ્યો.

'પુત્રના શબ પાસે બેસી મેં કંઈક વિચારો કર્યા. એ બધા ભ્રમ હશે — ઝંખના હશે, પરંતુ પેલા પ્રકાશલિખિત શબ્દો મારા હૃદયમાં અને મારી આંખ આગળ ચમકતા જ રહ્યા.

'શું હું એક પુત્રના પિતાને અન્યના પુત્રનું નિકંદન કાઢવા મોકલતો હતો ? અને તે કઈ ક્ષણે ? મારા જ કુળનું નિકંદન નીકળતું હતું તે વખતે ! હું અપુત્ર બન્યો : સમગ્ર જગતને અપુત્ર બનાવવાની મારી વૃત્તિ શું મારી અપુત્ર સ્થિતિનો ઉતાર હતો ?

'એકાએક મને લાગ્યું કે હથિયાર એ માનવીનું જ્વલંત પાપ અને પાપનો બદલો બંને છે. એને ફેંકી દઈએ તો ? પાપ પણ ન થાય અને બદલો પણ ન મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

'મેં તે જ ક્ષણે હથિયાર ફેંકયાં. શિષ્યને પાછો આવવા કહેણ મોકલ્યું. શંકરે દુશ્મનોને ખબર આપી દીધેલી એટલે એ શિષ્ય તો નહિ, પણ તેનું શબ પાછું આવ્યું. મેં મારા પુત્રનું અને મારા પુત્ર સરખા શિષ્યનું એમ બે શબ બાળ્યાં. અને તે ક્ષણથી મારા ગુરુ શંકરની ઇચ્છાનુસાર કાપાકાપી વગર લડવાનો માર્ગ શોધી રહ્યો છું. કહે, મારે એને નમવું જોઈએ ને?'

બહુ બોલ્યાથી રુદ્રદત્તનો ઘા જીવંત બન્યો. તેમાંથી લોહી ઊભરાયું. તેમણે આંખો મીંચી. કલાક સુધી અત્યંત શાંત અવસ્થા તેમણે અનુભવી. ઘાયલનો તરફડાટ કે મરણોન્મુખનો જલ્પ રુદ્રદત્તને સ્પર્શી શકયાં નહિ. દેહમાંથી આત્માને છૂટો પાડવા ટેવાયેલા મહાત્માને દેહકષ્ટ લાગતું નહોતું.

આસપાસ ચીસો સંભળાતી હતી; પરંતુ મંદિરની અંદર કોઈનો પ્રવેશ થયો નહોતો. ટોળાં જતાં, આવતાં, દોડતાં, ધૂમો પાડતાં, અંદરથી સંભળાતાં હતાં. ગામ છેક નાનું ન હતું. ત્રંબકને લાગ્યું કે ક્રાંતિકારીઓના મુખ્ય સ્થળમાંનું એ એક હોવું જોઈએ. સંધ્યાકાળે દૂર દૂર ભડકા થતા દેખાયા; પૂજારી ખબર લાવ્યો :

'પાદરી સાહેબનો બંગલો બળ્યો.'

'લક્ષ્મી પાછી આવી?' રુદ્રદત્તે આંખ ખોલી પૂછયું.

'ના.'

'ઈશ્વરેચ્છા. એના પ્રત્યેક કાર્યમાં કલ્યાણ છે. આપણી ટૂંકી દૃષ્ટિથી કાર્યની કલ્યાણપરંપરા ઓળખી શકાતી નથી. કલ્યાણી, ત્રંબક, દુઃખ કે મૃત્યુ દેખી ડરશો નહિ. પરમ સુખ અને અમૃતના એ માર્ગ છે.'

કલ્યાણીનું હૃદય હાથમાં રહેતું ન હતું. તેની આંખ ઘડી ઘડી અશ્રુથી ઊભરાઈ જતી હતી. રુદ્રદત્ત બોલતા ત્યારે તેને આશા પડતી કે પ્રભાવશાળી વૃદ્ધ હજુ જીવી શકશે. તે શાંત સૂતા ત્યારે તેની શ્રદ્ધા ડગમગી જતી. શાંત પડેલા દાદાને તેણે પૂછયું :

'દાદાજી, આપણે વિહાર જઈશું?'

'નહિ જવાય.'

'કેમ?'

'આ મારી છેલ્લી ઘડી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણીનું રુદન પાછું ઊછળી આવ્યું. રુદ્રદત્તે કહ્યું :

'બેટા, મારી દીકરીથી રડાય?'

'મૃત્યુ સામે નથી જોવાતું.'

'મૃત્યુ કરતાં ઘણા મોટા ભય જગતમાં છે. મૃત્યુ તો જીવનના એક ઝોલાનું અટકસ્થાન. અકળાઈશ નહિ. શાંત થા, એટલે હું આ દેહને મૂકી દઉં.' રુદ્રદત્ત જાણે સહજ વાત કરતા હોય એમ પોતાના સ્વાભાવિક સ્મિત સહ બોલ્યા.

કલ્યાણીથી રડી શકાયું નહિ. તેને લાગ્યું કે તેના જીવનની — સમગ્ર જગતના જીવનની — કોઈ મહા ઘડી આવે છે. સંધ્યાકાળ થતાં પૂજારીએ મંદિરમાં દીવો કર્યો, અને નોબત વગાડી.

'ડંકો, બરુ?' રુદ્રદત્ત બોલ્યા.

'હા જી.'

'મને બેસાડો.'

'બેસાશે?'

'ઉઠાશે. સંધ્યાકાળે સુવાય નહિ; પ્રભુનો ડંકો બજતો હોય ત્યારે તો નહિ જ.'

ત્ર્યંબક અને કલ્યાણીએ રુદ્રદત્તને બેસાડ્યા. રુદ્રદત્તે બંનેના મસ્તક ઉપર હાથ મૂક્યો.

'ત્ર્યંબક, તારું "પણ" ધ્યાનમાં રાખજે. ન સમજાય તો ખૂબ વિચાર કરજે. જગતનો ઉદ્ધાર હિંસામાં નથી. બહેન, ગૌતમ મળે તો પરણી જજે. બસ? નવો દેહ અને નવી રમત! જય—! પ્રભુ...! તારા ડંકા સહ વિસર્જન...! ૐ...!'

રુદ્રદત્તે કલ્યાણીના બબા ઉપર માથું ઢાળી દીધું. ત્ર્યંબકે કલ્યાણીને બબેથી ગુરુના દેહને અળગો કરી જમીન ઉપર સુવાડ્યો. ગુરુના ધવલ વાળમાં દીપી રહેલું ધવલ મુખ ટમટમતા દીવામાં પણ ધવલ સ્મિત કરી રહેલું હતું. અર્ધખૂલી આંખ જગતને જોતી દેખાતી છતાં જગતથી વિરામ પામી ગઈ હતી. જાણે શાંભવીમુદ્રાસ્થિત કોઈ યોગી ન હોય?

'ત્ર્યંબક, શું થયું?'

'ગુરુજી પધાર્યા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે નહિ બોલે?'

'ના.'

'આપણે શું કરીશું?'

'કલ્યાણી, બીશ નહિ. જરા પૂજારી મહારાજને બોલાવ.'

'કેમ?'

'ગુરુજીના દેહને...લઈ...જવો...'

'શું? આ દેહને બાળવાનો?'

ત્રંબકે જવાબ આપ્યો નહિ.

'ઓ દાદાજી! તમે ક્યાં ગયા?' કલ્યાણી બૂમ પાડી ઊઠી. તેના પગ નીચેથી જમીન જતી રહેતી હોય એવો તેને ભાસ થયો. રડ્યા વગર તેનું હૈયું ફાટી જશે એમ તેને લાગ્યું. કલ્યાણી રડી ઊઠી.

એ રુદન રુદ્રદત્તના આત્માએ સાંભળ્યું હોત તો તે દેહમાં ફરી પ્રવેશ કરત. પરંતુ દેહ છોડી ગયેલો આત્મા દેહીઓનાં રુદન ક્યાં સાંભળે છે? નહિ તો છેક બાલપણથી સંભાળી લાડમાં ઉછેરેલી સંસ્કારી વહાલી પૌત્રીને આમ નિરાધાર છોડી રુદ્રદત્ત સ્વધામ જાય ખરા?

ટિપ્પણ અને સ્વાધ્યાય

સ્વત્વ – પોતાપણું, વ્યક્તિત્વ. **શસ્ત્રભંડાર** – વિહારથી આવતાં રસ્તામાં રુદ્રદત્તે પહાડની ગુફામાં સંતાડી રાખેલા શસ્ત્રભંડારનો નાશ કર્યો હતો — તેનો અહીં ઉલ્લેખ છે. **તર્પણ** – શ્રાદ્ધ. **પયગામ** – (ફા.) સંદેશ. **ઔષધ** ... ગંગાજળ એ જ ઔષધ. **મરણોન્મુખનો જલપ** – મરણના મુખમાં પડેલાનો લવારો.

૧. 'ચમકવાનું કારણ નથી. દેહે બહુ કામ આપ્યું. હવે એ દેહ આરામ લેશે.' રુદ્રદત્તના આ શબ્દો સાદા, સીધા હોવા છતાં કેટલા અર્થસૂચક છે તે સમજાવો.

૨. ગુરુએ શિષ્ય પાસે કઈ ગુરુદક્ષિણા માગી? શા માટે?

૩. "હાથમાંથી શસ્ત્ર તજીને અને મનમાંથી ઝેર તજીને જ રુદ્રદત્તનું તર્પણ થઈ શકે." પૂર્વાપર સંબંધ આપી આ વાક્યનું સ્પષ્ટીકરણ કરો.

૪. 'શસ્ત્ર છોડવામાં જ વ્યક્તિનું અને સમષ્ટિનું કલ્યાણ છે.' શી રીતે? તમે આ વિચાર સાથે કેટલે અંશે સંમત થાઓ છો?

૫. શંકર ખલાસીને કોણે ગુરુ માનેલો? ખલાસી જેવી વ્યક્તિને કેવા પ્રસંગે ગુરુ માનવામાં આવ્યો હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. નીચેનાં વાક્યોનું સ્પષ્ટીકરણ કરો :— (અ) 'ઔષધં જાહ્નવીતોયં' (બ) 'જગતનો ઉદ્ધાર હિંસામાં નથી.' (ક) 'મારું મૃત્યુ લોહિયાળ ન બનાવીશ.' (ડ) 'હથિયાર એ માનવીનું જ્વલંત પાપ અને પાપનો બદલો બંને છે.'

૭. આ પ્રસંગમાં તમને આપણા જમાનાનું વાતાવરણ જણાય છે? કયાં અને કયું? રુદ્રદત્તની સરખામણી આ યુગના કોઈ મહાપુરુષ સાથે તમે કરી શકો? કોની સાથે અને શા માટે?

૮. રુદ્રદત્ત અને ત્र્યંબક એ પાત્રો ઉપર ટૂંકી નોંધ લખો.

અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી

[આધુનિક ગુજરાતના ગણ્યાગાંઠ્યા સિદ્ધહસ્ત ગદ્યલેખકો અને ચિંતકોની હરોળમાં બેસી શકે એવા શ્રી. અંબાલાલ પુરાણીનો જન્મ સુરતમાં ઈ. સ. ૧૮૯૪માં થયો હતો. જ્ઞાતિએ તે ભટ્ટમેવાડા બ્રાહ્મણ છે અને ભરૂચના વતની છે. માધ્યમિક અભ્યાસ વડોદરામાં કરી તે બરોડા કૉલેજમાં દાખલ થયા હતા અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ૧૯૧૩ માં તેમણે પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી હતી. અભ્યાસ પૂરો કર્યા પછી તે જનસેવાના કામમાં ગૂંથાયા હતા. અને વડીલ બંધુ છોટુભાઈ પુરાણી સાથે સારાય ગુજરાતમાં વ્યાયામશાળાના પ્રચાર અને વિકાસ માટે 'અંબુભાઈ' તરીકે સારી રીતે જાણીતા થયા હતા, ૧૯૨૩થી તે જાહેર જીવનમાંથી નિવૃત્ત થયા છે અને હાલમાં પોંડીચેરીના શ્રી. અરવિંદ આશ્રમમાં યોગની સાધના કરે છે.

એમણે કેટલાંક ભાષાંતરો ઉપરાંત સ્વતંત્ર પુસ્તકો પણ લખ્યાં છે. પોતે સમર્થ ગદ્યલેખક હોવા ઉપરાંત રસિક કલાકાર, દ્રષ્ટા અને વિચારક છે. એમની વિવિધ શક્તિઓનો ખ્યાલ એમના 'દર્પણના ટુકડા' નામના પુસ્તકથી જરૂર આવી શકે. આ પુસ્તકનું સ્વરૂપ કંઈક નોંધપોથી જેવું છે, પણ તેમાં લેખકે એક સાદી વાર્તાને કલામય રીતે વણી લીધી છે, અને વિચારસામગ્રી પણ તે દ્વારા ઠીક ઠીક આપી છે. સૂક્ષ્મ અને ગૂઢ હૃદયભાવો, માનસિક, હાર્દિક અને લૌકિક જીવનના અનુભવો અને પ્રાસંગિક મનન એ સર્વ એક વા અન્ય સ્વરૂપે આ પુસ્તકમાં પ્રગટ થયાં છે. એમાં દર્શાવેલા અજંતા ઉપરના વિચારો કોઈ પણ કલારસિક કે કલાવિવેચકને મુગ્ધ કરે તેવા છે. આ ઉપરાંત 'પથિકનાં પુષ્પો' અને 'પથિકના પત્રો' એ એમની જાણીતી કૃતિઓ છે.

લેખકની શૈલી પ્રસંગાનુસાર સાદી કે પ્રૌઢ બને છે, એથી એમના લખાણના વર્ણનાત્મક વિભાગો પણ આપણને નીરસ અને ચેતનવિહોણા નથી લાગતા. એમની શૈલી સંસ્કૃત, સંયમયુક્ત અને અર્થવાહી છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજંતા

અજંતા ! એ નામનો સાચો પરિચય થતાં મારા હૃદયમાં જે ભાવો થાય છે તે કેવી રીતે વ્યક્ત થઈ શકે ? આ ઊંચી સુંદર ગિરિમાલા, ઝમઝૂમ વહેતાં બે નદીઓનાં ઝરણો, સુંદર પ્રાકૃતિક દૃશ્ય, સરલ જનગણ — એ બધું કેવું અસાધારણ લાગે છે ? અને પર્વત ઉપર ઊભા રહીને ચારે તરફ દૃષ્ટિ કરતાં કેવું અપૂર્વ દૃશ્ય જણાય છે ? જો હું લેખક હોત તો કેવું સુંદર વર્ણન કરત ? પણ હું તો રહ્યો શુષ્ક પુરાતત્ત્વનો અભ્યાસી. સાહિત્યની અધિષ્ઠાત્રી દેવી મારા ઉપર કૃપા કરે ત્યારે ખરી !

વડોદરાથી હું નીકળ્યો ત્યારે અજંતાની વિશાળતાનો મને સમૂળગો ખ્યાલ ન હતો એ મારે કબૂલ કરવું જોઈએ. હું ધારું છું કે ઘણાને એ વિશાળાતાનો યથાર્થ ખ્યાલ નહિ હોય. પુરાતત્ત્વનો પુસ્તકિયો અભ્યાસી હું ધારતો હતો કે 'અજંતા' એટલે ચાર ચૈત્યો અને પચીસ વિહારો મળીને કુલ્લે ઓગણત્રીસ ગુફાઓ — મધ્યપ્રાંતની દક્ષિણે હાલના નિઝામ રાજ્યના પર્વતોમાં પ્રાચીનોએ કોરી કાઢેલી ! !

પણ નજરે જ્યારે જોઉં છું ત્યારે ? તેની વિશાળતા, ભવ્યતા, દિવ્યતાનો મને યથાર્થ ખ્યાલ આવે છે.

સાચે જ આ ચાર ફર્લાંગ — અર્ધો માઈલ — લાંબા પડમાં વિસ્તરતી, નીચેથી અખોલો જેવી લાગતી ગુફાઓનું કોતરકામ આશ્ચર્ય પમાડે તેવું છે ! ઈસવી સનની પહેલી સદીથી આરંભીને છઠ્ઠી સદી સુધી આ ગુફાઓનું કાર્ય કોઈ ને કોઈ પ્રકારે ચાલુ રહ્યું હોય એવું અહીંના કોતરકામ, સ્થાપત્ય તથા શિલાલેખના ઉપલબ્ધ પુરાવાઓ ઉપરથી માલૂમ પડે છે.

આ ગુફાઓ વિશે અહીંના સરલ ગામડિયાઓમાં જે દંતકથા પ્રચલિત છે તે પણ જાણવા જેવી હોવાથી નોંધું છું.

લોકો માને છે કે એક વાર, કાલના આદ્યયુગમાં વિષ્ણુ ભગવાને પૃથ્વી ઉપર એક જ રાતમાં સ્વર્ગ પ્રગટાવવાને વિશ્વકર્માને આજ્ઞા કરી. તેમણે આ સુંદર ગિરિપ્રદેશ પસંદ કરી વિશ્વરચનાની યોજના તૈયાર કરી. રાતોરાત પોતાના શિલ્પીઓ બેસાડી સ્વર્ગલોક તૈયાર કર્યો. એક પછી એક દેવને તેમણે ચિત્ર અને મૂર્તિરૂપે ઉતારી પ્રત્યક્ષ કર્યો. કામ ઘણું હતું એટલે પૂરું કરતાં લગભગ પ્રભાત થઈ ગયું. વિષ્ણુ ભગવાન ગરુડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બેસીને આવ્યા; તેમણે કામ નીરખ્યું. એમને એટલું બધું પસંદ પડ્યું કે તેમણે એ આખો દેવગણ ઊંચકીને વૈકુંઠમાં લઈ જવાનું પણ માથે લીધું. પરંતુ એટલામાં પ્રભાત થતાં એક કૂકડો બોલ્યો. વિષ્ણુ ભગવાને જાણ્યું કે ગરુડને આ લોક મૂકીને આવતાં વાર થશે, અને એટલામાં આ મર્ત્યલોકના માનવીઓ જાગી જશે. દેવલોકોએ સૂર્યોદય થયા પછી પૃથ્વી ઉપર રહેવું જોઈએ નહિ. આમ સંભ્રમમાં પડી તેમણે પોતે પ્રથમ વિષ્ણુલોકમાં જઈ, ગરુડને એ દેવલોક લાવવા પાછળથી મોકલવા નિશ્ચય કરી, પોતે ગરુડ પર આરૂઢ થઈ વિષ્ણુલોકમાં ગયા. પણ પછી તો સૂર્યોદય થયો ! અને વિશ્વકર્માએ નિર્મેલ સ્વર્ગલોક પૃથ્વી ઉપર જ રહી ગયો !

અજંતા નજરે જોયું ત્યારે આ દંતકથાની સાર્થકતા સમજાઈ.

અજંતાનું વિહંગદર્શન કરીને રાત્રે મુકામે આવી જમીને મારા ખાટલામાં પડ્યા પડ્યા આ ગિરિમાલા પ્રત્યે નજર કરતાં મારું મન સ્વાભાવિક રીતે ભૂતકાલ પ્રત્યે વળ્યું. જનશૂન્ય લાગતા એ પર્વતપ્રદેશમાં ચારે દિશાઓથી અસંખ્ય બુદ્ધયાત્રીઓનાં ટોળાં આવતાં મને જણાયાં. ઈસવી સન ૬૯૦માં અહીં જ ચીનનો પ્રખ્યાત ધર્મયાત્ર શાન-ચાંગ આવ્યો હતો. કેટલાયે દેશી અને વિદેશી યાત્રિકો અહીં આવીને શાંતિ, જ્ઞાન, સંસ્કાર, કલા, તત્ત્વજ્ઞાન વગેરેના લાભ લઈ આપણા દુઃખી જગતમાં પાછા વધારે ઉપયોગી થઈ શકે તેવા થઈને ફર્યા હશે. હમણાં થોડા જ વખત ઉપર કેટલાક જાપાની અને ફ્રેન્ચ કલારસિકો પણ અન્ય પ્રકારની સંસ્કારયાત્રાએ આવી ગયા એમ સાંભળ્યું. અને એ યાત્રીઓની સૈકાંઓની અસ્ખલિત હારમાળામાં હું, ફ્રાંકફર્ટસમન પળુસ્કર અને મુંબઈની કળા-શાળાના ચિત્રકાર દવે તથા તેમના જાપાની મિત્રો — સીમામુરા કોલાયેશી અને તેની પત્ની આવ્યાં છીએ.

મોગલ યુગમાં અંજતા વીસરાઈ ગયેલું હોવું જોઈએ, કારણ કે તેનો ઉલ્લેખ કોઈ સ્થળે હજુ સુધી મળી આવ્યો નથી. અને વર્તમાન શોધ, શિકાર કરવા નીકળેલો એક લશ્કરી અંગ્રેજ રસ્તો ભૂલ્યો, એ હકીકતને આભારી છે. ઈસવી સન ૧૮૧૯માં એ ગુફાની જાણ જગતને ફરી વાર થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે અંદર જઈ ગુફાઓ જોઈ. પણ તે પહેલાં સત્તરમા નંબરની ગુફા આગળ ઊભા રહીને જે કુદરતનું દૃશ્ય નિહાળ્યું તેનું વર્ણન કેવી રીતે કરવું? મારા મનમાં થયું: 'માનવને પ્રભુભક્તિ કરવા માટે મંદિરો બાંધવાની વૃત્તિ શા માટે થતી હશે? તેમને એવી જરૂર કેમ જણાતી હતી? આ જગાએ ઊભા રહીને ઉપર અનંત પ્રકાશ, નીચે સંગીત કરતાં વહી જતાં ઝરણાંઓ, પંખીઓનું કલગાન, ઊર્ધ્વગતિમાન દેખાતાં પર્વત-શિખરો, ચારે બાજુ પ્રસરી રહેલી વનશ્રી— એમની વચ્ચે પ્રભુભક્તિ ન થઈ શકે તો ક્યાં થાય?'

અને એ પ્રભુભક્તિ માટે મંદિરો કરવાં તો પછી, આપણા પ્રાચીનો કરતા તેમ, પર્વતની ટોચ ઉપર, પ્રકૃતિના વિશાળ પટમાં પર્વતનું કઠિન પાષાણહૃદય કોરીને તેમાં મંદિર સ્થાપવાં એ બહેતર નથી? શહેરમાં એ વાતાવરણ કદી અનુભવી શકાય જ નહિ. એ તો નંદીસંગમે, પર્વતશિખરે કે, સમુદ્રતીરે જ પ્રગટે.

ગુફાની અંદર ગયા. શી માથું ચઢાવે એવી દુર્ગંધ! અંદર મધમાખી, ઘુવડ, કબૂતર, પોપટ, વાનર, ચામાચીડિયાં—એમ અનેક પ્રાણી-પંખીની ભાતભાતો વસતી હોવાથી અંદરની હવા ખૂબ ગંધ મારે છે. નિઝામ સરકારે એક ખાસ નીમેલ ક્યુરેટર મિ. અહમદ આટલું ગુફા સ્વચ્છ રાખવાનું પણ કરાવી શકતા નથી.

પણ એ અણગમતો અનુભવ બાજુએ મૂકીને જ્યારે ગુફાનાં દૃશ્યો જોયાં ત્યારે મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. નીચેથી જોતાં જે આમ્ર બાકોરાં માત્ર લાગતાં હતાં તે અહીં આવીને જોઉં છું તો મહેલો, મંદિરો, વિશાળ ઓરડાઓ, ભીંતો, શણગારેલી છતો, ભવ્ય થાંભલાઓ અને કુંભીઓ, સુશોભિત મુખદ્વારો, થાંભલા પરના કોરેલા ટોલ્લાઓ, ચિત્રો, કોતરકામની સુંદર નકશીદાર ભાતો (**designs**) સ્તૂપો, સેંકડો બુદ્ધો — ધ્યાનસ્થ અને બોધ આપતા, આસનસ્થ કે ઉપસ્થિત, બેઠેલા કે ઊભા — અને ભિક્ષુકોને રહેવાના સેંકડો વિહારોમાં રૂપાંતર પામી ગયેલાં લાગ્યાં!

જાણે રોજના જગતમાંથી ભૂલો પડીને હું કોઈ નવીન જ દુનિયામાં ન જઈ રહ્યો હોઉં? એ જગતમાં બુદ્ધ ભગવાન અને તેની પાછળ હજારો ભિક્ષુઓ, રાજાઓ, દાનવીર વ્યાપારીઓ તથા અકિંચન જનગણની હાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલી જતી હતી. કેટલાક હાથીઓ ઉપર, કોઈ ઘોડેસ્વાર તો કોઈ રથમાં, માફામાં, વહેલમાં, એક્કા, ડોળીમાં — એમ અનેક વાહનો પર ચઢીને તથા ઘણા પગપાળા, તે જગતમાં વિચરતા હતા. મને થયું, 'અહીં કદાચ પંદરસેં વર્ષ પૂર્વે હજારો બૌદ્ધ ભિક્ષુઓનો સંઘ વસતો હશે, તેઓ વર્ષમાં ચાતુર્માસ સિવાયનો સમય સમાજમાં પ્રચારકાર્ય કરવામાં, દરદીઓને ઔષધ આપવામાં, જનસમાજને બોધ આપી દેશની રક્ષા કરવામાં ગાળતા હશે. ચોમાસામાં ભેગા થઈ તેઓ નવા કાર્યની યોજનાઓ વિચારતા હશે, યા તો કેટલાક એકાંત સેવન કરી, ધ્યાનનો અભ્યાસ કરતા હશે; કેટલાક આત્મનિરીક્ષણમાં સમય ગાળતા હશે; કેટલાક પુસ્તકોનો અભ્યાસ કરતા હશે; કેટલાક ચિત્રકળાનો અભ્યાસ વધારતા હશે. ઉત્સવને દિવસે યાત્રાળુઓ દર્શન કરવા માટે આવતા હશે. ત્યારે આ આખો એકાંત પ્રદેશ લોકસમૂહથી ગાજી રહેતો હશે.'

દુર્ગંધથી અકળાયેલો હું એ જગતમાંથી બહાર આવ્યો. ફરી પાછું પ્રકૃતિનું મનોહર ભવ્ય દશ્ય મારી નજરે પડ્યું અને મને પણ એક સહૃદયી કલારસિક અંગ્રેજને થઈ હતી તેવી જ લાગણી થઈ: 'જે લોકો આ ઉચ્ચ પર્વત ઉપર ચાર ફર્લાંગ જેટલા પટમાં આ ગુફાઓની યોજના કરવાનું કલ્પી શક્યા તે લોકો, ખરે! શક્તિમાં અને સર્જકતામાં અસાધારણ હોવા જોઈએ.'

બહાર આવ્યા પછી સૌથી ધ્યાન ખેંચે એવી બીના એ હતી કે અમે પાંચ-છ જણ વાતો કરવી જ ભૂલી ગયા હતા! ગંભીર, નમ્રતાભર્યું ગહન મૌન અમારા સ્વભાવમાં ફરી ગયેલું લાગ્યું!

સાંજે નીચે ઊતરતાં પહેલાં ફરીને કેટલીક ગુફાઓમાં ગયા. કારણ કે સાયંકાલના સૂર્યનું તેજ કેટલીક ગુફાઓમાં પ્રવેશ કરતું હતું.

કેવું જાદુઈ દર્શન! ગુફાની નિર્વિકાર, નીરવ શાંતિમાં ભીંતો ઉપર અંકાયેલાં ચિત્રપટો સજીવન થઈ રહ્યાં હતાં! મને વિચાર થયો, 'રોજ સાયંકાળનો સૂર્ય આ પ્રમાણે છેલ્લાં પંદરસેં વર્ષથી પોતાનાં કિરણો આ ચિત્રો પર નાખતો હશે, અને રોજ તેઓ આ પ્રમાણે સજીવન થઈ ઊઠતાં હશે! સૂર્ય પણ કલાદેવીની કેવી મૂક ઉપાસના કરી રહ્યો છે!'

પાછા નીચે ઊતરતાં મારું મન તો નવીન સૃષ્ટિમાં જ ભ્રમણ કરી રહ્યું હતું. 'શાં રૂપો! આ ચિત્રો, આ મૂર્તિઓ, મારી આગળ કેવું મનોહર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત જાગ્રત કરી મૂકે છે! કેવું સુંદર એ સ્વપ્નરાજ્ય છે! હવે મને હાવેલ, કુમારસ્વામી, લૉરેન્સ બિનિયન અને બેરન ઓકાકુરા કાકૂઝોની આ કલાની ભક્તિ સમજાય છે. જ્યારે વિચાર કરું છું કે આ સ્થાપત્ય અને ચિત્રો દોઢ હજાર વર્ષથી આમ અવિકારી રહ્યાં છે ત્યારે મારું મસ્તક તે ગતકાલને આપોઆપ નમે છે. તૈલરંગી ચિત્રો હજુ સુધી તો ચિરંજીવી થઈ શકયાં નથી; જ્યારે ભાવિમાં થાય ત્યારે ખરાં. પરંતુ આ ચિત્રકારોએ ચિચુડાના પાણીમાં ઘૂંટીને બનાવેલા રંગો વધારે ચિરંજીવી નીવડ્યા છે! અને શા રંગ! મીઠા, શાંત, સ્થિર અને સૌમ્ય!'

* * *

આવતી કાલે રાત્રે અહીં પાછા ફરવાનું છે! નમસ્કાર અજંતા! બુદ્ધ ભગવાન, ધર્મ અને સંઘના; શ્રમણ સાધુઓના; રાજા, મહાજન અને જનસકલના; તત્ત્વજ્ઞાન, ધર્મ અને કલાના પુનિત તીર્થસ્થાન! તને મારાં વંદન હો! તારા પાષાણનાં જડ સ્થાપત્યો અને મૂક ચિત્રોએ મને ભૂતકાળમાં વિલીન કોઈ દિવ્ય સૃષ્ટિનું દર્શન કરાવ્યું તે માટે તારો કેટલો ઉપકાર માનું? માનવની — વ્યક્તિ અને પ્રજાઓની — ચડતીપડતી તો આપણા આ નાનકડા ગ્રહનો અબાધિત નિયમ છે. પ્રાપ્ત કરેલ ઐહિક સુખસામગ્રીઓ, પદાર્થના સમૂહ અને દ્રવ્યના ઢગલાઓ જગતમાં સ્થાનફેર કર્યા જ કરે છે.

જગતના ઇતિહાસના દ્રષ્ટાને એમાં ભાગ્યે આશ્ચર્ય પણ લાગે! પણ માનવના અંતરમાં જે સ્વપ્નાંઓ, જે અભીપ્સાઓ, જે ઉચ્ચ આદર્શો જાગે છે અને તેમની સિદ્ધિ માટે જે સમર્થ પ્રયત્નો તેણે આદર્યા છે, તે જ્યાં હોય ત્યાં પૂજનીય છે.

ભારતીય માનવના એક યુગના ઉન્નત સ્વપ્નને મૂર્ત સ્વરૂપે પ્રગટ કરનાર અજંતા! તારા વડે ભારતીય સંસ્કૃતિના કેન્દ્રનું આજે પણ અમને સચોટ ભાન તું કરાવે છે. આજે પણ અમને માનવતાનાં વધારે ઉન્નત ગિરિશૃંગો પ્રત્યે તું પ્રેરે છે. તને નમસ્કાર હો!

— દર્પણના ટુકડા

ટિપ્પણ અને સ્વાધ્યાય

પુરાતત્ત્વ – પુરાતન કામને લગતું. **ચૈત્ય** – બુદ્ધના અવશેષ પર બાંધેલો મિનારો, બૌદ્ધ મંદિર. **વિહાર** – બૌદ્ધ સાધુઓને રહેવાની જગા. **કલા પરિ-**

સા. રત્ન. ભા. ૩–૨૦]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા–art technique. **જાતકકથા**–બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની કથા. **શ્રમણ**–બૌદ્ધ સાધુ. **અભીપ્સા**–ઇચ્છા

૧. અજંતા શબ્દ સાથે લેખકના હૃદયમાં કેવા ભાવો જાગ્રત થાય છે? એમણે આપેલું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

૨. અજંતા વિષે ત્યાંના ગામડિયા લોકોમાં કેવી દંતકથાઓ પ્રચલિત છે? એ ઉપરથી અજંતાની કલા વિષે તમે શું ધારી શકો?

૩. આજની દુનિયાને અજંતાની કેવી રીતે જાણ થઈ? અજંતાના ઇતિહાસ વિષે તમે જે જાણી શકયા હો તે લખો.

૪. અજંતાનું લેખકે કરેલું વર્ણન તમારા શબ્દોમાં લખો.

૫. અજંતાના પ્રકારની (પથ્થરમાં કોતરેલી) બીજી કોઈ ગુફા તમે જોઈ છે? એ ગુફાના તમારા પ્રવાસ ઉપર આશરે ૨૫ લીટી લખો.

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

[રા. વિશ્વનાથ ભટ્ટનો જન્મ ભાવનગર રાજ્યના ઉમરાળા ગામમાં ૧૮૯૮માં થયો હતો. જ્ઞાતિએ તેઓ ઔદીચ્ય બ્રાહ્મણ છે. જુદે જુદે સ્થળે પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ કરી ૧૯૧૬માં તે શામળદાસ કૉલેજમાં દાખલ થયા; અને ૧૯૨૦માં સંસ્કૃત-અંગ્રેજી સાથે બી. એ. ની પરીક્ષા તેમણે પસાર કરી. ૧૯૨૧માં તે અસહકારની ચળવળમાં જોડાયા અને ૧૯૧૬માં ભરૂચ કેળવણી મંડળના આજીવન સભ્ય થયા. પણ એ મંડળની યોજનામાં ફેરફાર થવાથી તે ત્યાંથી છૂટા થયા હતા. ત્યારથી તે કેળવણીના ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે.

રા. વિશ્વનાથ સાહિત્ય અને ભાષાશાસ્ત્રના ઊંડા અભ્યાસી છે. 'પારિભાષિક શબ્દકોશ' તૈયાર કરી એમણે ગુજરાતી ભાષાની મહત્ત્વની સેવા કરી છે. આ ઉપરાંત એમણે મ. ટૉલસ્ટોયના કેટલાક ગ્રંથોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર અનુવાદ પણ કર્યા છે. ઊંડો અભ્યાસ અને તટસ્થ વૃત્તિને લીધે તે એક સફળ વિવેચક થઈ શક્યા છે. નર્મદશતાબ્દી પ્રસંગે લખાયેલું એમનું 'વીર નર્મદ'નું પુસ્તક વાંચવાથી એમની વિવેચનશક્તિનો વાચકને સહજ ખ્યાલ આવી શકશે. નીચેનો પાઠ એમાથી લીધો છે.

એમની ગદ્યશૈલી સંસ્કૃત, સંક્ષિપ્ત અને સરળ છે. પોતે જે કહેવા ઇચ્છે છે તે સફળતાથી વાચકના મન પર ધારી અસર કરે તે રીતે કહી શકે છે.]

નર્મદનો જમાનો

નર્મદજન્મસમયનો જમાનો એટલે જડતા, અજ્ઞાન, વહેમ, અંધ-શ્રદ્ધા ને ભીરુતાનો જમાનો. એ જમાનામાં લોકો કેટલા બધા અજ્ઞાન, વહેમી, ને ડરપોક હતા એનું એક જ દૃષ્ટાંત બસ થશે. એક વાર કાશીના કોઈ બ્રાહ્મણે મહાદેવના દેરામાં પત્ર મૂકેલો ને તેમાં જણાવેલું કે એક વરસ પછીની વસંતપંચમીને દિવસે આખી પૃથ્વીનો પ્રલય થવાનો, અને એકેએક મનુષ્ય તેમાં મરી જવાનું. આ પત્રનો પ્રચાર કરે તેને મહદ્ પુણ્ય મળે એમ તેમાં લખેલું, એટલે જે કોઈના હાથમાં તે આવતો એ તેની નકલ કરી લઈ પોતાના પડોશીઓમાં ફેલાવતો અને એ રીતે તાર ટપાલ વિનાના એ દિવસોમાં પણ એ કાગળ આખા હિંદમાં સર્વત્ર જાણીતો થઈ ગયેલો. આખું ગુજરાત તો એનાથી હબકી જ ગયેલું, ને પત્રમાં જણાવેલો વસંતપંચમીનો દિવસ આવ્યો એટલે જાણે ખરેખર મરી જ જવાનાં હોય એવી રીતે સર્વ પ્રકારની અંતિમ તૈયારી કરી લોકો એ સાર્વત્રિક મૃત્યુની વાટ જોતાં બેઠેલાં. ભારે આશ્ચર્યકારક બનાવ નથી લાગતો તમને આ? જીવનમરણ જેવી ગંભીર બાબતમાં પણ સૈકા પહેલાંનાં માણસો કેટલાં બધાં મૂઢ હતાં? આવડા મોટા દેશમાં કોઈ વિચાર સરખો કરતું નથી કે સાર્વજનિક મૃત્યુ તે આમ શી રીતે સંભવે? હજારો માણસોના હાથમાં થઈને એ પત્ર પસાર થયેલો, છતાં કોઈને પ્રશ્ન સરખો થયો નથી કે, વસંતપંચમીને દિવસે જગતનો પ્રલય થવાનો એમ માની લેવું તે શા આધારે? કોઈ અજાણ્યા બ્રાહ્મણે કહ્યું એટલા જ ઉપરથી સૌ ખરેખર મરી જવાનાં એમ વગર શંકાએ સ્વીકારી લે અને જણાવેલા દિવસે તેની તૈયારી કરીને બેસે: આવી દેખીતી જ મૂર્ખાઈ ભરેલી વાતમાં પણ કોઈ વિરોધનો સૂર સરખો ન કાઢે ને અંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંપરાથી આવી અકલ્પ્ય વાત પણ માની બેસે — એ આવા આખા દેશની બુદ્ધિનું કેવું દેવાળું સૂચવે છે? અને સમગ્ર પ્રજાની કેવી બીકણ મનોદશા તેમાં વ્યક્ત થાય છે? અને લોકોની કેટલી પારાવાર નિર્બળતા તેમાં પુરવાર થાય છે?

દેશની તત્કાલીન સમાજસ્થિતિ જેવી છે? જુઓ, આ એક બાજુ પાંચેક વરસનો બાળક, પંડ કરતાં પણ મોટી પાઘડી પહેરીને, આંખમાં કાજળના લપ્પા કરીને વરરાજાના વેશમાં મહાલે છે, પણ રાત પડતાં નિત્યક્રમાનુસાર એ તો નિદ્રાવશ થાય છે, ને એની માતા એને કાખમાં ઘાલી સપ્તપદીના ફેરા ફરી લગ્નવિધિની પૂર્ણાહુતિ કરે છે. એવામાં એ 'બકરી બાઈનો બેટડો' ઝબકીને જાગી ઊઠે છે: બા, તું મને આંહી કયાં લાવી? તો આંહીં વળી એક જુવાન સ્ત્રી, પોતે કયારે પરણી તેનું પણ જેને સ્મરણ નથી એવી, અનાથ દશામાં દુઃખ રડતી ઊભી છે, ને એ તો જાણે સર્વથા સ્વાભાવિક જ વસ્તુ હોય તેમ તેના તરફ નજર સરખી નાખ્યા વગર સૌ એના આગળથી ચાલ્યું જાય છે. નવી કેળવણીનો પ્રકાશ પામેલ એક વિદ્યાર્થીને કંઈક લાગણી થાય છે ને પોતાની એ લાગણી વિધવાવિવાહ વિશેના નિબંધમાં ઘરને ખૂણે બેસી જરાક નોંધવા જાય છે ત્યાં તેની પાલક કાકીને એ વાતની ખબર પડતાં એ કુળાંગારને તે ઘર બહાર કાઢી મૂકે છે; કેમ કે પુનર્વિવાહની હિમાયત કરવા કોઈ નીકળે તો એ બેઠો હોય ત્યાં તેના ગયા પછી લોકો ચોકો કરી નાખે એવી સખત તિરસ્કારવૃત્તિથી સૌ તેના તરફ જુએ છે. અહીં વળી એક બાઈને ઝોડ વળગ્યું છે તેના આવેશમાં એ ધૂણી રહી છે, ને એક ભૂવો, સમસ્ત પ્રેતસૃષ્ટિનો સરદાર હોય એવા રુઆબથી તેના પર અડદના દાણા છાંટી રહ્યો છે, એવામાં એક વિલક્ષણ જુવાન આવીને તેની સામે પડકાર કરે છે કે, તારું આ બધું ધતિંગ છે, માટે ગમે તો એ છોડી દે, ને નહિ તો તારા મંત્રજંત્ર ને જાદુ અમારી સમક્ષ આવી પુરવાર કરી આપ. જાદુગર ઘડીભર તો તેની સામે ટક્કર ઝીલવા મથે છે, પણ સીધી રીતે ન ફાવતાં પોતાના ધંધાભાઈ-ઓને એકઠા કરી બસોક માણસોનું ટોળું જમાવી જબરી કિકિયારી કરી તે જુવાન પર તૂટી પડે છે. આ તરફ એક સાહસિક પુરુષ વિદેશ જઈને વિદ્યાપ્રાપ્તિ કરી આવ્યો છે તેને, જાણે એણે ઘોર પાપ કર્યું હોય તેમ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની સર્વોત્તમ જ્ઞાતિ કહી રહી છે કે 'એક વાર તું શેર સીસાનો ધગધગતો રસ પીને આવ, પછી અમે તને જ્ઞાતિમાં દાખલ કરીશું.' એક બીજી જ્ઞાતિ વળી આવું વિદેશગમન કરી આવેલા એક બીજા નરવીરને પડખે ઘડીભર લાગવગને જોરે ઊભી રહે છે તો એ આખી જ્ઞાતિનો બહિષ્કાર થાય છે; તેમાંના સૌ મૂછો મૂંડાવી, ગૌમૂત્ર ને છાણથી પવિત્ર થઈ પ્રાયશ્ચિત્ત કરે છે ત્યાં જ તેનો 'દૂધપાક લાડુ'નો વહેવાર પાછો શરૂ થાય છે. આમ, સમાજમાં જ્યાં જુઓ ત્યાં અજ્ઞાન, વહેમ, રહ્યાં છે.

જ્ઞાનવિષયમાં પણ એવાં જ વહેમ, જડતા ને કૂપમંડૂકતા જોવામાં આવે છે. દૃષ્ટિ અત્યંત સંકુચિત છે. પોતાની નાતની બહાર કોઈની નજર જ જતી નથી. દેશના સ્વરૂપનો પણ ખ્યાલ નથી, ત્યાં દેશના અભિમાનની તો વાત જ શી કરવી? ભૂગોળનું કોઈને ભાન સરખું નથી. પુરાણોમાં નવ ખંડ ગણાવ્યા છે તેને જ અંધશ્રદ્ધાથી સૌ વળગી રહ્યું છે. નવી નિશાળો ઉઘાડી તેમાં સાચી ભૂગોળ શીખવવાનું દાખલ થયું, પણ એ ભૂગોળ પર ખુદ શીખવનારનો જ વિશ્વાસ બેસતો નથી. મહેતાજી નિયમ તરીકે શીખવવું જોઈએ માટે જાહેરમાં શીખવે છે કે, પૃથ્વી ગોળ છે ને તે ફરે છે. પણ ખાનગીમાં તો નિશાળિયાઓને કહે છે કે, એ તો સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે બોલવા માટે યાદ રાખવાનું છે, બાકી ખરી રીતે તો પૃથ્વી ગોળ નથી, તેમ ફરતી પણ નથી જ, નહિ તો આપણાં બધાંનાં ઘર પડી જ જાય; ને પૃથ્વીના ખંડ ચાર જ નહિ, પણ શાસ્ત્રમાં કહ્યા તેમ નવ છે. ચીન વિલાયતનાં નામ લેકો જાણે છે, પણ હામની કોઈને ખબર નથી. એ બંને દેશો કયાંક પાસે પાસે આવ્યા છે એમ સૌ માને છે એટલે પૂછે છે કે, 'હેં ભલા, આંહીંથી નીકળીએ તો પહેલાં ચીન આવે કે વિલાયત?' ચીન વિલાયતની વાત દૂર રાખીએ તોપણ ખુદ હિંદનાં જ મુખ્ય મુખ્ય સ્થળોની પણ કોઈને પૂરી ખબર નથી. અરે, હિંદની શું, ગુજરાતની ભૂગોળ પણ જાણતા નથી. નર્મદને ચૂડા રાણપુર જવું હતું તે ભાવનગરથી દસબાર ગાઉ દૂર હશે એમ ધારી સુરતથી એ ભાવનગર આવે છે, પણ ત્યાં આવીને તપાસ કરતાં માલૂમ પડે છે કે ત્યાંથી તો તે ધાર્યા કરતાં ત્રણચારગણું દૂર છે! એ યુગની કૂપમંડૂકતાનું આ ઉત્તમ ઉદાહરણ છે. એ વખતના અંગ્રેજ અમલદારો પણ દેશીઓની આ કૂપમંડૂક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિથી એટલા બધા જાણીતા હતા કે એક વાર એક અંગ્રેજ કલેક્ટરે હાઈસ્કૂલની પરીક્ષા લેવા માંડી તે વખતે હેડમાસ્તરે વ્યાકરણ ને ભૂગોળના સવાલો વિદ્યાર્થીઓને પૂછવા તેને વિનંતિ કરી, એટલે એ નાકનું ટેરવું ચઢાવી બોલી ઊઠેલો, " What ! Grammar and geography to the blacks ! "

છેલ્લે, ભાષાસાહિત્યની સ્થિતિ પણ કોઈ રીતે સંતોષકારક ગણાય એવી નથી. ગુજરાતી ભાષાને હજુ અભ્યાસપાત્ર જ કોઈ ગણતું નથી. અભ્યાસ થાય છે તો વ્રજ, સંસ્કૃત કે ફારસી ભાષાનો જ થાય છે. ગામડી શાળાઓ ચાલે છે તેમાં બોડિયા અક્ષરે કાગળ લખવા જેટલું જ્ઞાન માંડ ગુજરાતી ભાષાનું મળે છે. નવી કેળવણી શરૂ થયા પછી પણ કેટલાંય વરસો સુધી ગુજરાતી કવિતાને શિક્ષણમાં સ્થાન નથી મળતું. કેવળ ગદ્ય પુસ્તકોનું જ પઠનપાઠન થાય છે. આથી મુંબઈ જેવા શહેરમાં પણ કવિતા એટલે શું તેની કોઈને ખબર નથી, અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતા નર્મદ જેવા બુદ્ધિશાળી વિદ્યાર્થીને પણ પિંગળ એટલે શું તેનો ખ્યાલ નથી. આજની ઢબનાં પુસ્તકો તૈયાર થવાને પણ હજુ વાર છે. હજુ તો જૂના કવિઓનાં પદ્યો ક્વચિત્ મોઢે લલકારાય છે, કે પછી હસ્તલિખિત પોથીઓમાંથી વંચાય છે. ગુજરાતી ભાષાઓની ચોપડીઓ જ મળતી નથી. શામળની વાતો કે 'ચાર દરવેશ' ની વાતો એવી કોઈ ચોપડીઓ જ ગુજરાતી ભાષામાં અવતરી નથી. ચરિત્રગ્રંથ તો હજુ હવે ગૂંથાવાનો છે. ઇતિહાસનું આલેખન થવાને પણ હજુ વાર છે ને પ્રકૃતિસૌંદર્યની કવિતા લખનારો હજુ હવે આવવાનો છે.

નર્મદજન્મ સમયનું આપણું જીવન આવું હતું. એને વરસ તો માંડ સો જ થયાં છે, પણ દીવાસળી કે પથ્થરપાટી વિનાના એ દિવસો આપણને આજથી એક નહિ પણ અનેક સદીઓ જેટલા દૂર નથી લાગતા ? જ્યાં પૂરાં દસ ગુજરાતી પુસ્તકો મળવાં પણ મુશ્કેલ હતાં, ત્યાં આજે દસહજારનો સંગ્રહ જોઈ શકાય એમ છે. જ્યાં પદ અને આખ્યાન સિવાય કોઈ સાહિત્યપ્રકાર જાણીતો નહતો, ત્યાં આજે અનેકવિધ સાહિત્યખેડાણ થઈ રહ્યું છે. આ બધું એક જ સૈકાનું પરિણામ ? આજે જે ભાતભાતની વિપુલ સાહિત્યસામગ્રી નજરે પડે છે તેમાંથી અત્યલ્પ જ સં. ૧૮૮૯ માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી! ત્યારે એક સૈકામાં આપણી પ્રજ્ઞએ સાધેલો વિકાસ આશ્ચર્યકારક નથી લાગતો? જે અલૌકિક યુગખળાને પ્રતાપે આવો આશ્ચર્યકારક વિકાસ સાધી શકાયો તેનો આપણા ગુજરાત ખાતે જે મહાન પ્રતિનિધિ થઈ ગયો તે વીર નર્મદ. ફક્ત સો વર્ષમાં આવી ચમત્કારી સૃષ્ટિ ખડી કરનારા પ્રવાહનો આદ્યપ્રેરક તે નર્મદ. જૂની જડતાને તોડી નવું ચાંચલ્ય જગાવ્યું તે એણે જ, ને એમાં જ એનો મોટામાં મોટો યશ.

નર્મદનું જીવનકાર્ય આરંભાયા પૂર્વે આપણી પ્રજ્ઞ આવી જડતામાં દહાડા ગાળતી હતી, એવામાં અંગ્રેજ જેવી અતિ જોમદાર ને ચપળ પ્રજ્ઞ તથા તેનાં સુવિકસિત સાહિત્યસંસ્કૃતિ સાથે તેનો જોગ થઈ ગયો, એટલે આપણા દેશના અંધિયાર વાતાવરણમાં કાંઈક નવું સ્ફુરણ શરૂ થયું. આપણી પ્રજ્ઞના શિથિલ અંગોમાં નવું જ લોહી ધબકવા લાગ્યું, ને લોકો ચકિત થઈને ચોતરફ 'આવરું આવરું' જોવા લાગ્યા. દેશનું આખું સ્વરૂપ જ બદલાઈ ગયું. એના એકેએક ક્ષેત્રમાં જબ્બરું પરિવર્તન થવા માંડ્યું. જમાનાઓથી જે કામ સૌ હાથે કરતાં ને હાથે જ થઈ શકે એમ માનતાં તે હવે 'વરાળિયો રાક્ષસ' ને ભાત ભાતનાં યંત્રો આવીને કરી દેવા લાગ્યાં. જન્મારામાં નામ નહીં સાંભળેલું એવા અતિ દૂર દૂરના મુલકોના સમાચાર રોજ ને રોજ નિયમિત રીતે આવવા લાગ્યા. કેટલાય દિવસે માંડ પહોંચાય એવાં સ્થળો વચ્ચે ગાડીઓ દોડવા લાગી. આની સાથે તારટપાલની વ્યવસ્થાએ આખું જગત જાણે કે ઉંબરમાં જ આણીને મૂકી દીધું. રાજકીય અશાંતિ પણ અધી શમી ગઈ. ચોરલૂંટારાનો ભો ચાલ્યો ગયો. પરદેશીઓનાં આક્રમણો ને દેશીઓનાં યુદ્ધો પણ બંધ પડી ગયાં. જનમાલની સલામતી સ્થપાઈ ગઈ. લોકો થાળે પડીને નવા નવા ઉદ્યમે લાગવા માંડ્યા. દોલત પણ દેખીતી વધતી લાગી. દેશમાં નવી વિદ્યા દાખલ થઈ. ઠામ ઠામ શાળા સ્થપાઈ ગ્યને પ્રજ્ઞ હોંસે હોંસે એ નવું ભણતર ભણવા લાગી. આ ભણતરે તો એની આંખો જ ખોલી નાખી. અંગ્રેજી ભાષાએ આખા જગતના જ્ઞાનરાશિને એમની સેવામાં રજૂ કરી દીધો. લોકોનાં ચક્ષુ નવીન જ્ઞાનની ચમકથી ચમકવા લાગ્યાં. એણે આપેલી નવી દૃષ્ટિએ તેઓ પોતાનું જૂનું જીવન તપાસવા લાગ્યાં. જૂનું ઘણું એમને અજુગતું લાગ્યું; નવું ઘણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને લાવવાની જરૂર જણાઈ, ને એમ જૂનાનવાની રસાકસી ચાલી. લડાઈનાં ક્યૂગલો વાગવા માંડ્યાં, ને નર્મદે પડકાર કર્યો —

સહુ ચલો જીતવા જંગ ક્યૂગલો વાગે,
યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે.

આ નવો તમાશો દેખીને જૂનાં માણસો બધાં આભાં બની ગયાં. એમને તો કાંઈકે નેવનાં નીર મોભે જતાં લાગ્યાં. સૈકાઓ સુધી નિદ્રા લઈ ને કોઈ પુરાતન પુરુષ જાગે ને પોતાના નિદ્રાસમય દરમિયાન સર્વત્ર થયેલું અકલ્પ્ય પરિવર્તન આંખો ચોળતો ચોળતો અત્યંત વિસ્મય પામીને મૂઢતાપૂર્વક જોઈ રહે એવી દશા આપણા દેશની થઈ. પાંડવોના દરબારમાં મયદાનવે રચેલી માયાવી સભા જોઈને કૌરવોને જેવું ભારે કૌતુક થયેલું, પાસિફિક મહાસાગરનાં ઘૂઘવતાં પાણી પહેલી જ વાર દેખીને આલ્બોઆ તથા તેના નાયકોને, કિટ્સના કહેવા પ્રમાણે, જેવું ભારે કૌતુક થયેલું, તેવું આ જમાનામાં જૂના લોકોને થયું. રા. નરસિંહરાવે 'બુધવારિયા' નો નવો અંક આવેલો જોઈ ખેડાના બે કારકુનોને પાણીની ઓરડીમાં જઈ પોતપોતાની નકલો સરખાવી જોતા અને અક્ષરે અક્ષર આબાદ મળતો આવતો દેખી નવાઈ પામતા ચીતર્યા છે, તેમાં આ કૌતુકનું ઉદાહરણ છે. 'બુદ્ધિપ્રકાશ' એ દિવસોમાં પોતાના આગલા પૂંઠા પર આગગાડી કે બંબાનું ચિત્ર મૂકી આગગાડીના સંબંધમાં :

સજ્યે રે સુધારો તજ્યે વાત આડી
સુધારાથી થઈ આ જુઓ આગગાડી.

ને બંબાના સંબંધમાં :

શરીરમાં શોણિત સંચરે છે, વાયુ દબાણે સઘળે ફરે છે;
એ વાતથી જે ઊપજે અચંબો, જુઓ જુઓ આ જળયંત્ર બંબો.

એવી જે લીટીઓ મૂકતું તેમાં તથા 'બુદ્ધિપ્રકાશ' કરતાં ઘણી રીતે ચડિયાતું એવું 'બુદ્ધિવર્ધક' પણ તેની પેઠે જ આગલા પૂંઠા પર એક દાઢીવાળો વૃદ્ધ અંગ્રેજ મોટો ઓવરકોટ પહેરીને, પાસેના ટેબલ પર વિજ્ઞાનનાં સાધનો રાખીને, તથા એક હાથમાં વૈજ્ઞાનિક પ્રયોગ માટે શીશી લઈને ઊભો છે ને સામે બાળકો સાનંદાશ્ચર્ય તેને જોઈ રહ્યાં છે ને એ વૃદ્ધ બીજો હાથ કેડે મૂકીને એમને વિજ્ઞાન-રહસ્ય સમજાવી રહ્યો છે, એવું ચિત્ર મૂકતું તેમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા ત્રણ બાળકો દૂરબીન લઈને બેઠાં છે, તેમાં એક બાળક દૂરબીન આંખ આગળ રાખીને જોઈ રહ્યું છે, અને બીજું બાળક દૂરબીન પકડી રાખીને તેને જોવામાં મદદ કરી રહ્યું છે, અને ત્રીજું બાળક બેઠું બેઠું આ બંનેની પ્રવૃત્તિ કુતૂહલથી નીરખી રહ્યું છે—એવું જે ચિત્ર પાછળથી મુકાતું તેમાં પણ લોકોના હૃદયમાં આ નવી સંસ્કૃતિએ જે અસાધારણ આશ્ચર્ય ઉત્પન્ન કરેલું તેનું આલેખન છે. આ નવી સૃષ્ટિ નિહાળીને દલપતરામ જેવા ઠંડા લોહીના પુરુષ પણ બોલી ઊઠે છે કે—

દીસે આ દુનિયા નવી, નવું નવું સૌ ઠામ
કોણ મને લાવ્યું અહીં, દાખે દલપતરામ.

અરે આજ આંહી મને કોણ લાવ્યું? નવું વિશ્વ શું ઈશ્વરે આ વસાવ્યું?
ગયું ક્યાં હતું જેહ જૂની પ્રજાળું? અહો! સૃષ્ટિ આ તો નવી હું નિહાળું!

દલપતરામ એટલે જૂના જમાનાનો છેલ્લો પ્રતિનિધિ. એના આ શબ્દોમાં જૂનો જમાનો જ જાણે આ નવી સૃષ્ટિ નિહાળી ચકિત થતો બોલી ઊઠે છે. આ નવી સૃષ્ટિનો અરુણ તે નર્મદ—ઝળહળતા પ્રકાશથી દીપતો, નવા નવા રંગો આકાશમાં ભરતો અને જ્વલંત દિનની ઝાંખી કરાવતો જાણે કોઈ પ્રભુપ્રેરિત ફિરસ્તો!

ટિપ્પણ અને સ્વાધ્યાય

સાર્વત્રિક—સાર્વજનિક. **પંડ**—શરીર. **સપ્તપદી**—લગ્નવિધિમાં વરકન્યા સાત પરિક્રમણ કરે છે તે ક્રિયા. **'બકરી ...'** જુઓ, સાહિત્યરત્ન ભાગ પહેલામાં 'જનાવરની જાન'નું કાવ્ય. **કૂપમંડૂકતા**—કૂવામાંના દેડકા જેવી (સંકુચિત) વૃત્તિ. **વ્રજ**—જૂની હિંદી ભાષા. **પ્રકૃતિસૌંદર્ય**—આ જાતની કવિતા લખવાની શરૂઆત સાક્ષરશ્રી નરસિંહરાવે કરી (કુસુમમાલા—૧૮૮૭). **મયદાનવ**—દાનવોનો શિલ્પી. **બાલ્બોઆ**—જેણે પનામા આગળથી પહેલવહેલો પાસિફિક મહાસાગર જોયો તે. કિટ્સ આ પ્રમાણે એ પ્રસંગ વર્ણવે છે:—

"Or like stout Cortez when with eagle eyes
He stared at the Pacific—and all his men
Look'd at each other with wild surmise—
Silent upon a pick in Darien."

૧. નર્મદના જમાનામાં લોકોની નિર્બળતા પારાવાર હતી એ ઉદાહરણો આપી સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કૂપમંડૂકવૃત્તિ એટલે શું? એથી દેશને શાં શાં નુકસાન થાય છે?
૩. નર્મદે જૂની જડતાને તોડી નવું ચાંચલ્ય શી રીતે જગાવ્યું એ સમજાવો.
૪. નર્મદે ગુજરાતની પ્રજાને સમાજસુધારણા સંબંધી કેવો પડકાર કર્યો?
૫. "નર્મદ એટલે નવી સૃષ્ટિનો અરુણ", "નર્મદ એટલે જ્વલંત દિનની ઝાંખી કરાવતો પ્રભુપ્રેરિત ફિરસ્તો" એ શી રીતે તે સમજાવો.
૬. નર્મદના જીવન અને કાર્ય વિષે જે જાણતા હો તે લખો.
૭. સમયના બંધનથી પર થઈ તમે નર્મદના યુગમાં ગયા હો એમ માની લઈ તમે શું શું જોયું, અનુભવ્યું, તે ઉપર એક નિબંધ લખો.
૮. નર્મદે જે ભાવનાઓને માટે જીવન સમર્પણ કર્યું તે હજુ પણ આપણે સર્વાંશે સાધી શક્યા નથી. આ વિધાન કેટલે અંશે સાચું છે?
૯. નર્મદ અને દલપતની સમાજસુધારણાની રીતિમાં શો ભેદ હતો? તમે કઈ રીતિ પસંદ કરો? શા માટે?

જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે

[રા. જ્યોતીન્દ્ર દવે જ્ઞાતિએ વડનગરા નાગર છે. એમનો જન્મ ઈ. સ. ૧૯૦૧માં સુરતમાં થયો હતો. ૧૯૨૩માં સંસ્કૃત અને ગુજરાતી સાથે એમણે એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાંથી બી. એ.ની પરીક્ષા પસાર કરી, અને ત્યાર બાદ તે કૉલેજમાં એક વર્ષ ફેલો તરીકે કામ કર્યું હતું. ૧૯૨૫માં ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ. એ.ની પરીક્ષા પસાર કરી. મુનશી દંપતીના જેલનિવાસ દરમિયાન તેમણે અને રા. ધનસુખલાલ મહેતાએ 'ગુજરાત'ના સહતંત્રીઓ તરીકે કામ કર્યું હતું. હાલમાં શ્રી. દવે મુંબઈ સરકારના ઓરિયેન્ટલ ટ્રાન્સલેટર તરીકે કામ કરે છે.



એમનાં હાસ્યરસનાં લખાણોમાં ઉચ્ચ પ્રકારનો શિષ્ટ અને માર્મિક વિનોદ હોય છે, અને બીજા સામાન્ય હાસ્યરસપ્રધાન સાહિત્યમાં વિચારની જે દરિદ્રતા દેખાય છે તેથી શ્રી. દવેનું લખાણ મુક્ત હોય છે. 'ગુપ્તાની નોંધપોથી'માં લેખક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય પ્રસંગ કે વિચાર લે છે અને તેને ગંભીર લાગતી ચર્ચા દ્વારા શાંત હાસ્યરસ ઉત્પન્ન કરે છે. રા. જ્યોતીન્દ્ર દવેના હાસ્યરસની આ વિશિષ્ટતા છે.

શ્રી. દવેને હાસ્યરસના લેખક તરીકે ગલિયારા પારિતોષિક અને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યાં હતાં. 'ગુપ્તાની નોંધપોથી', 'રંગતરંગ' (ભાગ ૧ થી ૬) અને 'અમે બધાં' એ એમની જાણીતી કૃતિઓ છે.]

ટાઇમટેબલ

'હું એક કામ કરવાનું માથે લઉં છું તે જ વેળા બીજું કાંઈ એવું આવી પડે છે કે આગલું કામ મારે મુલતવી રાખવું પડે છે ને પછી તે રહી જ જાય છે.' એક મિત્રનું અમુક કામ કરી આપવાનું મેં માથે લીધું હતું, પણ તે ન થઈ શકયું તેના બચાવમાં મેં એમને કહ્યું.

'ત્યારે તમે એક કામ કરો.

'મને બધા કામ કરવાનું જ શા માટે કહેતા હશે તે સમજાતું નથી. "આરામ લો" એમ કહેનાર જગતમાંથી બધા પરવારી ગયા હોય એમ લાગે છે.'

'ના ના, હું તો એમ કહું છું કે, તમે બધાં કામ વ્યવસ્થાપૂર્વક કરી શકો તેટલા માટે એક યુક્તિ કરો.'

'હા, એ ઠીક છે. યુક્તિ કરવી મને ગમે.'

'તમે 'ટાઇમટેબલ' બનાવો.'

'હું, પછી?'

'દરેક કામ અમુક નિયત સમયે જ કરવું. અને 'ટાઇમટેબલ' પ્રમાણે દરેક કાર્ય થયે જશે એટલે કાંઈ રહી નહિ જાય.'

'હા, એ યુક્તિ સારી છે. હું અજમાવી જોઈશ.'

મારા મિત્રને તો મેં ઉપર પ્રમાણે જવાબ દીધો. પણ મને લાગે છે કે એ યુક્તિ અગાઉ અનેક વાર અજમાવવામાં આવી છે. મેં પોતે પણ 'ટાઇમટેબલ' બનાવી તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન એક કરતાં વધારે વાર કર્યો હતો. પણ એથી કંઈ વળતું નથી એવો મારો સામાન્ય અનુભવ છે.

હું વિદ્યાર્થી હતો ત્યાંયે ગીતાભાખ્યો સ્થિતપ્રજ્ઞની અવસ્થા મેં લગભગ પ્રાપ્ત કરી હતી. સુખેષુ વિગતસ્પૃહઃ બનીને, લાભાલાભૌ જયાજયૌ નો વિચાર પડતો મૂકી હું હમેશ યુદ્ધેષુ વિગતજ્વરઃ રહેતો. અર્થાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગમાં ઊંચો નંબર લાવવા વિશે કેવળ નિઃસ્પૃહ રહી બીજા છોકરાઓ સાથે લડવામાં મશગૂલ રહેતો. મારાં વડીલો મારી આ બાલ્યાવસ્થા સહન કરી શકયાં નહિ, અને કેળવણીની માયાજાળમાં ફસાવી મને શાળા-મહાશાળાની પરીક્ષાના ચકરાવામાં નાખવાની ઇચ્છાથી, 'તારે નિયમિત વાંચવું પડશે, અને એટલા માટે 'ટાઇમટેબલ' બનાવી એ પ્રમાણે વાંચવા માંડ' એવો હુકમ એમણે કાઢ્યો.

મેં 'ટાઇમટેબલ' બનાવ્યું. પણ એ બનાવવામાં મને જે મહેનત પડી, તેને લીધે એનો અમલ બે મહિના સુધી મારાથી થઈ શકયો નહિ. છ્સાત વિષયોને તૈયાર કરવાના; તેમાં કોને કેટલું પ્રાધાન્ય આપવું, કયો વિષય કયારે રાખવો એ પ્રશ્નનું નિરાકરણ કરતાં સમય ને શક્તિનો એટલો બધો વ્યય કરવો પડ્યો કે 'ટાઇમટેબલ' બનાવવાને બદલે એટલો વખત મેં થોડું થોડું પણ વાંચ્યું હોત તો હું પરીક્ષામાં બહુ ઊંચે નંબરે ઉત્તીર્ણ થાત. પરંતુ 'ટાઇમટેબલ' બનાવવાને લીધે હું માનું છું કે, તે વર્ષે હું સારી રીતે પાસ ન થયો. અમુક રાગ અમુક વખતે જ ગાવો જોઈએ એવો શાસ્ત્રકારોએ નિયમ રચ્યો છે, તે પ્રમાણે અમુક વખતે વંચાય તો તેમાં સહેલાઈથી પારંગત થવાય એવી શોધ કોઈએ કરી નથી. એટલે દરેક વ્યક્તિને એની શોધ પોતાની મેળે કરી લેવી પડે છે. આમ કરવામાં એટલો બધો પરિશ્રમ પડે છે કે એવી શોધ કદાચ કરી શકાય તોપણ તે પછી તેનો અમલ ભાગ્યે જ થઈ શકે છે. એક અનુભવે ડહા-પણ કોઈનામાં પણ ભાગ્યે જ આવે છે. હું પણ આવા એક અનુભવે કંઈ શીખ્યો નહિ ને 'ટાઇમટેબલ' બનાવવાના પ્રયોગ લાંબા કાળ સુધી મેં કર્યા.

'ટાઇમટેબલ' બનાવ્યા પછી તેનો અમલ કરવામાં પણ એટલું જ દુઃખ છે. આપણે કંઈ યંત્ર નથી કે અમુક નિયમ પ્રમાણે કાર્ય કર્યા જ કરીએ. યંત્રો પણ કોઈકિ વાર અટકી પડે છે. અને આપણા કરતાં બીજાંઓ પર 'ટાઇમટેબલ' વધારે આધાર રાખે છે. રવિવારે ૩–૪નો સમય દાખલા ગણવાનો હોય તે વેળા કોઈ આવી ચડે, ને આપણને 'ટાઇમટેબલ' અનુસરતા અટકાવે, તેનો શો ઉપાય? એ ઉપરાંત ઘણી વાર ચોર છાનોમાનો ઘરપ્રવેશ કરે તે રીતે એક વિષય બીજા વિષયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદેશમાં ઘૂસી જાય છે. સાહિત્યના અધ્યયનને માટે કલાક રાખ્યો હોય, ત્યાર પછી દાખલા ગણવાનું આવતું હોય તો ઘણી વાર સાહિત્યનું અધ્યયન પોણાએ કલાક સુધી લંબાતું ને દાખલા હવે પા કલાકમાં કેમ ગણી શકાશે કરી એટલો વખત આરામ લેવો જ ઠીક એવી વૃત્તિ મને થતી. આરામ માટે કલાક રાખ્યો હોય તો એ કલાક ચારગણો બની જતો, અને એની પછીના વિષયો લાચાર બની જોઈ રહેતા.. અને આમ 'ટાઇમટેબલ' અનુસાર મારાથી ચલાતું નથી એવું જ્ઞાન મને થતું ત્યારે મને એટલો પશ્ચાત્તાપ થતો કે, પશ્ચાત્તાપ કરવાનો સમય, 'ટાઇમટેબલ'માં નોંધાયો ન હોવા છતાં મારે બેત્રણ કલાક પશ્ચાત્તાપ, ને 'હવેથી ટાઇમટેબલ પ્રમાણે જરૂર ચાલીશ' એવો નિશ્ચય કરવામાં ગાળવો પડતો. 'ટાઇમટેબલ' બનાવનાર દરેકને મારી સૂચના છે કે, 'ટાઇમટેબલ' ઘડતી વેળા તેમાં હંમેશ એક કલાક 'ટાઇમટેબલ'ના ક્રમભંગ માટેના પશ્ચાત્તાપ સારુ રાખવો. આમ કાચ, ઘડિયાળ ને સત્યની પેઠે 'ટાઇમટેબલ' એવી નાજુક વસ્તુ છે કે તે જરા વારમાં વિકૃત બની ચૂંથાઈ જાય છે.

કહે છે કે બધા મહાપુરુષો 'ટાઇમટેબલ' રાખતા ને તે પ્રમાણે વર્તતા. મહાપુરુષો વિશે કહેવાય છે એમાંની ઘણી વાતો 'લઘુ પુરુષો'એ જોડી કાઢેલી હોય છે. છતાં આ વાતમાં કંઈ તથ્ય હોય તોપણ તેઓ 'ટાઇમટેબલ' ઘડીને ચાલતા હતા માટે મહાપુરુષ થયા હતા એમ વક્તવ્ય હોય તો તે ખોટું છે. 'ટાઈમિટેબલ' પ્રમાણે ચાલતા માટે તેઓ મહાપુરુષ થયા એમ માનવા કરતાં તેઓ મહાપુરુષ હતા માટે 'ટાઇમ-ટેબલ' પ્રમાણે ચાલી શકતા, એમ માનવું વધારે સયુક્તિક છે. 'ટાઇમ-ટેબલ' પ્રમાણે તો ટ્રેઇન પણ ચાલી શકતી નથી તો આપણા જેવા સામાન્ય મનુષ્યનું શું ગજું કે 'ટાઇમટેબલ' પ્રમાણે બરાબર ચાલી શકીએ ?

આગળ જણાવ્યું તેમ 'ટાઇમટેબલ' બનાવવામાંયે દુઃખ પડે છે ને તેનું અનુસરણ કરવામાંયે દુઃખ પડે છે. પરંતુ રેલવેના 'ટાઇમટેબલ'ની વિશિષ્ટતા એ છે કે તેને બનાવવામાં તો બહુ મહેનત પડે જ છે. એ માટે ખાસ નીમવામાં આવેલો અધિકારી મોટા પગારે લાંબો સમય એ કાર્ય પાછળ ગાળે છે ત્યારે 'ટાઇમટેબલ' તૈયાર થાય છે. એ તૈયાર થયેલા 'ટાઇમટેબલ' પ્રમાણે બિચારી ટ્રેનો ચાલવાને બહુ બહુ પ્રયાસ કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કંઈ ને કંઈ ઉપાધિ એને નડ્યા વગર રહેતી નથી. આ ઉપરાંત સૌથી મોટી ખૂબીની વાત તો એ છે કે, એ 'ટાઇમટેબલ' તો સમજ-વામાંયે બહુ મુશ્કેલી પડે છે. કેટલીક ટ્રેનો અમુક સ્ટેશનેથી ઊપડે છે એમ દેખાયા પછી એ કયાં જાય છે તેનો પત્તો જ ન લાગે. કોઈક ટ્રેન કયાં જાય છે તે માલૂમ પડે તો એ કયે સ્ટેશનેથી કયારે ઊપડે છે તે ખોળતાં કપાળે પરસેવો વળે. કેટલીય વાર 'સેવન ડાઉન' ને 'એઈટ અપ'માં ગોથાં ખાધા જ કરીએ. એક વાર અમારે બહુ પરિચિત નહિ એવા સ્થળે જવાનું હતું. એ માટે કઈ ટ્રેન બદલવી પડશે તે નક્કી કરવું પડે એમ હતું. ત્રણ દિવસની માથાફોડ, મતભેદ અને વિચાર ને સલાહ ઉપરાંત બીજા કશાકની પણ આપલે થયા પછી અમે અમુક ટ્રેન નક્કી કરી. સ્ટેશને ગયા પછી માલૂમ પડ્યું કે, અમે જે 'ટાઇમટેબલ' પર આધાર રાખ્યો હતો તે થોડા દિવસ પર જ બદલાઈ ગયું હતું. અને અમે નક્કી કરેલી ટ્રેન અર્ધા કલાક પહેલાં જ ઊપડી ગઈ હતી! 'ટાઇમટેબલ' પણ આમ વારંવાર બદલાયા કરે. 'ટાઇમટેબલ'માં વારંવાર પરિવર્તન થયા કરે છે તે પરથી જ સિદ્ધ થાય છે કે 'ટાઇમટેબલ'ની પદ્ધતિ માનવ-જીવનને અનુકૂળ નથી.

કાળને કબજે કરવાના અનેક પ્રયત્નો થયા છે. સમય પર આધિપત્ય મેળવવા માટે મનુષ્યે કંઈ કંઈ યુક્તિ કરી છે. અવિભાજ્ય ને અખંડ સમયના કકડા કરી મનુષ્ય તેને પોતાને અનુકૂળ કરવા મથ્યો છે. દિક્-કાલનું, ખરી રીતે જોતાં અસ્તિત્વ જ નથી એમ પણ કેટલાક તત્ત્વજ્ઞોએ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. આઇન્સ્ટીન જેવાઓએ એ વિશેના અત્યાર સુધીના આપણા ખ્યાલ ભૂલભર્યા હતા એમ દર્શાવ્યું છે. 'ટાઇમટેબલ' દ્વારા આપણે વહી જતા વખતને આપણી સેવા માટે રોકવાનો પ્રયત્ન કરીએ છીએ. ચોરસ ખાનાંઓ દોરી તેની અંદર કલાકોને કેદ કરી લઈએ છીએ. પણ રવીન્દ્રનાથના એક કાવ્યમાં આવે છે કે, બીજાને કેદ કરવા એક મનુષ્ય સાંકળ ઘડતો હતો. તે જેમ જેમ નવી કડીઓ બનાવતો હતો તેમ તેમ એ પોતે જ બંધાતો જતો હતો; એ ન્યાયે આપણે 'ટાઇમટેબલ'માં જેમ જેમ કાળને કેદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, તેમ તેમ આપણે પોતે જ કેદ થતા જઈએ છીએ. અભેદપ્રાપ્તિનો ઉદ્દેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

રાખી હિંદુસમાજે જેમ ભેદભાવના વધારી છે, તેમ કાળને આધીન કરવાના ઉદ્દેશથી રચાયેલાં આવાં 'ટાઇમટેબલ' આપણને જ ગુલામ બનાવે છે. 'ટાઇમટેબલ' પ્રમાણે ચાલવાને હું બંધાયેલો છું, મારી રુચિ-અરુચિની એને જરાય દરકાર હોતી નથી. ખરું છે કે એનો ઘડનાર હું છું. પણ પોતે જ રચેલી માયામાં બદ્ધ થતા પરમાત્મતત્ત્વ પેઠે મારા ઘડ્યા 'ટાઇમટેબલ'માં હું બંધાઉં છું. આપણે લાગણીવાળાં પ્રાણી છીએ. અમુક વખત અમુક વસ્તુ આપણને ગમે ને બીજે સમયે ન પણ ગમે. દર સોમવારે ૧૨–૧ સુધી મને દાખલા ગણવા ગમશે જ એમ કેમ કહી શકાય? પણ 'ટાઇમટેબલ' તો અમુક વખતે જ અમુક વસ્તુ કરવી પડશે એવો આગ્રહ કરે છે. હંમેશ એના આગ્રહને વશ થઈએ તો આપણે નિરંતર ઉપરીની શેહમાં દબાતા નિર્બળ મનના 'ક્લાર્ક' જેવા બની જઈએ અને એના હુકમનો અનાદર કર્યા કરીએ તો કાયદાનું ઉલ્લંઘન કરવાની ટેવવાળા ગુનેગાર થઈ જઈએ. આમ 'ટાઇમટેબલ'નું અનુકરણ કરીએ તો નિર્બળ મનવાળા થઈ જવાનો ને અનુકરણ ન કરીએ તો ગુનેગાર થવાનો, એમ બંને પ્રકારનો ભય 'ટાઇમટેબલ' ઘડવાથી આપણે માથે ઊભો થાય છે.

આપણું આખું જીવન અનિશ્ચિતતાથી ભરેલું છે. તેમાં 'ટાઇમ-ટેબલ'ને અવકાશ જ નથી. છતાં મારા મિત્રની સલાહ પ્રમાણે દરેકે 'ટાઇમટેબલ' બનાવવું તો ખરું જ. એથી મનને એક પ્રકારનો સંતોષ રહેશે, પણ એ પ્રમાણે ચાલવા વિશે બહુ ચિંતા ન રાખવી. 'ટાઇમટેબલ' રાખ્યા છતાં એ જાણે હોય જ નહિ એમ વર્તન રાખવું. આમ કર્યાથી 'ટાઇમટેબલ' રાખવા ન રાખવા બંનેનો લાભ મળી શકશે.

ટિપ્પણ અને સ્વાધ્યાય

સ્થિતપ્રજ્ઞ – જેની બુદ્ધિ સ્થિર છે એવો. **અવિભાજ્ય** – જેને ભાગી ન શકાય તે. **આઈન્સ્ટીન** – (Einstein, Albert) જન્મ ૧૮૭૯. ભૌતિકશાસ્ત્રી. એને ૧૯૨૧માં 'નોબેલ પ્રાઈઝ' મળ્યું હતું.

૧. 'ટાઇમટેબલ' સંબંધી લેખકે શા શા વિચાર દર્શાવ્યા છે તે ટૂંકમાં લખો.
૨. 'ટાઇમટેબલ' સંબંધી તમારો સ્વતંત્ર મત કેવા પ્રકારનો છે?
૩. 'ટાઇમટેબલ'ના અનુકરણમાં તેમ જ ઉલ્લંઘનમાં લેખક કેવા કેવા પ્રકારનો ભય ગણાવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. 'ટાઇમટેબલ' બનાવી માણસ સમયને બાંધવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે. શી રીતે ?

૫. તમે તમારું 'ટાઇમટેબલ' બનાવવા કોઈ દિવસ પ્રયાસ કર્યો છે? તમારો અનુભવ દર્શાવો.

ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ)

['સ્નેહરશ્મિ'ને નામે સુંદર રાસના લેખક તરીકે લોકપ્રિય થયેલા રા. ઝીણાભાઈ દેસાઈનો જન્મ ચીખલીની અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિમાં ૧૯૦૩ માં થયો હતો. ઇતિહાસ અને રાજ્યનીતિના ઐચ્છિક વિષય લઈ એમણે ગૂજરાત વિદ્યાપીઠની 'સ્નાતક'ની પદવી મેળવી છે, અને ત્યાર પછી થોડોક વખત ઇતિહાસના અધ્યાપક તરીકે ગૂજરાત વિદ્યાપીઠમાં કાર્ય કર્યું હતું. અસહકારની લડત ચાલુ થતાં એમણે એમાં ઝંપલાવ્યું હતું. જેલનિવાસ દરમિયાન એમણે ઘણાં સુંદર કાવ્યો અને વાર્તાઓ લખ્યાં છે. 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ' અને 'સ્વર્ગ અને પૃથ્વી' નામે એમની વાર્તાઓના ત્રણ સંગ્રહો પ્રગટ થયા છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'અર્ઘ્ય' નામથી પ્રગટ થયો છે. તેમણે વિલેપારલેની ગોકળીબાઈ સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે કામ કર્યું હતું. હાલમાં તે અમદાવાદમાં શેઠ ચી. ન. વિદ્યાવિહારના આચાર્યપદે છે. નીચેની વાર્તા 'ગાતા આસોપાલવ'માંથી લીધી છે.]

આંખ

બીજે દિવસે સવારે આઠ વાગ્યે તેને ફાંસી દેવાવાની હતી. તમારી નિકટમાં — માત્ર એક ફૂટના અંતરે બેઠેલો — એક જુવાન માણસ તદ્દન સાજો, તદ્દન આરોગ્ય સ્થિતિમાં કાલે તો હંમેશને માટે આ દુનિયામાંથી જતો રહેશે — ના, તેને હંમેશને માટે આ દુનિયામાંથી વિદાય કરવામાં આવશે, એવી જરા તમારા મનમાં કલ્પના કરી જુઓ, અને પછી કહો કે કેવા વિચાર, કેવી લાગણી તમારા અંતરમાં ઊઠે છે. આજે આખો દિવસ મને એ ને એ વિચારો જ આવતા હતા. તે જ્યારે વિચારશે કે આ ધરતી ઉપર આજની રાત તેને માટે છેલ્લી છે, સ્નેહનાં અસંખ્ય નેત્ર જેવા એ તારાઓ, હૃદયની નાજુક ઊર્મિ જેવાં ફૂલો, એ લતાઓ, એ પંખીઓ — એ બધું હવે ફરી જોવાનું નહિ મળે, ત્યારે તેને શું થશે? આજ આખી રાત તેને કેવા વિચારો આવશે? બીજે દિવસે સૂરજને ઊગતો જોતાં — આ તેનો છેલ્લો જ સૂર્યોદય છે એમ વિચારતાં તેને શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે? સાચે જ, હું આજ મૃત્યુની — સાક્ષાત્ કૃતાંત કાળની — ગૂંગળાવી નાખે એવી પાંખ નીચે જ જાણે ફંધાઈ રહ્યો હતો.

રોજ સાંજે તેને દોઢ કલાક ફરવા માટે કાઢવામાં આવતો. તેની સાથે હું પણ ત્યાં ફરતો. ફાંસીની ખોલી સામેની જગા ફરવા માટે સુંદર હતી. આ ધરતીને છોડી જનાર માણસ ધરતીની મીઠી, નાજુક સ્મૃતિ સાથે લઈ જાય એવી એ જગા હતી. સામે નવ નવ લીમડાઓની બે સમાંતર હાર હતી, અને વચમાં સુંદર રસ્તો હતો. રસ્તાની બન્ને બાજુએ નાનકડી વાટિકા હતી, તેમાં ગુલાબ, મોગરો, ડોલર વગેરે ફૂલોની સમૃદ્ધિ છલકાતી હતી. મૃત્યુના વદન ઉપર પણ આવી નાજુક રેખા માનવી વિકસાવી શકે છે! — પણ ધરતી છોડી જનાર માટે એ નાજુક રેખા વધુ ભયંકર ન હોય? જેણે ફાંસીની શોધ કરી હશે તેણે જ કોઈ જુદા વિચારથી એ યોજના ન કરી હોય? કોણ કળી શકશે માનવ હેતુઓની અગાધતા!

મને આશા ન હતી કે આજે એ ફરવાનું પસંદ કરે. માંડ પંદર કલાક માટે તેનું શરીર હતું તો હવે તેની કાળજી પણ શી રાખવી? પણ ના; તે તો નિયમિત સમયે બહાર નીકળ્યો. મને જોઈ સહેજ સ્મિત કરતાં તેણે પૂછ્યું: 'કેમ મનુભાઈ, આંટા મારશું કે?'

મેં ગમગીન હૃદયે જવાબ આપ્યો: 'હા, તમારી ઇચ્છા હોય તો.'

તેણે કહ્યું: 'નહિ તો બાધેલું પચશે કેમ?'

મેં કંઈ જવાબ ન આપ્યો. આ માણસ કાલે સવારે તો હતો ન હતો થવાનો છે, છતાં આજે હજુ 'બાધેલું પચશે કેમ?' એવું કહે છે! તેનું હૃદય કેવું હશે? મને વિચારમાં પડેલો જોઈ તે બોલ્યો: 'કેમ મનુભાઈ, વિચારમાં પડી ગયા? તમને લાગે છે કે આ શરીરનું હું કેવું ગાંડું જતન કરું છું! — ખરું ને? પણ એવું કંઈ જ નથી. શા માટે મોતને આપણે એટલું બધું મહત્ત્વ આપવું જોઈએ? તેનો વિચાર કરીએ તો તેનું અસ્તિત્વ જણાય, પણ તેનો વિચાર જ ન કરીએ તો?'

તેનો આવો અદ્‌ભુત સંયમ જોતાં તેની આગળ મારું મન હવે ઘણું નાનું — ઘણું સંકુચિત — ઘણું નમાળું લાગ્યું. મેં તેને ધીરજ આપવા કેટલાંક વાક્યો મનમાં ગોઠવી રાખ્યાં હતાં તે બધાં સરી પડ્યાં. મેં કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જેરામભાઈ, તમારી વાત તો સાચી છે. સુખદુઃખ કેવળ મન જ સર્જે છે. પણ કહો — મને માફ કરજો, આવો પ્રશ્ન પૂછવો ન જોઈએ, પણ મારાથી રહી શકાતું નથી. મને કહો કે આજે તમારા મનમાં શા વિચાર આવે છે?'

'વિચારને હવે હું બહુ આવવા દેતો નથી. હા, આજે સવારે જ્યારે કીકી મને મળવા આવી તે વખતે મારું હૃદય લગભગ તૂટી ગયું. માણસ બધું વેઠી શકે છે, માત્ર આ જ તેનાથી ન વેઠાય. ઈશ્વરે જોયું હશે કે, માણસ મોતને તો હોંકરે ઉઠાવી શકે છે. તેથી જ તેણે આવી સ્નેહની ગાંઠ ગોઠવી હશે. પણ હવે એ બધું જવા દો. અત્યારે તો મનમાંથી મેં એ બધા વિચાર પણ કાઢી નાખ્યા છે. કાલનો હવે મારે કાંઈ વિચાર નથી કરવાનો. એ વિચારે મારા મનમાં એક પ્રકારનો આજે ભારે સંતોષ પણ થઈ રહ્યો છે.—તમે એ નહિ માનો. તમારી જગાએ હું હોઉં તો હું પણ નહિ માનું. પણ મનુભાઈ, એ સાવ સાચું છે. એક પ્રભાત, બીજું પ્રભાત, ત્રીજું, ચોથું, આમ અનેક પ્રભાત તેમના અનેક પ્રશ્નોના ખોબા ભરી તમારી સામે આવીને ઊભાં રહે તેના કરતાં હવે નિર્વિકલ્પ સ્થિતિમાં જવાનું છે એ વિચાર જરૂર સંતોષ અપાવે એવો છે.'

'પણ હું એ રીતે નથી જોઈ શકતો, જેરામભાઈ. આ સૂરજ કાલે છેલ્લી જ વખત જોવાનો મળશે એમ જો મને કોઈ કહે તો હું અરેઅર મૂંઝાઈ જાઉં.'

'શા માટે? કોઈકે દિવસ તો એ સ્થિતિ આવવાની જ છે ને? અને ત્યારે કોઈ તમને એવી નોટિસ પણ નથી આપવાનું. આ તો તમે જાણો જ છો કે આ છેલ્લો સૂર્યોદય છે, તો પછી તેને અરાઅર તમારા પ્રાણમાં શા માટે નહિ ઉતારી દો? અને એ સૂર્યનો કાંઈ એકલા દેહ જોડે થોડો જ સંબંધ છે?'

તેની આવી અદ્‌ભુત તટસ્થતા જોઈ મારું મન વધુ મજબૂત બન્યું. ઘણા દિવસથી મને એક મૂંઝવણ થયા કરતી હતી. જેરામ બધી રીતે એક ગંભીર સંસ્કારી માણસ હતો. આવા માણસને ખૂની તરીકે સ્વીકારવા મારું મન ના પાડતું હતું; પણ તેનો ઇતિહાસ પૂછવાને હું હિંમત કરી શકયો ન હતો. પણ આજ તો મને લાગ્યું કે માત્ર કુતૂહલ નહિ—મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર તેનો ઇતિહાસ જાણવાની ફરજ પણ હતી. આવા માણસ જે ભાગ્યે જ ગુસ્સે થાય તે કોઈ દિવસ ખૂન કરે ખરો? અને કરે તો શા માટે? ઘણી વખત નિર્દોષ માણસો ફાંસીએ ચડ્યાની વાત મેં સાંભળી હતી. એવું તો કંઈ ન હોય?—મેં હિંમત ભેગી કરીને પૂછ્યું :

'તો જેરામભાઈ, આજ તમે તમારો એ આખો ઇતિહાસ મને માંડીને કહો.'

'એમાં કંઈ બહુ માલ નથી, મનુભાઈ. પણ તમારું કુતૂહલ આજે મારે દૂર કરવું જ જોઈએ એમ મને લાગે છે, એટલે ટૂંકમાં પતાવીશ.

'નાનીબેડથી હરણગામ મારી બદલી થઈ. શારદા, ફીકી ને હું હરણગામ સાથે જ ગયાં. માસ્તરોએ અગાઉથી ઘરની બરોબર વ્યવસ્થા કરી હતી એટલે અમને હરકોઈ થતાં વખત ન લાગ્યો. અમે બે ચાર દિવસ આમ ત્યાં રહ્યાં હોઈશું, તેવામાં નારણ અમારે ઘેર આવ્યો. મેં તેને અગાઉ કદી પણ જોયો ન હતો. પણ તેને જોતાં જ મારા મનમાં ન સમજાવી શકાય એવી કાંઈ ઘૃણા છૂટી. તેની આંખમાં મને કંઈ એવું લાગ્યું જેથી જુગુપ્સા જ જાગે. વિવેક ખાતર મારે તેની સાથે વાત તો કરવી પડે. તેની આંખ સામેથી હું મારી નજર ખસેડી લેતો. તેના ગયા પછી શારદાએ સહેજ ફિક્કા વદને મને કહ્યું :

'આની આંખ કેવી ભૂંડી છે! જાણે શારી નાખે છે!'

મને પણ એવું લાગ્યું હતું, પણ શારદા એ ઉપરથી નકામી હુન્નર તરંગે ચઢશે એમ એમ ધારી મેં કહ્યું :

'શારદા, તું તો નાહક ખોટી કલ્પનાઓ જ કર્યા કરે છે. કોઈની આંખ દેખાવડી હોય, કોઈની કદરૂપી હોય, કોઈની મોટી તો કોઈની નાની, કોઈની તેજસ્વી તો કોઈની ફિક્કી—પણ તેથી બીજાને શું? તે થોડી જ બીજાને ઇજા કરી શકે છે?'

'તે કોણ જાણે, પણ મને ખૂબ બીક લાગે છે.' શારદાનું મોં વધુ ફીકું બન્યે જતું હતું.

હું વહેમી છું એવું તમે રખે માનતા. ભૂતપ્રેતની વાતો મેં કદી માની ન હતી, તેમ હિપ્નોટિઝમ ને એવી વાતોમાં પણ મને વિશ્વાસ ન હતો. એટલે નારણની આંખ સંબંધી મારા મનમાં લાંબા વખત સુધી વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું કંઈ કારણ રહ્યું ન હતું. પણ શારદા દિનપ્રતિદિન ઘણી અસ્વસ્થ થવા લાગી. ઊંઘમાં પણ તે ઝબકી પડતી — જાણે પોતાની સામે કોઈ તાકી રહ્યું છે, એમ તેને લાગતું. હું તેને અનેક રીતે સમજાવતો, પણ કેમે કરી તેને શાંતિ જ ન વળે.

એક દિવસ અમે બધા માસ્તરો વાતો કરતા બેઠા હતા. તેવામાં આંખ સંબંધી કંઈ વાત નીકળી. એક માસ્તરે કહ્યું :

'દુનિયામાં મીઠી નજર ને મેલી — બંને પ્રકારની નજર હોય છે. અને તેની જીવન ઉપર અસર થાય છે.'

બીજા માસ્તરે તેનો પ્રતિકાર કર્યો. તેણે જણાવ્યું કે, એ બધાં મનનાં ભૂત છે. આંખ તે આંખ વળી–તે જોવાનું કામ કરે : સારું જુએ, નરસું જુએ, પણ એથી વિશેષ તે કરી શકે એમ માનવું એ કેવળ મૂર્ખતા છે.

પેલા માસ્તરે તરત જ જવાબ આપ્યો : 'ભલે તમે એમ માનો; પણ આ નારણનો જ દાખલો લો. બૈરાં કેમ એનાથી ભડકતાં ફરે છે?'

એટલે મેં વચ્ચે પૂછ્યું; 'એ નારણ કોણ છે? અને એનાથી બૈરાં ડરે છે એવું તમે કહ્યું એ શું?'

તેણે જવાબ આપ્યો : 'સાહેબ, લોકો એને ડાકણો માને છે. તે ખરું હશે કે ખોટું તે રામ જાણે; પણ કહેવાય છે કે અત્યાર સુધીમાં એણે લગભગ અડધો ડઝન બૈરાંને મારી નાંખ્યાં છે. કોઈ નવી રૂપાળી સ્ત્રી આવે કે તરત તેને ત્યાં તે જઈ આવે અને પછી કોણ જાણે શું થાય કે પેલી બાઈ તવાતી છેવટે મરી જાય.'

મારા ઉરમાં ફાંસકો પડ્યો. પણ તરત જ મારી જાત ઉપર મને ચીડ ચડી. હું ભણેલો ગણેલો માણસ આવા વહેમમાં કેમ ફસું?

આમ છતાં એ ને એ વિચાર મારા મનમાં ઘોળાયા કર્યો. શારદાથી એ વાત મેં છાની રાખી; પણ શારદા જાણે રોજ ક્ષીણ બન્યે જતી હોય એમ મને લાગ્યું. આ ગામનાં હવાપાણી એને માફક નથી આવ્યાં, એમ માની મેં થોડાક દિવસ તેને હવાફેર કરાવવાનો વિચાર કર્યો. મેં શારદાને એ વાત કરી. મારી રજા મંજૂર થઈ આવી એટલે અમે જવાની તૈયારી કરવા માંડી; પણ જે દિવસે અમે ઊપડવાનાં હતાં તેને આગલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસે શારદા ખૂબ જ અસ્વસ્થ થઈ ગઈ. ઘડી ઘડી જાણે તે કહેતી : 'મને કોઈ બોલે છે—બોલે છે!' તેનું આ દુઃખ મને અસહ્ય થઈ પડ્યું. લગભગ વિચારશૂન્ય જેવો બની ગયો. મને ખબર નથી કેમ; પણ હું નારણના ઘર તરફ દોડ્યો. તે તેના ઘરના પાછલા ભાગમાં બેસી લીલા વાંસની 'નનામી' બાંધી રહ્યો હતો. મારા ક્રોધનો પાર રહ્યો નહિ. મને એકદમ પેલા માસ્તરોની ચર્ચા યાદ આવી. ત્યાર પછી એવી વાત મેં અનેક સાંભળી હતી. તેને એકલાને આમ નનામી બનાવતો જોતાં જાણે તે બધી વાત સાચી જ હોય અને પોતાનો કોઈ તાંત્રિક પ્રયોગ તે કરી રહ્યો હોય એમ મારી ખાતરી થઈ. એક ક્ષણ જેટલો પણ વિચાર કરવા થોભ્યા વિના હું તેના પર તૂટી પડ્યો. તેણે મારા તરફ જોયું. તે જ આંખ—પણ મારું ઝનૂન માઝા વટાવી ગયું. જાણે તે આંખમાં શારદાનું મડદું ચિતામાં બળી રહ્યું છે એમ મને લાગ્યું. નનામીના વાંસ કાપવા માટે પાસે પડેલી છરી તેના હૃદયમાં મેં ભોંકી દીધી. પેલી આંખ હજુ પણ તે જ જુગુપ્સા ઉપજાવતી હતી તેમાં પણ ગાંડા બની મેં છરી ઘુસાડી દીધી. મેં ખૂન કર્યું હતું તેનું ભાન જ મને ન હતું. ગાંડા જેવો હું ઘેર આવ્યો તો શારદાના પ્રાણહીન બોળિયા પાસે ફોઈ રડી રહી હતી. પોલીસ મને પકડે તે પહેલાં મને કોઈ કહી ગયું કે, નારણની અગિયાર વર્ષની એક છોકરી પૂરી તેના ખૂનના અડધા કલાક પહેલાં ગુજરી ગઈ હતી, પણ તેને ન્યાત બહાર મૂકેલો હોવાથી કોઈ તેને ઘેર ફેરકર્યું ન હતું. પણ આ સાંભળતાં મને લાગેલો આઘાત તમે સહેજે કલ્પી શકશો.

'ટૂકમાં મારી આ હકીકત છે. એ ઉપર તમારે જે અભિપ્રાય બાંધવો હોય તે બાંધજો, પણ આજે હું મોત જેવડી મોટી કિંમત આપી રહ્યો છું છતાં મને એમાં સાચું શું અને ખોટું શું. તે નથી સમજાતું. એ આંખનું રહસ્ય મને કોઈ સમજાવે તો એક વખત નહિ પણ સાત વખત હું આવી રીતે ફાંસીએ ચઢવા તૈયાર છું...'

આ વાતને આજ વર્ષો થયાં છે, પણ પેલી આંખો જાણે હજુ પણ જોતી હોય એમ મને લાગે છે. જેરામનો એ ભ્રમ તો નહિ હોય? અને કદાચ એમ કેમ ન હોય કે એ ભ્રમમાં સમાજથી તિરસ્કૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા એક દુઃખી પિતાને જેરામે કમોતે માર્યો હોય? એમ કેમ ન હોય કે નારણની એ આંખોમાં કદાચ સમાજના આત્માનું જ પ્રતિબિંબ હોય—મલિન, ઘૃણાજનક! અને નનામી બાંધતો એ બેઠો હતો ત્યારે કેમ જાણ્યું તેના મનમાં તેની એ નાનકડી દીકરી સંબંધી મૃદુ વિચાર, કૂણી લાગણી ભર્યાં ન હોય?

તે રાતે મને બિલકુલ ઊંઘ ન આવી. જેરામ તો રાતે પણ તેટલો જ સ્વસ્થ હતો. સવારે તેણે મને પોતાની કોટડીમાંથી કહ્યું:

'મનુભાઈ, આજ છેલ્લું પ્રભાત! કેવું ખુશનુમા ખીલ્યું છે!'

આ માણસનું હૃદય તે કેવુંક હશે! તેણે આગળ ચલાવ્યું:

'તમને એમ નથી લાગતું, મનુભાઈ, કે કદાચ નારણ માટે એ મોત સારામાં સારું હતું? આ લોકમાં તેને માટે શું હતું? લોકો તેનાથી દૂર રહેતા — સ્ત્રીઓ તેનો પડછાયો તજતી. તેની પત્ની એક પડાણ સાથે વર્ષો પહેલાં નાસી ગયેલી તે કદી પાછી આવી ન હતી. એક પૂરી દીકરી પણ તેને છોડી ગઈ હતી — તે અરસામાં મોત તેને માટે એક સુખદ નિદ્રા કેમ ન હોય? અને પેલી આંખ? આજ હવે મોતની છાયા હેઠળ મને એક વિચાર અશાંત બનાવી મૂકે છે — એમ કેમ ન હોય કે જગતનાં અંધારાં સળગાવી તેની પત્નીને તે શોધી રહી હોય? . . . પણ આ પ્રશ્નોના ઉત્તર હું હવે થોડા જ વખતમાં મેળવી શકીશ, એથી મને આજ સંતોષ છે. . . .'

એટલામાં બહાર પોલીસની સંગીનધારી ટુકડીનાં પગલાં સંભળાયાં. જાણે એકસામટી સેંકડો આંખ જેરામની બોલી તરફ તાકી રહી હોય એમ મને લાગ્યું. મારું હૃદય કંપી ઊઠ્યું . . . એવી આંખ તમે કદી નથી જોઈ? કોણ કહી શકે કે તેમાં પાપ જ ભર્યું છે? . . . અને માણસની આંખે શું નથી કર્યું?

ટિપ્પણ અને સ્વાધ્યાય

નિર્વિકલ્પ – વિકાર, ફેરફાર વગરની. **જુગુપ્સા** – તિરસ્કાર. **હિપ્નોટિઝમ** – વશીકરણ વિદ્યા. **નનામી** – ઠાઠડી. **ખુશનુમા** – (ફા.) આહ્લાદજનક; રમણીય. **સંગીન** – બંદૂકની તળીને છેડે રાખવામાં આવતું ભાલા જેવું હથિયાર.

૧. છેલ્લો સૂર્યોદય એટલે શું? જેને એનું ભાન હોય તેની સ્થિતિ કેવા પ્રકારની હોઈ શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨. મોતનું અસ્તિત્વ મોતના મહત્ત્વને આભારી છે એ સ્પષ્ટ સમજાવો.
૩. મનુભાઈનું કુતૂહલ દૂર કરવા જેરામભાઈએ જે ઘટસ્ફોટ કર્યો તે તમારા શબ્દોમાં આલેખો.
૪. 'આંખ તે આંખ' એટલે શું? આંખના ધર્મો કયા કયા? 'ડાકણો' કોને કહેવાય?
૫. 'મીઠી નજર' અને 'મેલી નજર' એટલે શું? જીવન ઉપર એ બંનેની શી શી અસર થાય છે?
૬. છેવટ સુધી જેરામભાઈ કયા પ્રશ્નોના ઉકેલ કરી શક્યા ન હતા? એ પ્રશ્ન માટે તમારું સ્વતંત્ર મંતવ્ય શું?

ઉમાશંકર જેઠાલાલ જોષી

(જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ)

[નીચેનું નાટક 'સાપના ભારા'માંથી લીધું છે. એ 'એકાંકી નાટક' છે. આ પ્રકાર અંગ્રેજી સાહિત્યમાંથી આપણે ત્યાં આવ્યો છે. ટૂંકી વાર્તાની જેમ આમાં પણ એક જ પ્રસંગ કે ભાવનું આલેખન બહુધા હોય છે. આ દૃષ્ટિએ લેખકનો અવકાશ મર્યાદિત અને કાર્ય કઠિન છે. એકાંકી નાટક એ સાહિત્યનું નાટકથી જુદું જ અંગ છે. એનું આયોજન ઘણે અંશે ભિન્ન છે. જેમ ટૂંકી વાર્તા એટલે ટૂંકાવેલી નવલકથા નહિ, તેમ એકાંકી નાટક એટલે ટૂંકાવેલું નાટક નહિ જ. નાટક જીવન દર્શાવે છે, એકાંકી નાટક જીવનની એક બાજુ—માત્ર પ્રસંગ જ—રજૂ કરે છે.]

બારણે ટકોરા

નંદુ—વિધવા માતા
ચંચળ—ઓળખીતી બાઈ
બટુ—નંદુનો નાનો દીકરો
જયંતી—નંદુનો મોટો દીકરો
સુગટલાલ—જયંતીનો મિત્ર
પરભુ ગોર—નંદુનો સ્વર્ગસ્થ પતિ (સૂચિત પાત્ર)

[મોડા ઉનાળાની આથમતી સાંજ]

[પડખે સ્ટેશન હોવાને લીધે શહેર ગણાતા એક કસબાના ઘોરી રસ્તા પરનું ઘર. એક જ પડાળના મોટા ઓરડાની સામી ભીંતે અભરાઈઓ ઉપર ડબા ગોઠવેલા છે. એ જ ભીંતમાં બારી જેવું એક બારણું છે. ડાબી તરફ વાંસનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખપાટિયાંની ભીંતથી છૂટું પાડેલું રસોડું છે. વળગણી ઉપર લૂગડાના લબાચા લટકે છે. જમણી તરફ બે પગથિયાં ઊતરીએ એટલું નીચું આંગણું છે. તેને છેડે ખડકીનું બારણું સ્પષ્ટ દેખાય છે.

લાકડાની પાટ ઉપર પથારી પાથરેલી દેખાય છે, ને હમણાં જ એમાંથી કોઈ ઊઠ્યું હોય એમ ઓઢવાનો કામળો ઊંચોનીચો, અરધો નીચે લટકતો પડ્યો છે. પાટ નીચે આખી દુનિયા ખડકાયેલી છે. નીચે બાન્દુમાં નંદુ ગોરાણી અને ચંચળબહેન વાતો કરતાં બેઠાં છે.

નંદુ ગોરાણીએ કાળો સાડલો ઓઢેલો છે. મૂંડાવેલું માથું અને આભૂષણ વિનાનો વેશ તે સાચે જ માંદાં છે કે એવાં દેખાય છે એ સમજવું અઘરું બનાવી મૂકે છે. ચાળીસની અંદરમાં હોવા છતાં બહુ ઘરડાં લાગે છે. ચંચળબહેન ઘડાઈ ગયેલી વિધવા જણાય છે.]

નંદુ — (હાંફતાં હાંફતાં) તે...આ...તમે ન આવ્યાં હોત તો...તો...કોણ જાણે કચારે જગત? (નિસાસો મૂકી) મારે તો દિવસ ને રાત બધું એકાકાર થઈ ગયું છે! (ઊંચા થઈ પાટને ખૂણેથી તપકીરની દાબડી લેવા કરે છે.)

ચંચળ — રહો, રહો, હું લઈ લઉં છું! જરી હાંફ તો મટવા દો! એસો હેઠેહૈયે લગીર! (દાબડી લે છે.)

નંદુ — (ધીરેથી) આ ઘરમાં રહીને હેઠેહૈયે બેસવા વારો આ જનમમાં તો આવવાનો દેખતી નથી. (બંને છીંકણીની ચપટી લે છે) આ જુઓ છો ને આ લગીર બારણા લગણ ગઈ એમાં તો આખો ડુંગરો ચઢી ગઈ જાણે, એવો હાંફ લાગ્યો છે! ને દા'ડામાં દોઢસો વાર ખડકી ઉઘાડવા જવું પડે છે. જરી પૂંઠ વાળી કે કોક ને કોક આવીને ઊભું સ્તો! (ચંચળ જરી ઊંકારો કરી જાય છે.) જો, જો! બુન, તમારા પર નથી. પણ...

ચંચળ — ગોરાણી, હું તો...

નંદુ — એ શું બોલ્યાં, તમે અહીં કચાંથી? આપણે તો ઘડીક બેસીએ તો સુખદુઃખની વાતો ય કરીએ.

ચંચળ — (સાડલાના છેડાથી નાક લૂછતાં) મારા મનમાં કે આજ ઘણા દનથી નંદુ ગોરાણીને મળી નથી તે મળતી આવું, ને... (અચકાતી) પેલા પૂનમભાઈનો લોટો તમારે ત્યાં રહી ગયો છે ને?—તે ઈમાંનો સંદેશો આયો છે કે લઈ આવજો, તે મેં કું લેતી આવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદુ — કયા પૂનમભાઈ? (કાંઈ યાદ આવતાં) હા, હા, પેલા અહીં દીકરાને દવા કરાવવા મહિનો માસ રહી ગ્યાતા એ! બુન અહીં તો આખી દુનિયા આવે છે ને જાય છે. કેટલાની સરત રહે? તે તમારે ને ઈયાંને શું ઓળખાણ?

ચંચળ — કાંઈ નહિ! પણ અમારા ગામના ખરાને? આ પાંચમે મારા ભાણિયાના લગનમાં જવાની છું ત્યારે લેતી જઈશ. કાંઈ લેવાદેવાનું મલે-મલાવે નહિ, ને નકામી વેઠ!

નંદુ — આ પેલો પાટ હેઠળ મૂકી રાખ્યો હતો. એવો ને એવો અકબંધ! એ ને ઈયાંનો લોટો સાજ્જે રહે ભા! ..... પણ, બુન, તમે ખોટું નો લગાડતાં — કહ્યા વિના રહેવાતું નથી — આ કળશ્યો તમારે ત્યાં વિયાશે તે અહીં રહેત તો દૂમળો પડી જાત! અહીં આવત ત્યારે પંડે લઈ નો જવાત?

ચંચળ — એ તો ગોરાણી બધાંનાં મન મોટાં ઓછાં હોય છે? મૂઈ મારો પીટ્યો! નકર, મહિના લગણ તમારું ઘર આખું ખાઈ જાય, ને એક ટોયલી ખાતર મન બગાડે ડાહ્યો હોય તો?

નંદુ — ના, પણ, આ તો ઠીક છે મારી બાઈ, પણ પેલા મકનજી — અમારે નાહવાનીય સગાઈ નહિ ને — 'મારા ગોરજીનું ઘર' કરતા આયા; આયા ત્યાં લગણ તો કહ્યું ઠીક છે, પણ સવારે અંધારે અંધારે ઘેર જવા નીકળ્યા તે ઈયાંના હન્દર થીંગડાંવાળા કોટને બદલે મારા જ્યાંતીનો નવોનોક કોટ પહેરીને થયા હીંડતા. તે આવજ્જે ઘર ઢૂંકડું! કોણ પગેરું કાઢવા નવરું બેઠું 'તું તે?

ચંચળ — તમારે તો બધી મેરથી દંડાવાનું.

નંદુ — કાંઈ કહેવાની વાત નથી! ઈયાંને છતે, લોક આવતું જતું તે જણાતું નહિ, પણ...—

ચંચળ — જ્યાંતીભાઈને માથે આટલો બોજો—એ તો ગોરાણી, ગમે એવા મોટા લખેશરીની પણ કમ્મર વાંકી થઈ જાય! મને તો થાય છે કે પરભુ ગોર કેમ કરીને પૂરું કરતા'તા! એ તો તમારે જ પરતાપે બા!

નંદુ — આખો અવતાર મેમાનોની ચાકરીમાં કાઢ્યો છે! દિન ને રાત જોયા વિના કૂદાની પેઠમ ફરતી ને એકલે હાથે આ બધા કામને પહોંચી વળતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંચળ — ભાઈ, પરભુ ગોરની તો ઓળખાણ પણ કાંઈ નાનીસૂની ? ગામગામના હકોર, શેઠિયા, અમલદાર — બધાં સાથે ઈયાંને બેસવા ઊઠવાનું ! સહુને ભાયગ કાંઈ એવી શાખઆબરૂ ઓછી હોય છે ?...ને તમારે ત્યાં એક વાર તો કેટલાં ગામ દૂઝતાં ?

નંદુ — પણ એ તો બધાં વરખાસન ઈમિના સંગાથે ગ્યાં ! રતરતનો ફળ-મેવો બાધો ખૂટતો નહિ, એ હવે કયાંય જોયો જડતો નથી. ભાઈ, એ તો બે આંખ્યોની શરમ છે ! ઈમિને તુ'વે હવે બધુંય ફલ્લંફલ્લા !

ચંચળ — (દુઃખ દર્શાવી) એવી વાત છે !

નંદુ — પણ, ચંચીબુન, ઈમિની હયાતીમાં તો પેટ પર પાટા બાંધીનેય ચલાવતાં, પણ હવે હળ્યય 'મારા ગોરજીનું ઘર' કરતું વાટે કુટાતું કોઈ પણ માનવી મારે ત્યાં આવીને ઊભું રહે છે, તે જાય ને ઈયાંની પાસે ત્યાં...! (આંગળી આકાશ તરફ તાકે છે.)

ચંચળ — પરભુ ગોરને કોઈથી ન પહોંચાય !

નંદુ — હું તો ત્યારે પણ હિંમત હારી જતી, પણ મને રોજ કહે કે, 'સાથે શું લઈ જવાનું છે ? રામનો આલ્યો બટકું રોટલો ખાવા કરતાં બ્યવરાવ્યો મીઠો લાગે !'

ચંચળ — દિલનો દરિયાવ આદમી !

નંદુ — મેં એક દિન શ્રાવણની મેઘલી રાતે એક વટેમારગુને બારણે હાંકારો નો દીધો ત્યારે એ મને વઢ્યા નહિ, પણ ત્યાં જઈને મોટેથી ઈને સાદ કર્યો. ઝમઝમ વરસાદમાં સાંભળ્યામાં ન આવ્યું કે શું પણ વીલે મોઢે પાછા આયા ને મને કહે કે, તારે છતે મારી આ આંખ્યો મીંચાઈ જાય, ને હું કોક રાંકને પેટ પડું ને કોક દી બારણું હોકું તો તું નો જ ઉઘાડે ને ? (રોઈ પડે છે.)

ચંચળ — ગઈ ગુજરી ભૂલી જાઓ, ભાઈ, બધું સંભારીને રોયે કાંઈ બારો આવવાનો છે ?

નંદુ — ના, પણ, હું મારા જ્યાંતીની પચ્ચી રૂપરડીમાંથી મેમાનોની આગતાસ્વાગતા કરું છું, પણ મોઈનો મારો શભાવ જ આકરો તે લગાર વારમાં તતડી ઊઠું છું. આજ દસ મહિનાથી શમણામાં એ આવે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વીલું મોહું, ને હળવેા હપકેા ! ઈયાંનેા જીવ મારે લીધે ઊંચેા રહેતેા લાગે છે !

ચંચળ — ખાઈ, તમારી કરણીની વાત તેા અમારે મન છે તેા ! પારકા માટે ઘસાઈને આ અરધાં તેા થઈ ગયાં છેા ! ગેારાણી, શેાક મૂકીને લગીર ઘરઆંગણું કરેા, તેા કાંઈક શરીર સુધરે ! દેહીને ઘણી કષ્ટી આલી !

[એટલામાં બડકીનું બારણું કેાઈ બખડાવે છે. નંદુ ગેારાણી હાથ જમીન પર ટેકવીને ઊઠવા કરે છે, પણ ચંચળ જઈને બારણું ઉઘાડી આવે છે. એક જુવાન હાથમાં પેાટલું લઈને પ્રવેશે છે.]

જુવાન — પરભુ ગેારના જ્યાંતીલાલ અહીં રહે છે કે ?

નંદુ — હેાવે, આવેા ! [અંદર આવે છે]

જુવાન — અહીં છે ?

નંદુ — ના !

જુવાન — (રેાકાઈને) કયારે આવશે ?

નંદુ — (ટૂંકું પતાવતાં) એનેા કાંઈ ભરેાસેા નહિ. આવે તેા હમણાં આવે ને રાતના બાર પણ વગાડે !

જુવાન — ત્યારે એમને કહેજો કે અમૃતલાલને ત્યાં મને મળે. મુગટલાલ કહેશેા એટલે સમજી જશે — દેવગઢવાળા ! [જાય છે.]

નંદુ — જુએા છેા ને ? ગાડી આવી કે આપણે ત્યાં એકાદ મનેખ આવ્યું જ સમજો ! અહીંથી ચેાથે બારણે ધર્મશાળા કયાં નથી ? પણ કેાણ જાણે બધાંને ત્યાં જતાં કાંટા વાગે છે. હું કાંઈ આંગણે ફૂલ વેરી મૂકતી નથી !

ચંચળ — એ તેા મૂળ આ રામજીમંદિરનેા દવારેા એટલે. ને પરભુ ગેારને લીધે સહુના પગ આ ગમ જ વળે !

નંદુ — (નિસાસેા નાખી) હું શું કરવા જીવ બાળું ? મારાં પગલાંય હવે પાછાં વળવા લાગ્યાં છે !

ચંચળ — વલેાપાત નેા કરતાં હેા ? આ કાલ ઊઠીને પરભુ ગેારના પુનઅળે જ્યાંતી ઊંચી પાયરી પર ચડયેા તેા પેાબારા ! !

નંદુ — (ડૂસકાં ભરતી) દેવ જેવા માણસ મારે પનારે કયાં પડયા ? હું હીણા કરમની ઈયાંને વગેાવવા વિના બીજું શું કરી શકવાની છું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંચળ — તમે તમારે ઈમનું ધ્યાન ધરો, ને રામજી રાખે તેમ રહો!
નંદુ — કહેનારે કહ્યું છે ને? કે, સતી અસ્ત્રી દર્પણમાં દેખે તો અદર ઈને પતિનું મોહું દેખાય. દર્પણમાં તો મારે શું કરવા જોવું પડે, પણ કોઈ મેમાન આયો કે ઈમનું મોહું મારા સામું હસતું મને દેખાય છે!
ચંચળ — દેવના ધામમાં છો, બાઈ! ને દેવ જેવા પરભુ ગોર!!
નંદુ — મારાથી આ જગા નહિ જીરવાય!

[અધખૂલું બારણું ઉઘાડીને હાથમાં ભણવાની ચોપડીઓ લઈ બટુ પ્રવેશે છે. નંદુ ગોરાણી આંખો લૂછી દે છે]

ચંચળ — કેમ બટુભાઈ? શેના ઓળખો? મોટા મામલીદાર બને, ત્યારે ઘેર ગુમાસ્તી રાખવી પડે વળી!
નંદુ — (આનંદાતી)—આ મારા બટુને તો બાલેટન બનાવવો છે. જીવતે જીવત ઈને રાજનો દીવાન થયેલો દેખવો છે!
બટુ — હવે થઈ ગ્યા કચારનાય! દીવાન તો નહિ, પણ દીવાનો બનેલો તો જરૂર દેખીશ!
ચંચળ — (આભી બનીને જોઈ રહે છે.) બોલબોલમાં ફૂલ ઝરે, બા! ભાગ્યશાળીનાં પૂરવ જનમનાં પુન્ય; બીજું શું? (અરધી મિનિટ શાંતિ. ઊડવા કરતાં) બેસો ત્યારે, નંદુ ગોરાણી, અંધારે પાછું દેખાશે નહિ. વેળા છતી ઘેર પહોંચી જાઉં!
નંદુ — બટુ! (આંગળીથી બતાવતી) પેલો કળશ્યો ચંચી માશીને આપ જો!

[બટુ આપે છે.]

ચંચળ — બા! કશો વલોપાત કરજો મા! રામ-લખમણ જેવા બે દીકરા છે તે ધીરજ રાખશો તો કાલ ઊઠીને સોનાનું વહાણું વાશે!

[જાય છે.]

બટુ — બા, ચંચળ માશી ઘણે દા'ડે આ બાજુ ભૂલાં પડ્યાં!
નંદુ — પેલા પૂતમલાલનો કળશ્યો અહીં રહી ગ્યો'તો તે લેવા આવ્યાં'તાં. મારા કરમ જેવો તો હતો—ફૂટેલો! (પળ શાંતિ. બટુને) જા, જો, બેટા બડકી દઈ આવ જો! (બટુ દોડતો બારણું વાસી આવે છે.) કેમ બટુ, તું આજે નિશાળેથી આવ્યો એવો ચિડાઈ ગયો?
બટુ — બે તો, આ સાડાપાંચની ગાડીમાંથી કોઈ ઉતારુ હશે ને, બા, તે મને પૂછે કે પ્રભુદાસ ગોરનું ઘર કયું? સવારે અમથાલાલને સ્ટેશન સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવા જતાં પહેલો પિરિયડ ચૂક્યો'તો એટલે એમની રીસ એના પર કાઢી : 'જાઓ, આખું ગામ છે, શોધી કાઢો ! મને કાંઈ બધાંના ઘરની ઓછી ખબર છે' ?

નંદુ — જુવાન હતો ? કાળી ટોપી ?

બટુ — ના, આ તો પાઘડીવાળા કોઈ મહેરબાન હતા...એ કોણ ?

નંદુ — એ વળી એક ભાઈ આવ્યા'તા, પણ ભગવાન વારે ધાયા ને ઈને સારી મત દીધી તે અમરતલાલને ત્યાં જઉં છું કહીને હીંડતો થ્યો !

બટુ — આ આ તે ઘર છે કે ધર્મશાળા ? અહીં રહીને હું પરીક્ષામાં શું ઉકાળવાનો ? આપણે ઘર બદલી લઈએ ?

નંદુ — પણ બેટા, ભાડું કચાંથી લાવીએ ? આ તો તારા બાપના નામને લીધે ભર્યું પૂર્યું ઘર આપણને મલ્યું છે એ કહે ને ?

બટુ — ત્યારે શું કરશું ? નાના હતા ત્યારે તો મહેમાનો આવતા એથી ઊલટી મજા પડતી. નવા નવા માણસો, ખાવાનું મળે, ખેલવાનું મળે. પણ હવે તો ભારે પડે છે. એ તો તું જ આ બધું સહન કરી શકે, બા !

નંદુ — એક તું મારી પીડા સમજે એવો છે ! બાકી મોટો તો તારા બાપ જેવો દાનો નીવડ્યો છે ! આમ ને આમ ચાલશે તો તારું ભણતર કથળી જાય ઈની મને ફિકર રહે છે !

બટુ — એ તો ઠીક છે. બધું થશે. આ પરીક્ષામાં નંબર આવે તો આવતા વરસ માટે પૂરતી સ્કૉલરશિપ મળે. પણ કોઈ ઘડી જંપીને અભ્યાસ કરવા દે ત્યારે ને ?

નંદુ — હુંય ઓછી કંટાળી નથી ! કોઈ બડકી બખડાવે છે ને મને તો હૈયામાં ફાળ પડે છે, કાળજું ફડ ફડ કાંપે છે. બારણા પર કોઈના ટકોરા સાંભળું છું તે જાણે છાતી પર હથોડા જ પડતા હોય ?

[બડકી બખડે છે. નંદુ ગોરાણીને ડિલે થથરાટી આવી જાય છે. બટુ કડક ચાલે ઉતાવળો જઈ બારણું ખોલે છે. જયંતીલાલ અંદર આવે છે. નંદુ ગોરાણી હોંશમાં આવે છે. પણ જયંતી ઊભો રહે છે. પેલો જુવાન મુગટલાલ પ્રવેશે છે. એટલે એની સાથે જયંતી ઓરડામાં આવે છે. નંદુ ગોરાણીના હોશકોશ ઊડી જાય છે.]

નંદુ — (બહુ ધીમે) કેમ જયંતી, ઑફિસમાંથી મોડો છૂટ્યો'તો ?

જયંતી — (કપડાં કાઢતાં) ના, બા ! નવા બજારમાં ગોવિંદકાકા મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર આવવા મેં ઘણું કરગર્યા, પણ ઉતાવળમાં હતા, એટલે એમને વીશીમાં જમાડવા રહ્યો ! સહેજ મોડું થઈ ગયું, ખરુ ખા ?...પણ ભગવાન બધું સારા કાજે કરે છે. નહિ તો આ મુગટભાઈ નો વાટમાં ભેટો થઈ ગયો એ ન થાત !

નંદુ — (નિસાસો મૂકે છે.) હાથપગ ધોઈ લો !

[જયંતી, મુગટલાલ સાથે બારણેથી પાછળ વંડામાં હાથપગ ધોવા જાય છે.]

નંદુ — બટુ, સમજ્યો ને ? અક્કરમીનો પડિયો કાણો ! (પોતાને કહેતી હોય તેમ, નીચું મોઢું રાખીને) સવારે તૈયાર ટપ્પાં રસપોળી ઉપર પેલો અમથો આવીને દેવાયો ! નવાં દાળભાત કરી બાધાં ! ને મારા મનમાં કે અત્યારે તમે નિરાંતે ખાવા પામશો, પણ તમારું કપાળ જ કોડિયા જેટલું ને !

બટુ — હું તો કહું છું કે રૂપિયે પાંચ શેરની કેરી આપણે મોટા કયા શ્રીમંત તે લાવીને શોખ કરીએ ? પણ મોટાભાઈની રીત જ.....

નંદુ — (મૂંઝવણ ખસેડવા કરતી) કાંઈ નહિ. જે જેનું અંજળ પાણી, બેટા !

[જયંતી બારણામાં દેખાય છે.]

જયંતી — મુગટભાઈ ચા પીતા નથી. આપણે તો ચાલશે. રહેવા દે, બટુ.

નંદુ — કેમ નથી પીતા ?

જયંતી — બાંડ બિલકુલ બાતા નથી.

નંદુ — બટુ, બધું મેલીને તું તારે ભાણાં તૈયાર કર !

જયંતી — બાવાનું તૈયાર છે ?

નંદુ — સવારનું છે ને ! તમે તૈયાર થઈ ને આવો.

[જયંતી અબોટિયાં લઈને જાય છે.]

બટુ — (અબોટિયું પહેરી બારણામાં બેસી થાળીઓ પીરસે છે.) બા ! રસ તો પૂરતો છે. કાંઈ ફિકર નથી.

નંદુ — તમે આજકાલનાં છોકરાં પાતરપેટાં બહુ તો ! આ...તારા બાપ હોય તો એટલો તો ઈમને રેલોય નો પહોંચે.

બટુ — બા, સૂંઠનો ભૂકો કર્યો છે કે ?

નંદુ — જો અંદર અભરાઈ પર વાડકીમાં !

[જયંતી, મુગટ અબોટિયાં પહેરી અંદર આવે છે. સીધા રસોડામાં જાય છે.]

એ તો...અમારે બટુને બા વગર ઘડીય નો ચાલે ! આ હું જોઉં છું ને કે દસ દસ વરસનાં છોકરાંને ગળેથી બોંબારો વછૂટતો નથી, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ખાંડના જ પરતાપથી ભલા ! ને ત્રીંઅત્રીસ વરસમાં માણસ લાતરીને પૂણી જેવો થઈ જાય છે, એય ખાંડની જ બલા ને ? ઘયડા કેવા ડાહ્યા કે ગોળનું દડબું મન થાય ત્યારે ઉડાવી જતા !

અટુ — આ, તું પછી ભાષણ આપવા મંડી પડીશ ! (અંદર) અહીં. ભાઈ, તમે બેસો. ને મુગટભાઈ, આ તરફ.

નંદુ — અરે અટુ ! રસમાં આપણે સવારમાં ખાંડ નાખી'તી કે નહિ ? (સંકોચાતી, હસતી) આ તારા ' ભાષણ ' પરથી સાંભરી આવ્યું !

અટુ — (રસોડામાંથી બહાર મોટું કાઢી) જા, જા !

નંદુ — મામાના સમ ! તેં જ નાખી'તી ને ? હવે શું કરશું ? હવે આટલો મોટો શાનો રસ ?

[અંદરથી જયંતીલાલનો અવાજ આવે છે.]

જયંતી — હવે એટલી ચપટી હશે તો કાંઈ વાંધો નથી ! ચાલ અટુ, અપોશણ પીરસી દે એટલે ' હરહર મહાદેવ ' કરીએ !

[બધા જમવાનું શરૂ કરે છે.]

અટુ — (મોંમાં કોળિયો હોય ને બોલે છે) બા, તારે આવવાની શી વાર છે ?

[અંદરથી સણડકાનો અવાજ સંભળાય છે. નંદુબાઈ આંગણા તરફ જવા કરે છે.]

બારણે ટકોરા સંભળાય છે. નંદુ ગોરાણીથી ભોંય પર બેસી જવાય છે. ગણગણે છે.]

આ એકના તો રસમાં ખાંડ નાખી ! તારામાં શું નાખીશ વળી ? બિચારાં છોકરાંને કોઈ સુખે ખાવાય દેતું નથી !

[અવાજ આવે છે : બોલો ! બોલો !]

ભાઈ, આ નહિ ! બીજે બારણે ધરમશાળા છે. (સ્વગત) અંધારુંય થઈ ગયું છે તો બળ્યું !

[ફરી ટકોરા સંભળાય છે. નંદુ ગોરાણી બારણા પાસે જાય છે.]

મુસાફર — બોલો ! બોલો !

નંદુ — કોણ છે એ સાનસમજ વનાનું ? આ દવારો ન હોય !

મુસાફર — બોલો !...એક આટલી રાત પડી રહેવું છે ! [ટકોરા થાય છે.]

નંદુ — આ કયાંથીય ઝોડ વળગ્યું પાછું !

[એકાદ મિનિટ શાંતિ પસરે છે. છુટકારાનો દમ ખેંચી, નંદુ ગોરાણી ખડકી ઉઘાડે છે. દૂર અંધારામાં કંઈ જોતી હોય એમ ભવાં પર હથેળી ટેકવી તાકી રહે છે ને એકદમ ચીસ પાડી ઊઠે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ! આવો!! પાછા આવો!!! મારા સમ છે તમને!

બટુ — શું છે બા? ગાંડી! [ખાતાં ખાતાં ઊઠીને બટુ દોડતો આવે છે.]

નંદુ — (બહાર તાકતી) પાછા વળો! તમારા પંડનું ઘર છે ને વળી પૂછવા રહ્યા? [બારણાની બારસાખ પર કપાળ ફૂટે છે.]

બટુ — આ કોના ઉપર આટલો પ્રેમ ઊભરાઈ આવ્યો વળી? કોણ હતું, બા?

નંદુ — (રોતી) હવે કોઈ નહિ આવે આપણે બારણે, બેટા! ને આવે તોય મારે બોછું...?

બટુ — એમાં રુએ છે શા સારુ પણ? કોણ હતું?

નંદુ — (જાણે ભાન વગર) એ જતા રહ્યા છેવટ, મારે પાપે!

બટુ — (મૂંઝાઈને) બા!

નંદુ — એ જ પાઘડી, પેલો લીલો ખેસ, ને બટુ, વિશંભરદાસવાળી પેલી લાકડી પણ મેં હાથમાં દેખી તો!

બટુ — કોના હાથમાં? મારા બાપાના?

[પડદો]

ટિપ્પણ અને સ્વાધ્યાય

સરત–ભાન. **ટોચલી**–લોટી. **બધી મેરથી**–ચારે બાજુથી. **ફૂદાની પેઠમ**–પતંગિયાની માફક. **નુ'ચે**–ન છતાં, ન હોય ત્યારે. (ન હુવે). **ફેલ્લંફેલ્લા**–ફોક. **હાંકારો**–આવકાર. **આગતાસ્વાગતા**–સત્કાર. **દેહીને...આલી**–દેહને ઘણું કષ્ટ આપ્યું. **મનેખ**–મનુષ્ય. **બાલેટણ**–બૅરિસ્ટર. **અંજળપાણી**–વિધિયોગના અર્થમાં. **પાતરપેટાં**–થોડું ખાનારાં. **લાતરીને**–નિચોવાઈને. **દડબું**–ઢેકું. **ઓડ**–લપ, વળગાડ.

૧. " બારણે ટકોરા " એ શીર્ષક સમજાવો.

૨. નીચેનાં કથનોનું સ્પષ્ટીકરણ કરો:— અ. " પારકા માટે ઘસાઈને અરધાં થઈ જવું." બ. " રામજીમંદિરનો દવારો." ક. " ઈને આંગણે ઇપિયાનું ઝાડ વાવેલું હશે." ડ. " લખેશરીની કમ્મર પણ વાંકી થઈ જાય." ઇ. " બે આંખોની શરમ." ફ. " અક્કરમીનો પડિયો કાણો."

૩. બટુના ભાવિ સંબંધી ચંચળ કેવી ભાવના સેવે છે એ સમજાવો.

૪. ચંચળ અને પરભુ ગોરના દિલની ઉદારતા ઉદાહરણ આપી સરખાવો.

૫. છેવટે બારણે ટકોરા દીધા એ મુસાફર કોણ? એ પાત્રને નાટકમાં લાવી લેખક શું સૂચન કરે છે તે સમજાવો.

૬. આ નાટિકાને રંગભૂમિ પર રજૂ કરવા તમે શી પૂર્વતૈયારી કરો? તખ્તાની વ્યવસ્થા કઈ રીતે હશે તે આકૃતિ દોરી સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર

[શ્રી. ગુલાબદાસનો જન્મ પોરબંદરના ગર્ભશ્રીમંત જૈન કુટુંબમાં ૧૯૦૯ માં થયો હતો. માધ્યમિક શાળા અને વિદ્યાપીઠનું શિક્ષણ મુંબઈમાં લઈ એમના વડીલોએ મુંબઈમાં સ્થાપેલી શૅરદલાલની પેઢીમાં પોતે જોડાયા. ૧૯૩૨–૩૩ ના સત્યાગ્રહ વખતે જેલ નિવાસ દરમ્યાન એમની લેખનપ્રવૃત્તિની શરૂઆત થઈ. આજે આપણા ટૂંકી વાર્તાના લેખકોમાં શ્રી. ગુલાબદાસ સારું સ્થાન મેળવી શક્યા છે. 'લતા અને બીજી વાતો', 'વસુંધરા અને બીજી વાતો' અને 'સૂર્યા' એમના જાણીતા વાર્તાસંગ્રહો છે. શ્રી. ગુલાબદાસની વાર્તાઓમાં આપણા સમાજની સારી અને નરસી બંને બાજુનું ઝીણવટભર્યું અવલોકન હોય છે. સમાજનાં અનિષ્ટ કે નરસાં તત્ત્વો પર કટાક્ષ કરવો એ ચૂકતા નથી. આપણા દૈનિક જીવનમાં સામાન્ય લાગતા પ્રસંગને લેખક સરસ રીતે રજૂ કરે છે.]

માતૃભક્તિ

પિતૃભક્ત શ્રવણનું નામ તો બાળપણથી સાંભળતો આવ્યો છું. પણ એની ભક્તિ અને પ્રેમનો ખ્યાલ તો આ મિત્રનો પરિચય થયા પછી જ કંઈક કંઈક આવે છે. ખાસ કરીને એમને ઘરમાં કામ કરતા કે એમનાં વૃદ્ધ અંધ દાદીમાની સેવા કરતા જોઉં છું ત્યારે તો એ શ્રવણ જ મનમાં રમ્યા રહે છે. આ જમાનામાં આવી ભક્તિ કે આવી પ્રીતિનાં દર્શન અંત્યત વિરલ હોય છે, એટલે એ ખ્યાલ માત્રથી ચિત્ત વારંવાર પ્રસન્નતાથી ભરાઈ જાય છે.

આખી વાત આમ છે. એક મિત્ર છે. એમના ઘરમાં માત્ર બે જ માણસો છે — એક એ પોતે અને બીજાં એમનાં વૃદ્ધ દાદીમા. છેલ્લાં થોડાં વર્ષોથી એ દાદીમાની આંખો ગઈ છે. એટલે એમની બધી સારસંભાળ આ મિત્રે જ રાખવી રહે છે. એમણે જ એમનો દીકરો અને દીકરી — દીકરો અને દીકરાની વહુ — બન્ને એકી સાથે બનવું પડે છે.

ને એમને એ બન્ને પાત્રો બનતાં આવડી ગયું છે, ફાવી ગયું છે. સવારથી તે રાત સુધી માની દરેકે દરેક જરૂરિયાત એ જાતે જ પૂરી પાડે છે.— સવારના પહોરમાં માને ગાદલામાંથી ઉઠાડી દાતણપાણી આપવાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાજરૂ જવા હાથ દોરીને લઈ જવાં, એમને નિયમસર ચાપાણી કરી આપવાં, તેમના અને પોતા માટે રસોઈ બનાવવી અને પછી સોપારીનો અરોબર ભૂકો કરી આપી માને એ બધાવી પછી બધું અરોબર વ્યવસ્થિત કરીને કામે જવું, તો ત્યાંથી પણ છૂટતાંવેંત આડે અવળે કયાંય પણ જયા સિવાય સીધું ઘેરે આવવું ને માને ચા કરી પાવી, પછી પાછી રસોઈ, જમવું, જમાડવું, સુવાડવું, વગેરે. પણ એ જમીને સૂતાં પહેલાં એક મહદુપયોગી કામ તો કહેવાનું રહી જ ગયું. તેમને ભાગવત રામાયણ આદિમાંથી હંમેશાં કંઈ ને કંઈ વાંચી સંભળાવવું ! એ વાચનશ્રવણ વિના તો ક્રમ પૂરો ન જ થાય ને એ બધા દરમિયાન ન જરાયે કદી પણ થાકી જવું, ન કંટાળી જવું. વળી એ બધામાં જરા જેટલી પણ ઊણપ ન આવે કે વિક્ષેપ ન પડે એટલા ખાતર કોઈ પણ સભા સરઘસ સિનેમા વગેરે કાર્યક્રમમાં જવાનું નહિ જ. એ તો પેલી કવિતાની લીટી પ્રમાણે "નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર." મિત્રો સાથે ગપ્પાં સપ્પાં મારવાનો કે મઝા કરવાનો સમય પણ ઘેર મિત્રો આવે ત્યારે બહુધા મળે, બહાર જવાની અનુકૂળતા તો આ કાર્યક્રમ આડે કોઈકિ જ વાર મળે.

આટલી બધી ભક્તિ પ્રેરનાર અને મેળવી શકનાર માજીની તપશ્ચર્યા પણ જેવી તેવી નથી. કરુણામય છતાં પવિત્ર અને કંઈક અંશે ભવ્ય જીવન જીવી જનાર નારીસમુદાય આ હીન દશામાંયે હિંદુસ્તાનમાં જેટલો હશે તેટલો ભાગ્યે જ બીજા કોઈ દેશમાં હશે. આ માજી પણ એ પવિત્ર સંપ્રદાયમાંની જ એક વ્યક્તિ છે. ભરજુવાનીમાં હજી પ્રવેશે ન પ્રવેશે ત્યાં જ એમણે પતિ ગુમાવ્યા. મૂડીમાં માત્ર એક નાનકડો પુત્ર એમની પાસે રહ્યો. કષ્ટ વેઠીને, વેદનાઓ સહીને વૈધવ્ય પાળતાં પાળતાં એમણે એ પુત્રને મોટો કર્યો, પરણાવ્યો, પોતાનું જીવન સાર્થક થયું માન્યું. એમાં પણ એ પુત્રને ઘેર જ્યારે પુત્ર અવતર્યો ત્યારે તો એમના આનંદને સીમા નહિ રહી હોય. પણ એ આનંદ લાંબા કાળ માટે ટકી શકયો નહિ. માજીનો પુત્ર અને પુત્રવધૂ એક પછી એક થોડા સમયમાં જ જગતમાંથી વિદાય લઈ ગયાં. માજીના હાથમાં રહ્યાં માત્ર ઊતરતી જતી અવસ્થા અને આ નાનો બાળક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનું નાટક ફરી પાછું એ ને એ જ ક્રમમાં ભજવવાનું રહ્યું. માજીએ ફરી પાછી જિંદગી સામે કમર કસી. એ પૌત્રને — આપણા આ મિત્રને — એમણે લાડ કર્યાં, ઉછેર્યો, મોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો. ભણવા-ગણવામાં એને પાવરધો થતો જોઈ એમની આંખ અને આંતરડી ઠરી. એક પછી એક પરીક્ષાઓ પસાર કરતો જતો એ બાળક, બાળક મટી કિશોર થયો, કિશોર મટી જુવાન થયો. તેનો હસમુખો મિલનસાર સ્વભાવ એને બધાને પ્રિય કરી મૂકતો. તેની ભણવાની હોંશિયારી માજીના મનમાં જાતજાતની આશાઓ અને આકાંક્ષાઓ પ્રેરતી. ખુદ્દાપો આવ્યો અને આંખો જવા લાગી ત્યારે એ માજીને એક આશ્વાસન તો હતું જ.

"મારો ભાઈ કાલ સવારે વહુ લઈ આવશે એટલે મારે કાંઈ ચિન્તા નહિ. આપણે બેઠાં બેઠાં ભગવાનનાં ભજન કરવાનાં."

એ 'ભાઈ' ભણ્યો, ખૂબ ભણ્યો. એમ. એ. થયો, પ્રોફેસર થયો, વિદ્વાન ગણાયો. માજીની બધી આકાંક્ષાઓ ફળી.

વહુ તો ઘરમાં ન આવી, પણ એ પોતે જ વહુ બન્યો અને માજીને બેઠાં બેઠાં ભગવાનનાં ભજન કરવાની તક પ્રાપ્ત થઈ.

પણ એ રીતે માજીને એ તક નહોતી મેળવવી. એમને તો 'ભાઈ'ને પરણાવવો હતો, એનું ઘર મંડાયેલું જોવું હતું, એના પણ પુત્રને હાથમાં લઈ રમાડવો હતો. પણ એ લહાવો હજી યે આ આટલાં વર્ષો યે માજીને મળ્યો નથી. ને એનો જ એમના હૃદયમાં મોટો અફસોસ છે. એ એમના 'ભાઈ'ને વીનવે છે, મનાવે છે, આગ્રહ કરે છે, ખિન્નાઈ પણ લે છે ઘરમાં વહુ લાવી એમની છેલ્લી જિંદગીમાં કાંઈ રસ અને આનંદ પૂરવા. પણ 'ભાઈ' એ વાત કાને લેતો જ નથી, અને આશ્ચર્યમૂઢ બની માજી એ વાતનો અફસોસ કરતાં બેઠાં જ રહે છે.

એમને જ માત્ર શા માટે, એ મિત્રને ઓળખતા, ચાહતા મિત્ર-સમુદાય માટે પણ એ આશ્ચર્યનો જ વિષય છે. પત્નીના અભાવે મિત્રને જ ઘરનું બધુંય કામ જાતે કરવું પડે છે અને માજીની આંખોને અંગે તેમણે આખો દિવસ ઘરમાં દટાઈ રહેવું પડે છે. પોતે આટલું ભણેલા છે, જુવાન છે, દેખાવડા પણ છે, સારી પત્ની પામી શકે એવા છે, છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તપશ્ચર્યા શા માટે, આટલો દુરાગ્રહ શા માટે, એ પ્રશ્ન બધાને મૂંઝવે છે.

એમને પોતાને જ્યારે એ વિશે કહેવામાં આવે છે ત્યારે ત્યારે એક યા બીજે બહાને હસીને એ વાતને તે ઉડાવી નાખે છે. "આંહીં ના જ કોની છે લગન કરવાની, ભલા માણસ? છે કોઈ કન્યા? તો તો મારુંય દળદર ફીટે!" ફરી એ પૂછનાર મિત્રને સામા વળગે ને હસવામાં જ વાત રોળી નાખે. નથી જ લગ્ન કરવું એમ તો કદાપિ કહે જ નહિ. કોઈક વાર કંઈ એવું ખાસ આપણા ધ્યાનમાં હોય અને એ વિશે એમની પાસે ગંભીરતાપૂર્વક આપણે વાત મૂકીએ ત્યારેયે કંઈને કંઈ બહાનું કાઢી એ વાતને એ ઠેલે જ ઠેલે. "આમે ને આમે હમણાં તો આ કામ આવી પડ્યું છે. એ કરી નાખું. પછી જ એ વિશે વિચાર કરીએ." કે "હમણાં તો માજીને ફરી આંખનું ઑપરેશન કરાવી, જોઈએ કંઈ થાય એમ હોય તો. એ જ વિચાર ચાલે છે, ત્યાં આ વાતનો કંઈ વિચાર થાય?" કે એવું કંઈક બહાનું એ શોધી કાઢવાના જ. તે છતાંયે કોઈ કન્યા વિશે આગ્રહપૂર્વક વાત થાય તો કહેશે:

"આટલાં વર્ષો એમ ને એમ કાઢ્યાં, એટલે મારામાંય જરા ચીકાશ આવી ગઈ છે. ખરેખર સારું એવું હોય તો કરીશ."

ને જેમ કોઈને 'ખરેખર સારું' ઠરાવી શકવું સહેલું છે તેમ ન ઠરાવવું તો એથીયે સહેલું છે, એટલે એ વાતનો અંત તો આવે જ નહિ.

મને હંમેશાં આ વાતનું કુતૂહલ રહેતું. શા માટે આ માણસ આમ કરે છે? ગંભીરતાપૂર્વક ઘણી વાર એમની સાથે ચર્ચા કરી જોયા પછી એમણે લગ્ન ન જ કરવું એવો કોઈ સિદ્ધાંત કર્યો હોય એવું તો લાગતું નહોતું. મનનું જો આ એક કારણ પ્રતિકૂળ ન હોય તો બીજાં તો બધાં કારણો લગ્નને અત્યંત અનુકૂળ હતાં. માજીને તો એનાથી વિશેષ મહેચ્છા બીજી હોય પણ શી? એ બધાં છતાં એ લગ્ન શા માટે નહોતા કરતા? શા માટે?

આ પ્રશ્ન મને વારંવાર ઊઠતો અને તેનો ઉત્તર મેળવવા મારું મન ઘણીયે વાર મથામણ કરતું. એ મથામણને અંતે એક દિવસ ઓચિંતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ એનો ઉત્તર મળી ગયો હોય એવું મને લાગ્યું. હું મિત્ર પાસે ગયો અને એમને કહ્યું :

"તમે કેમ લગ્ન કરવાની આટલી આનાકાની કરો છો એ હું સમજી ગયો હોઉં એવું મને લાગે છે."

તેમણે હસીને પૂછ્યું : "ખરેખર ?"

મેં કહ્યું : "તમારા મનમાં એમ હશે કે ઘરમાં નવું માણસ આવે એ માજીની બરોબર સારસંભાળ ન રાખે તો ?"

તેમણે કહ્યું : "સાચું કહું ? મને મનમાં એ જ ભય રહ્યા કરે છે. હું માજીનું બધું જ ધ્યાન રાખું છું એવું કશું નથી. ઘણી વાર હું ખિજાઈ પણ જતો હઈશ. એમને વઢી પણ લેતો હઈશ કે એમનું મન પણ દૂભવતો હઈશ. પણ અમે બંને તો એકબીજાથી ટેવાઈ ગયાં છીએ, એટલે એનું ન એમને ઝાઝું લાગે, ન મને. પણ બીજું કોઈ માણસ આવે ને માજી તરફ જરા જેટલી પણ બેદરકારી બતાવે તો મને લાગે છે કે મને જરા પણ ન ગમે. આ ભય જ મને લગ્ન કરી લેતાં વારંવાર અટકાવ્યે રાખે છે."

હું એમની સામે જોઈ રહ્યો. તેઓ આ વિચારને વહેણે જ ચડી ગયા હોય તેમ બોલ્યે ગયા : "આ તો મારા મનમાં જ ભય છે. એવું કશું ન પણ બને. કોઈ સુશીલ પાત્ર આવે તો મારા કરતાંય માજીનું વધારે ધ્યાન રાખે. આખરે તો સ્ત્રી સ્ત્રીનું જેટલું કરી શકે તેટલું આપણે ક્યાંથી કરી શકીએ ? પણ...પણ એ શી રીતે બને ? જે કોઈ પણ માણસ આવે એને એના જીવન વિશે અનેક ખ્યાલો હોય. અનેક સ્વપ્નો, અનેક તરંગો હોય, તેને આ એક ઘરમાં જ આખો દિવસ શી રીતે પુરાઈ રહેવું ગમે ? ને એમ માજીની પાછળ આખો દિવસ ગાળતાં એને કંટાળો ન આવે ? ને મારી પત્નીને જો એવો કંટાળો આવે તો મને ન ગમે. ને કોઈ ને કોઈક વાર એવો કંટાળો ન આવે એવું તો બને જ કેમ ? એ પત્નીને પણ એનું સ્વતંત્ર જીવન હોય ને ? કંઈ સ્વતંત્ર પ્રવૃત્તિ વગેરેનો પણ મોહ હોય કે નહિ ?

"કેમ કે હવે હું પરણું તો કેળવાયલી એવી પત્ની તો સ્વાભાવિક રીતે ઇચ્છું જ. ને એને દિવસ આખો કંઈ ને કંઈ ન કરવાનું હોય એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલવે? કમાવા ન જાય તો કાંઈ નહિ, પણ આખો દિવસ એ ઘરમાં બેસી રહે? એ તો એને પણ અન્યાય ન થાય?

"એટલે એકંદરે વિચાર કરતાં એમ લાગે જ છે કે આમ ને આમ છીએ તે જ શા ખોટા છીએ?" કહીને મારી સામું જોઈ હસ્યા. વળી થોડી વાર મૂંગા રહીને ઉમેર્યું:

"ખાસ ભય તો એ જ રહે કે કોઈ પણ અજાણી વ્યક્તિને મને માજી તરફ જે પ્રેમનું ખેંચાણ છે એવું ખેંચાણ કચાંથી રહે? ને કરજને ભાને મારી પત્નીને મારી માનું કામ પતાવતી હું જોઉં તો મારું હૈયું ચિરાઈ જાય. એવી સ્થિતિમાં મારે મુકાવું શા માટે જોઈએ કે માજીનેયે મુકાવા દેવાં શા માટે જોઈએ?"

મેં કહ્યું, "મને એ જ લાગતું હતું. પણ તમે પરણો એની માજીનેયે કેટલી હોંશ છે? તમારા આ કાલ્પનિક ભયથી તમે....."

તે હસ્યા: "હુંયે સમજું છું કે હું પરણું તેથી માજીને અનહદ આનંદ થાય. પણ એ દિવસોનો આનંદ પછી વર્ષો સુધી ટકી ન રહી શકે તો? એવી પરિસ્થિતિ જ શા માટે ઊભી કરવી? આપણે નથી જાણતા અત્યારના જમાનામાં વહુની શી હાલત થાય છે તે? મારે હાથે કરીને એ પરિસ્થિતિ મારા ઘરમાં જ લાવવી? કેમ કે મારી પત્નીનેયે હું અન્યાય ન કરી શકું ને માજી તરફ જરા જેટલી પણ બેદરકારી મને ખાળ્યા જ કરે. એ કરતાં તો જેમ ચાલે છે તેમ ચાલવા દેવું એ જ મને તો ઉત્તમ લાગે છે."

એ વાતનેયે વર્ષો વીતી ગયાં. હજી પણ હંમેશાં એમનું જીવન એ જ ઘરેડમાં ચાલી જાય છે. એનો એ જ નિત્યક્રમ. એનાં એ જ માજી ને એના એ જ પોતે. એ જ ઉત્સાહથી તે ઘરનું કામકાજ કરે છે ને કચાંય ખાસ જતાઆવતા નથી. છતાં વિષાદ કે કંટાળો તો એમના ચહેરા ઉપર કદીયે દેખા દેતો જ નથી. માનવતાનો ને માતૃભક્તિનો આ ચમત્કાર, ભૂંસાતાં જતાં મૂલ્યોના આ જમાનામાં હૃદયમાં કોઈ અદ્‌ભુત લાગણી જન્માવે છે, ને શ્રવણની કદાચ કાલ્પનિક કથા પણ કવિના હૃદયની કેવી સત્ય અનુભૂતિમાંથી જન્મી હશે તેનો ખ્યાલ આપી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized By Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

૧. કોની માતૃભક્તિની આ વાત છે? એમાં અસાધારણ શું છે?
૨. લેખકના મિત્રનો દાદીમાની સેવાનો નિત્યક્રમ વર્ણવો.
૩. દાદીમાના પૂર્વજીવનની હકીકત કહો.
૪. આ વાર્તાનો માતૃભક્ત યુવક લગ્ન કરવાની શાથી ના પાડે છે? એની વિચારસરણી બરાબર છે?
૫. અત્યારના જમાનામાં વૃદ્ધોની શી હાલત થાય છે, એ વિષે તમારા અનુભવો લખો.
૬. આ વાર્તાના નાયકની માફક અન્યની સેવા માટે સ્વેચ્છાએ સ્વાર્થત્યાગ કરી રહેલા કોઈ પાત્રનું શબ્દચિત્ર આલેખો.

પન્નાલાલ નાનાલાલ પટેલ

[શ્રી. પન્નાલાલનો જન્મ ગુજરાત અને રાજસ્થાનની સીમાદોરી પર, ડુંગરપુરના માંડલી ગામમાં ૧૯૧૨માં થયો હતો. આર્થિક પરિસ્થિતિને કારણે તે ઝાઝું શિક્ષણ લઈ ન શકયા. પાછળથી ઉત્તર ગુજરાતમાં મેઘરજને એમણે પોતાનું વતન બનાવ્યું અને નરમ તબિયતની સરભરા કરતા આજે એ પોતાની લેખન-પ્રવૃત્તિ એકધારી કરી રહ્યા છે.

આજ સુધી સાહિત્યમાં જેની ઉપેક્ષા થયેલી તેવા વાસ્તવિક ગ્રામજીવનને એમણે પોતાની વાર્તાઓનો વિષય બનાવ્યું અને તેનું સચોટ અને સુરેખ આલેખન કરવામાં એમણે અનન્ય સફળતા પ્રાપ્ત કરી. શહેરી જીવન અને ઊંચા શિક્ષણના કૃત્રિમ વાતાવરણના સમાગમથી દૂર રહેલા ગ્રામવાસીઓમાં વિશેષ પ્રબલ અને વિશુદ્ધ માનવતા રહેલી છે એનું ભાન શ્રી. પન્નાલાલે ગુજરાતને કરાવ્યું. એમની શૈલી વાસ્તવિક અને બલવાહી છે અને ગ્રામ્યશબ્દો ને રૂઢિપ્રયોગોનો તે છૂટથી ને છાકથી ઉપયોગ કરે છે. 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'પાછલે બારણે' એ એમની જાણીતી નવલકથાઓ છે. 'સુખદુઃખના સાથી', 'લખ ચોરાસી' વગેરે પુસ્તકોમાં એમની ટૂંકી વાર્તાઓ છે.]

(અહીં આપેલો પ્રસંગ એમની 'પાછલે બારણે'—નવલકથાના શરૂઆતના ભાગમાંથી લેવામાં આવ્યો છે. પોતાના પુત્રને રાજ્યના વારસ તરીકે પણ આપતાં માતાના હૃદયમાં જે દુઃખ થાય છે તેનો લેખકે સરસ અને સચોટ ખ્યાલ આપ્યો છે. એક જ માતાપિતાના બે પુત્રો જુદા જુદા વાતાવરણ ને સંસ્કારમાં ઊછરતાં એકમેકથી કેટલા ભિન્ન સ્વભાવવાળા ને જીવનદૃષ્ટિવાળા થાય છે એનો સાચો ખ્યાલ આખું પુસ્તક વાંચનારને આવી શકશે. આ પ્રસંગના નાયક ગલબાજીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃસ્વાર્થ રાજભક્તિ અને એના સ્વભાવ ને બોલવાચાલવાની ઢબની વિશિષ્ટતા ધ્યાનથી અવલોકવા જેવાં છે. આખોયે પ્રસંગ જે ઝીણવટભરી વિગતથી વર્ણવાયો છે ને લેખકની અવલોકનશક્તિ અને આલેખનશક્તિનો સારો પરિચય કરાવશે.)

પાછલે બારણે

૧

એક તો ફાગણ ને તેમાં વળી સુદ સાતમની મધરાત. ચંદ્ર લગભગ આથમવા ગયો હતો. ધરતી ઉપર વૃક્ષોના છાંયડા છવાઈ વળ્યા હતા. ઊંચે ચઢેલા ચંદ્રનાં આછાં અજવાળાં પેલી વનરાજિની ટોચ પર જાણે બધ ભરતાં જીવવા માટેનાં હવાતિયાં મારી રહ્યાં હતાં. વસંતનો વાયરો સૂકાં પાંદડાં તથા ધૂળ ઉડાડતો વનરાજિ જોડે જાણે ફાગ ખેલી રહ્યો હતો. પાંદડાંના આછા આછા અવાજ એવા લાગતા જાણે કે જગતને ઊંઘતું મૂકી ફાગ રમવા નીકળી પડેલાં વાયરો ને વનરાજિ છાનાં છાનાં ટોળટપ્પાં ન મારતાં હોય. કોઈ કોઈ વાર તો જોરથી હસી પડતાં હોય એવું પણ લાગતું હતું...અને આ જોઈને જ ઈર્ષા ન આવતી હોય તેમ પેલો વનરાજ દૂરના ડુંગરો પરથી ગર્જનાઓ કરી રહ્યો હતો.

આવી વખતે એક મુસાફર, અજગરની જેમ પડેલા ગાડાચીલા પરથી પસાર થઈ રહ્યો હતો. બુકાની બાંધી હતી એટલે મોં ઉપરથી એની ઉમ્મર કળવી મુશ્કેલ પડે, પણ એની ચાલ કહી આપતી હતી કે એ જુવાન છે. નાળ જડેલ પગના જોડા કોઈ વાર પથ્થરે અથડાઈ જતા તો આગના તણુખા ઊડતા. કેડનો પટો તથા ખભા પરની પાંચ બારની બંદૂક કહી આપતી હતી કે એ સરકારી સિપાહી છે.

એટલું જ નહિ બુદ્ધ હકીકતની રાયફલ પકડી છે, માટે અંગત માણસ હોવાનું પણ કલ્પી શકાય.

સિપાહી હોવું ને અડધી રાતે વનમાંથી નીકળવું, વાઘની ત્રાડોથી ન ડરવું ને નિર્દેશેલ સ્થળ તરફ વધ્યે જવું, એ બધુંય સ્વાભાવિક હતું, પણ જો કંઈ અસ્વાભાવિક હોય તો એટલું જ હતું: બબ્બે ભરાવેલ પેલો હેમચો — પગ સહિત હરણના આખા ખોળિયાની થેલી, પાછળ રાખવાને બદલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે આગળ રાખી હતી: એક હાથથી છાતીએ વળગાડી રહ્યો હતો, મા બાળકને વળગાડી રહે એમ સ્તો.....

એણે પેલી નદી પૂરી વટારીય નથી ને આજુમાંથી ઘુવડનો ઘૂઘવાટ સંભળાયો: 'ઘૂઉ ... ! ઘૂઉ ... !'

વાઘની ત્રાડથી ન ડરનાર આ સિપાહી બચ્ચાનું કાળજું કંપી ઊઠ્યું — અરે પેલું જંગલ આખુંય જાણે ભયને લીધે ધ્રૂજતું ન હોય ! સિપાહીના પગ ઢીલા પડી ગયા. પણ તે બે પાંચ પળ માટે જ. છટ્ટી પળે એણે પોતાના ઇષ્ટદેવ — મહાદેવનું સ્મરણ કર્યું : 'શંભુ ભોળા ! તું તો અનેકની મનકામનાઓ પૂરી કરવાવાળો છે. તારે ભરોસે નીકળ્યો છું. લાજ રાખવી ન રાખવી એ તારા હાથની વાત છે.' અર્જ કરવામાં એ એટલો બધો તલ્લીન હતો કે પેલા અપશુકનને પણ ભૂલી ગયો. જોરથી શ્વાસ લેતાં એણે પેલી આર્જવતા આગળ ચલાવી : 'દીધેલાં તો તેં લઈ લીધાં, મારા નાથ ! પણ જે ધારેલી ધારણા પર આણે તો એ આઈ પારકાં જણ્યાંનેય પોતાનાં કરીને મન વાળશે. પચાસ હજારની ઊપજવાળા પટાનો વારસદાર તેં દીધો'તો એને જાણે જીવતો રાખ્યો છે એમ જ માનીશું... .'

એટલામાં તો ગામ આવ્યું ને વળી પાછું આ સિપાહીનું હૈયું થડકી રહ્યું. 'જય ભોળા શંભુ ! તું જાણે !' તે એણે સામની એ છેવાડી ફળીમાં પ્રવેશ કર્યો, દબે પગે ને ઊંચે શ્વાસે.

આમનેસામને ચચ્ચાર ઘરની એ આખીય ફળી ઊંઘતી હતી. બેત્રણ કૂતરાંએ સિપાહીનું સ્વાગત કરવા માંડ્યું. સિપાહીએ ઓહ વચ્ચેથી શ્વાસ તાણી વહાલભર્યો બચકારો કર્યો. કૂતરાંનાં નામ દઈને પોતાનો જાણે પરિચય આપ્યો. બીજી જ ક્ષણે કૂતરાં શાન્ત પડી ગયાં, પૂંછડી પટપટાવવાં લાગ્યાં.

સિપાહી ત્રીસ હાથની લાંબી પરસાળવાળા વચ્ચેના ત્રીજા ઘરની પરસાળમાં ખડો થયો. મધ્યમાં આવેલા અંધ બારણાની એક બાજુ પર આવેલું તાપણું હોલાવાની તૈયારી પર હતું. એ અંધારામાંય એણે જોયું તો એક ખાટલો દેખાતો હતો. એને અડધી નિરાંત તો વળી જ. મન સાથે બબડ્યો : 'ઘેર તો છે જ.' ને એ દબે પગે ખાટલા તરફ આગળ વધ્યો. વળી પાછું પેલું હૈયું થડકી ઊઠ્યું : 'થડ થડ થડાક'... તાપણા આગળ બેઠા થતાં એણે ઉધરસ ખાધી. પણ તોય પેલો ઊંઘનાર માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન સળવળ્યો. 'ઢંઢોળ્યા વગર છૂટકો જ નથી,' આમ વિચારી સિપાહી નીચે બેઠો — પેલો હેમચો ખોળામાં રાખી ઊભે પગે બેઠો. બંદૂક ભીંતને ટેકે મૂકી, હાથ લંબાવ્યો ને પાછો કંપી રહ્યો :

'હમીરસંગને બદલે બીજો કોઈ હશે તો ?'

પણ આ સિવાય બીજો રસ્તો જ ન હતો ને એણે ધીમેકથી પેલી ઓઢેલી ગોદડી મોં ઉપરથી ઊંચી કરી.

આ સાથે જ ઊંઘનાર માણસ હમીરસિંહ જાગી ઊઠ્યો : 'કૂણ છે, ભ્યો ?' કહેતો સફાળો બેઠો થઈ ગયો. 'કયો —'

પણ તે પહેલાં તો સિપાહીએ એને 'છાં...છાં...છાં... એ તો હું છું — ગલમાળ,' કહી પોતાની ઓળખાણ આપી દીધી.

પરંતુ ગલમાળને ઓળખ્યા પછી તો હમીરસિંહની નવાઈ ઘણી વધી... 'તમે ગલબોજી ?' —

ગલમાળનું આગમન આ કંઈ નવાઈનું ન હતું. ડાકોરનું માણસ એટલે મધરાતેય આવે — આવવું પડે. પણ એનું આમ ચોરની પેઠે આવવું ને દબે અવાજે બોલવું એ હમીરસિંહ માટે નવાઈનું — વહેમ ઊભો કરે એવું હતું. ગોદડી એક તરફ કરતાં એણે પગ નીચે લીધા. લાકડાં સંકોરતાં વળી પૂછ્યું : 'કેમ આમ આ રીતે, ગલમાળ ?'

પણ ગલમાળએ તો એને દેવતા સળગાવતાંય રોક્યો : 'હું તો એક ખાસ કામે આવ્યો છું. કારણ કે જરા ખાનગી કામ છે. કારણ કે.'

'કારણ કે' શબ્દ વાપરવાની ગલમાળને આદત પડી ગઈ હતી. ત્યાં સુધી કે એનું ચાલે તો શબ્દે શબ્દને 'કારણ કે' વાપરીને જુદો પાડે.

હમીરસિંહે અટકળ કરતાં પૂછ્યું : 'બાવજી (ડાકોર) પડ્યા (મરી ગયા) કે શું, ગલમાળ ?'

'બાવજી તો અમદાવાદ દવાખાનામાં છે. કારણ કે કાંઈ સમાચાર નથી. પણ કારણ કે,' જે વાત કહેતાં કદાચ કલાક વીતી જાત એ જ વાત માટે ફટતોકને મેળ બેસી ગયો : 'નાના બાવજી...કારણ કે...' ને ઓણે ખોળામાંનો હેમચો દેખાડતાં ઉમેર્યું : 'બલાસ થઈ ગયા.'

હમીરસિંહ સમજી ગયો કે એકાદ માસ પર જન્મેલો ડાકોરનો ઉત્તરાધિકારી મરી ગયો છે, ને એ પેલા હેમચામાં છે એટલું પણ એ જાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકયો. પણ આથી તો હમીરસિંહની મૂંઝવણ અનેક ગણી વધી પડી : 'મરી ગયો એ તો જાણ્યું, પણ આ અક્કલનો સરદાર એ કુંવરને અહીં શું કામ લઈ આવ્યો છે?... ને તેય મરેલું સસલું ઘાલી લાવે એમ હેમચામાં નાખીને?'

હમીરસિંહે પોતાની આ મૂંઝવણ સીધી જ વ્યક્ત કરી : 'તમે ગલબાજી! ચોખ્ખી વાત કરો ને? મરેલા કુંવરજીને —'

'છી...છી...છી. કારણ કે રાતને આંખો નથી હોતી પણ કારણ કે કાન શરવા હોય છે,' ને એ ખડો થઈ ગયો. હેમચો ખોળામાં રાખી એણે ખાટલા પર હમીરસિંહના પાસામાં જ જમાવ્યું. લગભગ કાનમાં જ કહ્યું : 'આની ગાદી કારણ કે તમારા જોડકા દીકરાઓમાંના એકને દેવા આવ્યો છું.'

હમીરસિંહ ખાટલા પર વેંત પાછો હટી ગયો. પાછળ સુવરાવેલ ચારેક વર્ષના દીકરાનો પણ ખ્યાલ ન રહ્યો. બોલી ઊઠયો : 'શું કહ્યું? મરેલા સારૂ જીવતો લેવા આવ્યા છો?' એનો બેઠેલો અવાજ લગભગ ફાટી ગયો, 'આ તમે શું બોલો છો, ગલબાજી? જરા —'

ગલબાજીને ક્ષણભર ડર લાગ્યો : હમીરજી મારશે તો નહિ? ને વળી એણે ધીમેથી વાત કરવાની યાદ આપી : 'છી...છી...છી. કારણ કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ને તમે કારણ કે કપાળ ધોવા જાઓ છો. હમીરજી —'

હમીરસિંહ છેડાઈ પડયો : 'ઊહ, ઊહ, છાનોમાનો, હમીરજીવાળો! જો સાચું કરવાનું નામ લીધું છે તો મારા જેવો કોઈ ભૂંડો નથી, હા...!' ધૂંધવાયેલો હમીરસિંહ ખડો થઈ ગયો. ભીંતને ટેકે મૂકેલો હોકો લેતાં એ વળી બબડયો : 'તમને લાજ નથી આવતી કે 'તાં?—'

'પણ ભલા માણસ કારણ કે મારી વાત તો સાંભળો પૂરી! કારણ કે—' અને વળી એ હમીરસિંહ તરફ ઝૂકયો. 'તમારો દીકરો પચાસ હજારના પટાનો ધણી થશે એટલો તો કારણ કે વિચાર કરો.'

ચલમમાં બેત્રણ અંગારા મૂકયા ન મૂકયા તે વળી હમીરસિંહ પાછો બરાડયો ગલબાજીને ચેતવવા : 'હું તને ઠીક કહું છું હોં, ગલબાજી! તું બીજી વાત કરજે પણ મારા દીકરાની વાત તો —'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમીરસિંહ શું જાણે કે ગલમાળ અત્યારે પોતાના જીવ કરતાંય આ કામને વધારે મહત્ત્વનું માનતો હતો! 'જુઓ હમીરજી! કારણ કે એક ફેરા તમે મારી વાત તો સાંભળો. પછી કારણ કે હું કાંઈ જોરજુલમ કરીને તો કારણ કે નથી લઈ જવાનો ને તમારા છોકરાને?'

'બોલો!' કહી હમીરજીએ ભીંતનો ટેકો લીધો, ઉમેર્યું: 'કહી નાખો જે કે'વું હોય તે.'

ગલમાળ પણ નીચે બેઠો — લગભગ પાસામાં. કહેવા માંડ્યું: 'કારણ કે તમે જાણો છો કે ઠાકોર ખાટલામાંથી ઊઠે એવી કારણ કે આશા જ નથી. ને શંભુ ભોળાએ કારણ કે આ વારસદાર આલીને આપણાં બધાયનાં હસતાં મૂઢાં કરાવ્યાં, પણ કારણ કે કોણ જાણે કે એ જટાળાને શું સૂઝ્યું તે કુંવરજીને રતવા નીકળી ગયો ને કારણ કે આપીને લઈ લીધો! હવે કારણ કે તમે જ વિચાર કરો કે ઠાકોરનું મોતેય કારણ કે બગડવાનું ને ભેગું ઠકરાણીનું; ને કારણ કે આપણા બધાનું જીવતરેય. કારણ કે તમો પેલા દીપુભાને — ઠાકોરના ભાઈને કારણ કે સારી પેઠે ઓળખો છો. ને કારણ કે એ ગાયમાર ગાદીનો ધણી થશે તો કારણ કે ઠકરાણી ને એને તો અરે વાયરા વાદે છે. ને કારણ કે એ ઠાકોર થશે તો આપણે ય —'

હમીરજીથી બોલ્યા વગર ન રહી શકાયું: 'કાલ થતો તે આજ થાય ના! અમારે તો દીપુભા ધણી થશે તો ય, ખાતું ખાશે ને ભરતું ભરશે. આ ઠાકોર હતા તોય અમને શું? ઊલટાના એમના બાપ- દાદાઓએ આપેલો અમારો ગરાસ લઈ લેવા બેઠા છે.'

'પણ એટલે જ તો હું કહું છું કે, કારણ કે ગરાસ તો રે'શે તમારી પાસે ને કારણ કે ઉપરથી તમારો દીકરો આખા પટાનો ધણી થશે. કારણ કે એટલો તો વિચાર કરો જરા!'

હમીરજી કાંઈ જ ન બોલ્યો.

ગલમાળએ આગળ ચલાવ્યું: 'ને કારણ કે ઠાકોર ઉપરેય આ બોજો વેર છે?'—

'એટલે તમે એમ માનો છો, ગલમાળ! કે હું પચાસ હજારના પટાની લાલચે મારો દીકરો જતો કરું?' કહી હમીરજીએ હાસ્ય કર્યું, ઉમેર્યું: 'હું...! શી વાત કરતો હશે આ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે તમારું ભલું થાય. આ તો તમે કારણ કે એવી વાત કરો છો કે કારણ કે જાણે હું હમીરજીને ઓળખતો જ ન હોઉં!' ગલબાજી વળી જરાક સોડમાં પેઠો. 'હું જાણું છું, હમીરજી! કે તમે કારણ કે કરોડની લાલચને ઠોકરે મારો એવા છો ને કારણ કે આ પટોય તમને ઓછો મળવાનો છે કે તમે — ઊલટું તમે તો કારણ કે રૈયતનું ને ઠકરાણીનું, આ અમારા સરખાઓનું કારણ કે ભલું કરી રહ્યા છો...'

અને પછી તો ગલબાજીએ લાંબીચોડી કંઈક વાત કરી. કંઈક મતલબ તો આટલી જ હતી: તમારો દીકરો હજારો માનવીઓનો પાલનહાર થશે....રાજ્યની ખાતર, રૈયતના સુખ માટે તમે એક મોટો ભોગ આપી રહ્યા છો.... એક દીકરો જતો કરશો તોય પાછળ બે દીકરા રહેશે... વગેરે.

આ સિવાય એ બાબતની પણ ખાતરી આપી: 'આ વાત હું જાણું, ઠકરાણી જાણે કે તમે બે ધણી-ધણિયાણી. કારણ કે એ સિવાય જો પાંચમો કાન જાણે તો આ મરેલા કુંવરજીના કસમ! હવે તો બસ. કારણ કે!'

'એ બધું ય ખરું, ભાઈ! આપણ તો ગણીએ કે છોકરો આ ઢેફાં ભાંગતો મટ્યો — પચાસ હજારનો ધણી — બડેજાઓ – મેરબાન થઈને બેસશે. પણ એ બધું કાંઈ બૈરું મનેખ ગણવાનું છે? હું તો કહી દઉં કે લઈ જાઓ, પણ માના પાસામાંથી છોકરું લેવું એ તો હાથીના મોં આગળથી પૂળો લેવા સરખું કપરું કામ છે તો!'

'પણ કારણ કે આ તો દીકરાના ભલાની વાત છે એટલે. કારણ કે દીકરાના ભલા માટે જેટલી માની નજર લાંબી દોડે એટલી બાપની ન દોડે.' અને ઉમેર્યું: 'કારણ કે એટલે તમે ઘરમાં જઈને કુંવરભાભીને બે વાતો સમજાવો...ઊઠો, કારણ કે પાછું —'

હમીરજીએ હોકો ભીંતે મૂકતાં વળી આનાકાની કરી: 'અરે ભાઈ કાં તો કે'તામાં જ બચકું ભરવા આવશે ને. શું કામ ગલબાજી તમે?...'

વળી ગલબાજીએ એને સમજાવ્યો, પટાવ્યો ને ઊભો કર્યો; 'કારણ કે તમે જ આમ ઢીલા પડશો તો હું ઠીક કહું છું, હમીરજી, કારણ કે તમારા દીકરાનું ભાવી તો જરા — કારણ કે ક્યાં તમારો આ ઢેફાંમાં અવતાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવો ને ક્યાં પેલો બડેજાઓ – મેરબાન થઈને — માટે ઊઠો. તમે કમાડ ઉઘાડાવો ને! કારણ કે ધીમે બોલજો પાછા.'

હમીરજી ભાંગે પગે બારણા પાસે ગયો. ધીમેકથી સાદ પાડ્યો: 'ગોપાળ, એ ગોપાળ!'

હમીરજીની પત્નીનું નામ તો કુંવરબાઈ હતું, પણ એ એના મોટા દીકરા ગોપાળને નામે બોલાવતો હતો.

ત્રીજે અવાજે કુંવરબાઈએ કમાડ ઉઘાડ્યું. ઘરમાં સદંતર અંધારું હતું. હમીરજી ખચકાતો ખચકાતો ઘરમાં પેઠો. કુંવરના 'શું કામ છે પણ?' આ સવાલનો જવાબ પણ એણે થોથરાતી જીભે જ આપ્યો.

'મારે જરા તને...એક પૂછવું છે. તમને ગમે તો'—

ને એણે કમાડ પણ ધીમેકથી વાસી દીધું.

બહાર બેઠેલા ગલબાજીનું હૃદય વળી પાછું ધડકવા લાગ્યું ને વળી પાછો એ ભોળા શંભુને વીનવી રહ્યો: 'કારણ કે નાથ! બાવજી (ઠાકોર) ખાટલો વાળે એમ છે નહિ ને બાપડી બાઈસાહેબ (ઠકરાણી)ને ને અમારે, કારણ દે દુઃખના દન દીપુ જેવા કસાઈને હાથ...'

૨

પચાસ હજારનો એ જાગીરદાર હતો તો જુવાન — ત્રીસેકની ઉંમરનો, પણ એને હજુ સુધી સંતાન એક્કેય ન હતું — સિવાય કે મહિના ઉપર જન્મેલો દીકરો. પણ એય, સંહારના સ્વામીએ છીનવી લીધો! જુવાન ઠકરાણીએ કારમા ભાવીની ગણતરી ગણી: વૈધવ્ય હાથવેંતમાં હતું. વિલાસ તો જતા હતા, પણ સાથે વૈભવેય દુશ્મન સરખા દીપુભાના હાથમાં સરી જતો હતો. કુટુંબીની તરફેણ કરતા કાયદા સામે ન કોઈ દાદ દેનાર હતું કે ન હતું ફરિયાદ સાંભળનાર. ને એમ જીવન પણ દીપુભાની દયા ઉપર જ ટકવાનું હતું. અલબત્ત એજન્સી તરફથી પોતાને પેનશન બાંધી આપવામાંય આવે, પણ છાતી ઉપર દીપુભા ઠાકોર બની ફર્યા કરે ને દોર જમાવે એ કંઈ કમ હતું? ને ઠકરાણીએ — પુત્ર તો હજુ પૂરો મર્યોય ન હતો ને પિયરથી સાથે લાવેલ ચાકર ગલબાજી આગળ, રાક્ષસી દાંત દેખાડતું પેલું ભાવી ઉકેલ્યું, એની આગળ આંસુ સાર્યાં ને તરકીબ સુઝાડતાં મહેલને પાછલે બારણેથી મધરાતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રવાના કરી દીધો. એટલાં વળી સહ્યભાગ્ય હતાં કે દીપુભા પણ હકોરની સાથે કંઈ કેટલાય જોજન દૂર પડ્યો હતો. આ સિવાય — ગલબાજીની બહેન સિવાય — બાકીનાં દાસદાસીઓને પણ હકરાણીએ દૂરનાં દૂર રોકી રાખ્યાં હતાં. અમી સાંજે પુત્ર મૂવો ત્યારેય એમણે — રોકકળ તો દૂર રહી પણ ઊલટાનો આનંદ દેખાડવા માંડ્યો: 'એ દિવસના ઉજાગરા પછી આજે કાંક કુંવરને ઠીક છે. ભોળા શંભુને આપણી બધાંની દયા આવી લાગે છે... કેવો જંપ્યો છે... રૂપાળી ઊંઘ કાઢે છે!...'

ગલબાજીના હેમચામાં એ મૃત બાળક ઘાલી આવ્યા પછી પણ હકરાણીએ, પેલા રૂપેરી પારણામાં માટીનું બાળક સુવડાવી ધીમે ધીમે હીંચકો દીધે રાખ્યો — ને થોડીક વાર તો એ સાચેસાચ કુંવરના મૃત્યુને ભૂલી બેઠાં; મોટા સૂરીલા સાદે હાલરડાં પણ ગાતાં હતાં.

ને આ જોઈ સાંભળીને તો ગલબાજીની જુવાન બહેન મોતી પણ દિંગ થઈ ગઈ: 'બાઈસાહેબનું કાળજું કોણ જાણે શાનું છે?' ક્ષણે ક્ષણે વહેમ ઊઠતો હતો કે 'પછી કુંવરજી મરી ગયા ને ગલબોભાઈ હેમચામાં ઘાલી લઈ ગયા એ બધું શમણું છે?'

પરંતુ ગલબાજીના ગયા પછી અડધા કલાકે જ્યારે પેલાં બેચાર દાસદાસીઓ ચાલ્યાં ગયાં — ઊંઘવા મંડ્યાં — ત્યારે તો દીવાના ઝાંખા પ્રકાશમાં ચોધાર આંસુ સારતી ને ડૂસકાં દબાવતી માતાને જોઈને મોતીય મહાપરાણે પોતાનું રુદન શમાવી શકી. ટપોટપ આંસુ સારતી મોતી — કુંવરના મૃત્યુને તો ભૂલી જ ગઈ હતી. એ તો રડતી હતી પેલી અભાગણી માતાના દુઃખે કે જે મરેલા પુત્ર પાછળ પેટ ભરીને રડી પણ નહોતી શકતી, એટલું જ નહિ, જો ગલબાજી પોતાનું કામ સિદ્ધ કરી લાવે તો તો આખોય અવતાર પેલા મરેલા પુત્રને જીવતો જ ગણવાનો હતો — કોઈની આગળ હૈયું હળવું કરવા સરખું પણ નહોતું રહેતું!

પણ એટલું તો મોતીય માનતી હતી કે એમ થાય તો છેવટ નાક જતાંય લોહ તો રહે જ.

ને એ રાણીવાસના ઉગમણા ઝરૂખામાં બેસી પેલી અંધારભરી કેડી પર આંસુ વેરી રહેલી રાણીને સાંત્વન આપી રહી — ચેતવી રહી: 'બાપ જો આમ રો રો કરશો તો તો આનો અંત જ નઈ આવે જો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કરાણી નામ પ્રમાણે હિમતે પણ રાજબાઈ જ નીકળી. એણે ઇશારાથી જ મોતીને ચૂપ કરી દીધી. પેલાં આંસુ પણ જાણે — છલકાતા સાગરનો ઓટો જ બંધ કરી દીધો!.. ને એ વળી પાછી પેલી કેડી પર આંખોનાં અજવાળાં પાથરી રહી. પેલા ગાંડા ઇષ્ટદેવને વીનવી રહી: 'મારાં તો તેં લઈ લીધાં, નાથ! પણ પારકાં દઈને તો પોતાનાં કરવા દે!'

ગલબાજીની કાર્યદક્ષતા ને વાકપટુતા માટે માન હોવા છતાંય રાણીને થયા કરતું હતું: 'કોણ દેતું હશે?...છાતીએથી અળગું કરીને — અરે લક્ષ્મીના ડુંગર ખડકો તોય કોઈ જનેતા પોતાના સંતાનને આમ આપી દે ખરું?...'

તો વળી આમ પણ થતું હતું: 'શા માટે ન આપે? પોતાનો દીકરો પચ્યાસ હજારનો ગાદીપતિ થતો હતો. એનો પડતો બોલ ઉપાડનાર કેટલાક તો નોકરચાકર, ચઢવા માટે અચ્છા અચ્છા ઘોડા ને પોઢવા માટે —'

ને રાજબાઈ બાજુમાંના સીસમના ઢોલિયા તરફ જોઈ, વળી પાછી ટપોટપ આંસુ સારી રહી. એ આંસુમાં સરી ગયેલા જીવનનો એક આખો દસકો હતો; રંગ હતા, રાગ હતા. વિલાસના ફુવારા હતા, ને સાથેસાથે અણદીઠ શોકચોનાં સાલ તથા ભયંકર રોગની સગડીઓય હતી!

એક ભારે નિઃશ્વાસ નાખતાં રાજબાઈ મન સાથે બબડી: 'આવા જીવન કરતાં તો પેલા ગરીબ ખેડૂત લોકોને ત્યાં જન્મ્યાં હોત તો વધારે સુખી હોત.' ભારે શ્વાસ લેતાં સ્વગત બોલી પડી: 'જે સ્ત્રીનો સ્વામી કલ્યાગરો નથી એ સ્ત્રીનું જીવન પચાસ હજારનો પટો તો શું પણ સારા જગતનું સામ્રાજ્ય એના તાબામાં હોય તોય એ જીવન જ નથી!... ઊલટાની એ સાહેબી ને વૈભવ બધુંય એના જીવનમાં બળતી સગડીઓ છે! — હેમથી મઢેલો આ ચૂડલો, મોતીની આ માળાઓ ને હીરાની ચીંટીઓ બધુંય.'

ને ક્ષણભર તો રાજબાઈને થયું; પોતે પેલા ખેડૂતના દીકરાને ગાદીપતિ નથી બનાવી રહી પણ ઊલટાની આ દ્રવમાં ખેંચી રહી છે. આ વૈભવની કબરમાં પોતા સરખી કોઈ અભાગી બાઈને પોતે જ પૂરી રહી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આમ એ ભવિષ્યના ગાદીપતિ તથા એની ભાવિ પત્નીની જગ્યાએ પોતાના જીવનનો ભૂતકાળ જ વાગોળી રહી.

ભાન આવતાં વળી પાછી એ પેલી અંધારી કેડી પર મીટ માંડી — જાણે જીવન પ્રાપ્ત કરી પાછા ફરી રહેલા પોતાના જ પુત્રની પ્રતીક્ષા કરવા લાગી.

૩

ઘરમાં પેઠેલો હમીરજી પા કલાકમાં જ બહાર નીકળ્યો. કમાડ વાસતાં ગલબાજી તરફ પગ ઉપાડતાં બોલ્યો : 'કે'તો તો ને કે બૈરાંની જાત નઈ માને? પણ તમે —'

ગલબાજીના હૈયા પર, નિરાશાનું પ્રચંડ મોજું ફરે ન ફરે તે પહેલાં તો એ ખડો થઈ ગયો. 'મને જરા કુંવરભાભી પાસે લેઈ જશો? કારણ કે હું એમને બે વાતો કારણ કે'—

'બેને બદલે બાવીશ કે'શો તોય એ નહિ માને, મને જ બચકાં ભાલતી—'

'પણ કારણ કે તમે હેંડો તો ખરા. નહિ માને તો રહેલું જ છે ને? પણ કારણ કે હુંય બે વાતો —'

'તો જાઓ તમે. કમાડ ઉઘાડું જ છે,' કહેતો હમીરજી તાપણા પાસે બેસી ગયો.

ગલબાજી પણ સમજી ગયો કે હમીરજીને એની વહુએ બરાબરનો ઊધડો લીધો છે. ને તેથી જ તો એ ફરી વાર ઘરમાં આવવાની હિંમત નહોતો કરતો ને? પણ ગલબાજી એમ હારી ખાય એવો નહોતો. 'જય ભોળા શંભુ!' ગણગણી એણે બારણું ઉઘાડ્યું. ધીમેથી પૂછ્યું : 'કુંવરભાભી, કારણ કે રીસ ન કરો તો—હું જરા અંદર આવું?'

'આવો, પણ દીવો કરવા દો જરા,' કુંવરે ચૂલામાંનું લાકડું ખંખોળાતાં કહ્યું.

ગલબાજીને કંઈક નિરાંત વળી; ભોળાનાથ એની મદદમાં લાગ્યો.

એક તરફ દીવો સળગ્યો. બીજી બાજુ ગલબાજીએ કમાડ વાસ્યું. કુંવરે બાજુમાંની ખાટલી આડી કરતાં કહ્યું: 'બેસો.' ને પોતે ખાટલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એઉ ઇસે સુવરાવેલ સવા દોઢ માસના પેલા જોડકા પુત્રોને સાડલો ઓઢાડવામાં ગૂંથાઈ રહી.

ગલબાજીએ ડોયણી પર બેસતાં શરૂ કર્યું : કારણ કે તમે આમ સામે આવીને બેસો તો કારણ કે મને વાત કરતાં ફાવે.'

'તમે કો'ને જે કે'વું હોય તે, હું સાંભળું છું.' કુંવર વળી પાછી બાજુમાંના ચૂલા તરફ વળી; લાકડાં સણકોરવા લાગી.

ગલબાજીએ એને પાસે બેસાડવા પાછળનો ભેદ — કોઈ સાંભળી જાય એ બીક કારણરૂપે કહી સંભળાવી. પણ કુંવર એની સામે આવે તો ઘણીય — પણ કોને પગે? પુત્રને લઈ જવા આવેલ ગલબાજી સામે બોલવાની હામ, એ હૈયું બીડી જ કેમ શકે?

કુંવરને આનાકાની કરતી જોઈ ગલબાજીએ જાણે એના દિલની વાત જ કહી નાખી : 'તમે પાસે તો આવો. કારણ કે તમારી ના હશે તો હું કાંઈ બળજોરાઈએ તો નથી લઈ જવાનો ને? પણ મારી વાત તો સાંભળો જરા.'

કુંવરના અંતરમાં પતિએ વાત કરી ત્યારથી જ ફાંસકો પડી ગયો હતો. ગલબાજી પુત્રને લીધે જ છૂટકો કરશે એવી એને, કોણ જાણે કેમ પણ પ્રતીતિ થઈ ચૂકી હતી...ને એણે, જાણે કેસરિયાં કર્યાં — ગલબાજી તરફ જમણું પાસું રહે એમ પોતાના ખાટલાને અઢેલતાં બેસી પડી. ને કહી નાખ્યું : 'તમે લાખ કરશો તોય હું મારો દીકરો તો નથી જ આપવાની.'

ગલબાજી કુંવરના ભોળપણ પર હસ્યો : 'હું તો બોલ્યોય નથી ને તમે કારણ કે' — એણે વાત જ નહિ પોતાની સિકલ અને અવાજ પણ બદલી નાખ્યાં–બદલાઈ ગયાં. કુંવર તરફ સહેજ ઝૂકતાં કહ્યું : 'કુંવરબાની! કારણ કે તમે જ વિચાર કરો કે, પેટનો જણ્યો જ દગો દઈને હેંડતો થયો પછી કારણ કે પારકાં શું સુખ પાડવાનાં હતાં!' એણે જોરથી શ્વાસ લીધો, ક્ષણેક થંભ્યો ને માથું હલાવતાં સ્વગત બોલતો હોય તેમ ઉમેર્યું : 'કારણ કે એ બાઈએ એમ જાણ્યું કે દુશ્મનને હાથ ગાદી જાય ત્યારે એના કરતાં કારણ કે રૈયતનું જ કોઈ — ને તેમાંય તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપૂત ને પાછું કારણ કે અસલી કુળ છે એટલે આસાહેબના મનથી કે ઘી ઢોળાશે તો ખીચડીમાં. કારણ કે—'

કુંવરથી ચૂપ ન રહી શકાયું : 'અમારે તો ઘેંશ જ ભલી. કાંઈ ખીચડી નથી ખાવી.' એના મગજનું જાણે કાંઈ ઠેકાણું જ ન હોય તેમ ઉમેર્યું : 'ધરતી ઉપર જનમે એટલાં બધાંય કયાં રાજ ભોગવે છે?'

'પણ મારે તમારા દીકરાને કારણ કે રાજા કરવો છે, પછી?'

કુંવરની જીભેય નહિ, ગળા સુધી આવ્યું માત્ર, 'તારા બાપને રાજા કર, કરવો હોય તો.' પણ આ શબ્દોને એ હોઠ બહાર કાઢે તો પછી, 'સમજણી કુંવર' એ લોકખિતાબ ખોટો જ પડે ને? બીજા શબ્દો પણ એને કંઈ જ ન જડ્યા. ને કયાંથી જડે? એના અંતરમાં તો ધુમાડાના ઊહતા ગોટાઓની જેમ સૂંઝવણ ગોટાઈ રહી હતી. ભાલાની અણી પેઠે, ગલબાજીના પેલા શબ્દો ખૂંચી રહ્યા હતા : 'કારણ કે તમારા દીકરાને મારે રાજા બનાવવો છે!'

ગલબાજી પણ પાંચ પળ સુધી કુંવર સામે તાકી રહ્યો. એવી રીતે જાણે કે કોઈ તીરંદાજ તીર છોડી પેલા નિશાન તરફ ન તાકી રહ્યો હોય, ઊંચે શ્વાસે ને ધડકતે હૈયે!

છઠ્ઠી પળે તો કુંવરની આંખમાં આંસુ દેખામાં—પેલા ધુમાડાનાં—વરાળનાં પાણી થઈ બેહાં!

'અરે ભોળાનાથ!' ગલબાજી સ્વગત બબડ્યો—એનો અવાજ ધીમો પડ્યો, સમભાવ પણ ભારોભાર ભર્યો હતો; કહ્યું : 'તમે તો ગાંડાં છો, કુંવરબાની! કારણ કે એમ કોઈની માએ સવાશેર સૂંઠ નથી ખાધી કે તમારો દીકરો બળે લઈ જાય!'

ને આ પછી ગલબાજીએ દીકરાના ઉજ્જવળ ભાવીની, રાણી અને રૈયતના સુખની વગેરે લાંબીચોડી કંઈક વાતો કરી.

પણ તોય કુંવરે 'નન્નો' ન છોડ્યો : 'ના, ગલબાભા, ના. મારા દીકરાને સવાશેર કોદરા મળી રે'શે. શા માટે એણે રાજા થવું ને હજારો લોકોના નિસાસા લેવા?'

'નિસાસા તો કારણ કે અન્યાય કરશે તો ને? ને કારણ કે તમે એમ માનો છો કે તમારું જ લોહી તમારા ઉપર કારણ કે જુલમ કરશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવર જરાક હસી : 'કેમ ભૂલો છો, ગલબાભાઈ ? ગધેડાં ભેગું ઘોડું બાંધીએ, તો એ ઘોડુંય ભૂંકતાં શીખે. એમાં પછી લોહીની—'

'અરે જનમો, જનમો, કુંવરભાભી !' કહેતો ગલબાજી ખડખડ હસવા લાગ્યો. પણ તરત જ આ ગુપ્ત વાતનું ભાન આવવાથી હોય કે બીજા કોઈ કારણે એ વળી પાછો ધીમો પડી ગયો; ગંભીર પણ એટલો જ. કુંવર તરફ ઝૂકતાં કહ્યું : 'કારણ કે તમે એમ માનતા હો કે તમારો દીકરો જણતર લજવશે તો એ ભૂલી જજો, કુંવરભાભી. એને બદલે કારણ કે એમ કો' કે ઊલટું ઉજાળશે.'

અને ગલબાજી, જાણે બધું પતી ગયું હોય, કુંવરે હા ભણી હોય, તેમ ઊભો થયો. બોલવાનું તો ચાલુ જ હતું : 'શી વાત કરો છો ? કારણ કે તમને ને અમને જે ભગવાન જિવાડે છે તો કારણ કે ભાળીશ વળી. પચાસ હજારની જાગીરનો ધણી થઈને બેસશે એ વખત, કારણ કે તમારું પોશપોશ લોહી ચઢતું આ જ ગલબોજી દેખાડશે તમને. કારણ કે—'

ગલબાજીને હેમચ્યામાંથી પેલા મૃત બાળકને કાઢતો જોઈને તો કુંવર બેબાકળી જ થઈ બેઠી : 'એ તો ઠીક બધું, પણ આ તમે—'

કુંવરનો અવાજ એટલો ઊંચો હતો કે બહાર બેઠેલા હમીરજીએ પણ સાંભળ્યો.

'કુંવરભાભી !' કહેતા ગલબાજીના હાથ પણ થંભી ગયા. છેલ્લાં મનામણાં કરતો હોય એ રીતે બોલ્યો : 'તમે ના કે'શો તો કાંઈ નઈ, પણ કારણ કે ગાદીનું તો જે થવાનું હશે એ થશે, પણ કારણ કે તમારા દીકરાને ચાંલ્લો કરવા આવેલી રાજલક્ષ્મીને તમે ઘરમાંથી હડસેલીને બહાર કાઢો છો ને કારણ કે પેટના જણ્યાને ઢેફાં ફોડતો જ રાખો છો તે યાદ રાખજો. એ પાપ આખો અવતાર તમારા કાળજાને ખોતરી ખાશે હોં—'

કુંવરના પેલા ગભરાયેલા અવાજથી આવી પહોંચેલા હમીરજીને પણ એણે સુણાવી દીધું : 'આમ ને આમ જ તમે રજપૂતો કારણ કે હળ ફૂટતા થયા ! ને હાથે કરીને—' વળી પાછો ગલબાજી કુંવર તરફ ફર્યો. પૂછ્યું : 'બોલો. કારણ કે આ હેંડી આવીને આવેલી રાજલક્ષ્મીને હડસેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી કાઢી મેલવી છે, કે પછી તમારે કારણ કે એ લક્ષ્મીની સાથે દીકરો વરાવવો છે? બોલો? કારણ કે હવે હદ થઈ ને મારેય કારણ કે મોડું થાય તો —'

'તમે જાણો ને છોકરાનો બાપ જાણે!' કહેતી કુંવર વચલા બારણા તરફ ફરી. ગુજારમાં પેસતા પહેલાં ઉમેરતી ગઈ: 'હું શું કામ દીકરાના કરમ આડે હાથ દઉં?'

તો આ બાજુ હમીરજી પણ, 'ના, ભાઈ! આપણ કાંઈ ન જાણીએ!' કહેતો બહાર નીકળવા ગયો.

ગલબાજીએ એને ફટ પકડ્યો. ધીમેકથી કહ્યું: 'તમેય હમીરસંગ! કારણ કે સમજો નહિ ને! પણ કારણ કે એટલું કો'ને, એમાંથી કયા છોકરાને —'

'એ ભાઈ તમે જાણો ને એ છોકરા જાણે. હું એમાંનું કાંઈ ન જાણું,' ને કાને હાથ દેતો દેતો ચાલતો થયો બહાર. ને ગલબાજીએ પણ, 'ભોળો શંભુ જાણે ને છોકરાનાં કરમ જાણે;' આમ નક્કી કરી રેશમી કપડામાં લપેટેલ પેલા મૃત બાળકને ખાટલા પર વચ્ચે મૂકી દઈ પોતાની તરફ હતો એને જ ધીમેકથી ઉપાડી લીધો. છાતી સરસો રાખી, સાફાનો છેડો ઢાંકવો ન ઢાંકવો ને 'ભોળા શંભુ'નું નામ લઈ પાછલે બારણે નીકળી પડ્યો ઘરબહાર. પીંપળાના પાન પેઠે 'થડ થડ' થઈ રહેલું કાળજું જાણે કહી રહ્યું હતું: કળું વટાવતા સુધી જો ચૂપ રે'—જાગી ન જાય તો પછી તો જખ મારે છે.

જ્યારે પેલાં મા—બાપનાં કાળજાં તો જાણે થંભી જ ગયાં હતાં... ગલબાજી ગામબહાર ખેતરવા નીકળી ગયો હશે, ત્યારે જ જાણે ભાનમાં આવ્યો.

ને એક તરફ કુંવરે આંસુ ટપકાવવા માંડ્યાં, જ્યારે હમીરજીના કરમે તો બિચારાને રડવાનુંય ન સાંપડ્યું! પેલા મૃત બાળક ઉપરનું રેશમી કપડું સંતાડી દેવામાં, દવા જાણનારનાં બારણાં ખખડાવવા — પૂછવામાં ને એમ બાળકની એકાએક બીમારીની જાહેરાત કરી, છોકરો મરી ગયો, એની પૂર્વતૈયારી રૂપે એ આ કાજળકાળી રાતના ધમાલ જ કરી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને સ્વાધ્યાય

આર્જવતા–કાલાવાલા. **દબે પગે**–દાબેલે પગલે; ચૂપકીથી. **આમનેસામને**–સામસામાં. **ઉત્તરાધિકારી**–વારસ. **ગાયમાર**–ગમાર. **વાયરા વાઢે છે**–તીવ્ર વેર છે. **ખાતું ખાશે ને...**–જેમ ચાલતું હશે એમ ચાલશે. **ખાટલો વાળે...**માંદગીમાંથી બચે એમ નથી. **સંહારના સ્વામી**–યમરાજ; મૃત્યુદેવ. **એજન્સી**–બ્રિટિશ રાજ્યમાં દેશી ઠાકોરો ઉપર દેખરેખ રાખતું ખાતું. **નાક જતાંય ...**–આપત્તિ અધી ઓછી થશે. **પ્રતીક્ષા કરવા લાગી**– રાહ જોવા લાગી. **ઢોચણી**–નાનો ખાટલો. **ગુજ્જર**–ગોઝારા; મુખ્ય ઓરડાની બાજુનો ખંડ.

૧. ગલબાજી કોણ હતો? એ હમીરસિંહને ત્યાં શા માટે ગયો હતો?

૨. પોતાનું ધ્યેય પાર પાડવા માટે તેણે હમીરસિંહને કઈ દલીલ વડે પલાળ્યો?

૩. કુંવરબાઈને સમજાવવા તેણે શી શી દલીલો કરી? છેવટે તેના કયા વાક્યે ધારી અસર કરી?

૪. પોતાનો રાજવારસ મરવા છતાં ઠકરાણી કેમ રડી નહિ? એના જીવનની કરુણતા વિષે એની દાસી મોતીને શા વિચારો આવતા હતા?

૫. ગલબાજીને હમીરસિંહને ત્યાં મોકલ્યા પછી ઠકરાણીના મનના મંથનનો ખ્યાલ આપો. એ ઉપરથી એના ભૂતકાળ વિષે શી માહિતી મળે છે?

૬. પૂર્વાપર સંબંધ ધ્યાનમાં રાખી સમજાવો:—(ક) નાક જતાંય હોઠ તો રહેશે જ. (ખ) ઘી ઢોળાશે તો ખીચડીમાં. (ગ) અમારે તો ઘેંશ જ ભલી. કાંઈ ખીચડી નથી ખાવી. (ઘ) ગધેડાં ભેગું ઘોડું બાંધીએ તો ઘોડુંય ભૂંકવા લાગે.

૭. ઉપરનાં વાક્યોના અલંકાર પારખો.

૮. ગલબાજીનું પાત્રાલેખન કરો.

૯. 'પાછલે બારણે' એ મથાળાની યથાર્થતા સમજાવો.

૧૦. આ પાઠમાં રજૂ થયેલી વાર્તાકળાનું રસદર્શન કરાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુનીલાલ મડિયા

[શ્રી. મડિયાનો જન્મ ધોરાજી (સૌરાષ્ટ્ર)માં ઈ. સ. ૧૯૨૨માં થયો હતો. અમદાવાદમાં વાણિજ્યનો ઉચ્ચ અભ્યાસ શરૂ કરી અધવચ્ચ છોડી દીધો અને પત્રકારત્વમાં જોડાયા. 'જન્મભૂમિ'ના તંત્રીવિભાગમાં જોડાઈ અધૂરો રહેલો અભ્યાસ મુંબઈમાં પૂરો કર્યો અને ૧૯૫૦માં બી. કૉમ. થયા. હાલમાં મુંબઈમાં અમેરિકન સરકારના માહિતીખાતામાં કામ કરે છે. શ્રી. મડિયાએ ટૂંકી વાર્તાઓ ઉપરાંત નાટકો અને નવલકથાઓ લખી છે. 'ધૂપવતાં પૂર', 'ગામડું બોલે છે', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર' (વાર્તાસંગ્રહો), 'વ્યાજનો વારસ', 'પાવક જ્વાળા' (નવલકથાઓ) અને 'જયગિરનાર' (પ્રવાસ) એ એમની જાણીતી કૃતિઓ છે.

શ્રી. મડિયાની વાર્તાઓ અને નવલકથાઓમાં આપણા સમાજનાં વાસ્તવિક ચિત્રો ને પ્રસંગો રજૂ થયાં છે. સામાજિક અન્યાય અને અસમાનતાની દુઃખ અને કરુણતાભરી ઘટનાઓમાંથી એ વાર્તાઓનું વસ્તુ મેળવે છે. સામાજિક વિષમતાથી દબાતી અને જીવનની કરુણતાથી પીડાતી માનવતા પ્રત્યે લેખકને ઊંડી હમદર્દી છે. ૧૯૪૭માં ગૌહટ્ટીમાં બનેલી એક ખરી ઘટના પરથી આ વાર્તા લખાઈ છે. એમાં લેખકે માણસાઈને પણ ભુલાવી દે એવી ભયંકર ગરીબાઈનું વાસ્તવિક ચિત્ર દોર્યું છે. આવા પ્રસંગે પણ આખરે ભોજાના કઠોર માનવહૃદયમાં માણસાઈ પ્રકટે છે, એ બતાવી વાર્તાના પ્રસંગને લેખકે સવિશેષ આકર્ષક અને ભાવમય બનાવ્યો છે.]

બીજડિયે ટેકરે

હીરણના હેઠવાસના પટમાં બીજડિયા ટેકરાની નજીક ભોજા કોળીએ દર વર્ષના રાબેતા મુજબ્બ તડબૂચનો વાડો ઊભો કર્યો હતો. આઠ દિવસે તો ભોજાનું કુટુમ્બ નદીના ખુલ્લા પટમાં પડ્યું રહેતું, પણ ઓણ શિયાળે રીંગણી બાળી નાખે અને ગોળાનાં પાણી થીજવી દે એવી ટાઢ પડવા માંડી ત્યારે ભોજો ગીરની અંદર જઈને ત્રણચાર તલપાવળ કાપી આવ્યો અને જીવલીએ વગડો કરી કરીને સૂકી સાંઠીઓની ભારીઓ ભેગી કરી; ચાર દિવસમાં તો ધણી-ધણિયાણીએ મળીને ચાર છોકરાં ને ચૂલો સમાઈ શકે એવડો કૂબો વાડા વચ્ચે જ ઊભો કરી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં ભોજાને લાગતું હતું કે દર વર્ષ કરતાં આ વખતે ટાઢ મારા પર વેર વાળવા આ વાડા ઉપર જ વધારે પ્રમાણમાં આખડી છે. એક તો હીરણની પાટનાં ટાઢાંબોળ પાણી અને વધારામાં પોષ મહિનાનો હિમ જેવો વાયરો. આ હિમવર્ષા વચ્ચે ભોજો સાવ ઉઘાડે દિલે ઊભો ઊભો વાડાનું ટોયામણ કરતો. એને પહેરવા કઠિયું તો આજ કેટલાય સમયથી સાંપડતું નહોતું. વરસોજૂની ચોરણી હતી એના ઉપર ગોદડા જેટલાં ઉપરા-ઉપરી થીંગડાં ચોટી ચૂક્યાં હતાં, અને હવે તો એ થીંગડાંઓ પણ ઘસાતાં ઘસાતાં ચાળણી બનેલું એ થેપાડું એટલું તો જીર્ણ થઈ ગયું હતું કે હવે એનો વધારે જીર્ણોદ્ધાર શક્ય જ નહોતો.

ટાઢ જીરવવી એ ભોજાને માટે નવી નવાઈ નહોતી. ભૂતકાળમાં પોતે જ્યારે સીમ-ચોરીઓને રવાડે ચડેલો ત્યારે કાજળ ઘૂંટ્યું હોય એવી કાળી ડીબાણ રાતે એ કાજળ-રંગ જોડે, પોતાના સીસમ-વરણા શરીરનો સુમેળ સાધવા એ કડકડતી ટાઢમાં પણ લગભગ નવસ્ત્રો થઈને ઊભા મોલમાંથી ભારીઓ બાંધી જતો. છતાં હવે ઉમ્મર થઈ હતી અને જુવાનીના ચડતા લોહીને અભાવે સહનશક્તિ પણ ઘટી હતી, તેથી હીરણના ઉપરવાસથી સૂસવતા વીંછીના ડંખ જેવા ઠંડા વાયરા ક્વચિત્ ભોજાનાં જડબાંની ડાટલી બન્ધી જતા ખરા; પણ પોતાની બત્રીસી દાંતિયાં કરે એ સામે ભોજાને એટલો રંજ નહોતો, જેટલો રંજ એને ટાઢમાં કપડાંને અભાવે ટૂંઢવાતાં નાગાંપૂગાં બાળકોનો હતો.

ટોયામણ કરતો કરતો ભોજો ક્વચિત્ ટેકરા પાછળ લપાઈને બેઠેલા ગામમાં આવેલી કાપડની દુકાન પર પોતાનાં મનઃચક્ષુ માંડતો અને દુકાનની અંદર ઘોડાઓ પર ખડકાયેલી કાપડની થપ્પીઓ પોતાની ચોર-નજરે તોંધી લેતો. 'માધવજી કાપડિયો ગજના ગજ ભરે પણ મારા જેવા સારુ કટકી લૂગડું પણ ફાડે નહિ!' ભોજા જેવો ભડ માણસ પણ મણ એકનો નિસાસો મૂકતો અને તરત એનામાં રહેલો ભૂતકાલીન ભોજિયો ધાડપાડુ સળવળી ઊઠતો. 'માધિયાની હાટના ઉંબરામાં એક ગણેશિયો ભરાવું ઈ ભેગાં જ એનાં બોખરાં કમાડ ભટાક કરતાંક ઊઘડી પડે ને બબે ઉપાડી શકાય એટલું કાપડ ઉપાડીને કૂબા ભેળું કરી દઉં...'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

...પણ આ ચિત્રની સાથોસાથ જ બીજું એક ચિત્ર પરાણે આવી ઊભતું હતું : ગામના "શકમંદ શખ્સો" ની યાદી ઉપરથી કૂખાનો સગડ કાઢીને પસાયતાઓ ભોજને ઢોર-માર મારી રહ્યા છે... ગુનાની પરાણે કબૂલાત કરાવવા, પોતાને ઝાડની ડાળે ટાંગીને નીચે તાપ કર્યો છે... મુદ્દામાલનો પત્તો મેળવવા, કયાં દાટયું છે એ સ્થળ બતાવવા, લાલ મરચાંનું ભરણ ભર્યું છે... હાથ-પગ બાંધી, રણુગોવાળિયો બનાવીને ઉપર લાકડીઓની તડાપીટ બોલે છે...

'ના, ના, હવે આ ઊતરતી અવસ્થાએ આવા ઢોર-માર મારાથી નહિ વેઠાય.' ભોજાએ આ જોખમ વહોરવાનું માંડી વાળ્યું.

આવાં જોખમ ખેડવાની આવશ્યકતા જ ન રહે એવો સુભગ સંયોગ ભોજાની સમક્ષ આવી ઊભો.

બીજડિયા ટેકરાનો ઉપયોગ નાનાં મૃત બાળકોને દાટવા માટે થતો હતો. એની જમીન બહુ કઠણ નહોતી તેથી સાદી નાનકડી કોશ વડે પણ એનું બોદકામ એકલે હાથે થઈ શકતું.

ગામના પોસ્ટ-માસ્તરને ત્યાં આજે સાંજના સમયે છોકરો અવતરેલો. કોઈ કહેતું હતું કે છોકરો મરેલો જ જન્મ્યો હતો, કોઇ કહેતું કે એ જન્મ્યા પછી મરી ગયો. ઉપરાઉપરી પુત્રીઓ જ પામનાર પોસ્ટ-માસ્તરને ઘેર વર્ષો પછી પુત્ર અવતર્યો પણ નસીબમાં ન સમાણો તેથી તેમને ભારે આઘાત લાગ્યો. આ હતભાગી ઘેરે અવતરીને કશું સુખ ન પામનાર એ બાલુડા પાછળ માસ્તરે સારું દાન-પુણ્ય પણ કરી નાખ્યું. માધવજીની હાટેથી ઊંચામાં ઊંચી જાતનું રેશમી કાપડ વેતરાવીને મૃત બાળકને સારી પેઠે વીંટાળ્યું.

અને અધમણ મીઠાનો ગાંસડો બાંધીને ચાર સંબંધીઓ જોડે માસ્તર બીજડિયે ટેકરે ચાલ્યા.

ઉઘાડે ડિલે ઠંડીમાં થરથરતો, માધા કાપડિયાની દુકાન ફાડવાનો વિચાર કરતો અને પકડાઈ જવાની બીકે પોલીસના મારથી કાંપતો ભોજો તડમૂરોની વચ્ચે ચાડીકાની જેમ ઊભો હતો. એ જ વખતે પોસ્ટ-માસ્તર પુત્રના દફન માટે બીજડિયે ટેકરે આવી પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકના મૃતદેહ પર સાત-આઠ પડમાં વીંટાળેલ મહામૂલું વસ્ત્ર ભોજા જેવા નગ્નવસ્ત્રાની નજરે પડ્યા વિના રહે એમ નહોતું.

બાળકને ઠીક ઠીક ઊંડાણમાં દાટી, માથે મીઠું ભભરાવી, ઉપર પૂર્વવત્ પથ્થરો અને ધૂળ વેરીને સહુ રસ્તે પડ્યા પછી ભોજાના માનસમાં એક નવો જ પ્રકાશ ઝબકી ઊઠ્યો : અરે, લૂગડાં તો ગાંસડામોઢે આ ટેકરાના પેટમાં દટાણાં છે...મારી છાતી સામે જ ... હાથ અજમાવું એટલી જ વાર ... હાથફેરો જ કરવાનો...

હાથફેરો કરવો કે ન કરવો એના સરવાળા-બાદબાકી કરવાની ભોજાને આદત નહોતી. ડેન્માર્કના રાજકુંવર જેવી દ્વિધા-વૃત્તિ આ કોળીએ કદી કેળવી નહોતી. એક ઘા ને બે બટકા કરવાનું જ એનું જીવનસૂત્ર હતું.

રાતે સીમની અવરજવર બંધ થઈ ગઈ અને સોપો પડી ગયો ત્યારે ભોજાએ એ જીવનસૂત્ર અમલમાં મૂક્યું. કૂબામાંથી કોદાળી અને પાવડો લઈ ને એ સડસડાટ ટેકરા ઉપર ચડી ગયો.

ખાતર પાડવાના લાંબા મહાવરાને પરિણામે સિફતપૂર્વક ખોદકામ કરવાનું તો ભોજા માટે સાવ સહેલ હતું. કપડું જરા પણ ફાટ્યાતૂટ્યા કે ખરડાયા વિના સરકાવી લેવા ખાતર એ ભારે સાવચેતીથી આ બાળકની કબર ખોદી રહ્યો હતો. વળી, પથ્થર જોડે કોદાળીનું પાનું અથડાવાનો અવાજ પણ બહુ દૂર પહોંચી ન જાય એની સંભાળ લેવાની હતી.

ખતરીસો મારીને ખાતર પાડતો હોય અને ઘરમાંથી હળવેકથી ઇસ્કોતરો સરકાવી લે એમ ભોજાએ લૂગડે-વીંટ્યા બાળકને ખાડામાંથી ઊંચકી લીધું.

પણ ઊંચકતાં જ એણે આશ્ચર્ય અનુભવ્યું. હાડમાંસનો એ નાનકડો નિશ્ચેષ્ટ લોચો સહેજ સળવળ્યો. કૂણા હાથ જેવી કશીક વસ્તુ અંદર ઊંચી-નીચી થતી લાગી.

ભોજા જેવો ભડ આદમી પણ ભડકી ઊઠ્યો. મરેલ છોકરાંઓને દાટવાના આ ટેકરામાંથી જીવતું બાળક ક્યાંથી નીકળ્યું? ... આ કોઈ ખવીસની રમત તો નહિ હોય? ... પણ અત્યારે આવી કલ્પનાઓ કરવાનોય અવકાશ ક્યાં હતો? હાથમાં વધારે ને વધારે ઝડપથી સળવળતું આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક હવે રડવા માંડે અને પોતાની આ ઘોર-ખોદ પ્રવૃત્તિ જાહેર થઈ જાય એ પહેલાં આ સ્થળ છોડી જવું જરૂરી હતું.

પણ કરવું શું? ચોરેલી વસ્તુ મૂળ સ્થાને ગોઠવી દેવી? સો ટકા સલામત માર્ગ તો એ જ હતો. પણ તો પછી આ ઘોર ખોદવાનો મૂળ ઉદ્દેશ તો માર્યો જ જાય. અંગ-ઢાંકણ કપડાનું શું?...

'લૂગડું ઉતારીને, છોકરું પાછું હતું એમ ધરખી દઉં?...' આ વિચાર, આવતાં તો આવી ગયો, પણ એની ભયંકરતાથી ભોજો પોતે જ ધ્રૂજી ઊઠ્યો. 'મારે કેટલા ભવ કાઢવા છે તે આવી બાળ-હત્યાનું પાતક માથે લઉં...!...'

હીરણની ઉપરવાસની ભીમપાટ ઉપર ટાઢમાં ઠૂંઠવાતાં શિયાળિયાંની લાળી સંભળાઈ. ગામ તરફથી કોઈનો ખોંખારો પણ કાને પડ્યો. હવે આ ખોદેલી ઘોર ઉપર વધારે સમય ઊભા રહેવું સલામત નહોતું.

કશો પણ વિચાર કરવા રોકાયા વિના ભોજો બાળકને લઈને સડસડાટ ટેકરો ઊતરી ગયો અને કૂબામાં આવી ઊભો.

ઓરડો ઓઢનાર આઈની જેમ કૂબો ઓઢીને જ પડી રહેતી જ્વલી આજે મળનાર ખાપણિયા કપડાની આશામાં જાગતી જ હતી અને એક તાપણાના તાપે ટાઢ ઉડાડી રહી હતી. પણ ભોજાએ જ્યારે કપડા ઉપરાંત એક જીવતાજાગતા બાળકને પણ રજૂ કર્યું ત્યારે જ્વલી ડઘાઈ ગઈ. ખીજડિયે ટેકરે અનેક જાતનાં ચળીતરો (ચરિત્ર) થતાં જ્વલીએ જાણ્યાં હતાં અને જીરવ્યાં પણ હતાં. આજનો બનાવ કોઈ ચળીતર નહિ પણ પૂરેપૂરો વાસ્તવિક અકસ્માત જ છે એવી ખાતરી થતાં એણે વત્સલ માતા બની જઈ આ નવજાત બાળકને છાતીએ લીધું.

ટેકરાની પોચી માટી-મટોડીનાં આવરણમાંનાં છિદ્રોમાંથી પ્રાણવાયુ પામીને પ્રાણ ટકાવી રહેલા બાળકને માતૃગોદની ઉષ્મા મળતાં એનો અવાજ પણ ઊઘડ્યો.

* * *

તે મધરાતે જ ભોજાએ પોસ્ટ-માસ્તરની ડેલીની સાંકળ ખખડાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે કરવા ધારેલા ગુનાની સવિસ્તર કબૂલાત કર્યા પછી ભોજો છોભીલો બનીને પોસ્ટ-માસ્તરની સમક્ષ ઊભો રહ્યો.

મૂઠી ભીડેલી આંગળીઓ મોંમાં નાખવા મથતા બાળક ભણી પોસ્ટ-માસ્તર તેમ જ પત્ની આનંદભેર જોઈ રહ્યાં હતાં.

હમણાં મને પોલીસને હવાલે કરી દેશે એવો ભય ભોજાને સતાવી રહ્યો હતો.

"હું તો તમને પહેલેથી જ કે'તી'તી કે દાટવા જવાની ઉતાવળ કરો મા, દાક્તરને તેડાવીને પાકી ખાતરી કરાવો; પણ તમે માન્યા નહિ...." પુત્રપ્રાપ્તિથી અર્ધી અર્ધી થઈ જતાં પત્ની પતિને મીઠા ઠપકો આપવા લાગી.

"આપણા ભાગ્યમાં હતો તો પાછો આવી પુગ્યો ને?" પોસ્ટ-માસ્તરે કહ્યું. અને પછી ભોજા તરફ ફરીને બોલ્યા, "ભોજિયા, તને મનમાં આવે ઈ ઇનામ માગી લે."

કશું પણ બોલવાના અત્યારે ભોજાને હામ કે હોશ રહ્યા નહોતા. એ માત્ર હાથ જોડી શક્યો — પોતે કરેલા ગુનાહિત કૃત્ય બદલ ક્ષમા માગતો હોય એવી રીતે.

"અમારે તો આ ઊતરતી અવસ્થાએ દીકરાના નામની દશ્ય દેવાઈ ગઈ'તી;" પોસ્ટ-માસ્તરનાં પત્ની બોલતાં હતાં; "છતે છોકરે વાંઝિયા જેવું થઈ પડ્યું'તું. તેં અમારું નામલેણું રાખ્યું. તારો તો જેટલો ગણુ માનીએ એટલો ઓછો છે, મારા વીર! જલમભર તારાં ઓશિયાળાં રહીશું. અમારાં ચામડાં ઉતારીને તારાં પગરખાં સિવડાવીએ તોય તારા ગણુનું સાટું વળે એમ નથી —"

"ઝટ ઇનામ માગી લે, ભોજા!" પોસ્ટમાસ્તરે ફરી કહ્યું.

"મોટા સા'બ, ઇનામ લેવા સારુ ટેકરે નો'તો ચડ્યો. પણ બાયડીની આબરૂ ઢાંકવા લૂગડાંનો લીરોય નથી જડતે। ને પહુ જેવાં નાનકડાં બચળાં આ હિમમાં હિજરાય છે. એકેકી જોડ્ય લૂગડાં અપાવો તો મોટું ઇનામ જડ્યું ગણું...." ભોજાએ માગણી કરી.

"બસ? માગી માગીને આટલું જ માગ્યું?"

"માગું તમારી મોટાં માણહની મહેરબાની...."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અબઘડીએ જ માધવજીની હાટ ઉઘડાવું;" પોસ્ટમાસ્તરે ઊભા થતાં કહ્યું. અને પછી ખભે ડગલો ભરાવતાં બોલ્યા: "એક શું, બબ્બે જોડ્ય લૂગડાં વેતરાવી લે..."

ટિપ્પણ અને સ્વાધ્યાય

તલબાવળ – એક વનસ્પતિ. **વગડો કરી કરીને** – જંગલમાં ફરીને. **ખાબકી છે** – કૂદી પડી છે. **ટોવામણ** – બૂમ પાડીને પંખી ઉડાડવાની ક્રિયા. **કડિયું** – કેડિયું; બંડી. **રવાડે** – ખોટી આદતે. **રંજ**-ખેદ; દિલગીરી. **ગણેશિયો**– ખાતર પાડવાનું હથિયાર. **સગડકાઢીને** – પગેરું શોધીને; બાતમી મેળવીને. **પસાયતાઓ** – પસાયતાની (બક્ષિસ મળેલી) જમીનના માલિકો. **રણગોવાળિયો** – હાથપગ બાંધી લટકાવેલો ગુનેગાર. ચાડીકો – ચાડિયો; ચોકીદાર કે ગુનેગાર. **ડેન્માર્કના રાજકુંવર જેવી દ્વિધા-વૃત્તિ** – શેકસપિયરકૃત 'હેમ્લેટ' નાટકના નાયક હેમ્લેટ જેવી ઢચુપચુ વૃત્તિ. **સોપો** – રાત્રીના પહેલા પહોરની શાંતિ. **ખવીસ** – એક જાતનું ભૂત. **આઈ** – દેવી. **ખાપણિયા** – મડદા ઉપર ઓઢાડેલું. **નવજાત** – નવું જન્મેલું. **હિજરાય છે** – ઝૂરે છે; દુઃખે બળે છે. **લીરો** – લૂગડાનો લાંબો કકડો.

૧. આ વાર્તાનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.
૨. આ વાર્તામાં રજૂ થયેલું ભોજાની ગરીબાઈનું ચિત્ર આલેખો.
૩. ભોજાની ભુલાઈ જતી માણસાઈ ક્યારે ને કેવી રીતે પ્રગટ થાય છે? એથી વાર્તાના અંત પર શી અસર થાય છે?
૪. માતાપિતાને પોતાનું ગયેલું બાળક પાછું મળે છે તે પ્રસંગ વર્ણવો.
૫. આ વાત ની ભાષામાં કયો અલંકાર ધ્યાન ખેંચે છે?
૬. આ વાર્તામાં વપરાયેલા થોડાક રૂઢિપ્રયોગો ઓળખો. એ રૂઢિપ્રયોગો કયા પ્રદેશની બોલીના છે?
૭. સમાસોનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો :– જીર્ણોદ્ધાર, સીસમવરણું, નવસ્ત્રો, મનઃચક્ષુ, ચોર-નજર, ધાડપાડુ, ઢોર-માર, હતભાગી, અધમણ, મૃતદેહ, અવરજવર, ખોદકામ, નિશ્ચેષ્ટ, જીવતાજાગતા, સવિસ્તર.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ ત્રીજો — મૂલ્ય રૂા. ૨-૬-૦

કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ • નાણાવટ • સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar